BAOU
Education for All

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY

માસ્ટર ઓફ કોમર્સ

સેમેસ્ટર-૨

સંચાલકીય હિસાબી પદ્ધતિ

MC02ECN201



સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:
‘જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય’

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

‘સ્વાધ્યાય: પરમં તપ:’ સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને ‘સ્વાધ્યાય ટેલિવિઝન’, ‘સ્વાધ્યાય રેડિયો’ જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય
કુલપતિશ્રી,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

લેખન :	પ્રો. (ડૉ.) મનોજ શાહ	પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમેંન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
	એમ.એફ.શાહ	નિવૃત પ્રોફેસર, શ્રી કે. ઓ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધોરાજી.
	ડૉ. દીપક રાસ્તે	એસોસિએટ પ્રોફેસર, સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ.
પરામર્શક(વિષય) :	પ્રો. (ડૉ.) મનોજ શાહ	પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમેંન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
	ડૉ. મનોજ દવે	એસોસિએટ પ્રોફેસર, પી.ડી.માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ.
	ડૉ. શંકરસિંહ સોઢા	એસોસિએટ પ્રોફેસર, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ.
પરામર્શક(ભાષા) :	ધનશ્યામ કે ગઢવી	નિવૃત આચાર્ય, સાર્વજનિક કોલેજ, મહેસાણા.
	ડૉ. એ.એ.શેખ	એસોસિએટ પ્રોફેસર, ગવર્નમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જાદર, જી. સાબરકાંઠા
સંપાદન :	પ્રો. (ડૉ.) મનોજ શાહ	પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમેંન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
પ્રકાશક :	ડૉ. ભાવિન ત્રિવેદી	કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

આવૃત્તિ : **સુધારેલ પુન: આવૃત્તિ (2026)**

ISBN : 978-93-92139-27-7

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય સેમેસ્ટર એમ.કોમ.

MC02ECN201

બ્લોક-1

સંચાલકીય હિસાબી પદ્ધતિ

એકમ : 1 સંચાલકીય હિસાબી પદ્ધતિ	1 to 21
એકમ : 2 સીમાંત પડતર પદ્ધતિ	22 to 59
એકમ : 3 પડતરના પ્રકારો	60 to 68
એકમ : 4 તફાવત પડતર પદ્ધતિ	69 to 166
એકમ : 5 રોકડ પ્રવાહ પત્રક	167 to 202

એકમ : 1 સંચાલકીય હિસાબી પદ્ધતિ

: રૂપરેખા :

1.1 પ્રસ્તાવના

1.2 અર્થ

1.3 સ્વરૂપ

1.4 લાક્ષણિકતાઓ

1.5 હેતુઓ

1.6 કાર્યો

1.7 કાર્યક્ષેત્ર

1.8 સંચાલકીય હિસાબી પદ્ધતિની અગત્યતા અને મર્યાદાઓ.

1.9 સંચાલકીય હિસાબનીશની લાયકાતો, ગુણો, ફરજો – કાર્યો અને ભુમિકા

1.10 નાણાકીય હિસાબી પદ્ધતિવિરુદ્ધસંચાલકીય હિસાબી પદ્ધતિ (તફાવત / તુલનાત્મક અભ્યાસ)

1.11 પડતર હિસાબી પદ્ધતિવિરુદ્ધ સંચાલકીય હિસાબી પદ્ધતિ (તફાવત / તુલનાત્મક અભ્યાસ)

1.12 સંચાલકીય હિસાબી પદ્ધતિના ઓજારો અને ટેકનિકસ

1.13 સંચાલન અહેવાલ : પ્રસ્તાવના અને અર્થ

1.14 હેતુઓ (ઉદ્દેશો) અને ઉપયોગિતા

1.15 અહેવાલના પ્રકારો

1.16 અહેવાલ પ્રેષણના સામાન્ય સિદ્ધાંતો

1.17 અસરકારક અહેવાલ પ્રેષણ

1.18 ટૂંકસાર

1.19 સ્વાધ્યાય

1.1 પ્રસ્તાવના :

બીજા વિશ્વયુધ્ધ પછી ધંધાકીય જગતમાં મોટા પાયા પર વિવિધ ફેરફારો થયા હતા. વિવિધ ટેકનોલોજીમાં ઝડપી ફેરફારો, હરિફાઈની તીવ્રતાનું ઊંચું પ્રમાણ, ઉત્પાદન અને સેવાઓનાં કાર્યક્ષેત્રનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તાર તેમજ ગ્રાહકોની સર્વોપરિતા જેવા મહત્ત્વના ફેરફારો જોવા મળ્યા. આ પરિસ્થિતિનો સામનો કરવા માટે સંચાલકો માટે ઉત્પાદન અને સેવા પૂરી પાડતી કંપનીઓમાં ધંધાકીય નિર્ણયો મહત્ત્વના બન્યા. આ માટે વૈજ્ઞાનિક પદ્ધતિ તેમજ સિદ્ધાંતોને આધારે નિર્ણયો લેવા માટે સંચાલકીય હિસાબી પદ્ધતિ અસ્તિત્વમાં આવી. આધુનિક ધંધાની જરૂરિયાતો પૂરી પાડવા તેમજ જૂના વિજ્ઞાનોને આધુનિક વળાંક આપીને એક નવું સ્વરૂપ સંચાલકીય હિસાબ પદ્ધતિને મળ્યું છે. દસ દાયકા પહેલાં ધંધાનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર સરળ અને નાનું હતું અને તેની જરૂરિયાત નાણાકીય હિસાબો પુરી કરી શકતાં હતાં.એટલે

કે વર્ષને અંતે ધંધાનો નફો કે નુકસાન તેમજ આર્થિક પરિસ્થિતિ જાણવા માટે નાણાકીય પત્રકો તૈયાર કરવામાં આવતાં હતાં. તેમજ આ પત્રકોના વિશ્લેષણને આધારે વિવિધ નાણાકીય નિર્ણયો લેવામાં આવતાં હતો. આ ઉપરાંત ફકત નાણાકીય બાબતોને મહત્ત્વ આપી નાણાકીય હિસાબી પદ્ધતિને માન્યતા મળી હતી. પરંતુ આધુનિક સમયમાં આધુનિક ધંધાકીય એકમની જરૂરિયાતોને ધ્યાનમાં લેતાં ફકત નાણાકીય હિસાબી પદ્ધતિ નહિ પરંતું સંચાલકીય હિસાબી પદ્ધતિ જરૂરી છે. સંચાલકીય હિસાબી પદ્ધતિમાં સંચાલકોને મહત્ત્વના નીતિ વિષયક નિર્ણયો લેવા માટે તથા ધંધાકીય પ્રવૃત્તિના વિવિધ પાસાંઓ પર અંકુશ રાખવા માટે જરૂરી માહિતી હિસાબો પરથી તૈયાર કરી યોગ્ય સ્વરૂપે સંચાલકો સમક્ષ રજૂ કરવાં આવે છે.

ટુંકમાં સંચાલકોને સહાયભૂત થાય એવી હિસાબી પદ્ધતિ એટલે જ સંચાલકીય હિસાબી પદ્ધતિ.

1.2 અર્થ :

1950 માં ''એન્ગ્લો – અમેરિકન કાઉન્સિલ ઓફ પ્રોડકિટવિટી'' એ પ્રગટ કરેલાં પોતાના અહેવાલ મુજબ ''સંચાલકીય હિસાબી પદ્ધતિ એટલે હિસાબી માહિતીની એવી રીતે થયેલ રજૂઆત, જે સંચાલકોને ધંધાકીય એકમના નીતિ ઘડતરમાં અને રોજબરોજના સંચાલનમાં સહાયભુત થઈ પડે.''

ઉપરના અર્થમાં બે મહત્ત્વની બાબતોનો ઉલ્લેખ છે.

(1) સંચાલકોને વધુ સારા નિર્ણયો માટે માહિતીની જરૂર છે.

(2) અસરકારક અંકુશ માટે પણ આવી માહિતીની જરૂર છે. આ માહિતી હિસાબનીશ પુરી પાડે છે.

- ઈંગ્લેન્ડની ધી ચાર્ટર્ડ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ્સે (CIMA) આપેલી વ્યાખ્યા મુજબ ''મેનેજમેન્ટ એકાઉન્ટિંગ એટલે હિસાબ માહિતી તૈયાર કરવામાં વ્યાવસાયિક જ્ઞાન અને કૌશલ્યનો એવી રીતે ઉપયોગ કરવો કે જેથી સંચાલકોને નીતિઓના ઘડતરમાં અને એકમની કામગીરીના આયોજન અને અંકુશમાં સહાયભૂત થઈ શકે.''
- અમેરિકન એકાઉન્ટિંગ એસોસિયેશને આપેલી વ્યાખ્યા મુજબ ''સંચાલકીય હિસાબી પદ્ધતિમાં એવી પદ્ધતિઓ ને ખ્યાલો (વિભાગનાઓ) નો સમાવેશ થાય છે જે અસરકારક આયોજન માટે, ધંધાકીય પગલાં પૈકી શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરવા માટે તથા કામગીરીના મૂલ્યાંકન અને અર્થઘટન દ્વારા તેના અંકુશ માટે જરૂરી છે.''
- શ્રી બેટ્ટીનાં અભિપ્રાય મુજબ ''સંચાલકીય હિસાબી પદ્ધતિએ પદ એવી હિસાબી પદ્ધતિ, પ્રથાઓ અને રીતો માટે વપરાય છે, જે વિશિષ્ટ જ્ઞાન અને શક્તિ સાથે સંચાલકોને વધુમાં વધુ નફો મેળવવાના અથવા નુકસાન ઓછામાં ઓછું કરવાના કાર્યમાં મદદરૂપ થાય છે.''

ટૂંકમાં સંચાલકીય હિસાબી પદ્ધતિમાં એવી બધી સેવાઓનો સમાવેશ થાય છે જે દ્વારા હિસાબી વિભાગ ઉચ્ચ સંચાલનને તેમજ અન્ય ખાતાઓને નીતિ ઘડતરમાં, તેના અમલ પર અંકુશ રાખવાાં અને તેની અસરકારકતાનું મૂલ્યાંકન કરવામાં મદદરૂપ થાય છે.

1.3 સ્વરૂપ :

સંચાલન એટલે શ્રેષ્ઠ રીતે ધંધાકીય એકમના કાર્યો અંગે આયોજન, વ્યવસ્થા, દોરવણી અને અંકુશનો ઉપયોગ કરવો. એટલે કે સંચાલન એક કળા છે. જયારે એકાન્ટિંગ (હિસાબી

પદ્ધતિ) એટલે ધંધાના વ્યવહારોની હિસાબી ચોપડે નોંધ કરી તેનું સમય, જથ્થો અને નાણાંમાં પૃથ્થકરણ કરી તેનું અર્થઘટન કરવું. સંચાલકીય હિસાબી પદ્ધતિ આ બન્નેનું મિશ્રણ છે. હિસાબી પદ્ધતિ એ ભૂતકાળની પ્રવૃત્તિઓનું પોસ્ટ મોર્ટમ કરે છે. જયારે સંચાલકીય હિસાબ પદ્ધતિનું કાર્ય ભાવીનું સુરેખ ચિત્ર દોરવા માટેના સાધનો પૂરાં પાડવાું કે જેથી સંચાલકોને ભાવી નીતિ ઘડતરમાં ઉપયોગી થઈ શકે. તે એકમના ભાવિ આયોજનમાં મદદરૂપ થાય છે. સંચાલકીય હિસાબી પદ્ધતિ માહિતીને ઉચ્ચ સંચાલકો સમક્ષ અહેવાલના સ્વરૂપમાં ઝડપથી રજૂ કરે છે. જેથી જયાં સુધારા અંગે પગલાં જરૂરી હોય ત્યાં સંચાલકો ઝડપથી તે કરી શકે તેમજ પ્રગટ થયેલા હિસાબોની માહિતીનો સારી રીતે ઉપયોગ કરવાની ઉપયોગિતા સંચાલકોને દર્શાવે છે.

1.4 સંચાલકીય હિસાબી પદ્ધતિનાં લક્ષણો :

ઉપરની વ્યાખ્યા પરથી સંચાલકીય હિસાબી પદ્ધતિના લક્ષણો નીચે મુજબ તારવી શકાય.

1. વૈજ્ઞાનિક પદ્ધતિ છે એટલે કે પદ્ધતિસરના સિદ્ધાંતોનો ઉપયોગ કરે છે. સંચાલકીય હિસાબી પદ્ધતિએ એવી પદ્ધતિ છે જે સંચાલકો સમક્ષ એવી હિસાબી માહિતી રજૂ કરે છે જે તેમને વૈજ્ઞાનિક રીતે ધંધાકીય નિર્ણયો લેવામાં ઉપયોગી થાય છે.
2. નાણાકીય હિસાબો અને પડતરના હિસાબો પર આધારિત છે. બન્નેપદ્ધતિના સમન્વયથી સંચાલકીય હિસાબી પદ્ધતિ અસ્તિત્વમાં આવી છે.
3. ધંધાકીય એકમોનાં બધાં પાસાંઓની યોજના અને બજેટ તૈયાર કરવા ઉપયોગી નીવડે છે. ઉદાહરણ તરીકે ઉત્પાદન બજેટ, વેચાણ બજેટ વગેરે.
4. આ પદ્ધતિમાં ધંધાકીય એકમના તમામ વ્યવહારોનું એ રીતે પૃથકકરણ કરવામાં આવે છે કે જેથી અગાઉથી નક્કી કરેલ અંદાજ સાથે ખરેખર થયેલા કામની સરખામણી કરી શકાય.
5. આપદ્ધતિ સમયાંતરે સંચાલકો સમક્ષ છેલ્લામાં છેલ્લી માહિતી રજૂ કરે છે.
6. આપદ્ધતિ દ્વારા રજૂ કરેલાં પત્રકો અને હિસાબોનું એ રીતે અર્થઘટન કરવું કે જેથી સંચાલકોને ભાવિ નીતિ ઘડવામાં મદદરૂપ થઈ શકે.
7. સંચાલકોને આયોજન અને અંકુશમાં ઉપયોગી થાય તેવી હિસાબી અને સંચાલકીય માહિતી સંચાલકો સમક્ષ રજૂ કરે છે.

1.5 સંચાલકીય હિસાબ પદ્ધતિના હેતુઓ :

સંચાલકીય હિસાબી પદ્ધતિ નીચેના હેતુઓ પૂરા કરવા માટે સંચાલકો ઉપયોગ કરે છે.

1. નીતિનું ઘડતર કરવા :-

ધંધાકીય એકમમાં વિવિધ કાર્યોને લગતી નીતિના ઘડતર માટે જરૂરી માહિતી સંચાલકીય હિસાબી પદ્ધતિ પૂરી પાડે છે. જેને આધારે સંચાલકો નીતિનું ઘડતર કરે છે.

2. આયોજન અને અંકુશ કરવા :-

ધંધાકીય એકમમાં વિવિધ ધંધાકીય પ્રવૃત્તિઓ શ્રેષ્ઠ રીતે કરવા માટે પૂર્વ આયોજન તેમજ અંકુશ જરૂરી છે. જે આ પદ્ધતિ દ્વારા શકય બને છે.

3. નિર્ણય ઘડતર માટે :-

ધંધાકીય એકમનો હેતું સિદ્ધ કરવા જયારે એક કરતાં વધુ વિકલ્પો અસ્તિત્વમાં હોય ત્યારે શ્રેષ્ઠ વિકલ્પની પસંદગી આ પદ્ધતિના ઉપયોગ દ્વારા થાય છે.

4. સંગઠન બહારના પક્ષકારો માટે :-

ધંધાકીય એકમ સાથે સંકળાયેલાં પરંતુ સંગઠન બહારનાં જેવા કે શેર હોલ્ડર્સ, કર્મચારીઓ, બેંક, સરકારને માહિતી આપવા માટે પણ સંચાલકીય હિસાબી પદ્ધતિ જરૂરી છે.

5. મિલકતોના રક્ષણ માટે :-

ધંધાકીય એકમની વિવિધ પ્રકારની મિલકતોની માહિતી તેમજ તેમના પરના ઘસારાની પદ્ધતિ તેમજ અંકુશ અંગેને પગલા આ હિસાબી પદ્ધતિ દ્વારા શકય બને છે.

6. વચગાળાના અહેવાલો માટે :-

ધંધાકીયએકમનાં વચગાળાના અહેવાલોની માહિતી આ હિસાબી પદ્ધતિ દ્વારા સરળતાથી મળી શકે છે.

7. કરવેરા માટે :-

ધંધાકીય એકમમાં ટેકક્ષની ગણતરી નફાની વહેંચણી, જોગવાઈ વગેરે અંગેની માહિતી આ પદ્ધતિ દ્વારા સરળતાથી મળી શકે છે.

1.6 સંચાલકીય હિસાબ પદ્ધતિનાં કાર્યો :

1. બજેટ તૈયાર કરવા :-

હિસાબી વિભાગ ધંધાકીય સાહસના બજેટ તૈયાર કરવામાં ખૂબજ મહત્ત્વનો ભાગ ભજવે છે. વેચાણના ભૂતકાળના આંકડા અને ભવિષ્યના ફેરફારોનો વિચાર કરી વેચાણ-બજેટ બનાવવું, તેને આધારે ઉત્પાદન બજેટ તૈયાર કરવું આ ઉપરાંત અન્ય બજેટો જેવા કે ખર્ચ બજેટ, આવક બજેટ, મૂડી બજેટ, રોકડ બજેટ તૈયાર કરી શકાય છે.

2. હિસાબી માહિતીની યોગ્ય ગોઠવણી :-

હિસાબી માહિતી વિવિધ કક્ષાના સંચાલકોને ઉપયોગી થાય એ રીતે ગોઠવવાનું કામ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ કરે છે. વિવિધ વિસ્તાર, શાળા, વિભાગ, સમય અનુસાર માહિતીની યોગ્ય ગોઠવણ કરવામાં આવે છે.

3. રજૂઆત અને અર્થઘટન :-

પ્રાપ્ત માહિતીની યોગ્ય ગોઠવણ પછી તેના ઉપરથી ખાસ પ્રકારની માહિતી અને જુદા જુદા કક્ષા પ્રમાણેની માહિતી અંગે સંચાલકોને માહિી પૂરી પાડી તેનું અર્થ ઘટન કરે છે. આ ઉપરાંત દરેક વિભાગનો દૈનિક વપરાશ, દૈનિક કામદાર ખર્ચ, કારખાના મેનેજરની કાર્યક્ષમતા વિશે તે ઉપરાંત સેલ્સ મેનેજર અને સેલ્સમેનો અંગેની મહત્ત્વની માહિતી રજૂ કરે છે.

4. સંચાલકીય અંકુશ અસરકારક બનાવે :-

ઉચ્ચ સંચાલકો ધંધાની બધીજ વિગતો ઝીણવટભરી રીતે તપાસી શકે નહિ. તેથી જરૂરી તમામ પ્રવૃત્તિઓ ઉપર આ પદ્ધતિ દ્વારા અંકુશ રાખવામાં આવે છે. યોગ્ય રીતે ન ચાલતી પ્રવૃત્તિ તરફ સંચાલકોનું ધ્યાન પણ આ પદ્ધતિ દ્વારા દોરી શકાય છે.

5. મૂડી-ખર્ચની યોજનાઓના મૂલ્યાંકનમાં મદદ :-

ધંધામાં વિકાસ માટે યોજના કરવી, જૂનાં થઈ ગયેલા યંત્રો કાઢી તેના સ્થાને નવા આધુનિક યંત્રો ખરીદવા વગેરે મૂડી ખર્ચની યોજનાઓ તૈયાર કરતાં મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ જ સંચાલકોને માર્ગદર્શન આપે છે. વિવિધ યોજનાઓની નફાકારકતાની ગણતરી કરી

પોતાનું મૂલ્યાંકન અહેવાલ સ્વરૂપે સંચાલકો સમક્ષ તે રજૂ કરે છે. જેને આધારે કંઈ યોજનાની પસંદગી કરવી તે ઉચ્ચ સંચાલકો નક્કી કરે છે.

1.7 સંચાલકીય હિસાબી પદ્ધતિનું કાર્યક્ષેત્ર :-

આપદ્ધતિનાં કાર્યક્ષેત્રમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

1. **નાણાકીયહિસાબો :** સંચાલકીય હિસાબી પદ્ધતિએ નાણાકીય હિસાબોની માહિતીની સંચાલકો સમક્ષની રજૂઆત છે. આમ, તેનો મૂળભૂત આધાર જ નાણાકીય હિસાબો છે. તેના વિના સંચાલકો કામગીરી પણ સંપૂર્ણ અંકુશ રાખી શકતાં નથી.

2. **પડતરના હિસાબો :**-પ્રમાણ પડતર પદ્ધતિ, સીમાંત પડતર પદ્ધતિ, વૈકલ્પિક પડતર પદ્ધતિ જેવી અન્ય પદ્ધતિઓ વિના સંચાલકીય હિસાબી પદ્ધતિનો ઉપયોગ શકય નથી. આમ આ પદ્ધતિઓ દ્વારા જ સંચાલકો ધંધાકીય કાગીરી પર યોગ્ય અંકુશ રાખી શકે.

3. **બજેટ દ્વારા અંકુશ :**-બજેટ દ્વારા અંકુશની પદ્ધતિ એ સંચાલકીય હિસાબી પદ્ધતિનો અંતર્ગત ભાગ છે. જેમાં બજેટો તૈયાર કરવાં, ખરેખર કામગીરીને બજેટના આંકડા સાથે સરખાવવી, વિચલનો શોધી દૂર કરવા વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

4. ઈન્વેન્ટરી અંકુશ :-ઈન્વેન્ટરી પર અંકુશ રાખવો એ ધંધા પર અંકુશ રાખવા માટે અતિ આવશ્યક છે. તેથી જ સંચાલકીય હિસાબી પદ્ધતિમાં માલ સામગ્રી અંકુશનો સમાવેશ થાય છે.

5. **પુનઃ સ્થાપનાના હિસાબો :**-મિલકતો ઉપયોગ, સમયને કારણે બિનઉપયોગી થાય ત્યારે નવી મિલકત વસાવવા અંગેનાં હિસાબોની પદ્ધતિ માટે સંચાલકીય પુનઃ સ્થાપનાને ધ્યાનમાં રાખવામાં આવે છે.

6. **વચગાળાના અહેવાલો :-** નિયમિત રીતે સંચાલકો સમક્ષ કામગીરીના અહેવાલો રજૂ થતા રહેવા જોઈએ. જેમાં માસિક, ત્રિમાસિક કે છ માસિક નાણાકીય પત્રકો રોકડ પ્રવાહ અને ભંડોળ પ્રવાહના પત્રકો વગેરે મુખ્ય છે.

7. **આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ :**-સંચાલકો સમક્ષ વખતોવખત જે હિસાબી માહિતી રજૂ કરવામાં આવે છે તેમાં જો માહિતી ચાર્ટ, આલેખ સ્વરૂપે રજુ કરવામાં આવે તો તેઓ સરળતાથી સમજી શકે છે. આ ઉપરાંત માહિતિઓનાં વિશ્લેષણ માટે અર્થઘટન માટે વિવિધ આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

8. **કરવેરાની જોગવાઈ :**-સંચાલકો ધંધાકીય એકમમાં થયેલ નફામાંથી કરવેરાની જોગવાઈનું પ્રમાણ, વહેંચણી પાત્ર નફાનું પ્રમાાણ, રિટર્ન ફાઈ કરવું, કરવેરાની ચુકવણી વગેરે માટે સંચાલકીય હિસાબી પદ્ધતિ પર આધાર રાખે છે.

9. **ઓફિસ સેવાઓ :**-વિવિધ પ્રકારની ઓફિસ સેવા જેવી કે યોગ્ય માહિતીના સંગ્રહ માટે યાંત્રિક અને ઈલેકટ્રોનિક સાધનોનો ઉપયોગ કરવો અને સમયાંતરે તે સંચાલકો સમક્ષ રજૂ કરવાનો સમાવેશ પણ સંચાલકીય હિસાબી પદ્ધતિમાં થાય છે.

10. **આંતરિક ઓડિટ :**-ધંધાકીય એકમના તમામ કાર્યો પર અંકુશ રાખવા માટે આંતરિક અંકુશ અને આંતરિક ઓડિટ જરૂરી છે. જેનો સમાવેશ પણ સંચાલકીય હિસાબી પદ્ધતિમાં થાય છે.

1.8 સંચાલકીય હિસાબી પદ્ધતિની અગત્યતા :-(મહત્ત્વ).

''સંચાલકોને સહાયભૂત થાય એવી હિસાબી પદ્ધતિ એટલે જ મેનેજમેન્ટ એકાઉન્ટન્સી'' આ અર્થ ઉપરથી જ સંચાલકીય હિસાબી પદ્ધતિનું મહત્ત્વ સ્પષ્ટ થાય છે. (1)સંચાલકીય હિસાબી પદ્ધતિ એ એવી હિસાબી માહિતી સાથે સંબંધ છે જે સંચાલકોને ઉપયોગી નીવડે છે. આ ઉપરાંત તેનો મુખ્ય ઉદ્દેશ સંચાલકોને નિર્ણય ઘડતર માટે માહિતી આપવાનો છે તે આંતરિક સંચાલન માટે છે. (2)સંચાલકીય હિસાબીપદ્ધતિમાં જે માહિતી રજૂ કરવામાં આવે છે તેનું કોઈ ફોર્મ નથી. તે સંચાલકોની જરૂરિયાત મુજબ દરેક કંપની પોતે નમૂના તૈયાર કરે છે. (3)સંચાલકીય હિસાબી પદ્ધતિ ભવિષ્યલક્ષી છે. તે ભાવિ પરિસ્થિતિનો અંદાજ મૂકે છે.અને તે અંગે શું પગલાં લેવાં તે અંગે સૂચનો કરે છે. (4)સંચાલકીય હિસાબી પદ્ધતિએ લાંબાગાળાના આયોજન માટે ખૂબજ મહત્ત્વની છે. તેમાં વિવિધ આંકડાશાસ્ત્રીય પદ્ધતિ જેવી કે ગુણોત્તર વિશ્લેષણ, રોકડ પ્રવાહ પત્રક વગેરેનો ઉપયોગ થતો હોવાથી પરિણામો વધુ સારા મળે છે. (5)સંચાલકીય હિસાબોમાં નાણાકીય હિસાબો ઉપરાંત પડતરના હિસાબ, આંકડાશાસ્ત્ર, અર્થશાસ્ત્ર જેવા શાસ્ત્રોનો પણ ઉપયોગ થાય છે. (6) સંચાલકીય હિસાબી પદ્ધતિ પડતરના હિસાબોની કામગીરી ઉપરાંત ઉત્પાદકતા, નફાકારકતા વગેરે પર ધ્યાન આપે છે. તે અંગે સંચાલકો માટે માર્ગદર્શનીય અહેવાલો તૈયાર કરે છે. આમ આધુનિક સમયમાં સંચાલકીય હિસાબી પદ્ધતિ આગવું સ્થાન ધરાવે છે.

સંચાલકીય હિસાબી પદ્ધતિની મર્યાદાઓ :-

આધુનિકપદ્ધતિઓમાં સંચાલકીય હિસાબ પદ્ધતિનું સ્થાન મોખરાનું હોવા છતાં નીચે પ્રમાણેની મર્યાદાઓ જોવા મળે છે.

1. નાણાકીયપદ્ધતિ અને પડતર પદ્ધતિ પર આધારિત :-

સંચાલકીય હિસાબી પદ્ધતિ પોતાના કાર્ય માટે જરૂરી માહિતી નાણાકીય હિસાબો અને પડતરના હિસાબોમાંથી મેળવે છે. એટલે મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ જે અનુમાનો તારવે છે. તેનો આધાર આ બન્ને હિસાબોની ચોકસાઈ પર છે. જો આ હિસાબોની માહિતી ચોકસાઈ ભરી નહીં હોય તો સંચાલકીય હિસાબી પદ્ધતિના અહેવાલો પણ ખામી ભર્યા જ હશે.

2. અન્ય શાસ્ત્રોના જ્ઞાનની અપેક્ષા :-

સંચાલકીય હિસાબી પદ્ધતિમાં અન્ય શાસ્ત્રો જેવા કે નાણાકીય હિસાબી પદ્ધતિ, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર વગેરે વિષયનાં સિદ્ધાંતોની અપેક્ષા હોય છે. એટલે કે આ બધા જ વિજ્ઞાનોની પદ્ધતિઓનો જો ઉચ્ચ સંચાલકોને બરાબર ખ્યાલ ન હોય તો મેનેજમેન્ટ એકાઉન્ટન્ટે રજૂ કરેલી માહિતીને આધારે સંચાલકો યોગ્ય નિર્ણય કરી શકતાં નથી.

3. આંકડા સિવાય અન્ય રીતે રજૂ થતી માહિતી માટે બિન ઉપયોગી :-

સંચાલકીય હિસાબી પદ્ધતિ સંચાલકોને ફકત આંકડાકીય માહિતી પૂરી પાડે છે. પરંતુ જેને નાણાંમાં ન માપી શકાય તે અંગે સંચાલકીય હિસાબી પદ્ધતિનો ઉપયોગ થઈ શકતો નથી. દા.ત. કર્મચારીઓનો કામ પ્રત્યેનો જુસ્સો, એકમ પ્રત્યેની વફાદારી અંગે કોઈ રજૂઆત કે માપી શકાતું નથી.

4. ખર્ચાળ :-

સંચાલકીય હિસાબી પદ્ધતિ માટે પૂરતાં તાલીમ પામેલ અને ઉચ્ચ શિક્ષણ મેળવેલ અનેક અધિકારીઓ અને કર્મચારીઓની આવશ્યકતા રહેવાની. વળી અનેક પ્રકારના રેકર્ડ

પણ રાખવાની જરૂરિયાત માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર ઊભું કરવું પડે જે ખુબ ખર્ચાળ છે જે નાના એકમોને પરવડે નહિ.

5. સંચાલકો પર તેની સફળતાનો આધાર :-

સંચાલકીય હિસાબી પદ્ધતિમાં નિર્ણય કરવાની પ્રક્રિયામાં મદદરૂપ બનવા માટેની આંકડાકીય માહિતી સંચાલકોને પુરી પાડવામાં આવે છે. જે ઉપયોગ કરનાર સંચાલકોને નિર્ણય લેવામાં મદદ કરે છે. પરંતુ સંચાલકોની કાર્યક્ષમતા પર સફળતાનો આધાર રહેલો હોય છે.

6. નવી પદ્ધતિ સામે લોકોનો વિરોધ :-

રૂઢિચુસ્ત સંચાલકો અને કર્મચારીઓ નવીન પદ્ધતિઓનો વિરોધ કરતાં હોય છે. જો કે આધુનિક યુગમાં નવીન વૈજ્ઞાનિક પદ્ધતિઓ ધંધાકીય એકમમાં હશે તોજ ધંધાકીય એકમ હરીફાઈમાં ટકી શકશે.

1.9 સંચાલકીય હિસાબનીશની લાયકાતો, ગુણો, ફરજો – કાર્યો અને ભુમિકા

સંચાલકીય હિસાબનીશમાં વિવિધ શાસ્ત્રો જેવા કે આંકડાશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, નાણાકીય હિસાબી પદ્ધતિ વગેરેનું કૌશલ્ય હોવું જોઈએ. તોજ સંચાલકીય હિસાબી પદ્ધતિનો સફળતા પુર્વક ઉપયોગ કરી શકશે.

નાણાકીય હિસાબો રાખનાર ફાઈનાન્શિયલ એકાઉન્ટન્ટનું કામ હિસાબી ચોપડા રાખી વાર્ષિક હિસાબો રજૂ કરવાનું છે. તેમાં નિયત સિદ્ધાંતોનો જ ઉપયોગ કરવાનો છે. કોઈ ખાસ કુશળતાની તેમાં જરૂર નથી. જયારે મેનેજમેન્ટ એકાઉન્ટન્ટનું કાર્ય આર્થિક બનાવોનું માપ કાઢી તે સંચાલકો સમક્ષ અહેવાલના સ્વરૂપે રજૂ કરવાનું છે કે જેથી સંચાલકોને તેમના રોજબરોજના સંચાલનમાં નીતિ ઘડતરમાં અને અંકુશ કાર્યમાં ઉપયોગી નીવડે તેણે નાણાકીય હિસાબોની જેમ ફકત નિયત સિદ્ધાંતોનો જ ઉપયોગ કરવાનો નથી. તેણે તો બુધ્ધિ કૌશલ્યનો ઉપયોગ કરી બની રહેલા આર્થિક બનાવોની સંચાલકો સમક્ષ રજૂઆત કરીને પેઢીની નફાકારકતા પર તે કેવી અસર કરશે તેની રજૂઆત કરવાની છે.

અમેરિકામાં મેનેજમેન્ટ એકાઉન્ટને ''કન્ટ્રોલર'' નું નામ આપવામાં આવ્યું છે. ભારતમાં હિન્દુસ્તાન લીવરમાં સંચાલન એકાઉન્ટન્ટને ફાઈનાન્સ ડિરેકટરનું નામ આપવામાં આવ્યું છે. સંચાલકીય હિસાબનીશનું મહત્ત્વ શ્રી પી. એલ. ટંડનના શબ્દોમાં રજૂ કરીએ તો ''સંચાલકીય હિસાબનીશ વ્હીલમાંના સળિયા જેવા છે. વ્હીલની રિંગ અને માહિતી મેળવનાર હબને જોડે છે તે આવી માહિતી પર વધુ પ્રક્રિયા કરે છે.અને જયાંથી તે માહિતી આવી હોય ત્યાં આવી સુધારેલી માહિતી પહોંચડે છે.''

ધી કન્ટ્રોલર્સ ઈન્સ્ટિટયૂટ ઓફ અમેરિકાએ સંચાલકીય હિસાબનીશની કાર્યો નીચે પ્રમાણે જણાવ્યા છે.

1. ધંધાની પ્રક્રિયાઓના અંકુશ માટે સંચાલનના એક સુગ્રથિત ભાગ તરીકે એક પુરતી યોજના તૈયાર કરવી, તેનું સંકલન કરવું અને તેનો વહીવટ કરવો.
2. ખરેખર થઈ રહેલ કાર્યોને નક્કી કરેલ કાર્યવાહી, યોજના અને પ્રમાણો સાથે સરખાવવાં અને સંચાલનની બધી સપાટીએ તે અંગે અહેવાલો રજૂ કરવા.
3. ધંધાના સંચાલનના કોઈપણ પાસા અંગેની નીતિ કે કાર્ય માટે જવાબદાર એવા સંચાલનના બધા જ ભાગો સાથે વિચારણા કરવી.

4. કરવેરા અંગેની નીતિ અને કાર્યવાહીનો વહીવટ કરવો.
5. સરકારી સંસ્થાઓને મોકલવાના અહેવાલો અંગે સુપરવિઝન રાખવું અને તે તૈયાર કરવાના કાર્યનું સંકલન કરવું.
6. યોગ્ય આંતરિક અંકુશ માટે વિમા દ્વારા ધંધાની મિલકતોના નાણાકીય રક્ષણની ખાતરી આપવી.
7. આંતરિક વિશિષ્ટ પરિબળોનું અને સરકારી અસરોનું સતત મૂલ્યાંકન કરતા રહેવું અને તેની ધંધા પર શી અસર થશે તેનું અર્થઘટન કરતાં રહેવું.

આમ સંચાલકીય હિસાબનીશની ભૂમિકા સંચાલકીય હિસાબ પદ્ધતિમાં વિશિષ્ટ પ્રકારની છે.

1.10 નાણાકીય હિસાબી પદ્ધતિવિરુદ્ધસંચાલકીય હિસાબી પદ્ધતિ (તફાવત / તુલનાત્મક અભ્યાસ)

સંચાલકીય હિસાબ પદ્ધતિનો ઉદ્‌ભવ નાણાકીય હિસાબોમાંથી જ થયો છે. નાણાકીય હિસાબો બે હેતું માટે માહિતી પુરી પાડે છે. આંતરિક અને બાધ્ય બાહ્ય ઉપયોગ માટે તે નફા નુકસાન ખાતું અને પાકું સરવૈયું રજૂ કરે છે. જે ધંધાના માલિકો, શેર હોલ્ડર્સ લેણદારો, રોકાણકારો અને સરકાર માટે ઉપયોગી છે. જયારે નાણાકીય હિસાબો આંતરિક ઉપયોગ માટેના જરૂરી પત્રકો રજૂ કરે છે. જેને સંચાલકીય હિસાબ પદ્ધતિ કરે છે. તે સંચાલકોને એવી માહિતી પૂરી પાડે છે જે તેમને તેમના મૂળભૂત સંચાલકીય કાર્યમાં ઉપયોગી થઈ પડે છે. એટલે કે શ્રી ગોર્ડન શિલિંગ લૉ લખે છે. જે રીતે નાણાકીય હિસાબો એવી બાબતો પૂરતા મર્યાદિત છે કે જે સ્વતંત્ર ઓડિટર્સ પ્રમાણિત કરી શકે તે રીતે મેનેજમેન્ટ એકાઉન્ટિંગ મર્યાદિત નથી, પરંતુ તે પ્રમાણો અને પૂર્વાનુમાનો તેમજ નોંધાયેલ ઈતિહાસને ધ્યાનમાં લે છે.

આ બન્ને વચ્ચેના તફાવત નીચે પ્રમાણે રજૂ કરી શકાય. **સંચાલકીય હિસાબી પદ્ધતિ**

	નાણાકીય હિસાબી પદ્ધતિ	**સંચાલકીય હિસાબી પદ્ધતિ**
1	આપદ્ધતિનો ઉદ્દેશ બહારની વ્યક્તિઓને ધંધાનો નફો/ખોટ તથા ધંધાની આર્થિક પરિસ્થિતિ માહિતી આપવાનો છે તે બાહ્ય વ્યક્તિઓ માટે છે.	આપદ્ધતિનો ઉદ્દેશ સંચાલકોને નિર્ણય ઘડતર માટે માહિતી આપવાનો છે. તે આંતરિક સંચાલન માટે છે.
2	નાણાકીય હિસાબો નફો કે ખોટ નક્કી કરે છે. અને આર્થિક સ્થિતિ દર્શાવે છે. તે બહારની વ્યક્તિઓને નિર્ણય લેવામાં ઉપયોગી નીવડે છે.	આપદ્ધતિ ધંધાના સંચાલકોને ઉપયોગી છે. તેઓને નીતિ ઘડતર માટે ઉપયોગ કરે છે.
3	નાણાકીય હિસાબો વર્ષની ધંધાકીય પ્રવૃત્તિનું પરિણામ વર્ષમાં એક વાર તૈયાર કરી રજૂ કરે છે. જો કે હવે કેટલીક કંપનીઓ ત્રિમાસિક અને છ માસિક અહેવાલ પણ રજૂ કરે છે.	સંચાલકીય હિસાબો સંચાલકોની જરૂરિયાત મુજબ દર અઠવાડિયે દર પખવાડિયે, દર મહિને કે દર ત્રણ મહિને રજૂ થાય છે.
4	ભારતના કંપની ધારા મુજબ દરેક કંપનીએ નાણાકીય હિસાબો તૈયાર કરવા જ પડે છે. તે ફરજિયાત છે.	તે મરજિયાત છે કોઈ કાયદા હેઠળ સંચાલકીય હિસાબો રાખવાનું ફરજિયાત નથી.
5	આપદ્ધતિમાં પત્રકો અમુક સ્ટાન્ડર્ડ ફોર્મ માંજ તૈયાર કરવામાં આવે છે. પાકું સરવૈયું કંપની ધારામાં આપેલ ફોર્મ મુજબ જ તૈયાર કરવામાં આવે છે.	આપદ્ધતિમાં માહિતી રજૂ કરવા માટેનું કોઈ ફોર્મ હોતું નથી. સંચાલકો પોતાની જરૂરિયાત મુજબ નમૂનો તૈયાર કરે છે.
6.	આપદ્ધતિમાં તમામ રકમો રૂપિયામાં દર્શાવવામાં આવે છે. પરંતુ વધુ ચોકસાઈથી દર્શાવવામાં આવે છે.	આ પદ્ધતિમાં તમામ રકમો રૂપિયામાં પરંતુ નાણાકીય હિસાબી પદ્ધતિની સરખામણીમાં ઓછી ચોકસાઈથી દર્શાવવામાં આવે છે.
7	આપદ્ધતિમાં પડતરના હિસાબો, આંકડાશાસ્ત્ર કે અર્થશાસ્ત્ર જેવા શાસ્ત્રોનો ઉપયોગ થતો નથી.	આપદ્ધતિમાં નાણાકીય હિસાબો ઉપરાંત આંકડાશાસ્ત્ર, અર્થશાસ્ત્ર જેવા શાસ્ત્રોનો ઉપયોગ થાય છે.
8	આપદ્ધતિ ઐતહાસિક બાબતો પર આધારિત છે.	આપદ્ધતિ ભવિષ્ય લક્ષી છે.
9	નાણાંમાં રજૂ થાય તેવી જ બાબતો રજુ થાય છે.	નાણાંમાં રજૂ થાય તેવી તેમજ નાણાંમાં રજૂ ન થઈ શકે તેવી બાબતો પણ રજૂ કરવામાં આવે છે.
10	આપદ્ધતિ ધંધાકીય આર્થિક વ્યવહારો અને નાણાકીય પત્રકો પર આધારિત છે.	આપદ્ધતિનાણાકીય અને પડતરના હિસાબો બન્ને પર આધારિત છે.

1.11 પડતર હિસાબી પદ્ધતિવિરુદ્ધ સંચાલકીય હિસાબી પદ્ધતિ (તફાવત / તુલનાત્મક અભ્યાસ)

સંચાલકીય હિસાબી પદ્ધતિનાણાકીય હિસાબો, પડતરનાં હિસાબો તથા આંકડાશાસ્ત્ર એમ ત્રણે વિષયોનો ઉપયોગ કરી માહિતી ભેગી કરે છે ? તેનું પૃથકકરણ કરે છે. અને તેને એવી રીતે ગોઠવીને સંચાલકો સમક્ષ રજૂ કરે છે કે જેથી સંચાલકોને નિર્ણય ઘડતર માટે ઉપયોગી નીવડે. આમ પડતરના હિસાબો અને સંચાલકીય હિસાબો વચ્ચે તફાવતના મુદ્દાઓ નીચે મુજબ રજૂ થઈ શકે.

પડતર હિસાબી પદ્ધતિ સંચાલકીય હિસાબી પદ્ધતિ

પડતર હિસાબી પદ્ધતિ		સંચાલકીય હિસાબી પદ્ધતિ	
1	આપદ્ધતિનો ઉદ્દેશ ઉત્પાદિત વસ્તુની પડતર નક્કી કરવાનો છે તે ઉપરાંત તે પડતર ઘટાડા માટે પણ ઉપયોગી છે.	1	સંચાલકીય હિસાબી પદ્ધતિ આ પદ્ધતિનો ઉદ્દેશ નાણાકીય હિસાબો અને પડતર હિસાબી પદ્ધતિની માહિતીનો ઉપયોગ કરી સંચાલોને ઉપયોગી માહિતી પૂરી પાડે છે.
2	આપદ્ધતિ ઐતિહાસિક માહિતી પર આધારિત છે તેનો અભિગમ ભૂતકાળ લક્ષી છે.	2	આપદ્ધતિ ભવિષ્ય લક્ષી છે તે ભાવિ પરિસ્થિતિનો અંદાજ મૂકે છે અને તે અંગે શું પગલા લેવાં તે અંગે સૂચના આપે છે.
3	કોસ્ટ એકાઉન્ટન્ટનું સ્થાન ઉચ્ચ કક્ષાના અધિકારી જેટલું ઊંચું હોતું નથી.	3	સંચાલકીય એકાઉન્ટન્ટ ઉચ્ચ સંચાલકો પૈકીનો એક ગણાય છે.
4	પડતરના હિસાબો સામાન્ય રીતે ટૂંકાગાળા માટે હોય છે.	4	સંચાલકીય હિસાબી પદ્ધતિને લાંબાગાળાના આયોજન સાથે સંબંધ છે.
5	આપદ્ધતિમાં ફકત પડતરને લગતીજ માહિતીનો સમાવેશ થાય છે.	5	આપદ્ધતિમાં નાણાકીય હિસાબોની માહિતી, પડતરના હિસાબોની માહિતી તેમજ આંકડાશાસ્ત્રીય માહિતીઓનો સમાવેશ થાય છે.
6	પડતરની વિવિધ પદ્ધતિઓ જેવી કે પ્રમાણ પડતર બજેટસ અંકુશ, સીમાંત પડતર, સમતૂટ વિશ્લેષણ વગેરેનો ઉપયોગ થાય છે.	6	સંચાલકીય હિસાબી પદ્ધતિમાં પડતરની માહિતી ઉપરાંત ભંડોળ પ્રવાહ પત્રક, રોકડ પ્રવાહ પત્રક, ગુણોત્તર વિશ્લેષણ તથા આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ થાય છે.
7	કાયદા દ્વારા પડતરના હિસાબો રાખવા ફરજિયાત નથી. પરંતુ કંપનીધારાની કલમ-૨૦૯ મુજબ ખાસ પ્રકારની કંપનીઓએ પડતરના હિસાબો રાખવા ફરજિયાત છે.	7	કાયદા દ્વારા સંચાલકીય હિસાબો રાખવા ફરજિયાત નથી. તે સંચાલકોની જરૂરિયાત મુજબ કંપની મરજિયાતપણે રાખે છે.
8	પડતરના હિસાબો સંચાલકીય એકાઉન્ટિંગનો આધાર પૂરો પાડે છે.	8	નાણાકીય હિસાબો તથા પડતરના હિસાબો એ મેનેજમેન્ટ એકાઉન્ટિંગનો આધાર બને છે.

આમ ડૉબ્સનના અભિપ્રાય મુજબ નાણાકીય હિસાબો અને પડતરના હિસાબો બન્ને સંચાલકીય હિસાબી પદ્ધતિની જ બે શાખાઓ છે.

1.12 સંચાલકીય હિસાબી પદ્ધતિના ઓજારો અને ટેકનિકસ

શ્રી બેટ્ટીના અભિપ્રાય મુજબસંચાલકીય હિસાબી પદ્ધતિમાં નાણાંકીય હિસાબો અને પડતરના હિસાબોમાં નીચે મુજબની પદ્ધતિઓ અને ટેકનિકનો ઉપયોગ થાય છે.

1. સીમાંત પડતર પદ્ધતિ.
2. પ્રમાણ પડતર પદ્ધતિ.
3. અંદાજપત્રીય અંકુશ
4. ઐતિહાસિક પડતર પદ્ધતિ
5. નાણાં અંગેની નીતિ અને નાણાકીય હિસાબો
6. નિયંત્રણ હિસાબી પદ્ધતિ.
7. હિસાબો પરથી નિર્ણય.
8. રોકાણો પર વળતર.
9. સમતૂટ વિશ્લેષણ.
10. આંતરપેઢી તુલના.

આ તમામ ટેકનિકનો સમાવેશ સંચાલકીય હિસાબી પદ્ધતિમાં થાય છે. કેટલીક ટેકનિકની સમજૂતી નીચે આપેલ છે.

1. સીમાંત પડતર પદ્ધતિ :-

પડતરના હિસાબોની આ આધુનિક પદ્ધતિમાં કુલ પડતરને બે ભાગમાં વહેંચી નાખવામાં આવે છે, ચલિત કે સીમાંત ખર્ચ અને સ્થિર ખર્ચ વસ્તુની એકમ દીઠ ઉત્પાદન પડતરમાં સ્થિર ખર્ચ ઉમેરવામાં આવતો નથી. સંચાલકો સમક્ષ ખર્ચ, આવક અને નફા અંગે માહિતી રજૂ કરવામાં તે ખૂબજ ઉપયોગી છે.

2. પ્રમાણ પડતરપદ્ધતિ :-

આ પદ્ધતિમાં દરેક પ્રકારના ખર્ચ માટે અગાઉથી પ્રમાણો નક્કી કરવામાં આવે છે. ખરેખર થયેલા ખર્ચને પ્રમાણો સાથે સરખાવીને તફાવતો એટલે કે વિચલનો શોધી કાઢવામાં આવે છે. તે દ્વારા આખા એકમ ઉપર અંકુશ રાખવામાં આવે છે. પ્રમાણ પડતર પદ્ધતિએ આધુનિક હિસાબનીશનું મહત્ત્વનું સાધન છે.

3. અંદાજપત્રીય અંકુશ :-

ધંધાકીય એકમની યોજના નાણાંના એકમોમાં રજૂ કરવામાં આવે છે. ધંધાના દરેક પાસા અંગે બજેટો તૈયાર કરવામાં આવે છે. અને વર્ષ દરમિયાન જે ખરેખર કામ થાય તેને બજેટના આંકડા સાથે રજૂ કરીને ધંધાની કાર્યક્ષમતા માટે ઉપયોગી અનુમાનો તારવવામાં આવે છે.ક

4. ઐતિહાસિક પડતર પદ્ધતિ :-

ઉત્પાદન પૂરું થઈ ગયા પછી જે પડતર શોધવામાં આવે છે તેને ઐતિહાસિક પડતર કહેવામાં આવે છે. પ્રમાણ પડતર પદ્ધતિથી આ વિરૂધ્ધ પદ્ધતિ છે. પ્રમાણ પડતર પદ્ધતિમાં ઉત્પાદન શરૂ થતાં પહેલાં અલગ અલગ પ્રકારના ખર્ચનો અંદાજ મૂકવામાં આવે છે.

5. નાણાં અંગેની નીતિ અને નાણાકીયહિસાબો :-

નાણાકીય નીતિ માં ધંધામાં નાણાં કઈ રીતે મેળવવા ? ઈકિવટી કે પ્રેફરન્સ શેર કે ડિબેન્ચર કે લાંબાગાળાની લોન કે ટૂંકાગાળાની લોન કેટલા પ્રમાણમાં કોનો ઉપયોગ કરવો ? વગેરે જેવા નિર્ણયો કરવામાં આવે છે. આ ઉપરાંત ઉધાર વેચાણ કે રોકડ વેચાણ, વેપારી વટાવ કે રોકડ વટાવ અંગેની નીતિ પણ નક્કી કરવામાં આવે છે.

6. નિયંત્રણ હિસાબી પદ્ધતિ :-

અંકુશ માટેની જુદી જુદી ટેકનિકોના સમૂહને નિયંત્રણ હિસાબી પદ્ધતિ કે કન્ટ્રોલ એકાઉન્ટિંગ કહે છે. પ્રમાણ પડતર પદ્ધતિના વિચલન- પૃથ્થકરણ દ્વારા, અંદાજપત્રીય અંકુશના સ્ટેટમેન્ટ અને રિપોર્ટ દ્વારા, આંતરિક અંકુશ દ્વારા, આંતરિક ઓડિટ દ્વારા આ અંકુશ શકય બને છે. અંકુશ માટે જરૂરી માહિતી સંચાલનની બધી સપાટીએ રજૂ કરવી, પૃથ્થકરણ કરવું અને તેનું અર્થઘટન કરવું વગેરેમાં સંચાલકીય એકાઉન્ટન્ટ પોતાની કુશળતા દર્શાવે છે.

7. **હિસાબો પરથી નિર્ણય :-**

ઉપર દર્શાવેલ તમામ ટેકનિક દ્વારા જે માહિતી રજૂ થાય છે. તેના આધારે સંચાલકો કેટલાં'ક નિર્ણયો લે છે. જેવા કે મૂડી ખર્ચ કેટલો કરવો, કંઈ વસ્તું કે યંત્રો ખરીદવા, વસ્તુના ઉત્પાદનની વેચાણ કિંમત કેટલી રાખવી વગેરે. તેથી આ પદ્ધતિને નિર્ણય ઘડતર હિસાબી પદ્ધતિ કહે છે.

1.13 સંચાલન અહેવાલ : પ્રસ્તાવના અને અર્થ

સંચાલકીય હિસાબી પદ્ધતિ ભવિષ્ય લક્ષી છે તે ભાવિ પરિસ્થિતિનો અંદાજ મૂકે છે. અને તે અંગે શું પગલાં લેવા તે અંગે સૂચનો કરે છે. આ તમામ બાબતોને લગતો સમયાંતરે લેખિત કે મૌખિક અહેવાલ તૈયાર કરવામાં આવે છે. જેમાં કઈ માહિતી કયાંથી મેળવી, તેનો આધાર તરીકે કેવી રીતે ઉપયોગ કર્યો તેમજ તેના આધારે લાંબાગાળાનું આયોજન કેવી રીતે કરી તેનો ઉપયોગ કર્યો તે અંગેનો અહેવાલ તૈયાર કરવામાં આવે છે. જે દ્વારા વિવિધ પક્ષકારો જેવા કે આંતરિક પક્ષકારો અને બાહ્ય પક્ષકારોને જરૂરી માહિતી પૂરી પાડે છે. આ ઉપરાંત કેટલાં પ્રમાણમાં વિવિધ સંચાલકીય હિસાબી પદ્ધતિ જેવી કે ભંડોળ પ્રવાહ પત્રક, ગુણોત્તર વિશ્લેષણ તથા આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો કેટલા પ્રમાણમાં અને કયાં ઉપયોગ કર્યો છે તે અંગેની સ્પષ્ટતા પણ અહેવાલમાં કરવામાં આવે છે.

અહેવાલનો અર્થ :-

''અહેવાલ એટલે એકઠી કેટલી અને વિચારણા પછી રજૂ કરેલી હકીકતોનું નિવેદન, તે એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે જેથી જે વ્યકિતઓ પાસે અહેવાલના વિષય અંગે પુરતી માહિતી ન હોય તેમને સ્પષ્ટ રીતે સંક્ષેપમાં માહિતી આપી શકાય.''

''અહેવાલમાં સમગ્ર દ્રષ્ટિએ વિવિધ સંચાલકીય નિવેદનનો વિશે અભિપ્રાય વ્યકત કરવામાં આવે છે. અને જયારે અભિપ્રાય દર્શાવવો શક્ય ન હોય ત્યારે તે માટેના કારણો દર્શાવવામાં આવે છે.''

1.14 હેતુઓ (ઉદ્દેશો) અને ઉપયોગિતા

સંચાલકીય કાર્યોના સંદર્ભમાં સંચાલન અહેવાલ તૈયાર કરવામાં આવે છે. જે લોકો સંચાલનમાં પ્રત્યક્ષ રીતે ભાગ લઈ શકતાં નથી. તેમને માટે સંચાલન અહેવાલ ખૂબ ઉપયોગી

છે. સંચાલનના વિવિધ કાર્યોને લગતી માહિતી વિવિધ પક્ષકારો જેવાં કે લેણદારો, ડિબેન્ચર હોલ્ડર્સ, રોકાણકારો, સરકાર, આવકવેરા અધિકારી માટે ખૂબજ ઉપયોગી થાય છે. આ તમામ પક્ષકારો સંચાલન અહેવાલનો અભ્યાસ કર્યા પછી પોતે પોતાના કંપની સાથેના વ્યવહારો અંગે નિર્ણયો લેતાં હોય છે. તેની ઉપયોગિતા નીચે પ્રમાણે છે.

1. **સંચાલકો માટે :** કંપનીના બધાજ કાર્યો સંચાલકો કરી શકતા નથી. તેમનું મુખ્ય કાર્ય ધંધાની નીતિ ઘડતરનું છે. રોજબરોજના કાર્ય માટે કર્મચારીઓ પર આધાર રાખવો પડે છે. અહેવાલ પરથી કર્મચારીઓની યોગ્યતા, પ્રમાણિકતા, ઈમાનદારીની ખાતરી થઈ શકે છે.
2. **લેણદારો માટે :** કંપનીને નાણાં, માલ કે સેવા પૂરી પાડનારા લેણદારો માટે અહેવાલ ખૂબજ અગત્યનો છે. કંપનીને શાખ પર માલ આપવો કે નહિ તે અંગેનો નિર્ણય કંપનીના સંચાલક અહેવાલ પરથી લે છે.
3. **ડિબેન્ચર હોલ્ડર્સ :** ડિબેન્ચર હોલ્ડર્સ તેમના નાણાંની સલામતી ઈચ્છે છે. તેમને પ્રતિ વર્ષે નિયત કરેલ દરે વ્યાજ પણ ચૂકવવામાં આવે છે. કંપનીનો નફો કમાવવાની શક્તિ, સંચાલન વગેરેની માહિતી સંચાલન અહેવાલ પરથી મળે છે.
4. **રોકાણકારો માટે :** રોકાણકારો જે કંપનીની આર્થિક સ્થિતિ સારી હોય તેમજ સંચાલન અસરકારક હોય તેમાંજ રોકાણ કરતાં હોય છે. જે અંગેની માહિતી તેમને સંચાલન અહેવાલમાંથી મળી રહે છે.
5. **સરકાર માટે :** સરાર જાહેર જનતાને નુકસાન કે શોષણ ન થાય તે માટે વિવિધ કાયદાઓ ઘડી તેનો અમલ કરાવે છે. માટે તેમને સંચાલક અહેવાલ વિવિધ જરૂરી માહિતી પૂરી પાડે છે.
6. **આવકવેરા અધિકારી માટે :** આવકવેરા અધિકારી પણ પોતાને જરૂરી કંપનીને લગતી માહિતી સંચાલક અહેવાલ દ્વારા મળી રહે છે.

આમ આંતરિક પક્ષકારો સાથે આ બાહ્ય પક્ષકારો માટે પણ સંચાલક અહેવાલ મહત્ત્વનો છે.

1.15 અહેવાલના પ્રકારો

સંચાલકના તમામ કાર્યો અંગેની સમયાંતરે માહિતી પુરી પાડવા માટે અહેવાલનો ઉપયોગ કરવામાં આવે છે. અહેવાલના વિવિધ પ્રકારો નીચે પ્રમાણે છે.

અહેવાલના પ્રકારો

સ્વરૂપની દ્રષ્ટિએ	હેતુની દ્રષ્ટિએ
(૧) મૌખિક અહેવાલ	(1) મુખ્ય અહેવાલ
(૨) લેખિત અહેવાલ	(2) પ્રકાશિત કરવા માટેનો અહેવાલ
	(3) અધિકારીઓ માટેનો અહેવાલ

(A) સ્વરૂપની દ્રષ્ટિએ અહેવાલ :

સ્વરૂપની દ્રષ્ટિએ અહેવાલના બે પ્રકાર પાડી શકાય છે.

(1) મૌખિક અહેવાલ (Oral Reporting) જયારે સંચાલક પોતાના કાર્ય એટલે કે સંચાલન અંગેની માહિતી મૌખિક આપે છે. તેને મૌખિક અહેવાલ કહે છે. સામાન્ય રીતે નીચેની બાબતો મૌખિક અહેવાલ વખતે ધ્યાનમાં લેવામાં આવે છે.

(i) શ્રોતાગણનું સ્વરૂપ :-શ્રોતાગણ કોણ છે ? તે સૌ પ્રથમ જાણી લેવું જોઈએ. જો ઉચ્ચ શિક્ષણ ધરાવતો શ્રોતાગણ છે કે સામાન્ય કામદારો શ્રોતાગણ છે કે પછી વિશિષ્ટ જ્ઞાન ધરાવતો શ્રોતાગણ છે. તેને આધારે અહેવાલ તૈયાર કરી રજૂ કરવામાં આવે છે.

(ii) **યોગ્ય આયોજન :**- મૌખિક અહેવાલ માટે પણ યોગ્ય આયોજન પ્રમાણે અહેવાલ રજૂ કરવામાં આવે છે. મહત્ત્વની બાબતોને ક્રમ પહેલા આપવો, ગૌણ બાબતોને સૌથી છેલ્લે રજૂ કરવી જોઈએ.

(iii) **જરૂરી માહિતી :**- મૌખિક અહેવાલ રજુ કરતાં જરૂરી તમામ માહિતીને વર્ણવી લેવી જોઈએ.

(iv) **તાર્કિક અભિગમ :**-અહેવાલમાં રજૂ કરવામાં આવેલી માહિતીને ચોક્કસ તાર્કિક રીતે ગોઠવીને રજૂ કરવી જોઈએ. વિષયવસ્તુંને અર્થ પૂર્ણ અને તુલનાત્મક રીતે શ્રોતાગણને સમજાય તેવી રીતે રજૂ કરવો જોઈએ.

(v) ભાષાની યોગ્યતા :-શ્રોતાગણને સરળતાથી સ્પષ્ટ રીતે સમજાય તે રીતની ભાષાનો ઉપયોગ કરવો જોઈએ. મૌખિક અહેવાલમાં ઉચ્ચારોની સ્પષ્ટતા, અવાજ, યોગ્ય ઝડપ વગેરે બાબતો મહત્ત્વ ધરાવે છે.

(vi) દ્રશ્યજાહેરાત :- અહેવાલની મૌખિક રજૂઆત અંગે માહિતી સંચારને અસરકારક બનાવવા માટે અહેવાલ રજૂ કરનારે જરૂરિયાત મુજબ દ્રશ્ય જાહેરાતો, ચાર્ટ આકૃતિઓ, ચિત્ર, પોસ્ટર, આંકડાકીય કોઠો, સ્લાઈડ, ચલચિત્રો વિગેરેનો ઉપયોગ કરવો જોઈએ.

(vii) કેટલીકવાર મૌખિક અહેવાલ રજૂ કરતાં પહેલાં આંકડાકીય માહિતી અને ચાર્ટ દર્શાવતાં છાપેલા છૂટા કાગળો શ્રોતાગણમાં વહેંચવા સલાહ ભર્યુ ગણાય છે. આમ કરવાથી શ્રોતાગણને માહિતી સમજવામાં અને અહેવાલકારને માહિતી સમજાવવામાં સરળતા રહે છે.

(viii) સમય મર્યાદા : મૌખિક અહેવાલ રજૂ કરવામાં વધુ સમય લેતાં શ્રોતાગણમાં કંટાળો પેદા થાય છે તેમજ માહિતી વચ્ચે સંકલન જાળવવું પણ મુશ્કેલ બને છે. તેથી મૌખિક અહેવાલ યોગ્ય સમયમાંજ રજૂ કરવો જોઈએ.

મૌખિક અહેવાલનો મુખ્ય ફાયદો એજ કે શ્રોતાગણને જો પુરતી સ્પષ્ટતા ન મળે તો તે તુરત જ અહેવાલ રજૂ કરનાર સમક્ષ પોતાના પ્રશ્નો રજૂ કરીને સ્પષ્ટતા મેળવી શકે છે. આ બાબત લેખિત અહેવાલમાં શક્ય નથી.

(2) **લેખિત અહેવાલ :**- લેખિત અહેવાલોનાં પણ વિવિધ દ્રષ્ટિ બિંદુથી અલગ અલગ પ્રકાર પાડી શકાય છે.

(i) **સમયની દ્રષ્ટિએ અહેવાલો :**- દૈનિક અઠવાડિક, પખવાડિક, માસિક, ત્રિમાસિક, વાર્ષિક અહેવાલ સમયને આધારે પ્રકાર પાડી શકાય.

(ii) **કાર્યનીદ્રષ્ટિએ અહેવાલો :**- માહિતી વિષયક અહેવાલો, પરીક્ષણનો અહેવાલ,

અંકુશલક્ષ અહેવાલ, સમસ્યા નિવારણ અહેવાલ આમ કાર્યને લક્ષીને અહેવાલ તૈયાર કરવામાં આવે છે.

(iii) **ભૌતિક સ્વરૂપની દ્રષ્ટિએ :**-અહેવાલનું ભૌતિક ધ્યાનમાં રાખીને તેના બે પ્રકારો પાડી શકાય. (1)ટૂંકા સ્વરૂપના અહેવાલો (2) લાંબા સ્વરૂપના અહેવાલો.

1.16 અહેવાલ પ્રેષણના સામાન્ય સિદ્ધાંતો

અહેવાલ ઘડતરની રૂપરેખા તૈયાર કર્યા પછી અહેવાલ લેખન કરવામાં આવે છે. અહેવાલ લેખન એક કળા છે. જે માટે વ્યક્તિગત કુશળતા જરૂરી છે. જો અહેવાલમાં યોગ્ય શબ્દોમાં સમજૂતી ન હોય તો તેનું અર્થઘટન કરવું મુશ્કેલ બને છે. અસરકારકતા માટે અહેવાલમાં નીચેના સામાન્ય સિદ્ધાંતોને લક્ષમાં લેવામાં આવે છે. જે નીચે પ્રમાણે છે.

1. **હેતુલક્ષી** : અહેવાલ હેતુના સંદર્ભમાં હોવો જોઈએ. જો અહેવાલ હેતુલક્ષી નહીં હોય તો વાચકવર્ગમાં ગેરસમજૂતી ઉભી થાય છે.

2. **ચોક્કસ પદ્ધતિ** : અહેવાલ ચોક્કસ પદ્ધતિસર લખવો જોઈએ. તેના માળખા પ્રમાણે અહેવાલ તૈયાર કરવો જોઈએ. બિનજરૂરી શબ્દપ્રયોગો ટાળવા જોઈએ. તેમજ ધારો કે તેવાં શબ્દો ન વાપરવા જોઈએ.

3. **સુસંગત** : અહેવાલની માહિતી હેતુઓ તેમજ વાચનારના હેતુઓ એક બીજા સાથે સુસંગત હોવા જોઈએ જુદા જુદા વિભાગો તેમજ મહત્ત્વની બાબતોને અંડર લાઈન દ્વારા દર્શાવવા જોઈએ.

4. **યોગ્યવાક્ય રચના** : અહેવાલમાં માહિતી રજૂ કરતાં વિધાનોની રચના યોગ્ય હોવી જોઈએ. એટલે કે ઉપયોગમાં લેવાતાં વાકયોની રચના દ્વિઅર્થી હોવી જોઈએ નહિ. તેમજ વ્યાકરણની ભૂલ પણ ન હોવી જોઈએ.

5. **બિનટેકનિકલ ભાષા** : અહેવાલમાં વધુ પડતા તેમજ બિન ટેકનિકલ શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ નહિ. કારણ-કે બધાજ અહેવાલ વાંચલો આ શબ્દોથી વાકેફ હોય જ એવું બનતું નથી.

6. **સંપૂર્ણ સ્પષ્ટતા** : અહેવાલની રજૂઆત સંપૂર્ણ સ્પષ્ટ હોવી જોઈએ. એક વાર લેખનમાં સ્પષ્ટતા ન આવે તો અહેવાલનું પુનઃલેખન કરીને તેને સંપૂર્ણ સ્પષ્ટ બનાવવો જોઈએ. અહેવાલમાં વધુ પડતા વિશેષણો રૂપકો પણ ન હોવાં જોઈએ.

7. **ટૂંકમાં રજૂઆત** : અહેવાલ વાંચકો પાસે ઓછો ટાઈમ હોય તો સરળતાથી વાંચી સમજી શકે તે રીતે ટૂંકમા તૈયાર કરવો જોઈએ. અહેવાલ મુદ્દાસર અને ટૂંકમાં જ હોવો જોઈએ.

આમ ઉપર દર્શાવેલ માર્ગદર્શક સૂચનો ધ્યાનમાં રાખી અહેવાલ તૈયાર કરવામાં આવે તો અહેવાલ આકર્ષક અને અસરકારક તૈયાર થશે. આ ઉપરાંત આધુનિક સમયમાં વિવિધ પ્રકારના ચાર્ટ, ચિત્રો, નકશા, ગ્રાફિકસ અને સ્ક્રીનનો ઉપયોગ કરીને અહેવાલની આકર્ષકતા વધારી શકાય છે.

1.17 અસરકારક અહેવાલ પ્રેષણ

અસરકારક અહેવાલ પ્રેષણ એટલે અહેવાલનું સ્વરૂપ અને માળખું યોગ્ય હોવું જોઈએ.

સામાન્ય રીતે અહેવાલનું માળખું ત્રણ બાબતો પર આધાર રાખે છે. (1)પરિણામોની તર્કબધ્ધ અને સૂચક ગોઠવણી ઉપર ભાર મુકવો જોઈએ. એટલે કે પ્રથમ વિશિષ્ટ માહિતી અને ત્યારપછી સામાન્ય માહિતીની રજૂઆત થાય છે. (2) માહિતીના સમર્થનમાં જરૂરી તારણો અને સમીક્ષા રજૂ કરવામાં આવે છે.(3)અહેવાલનું માળખું સસમય પ્રમાણે ઘટનાના ક્રમને ગોઠવવા ઉપ ભાર મૂકે છે. ચોક્કસ માળખા પ્રમાણે અહેવાલ તૈયાર કરવો જોઈએ. એટલે કે અહેવાલની રૂપરેખા તૈયાર કરવી જોઈએ. આ રૂપરેખામાં નીચે દર્શાવેલ બાબતોનો સમાવેશ કરવમાં આવે છે.

અસરકારક અહેવાલ પ્રેષણની આવશ્યકતાઓ :-

1. મુખપૃષ્ઠ (Title page)
2. અધિકાર પત્ર (Letter of Authorisation)
3. ઉદ્દેશોની યાદી (Statement of Obeetives)
4. માહિતી અંગેનાં ચોર્ટ (Tables of Contents)
5. પરિચય (Introduetion)
6. પદ્ધતિ વિજ્ઞાન (Methodology)
7. શોધેલી બાબતો (Findings)
8. મર્યાદાઓ (Limitations)
9. સારાંશ અને તારણ (Summary &Conelusion)
10. ભલામણ (Recommendations)
11. પરિશિષ્ટ (Appndix)
12. સંદર્ભસૂચિ (Bibliography)
13. અનુક્રમ (Index)

આ વિવિધ બાબતોની સમજૂતી નીચે પ્રમાણે છે.

(1) **મુખપૃષ્ઠ (Title page) :**

અહેવાલનું મુખપૃષ્ઠ સરળ અને આકર્ષક હોવું જોઈએ. તેની ઉપર અહેવાલનો વિષય, અહેવાલ કોણે અને કોના માટે તૈયાર કર્યો છે તે બાબત, અહેવાલ પૂરો કર્યાની અને મોકલી આપ્યાની તારીખ વિગેરે બાબત દર્શાવવી જોઈએ. જો અહેવાલની વિગતો ખાનગી રાખવાની હોય તો Conidential એમ લખવું જોઈએ. વર્તમાન સમયમાં કોમ્પ્યુટર ડિઝાઈનની મદદથી આકર્ષક ટાઈટલ પેઈજ બનાવવામાં આવે છે.

(2) **અધિકારપત્ર (Letter of Authorisation) :**

મુખપૃષ્ઠ પછીના પાને જેમણે અહેવાલ તૈયાર કરવાની સત્તા આપી હોય તેમનું નામ, અધિકાર દર્શાવતો પત્ર અને જેમને આ અહેવાલ મોકલી આપવાનો હોય તેમનું નામ-સરનામું વિગેરે વિગતો દર્શાવવામાં આવે છે.

(3) **ઉદ્દેશો :**

અહેવાલના ચોક્કસ ઉદ્દેશો સ્પષ્ટ રીતે દર્શાવવા જરૂરી છે. જેને આધારે અહેવાલના વાચકો અહેવાલની વિગતો સમજી શકે છે.

(4) **માહિતી અંગેના Tables :**

અહેવાલમાં વાંચકોના માર્ગદર્શન માટે માહિતી માટે Table કે કોઠા દર્શાવવા જોઈએ. જેથી માહિતી સરળતાથી સમજી શકાય તેમજ સરખામણી કરી શકાય.

(5) **પરિચય (Introduetion) :**

અહેવાલમાં પૂર્વભૂમિકા દર્શાવવી જરૂરી છે. જેથી વાંચકો તેને આધારે આધારરૂપ માહિતીને સમજી શકે.

(6) **પદ્ધતિ વિજ્ઞાન (Methodology) :**

અહેવાલમાં દર્શાવેલ માહિતી અંગે જો વિશ્લેષણ કે સંશોધનને લગતી કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરેલ હોય તો તે આંકડાશાસ્ત્રી પદ્ધતિ કે Methodology ની સમજણ આપવી જોઈએ.

(7) **શોધેલી બાબતો (Findings) :**

અહેવાલમાં કોઈ સમસ્યા કે કોઈ બાબતના સંશોધન અંગે રજૂઆત કરવામાં આવે ત્યારે તે પ્રવૃત્તિ દરમ્યાન શોધેલી બાબતો (Findings) દર્શાવવા જોઈએ.

(8) **મર્યાદાઓ :**

અહેવાલમાં જે તે સમસ્યા કે સંશોધન કે કાર્યોને લગતી મર્યાદાઓ રહેલી હોય તો તે પણ દર્શાવવામાં આવે છે. મર્યાદામાં વધારે ચડતો સમય કે વિશાળ માનવ સમૂહ કે પરિણામો કેટલે અંશે સાચા વગેરેનો સમાવેશ થાય છે.

(9) **સારાંશ અને તારણ (Summary and Conelusion) :**

સમગ્ર અહેવાલના અંતમાં તમામ બાબતોનો ટૂંકમાં સારાંશ અને તેના પરથી જોઈ કોઈ તારણ કાઢવામાં આવેલ હોય તો તે દર્શાવવામાં આવે છે.

(10) **ભલામણ (Recommendations) :**

અહેવાલમાં માહિતીને આધારે સંશોધન કરીને તે અંગે કર્મચારી કે સંબંધિત પક્ષકારોને કયાં કાર્યો કેવી રીતે કરવા જેવી બાબતો અંગેની ભલામણોનો સમાવેશ થાય છે. સંચાલકો પોતાના સંપૂર્ણ જ્ઞાન અને અનુભવને આધારે ભલામણો કરતાં હોય છે.

(11) **પરિશિષ્ટ (Appndix) :**

અહેવાલનો આ છેલ્લો વિભાગ છે. પરિશિષ્ટ એ અહેવાલને ટેકો આપની પુરવણી કરતી માહિતી છે. જયારે જટિલ આંકડાકીય કોઠાઓ ટેકનિકલ નોંધો પ્રશ્નાવલિની નકલો વગેરેનો સમાવેશ પરિશિષ્ટમાં કરવામાં આવે છે.

(12) **સંદર્ભસૂચિ(Bibliography) :**

અહેવાલ તૈયાર કરવામાં ઉપયોગમાં લેવામાં આવેલા પુરસ્તકો, મૅગેઝિનના નામ, લેખકનું નામ, પ્રકાશકનું નામ વગેરે બાબતો સંદર્ભસૂચિ તરીકે દર્શાવવામાં આવે છે.

(13) **અનુક્રમણિકા :**

અંતે અહેવાલની વિવિધ બાબતો અને તેના પાના નંબર દર્શાવતી અનુક્રમણિકા પણ અહેવાલમાં આપવી જરૂરી છે. તે પણ મૂળાક્ષર પ્રમાણે કે પેઈજ નંબર પ્રમાણે દર્શાવવી જોઈએ.

આમ અહેવાલની રજૂઆત તર્કબદ્ધ અને અસરકારક હોવી જોઈએ. વર્તમાન સમયમાં વિવિધ આલેખો, ચાર્ટ અને ચિત્રો દ્વારા અહેવાલને વધુ આકર્ષક અને ઉપયોગી બનાવવાનો અભિગમ જોવા મળે છે.

1.18 ટૂંકસાર

૧. **સંચાલકીય હિસાબી પદ્ધતિ :-**"હિસાબી માહિતી તૈયાર કરવામાં વ્યાવસાયિક જ્ઞાન અને કૌશલ્યનો એવી રીતે ઉપયોગ કરવો કે જેથી સંચાલકોને નીતિઓના ઘડતરમાં અને એકમની કામગીરીના આયોજન અને અંકુશ સહાયરૂપ થઈ શકે."

૨. **સંચાલકીય હિસાબી પદ્ધતિનું કાર્યક્ષેત્ર :-**

(1) નાણાકીય હિસાબો (2) પડતરના હિસાબો (3) બજેટ દ્વારા અંકુશ (4) ઈન્વેન્ટરી અંકુશ (5) પુનઃસ્થાપનાના હિસાબો (6)વચગાળાના અહેવાલો (7) આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ (8) કરવેરા (9) ઓફિસ સેવાઓ (10) આંતરિક ઓડિટનો સમાવેશ થાય છે.

3. મેનેજમેન્ટ એકાઉન્ટન્સીનો ઉદ્ભવ નાણાકીય હિસાબોમાંથી જ થયો છે. મેનેજમેન્ટ એકાઉન્ટન્સી માટે જરૂરી માહિતી નાણાકીય હિસાબોમાંથી લેવામાં આવે છે.

4. પડતર હિસાબી પદ્ધતિની માહિતીનો ઉપયોગ સંચાલકો દ્વારા કરવામાં આવે છે. પડતર હિસાબી પદ્ધતિ ભૂતકાળ સથે સંકળાયેલ આંકડા આવે છે.જયારે સંચાલકીય હિસાબી પદ્ધતિ આ આંકડાને આધારે ભવિષ્યની પરિસ્થિતિનો અંદાજ મૂકે છે.

5. સંચાલકીય હિસાબી પદ્ધતિની મુખ્ય ટેકનિક અને પદ્ધતિઓમાં (1) પ્રમાણ પડતર પદ્ધતિ(2) સીમાંત પડતર પદ્ધતિ(3) અંદાજપત્રીય અંકુશ (4) ઐતિહાસિક પડતર પદ્ધતિ(5) નિયત્રણ હિસાબી પદ્ધતિ વગેરેનો સમાવેશ થાય છે.

6. સંચાલકીય હિસાબી પદ્ધતિમાં નાણાકીય હિસાબોની ચોકસાઈ (2) અન શાસ્ત્રોના જ્ઞાનની અપેક્ષા (3) ખર્ચાળ (4) સંચાલકો પર તેની સફળતાનો આધાર જેવી મર્યાદાઓ રહેલ છે.

7. સંચાલકીય હિસાબી પદ્ધતિમાં કરેલા કાર્યો અંગે અંતમાં સંચાલકોએ સંચાલક અહેવાલ તૈયાર કરવો પડે છે. આવશ્યક તત્વો અને સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી અહેવાલ તૈયાર કરવામાં આવે છે.

1.19 સ્વાધ્યાય

1. સંચાલકીય હિસાબી પદ્ધતિનો અર્થ આપી તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો.
2. સંચાલકીય હિસાબી પદ્ધતિની લાક્ષણિકતાઓ જણાવો.
3. સંચાલકીય હિસાબી પદ્ધતિના હેતુંઓ અને કાર્યો સમજાવો.
4. સંચાલકીય હિસાબ પદ્ધતિનું કાર્યક્ષેત્ર સ્પષ્ટ કરો.
5. સંચાલકીય હિસાબ પદ્ધતિનું મહત્ત્વ (જરૂરિયાત) સમજાવો.
6. સંચાલકીય હિસાબ પદ્ધતિનો ફાયદાઓ અને મર્યાદાઓ સમજાવો.
7. સંચાલકીય હિસાબનીશની લાયકાતો, ગુણો, ફરજો, કાર્યો અને ભૂમિક સ્પષ્ટ કરો.
8. નાણાકીય હિસાબી પદ્ધતિ અને સંચાલકીય હિસાબી પદ્ધતિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
9. પડતર હિસાબી પદ્ધતિ અને સંચાલકીય હિસાબી પદ્ધતિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
10. સંચાલકીય હિસાબી પદ્ધતિના ઓજારો અને ટેકનિકસ જણાવો.

11. સંચાલન અહેવાલનો અર્થ આપી તેના ઉદ્દેશો સ્પષ્ટ કરો.
12. સંચાલન અહેવાલની ઉપયોગિતા સમજાવો.
13. સંચાલન અહેવાલના પ્રકારો સમજાવો.
14. મૌખિક અહેવાલમાં ધ્યાનમાં રાખવાની વિગતો સમજાવો.
15. અહેવાલ પ્રેષણના સામાન્ય સિદ્ધાંતો સ્પષ્ટ કરો.
16. અસરકારક અહેવાલ પ્રેષણ માટે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ સમજાવો.
17. અહેવાલ તૈયાર કરવા માટે ના જરૂરી પૂર્વ આવશ્યકતાઓ જણાવો.

ટૂંક નોંધ લખો :-

1. સંચાલકીય હિસાબી પદ્ધતિનું મહત્ત્વ.
2. સંચાલકીય હિસાબનીશની ભૂમિકા.
3. સંચાલકીય હિસાબી પદ્ધતિની ટેકનિકસ.
4. અહેવાલના પ્રકારો.
5. અહેવાલ પ્રેષણની પૂર્વ આવશ્યકતાઓ.

19. વર્તમાન સંજોગોમાં સંચાલકીય હિસાબ પદ્ધતિની જરૂરિયાત જણાવો.
20. નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરી જવાબ આપો.
(બહુવિકલ્પ પ્રશ્નો) (Multipal Choice Questions)

૧. સંચાલકીય હિસાબી પદ્ધતિનો ઉદ્દેશ ———————— છે.

A. ફકત નાણાકીય હિસાબો તૈયાર કરવાનો છે.

B. સમગ્ર હિસાબી માહિતીના ઉપયોગ દ્વારા સંચાલનને મદદરૂપ થવાનો.

C. ફકત પડતરના હિસાબો તૈયાર કરવાનો.

D. ઉપરનામાંથી એક પણ નહિ. (Ans : B)

2. સંચાલકીય હિસાબી પદ્ધતિમાં આંતરિક ઓડિટ ———————— છે.

A. ફરજિયાત B. મરજીયાત

C. વર્ષમાં બે વાર ફરજીયાત D. વર્ષમાં એક વાર ફરજિયાત.

(Ans : B)

3. મેનેજમેન્ટ એકાઉન્ટન્ટનું મુખ્ય કાર્ય ———————— છે.

(A) ધંધાકીય પ્રવૃત્તિ પર અંકુશ માટે અંદાજપત્રો તૈયાર કરવા.

(B) સંચાલકીય ઉપયોગી માહિતીનું વર્ગીકરણ અને ગોઠવણી.

(C) યોજના પ્રમાણે પ્રવૃત્તિઓ થાય તે માટે સંચાલકોનું ધ્યાન દોરવું.

(D) ઉપરના તમામ કાર્યો. (Ans : D)

4. ———————— નો સમાવેશ સંચાલકીય હિસાબી પદ્ધતિમાં થતો નથી.

(A) એકમ પડતર પદ્ધતિ (B) સીમાંત પડતર પદ્ધતિ

(C) પ્રમાણ પડતર પદ્ધતિ (D) અંદાજપત્રીય અંકુશ

(Ans :A)

5. સંચાલકીય હિસાબી પદ્ધતિ ———————— માટે સૌથી વધુ મહત્ત્વની છે.

(A) શેરહોલ્ડર્સ (B) ડિબેન્ચર હોલ્ડર્સ

(C) સંચાલકો (D) લેણદારો (Ans :C)

6. ———————— હિસાબી પદ્ધતિમાં અપવાદો (ધારણાઓ) જોવા મળે છે ?

(A) નાણાકીય હિસાબી (B) સંચાલકીય

(C) પડતર (D) એક પણ નહિ. (Ans : B)

7. ———————— હિસાબી પદ્ધતિમાં હિસાબો સંચાલકોને મદદરૂપ થાય તે પ્રમાણેના અહેવાલના સ્વરૂપમાં બનાવાય છે.

(A) સંચાલકીય (B) નાણાકીય

(C) પડતર (D) સીમાંત (Ans : A)

8. સંચાલકીય હિસાબી પદ્ધતિ સંચાલકોને ———————— માં મદદ કરે છે.

(A) નીતિ વિષયક નિર્ણયો (B) આર્થિક વિગતોના વિશ્લેષણમાં.

(C) અંદાજપત્રીય અંકુશ (D) આ બધાજ (Ans : D)

9. સંચાલકીય હિસાબી પદ્ધતિ મુજબ તૈયાર કરેલ અહેવાલો ———————— સમક્ષ રજૂ કરવામાં આવે છે.

(A) શેરહોલ્ડર્સ (B) રોકાણકારો

(C) સંચાલનની જુદી જુદી સપાટી (D) સ્ટોક એક્ષ્ચેન્જ (Ans :C)

10. ———————— એ સંચાલકીય હિસાબી પદ્ધતિની ટેકનિક છે.

(A) પ્રમાણ પડતર (B) ઐતિહાસિક પડતર

(C) સીમાંત પડતર (D) આ બધી જ (Ans :D)

11. સંચાલકીય હિસાબી પદ્ધતિમાં મિલકતોની કિંમત ગણતી વખતે ———————— કિંમત ધ્યાનમાં લેવામાં આવે છે.

(A) ઘસારાબાદ (B) મૂળ કિંમત

(C) પુનઃસ્થાપના (D) એક પણ નહિ. (Ans :C)

12. સંચાલકીય હિસાબી પદ્ધતિ ———————— પર આધાર રાખે છે.

(A) નાણાકીય હિસાબી પદ્ધતિ (B) પડતર હિસાબી પદ્ધતિ

(C) A અને Bબન્ને (D) એક પણ નહિ. (Ans : C)

13. સંચાલકીય હિસાબી પદ્ધતિનો ઉદ્દેશ ———————— છે.

(A) વેચાણ કિંમત નક્કી કરવાનો (B) નાણાકીય પત્રકો તૈયાર કરવનો

(C) શેરહોલ્ડર્સને મદદરૂપ થવાનો (D) સંચાલકોને મદદરૂપ થવાનો.

(Ans :D)

14. ———————— ટેકનિક સંચાલકીય હિસાબી પદ્ધતિની છે.

(A) સેવા પડતર (B) પ્રક્રિયા પડતર

(C) પ્રમાણ પડતર (D) એક પણ નહિ. (Ans :C)

15. સ્વરૂપની દ્રષ્ટિએ અહેવાલને ———————————— પ્રકાર પાડી શકાય.

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ (Ans : A)

16. અહેવાલમાં ———————————— બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે.

(A) સરળતા (B) સ્પષ્ટતા

(C) સુસંગતતા (D) આ બધી જ. (Ans :D)

એકમ : 2 સીમાંત પડતર પદ્ધતિ

: રૂપરેખા :

2.1 રૂપરેખા

2.2 પ્રસ્તાવના

2.3 અર્થ અને વ્યાખ્યા

2.4 લાક્ષણીકતાઓ અને ધારણાઓ

2.5 ફાયદા અને મર્યાદાઓ

2.6 સમતૂટ બિંદુ (BEP) અને વિશ્લેષણ (મહત્વ અને મર્યાદાઓ)

2.7 નફા–જથ્થાગુણોત્તર (P/V Ratio)

2.8 સલામતીનોગાળો (MOS)

2.10 જુદાજુદા ચાવીરૂપ પરિબળો (મર્યાદિત પરિબળ તરીકે માલસામાન, મજૂરી વગેરે)

2.11 વ્યવહારુ ઉદાહરણો

2.12 ટૂંકસાર

2.13 સ્વાધ્યાય

2.1 પ્રસ્તાવના :

ઉત્પાદન કરતાં ધંધાકીય એકમમાં ઉત્પાદિત એકમોની કુલ પડતર શોધવામાં આવે છે. જેનાં આધારે વેચાણ કિંમત, ઉત્પાદિત એકમોનો જથ્થો, નફાનું પ્રમાણ વગેરે જેવા નિર્ણયો સંચાલકો દ્વારા લેવામાં આવે છે. સામાન્ય રીતે કોઈ પણ વસ્તુની કુલ પડતરમાં બે પ્રકારના ખર્ચા કે પડતરનો સમાવેશ થાય છે. (1) સ્થિર પડતર કે ખર્ચા જેમાં સામાન્ય રીતે અમૂક કક્ષા સુધી ઉત્પાદનના એકમનો જથ્થો વધે કે ઘટે છતાં આ પ્રકારની પડતર સ્થિર રહે છે. (2) ચલિત પડતર કે ખર્ચા જેમાં ઉત્પાદનના એકમોનો જથ્થો વધતાં કુલ ખર્ચનું પ્રમાણ વધે છે. અને એકમોનો જથ્થો ઘટતાં કુલ ખર્ચ કે પડતરનું પ્રમાણ ઘટે છે. જેને ચલિત પડતર કહે છે. સામાન્ય રીતે સ્થિર પડતર કરતાં ચલિત પડતરની ધંધાકીય નફાકારકતા પર કેવી અસર થાય છે, તે દર્શાવવા માટે ચલિત પડતર પધ્ધતિ વધુ મહત્વની છેફક્ત ચલિત ખર્ચની પડતર શોધવી એ કોઈ અલગ પધ્ધતિ નથી, પરંતુ

ઉત્પાદન જથ્થામાં વધારો કે ઘટાડાની નફા પર કેવી અસર થાય તે રીતે પડતરની માહિતી રજૂ કરવાની રીત છે. આ પધ્ધતિને સીમાંત પડતર પધ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. જેમ પ્રક્રિયા પડતર, સેવા પડતર, એકમ પડતર વગેરે પધ્ધતિઓ કોઈ એક જ ઉદ્યોગોને લાગુ પડતી નથી, પરંતુ બધા ઉદ્યોગમાં ઉપયોગમાં લઈ શકાય એવી પધ્ધતિ છે. એ રીતે આ પધ્ધતિ અન્ય પધ્ધતિની સાથે પણ ઉપયોગમાં લઈ શકાય છે. એટલે કે ઉત્પાદન માટે પ્રક્રિયા પડતરની સાથે સીમાંત પડતર પધ્ધતિનો ઉપયોગ થઈ શકે છે.

2.2 અર્થ અને વ્યાખ્યા :

અર્થશાસ્ત્રીઓની ભાષામાં ચાલુ ઉત્પાદનનાં કુલ એકમોના જથ્થામાં વધારો કે ઘટાડો કરવાથી કુલ પડતરમાં જે ફેરફાર થાય તેને સીમાંત પડતર કહે છે. આ રીતે પડતર રજૂ કરવાની પધ્ધતિને સીમાંત પડતર પધ્ધતિ કહેવામાં આવે છે. "ઈન્સ્ટીટયુટ ઓફ કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટસ," ઈંગ્લેન્ડના અભિપ્રાય મુજબ "સીમાંત પડતર એટલે ઉત્પાદનની અમુક સપાટીએ જો કુલ ઉત્પાદનમાં એક એકમનો વધારો કરવામાં આવે તો તેથી કુલ પડતરમાં થતો ફેરફાર"

Chartered Institute of Menagment Accountants એ આપેલી વ્યાખ્યા મુજબ " કોઈ વસ્તુ કે સેવાના એક એકમની પડતર, જે આ એકમનું ઉત્પાદન થયું ન હોય તો નિવારી શકાઈ હોત" એટલે કે સીમાંત પડતર એટલે એક એકમ વધુ કે ઓછું ઉત્પન્ન થવાને પરિણામે કુલ પડતરમાં થતો ફેરફાર"

"સીમાંત પડતર પધ્ધતિ (Marginal Costing) એટલે સ્થિર ખર્ચ અને ચલિત ખર્ચ જુદા પાડીને સીમાંત પડતર નક્કી કરવાની તેમ જ ઉત્પાદનનો જથ્થો કે ઉત્પાદન નો પ્રકાર બદલાતાં તેની નફા પર શી અસર થશે તે નક્કી કરવાની પધ્ધતિ"

સ્થિર ખર્ચને કારણે જુદા જુદા સંજોગોમાં એકમદીઠ પડતર પર જે અસર થાય છે તેમાંથી ઉત્પાદનની પડતરને મુક્ત કરવાની આ એક પધ્ધતિ છે. અહીં ફક્ત ચલિત ખર્ચાઓ જ ધ્યાનમાં લઈને એકમદીઠ પડતર શોધવામાં આવે છે. ઉત્પાદનની એકમદીઠ પડતરમાં જો સ્થિર ખર્ચનો સમાવેશ કરવામાં આવે તો જેમ ઉત્પાદનના જથ્થામાં ફેરફાર થાય તેમ એકમદીઠ પડતરમાં પણ ફેરફાર થાય છે. દા.ત. એક કારખાનામાં સ્થિરખર્ચ માસિક રૂ.1,00,000 હોય અને એકમદીઠ ચલિત ખર્ચ રૂ. 25 હોય તો 5,000 એકમનું ઉત્પાદન થાય ત્યારે

કુલ પડતર = સ્થિર ખર્ચા + ચલિત ખર્ચા

= 1,00,000 + 1,25,000

= 2,25,000 થશે.

એકમ દીઠ પડતર = $\frac{2,25,000 \text{ રૂ.}}{5,000 \text{ એકમો}} = 45$ રૂ.

પરંતુ જો ઉત્પાદન એકમો 10,000 કરવામાં આવે તો

કુલ પડતર = 1,00,000 સ્થિર ખર્ચ + (10,000 x 25) ચલિત ખર્ચા

=1,00,000 + 2,50,000

= 3,50,000 રૂ.

એકમ પડતર = $\frac{3,50,000 \text{ રૂ.}}{10,000 \text{ એકમો}} = 35$ રૂ.

આમ, ઉત્પાદનના જથ્થામાં ફેરફારને કારણે એકમદીઠ પડતર બદલાતી રહેશે પરિણામે વેચાણ કિંમતમાં પણ ફેરફાર કરવો પડે. આ મુશ્કેલી દૂર કરવા માટે પડતરમાં સ્થિર ખર્ચને ધ્યાનમાંન લેતાં ફક્તચલિત ખર્ચને આધારે જ પડતર ગણવી વધુ યોગ્ય ગણાય છે. એટલે કે પડતરમાં ફકત પ્રત્યક્ષ ખર્ચા જેવા કે પ્રત્યક્ષ માલસામાન,પ્રત્યક્ષ મજૂરી અને પરોક્ષ ખર્ચાઓ પૈકી ચલિત ખર્ચ જ ઉમેરાય જયારે સ્થિર ખર્ચા નફા નુકશાન ખાતે ઉધારવામાં આવે છે.

2.4 લાક્ષણીકતાઓ અને ધારણાઓ

ઉપરની વ્યાખ્યા પરથી **સીમાંત પડતર પધ્ધતિનાં** નીચે પ્રમાણે લક્ષણો તારવી શકાય.

1. ચલિત ખર્ચાઓને આધારે જ ઉત્પાદનની પડતર શોધવામાં આવે છે.
2. સ્થિર ખર્ચાઓને આ પડતરમાં ધ્યાનમાં લેવામાં આવતાં નથી.
3. આ પડતરને આધારે સંચાલકો મહત્વના નિર્ણયો લઇ શકે છે.
4. સ્ટોકની ગણતરી ફક્ત સીમાંત પડતરને આધારે જ ગણવામાં આવે છે.
5. નફો શોધવા માટે એક ખાસ પ્રકારનું નફાનુકશાન ખાતું બનાવવામાં આવે છે. જેને 'સીમાંત નફાનુકશાન ખાતું' કહેવામાં આવે છે.
6. સીમાંત પડતર + ફાળો = વેચાણ કિંમત.
7. ફાળો = વેચાણ કિંમત – ચલિત ખર્ચા

8. સમતૂટ બિંદુ અને સમતૂટ આલેખ તેમ જ અન્ય પધ્ધતિઓ જે ઉત્પાદનના જથ્થામાં વધારો કે ઘટાડાની અસર સ્પષ્ટ કરે છે તે આ પધ્ધતિના જ ભાગરૂપે છે.
9. જુદાં જુદાં ખાતાં કે વસ્તુની નફાકારકતાનો ખ્યાલ મેળવવા તેમના વેચાણમાંથી મળતો ફાળો સરખાવવામાં આવે છે.

ધારણાઓ :- (અનુમાનો)

સીમાંત પડતર પધ્ધતિનો ઉપયોગ નીચેના અનુમાનોને આધારે થાય છે. જો તે અનુમાનો ખોટા પડે તો આ પધ્ધતિ તેના અપેક્ષિત લાભો આપી શકે નહિ.

(1) બધા જ ખર્ચાઓને સ્થિર ખર્ચ અને ચલિત ખર્ચમાં વહેંચી શકાય છે. જો કે દરેક કિસ્સામાં યોગ્ય રીતે વર્ગીકરણ કરવું શક્ય હોતું નથી.

(2) સ્થિર ખર્ચ ગમે તેટલી ઉત્પાદનની સપાટીએ પણ એકસરખા જ રહે છે.તેમાં કોઈ ફેરફાર થતો નથી. ટૂંકાગાળામાં આ અનુમાન સાચું નીવડે છે. પરંતુ લાંબેગાળે તેમાં ફેરફાર થાય છે.

(3) ઉત્પાદન જેટલા પ્રમાણમાં બદલાય તેટલા પ્રમાણમાં ચલિત ખર્ચ પણ બમણો થાય છે. એટલે કે એકમદીઠ ચલિત ખર્ચ સ્થિર રહે છે.

(4) કામગીરીની કાર્યક્ષમતામાં કોઈ ફેરફાર થશે નહિ. એવું અનુમાન તેમાં રહેલું છે. કારણકે જો તેમાં ફેરફાર થાય તો ઉત્પાદનની સપાટીમાં થતાં ફેરફારના પ્રમાણ કરતાં ચલિતખર્ચ વધુ થાય કે ઓછા થાય.

(5) વેચાણ કિંમતમાં કોઈ ફેરફાર થશે નહિ. પછી ભલે બજારમાં હરીફાઈનું પ્રમાણ વધે કે ઘટે અથવા ઉત્પાદનમાં મોટા પ્રમાણમાં ફેરફાર થાય.

(6) આ પદ્ધતિમાં એવું અનુમાન કરવામાં આવે છે કે પડતર પર અસર કરનાર પરિબળ ફક્ત ઉત્પાદનનો જથ્થો છે. જેમ જેમ ઉત્પાદનના જથ્થામાં ફેરફાર થાય છે તેમ તેમ કુલ એકમદીઠ પડતરમાં પણ ફેરફાર થાય છે. જયારે એકમદીઠ સીમાંત પડતર બદલાતી નથી. વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે પડતરપર ઉત્પાદનના જથ્થા ઉપરાંત અનેક પરિબળો અસર કરે છે.

(7) ઈનપુટના પરિબળોની કિંમતમાં કોઈ ફેરફાર થતો નથી. એટલે કે માલસામાન, મજૂરી વગેરેમાં ફેરફારો થતાં નથી.

(8) સંચાલકીય નીતિ, ટેકનોલોજિકલ પધ્ધતિઓ અને માણસો, યંત્રો અને માલસામાનની કાર્યક્ષમતાની અસર એકસરખી જ રહે છે તેમાં કોઈ ફેરફારો થતા નથી.

(9) આખર સ્ટોક શૂન્ય છે. એટલે કે જેટલું ઉત્પાદન થાય છે તે બધું જ વેચાઈ જાય છે.

2.5 સીમાંત પડતર પધ્ધતિના ફાયદા :-

સીમાંત પડતર પધ્ધતિના ફાયદાઓ નીચે મુજબ મળે છે.

1. એકમદીઠ એકસરખી પડતર :

ઉત્પાદનનો જથ્થો વધે કે ઘટે તો પણ એકમદીઠ સીમાંત પડતર એક સરખી રહે છે. કારણકે સ્થિર ખર્ચનો સમાવેશ અહીં થતો નથી.

2. પરોક્ષ ખર્ચની વસૂલાતમાં વધઘટ નહિ :

પરોક્ષખર્ચમાં વધારો કે ઘટાડો થતાં તેની વધુ કે ઓછી વસૂલાતનો પ્રશ્ન ઉભો થાય છે. પરંતુ અહીં સ્થિર ખર્ચને લક્ષમાં લેવાતો ન હોવાથી આ પ્રશ્ન રહેતો નથી.

3. તેજીમાં વધુ સારા નિર્ણય :-

જયારે ધંધામાં તેજી હોય અને પહોંચી ન શકાય એટલા ઓર્ડર મળતા હોય ત્યારે જે ઓર્ડર સૌથી વધુ નફાકારક હોય તેજ સ્વીકારવો જોઈએ. આ સંજોગોમાં દરેક વસ્તુના ઉત્પાદનની સીમાંત પડતર નક્કી કરી તે વેચાણ કિંમત સાથે સરખાવવી જોઈએ. અને જેમાં વધુ ફાયદો મળી શકે તેનું ઉત્પાદન કરવું જોઈએ.

4. મંદીમાં વધુ સારા નિર્ણય :-

જયારે કુલ પડતરથી ઓછા ભાવે માલનું વેચાણ કરવું પડતું હોય ત્યારે સીમાંત પડતરથી થોડી વધુ કિંમત રાખવી જોઈએ.સીમાંત પડતર ઉપરાંત સ્થાયી ખર્ચ પ્રત્યે થોડો પણ ફાયદો પ્રાપ્ત થાય તો વેચાણ ચાલુ રાખવું જોઈએ.

5. છુટાભાગો ખરીદવા કે બનાવવાનો નિર્ણય :-

ઉત્પાદિત વસ્તુ અનેક છુટાભાગો ભેગા કરી બનાવાતી હોય ત્યારે તમામ ભાગમાંથી કયા ભાગ કારખાનામાં બનાવવા અને કયા ભાગ કારખાનામાં

યોગ્ય છે. તે અંગેનાં નિર્ણયો સીમાંત પડતર પધ્ધતિને આધારે લઈ શકાય છે.

6. પરદેશમાં ડમ્પિંગ અંગેનો નિર્ણય :-

વિદેશના બજારો મેળવવા કેટલીકવાર 'ડમ્પિંગ' કરવું પડે છે. ડમ્પિંગ કરતાં દેશના આંતરિક બજારોના વેચાણમાંથી 'પૂરેપૂરા ખર્ચા' વસૂલ થવા જોઈએ. જો વિદેશ બજારમાંથી માલ વેચાણમાંથી ફક્ત સીમાંત પડતરથી વધુ રકમ મળે તો પણ 'ડમ્પિંગ' કરવું જોઈએ.

7. નફા – જથ્થાના સંબંધ નો ખ્યાલ : -

ઉત્પાદન એકમોનો જથ્થો વધે કે ઘટે તો ધંધાના નફા પરથી અસર થશે તે ગણતરી કરી ઉત્પાદન જથ્થાનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. આ ઉપરાંત નહિ નફો નહિ નુકશાન એટલે કે સમતૂટ બિંદુની ગણતરીનો ખ્યાલ મેળવવા માટે આ પધ્ધતિ ઉપયોગી છે.

8. તફાવત પડતર માટે ઉપયોગી : -

સ્થિર પડતર અને ચલિત પડતર વચ્ચેનો તફાવત શોધી તેને નિયંત્રિત કરવા તેમજ પરિવર્તનશીલ અંદાજપત્ર પધ્ધતિ ને સફળ બનાવવા માટે પણ આ પધ્ધતિ ઉપયોગી છે.

9. **ખર્ચ પર અંકુશ : -**

કુલ પડતરમાં સ્થિર પડતર અને ચલિત પડતર એમ બે ભાગની ગણતરી અલગ કરવાથી દરેક પ્રકારની પડતર પર અંકુશ રાખવો સરળ બને છે.કેટલો ખર્ચ કરવો વગેરે જેવા નિર્ણય સંચાલકો લઈ શકે છે.

10. સેલ્સ મેનેજરને સરળતા :-

જો કુલ પડતરને આધારે વેચાણ કિંમત નક્કી કરવામાં આવે તો ઉત્પાદન એકમો બદલાતા કુલ પડતરને આધારે એકમદીઠ પડતર અલગ અલગ આવે છે. પરિણામે સેલ્સ મેનેજરને વેચાણ કિંમત નક્કી કરવી અઘરી બને છે. પરંતુ અહીં સીમાંત પડતર ને આધારે પડતર નક્કી કરવામાં આવતી હોવાથી એકમદીઠ સીમાંત પડતર સરખી હોવાથી વેચાણ કિંમત નક્કી કરવાનું સરળ બને છે.

સીમાંત પડતર પધ્ધતિની મર્યાદાઓ : -

1. **સમયના પરિબળની અવગણના : -**

   સીમાંત પડતરમાં સમયના પરિબળને મહત્વ આપવામાં આવતું નથી. બે જોબને પૂરાં કરતાં જુદો જુદો સમય લાગ્યો હોય તો પણ તેની સીમાંત પડતર એક જ આવશે.કારણ કે સમયમાંથી ઉદ્ભવતા સ્થાયી ખર્ચા તેમાં ગણવામાં આવતા નથી.

2. **લાંબા ગાળે સ્થિર ખર્ચની અવગણના નુકશાનકારક : -**

   ટૂંકાગાળા માટે સ્થિર ખર્ચને ધ્યાનમાં ન લેવામાં આવે તો નુકશાનકારક નથી. પરંતુ લાંબાગાળા સુધી સ્થાયી ખર્ચા ધ્યાનમાં લીધા વિના નિર્ણય કરવા એ યોગ્ય નથી. આમ સ્થિર ખર્ચની ઉપેક્ષા એ સીમાંત પડતર પધ્ધતિની ખામી છે.

3. **ખોટની શક્યતા :**

   સ્થિર ખર્ચ ધ્યાનમાં લીધા સિવાય વેચાણ કિંમત નક્કી કરવાથી ક્યારેક ધંધામાં મોટા પ્રમાણમાં નુકશાન થવાની શક્યતા રહે છે.

4. **ભાવ ઘટાડાની પ્રતિકૂળ અસર :-**

   ગ્રાહકો પ્રમાણે ભાવ – તફાવત હોય તો તેની ધંધાકીય એકમના નફા પર પ્રતિકૂળ અસર પડે છે.

5. **ખર્ચનું યોગ્ય વિભાગીયકરણ મુશ્કેલ :-**

   સ્થિર ખર્ચા અને ચલિત ખર્ચામાં કુલ ખર્ચાઓનું વિભાગીકરણ મુશ્કેલ હોય છે. કારણ કે સ્થિર ખર્ચા અમુક કક્ષા પછી ચલિત થતાં હોય છે.

6. **સ્થાયી ખર્ચ પડતરનો જ ભાગ :-**

   આ પધ્ધતિમાં ફક્ત ચલિત ખર્ચાને આધારે જ પડતર શોધી વિવિધ નિર્ણયો લેવામાં આવતાં હોય છે. પરંતુ ખરેખર તો સ્થિર ખર્ચા પણ પડતરનો ભાગ છે, જે અહી ધ્યાનમાં લેવામાં આવતાં નથી.

આમ છતાં સીમાંત પડતર પધ્ધતિ નીચેના નિર્ણયો લેવામાં ઉપયોગી થાય છે.

1. ચાવીરૂપ પરીબળ કે મર્યાદિત કરતાં પરિબળનું વિશ્લેષણ અને પેદાશ મિશ્રણની ઈષ્ટ સપાટી નક્કી કરવી.
2. બનાવવુ કે ખરીદવું અંગેનો નિર્ણય
3. કોઈ પેદાશનું ઉત્પાદન બંધ કરવું કે વિવિધીકરણ કરવું.

4. કોઈ ખાસ ઓફર સ્વીકારવી કે નકારવી

5. કામચલાઉ ઉત્પાદન બંધ કરવું કે કાયમ માટે બંધ કરવું.

2.7 નફા – જથ્થાનો ગુણોત્તર (Profit –Volume Ratio)

ફાળા અને વેચાણના ગુણોત્તર ને નફા – જથ્થાનો ગુણોત્તર કે P/V Ratio કહેવામાં આવે છે.આ ગુણોત્તર આપેલ વેચાણમાં ફેરફાર થવાથી તેની કુલ નફા પર શી અસર થશે તે દર્શાવે છે. ટૂંકા ગાળામાં સ્થાયી ખર્ચામા કોઈ ફેરફાર થતો નથી. તેથી વેચાણમાં જથ્થામાં ફેરફાર થવાથી નફાના દરમાં થતો ફેરફાર નફા – જથ્થાના ગુણોત્તર દ્વારા જાણી શકાય.

નફા – જથ્થાનો ગુણોત્તર નીચેના સુત્ર દ્વારા શોધી શકાય છે.

નફા – જથ્થાનો ગુણોત્તર = $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}}$ x 100

ધારો કે એક કંપનીનું વેચાણ ₹2,50,000 હોય તેનો ચલિત ખર્ચ ₹1,50,000 હોય તો P/V Ratio નીચે પ્રમાણે શોધી શકાય.

ફાળો = વેચાણ – ચલિત ખર્ચ

= ₹ 2,50,000 - 1,50,000

= ₹ 1,00,000

∴ પી.વી. ગુણોત્તર = $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}}$x 100

= $\frac{1,00,000}{2,50,000}$x 100

= 40 %

ઉપરનાં સુત્ર પર થી બીજા બે સુત્રો મેળવી શકાય.

(1) વેચાણ = $\frac{\text{ફાળો}}{\text{નફા / જથ્થાનોગુણોત્તર}}$x 100

(2) ફાળો = વેચાણ x નફા – જથ્થાનો ગુણોત્તર.

નફા – જથ્થાનો ગુણોત્તરનો ઉપયોગ કરીને સમતૂટબિંદુ શોધવું હોય તો નીચેના સૂત્રનો ઉપયોગ કરી શકાય.

સમતૂટ બિંદુ = $\frac{\text{સ્થિરખર્ચા}}{\text{પી.વી.ગુણોત્તર}}$

ઉપરના સૂત્રમાં કુલ વેચાણ અને કુલ ફાળો ધ્યાનમાં લીધો છે. પરંતુ એકમદીઠ ફાળો અને એકમદીઠ વેચાણકિંમત ધ્યાનમાં લઈને પણ આ ગુણોત્તર શોધી શકાય. ધારો કે એકમ દીઠ વેચાણ કિંમત ₹ 20 હોય અને ફાળો ₹ 12 હોય તો

પી.વી.ગુણોત્તર = $\frac{12}{20}$ x 100 = 60 %

પી.વી.ગુણોત્તર ની મદદથી 'સમતૂટ બિંદુ' એ પહોચવા માટે કેટલું વેચાણ કરવું ? સલામતીનો ગાળો કેટલો ? અલગ અલગ નફાના પ્રમાણ માટે વેચાણ કેટલું કરવું ? વગેરે જાણી શકાય છે.

જો એકમદીઠ ફાળો આપેલ ન હોય તો પણ નફા – જથ્થાનાં ગુણોત્તરની મદદથી 'સમતૂટ બિંદુ' શોધી શકાય.

2.8 સલામતીનો ગાળો : (Margin of Safety)

ખરેખર થયેલ વેચાણ અને સમતૂટ બિંદુએ વેચાણ એ બે વચ્ચેના તફાવતને સલામતીનો ગાળો કહેવામાં આવે છે.

સલામતીનો ગાળો = ખરેખર વેચાણ - સમતૂટ બિંદુએ વેચાણ

Margin of Safety = Actual Sales – Break Even Point.

M S = A S – BEP.

ધારો કે એક કંપનીનું વેચાણ ₹ 2,50,000 હોય અને સમતૂટ બિંદુએ વેચાણ ₹ 1,50,000 નું હોય તો સલામતીનો ગાળો ₹ 1,00,000 ગણાય.

જો સલામતીનો ગાળો ટકાવારીમાં રજૂ કરવો હોય તો સલામતીના ગાળાની રકમને ખરેખર વેચાણ વડે ભાગવાથી આ ટકાવારી મળશે.

$$\text{સલામતીનો ગાળો} = \frac{\text{ખરેખર વેચાણ} - \text{સમતૂટ વેચાણ}}{\text{ખરેખર વેચાણ}} \times 100$$

$$= \frac{2,50,000 - 1,50,000}{2,50,000} \times 100$$

$$= \frac{1,00,000}{2,50,000} \times 100$$

$$= 40\ \%$$

સલામતીનો ગાળો સંચાલકો માટે ખુબ જ જરૂરી છે. કારણ કે તે ધંધાકીય એકમની સલામતી દર્શાવેલી છે. ખરેખર વેચાણ અને સલામતી આ બંને વચ્ચેની સપાટી જેટલું વેચાણ ઘટે તો પણ નુકશાન થતું નથી, તે જાણી શકાય છે. ધારો કે ખરેખર વેચાણ ₹ 5,00,000 અને સમતૂટ બિંદુએ વેચાણ ₹3,00,000 હોય તો સલામતીનો ગાળો ₹2,00,000 ગણાશે. હવે જો વેચાણમાં ઘટાડો થઈ ₹4,00,000 થાય તો પણ સલામતી નો ગાળો ₹1,00,000 રહેવાથી ધંધામાં નફો થશે.

આમ સલામતીનો ગાળો અને નફા – જથ્થાનો ગુણોત્તર બંનેનો ઉપયોગ કરીને વેચાણ પર આવક કેટલા ટકા છે તે નક્કી કરી શકીએ. જે માટે નીચેના સૂત્રનો ઉપયોગ થાય છે.

$$\text{નફા – જથ્થાનો ગુણોત્તર} = \frac{\text{નફો}}{\text{સલામતીનોગાળો}}$$

ધારો કે નફા – જથ્થાનો ગુણોત્તર 50 % હોય અને સલામતીનો ગાળો 30 % હોય તો

$$50\ \% = \frac{\text{નફો (વેચાણનાટકા)}}{30\ \%}$$

∴ 50 % ના 30 % = 15 % વેચાણ પર નફાના ટકા દર્શાવે છે.

જો વેચાણ ₹3,00,000 હોય તો તેના 15 % નફો = ₹45000 નફો ગણાશે.

સલામતીના ગાળા ઉપરથી ધંધાની નફાકારકતાનો સાચો ખ્યાલ આવી શકે નહિ. તેની સાથે ચલિત ખર્ચનો પણ વિચાર કરવો પડે.

2.10 ચાવીરૂપ પરિબળો : (Key Factor)

ઉત્પાદન સાધનોની અછત હોય ત્યારે દરેક ધંધાકીય એકમ મર્યાદિત સાધનોના મહત્તમ ઉપયોગ દ્વારા વધુ નફો મેળવવા પ્રયત્ન કરે છે. આવા અછત ધરાવતાં પરિબળોને 'ચાવીરૂપ પરિબળો' અથવા 'મર્યાદિત કરતું બજેટ પરિબળ' (Limited budget factor) કહેવામાં આવે છે. ધારો કે વેચાણ માટેના ઓર્ડર પ્રમાણે ઉત્પાદન કરવું હોય ત્યારે કારખાનામાં જરૂરી કામદારો અને સગવડો હોય પરંતુ જરૂરી કાચો માલ પૂરતાં જથ્થામાં મળી શકતો ન હોય તો 'કાચો માલ' ચાવીરૂપ પરિબળ બને છે.અથવા કાચો માલ જરૂરી જથ્થામાં મળતો હોય પરંતુ કાર્યક્ષમ જરૂરી કામદારો મળી ન શકે ત્યારે 'મજૂરી' એ મર્યાદિત કરતું પરિબળ ગણાશે.

આ સંજોગોમાં ઉત્પાદન મિશ્ર અંગેનો નિર્ણય કરવામાં ચાવીરૂપ પરિબળ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે.કારણ કે દરેક ઉત્પાદકનું ધ્યેય મહત્તમ નફો મેળવવાનું હોય છે. આમ પ્રાપ્ત સાધનોમાંથી વધુમાં વધુ સંભવિત નફો થઈ શકે તે રીતે ઉત્પાદન મર્યાદા નક્કી કરવી પડે છે. આવા પરિબળો નીચે પ્રમાણેના છે.

(1) કાચા માલની અછત

(2) કુશળતા ધરાવતાં કામદારોની અછત

(3) યંત્રની ઉત્પાદનશક્તિની મર્યાદા

(4) જરૂરી કાર્યશીલ મૂડીની અછત

ચાવીરૂપ પરિબળો ને કારણે વેચી શકાય તેના કરતાં ઓછા જથ્થામાં ઉત્પાદન મર્યાદિત કરવું પડે ત્યારે સંચાલકો નિર્ણય કરે છે. જેમ કે કઈ વસ્તુનું કેટલા પ્રમાણમાં ઉત્પાદન કરવું કે

જેથી નફાકારકતામહત્તમ થાય. આ સંજોગોમાં ઉત્પાદિત જથ્થાના દરેક એકમદીઠ કેટલો ફાળો મળે છે, તે નક્કી કરવું પડે અને જે વસ્તુમાં સૌથી વધુ ફાળો મળે તે માટે કુલ ફાળાને ચાવીરૂપ પરિબળના એકમોથી ભાગવામાં આવે છે.

$$\frac{\text{કુલફાળો}}{\text{ચાવીરૂપપરિબળનાએકમો}}$$

કેટલાક મહત્વના સૂત્રો : -

1. ફાળો = વેચાણ કિંમત – ચલિત ખર્ચ

   Contribution = Sales – Variable Cost
2. નફો = કુલ ફાળો – સ્થિર ખર્ચ
3. કુલ ફાળો = સ્થિર ખર્ચ + નફો
4. સ્થિર ખર્ચ = કુલ ફાળો – નફો
5. ચલિત ખર્ચા = વેચાણ કિંમત – ફાળો
6. એકમદીઠ વેચાણ કિંમત = એકમદીઠચલિત પડતર + એકમદીઠસ્થિર પડતર + એકમદીઠ નફો
7. વેચાણ મુલ્ય = ચલિત પડતર + સ્થિર પડતર + નફો

2.11 ઉદાહરણો : -

---

1. એક કંપની વસ્તુનું વેચાણ કરવા માંગે છે. જે અંગે એણે ₹ 5000 સ્થિર ભાડું ચૂકવવું પડશે. આ વસ્તુ એકમદીઠ ₹30 લેખે વેચી શકે છે. જ્યારે તે બજારમાંથી ₹10 ની કિંમતે ખરીદી શકે છે. નહિ નફો નહિ નુકશાનની સ્થિતિએ પહોચવા કેટલા એકમોનું વેચાણ કરવું પડશે.

Ans : - સમતૂટ બિંદુ = નહિ નફો નહિ નુકશાન ની સ્થિતિ.

સમતૂટ બિંદુએ વેચાણ = ચલિત પડતર + સ્થિર પડતર

ધારોકે કંપની x એકમનું વેચાણ કરે છે.

ચલિત પડતર = ₹10 x, સ્થિર પડતર =₹5000

સમતૂટ બિંદુએ વેચાણ = ₹30x

$30\ x = 10\ x + 5000$

$30\ x = 10\ x + 5000$

$20\ x = 5000$

$x = 5000/20 = 250$ એકમો સમતૂટ બિંદુ

OR સૂત્ર પધ્ધતિથી ગણતરી : -

ફાળો = વેચાણ કિંમત – ચલિત પડતર

ફાળો = ₹30 - ₹10

ફાળો = ₹20

સમતૂટ બિંદુએ વેચાણ = $\frac{\text{કુલસ્થિરખર્ચ}}{\text{એકમદીઠફાળો}}$

$= \frac{5000}{20}$ = 250 એકમો

2. એક કંપનીનું વેચાણ ₹ 1,40,000 છે. ચલિત ખર્ચ ₹ 1,12,000 છે. સ્થિર ખર્ચ ₹84,000 છે તો સમતૂટ બિંદુ શોધો.

(1) સમતૂટ બિંદુ $= \frac{\text{સ્થિર ખર્ચ}}{\text{નફા જથ્થાનો ગુણોત્તર}}$

અહીં $= \frac{84000}{20\ \%}$

(2) નફાજથ્થા ગુણોત્તર = $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}}$ x 100

$= \frac{28000}{1,40,000} \times 100 = 20\ \%$

= ₹ 4,20,000

(3) ફાળો = વેચાણ – ચલિત ખર્ચા

= 1,40,000 - 1,12,000

= 28,000

અહીં એકમદીઠ કિંમત આપેલ ન હોવાથી એકમોમાં સમતૂટ બિંદુ શોધી શકાશે નહિ.

જયારે દાખલામાં અપેક્ષિત નફો મેળવવા કેટલું વેચાણ જરૂરી છે તે શોધવાનું કહ્યું હોય ત્યારે નીચેના સૂત્રોનો ઉપયોગ કરવાનો હોય.

જરૂરી વેચાણ = $\frac{\text{કુલ સ્થિર ખર્ચ + નફો (–ખોટ)}}{\text{એકમ દીઠ ફાળો}}$

જયારે એકમદીઠ ફાળો નક્કી થઈ શકે તેમ ન હોય ત્યારે અમુક નફો કમાવવા જરૂરી વેચાણ

$$= \frac{\text{સ્થિરખર્ચા + નફો}}{\text{પી.વી.ગુણોત્તર}}$$

3. નીચેની માહિતી પરથી (1) સમતૂટ બિંદુએ વેચાણ રૂપિયામાં શોધો. (2) વાર્ષિક ₹ 1,20,000 નફો મેળવવો હોય તો કેટલા એકમોનું વેચાણ કરવું જોઈએ ? (3) જો વેચાણ કિંમતમાં 10 % નો ઘટાડો કરવામાં આવે તો નવું સમતૂટ બિંદુ શોધો.

વેચાણ કિંમત એકમદીઠ	₹40
માલસામાન અને મજૂરી ખર્ચ એકમદીઠ	₹22
ચલિત ઉત્પાદન ખર્ચ એકમદીઠ	₹6
કારખાનાના સ્થિર પરોક્ષ ખર્ચ – વાર્ષિક	₹ 10,80,000
વેચાણના સ્થિર પરોક્ષ ખર્ચ – વાર્ષિક	₹ 5,40,000

Ans : - (1) એકમદીઠ ચલિત પડતર/ સીમાંત પડતર =

માલસામન, મજૂરી ખર્ચ	₹22
+ચલિત ઉત્પાદન ખર્ચ	$\frac{₹6}{₹28}$
ચલિત પડતર	

(2) એકમદીઠ ફાળો = એકમદીઠ વેચાણ કિંમત – એકમદીઠ ચલિત પડતર

₹40 - ₹28 = ₹ 12

કુલ સ્થિર ખર્ચ = 10,80,000 + 5,40,000 = 16,20,000

સમતૂટ બિંદુ (એકમોમાં) = $\frac{\text{કુલસ્થિરખર્ચ}}{\text{એકમદીઠફાળો}}$

$= \frac{16,20,000}{12}$ = 135,00 એકમો

રૂપિયામાં સમતૂટ બિંદુ = 135,000 એકમો x 40

= ₹ 5400000

(3) ₹ 1,20,000 નફો મેળવવા વેચાણ શોધવા

જરૂરી વેચાણ = $\frac{\text{કુલફાળો}}{\text{એકમદીઠફાળો}}$

કુલ ફાળો = સ્થિર ખર્ચ + નફો = 16,20000+ 1,20,000

= ₹17,40000

વેચાણના એકમો = $\frac{17,40000}{12}$ = 145000 એકમો

(4) વેચાણ કિંમતમાં 10 % ઘટાડો કરવામાં આવે તો નવું સમતૂટ બિંદુ =

વેચાણ કિંમત = ₹40

- 10 % ઘટાડો $\frac{₹\ 4}{₹36}$

ફાળો = વેચાણ કિંમત – ચલિત ખર્ચા

= ₹36 − ₹28

= ₹ 8.

નવું સમતૂટ બિંદુ = $\frac{\text{કુલ ફાળો}}{\text{એકમ દીઠ ફાળો}} = \frac{16,20000}{8}$

= 20,2500

4. એક કંપનીનું વેચાણ ₹60,000 ચલિત ખર્ચ ₹36,000 અને સ્થિર ખર્ચ ₹12,000 હોય તો ₹18,000 નફો મેળવવા કેટલું વેચાણ જરૂરી છે.

Ans : - (1) એકમદીઠ નફા માટે જરૂરી વેચાણ $=\frac{\text{સ્થિર ખર્ચા + અપેક્ષિત નફો}}{\text{નફા જથ્થાનો ગુણોત્તર}}$

= $\frac{30,000}{40\ \%}$ (12000 + 18000)

= ₹ 75000

(2) નફાજથ્થાનો ગુણોત્તર = $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}}$ x 100

= $\frac{24000}{60,000}$ x 100

= 40%

5. x વસ્તુની ઉત્પાદન પડતર નીચે પ્રમાણે છે.

માલસામાન ₹30, ચલિત પરોક્ષ ખર્ચ મજૂરી પર 100%

મજૂરી : ₹60, સ્થાયી ખર્ચા વાર્ષિક ₹ 300000

જો દરેક x એકમની વેચાણ કિંમત ₹200 હોય તો કંપની એ x ના કેટલા એકમનું ઉત્પાદન કરવું જેથી નહિ નફો નહિ નુકશાન થાય.

Ans : - સૌપ્રથમ એકમદીઠ ફાળો શોધશે.

(1)માલસામાન : ₹30

મજૂરી : $\frac{₹60}{₹90}$

ચલિત પરોક્ષ ખર્ચ

મજૂરી પર 100% $\frac{60}{150}$

એકમદીઠ સીમાંત પડતર = 150

(2) એકમદીઠ ફાળો : એકમદીઠ વે.કિ – સીમાંત પડતર

= ₹200 - ₹150

= ₹50

સમતૂટ બિંદુ = $\frac{\text{કુલસ્થિરખર્ચ}}{\text{એકમદીઠફાળો}}$ = $\frac{3,00,000}{50}$

= 60,000 xના એકમો

ઉદાહરણ : 6

A કંપનીએ પોતાનું તમામ ઉત્પાદન એકમદીઠ ₹23 લેખે રૂ. 23,00,000 માં વેચ્યું તેનો કુલ સ્થિર ખર્ચ ₹ 4,00,000 હતાં જયારે એકમદીઠ ચલિતખર્ચ ₹ 15 હતા. સંચાલકો વેચાણ કિંમત ઘટાડીને એકમદીઠ ₹20 કરવા માટે છે. છતાં પહેલા મળતો હતો તે જ નફો ટકાવી રાખવા માંગે છે.

આ નિર્ણયમાં અમલ કરવા કેટલા વધુ એકમોનું ઉત્પાદન કરી વેચવા જોઈએ.

Ans : - જયારે વેચાણ કિંમત ₹ 23 હતી ત્યારે

વેચાણ એકમો = $\frac{\text{કુલ વેચાણ}}{\text{એકમદીઠફાળો}}$=$\frac{23,00,000}{23}$ = 1,00,000 એકમો.

કુલ પડતર = ચલિત ખર્ચા + સ્થાયી ખર્ચા

= (1,00,000 એકમો x 15 એકમદીઠ) + ₹4,00,000

= 15,00,000 + 4,00,000

= ₹19,00,000

નફો = વેચાણ – કુલ પડતર

= 23,00,000 – 19,00,000

= ₹4,00,000

કુલ ફાળો = સ્થાયી ખર્ચા + નફો

= ₹ 4,00,000 +₹ 4,00,000 = ₹ 8,00,000

(2) જો વેચાણ કિંમત ₹ 20 કરવામાં આવે તો સ્થિર ખર્ચમાં કોઈ ફેર નહિ પડે. કુલ ફાળો ₹ 8,00,000 જ રહેશે.

એકમદીઠ ફાળો = ₹ 20 - ₹ 15 = ₹ 5

કુલ વેચાણ $= \frac{\text{₹ } 8,00,000}{\text{એકમદીઠ ફાળો ₹ } 5}$ (ફાળો) = 1,60,000એકમો

જ્યારે હાલનું વેચાણ 1,00,000 છે. તેથી (1,60,000 - 1,00,000) = 60,000 એકમોનુંવધારે વેચાણ જરૂરી છે.

ઉદાહરણ : 7

એક કારખાનામાં ઉત્પાદિત વસ્તુની માહિતી નીચે મુજબ છે.

એકમદીઠ વેચાણ કિંમત	₹ 25
એકમદીઠ ચલિત ખર્ચ	₹ 15
કુલ સ્થિર ખર્ચા	₹ 40,000

(!) સમતૂટ બિંદુ શોધો.

(!!) જો સમતૂટ બિંદુ 2,500 એકમો સુધી ઘટાડવામાં આવે તો એકમદીઠ વેચાણકિંમત શોધો.

Ans : - એકમદીઠ ફાળો = એકમદીઠ વે.કિ – એકમદીઠ ચલિતખર્ચા

= ₹ 25 - ₹ 15

=₹ 10

(1) સમતૂટ બિંદુ = $\frac{\text{કુલસ્થિરખર્ચ}}{\text{એકમદીઠફાળો}} = \frac{40,000}{10}$ = 4000 એકમો

÷

(2) સમતૂટ બિંદુ 2,500 એકમ હોય તો

એકમદીઠ સ્થિર ખર્ચ = ₹ 40,000÷No 43 2,500 = ₹ 16 હશે.

એકમદીઠ વેચાણ કિંમત = એકમદીઠ ચલિત ખર્ચ ₹ 15

+ એકમદીઠ સ્થિર ખર્ચ $\frac{\text{₹ } 16}{\text{₹ } 31}$

8. PQR લિમિટેડની ઉત્પાદન શક્તિ દર મહીને 2,00,000 એકમોનું ઉત્પાદન કરવાની છે. આ વસ્તુની એકમદીઠ ચલિત પડતર ₹ 0.30 છે. જ્યારે કુલ સ્થિર ખર્ચ રૂ.80,000 છે. કંપની 80% ઉત્પાદન સપાટીએ કામ કરે છે. અને વેચાણકિંમત એકમદીઠ ₹ 1.50 રાખી છે. જો કંપનીએ બાકીની 20% ઉત્પાદન શક્તિ માટે એકમદીઠ ₹ 1 લેખે ખરીદીની દરખાસ્ત વિદેશથી મળે છે. તો આ દરખાસ્ત કંપનીએ સ્વીકારવી જોઈએ કે નહિ ?

Ans : - હાલનું ઉત્પાદન =2,00,000 x 80 %

= 1,60,000 એકમનું છે.

વેચાણ = 1,60,000 એકમો x 1.50 એકમદીઠ વે.કિ.

= 2,40,000

ચલિત ખર્ચ = 1,60,000 એકમો x 0.30 એકમદીઠ ચલિત ખર્ચ

= 48000

કુલ ફાળો = વેચાણ - ચલિત ખર્ચ

= ₹ 2,40,000 - 48000

= 1,92,000

સ્થિર ખર્ચ :₹ 80,000 છે જયારે ફાળો ₹1,92,000 છે. તેથી નફો 1,12,000 થાય છે. જ્યાં સ્થિર ખર્ચ પૂરેપૂરા વસૂલ થઈ જાય છે.

હવે જો બાકીના 20% x 2,00,000 ઉત્પાદન શક્તિ = 40,000 એકમનો ઓર્ડર લેવામાં આવે તો વધારાનો ચલિત ખર્ચ = 40,000 એકમો x 0.30

= ₹ 12,000

જયારે એકમદીઠ વેચાણ ₹ 1. પ્રમાણે

વેચાણ = 40,000 એકમો x 1.વે.કિ.

= ₹40,000

ફાળો = વેચાણ – ચલિત ખર્ચ

= 40,000 - 12,000

= 28000

એકમદીઠ ફાળો = $\frac{28000}{40,000}$ = ₹0,70

જો આ દરખાસ્ત સ્વીકારવામાં આવે તો નફામાં ₹28000 નો વધારો થશે.

9. એક કંપની A વસ્તુના 4000 એકમો બનાવીને એકમદીઠ ₹ 10 લેખે વેચી શકે છે. એકમદીઠ સીમાંત પડતર ₹6,50 છે. અને સ્થિર પરોક્ષખર્ચા 2,500 છે. આ પેઢી વિદેશી બજારમાં 4000 એકમો એકમદીઠ ₹7.50 લેખે વેચી શકે તેમ છે. નિકાસ માટે વધારાનો એકમદીઠ ખર્ચ ₹0.50 થશે. પરોક્ષ ખર્ચામાં કોઈ ફેરફાર થાય તેમ નથી.

કંપનીએ વિદેશમાં માલ વેચવો કે નહિ તે અંગે તમારૂ મંતવ્ય જણાવો.

Ans : - સીમાંત પડતર અંગેનું પત્રક નીચે પ્રમાણે બનાવી શકાય.

વિગત	આંતરિક બજાર	વિદેશ બજાર	કુલ બજાર
	(4000એકમો)	(4000 એકમો)	(8000 એકમો)
વેચાણ	40,000	30,000	70,000
- સીમાંત પડતર	26,000	28,000	54,000
ફાળો	14,000	2000	16000
- સ્થિર ખર્ચા	2500	-	2500
નફો	11500	2000	13500

વિદેશ વેપારને કારણે નફો ₹11,500 થી વધી ને ₹13,500 થશે. તેથી વિદેશની દરખાસ્ત સ્વીકારવી જોઈએ.

10. જો નફા – જથ્થાનો ગુણોત્તર 50% અને સલામતીનો ગાળો 40% છે. સમતૂટ બિંદુ શોધો. અને ₹ 25,00,000 ના વેચાણે ચોખ્ખા નફાની ગણતરી કરો.

Ans : - (1) વેચાણ ₹25,00,000

- સલામતીનો ગાળો (40%) $\frac{10,00,000}{15,00,000}$

સમતૂટબિંદુ :

(2) સમતૂટબિંદુ $=\frac{\text{સ્થિરખર્ચ}}{P/V\text{Ratio}}$

= સ્થિર ખર્ચ = સમતૂટબિંદુ x P/V Ratio

= 15,00,000 x 50%

= ₹7,50,000

(3) કુલ ફાળો = વેચાણ x પી.વી. ગુણોત્તર

= ₹25,00,,000 x 50%

= ₹12,50,,000

નફો = ફાળો – સ્થિર ખર્ચ

= 12,50,,000 - 7,50,000

= ₹5,00,000

11. એક કંપની એક જ પ્રકારની Y વસ્તુનું ઉત્પાદન કરે છે તેની એકમદીઠ વેચાણ કિંમત ₹50 અને ચલિત ખર્ચ ₹30 છે સ્થાયી ખર્ચા ₹20,000 છે. આ માહિતી પરથી નીચેની વિગતો શોધો

સંચાલકીય હિસાબી પદ્ધતિ

(1) નફા – જથ્થાનો ગુણોત્તર (P/V Ratio)

(2) 'સમતૂટબિંદુ' એ વેચાણ

(3) કુલ વેચાણ રૂ. 75000 હોય તો સલામતીનો ગાળો

(4) ₹25,000 ના નફા માટે જરૂરી વેચાણ

(5) ₹75,000 ના વેચાણે નફો શોધો.

Ans : - ફાળો = વેચાણ કિંમત – ચલિત ખર્ચા

= 50 – 30 = ₹20

(1) પી.વી.ગુણોત્તર = $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}}$x 100 $\frac{20}{50}$x 100 = 40% ÷

(2) સમતૂટબિંદુએ વેચાણ (BEP) = $\frac{\text{સ્થિરખર્ચા}}{\text{પી.વી.ગુણોત્તર}} = \frac{20,000}{40\ \%}$

= ₹50,000 અથવા 1000 એકમો (50000 ÷₹50એકમદીઠ વેચાણ કિંમત)

(3) સલામતીનો ગાળો =ખરેખર વેચાણ –સમતૂટબિંદુ એ વેચાણ

= ₹75,000 – 50,000

=₹25,000

(4) ₹25,000 ના નફા માટે જરૂરી વેચાણ :

₹25,000 ના નફા માટે કુલ ફાળો = સ્થાયી ખર્ચા + નફો

= 20,000 + 25,000

= 45000

₹25,000 ના નફાએ વેચાણ = $\frac{\text{ફાળો}}{P/V\text{Ratio}} = \frac{45000}{40\ \%}$

=1,12,500 (અથવા 2250 એકમો)

(5) ₹75,000 ના વેચાણે નફો :-

₹75,000 ના વેચાણે ફાળો = વેચાણ x પી.વી.ગુણોત્તર

= ₹75,000 x 40%

= 30,000

નફો = ફાળો – સ્થિર ખર્ચા

=30,000 – 20,000 = ₹ 10,000

(12) નીચેની માહિતી પરથી ચોખ્ખો નફો, સમતૂટબિંદુએ વેચાણ તેમજ ₹ 1,80,000 ચોખ્ખો નફો કમાવવા જરૂરી વેચાણ શોધો.

વેચાણ ₹6,00,000 ફાળો 30% સ્થિર ખર્ચા ₹1,20,000

Ans : - (1) ફાળો = વેચાણ x નફા- જથ્થાનો ગુણોત્તર :

= ₹6,00,000 x 30%

= ₹1,80,000

નફો = ફાળો – સ્થિરખર્ચા

= 1,80,000 - 1,20,000 = ₹60,000

(2) સમતૂટબિંદુએ વેચાણ = $\frac{\text{સ્થિરખર્ચા}}{\text{નફાજથ્થાનોગુણોત્તર}}$

= $\frac{120000}{30}$ x 100

= ₹4,00,000

(3) ₹ $1,80,000$ ચોખ્ખો નફો કમાવવા. જરૂરી વેચાણ

$= \frac{\text{સ્થિરખર્ચ+અપેક્ષિતનફો}}{\text{નફાજથ્થાનોગુણોત્તર}}$

(13) એક પેઢીનું વેચાણ ₹1,00,000, ચલિતખર્ચા ₹50,000 અને સ્થિરખર્ચ ₹25,000 છે. જો વે.કિ.માં 10% ઘટાડો કરવામાં આવે તો સમતૂટબિંદુએ જરૂરી વેચાણ શોધો.

Ans : - વેચાણ કિંમત = 1,00,000

10% ઘટાડો - $\frac{10,000}{₹90,000}$

ફાળો = વેચાણ – ચલિતખર્ચા

= 90,000 - 50,000

= ₹40,000

નફા જથ્થાનો ગુણોત્તર = $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}} = \frac{40,000}{₹90,000} = 4/9$

સમતૂટબિંદુએ વેચાણ = $\frac{\text{સ્થિરખર્ચા}}{\text{પી.વી.ગુણોત્તર}}$

= $\frac{25000}{4/9}$ = $\frac{(25000}{4}$ x9)

= ₹56,250

(14) નીચેની વિગતોને આધારે નફા-જથ્થાનો ગુણોત્તર,સમતૂટબિંદુ અને સલામતીનો ગાળો શોધો.તેમજ (1) જો વેચાણ એકમોમાં 20%નો વધારો કરવામાં આવે (2) ચલિતખર્ચમાં 5% નો વધારો કરવામાં આવે. (3) સ્થાયી ખર્ચમાં 10%નો વધારો કરવામાં આવે.(4) વેચાણ કિંમતમાં 10%નો વધારો અને વેચાણ એકમોમાં 20% નો ઘટાડો કરવામાં આવે ત્યારે પી.વી. ગુણોત્તર,સમતૂટબિંદુ અને સલામતીના ગાળા પર કેવી અસર પડે તેની ગણતરી કરો.

રૂ.

વેચાણ (2,00,000 એકમો)	2,00,000
ચલિત ખર્ચ	80,000
સ્થાયી ખર્ચા	1,00,000

Ans : -(1) પી.વી.ગુણોત્તર $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}}$ x 100

$= \frac{1,20,000}{2,00,000}$ x 100

ફાળો = (વેચાણ – ચલિતખર્ચ)

= (2,00,000 - 80,000)

=60%

= 1,20,000

(2) સમતૂટબિંદુ = $\frac{\text{સ્થિરખર્ચા}}{\text{પી.વી.ગુણોત્તર}} = \frac{1,00,000}{60\ \%}$ = ₹1,66,666

(3) સલામતીનો ગાળો = વેચાણ - સમતૂટબિંદુ એ વેચાણ

= ₹ 2,00,000 - 1,66,666

= ₹ 33,334

(2)વેચાણ એકમોમાં 20% નો વધારો થાય તો :

કુલ વેચાણ ₹ 2,00,000

\+ 20% વધારો $\frac{40,000}{2,40,000}$

ચલિત ખર્ચ - 80,000

\+ 20% વધારો 1600 $\frac{96,000}{\text{ફાળો: } 1,44,000}$

(1) પી.વી.ગુણોત્તર = $\frac{\text{₹ } 1,44,000,}{2,40,000}$ x 100

60 %

(2) સમતૂટબિંદુ = $\frac{\text{સ્થિરખર્ચા}}{\text{પી.વી.ગુણોત્તર}} = \frac{(100000)}{60\ \%}$

= ₹ 1,66,666

(3) સલામતીનો ગાળો = ખરેખર વેચાણ - સમતૂટબિંદુએ વેચાણ

= ₹ 2,40,000 - 1,66,666

= ₹ 73334

(3) ચલિત ખર્ચમાં 5% વધારો થાય તો

ચલિત ખર્ચ -80,000 + 5% વધારો 4000 = 84,000

ફાળો = ₹ 2,00,000 - 84,000 = 1,16,000

(1) પી.વી.ગુણોત્તર $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}}$ x 100

$= \frac{11,16,000}{2,00,000}$ x 100 = 58%

(2) સમતૂટબિંદુ = $\frac{\text{સ્થિરખર્ચા}}{\text{પી.વી.ગુણોત્તર}} = \frac{1,00,000}{58}$ =₹ 1,72,414

(3) સલામતી ગાળો = ખરેખર વેચાણ - સમતૂટબિંદુએ વેચાણ

₹ 2,00,000 - 1,72,414 = ₹ 27,586

ટકાવારી = $\frac{\text{સલામતીનોગાળો}}{\text{વેચાણ}}$ x 100

= $\frac{27,586}{2,00,000}$ x 100 = 13.79%

(4) સ્થાયી ખર્ચમાં 10%નો વધારો

સ્થાયી ખર્ચ = ₹1,00,000 + 10,000 વધરો = 1,10,000

વેચાણ અને ચલિત ખર્ચમાં કોઈ ફેર ન હોવાથી ફાળો એ જ રહેશે.

(1) પી.વી.ગુણોત્તર = $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}} = \frac{1,20,000}{2,00,000}$ = 60%

(2) સમતૂટબિંદુ = $\frac{\text{સ્થિરખર્ચ}}{\text{પી.વી.ગુણોત્તર}} = \frac{1,10,000}{60\ \%}$ = ₹ 1,83,334

(3) સલામતીનો ગાળો = ખરેખર વેચાણ - સમતૂટબિંદુએ વેચાણ

= 2,00,000 - 1,83,334

= 16,666 અથવા 8.33%

(5) વેચાણકિંમતમાં 10% નો વધારો અનેવેચાણ એકમોમાં 20% નો ઘટાડો :

વેચાણ એકમો = 2,00,000 - 20% નો ઘટાડો = 1,60,000 એકમો

વેચાણ કિંમત = 1,60,000 એકમોના ₹ 1,60,000

= 10% વધારો = $\frac{16,000}{₹ 1,76,000}$

ચલિત ખર્ચ 2,00,000 એકમોના વેચાણ ₹ 80,000 છે. તો 1,60,000 એકમો

ના વેચાણે = 1,60,000 x $\frac{80,000}{2,00,000}$ = ₹ 64,000

ફાળો = ₹ 1,76,000 - 64,000 = ₹ 1,12,000

(1) પી.વી.ગુણોત્તર = $\frac{1,12,000NO73}{1,76,000}$x 100 = 63.64%

(2) સમતૂટબિંદુ = $\frac{\text{સ્થિરખર્ચ}}{\text{પી.વી.ગુણોત્તર}}$

$=\frac{1,00,000}{63.64\ \%}$ = ₹ 1,57,134

(3) સલામતીનો ગાળો = ખરેખર વેચાણ - સમતૂટબિંદુએ વેચાણ

= 1,76,000 -1,57,134

= ₹ 18,866

(15) એક કારખાનામાં A અને B એવી બે વસ્તુનું ઉત્પાદન થાય છે. અને તેમાં ચાવીરૂપ પરિબળ કાચોમાલ છે. કારખાનાની ઉત્પાદન શક્તિ મુજબ A ના 1000 એકમો અને B ના 500એકમોનું ઉત્પાદન થઈ શકે છે. A ના એકમમાં 10 કિલો કાચોમાલ વપરાય છે. અને B ના ઉત્પાદનમાં 8 કિલો કાચોમાલ વપરાય છે. કુલ11000 કિલો કાચોમાલ મળી શકે છે. A ની વેચાણ કિંમત એકમદીઠ ₹ 80 છે. અને B ની વેચાણ કિંમત 60 છે. બંનેના ચલિત ખર્ચ અનુક્રમે ₹ 55 અને ₹ 30 છે.

આ બંને વસ્તુનું કેટલું ઉત્પાદન કરીએ તો મહત્તમ નફો થાય.

Ans : - અહીં A અને B નો ફાળો શોધીશું.

જે વસ્તુમાં વધુ ફાળો હોય તેનું પૂરેપૂરું ઉત્પાદન કરવું અને બાકી રહેલ કાચોમાલ બીજી વસ્તુના ઉત્પાદનમાં ઉપયોગ કરવો. જે મહત્તમ નફો આપનાર મિશ્રણ થશે.

(1) એકમદીઠ ફાળો = વેચાણ કિંમત – ચલિત ખર્ચ

A વસ્તુ માટે = 80 – 55 = ₹ 25

B વસ્તુ માટે = 60 – 30 = ₹ 30

અહીં ચાવીરૂપ પરિબળ કાચોમાલ છે. તેથી ચાવીરૂપ પરિબળના દરેક એકમદીઠ ફાળો શોધવો પડશે.

	A	B
વસ્તુનો એકમદીઠ ફાળો	₹ 25	₹ 30
વપરાયેલ કાચોમાલ	10 કિલો	8 કિલો

એક કિલો કાચામાલદીઠ ફાળો = $\frac{25}{10}\ \frac{30}{8}$

= ₹ 2.50 = ₹ 3.75

આમ વધુ ફાળો વસ્તુ B માં મળે છે. તેથી B નું પૂરેપૂરું ઉત્પાદન ત્યારબાદ વધેલ કાચામાલમાંથી A નું ઉત્પાદન થશે.

કુલ પ્રાપ્ત કાચોમાલ = 11000 કિલો

બાદ 'B' નું 500 એકમ x 8 કિલો = $\frac{4000\text{કિલો}}{7000\text{કિલો}}$

A નું ઉત્પાદન = $\frac{7000}{10\text{કિલો}}$ = 700 એકમો

ઈષ્ટ ઉત્પાદન મિશ્રણ = A ના 700 એકમો + B ના 500 એકમો.

(16) એક કંપની બે વસ્તુનું 'X' અને 'Y' નું ઉત્પાદન કરે છે. તેને લગતી માહિતી નીચે મુજબ છે.

	X.	Y.
વેચાણ કિંમત	₹ 145	₹ 98
પ્રત્યક્ષ માલસામાન	₹ 50	= ₹ 40
પ્રત્યક્ષ મજૂર કલાકો :		
(કલાકનો મજૂરી દર ₹ 1)	25 કલાક	10 કલાક
ચલિત પરોક્ષ ખર્ચ	પ્રત્યક્ષ મજૂરી પર 80%	પ્રત્યક્ષ મજૂરી પર 80%

સ્થિર ખર્ચ ₹ 5,000

કામદાર ચાવીરૂપ પરિબળ હોય ત્યારે ઈષ્ટત્તમ પેદાશ મિશ્રણ શોધો. જો કારખાનાની ઉત્પાદન શક્તિ 1000 'X' ના એકમો અને 2000 'Y' ના એકમોની હોય તેમજ કામદાર કલાકો 40,000 હોય તો ઈષ્ટત્તમ ઉત્પાદન મિશ્રણ શોધો જેથી નફો મહત્તમ મળે.

Ans : - (1) વસ્તું નો એકમદીઠ ફાળો :

	(₹) X	(₹) Y.
પ્રત્યક્ષ માલસામાન	50	40
+ પ્રત્યક્ષ મજૂરી (કલાક દીઠ ₹ 1)	25	10
+ ચલિત પરોક્ષ ખર્ચા (પ્રત્યક્ષ મજૂરીના 80%)	$\frac{20}{95}$	$\frac{8}{58}$
ચલિત ખર્ચા		
વેચાણ કિંમત	$\frac{145}{50}$	$\frac{98}{40}$

એકમદીઠ ફાળો

(2) ચાવીરૂપ પરિબળનો એકમદીઠ ફાળો (કામદાર કલાકો)

	X	Y
દરેક વસ્તુનો એકમદીઠ ફાળો	50	40
એકમદીઠ કામદાર કલાકો	25 કલાક	10 કલાક
દરેક કામદાર કલાક દીઠ ફાળો =	$\frac{50}{25}$=₹ 2	$\frac{40}{10}$= ₹ 4

:. y નો કલાકદીઠ ફાળો વધુ છે તેથી પૂરેપૂરા y ના એકમો અને ત્યારબાદ વધેલ કામદાર કલાકોથી x નું ઉત્પાદન કરવું

(3) કુલ પ્રાપ્ય કામદાર કલાકો 40,000 કલાકો

'Y' ના 2000 એકમો x 10 કલાક $\frac{20,000}{\text{બાકી રહેલ કામદાર } 20,000}$ કલાક

X નું ઉત્પાદન = $\frac{\text{વધેલકામદારકલાકો}}{\text{X નાંએકમદીઠકલાકો}}=\frac{20,000}{25}=800$એકમો

Xનાં એકમદીઠ કલાકો 25

(4) ઈષ્ટ ઉત્પાદન = Xનાં 800 + Yના 2000 એકમો

ટુંકસાર

1. સમતૂટબિંદુ = ઉત્પાદન અને વેચાણની જે સપાટીએ નફો કે નુકશાન ન થાય તે સપાટીને સમતૂટબિંદુ કહે છે.

અથવા

કુલ આવક = કુલ ખર્ચા એટલે સમતૂટબિંદુ

અથવા

કુલ ફાળો = સ્થિર એટલે સમતૂટબિંદુ

2.(I) ફાળો = વેચાણ – ચલિત ખર્ચ

આ સૂત્ર પરથી અન્ય સૂત્રો શોધી શકાય.

(II) ચલિત ખર્ચ = વેચાણ – ફાળો

(III) ફાળો = વેચાણ x પી.વી.ગુણોત્તર

(IV) ફાળો = સ્થિરખર્ચા + નફો

(V) ફાળો = સ્થિરખર્ચા – ખોટ

3. (I) નફો = ફાળો – સ્થિરખર્ચા

(II) ફાળો = નફો + સ્થિરખર્ચ

(III) સ્થિરખર્ચ = ફાળો – નફો

(IV) નફો = એકમદીઠ ફાળો x સમતૂટ બિંદુ કરતાં વધારાના ઉત્પાદિત એકમો

(V) નફો = વેચાણ – (ચલિત ખર્ચા + સ્થિર ખર્ચા)

(IV) નફો = સલામતી ગાળો x પી.વી.ગુણોત્તર

4. સમતૂટબિંદુ એકમોમાં = $\frac{\text{કુલસ્થિરખર્ચા}}{\text{એકમદીઠફાળો}}$ or $\frac{\text{કુલસ્થિરખર્ચા}}{\text{(એકમદીઠવે.કિ.–એકમદીઠચલિતખર્ચ)}}$

સમતૂટબિંદુ રૂપિયામાં = સમતૂટબિંદુ એકમોમાં x એકમદીઠ વેચાણ કિંમત

અથવા

સમતૂટ બિંદુ = $\frac{\text{સ્થિરખર્ચા}}{\text{પી.વી.ગુણોત્તર}}$

(5) ચોક્કસ નફો મેળવવા ઉત્પાદન કે વેચાણ = કુલ સ્થિરખર્ચા + અપેક્ષિત નફો

પી.વી.ગુણોત્તર

(6) નફા – જથ્થાનો ગુણોત્તર : ફાળા અને વેચાણના ગુણોત્તરને નફા – જથ્થાનો ગુણોત્તર કહેવાય.

નફા – જથ્થાનો ગુણોત્તર = $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}}$ x 100

અથવા

P/V Ratio = $\frac{\text{નફો}}{\text{સલામતીનોગાળો}}$

(7) સલામતીનો ગાળો :

ખરેખર વેચાણ અને સમતૂટબિંદુએ વેચાણ વચ્ચેના તફાવતને સલામતી ગાળો કહે છે.

સલામતીનો ગાળો = ખરેખર વેચાણ - સમતૂટબિંદુએ વેચાણ

OR

સલામતીનો ગાળો = $\frac{\text{ફાળો}}{\text{પી.વી.ગુણોત્તર}}$

સલામતીનો ગાળો (ટકામાં) = $\frac{\text{ખરેખર વેચાણ} - \text{સમતૂટબિંદુએ વેચાણ}}{\text{ખરેખર વેચાણ}} \times 100$

(8) **ચાવીરૂપ પરિબળ :** અમુક ચોક્કસ સમયના ગાળા દરમિયાન ઉત્પાદનને મર્યાદિત કરતાં પરિબળને ચાવીરૂપ પરિબળ કહે છે.જેમાં કાચામાલની અછત, કુશળતાવાળા કામદારોની અછત જેવા પરિબળોનો સમાવેશ થાય છે.

એક કરતાં વધુ પ્રકારની વસ્તુંનું ઉત્પાદન કરતાં ધંધાકીય એકમમાં જયારે ચાવીરૂપ પરિબળ ને આધારે ઈષ્ટત્તમ નફો મળે તે રીતે ઉત્પાદન મિશ્રણ પ્રમાણે ઉત્પાદન કરવામાં આવે છે.

સૌપ્રથમ કુલ વસ્તુ પ્રમાણે ફાળો શોધી ચાવીરૂપ પરિબળના એકમદીઠ ફાળો શોધવો.ત્યારબાદ જે વસ્તુનો એકમદીઠ ફાળો વધુ તે વસ્તુનું મહત્તમ ઉત્પાદન કરવું જોઈએ. અને વધારાના ચાવીરૂપ પરિબળનો ઉપયોગ બીજા પ્રકારની વસ્તુના ઉત્પાદન માટે કરવો જોઈએ.

2.13 સ્વાધ્યાય

1. સીમાંત પડતર પધ્ધતિનો અર્થ આપી તેનું મહત્વ સ્પષ્ટ કરો.
2. સીમાંત પડતર પધ્ધતિના ફાયદા અને મર્યાદાઓની ચર્ચા કરો.
3. સમતૂટ વિશ્લેષણ નો અર્થ અને ઉપયોગિતાની ચર્ચા કરો.
4. ટૂંક નોંધ લખો.
   (1) સલામતીનો ગાળો
   (2) નફા – જથ્થાનો ગુણોત્તર
5. સીમાંત પડતર પધ્ધતિમાં 'ચાવીરૂપ પરિબળનો અર્થ આપી તેનો ઉપયોગ ક્યાં કેવી રીતે કરવામાં આવે છે તે સમજાવો.
6. સમતૂટ બિંદુનો અર્થ આપી તેની જરૂરિયાત સ્પષ્ટ કરો.
7. નીચેના પારિભાષિક શબ્દો સમજાવો.
   1. ફાળો
   2. સમતૂટ બિંદુ
   3. ચાવીરૂપ પરિબળ
8. સીમાંત પડતર પધ્ધતિના લક્ષણો સમજાવો.
9. સીમાંત પડતર પધ્ધતિની ધારણાઓ જણાવો.

10. મર્યાદિત પરિબળ તરીકે કાચામાલ અને મજૂરી પરિબળની સમજૂતી આપો.

11. નીચે આપેલ પ્રશ્નના જવાબ માટે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરો. (MCQ)

(1) ઉત્પાદન/વેચાણના જથ્થામાં ફેરફાર થવાથી ધંધામાં નફાકારકતા પર અસર થાય છે. તે દર્શાવતી પડતર પધ્ધતિ _____ છે.

A. પ્રમાણ પડતર　　B. સીમાંત પડતર

C. તફાવત પડતર　　D. પ્રક્રિયા પડતર

(Ans : - B. સીમાંત પડતર)

(2) _____ પધ્ધતિ બધા જ ઉદ્યોગોમાં તથા અન્ય પડતર પધ્ધતિ સાથે ઉપયોગ કરી શકાય છે.

A. સીમાંત પડતર　　B. પ્રક્રિયા પડતર

C. સેવા પડતર　　D. એકપણ નહિ.

(Ans : - A. સીમાંત પડતર)

(3) ફાળો = વેચાણ કિંમત _____

A. + ચલિત ખર્ચ　　B. – ચલિત ખર્ચ

C. – સ્થિર ખર્ચ　　D. સ્થિર ખર્ચ

(Ans : - B. – ચલિત ખર્ચ)

(4) પડતરમાં _____ ખર્ચા નોંધવામાં આવે છે.

A. ચલિત ખર્ચા　　B. સ્થિર ખર્ચા

C. બંને　　D. એકપણ નહિ.

(Ans : - A. – ચલિત ખર્ચ)

(5) નફો અને વસ્તુના વેચાણ જથ્થા વચ્ચેનો સબંધ એટલે _____ .

A. સમતૂટ બિંદુ　　B. સમતૂટ વિશ્લેષણ

C. નફા જથ્થાનો ગુણોત્તર　　D. એકપણ નહિ.

(Ans : - C. નફા – જથ્થાનો ગુણોત્તર)

(6) એક વસ્તું ઉત્પાદનની એકમદીઠ ચલિત ખર્ચ રૂ.5 અને વેચાણ કિંમત રૂ. 10 તેમજ સ્થિર ખર્ચ ₹ 2000 હોય તો _____ એકમો સમતૂટ બિંદુ હશે.

A. 200 B. 100

C. 300 D. 400

(Ans : - D.400)

(7) A વસ્તું માટે માલસામાન ₹ 100 મજૂરી ₹ 150 ચલિત કારખાના ખર્ચા મજૂરીના 150% સ્થાયી ખર્ચ ₹ 50,000 અને વે.કિ. એકમદીઠ ₹ ૫૦૦ હોય તો સમતૂટ બિંદુ = _____ એકમો.

A. 2000 B. 1000

C. 500 D. 250

(Ans : - A. 2000)

(8) A વસ્તુનો એકમદીઠ ચલિત ખર્ચ ₹ 20 અને સ્થિરખર્ચ ₹ 40,000 હોય અને સમતૂટ બિંદુ 2000 એકમો સુધીઘટાડવાથી નવી વે.કિ. _____ થશે.

A. ₹ 10 B. ₹ 20

C.₹ 40 D. ₹ 5.

(Ans : - C. 40)

(9) નફા – જથ્થાનો ગુણોત્તર 30% અને સલામતી ગાળો 20% હોય તો ₹ 25,00,000 ના વેચાણે સ્થિર ખર્ચ = ₹ _____ .

A. 6,00,000 B. 5,00,000

C. 3,00,000 D. 1,00,000

(Ans : - A. 6,00,000)

(10) એક એકમની એકમદીઠ વે. કિ.₹ 8, ચલિત ખર્ચ ₹ 6, સ્થિર ખર્ચ ₹ 12,000 હોય તો ₹ 4000 ના નફા માટે વેચાણ _____ ₹ થશે.

A. 70,000 B. 60,000

C. 64000 D. એકપણ નહિ.

(Ans : - A. 64,000)

(11) એકવસ્તુનો ચલિત ખર્ચ ₹ 42 અને વેચાણ કિંમત ₹ 50 છે તેમજ એકમના ઉત્પાદનમાં 2 કિલો માલ વપરાય છે. તો કિલો દીઠફાળો _____ ₹ થશે.

A. 4 B. 6 C. 2 D.50 (Ans : - A. 4)

(12) જો નફા – જથ્થાનો ગુણોત્તર 60%, સલામતીનો ગાળો 20% હોય અને વેચાણ 15,00,000 હોય તો નફો = ₹ _____

A. 1,80,000 B. 2,80,000

C. 1,40,000 D. 3,00,000

(Ans : - A. 1,80,000) 5,00,000 x 60% = 3,00,000 x 60% = 1,80,000)

(13) ફાળો = _____

A. સ્થિર ખર્ચ + નફો B. સ્થિર ખર્ચ – ખોટ

C. A & B બંને D. એકપણ નહિ.

(Ans : - C. A & B બંને)

(14) જો નફા જથ્થાનો ગુણોત્તર 50% અને સલામતીનો ગાળો 40% હોય અને વેચાણ ₹ 6,00,000 હોય તો સમતૂટ બિંદુ = ₹ _____

A. 3,00,000 B. 2, 40,000

C. 3,60,000 D. 1,00,000

(Ans : - C. 3,60,000) (6,00,000 x60%)

(15) જો એકમદીઠ ચલિત ખર્ચ ₹ 12, સમતૂટ બિંદુ1000 એકમો હોય અને સ્થિર ખર્ચા ₹ 1,20,000 હોય તો એકમદીઠ વેચાણ કિંમત = ₹ _____

A. ₹ 24 B. ₹ 132

C.₹ 36 D. ₹ 40)

(Ans : - A. ₹ 132)

(16) ચલિત ખર્ચ અને વેચાણનો ગુણોત્તર 70% છે. સમતૂટ બિંદુનું વેચાણ વેચાણના 80% એ થાય અને જો સ્થિર ખર્ચ ₹ 2,10,000 હોય તો 95% વેચાણેનફો = ₹ _____

A. 40375 B. 39375

C. 21375 D. 40,000

(Ans : - B 3 પ્રત્યક્ષ 9,375)

ટૂંકા પ્રશ્નો

1.નીચેની માહિતી પરથી એકમદીઠ ચલિત ખર્ચ શોધો.

સ્થિર ખર્ચા :	₹ 90,000
સમતૂટ એકમો	3000
વેચાણના એકમો	5000
એકમદીઠ વેચાણ કિંમત	₹ 45

(Ans : - ₹ 45 ચલિત ખર્ચ)

સમતૂટ બિંદુ એ વેચાણ = 3,000 × 45 = 135000 - સ્થિરખર્ચ

90,000 = 45000 ÷ 3000 એકમો = ₹ 15)

2. નીચેની માહિતી પરથીસમતૂટ બિંદુ શોધો.

ઉત્પાદન 40,000 એકમો એકમદીઠ ચલિત ખર્ચ ₹ 40, કુલ સ્થિર ખર્ચ ₹ 4,00,000 વેચાણ કિંમત ₹ 60.

(Ans : - સમતૂટ બિંદુ: 20,000 એકમો)

એકમદીઠ ફાળો = 60 – 40 = 20

સમતૂટ બિંદુ = $\frac{\text{કુલસ્થિરખર્ચા}}{\text{એકમદીઠફાળો}}$ = $\frac{4,00,000}{20}$ = 20,000)

3.નીચેની માહિતી પરથીસમતૂટ બિંદુ શોધો.

સ્થિર ખર્ચા વાર્ષિક = ₹60,000

ચલિત ખર્ચ એકમદીઠ ₹ 4

વાર્ષિક અંદાજિત વેચાણ ₹2,00,000

વેચાણ કિંમત એકમદીઠ ₹ 10

(Ans :એકમદીઠ ફાળો = (10 – 4) : 6 ₹

સમતૂટ બિંદુ = $\frac{\text{કુલસ્થિરખર્ચા}}{\text{એકમદીઠફાળો}}$ = $\frac{60,000}{6}$ = 10,000 એકમો

સમતૂટ બિંદુ(રૂપિયા) = 10,000 × 10 = ₹ 1,00,000)

4. એક કંપનીનું ઉત્પાદન 90,000 એકમો, સ્થાયી ખર્ચ ₹6,00,000 એકમદીઠ ચલિત ખર્ચ ₹ 10

અને વેચાણ કિંમત ₹ 20 છે. જેના પરની (1) સમતૂટ બિંદુ (2) વેચાણ કિંમત એકમદીઠ 10% ઘટાડવામાં આવે તો નવું સમતૂટ બિંદુ (3) ₹ 4,00,000 નફો મેળવવા વેચાણની ગણતરી કરો.

(Ans : (1)સમતૂટ બિંદુ 60,000 એકમો : (સમતૂટ બિંદુ $= \frac{\text{સ્થાયીખર્ચ}}{\text{એકમદીઠફાળો}}$

= 6,00,000)

(20 – 10) 10)

(2) નવું સમતૂટ બિંદુ75,000 એકમો

વે. કિ. 20

- ઘટાડો 10% $\frac{2}{18}$ ફાળો = 18 – 10 = (8)

સમતૂટ બિંદુ $= \frac{6,00,000}{8}$ = 75,000 એકમો

(3) 1,00,000 એકમો કુલ ફાળો = $\frac{6,00,000}{10}$ + 4,00,000)

= 1,00,000 એકમો

5. એક કારખાનાના ઉત્પાદન અંગેની નીચેની માહિતી પરથી સમતૂટ બિંદુએ ઉત્પાદન અને વેચાણ તેમજ જો વેચાણ કિંમત એકમદીઠ ₹ 14 થઈ જાય તો અત્યાર જેટલો જ નફો મેળવવા માટે કેટલા એકમોનું ઉત્પાદન કરવું જોઈએ.

ઉત્પાદન એકમો	1,40,000
સ્થિર પડતર	₹ 3,60,000
એકમદીઠ વેચાણ કિંમત	₹ 16
એકમદીઠ ચલિત પડતર	₹ 10

(Ans : (1) 60,000 એકમો, એકમદીઠ ફાળો (16–10) 6, સમતૂટ બિંદુ

$= \frac{3,60,000}{6}$ = 60,000

ચલિત પડતર

કુલ મળતો નફો = 22,40,000 વેચાણ - 14,00,000 = 8,40,000

- સ્થિર ખર્ચા - 3,60,000 = 4,80,000 નફો

(2) વેચાણ કિંમત 14 – 10 = 4 ફાળો

નવા વેચાણ = $\frac{\text{કુલસ્થિરખર્ચા + નફો}}{\text{એકમદીઠફાળો}}$ = $\frac{3,60,000+4,80,000}{4}$

= $\frac{8,40,000}{4}$= 2, 10,000 એકમો)

6. નીચેની માહિતી પરથીસમતૂટ બિંદુએ વેચાણ તેમજ ₹ 11,200 નો નફો મેળવવા કેટલું વેચાણ જરૂરી છે ?

વેચાણ 11200 એકમો ₹ 10 લેખે

કુલ ચલિત ખર્ચા ₹89,600

સ્થિર ખર્ચા ₹33,600

(Ans : (1) એકમદીઠ ફાળો વે. કિંમત ₹ 10 – ચલિત ખર્ચ ₹ 8 = ₹ 2

સમતૂટ બિંદુ = સ્થિર ખર્ચ 33,600÷ 2 = 16800 એકમો

(2) ₹ 11,200 નો નફો મેળવવો હોય તો કુલ ફાળો = F+P = 33,600 + 11,200 = 44,800 થાય

44,800 % એકમદીઠ ફાળો 2 = 22400 એકમો)

7. નીચેની માહિતી પરથીસમતૂટ બિંદુ શોધો.

કુલ ચલિત ખર્ચ	₹ 1,00,000
કુલ સ્થિર ખર્ચા	₹1,80,000
કુલ વેચાણ	₹ 4,00,000

(Ans : સમતૂટ બિંદુ = ₹ 2,40,000

એકમદીઠ ફાળો શોધી ન શકાય તેથી નફા જથ્થાના ગુણોત્તરથી સમતૂટ બિંદુ શોધાશે.

ફાળો = વેચાણ – ચલિત ખર્ચ

= 4,00,000 - 1,00,000

= ₹3,00,000

P/V Ratio = $\frac{\text{ફાળો}}{\text{વેચાણ}} \times 100$ $\frac{3,00,000}{4,00,000} \times 100$ =75 %

સમતૂટ બિંદુ = $\frac{\text{સ્થિરખર્ચ}}{P/\text{VRatio}}$ =$\frac{1,80,000}{75} \times 100$ = ₹2,40,000)

8. વેચાણ વધારવાના હેતુથી વેચાણ કિંમતમાં 20% નો ઘટાડો કરવાનો છે. સ્થિરખર્ચા અને ચલિત ખર્ચામાં કોઈ ફેરફાર નથી તેમજ નફાની હાલની સપાટી જાળવી રાખવી છે તો ઘટાડેલી વેચાણ કિંમતે કેટલા એકમનું વેચાણ કરવું પડે તે નીચેની માહિતીને આધારે શોધો.

વેચાણ : 75000 એકમ × 10 = 7,50,000

ચલિત ખર્ચા : એકમદીઠ ₹ 5, સ્થાયી ખર્ચા ₹75,000

(Ans : નફાની હાલની સપાટી જાળવી રાખવા 1,25,000 એકમોનું કરવું પડે. હાલનો નફો ₹3,00,000. વેચાણ કિંમત ઘટવાથી તે ₹ 8 થશે અને ફાળો એકમદીઠ = 3 થશે. હવે કુલ ફાળો ₹75,000 + ₹3,00,000 નફો = ₹3,75,000 મળવા જોઈએ.

એકમ દીઠ ફાળો ₹ 3 વડે ભાગતાં = 1,25,000 એકમો.)

9. નફા જથ્થાનો ગુણોત્તર 50% અને સલામતીનો ગાળો 40% છે. જો વેચાણ ₹ 60,000 હોય તો સમતૂટ બિંદુ અને ચોખ્ખો નફો શોધો.

(Ans : નફો ₹ 12,000, સમતૂટ બિંદુ ₹ 36,000

ફાળો = P/V Ratio × વેચાણ = 60,000 × 50% = ₹ 30,000

સલામતીનો ગાળો 40% એટલે કે વેચાણ 60,000 × 40% = ₹ 24,000

નફો = સલામતી ગાળો× પી.વી.= 24000 × 50% = 12000)

10. ચલિત ખર્ચ અને વેચાણનો ગુણોત્તર 70% છે. સમતૂટ બિંદુનું વેચાણના 80% એ થાય છે. (1) જો સ્થિર ખર્ચ ₹ 1,50,000 હોય તો 100% શક્તિએ વેચાણ શોધો. (2) 95% વેચાણે નફો શોધો.

(Ans : ચલિત ખર્ચ ₹ 70 જ્યારે વેચાણ 100 હોય તો ફાળો ₹ 30 થશે.

$$\text{P/V Ratio} = \frac{\text{ફાળો}}{\text{વેચાણ}} \times 100 = \frac{30}{100} \times 100 = 30\%$$

$$\text{સમતૂટ બિંદુ} = \frac{\text{સ્થિરખર્ચ}}{P/V\text{Ratio}} = \frac{1,50,000}{30\ \%} = ₹\ 5,00,000$$

સમતૂટ બિંદુએ વેચાણ ₹ 5,00,000 જે કુલ વેચાણના 80% તેથી 100% વેચાણ = ₹ 6,25,000)

2.95% શક્તિ = 6,25,000 × 95% = 5,93,750

$$\text{ફાળો} = \frac{\text{વેચાણ}}{\text{પી.વી.ગુણોત્તર}} = \frac{5,93,750}{30\ \%} = 1,78,125$$

નફો = ફાળો – સ્થિર ખર્ચ

1,78,125, 1,50,000 =₹ 28,125.)

11. નીચેની માહિતી પરથી 2018 અને 2019 માટે (1) સ્થિર ખર્ચા (2) સમતૂટ બિંદુ(એકમોમાં) (3) 10,000 એકમોના વેચાણે થતો નફો (4) ₹ 40,000 નો નફો કમાવવા જરૂરી વેચાણના એકમો.

વર્ષ	વેચેલ એકમો	નફો/નુકશાન
2018	7000	₹10,000 નુકશાન
2019	9000	₹10,000 નફો

(Ans : (1) ફાળો = $\frac{\text{નફામાંફેરફાર}}{\text{વેચાણમાંફેરફાર}}$

$= \frac{₹20000}{2000\text{એકમો}}$ = ₹ 10 એકમદીઠ

સ્થિર ખર્ચા = ફાળો – નફો, 90,000 (9000 એકમો × 10)

બાદ નફો 10,000 = ₹80000

(2) સમતૂટ બિંદુ 8000 એકમો (80,000/10)

(3) 10,000 એકમોના વેચાણે થતો નફો ₹ 20,000

(ફાળો – સ્થિર ખર્ચા 1,00,000 (10,000 × 10) – 80,000)

(4) ₹ 40,000 નફો કમાવવા જરૂરી એકમો 12000

$$\frac{80,000 + 40,000}{10}$$

12. ઉત્પાદિત એક વસ્તુની એકમદીઠ વેચાણ કિંમત ₹ 10 અને ચલિત ખર્ચ ₹ 6 હોય તથા કુલ સ્થિર ખર્ચા ₹ 1,20,000 હોય તો

(1) એકમદીઠ ₹ 2 નો નફો મેળવવા માટે વેચાણ

(2) એકમદીઠ ₹ 2 નુકશાન માટે વેચાણ

(3) સમતૂટ બિંદુ (સંખ્યામાં)

(4) નફા – જથ્થાનો ગુણોત્તર શોધો.

(Ans :- (1) 60,000 એકમો (2) 20,000 એકમો (3) સમતૂટ બિંદુ 30,000 એકમો (4) નફા – જથ્થાનો ગુણોત્તર 40%)

13. એક ઉત્પાદન કરતા એકમના 2018 -19 ના વર્ષ માટેની માહિતી પરથી સમતૂટ બિંદુ શોધો. તેમજ જો સ્થિરખર્ચામાં 10% નો વધારો થાય અને ચલિત ખર્ચામાં 20% નો વધારો થાય ત્યારે નવું સમતૂટ બિંદુ શોધો.

	₹
પ્રત્યક્ષ માલસામગ્રી	3,00,000
પ્રત્યક્ષ મજૂરી	1,00,000
સ્થિર ખર્ચા	80,000
અન્ય ચલિત ખર્ચા	2,00,000
વેચાણ	8,00,000

(Ans :- (1) સમતૂટ બિંદુ ₹ 3,20,000 ($\frac{\text{સ્થિરખર્ચ}}{P/V\text{Ratio}} = \frac{80,000}{25\ \%}$)

(2) P/V ગુણોત્તર 25% ($\frac{\text{(ફાળો}}{\text{વેચાણ}} \times 100 = \frac{(2,00,000}{8,00,000}$)

(3) 10% સ્થિર ખર્ચમાં વધારો તો નવું સમતૂટ બિંદુ ₹ 3,52,000)

(4) ચલિત ખર્ચમાં 20% નો વધારો થાય તો સમતૂટ બિંદુ = ₹ 8,00,000)

14. પ્રાર્થના લિ. X અને Y નામની બે વસ્તુઓનું ઉત્પાદન કરે છે. કંપનીની મહત્તમ ઉત્પાદન શક્તિ X ના 5000 એકમો અને Y ના 2000 એકમો છે. ચાવીરૂપ પરિબળો કાચો માલ છે.

X ના એકમદીઠ 15 કિલો કાચો માલ વપરાય છે. અને Y ના એકમદીઠ 10 કિલો કાચોમાલ વપરાય છે. કુલ 80,000 કિલો માલ પ્રાપ્ય છે. અન્ય માહિતી નીચે મુજબ છે.

વિગત	વસ્તુ X	વસ્તુ Y.
	એકમદીઠ (₹)	(એકમદીઠ (₹)
કાચોમાલ	120	75
પ્રત્યક્ષ મજૂરી	36	24
ચલિત પરોક્ષ ખર્ચા	9	6
વેચાણ કિંમત	300	210

બંને વસ્તુઓનું કેટલું ઉત્પાદન કરીએ તો મહત્તમ નફો થાય.

(Ans :- એકમદીઠ ફાળો X અને ₹ 135, Y ₹ 105.

કિલોદીઠ ફાળો X ₹ 9, Y ₹ 10.50.

ઈષ્ટ ઉત્પાદન Y = 2000 અને X = 4000 એકમો)

15. વસ્તુ O અને P ના ઉત્પાદન અંગેની નીચે માહિતી આપેલી છે. બંને વસ્તુના ઉત્પાદનમાં એકસરખા પ્રકારનો માલસામાન વપરાય છે.

No 104 Write as correction

વિગત	વસ્તુ O	વસ્તુ P
વેચાણ કિંમત (₹)	500	940
માલસામાન (કિલોદીઠ ₹ 75)	150	300
પ્રત્યક્ષ મજુરી (કલાકદીઠ ₹ 10)	100	200
ચલિત પરોક્ષ ખર્ચ	50	80
સ્થિર ખર્ચ ₹ = 4,00,000		

1. ચાવીરૂપ પરિબળ કાચોમાલ હોય ત્યારે ફક્ત 16000 કિલો માલ પ્રાપ્ત થાય ત્યારે દરેક વસ્તુનું કેટલું ઉત્પાદન ઈષ્ટત્તમ નફો મેળવવા કરવું ?
2. ચાવીરૂપ પરિબળ મજૂર કલાકો હોય ત્યારે ફક્ત 90,000 કલાક પ્રાપ્ય હોય ત્યારે દરેક વસ્તુનું કેટલું ઉત્પાદન ઈષ્ટત્તમ નફો મેળવવા કરવું ?
3. દરેક વસ્તુનું વધુમાં વધુ વેચાણ 5000 એકમોનું થઈ શકે છે.

(Ans :- (1) કાચોમાલ ચાવીરૂપ હોય ત્યારે :

કિલો દીઠ ફાળો O માટે ₹ 100 અને P માટે 90 ₹

∴O નું ઉત્પાદન 5000 એકમોન 'P'નું ઉત્પાદન 1500 એકમો)

(2) મજૂર કલાકો ચાવીરૂપ હોય ત્યારે

O નો કલાક દીઠ ફાળો = ₹ 20, 'P' નો કલાકદીઠ ફાળો ₹ 18, ઈષ્ટત્તમ ઉત્પાદન = 'O' ના 5000 એકમો અને P ના 2000 એકમો

16. એક કંપની બે વસ્તું 'R' અને 'K' નું ઉત્પાદન કરે છે. તેની માહિતી નીચે પ્રમાણે છે.

વિગત	R	K
	એકમદીઠ (₹)	(એકમદીઠ (₹)
વેચાણ કિંમત	215	160
પ્રત્યક્ષ માલ	60	50
પ્રત્યક્ષ મજૂર કલાક (કલાક દીઠ ₹ 4)	15	10
ચલિત પરોક્ષ ખર્ચ,પ્રત્યક્ષ મજૂરીના 75%		
સ્થિર ખર્ચ ₹ = 10,000		

કામદારોની અછત હોય ત્યારે કઈ વસ્તુનું ઉત્પાદન વધુ નફાકારક ગણાય. જો કારખાનાની ઉત્પાદન શક્તિ 1500 'R' ના એકમો અને 3000 'K' ના એકમો હોય અને મળી શકતા કામદાર કલાકો 45,000 હોય તો બંનેનું કેટલું ઉત્પાદન કરવું જોઈએ. જેથી ઈષ્ટત્તમ નફો પ્રાપ્ત થાય.

(Ans :- (1) R નો એકમદીઠ ફાળો ₹ 50, K નો એકમદીઠ ફાળો ₹ 40)

(2) કલાકદીઠ ફાળો R નો 3.33 ₹ અને K ₹ 4)

(3) ઈષ્ટ ઉત્પાદન R ના 1000 એકમો અને K ના 3000 એકમો)

એકમ : 3 પડતરના પ્રકારો

: રૂપરેખા :

3.1 પ્રસ્તાવિક, અર્થ અને લક્ષણો

3.2 વિવિધ પ્રકારની પડતર :

- **3.2.1 સંબંધિત પડતર (Relevant Cost)**
- **3.2.2 વૈકલ્પિક પડતર (Alternative Cost)**
- **3.2.3 ડૂબેલી પડતર (Sunk Cost)**

3.3 સીમાન્ત પડતર અને તફાવત પડતર વચ્ચેનો તફાવત

- **સ્વાધ્યાય**

3.1 તફાવત પડતર : અર્થ, સમજૂતી અને લક્ષણો :

હાલના યુગમાં ઔદ્યોગિક સાહસો, મોટી વેપારી પેઢી વિના માલિકોએ તેની સામે ઉભી થતી પરિસ્થિતિ અને સામે આવતી સમસ્યાઓના ઉકેલ માટે પળેપળે વિવિધ પ્રકારના નિર્ણયો લેવા પડતા હોય છે. આ નિર્ણયો લેવા તેના માટે ફરજિયાત કાર્ય છે તે ટાળી શકાતુ નથી કે તેનાથી દૂર ભાગી શકાતું નથી. એટલે જ Ravi Kishore નું આ વિધાન ખુબ અગત્યનું છે.

"Uncertainty is his (executive's) opponent, to overcome it is his mission. Whether outcome is a consequence of luck or wisdom, the moment of decision is without doubt the most creative event in the life of an executive."

જોખમ અને અનિશ્ચિતતા કંપનીના માલિક, સંચાલક કે તેના ઉચ્ચ અધિકારીઓ માટે પડકાર છે/દુશ્મન છે. આ પડકારને પહોંચી વળવાનું તેમનું ધ્યેય છે. જે ક્ષણે સંચાલક કે અધિકારી નિર્ણય લે છે, એ ક્ષણ તેના વ્યાવસાયિક જીવનની રચનાત્મક ક્રિયાશીલ ક્ષણ છે.

નિર્ણય કરતી વખતે ઘણા વિકલ્પો ઉપલબ્ધ હોય છે જેમાંથી યોગ્ય મૂલ્યાંકન કરી શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરવો પડે છે દરેક વિકલ્પમાં સારા અને નરસા પાસા હોય છે. કોઈપણ વિકલ્પ સર્વાંગી રીતે બધા જ સારા પાસા ધરાવતો હોતો નથી. આથી સંચાલકોએ પોતાના બુદ્ધિ કૌશલ્ય અનુભવ અને ઉપલબ્ધ વિવિધ મૂલ્યાંકન ટેકનીકના આધારે શ્રેક્ષ્ઠ નિર્ણય લેવો પડે છે. જો તેનો નિર્ણય સાચો ઠરે તો કંપની સફળતાનાં શિખરો સર કરે છે અને જો નિર્ણય ખોટો અને અયોગ્ય હોય તો કંપની પતનની ખાઈમાં જઈ પડે છે. સંચાલકોએ લેવા પડતા મહત્વનાં અને શક્વર્તી નિર્ણયોમાં કંપનીમાં ઉત્પાદન પ્રક્રિયામાં સ્વયં સંચાલિત યંત્રોનો ઉપયોગ કરવો કે નહીં. વિદેશી ઓર્ડર સ્વીકારવો કે નકારવો. બિન નફાકારક વસ્તુનુ ઉત્પાદન બંધ કરવુ કે સ્થગિત કરવું. નવી વસ્તુ બજારમાં મૂકવી કે નહી. પ્રવર્તમાન વસ્તુ માટે નવું બજાર વિકસાવવું કે નહિ, ઈષ્ટતમ ઉત્પાદન મિશ્રણ નક્કી કરવુ, મંદીના સમયમા સતત ખોટ સહન કરતી ફેક્ટરી બંધ કરવી કે ચાલુ રાખવી.

ઉપર જણાવેલ બધા મુદ્દા સંચાલકોને યોગ્ય અને ડહાપણ ભર્યો નિર્ણય લેવા મજબૂર કરે છે. આ માટે તેને નિર્ણય પ્રક્રિયામાં મદદરૂપ થતી પડતરની એક અતિ મહત્વની ટેકનીક એટલે તફાવત પડતર પદ્ધતિ અને તફાવત પડતર વિશ્લેષણ.

તફાવત પડતર : અર્થ અને વ્યાખ્યા

જ્યારે એક વિકલ્પના બદલે બીજો વિકલ્પ પસંદ કરવામાં આવે તેના પરિણામે કુલ પડતરમાં ઉદ્ભવતો તફાવત એટલે તફાવત પડતર (Differential Cost is a difference in total cost that will arise from the selection of one alternative instead of another.

ઉત્પાદન સપાટી બદલાય, ઉત્પાદન જથ્થામાં વધારો/ઘટાડો થાય ઉત્પાદન મિશ્રણ બદલાય, ઉત્પાદન પદ્ધતિ બદલાય – આ તમામને કારણે કુલ પડતરમાં જે તફાવત ઉદ્ભવે તેને તફાવત પડતર તરીકે ઓળખવામાં આવે છે.

એક સાદા સરળ ઉદાહરણથી આ બાબતને વધુ સ્પષ્ટ કરીએ એક વસ્તુની ૬૦% અને ૯૦% સપાટીએ નીચે મુજબ પડતરની માહિતી મળે છે.

વિગત	60% સપાટી 6,000 એકમો	90% સપાટી 9,000 એકમો	પડતરનો તફાવત
માલસામાન	36,000	54,000	18,000
મજૂરી	12,000	18,000	6,000
ચલિત પરોક્ષ ખર્ચા	30,000	45,000	15,000
અર્ધચલિત ખર્ચા	20,000	24,000	4,000
સ્થિર ખર્ચા	22,500	22,500	-
કુલ તફાવત પડતર*	1,20,500	1,63,500	*43,000

વેચાણ : એકમ દીઠ રૂ. 24 લેખે 1,44,000 – વેચાણનો તફાવત

વેચાણ : એકમ દીઠ રૂ. 22.50 લેખે 2,02,500 + 58,500

ઉપરોક્ત ઉદાહરણમાં 60% થી 90% પહોંચતા પડતર રૂ. 43,000 વધે છે જ્યારે 90% સપાટીએ એમદીઠ વે.કિં રૂ. 1.50 ઘટવા છતાં વેચાણમાં વધારો રૂ. ૧૫,૫૦૦ વધારો રૂ. ૫૮,૫૦૦ થાય છે. જે તફાવત પડતર કરતા રૂ. 15,500 વધારે છે આથી 90% ક્ષમતાએ ઉત્પાદન અને વેચાણ કરવું ફાયદાકારક છે.

રૂ. 43,000 એ તફાવત પડતર (Differential cost)છે.

રૂ. 58,500 એ વધતી જતી આવક/ઉપજ (Incremental income/revence)છે.

તફાવત પડતરનાં લક્ષણો :

(1) તફાવત પડતરનાં લક્ષણો નીચે મુજબ છે.

1. તફાવત પડતરએ ભાવી પડતરનો અંદાજ છે તેથી તે ભવિષ્યલક્ષી છે
2. જે ખર્ચ વિકલ્પનાં બદલાવથી અસર પામે છે/બદલાય છે તેનાં વિચાર તફાવત પડતરમાં કરવામાં આવે છે. એટલે કે સંબંધિત ખર્ચ ધ્યાનમાં લેવાય છે.
3. તફાવત પડતરનું પત્રક હંમેશા કુલ જથ્થા માટે તૈયાર કરવામાં આવે છે. એકમદીઠ ગણતરી કરવામાં આવતી નથી.
4. તફાવત પડતર સંચાલકીય નિર્ણય પ્રક્રિયામાં મહત્વનું સ્થાન ધરાવે છે. મહત્વનાં અને શક્વર્તી સંચાલકીય નિર્ણયો લેવામાં તફાવત પડતરનું યોગદાન મહત્વનું છે.
5. તફાવત પડતર અંગેના અહેવાલ મેનેજમેન્ટ એકાઉન્ટ ખાસ અહેવાલ સ્વરૂપે સંચાલકો સમક્ષ રજૂ કરે છે. તફાવત પડતરના અહેવાલ સમયાંતરે/રૂટિન અહેવાલ નથી.
6. જે તફાવત પડતર શોધવામાં આવે તે વિવિધ વિકલ્પો માટે એક સમાન (Uniform)માપ કે આધાર લેવામાં આવે છે. જેમ કે 5,000 એકમો અને 8,000 એકમો વચ્ચેની તફાવત પડતર અથવા 50% કે 80% સપાટીએ તફાવત પડતર.

7. તફાવત પડતરનો ઉપયોગ સીમાન્ત પડતર કરતા વધુ થાય છે. તફાવત પડતર પદ્ધતિનું કાર્યક્ષેત્ર અને વ્યાપ વિસ્તૃત છે.

3.2 વિવિધ પ્રકારની પડતર :

(1) સંબંધિત પડતર/સુસંગત પડતર (Relevant Cost)

જે પડતરમાં સંચાલકોનાં નિર્ણયને કારણે ફેરફાર ઉદ્ભવતા હોય તેને સંબંધિત પડતર તરીકે ઓળખવામાં આવે છે.

Ravi Kishorના મત મુજબ "A relevant cost is a future cost which differs between alternatives if can also be known as cost which is affected by the decision of management".

ઉપરની વ્યાખ્યા ઉપરથી બે બાબતો સંબંધિત પડતરનો અર્થ સ્પષ્ટ કરે છે.

1. સંબંધિત પડતરએ ભવિષ્યલક્ષી પડતર છે. હવે પછી થનારા ખર્ચ સાથે સંબંધ ધરાવે છે. જે ખર્ચ થઈ ગયા છે તેનાં વિશે વિચાર કરવાનો રહેતો નથી. જે ખર્ચ થઈ ગયા છે તે ડૂબેલી પડતર (Sunk Cost)છે જેમાં કોઈ ફેરફાર થઈ શકે તેમ નથી.
2. જે ખર્ચ વિવિધ વિકલ્પો બદલાય તો જ આમા સમાવેશ થાય છે.દા. ત. હાલ કારખાનામાં બધુ જ કામ માનવશ્રમ દ્વારા થાય છે અને એકમદીઠ મજૂરી ખર્ચ રૂ. 5.00 થાય છે. હવે સંચાલકો યાંત્રીકરણ કરવા માંગે છે અને એકમદીઠ મજૂરી ખર્ચ રૂ. 3.00 થઈ જાય છે. આ સંજોગોમાં મજૂરી ખર્ચ એ સંબંધિત પડતર ગણાય છે. એ જ રીતે 60% ક્ષમતાએ કારખાના ખર્ચ રૂ. 6,000હોય અને 90% સપાટીએ રૂ. 8,000 થઈ જાય તો તે સંબંધિત પડતર છે.

પરંતુ જો મેનેજરનો પગાર માસિક રૂ. 20,000 હોય તે યાંત્રીકરણ બાદ 90% સપાટીએ પણ રૂ. 20,000 જ રહે તો મેનેજરનો પગારએ સંબંધિત પડતર નથી. એ જ રીતે કારખાનું ભાડુ જો બદલાતુ ન હોય તો તે પણ અસંબંધિત પડતર છે.

સંબંધિત પડતર સમજવા માટે નીચે આપેલ ઉદાહરણ રસપ્રદ રહેશે અને આની વધુ સ્પષ્ટ સમજૂતી આપશે.

એક યંત્ર પાંચ વર્ષ પહેલા રૂ. 80,000માં ખરીદેલું છે. હાલ તેની ચોપડે કિંમત રૂ. 40,000 છે. યંત્ર સમયાતીત (Obsolete)થઈ ગયુ છે તેથી તેની ભંગાર કિંમત સિવાય વધુ કિંમત ઉપજી શકે તેમ નથી.

જો આ યંત્ર પર રૂ. 15,000નો ખર્ચ કરવામાં આવે તો તે રૂ. 35,000માં વેચી શકાય તેમ છે.

ઉપરની સમગ્ર બાબતમાં

૧. રૂ. 80,000 યંત્રની કિંમત એ ડૂબેલી પડતર છે.

૨. રૂ. 40,000 બુક વેલ્યુ પણ નિર્ણયાધીન નથી. તેથી તે પણ સંબંધિત પડતર નથી.

૩. રૂ. 15,000નો ખર્ચ એ સંબંધિત પડતર છે કારણ કે આ ખર્ચ કરવાથી હાલ યંત્રની ઉપજ કિંમત ભંગાર કિંમત જેટલી જ છે તે વધીને રૂ. 35,000માં વેચી શકાશે.

હવે ધારો કે ભંગાર કિંમત રૂ. 5,000 હોય તો રૂ. 15,000નો ખર્ચ કરવાથી સંચાલકોને રૂ. 15,000 (રૂ. 35,000 – 15,000 – 5,000) ફાયદો થાય છે. માટે રૂ 15,000નો સંબંધિત ખર્ચ કરવો ફાયદાકારક છે. તે કરવો જોઈએ.

(2) વૈકલ્પિક પડતર :

જ્યારે સંચાલકો કોઈ એક નિર્ણય કરે છે ત્યારે તે નિર્ણયને કારણે અન્ય સંભવિત વિકલ્પો બંધ થઈ જાય છે. આ બંધ થતા વિકલ્પોની જે સંભવિત આવક હતી તે હાલના પસંદ કરાયેલ વિકલ્પની વૈકલ્પિક પડતર ગણાય છે.

ઉદાહરણ તરીકે એક વ્યક્તિ પાસે રૂ. 5,00,000 હાથ પર રોકડ સ્વરૂપે છે તેની પાસે હાલમાં ત્રણ વિકલ્પો છે.

1. બેંકમાં ફિક્સ ડિપોઝીટમાં 8% વ્યાજે મૂકી વાર્ષિક રૂ. 40,000ની આવક ઊભી કરવી.
2. ધંધામાં રોકાણ કરીને 10% વળતરની અપેક્ષાએ રૂ. 50,000 નફો કરવો.
3. મિત્રની પ્રતિષ્ઠિત રેડીમેઈડ ગારમેન્ટના શો રૂમમાં રોકાણ કરી નિશ્ચિત 4% વ્યાજ ઉપરાંત શો રૂમનાં નફામાં 5% ભાગ મેળવવો.

જ્યાં સુધી નિર્ણય લેવાયો નથી અને રોકડ હાથ પર છે ત્યાં સુધી ઉપરના ત્રણેય વિકલ્પ ખુલ્લા છે. ધારો કે વ્યક્તિએ ત્રીજો વિકલ્પ પસંદ કર્યો. આથી બાકીનાં વિકલ્પ ૧ અને ૨ નાં દરવાજા બંધ થઈ ગયા. આથી વિકલ્પ નં. 1 ની વાર્ષિક વ્યાજ રૂ. 4,000ની આવક અને વિકલ્પ – 2 ની રૂ. 50,000 નફાની આવક એ વૈકલ્પિક પડતર બની ગઈ.

હવે જો તેને ત્રીજા વિકલ્પમાંથી વ્યાજ + નફાની કુલ આવક રૂ. 65,000 થાય તો તેનો નિર્ણય ડાહપણ ભર્યો ગણાય. એનાથી ઉલ્ટુ જો ત્રીજા વિકલ્પમાં રૂ. 38,000 પ્રાપ્ત થાય તો તેનો નિર્ણય ભૂલ ભરેલો ગણાય.

આમ વૈકલ્પિક પડતર એટલે

Opportunity Cost represent income foregone by rejecting alternatives.

ઘણા કિસ્સામાં વૈકલ્પિક પડતર ગેરહાજર હોય છે. જેમ કે એક કંપની ૭૫% ક્ષમતાએ ભારતમાં વેચાણ કરે છે. હવે જો તેને બાકીની ૨૫% ક્ષમતા માટે નિકાસ ઓર્ડર મળે તો આની વૈકલ્પિક પડતર છે જ નહિ કારણ કે અન્ય કોઈ વિકલ્પ જતો કરવો પડતો નથી. પણ આજ ઉદાહરણમાં જો બાકીની 25% ક્ષમતા માટે જુદા જુદા બે દેશોમાંથી

નિકાસ ઓર્ડર મળ્યા હોય, ત્યારે કંપનીએ એક દેશનો ઓર્ડર સ્વીકારી બીજા દેશનો ઓર્ડર જતો કરવો પડે છે, ત્યારે જતા કરેલ નિકાસ ઓર્ડરની આવક એ વૈકલ્પિક પડતર ગણાશે.

ઉદાહરણ : એક કંપનીમાં મશીન અ 100% ક્ષમતાએ કાર્યરત છે અને તેમાંથી કલાક દીઠ રૂ. 100નો ફાળો પ્રાપ્ત થાય છે.

એક ગ્રાહક ખાસ જોબ માટે મશીન અ નાં 10 કલાકનો ઉપયોગ કરવા માંગે છે. કાચોમાલ ગ્રાહક આપશે. મશીન અ ના સંચાલન માટે મજૂરી ખર્ચ કલાકમાં રૂ. 20 અને પરોક્ષ ખર્ચ મજૂરીનાં 200% થાય તેમ છે.

ગ્રાહક મશીન અ નાં ઉપયોગ માટે રૂ. 1500 આપવા તૈયાર છે. શું આ રકમ વ્યાજબી છે ?

10 કલાકની મજૂરી × રૂ. 10	=	રૂ. 200
ચલિત પરોક્ષ ખર્ચ	=	રૂ. 400
મશીન અ નો ગુમાવેલ ફાળો	=	રૂ. 1,000
કુલ પડતર	=	રૂ. 1,600

ગ્રાહક રૂ. 1,500 આપે છે જ્યારે ખર્ચ રૂ. 1,600 થાય છે. નુકશાન રૂ. 100નું થાય છે. તેથી આ ઓફર સ્વીકારી શકાય નહી.

અહીં મશીન અ નો ગુમાવેલ ફાળો રૂ. 1,000 એ વૈકલ્પિક પડતર છે. કારણ કે મશીન અ માંથી કલાકદીઠ રૂ. 100 નો ફાળાનો મળે જ છે અને મશીન અ 100% ક્ષમતાએ કાર્યરત છે. તેથી મશીન અ નો ઉપયોગ અન્ય જગ્યાએ ત્યારે હાલના રૂ. 1,000 ફાળાના ગુમાવવા પડે છે.

(3) ડૂબેલી પડતર : (Sunk Cost)

જે ખર્ચ થઈ ચૂક્યા છે અને હવે તેમાં કોઈ ફેરફારની શક્યતા નથી તેને ડૂબેલી પડતર (Sunk Cost) કહેવામાં આવે છે. દા. ત. એક યંત્ર રૂ. 5,00,000 માં ખરીદ્યુ કે એક કોમ્પ્યુટર રૂ. 80,000 માં ખરીદ્યું. ખરીદી જણાવેલી રકમે થઈ ગઈ છે. હવે તેમાં કોઈ ફેરફાર કરી શકાય તેમ નથી તેથી રૂ. 5,00,000 અને 80,000 એ ડૂબેલી પડતર કહેવાય છે.

એ જ રીતે જેને આપણે ઐતિહાસિક પડતર તરીકે ઓળખીએ છીએ તે પણ ડૂબેલી પડતર છે. 10,000 એકમોના ઉત્પાદન માટે/લાખ કિલો કાચો માલ રૂ. 20નાં ભાવે ખરીદ્યો તો માલસામાનની ખરીદી પાછળ ખર્ચેલા રૂ. 20 લાખ એ ડૂબત પડતર છે.

ડૂબેલી પડતર, ભવિષ્યમાં લેવાના નિર્ણયો માટે કદાચ મદદરૂપ થઈ શકે, માર્ગદર્શક બની શકે. પરંતુ આ બાબત પણ કાયમ ન બની શકે. જો ઉત્પાદન પ્રક્રિયા બદલાઈ જતી હોય, ટેક્નોલોજીનાં સંશોધનનાં કારણે ભવિષ્યમાં સારા યાંત્રીકરણને

કારણે, બજારની સ્થિતિમાં ફેરફારને કારણે, ડૂબેલી પડતર વખતની સ્થિતિ અને હવે લેવાનાર નિર્ણયના સમયની સ્થિતિમાં આમુલ પરિવર્તનને કારણે ડૂબેલી પડતર કોઈપણ માર્ગદર્શન કે મદદ પુરા પાડી શકતી નથી.

3.3 સિમાંન્ત પડતર અને તફાવત પડતર વચ્ચેનો તફાવત

સીમાન્ત પડતર અને તફાવત પડતરનો અભ્યાસ કરતાં ઘણાના મનમાં એવો ભ્રમ થાય છે કે બંનેમાં કોઈ ભેદ નથી; તફાવત નથી. બંનેનાં પાયાના સિદ્ધાંતો એક સરખા છે માટે બંને પર્યાયવાચી શબ્દો છે. પરંતુ હકીકતે એવું નથી. બંનેમાં ઘણા તફાવત છે અને બંનેના કાર્યક્ષેત્રનો વ્યાપ પણ જુદો છે. જે નીચેના કોઠા પરથી ખ્યાલ આવશે.

ક્રમ	સીમાન્ત પડતર	તફાવત પડતર
1	સીમાન્ત પડતરનો ઉપયોગ મર્યાદિત છે. તેનો ઉપયોગ મહદ અંશે એકમ દીઠ અને કુલ ફાળો શોધી વસ્તુની નફાકારકતા નક્કી કરવાનો છે. સંચાલકોને નિર્ણય પ્રક્રિયામાં તેનું સ્થાન સીમિત છે.	તફાવત પડતર અને વિશ્લેષણનું કાર્યક્ષેત્ર વિશાળ છે. સંચાલનનાં મોટા ભાગનાં મહત્વનાં નિર્ણયો લેવામાં તેનો ઉપયોગ થાય છે.
2	સીમાન્ત પડતરનાં મુખ્ય હથિયાર ફાળો, નફા જથ્થાનો ગુણોત્તર, સમતૂટ બિંદુ છે.	તફાવત પડતર વિશ્લેષણ દરેક વિકલ્પ દીઠ તફાવત પડતર શોધી વધતી જતી પડતર (Incremental Cost)અને વધતી જતી આવક (Incremental ravenus) નક્કી કરવામાં આવે છે.
3	સીમાન્ત પડતર એ પડતર હિસાબનીશની ટેકનીક છે.	તફાવત પડતર વિશ્લેષણએ સંચાલકીય હિસાબી પદ્ધતિની ટેકનીક છે.
4	સીમાન્ત પડતર દ્વારા કાઢવામાં આવેલ તારણો સામાન્ય રીતે રૂટિન અહેવાલનાં તારણો ગણાય છે.	તફાવત પડતરના આધારે મેળવવામાં આવેલ તારણો ખાસ અહેવાલ તરીકે ઉચ્ચ સંચાલન સપાટીએ રજૂ થાય છે.
5	સીમાન્ત પડતરમાં એકમ દીઠ ફાળો વિ. ગણી શકાય છે અને રજૂ કરવામાં આવે છે.	તફાવત પડતરમાં સમગ્ર જથ્થા માટે અથવા ઉત્પાદનની ચોક્કસ સપાટીએ ગણતરી કરવામાં આવે છે. એકમ દીઠ ગણતરી થતી નથી.
6	સીમાન્ત પડતરમાં કોઈ એક વસ્તુની સીમાન્ત પડતર, ફાળો વિ. શોધવામાં	તફાવત પડતરમાં એક કરતાં વધુ વિકલ્પોનો વિચાર કરવામાં આવે છે.

	આવે છે. સ્થિર ખર્ચ સંપૂર્ણ પણે અવગણવામાં આવે છે.	વિકલ્પોનું મૂલ્યાંકન કરી સંચાલકીય નિર્ણય લેવામાં મદદરૂપ થાય છે.
7	સીમાન્ત પડતર ટૂંકાગાળાના નિર્ણયો માટે જ ઉપયોગી છે. જેમાં ફક્ત ચલિત પડતર ઉપર ભાર મૂકવામાં આવે છે.	તફાવત પડતર લાંબાગાળા માટે લેવાતા નિર્ણયો માટે ઉપયોગી છે. જે સંચાલકો માટે ખૂબ મહત્વનાં હોય છે અને આ વિકલ્પોનું મૂલ્યાંકન કરતી વખતે સ્થિર ખર્ચમાં થતા ફેરફાર પણ ધ્યાને લેવાય છે.

• સ્વાધ્યાય

પ્રશ્ન 1: ટૂંકા પ્રશ્નો (Short Answer Questions)

1. તફાવત પડતર (Differential Cost) એટલે શું?
2. સંબંધિત પડતર (Relevant Cost) નો અર્થ સ્પષ્ટ કરો.
3. વૈકલ્પિક પડતર (Opportunity Cost) કોને કહેવાય?
4. ડૂબેલી પડતર (Sunk Cost) એટલે શું? ઉદાહરણ આપો.
5. વધતી જતી આવક (Incremental Revenue) અને તફાવત પડતર વચ્ચે શો સંબંધ છે?

પ્રશ્ન 2: સવિસ્તાર/મુદ્દાસર પ્રશ્નો (Long Answer Questions)

1. તફાવત પડતર એટલે શું? તેના મુખ્ય લક્ષણોની વિગતવાર ચર્ચા કરો.
2. સીમાન્ત પડતર (Marginal Costing) અને તફાવત પડતર (Differential Costing) વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
3. ટૂંકનોંધ લખો:

   (અ) સંબંધિત પડતર (Relevant Cost)

   (બ) વૈકલ્પિક પડતર (Opportunity Cost)

   (ક) ડૂબેલી પડતર (Sunk Cost)

એકમ : 4 તફાવત પડતર પદ્ધતિ

: રૂપરેખા :

4.1 તફાવત પડતર વિશ્લેષણ અને નિર્ણયલક્ષી ઉપયોગિતા

4.2 ખરીદવું કે બનાવવું

4.3 વેચાણ મિશ્રણ

4.4 વસ્તુનું ઉત્પાદન બંધ કરવા/સ્થગિત કરવા

4.5 પુનઃસ્થાપના

4.6 નવી વસ્તુ કે નવા બજારમાં પ્રવેશ કરવા

4.7 વિદેશી ઓર્ડરના સ્વીકાર/અસ્વીકાર

4.8 સ્થાનિક ઓર્ડરના સ્વીકાર/અસ્વીકાર

4.9 વધતી જતી ઉપજ (Incremental income) નક્કી કરવા

4.10 ઉપરોક્ત મુદ્દા નં. (4) ને આવરી લેતા વ્યવહારૂ ઉદાહરણો

4.11 પ્રકરણનો ટૂંકસાર

- **સ્વાધ્યાય**

4.1 તફાવત પડતર વિશ્લેષણ અને નિર્ણયલક્ષી ઉપયોગિતા :

ઉત્પાદન ક્ષમતામાં ફેરફાર કરવાથી, ઉત્પાદન પદ્ધતિમાં ફેરફાર કરવાથી, કોઈ એક વસ્તુનું ઉત્પાદન સ્થગિત કરવાથી કે બંધ કરવાથી, નવી વસ્તુ બજારમાં મૂકવાથી, કુલ પડતરમાં, કુલ ફાળામાં તથા નફાકારકતામાં થતા ફેરફાર કે ઉદ્ભવતા તફાવતનું સમગ્ર તથા વિશ્લેષણાત્મક રજૂઆત કે જેથી સંચાલકોને યોગ્ય નિર્ણય લેવામાં માર્ગદર્શક અને મદદરૂપ બન તેને 'તફાવત પડતર વિશ્લેષણ' તરીકે ઓળખવામાં આવે છે.

તફાવત પડતર વિશ્લેષણનો ખ્યાલ નીચેની વ્યાખ્યાઓ પરથી વધુ સ્પષ્ટ થશે.

"Differential cost analysis involves comparison of the expected changes in costs and revenues relating to each course of action contemplated in decision making." - Ravi Kishor

તફાવત પડતર વિશ્લેષણ એ એવી પ્રયુક્તિ છે જેમાં વિવિધ વિકલ્પો અનુસાર પડતર અને આવકનો તફાવત તપાસવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપ શ્રેષ્ઠ વિકલ્પ પસંદગીનો નિર્ણય લઈ શકાય છે. જેના પરિણામ સ્વરૂપ શ્રેષ્ઠ વિકલ્પ પસંદગીનો નિર્ણય લઈ શકાય છે. - **હાર્પર**

આમ ઉપરોક્ત બંને વ્યાખ્યા પરથી સ્પષ્ટ થાય છે કે તફાવત પડતર વિશ્લેષણમાં જુદા જુદા વિકલ્પોની પડતરમાં તફાવત અને આવકનો તફાવત તપાસી જે શ્રેષ્ઠ વિકલ્પ હોય તે આપવામા આવે છે. આને કારણે સંચાલકીય નિર્ણય પ્રક્રિયામાં તફાવત પડતર વિશ્લેષણ આગવું અને મહત્વનું સ્થાન ધરાવે છે. મોટા અને મહત્વના કહી શકાય તેવા નિર્ણયો જેવા કે ખરીદવું કે બનાવવું, વસ્તુનું ઉત્પાદન ચાલુ રાખવું/સ્થગિત કરવું કે/બંધ કરવું, નવી વસ્તુ બજારમાં મૂકવા અંગે, નિકાસ ઓર્ડરના સ્વીકાર/અસ્વીકાર અંગેના નિર્ણયો કરવા માટે તફાવત વિશ્લેષણ ખૂબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. આ અંગેની ચર્ચા હવે આપણે વિગતવાર કરીશું.

4.2 'ખરીદવું કે બનાવવું' અંગેનાં નિર્ણય માટે :

કંપની જે વસ્તુનું ઉત્પાદન કરતી હોય તે માટે વપરાતા અમુક પાર્ટસ/છૂટા ભાગો વિ. કંપની પોતે બનાવી શકે અને તે ભાગ/પાર્ટસ બહારથી તૈયાર પણ મળી શકે. આ સમયે સંચાલકોએ નિર્ણય લેવો પડે છે કે આ છૂટા ભાગ બનાવવા કે બહારનાં સપ્લાયર પાસેથી ખરીદવા ? બેમાંથી કયા વિકલ્પમાં ફાયદો થાય તેની ગણતરી કરવા માટે તફાવત પડતર વિશ્લેષણનો આશરો લેવો પડે છે.

છૂટા ભાગનું ઉત્પાદન કરવામાં આવે તો તેની પડતર, ઉત્પાદન ક્ષમતાનો વપરાશ, આ માટે થતું સ્થાયી મૂડી રોકાણ વગેરે ધ્યાન પર લેવામાં આવે છે.

જો બહારથી ખરીદી કરવામાં આવે તો તેની કિંમત ઉપરાંત પુરવઠાનું સાતત્ય, ગુણવત્તાનું સાતત્ય, સપ્લાયર પાસેથી માલ પ્રાપ્ત કરવાનું વહન ખર્ચ, વસ્તુની ગુણવત્તાની ચકાસણીનો ખર્ચ વિગેરે ધ્યાન પર લઈ નિર્ણય લેવો પડે છે.

ખરીદવું કે બનાવવું અંગેના નિર્ણયને અસર કરતાં પરિબળો

(1) ફાજલ ઉત્પાદન શક્તિનો ઉપયોગ :

જો કંપની પાસે ફાજલ ઉત્પાદન શક્તિ હોય તો તેનો ઉપયોગ છૂટા ભાગો/આંતરિક પાર્ટસ વિ. નું ઉત્પાદન કરી ફાજલ ઉત્પાદન શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય છે. આ માટે સ્થાયી મૂડી તથા કાર્યશીલ મૂડીમાં કેટલો વધારો કરવો આવશ્યક છે તે નક્કી કરી છૂટા ભાગના ઉત્પાદનની એકમ દીઠ પડતર શોધી કાઢવામાં આવે છે અને તેની સરખામણી સપ્લાયર દ્વારા જે કિંમતે વસ્તુ મળે તેમ હોય તેની સાથે કરવામાં આવે છે અને જો ફાયદાકારક જણાય તો વસ્તુ/ભાગોનાં ઉત્પાદનનો નિર્ણય લેવામાં આવે છે. છૂટા ભાગનું ઉત્પાદન કરવાથી સપ્લાયરની નીતિ-રીતિ પર આધાર રાખવો પડતો નથી. ગુણવત્તા અંગે પણ કોઈપણ પ્રકારની બાંધછોડ કરવી પડતી નથી.

છૂટા ભાગનાં ઉત્પાદન માટે પૂરતા પ્રમાણમાં કાચો માલ મળી રહેશે અને આ અંગેનું આવશ્યક કૌશલ્ય અને તાલીમબદ્ધ કામદારદળ પ્રાપ્ત થશે કે કેમ તે પણ નિશ્ચિત કરવું પડે છે.

(2) સંભવિત જોખમો અંગેનો અંદાજ મેળવવો.

જો વસ્તુનું ઉત્પાદન કરવામાં આવે તો,

A. મુખ્ય વસ્તુનાં ઉત્પાદનમાં કોઈ વિપક્ષ પડશે કે કેમ ?

B. મુખ્ય વસ્તુની ગુણવત્તા જળવાઈ રહેશે કે નહી ?

C. મુખ્ય વસ્તુનું ઉત્પાદન ઘટાડવું નહી પડે ને ?

D. મુખ્યવસ્તુ અને છૂટા ભાગ બંનેના ઉત્પાદન માટે કંપની પાસે પુરતા પ્રમાણમાં ક્ષમતા છે ?

E. બંને વસ્તુ માટે કંપની પાસે પર્યાપ્ત પ્રમાણમાં મૂડી છે કે કેમ ?

F. પુરતા પ્રમાણમાં ટેકનીકલ કૌશલ્ય (Knowhow) છે કે કેમ ?

G. જે છૂટા ભાગનું ઉત્પાદન થાય છે તે કંપનીની સંપૂર્ણ જરૂરીયાત ૧૦૦% માંગને સંતોષી શકે તેમ છે કે કેમ ?

ઉપરની બધી બાબતો ધ્યાને લઈ ખરીદવુ કે બનાવવુનો નિર્ણય લેવો આવશ્યક છે.

(3) પૂરવઠાનું સાતત્ય :

જો છૂટા ભાગ બહારથી ખરીદવામાં આવે તો સપ્લાયર નિયમિત પુરવઠો આપવા બાહેંધરી આપે છે કે નહી તે ખૂબ અગત્યનું છે. નિયમિત જરૂરીયાત મુજબનો પુરવઠો અને નિર્ધારિત કિંમતે પુરવઠો સમયસર મળે તો જ બહારના સપ્લાયર પાસેથી ખરીદી કરી શકાય. જો પુરવઠાનું સાતત્ય ન જળવાય તો કંપનીની મુખ્ય ઉત્પાદન પ્રક્રિયામાં વિક્ષેપ અને અવરોધ ઉદ્‌ભવે છે એ જ પ્રમાણે જો વારંવાર કિંમતમાં ફેરફાર થાય તો મુખ્ય વસ્તુની પડતર ગણતરી જટિલ બને છે અને મુખ્ય વસ્તુની પડતરમાં વારંવાર ફેરફાર હિતાવહ નથી કંપનીની શાખ અને પ્રતિષ્ઠાને પણ ધક્કો પહોંચે છે.

(4) સીમાન્ત પડતરનું મહત્વ :

જ્યારે છૂટાભાગ બનાવવાનો નિર્ણય કરવાનો હોય ત્યારે છૂટા ભાગના ઉત્પાદન માટે એકમ દીઠ સીમાન્ત પડતર ઓછી હોય તો જ વસ્તુ બનાવવાથી/ઉત્પાદન કરવાથી ફાયદો થાય છે.

(5) ફક્ત છૂટા ભાગનું ઉત્પાદન કરતી કંપનીનું કૌશલ્ય :

ઘણીવાર બહારની કંપની ફક્ત છૂટા ભાગ જ બનાવતી હોય અને તેનાં ઉત્પાદનમાં તે એકદમ સંપૂર્ણ (Perfect)હોય છે. તેની વસ્તુની ગુણવત્તા પણ ઉત્તમ હોય છે. આવા સંજોગોમાં કંપની જો છૂટા ભાગ ખરીદવાને બદલે બનાવવાનો નિર્ણય લે તો આપણે બનાવેલ ભાગ ગુણવત્તાની દૃષ્ટિએ ઊતરતો હોય તેવું બની શકે.

(6) જો છૂટા ભાગ બહારથી ખરીદવામાં આવે તો અમુક ટકા ઉત્પાદન ક્ષમતા ફાજલ પડતી હોય છે -

આ ફાજલ ઉત્પાદનક્ષમતાનો – અન્યત્ર ઉપયોગ થઈ શકશે કે નહી ? જો ઉપયોગ ન થાય તેમ હોય તો સ્થિર પરોક્ષ ખર્ચની બાકીનાં ઉત્પાદન પર કેવી અસર પડશે ? આને કારણે મુખ્ય વસ્તુની એકમદીઠ પડતર કેટલી વધશે ? આ બધી બાબતોનો ગંભીર વિચાર કરવો પડે છે.

(7) કાયમી રોકાણમાં વધારો :

છૂટા ભાગનું ઉત્પાદન કરવા માટે નવી કાયમી મૂડીની કેટલી જરૂર પડશે ? નવા યંત્ર/પ્લાન વિ. ગોઠવવા પડશે ? આ બધા પાછળ કરેલ રોકાણનું યોગ્ય વળતર મળી રહેશે કે કેમ તે અંગે પણ ઊંડાણપૂર્વક વિચાર કરવો પડે છે.

ઉપરોક્ત પરિબળો ઉપરાંત બિનપડતર પરિબળો જેવા કે છૂટા ભાગની કિંમતમાં વધઘટ, ટેક્નોલોજીમાં પરિવર્તનને કારણે છૂટા ભાગની ડિઝાઈન, કદ, ઉપયોગિતામાં થતા ફેરફાર, બહારના સપ્લાયરની વિશ્વસનીયતા વિ. પરિબળોનો પણ યોગ્ય ક્યાસ કાઢવો પડે છે.

4.3 વેચાણ મિશ્રણનાં નિર્ણય અંગે :

જ્યારે કંપની બે કે તેથી વધુ વસ્તુ બનાવતી હોય ત્યારે ઈષ્ટતમ ઉત્પાદન અને વેચાણ મિશ્રણ માટે તફાવત પડતરનો ઉપયોગ કરવામાં આવે છે. દરેક વસ્તુની નફાકારકતા જુદી જુદી હોય છે. જે વસ્તુ વધુ નફાકારક હોય તેનું ઉત્પાદન અને વેચાણ વધુમાં વધુ કરવું જોઈએ. આ માટે ફાળા અને નફા જથ્થાના ગુણોત્તરનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે : કંપની ત્રણ વસ્તુ A, Bઅને Cબનાવે છે. ત્રણેયનો ફાળો અનુક્રમે રૂ. 20, રૂ. 30 અને રૂ. 50 છે અને વેચાણ કિંમત અનુક્રમે રૂ. 50, રૂ. 90 અને રૂ. 200 છે તો ત્રણેયનો નફા જથ્થાનો ગુણોત્તર ફાળો/વેચાણ ×100 મુજબ Aનો ન. જ. ગુણોત્તર 40%Bનો ગુણોત્તર 33 1/3%અને Cનો ગુણોત્તર 25% થશે. દેખીતી રીતે વસ્તુCનો નફો રૂ. 50વધારે દેખાય છે પણ નફા જથ્થાના ગુણોત્તર મુજબ વસ્તુ Aની નફાકારકતા વધારે છે. ઉત્પાદનનો ક્રમ Aપછી Bઅને ત્યારબાદ Cનો રાખવો જોઈએ.

આ ઉપરાંત જ્યારે ચાવીરૂપ પરિબળ (Key factor or Limiting factor)અસ્તિત્વમાં હોય ત્યારે પણ કઈ વસ્તુ વધુ નફાકારક છે તે શોધવા માટે ચાવીરૂપ પરિબળના એકમ દીઠ ફાળો જેમ કે કિલો દીઠ ફાળો, કલાક દીઠ ફાળો વિ. નક્કી કરવામાં આવે છે અને જે વસ્તુનો ચાવીરૂપ પરિબળ અનુસાર મહત્તમ ફાળો હોય તેને અગ્રતાક્રમ આપવામાં આવે છે.

4.4 વસ્તુનુ ઉત્પાદન બંધ કરવા કે સ્થગિત કરવાના નિર્ણય અંગે :

ઘણીવાર કંપની જ્યારે બે કે તેથી વધારે વસ્તુનુ ઉત્પાદન કરતી હોય યારે તેમાંથી કોઈ એક વસ્તુ ઓછો નફો દર્શાવતી હોય અથવા ખોટ દર્શાવતી હોય ત્યારે કંપની આવી વસ્તુનું ઉત્પાદન અને વેચાણ બંધ કરવા વિચાર કરે છે. પરંતુ આમ કરતા પહેલા કંપનીએ અમુક અગત્યના પરિબળોનો વિચાર કરવો પડે છે. જે નીચે મુજબ છે.

1. વસ્તુઓની શ્રેણીમાંથી કોઈ એક વસ્તુનું ઉત્પાદન બંધ કરવાથી એકંદરે નફો અને નફાકારકતા વધે છે?

2. જે વસ્તુ બંધ કરવામાં આવે છે તેના સ્થિર ખર્ચનો બોજો બાકીની વસ્તુઓએ સહન કરવો પડશે. આને કારણે નફાકારકતામાં શું અસર થશે ?
3. વસ્તુનું ઉત્પાદન બંધ કરવાથી ફાજલ પડતી ઉત્પાદન ક્ષમતાનો બાકીની વસ્તુઓનાં ઉત્પાદન વધારવામાં થઈ શકશે ?
4. જો કોઈ વસ્તુનું ઉત્પાદન બંધ કરવાથી બાકીની વસ્તુઓના વેચાણ પર શું અસર થશે ? બાકીની વસ્તુઓનું વેચાણ યથાવત રહેવું અથવા વધવું જરૂરી છે.

કોઈપણ વસ્તુનું ઉત્પાદન બંધ કરવું કે સ્થગિત કરવા અંગેનો નિર્ણય એ સંચાલકો માટે પડકારરૂપ પ્રક્રિયા છે. જો સતત નુકશાન થતુ હોય, નફાકારકતા સતત ઘટતી હોય, ટેકનીકલનો હાઉ ના અભાવને કારણે હરીફ વસ્તુની લોકપ્રિયતા સતત વધતી હોય બજારમાં માંગ સતત ઘટતી હોય અને તે શૂન્ય થઈ જવાની શક્યતા દેખાતી હોય ત્યારે જ સંચાલકોએ વસ્તુનાં ઉત્પાદનને બંધ કરવાનો કે સ્થગિત કરવાનો નિર્ણય ગંભીર વિચારણા બાદ લેવો જરૂરી છે.

4.5 યંત્રો કે સાધનોની પુનઃ સ્થાપના અંગેનો નિર્ણય :

દરેક મોટી ફેક્ટરી અને ઉત્પાદન એકમમાં વિશાળ સંખ્યામાં યંત્ર સામગ્રી અને યાંત્રિક સાધનો વસાવેલા હોય છે જેના દ્વારા ઉત્પાદન પ્રક્રિયા સતત ધમધમતી હોય છે. સમય જતાં નવી શોધખોળ અને ટેક્નોલોજીકલ સંશોધનોને કારણે વધુ સારા અને વધુ ક્ષમતાવાળા યંત્રો/સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આ નવી શોધખોળને કારણે હાલના યંત્રો અને સાધનો ઓછા કાર્યક્ષમ લાગે છે. આથી કંપનીના સંચાલકો નવા સાધનો વસાવવા આકર્ષાય છે. પરંતુ આવો નિર્ણય લેતાં પહેલાં સંચાલકોએ નીચેની બાબતો વિચારવી રહી.

1. શું નવા સાધનો વસાવવાથી હાલના ઉત્પાદન કરતાં ખૂબ વધુ ઉત્પાદન પ્રાપ્ત થશે?
2. નવા યંત્રો વસાવવા પાછળ કેટલું મૂડીરોકાણ કરવું પડશે ?
3. આ માટેની આવશ્યક મૂડી સરળતાથી મળી રહેશે ?
4. રોકેલી મૂડી પર યોગ્ય વળતર મળી રહેશે ?
5. જૂના યંત્ર વેચવાથી તેની વ્યાજબી કિંમત મળી રહેશે ?
6. નવા યંત્રના સંચાલન માટે કર્મચારીઓને વિશેષ તાલીમ આપવી પડશે ?
7. આવી તાલીમ આપવાની કંપની પાસે સવલત છે ? બહારથી આવી તાલીમ આપી શકાય કે કેમ? તે માટે કેટલો ખર્ચ થશે ?
8. નવા યંત્રની ગોઠવણીથી વિજળી વપરાશ થશે કે ઘટાડો ?
9. અન્ય સ્થિર ખર્ચમાં હાલ કરતા વધારો થશે કે ઘટાડો ?
10. મજૂર કલાક દરમાં કોઈ ફેરફાર થશે કે કેમ ?

11. છેલ્લે જૂના યંત્ર દ્વારા ઉત્પાદનથી વસ્તુની એકમ દીઠ પડતર અને નવા યંત્ર મારફત ઉત્પાદનથી એકમ દીઠ પડતરમાં શું ફેરફાર આવશે.

ઉપરોક્ત બધી બાબતોને ધ્યાનમાં રાખી એક તુલનાત્મક પત્રક બનાવવામાં આવે છે. જેના આધારે એકમ દીઠ પડતર, બંને યંત્રો દ્વારા થતા ઉત્પાદનની નક્કી કરી એકંદરે કંપનીનો નફો વધે છે કે ઘટે છે તે નક્કી કરવામાં આવે છે. જો એકંદર નફો વધારે દર્શાવતો હોય અને રોકેલી મૂડી પર અપેક્ષિત વળતર મળતું હોય તો જ નવુ યંત્ર વસાવી શકાય.

4.6 નવી વસ્તુ બજારમાં મૂકવા અંગે અને/અથવા નવા બજારમાં પ્રવેશ અંગેનો નિર્ણય લેવા અંગે :

હાલની સફળતાથી પ્રેરાઈને, સંચાલકો નવી વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરવા વિચારતા થઈ જાય છે. કંપની હાલ જે વસ્તુ વેચે છે તેનું નિશ્ચિત માર્કેટ છે. દા.ત. બાલાજી વેફરનું માર્કેટ ખૂબ સારૂ છે હવે તે અન્ય નમકીન વસ્તુ બજારમાં મૂકવા માંગે છે. એ જ રીતે કોલગેટ કંપની અત્યાર સુધી ફક્ત ટુથપેસ્ટનું ઉત્પાદન અને વેચાણ કરે છે જેનુ ચોક્કસ માર્કેટ છે/સારી માંગ છે. હવે તે ટુથબ્રશ અને ટુથ પાવડર બજારમાં મૂકવા માંગે છે. અહીં કંપનીની એક કે વધુ વસ્તુ બજારમાં છે જ અને કંપનીની સ્થાપિત પ્રતિષ્ઠા પણ છે જેનો લાભ નવી વસ્તુને મળશે. આમ છતાં નવી વસ્તુ બજારમાં મૂકતા પહેલા નીચેની બાબતોનો વિચાર કરવો પડે છે.

1. કંપની જે નવી વસ્તુ બજારમાં મૂકવા માંગે છે, તે માટે હાલ કોઈ સબળ હરીફ કંપની બજારમાં હાજર છે ? જો હા તો તેની વસ્તુની માંગ ગ્રાહકોને એ વસ્તુમાં વિશ્વાસ અને સંતોષ વિગેરેની તપાસ કરવી પડે છે.
2. નવી વસ્તુ બજારમાં મૂકવા અંગે પડતરનો અને તેમાંથી મળતી આવકનો વિચાર કરવો પડે છે. શરૂઆતના તબક્કામાં નફાનો વિચાર ન કરીએ, તો પણ નુકશાન તો ન થાય તે જોવું પડે છે. એમાં પણ હરીફ કંપનીની હાલની વસ્તુ જેવી જ ગુણવત્તાવાળી વસ્તુ બનાવવા કેટલો ખર્ચ આવશે તે ખાસ જોવું પડે છે.
3. નવી વસ્તુનાં ઉત્પાદન માટે વધારાની યંત્ર સામગ્રી, સાધનો, સવલતો અને માનવશક્તિ વિ. પણ ધ્યાનમાં લેવા પડે છે. આ બધી બાબતો સરળતાથી મળી રહેશે કે કેમ ?
4. ઉપરોક્ત મુદ્દા. ૩ માટે વધારાની કાયમી મૂડીની જરૂરીયાતનો અંદાજ કાઢવો, આ મૂડી પ્રાપ્તિનાં સાધનોનો અભ્યાસ કરવો અને મૂડી પર યોગ્ય વળતર મળી રહેશે કે નહિ તે બધી બાબતો વિચારવી પડે છે.
5. કારખાનાની હાલની જગ્યામાં જ આ સવલતો ઊભી કરી શકાશે ? જો વધારાની જગ્યાની જરૂર ઊભી થાય તો એ સમસ્યાનું નિરાકરણ શું ?

6. નવી વસ્તુના ઉત્પાદન માટે જરૂરી ટેક્નીકલ કૌશલ્ય ઉપલબ્ધ છે ?
7. નવી વસ્તુનાં વેચાણ માટેની નવી વેચાણ વ્યવસ્થા ઊભી કરવી પડશે કે કંપનીની હાલની જે વેચાણ વ્યવસ્થા છે તે પુરતી છે ?

એ જ રીતે નવા બજારમાં પ્રવેશ અંગે ઉપર મુજબના ઘણા મુદ્દાઓ ધ્યાનમાં લેવા પડે છે.

4.7 વિદેશી ઓર્ડર/નિકાસ ઓર્ડર સ્વીકારવા અંગે

ઘણીવાર કંપનીને ઘટાડેલી વેચાણકિંમતે નિકાસ ઓર્ડર પ્રાપ્ત થાય છે. અહીં વિદેશી ગ્રાહક અમુક ખાસ શરતોને આધીન હાલની વસ્તુની સ્થાનિક વે.કિ. કરતાં ઓછી કિંમત ઓફર કરે છે. ત્યારે આ ઓર્ડર સ્વીકારવો કે નહિં તેનો નિર્ણય સંચાલકોએ કરવો પડે છે. આ માટે નીચેની બાબતો ખાસ ધ્યાનમાં લેવી આવશ્યક છે.

1. ઓફર થયેલ ભાવ વસ્તુની એકમ દીઠ સીમાન્ત પડતર કરતાં વધુ હોવી જોઈએ.
2. નિકાસ ઓર્ડરને લગતા ખાસ ખર્ચા જેવા કે ખાસ પેકિંગ ખર્ચ, નિકાસ અંગેના ખર્ચ ધ્યાનમાં લેવા જોઈએ.
3. વસ્તુની એકમ દીઠ સીમાન્ત પડતર + નિકાસ અંગેના ખર્ચનો સરવાળો ઓફર થયેલ ભાવ કરતાં ઓછો હોવો જોઈએ. આ તફાવત જેટલો વધારે તેટલો નિકાસ ઓર્ડરમાંથી મળવાપાત્ર નફો વધારે.
4. કંપની પાસે નિકાસ ઓર્ડરને પહોંચી વળવા ફાજલ ઉત્પાદનક્ષમતા હોવી જરૂરી છે. નિકાસ ઓર્ડરના સ્વીકારથી સ્થાનિક વેચાણમાં કોઈપણ ફેરફાર કે ઘટાડો ન થવો જોઈએ.

ઉપરોક્ત દર્શાવેલ તમામ મુદ્દા ધ્યાનમાં લીધા બાદ જ નિકાસ ઓર્ડર સ્વીકારવો કે નહિ તેનો નિર્ણય લેવો જોઈએ.

4.8 સ્થાનિક ખાસ ઓર્ડર ખાસ કિંમતે સ્વીકારવા અંગે :

ઉપર નિકાસ ઓર્ડર માટે દર્શાવેલ તમામ મુદ્દા ધ્યાનમાં લેવા ઉપરાંત વધારાની નીચેની બાબતો પણ વિચારવી.

1. સ્થાનિક ઓર્ડર મોટા જથ્થામાં ખાસ કિંમતે (ઓછી કિંમતે) મળતો હોય ત્યારે એ ખાસ ધ્યાન રાખવું કે હાલ આપણે જે કિંમતે વસ્તુ વેચીએ છીએ તેના કરતાં આ ઓર્ડરમાં ઓછી કિંમત પ્રાપ્ત થશે. ખરીદનાર ગ્રાહક ભવિષ્યમાં આપણો જ હરીફ ન બને તે ધ્યાને લેવું તથા આ ઓર્ડર એ રીતે સ્વીકારવો કે જેથી સ્થાનિક બજારમાં સ્થાનિક ગ્રાહકોને હાલની કિંમત માટે અસંતોષ કે કચવાટ ન થાય.

4.9 વધતી જતી ઊપજ નક્કી કરવા અંગે :

વિવિધ સપાટીએ કે વિવિધ વિકલ્પોએ પડતરના ઉદ્ભવતા તફાવતને વધતી જતી પડતર (incremental Cost)કહેવામાં આવે છે. તેની સામે વેચાણ મૂલ્યમાં થતો વધારો વધતી જતી ઉપજ (Incremental Revenur)કહેવામાં આવે છે. આના આધારે શ્રેષ્ઠ વિકલ્પ નક્કી કરવામાં સરળતા રહે છે.

આ બાબત ઉદાહરણ દ્વારા વધુ સ્પષ્ટ થશે.

3,000 એકમો પડતર રૂ. 3,00,000 વેચાણ રૂ. 3,60,000

4,000 એકમો પડતર રૂ. 3,75,000 વેચાણ રૂ. 4,60,000

5,000 એકમો પડતર રૂ. 4,20,000 વેચાણ રૂ. 5,50,000

એકમો	પડતર	પડતરમાં વધારો	વેચાણ	વેચાણમાં વધારો
3,000	3,00,000	-	3,60,000	-
4,000	3,75,000	75,000	4,60,000	1,00,000
5,000	4,20,000	45,000	55,000	90,000

છેલ્લો વિકલ્પ શ્રેષ્ઠ છે કારણ કે પડતરમાં રૂ. 45000નાં વધારા સામે વેચાણ રૂ. 90000 વધારો દર્શાવે છે.

4.10 વ્યવહારૂ ઉદાહરણો :

ઉદાહરણ – 1

મેક ઈન્ડિયા લિ. સ્પોર્ટસ સાધનો બનાવે છે અને વેચે છે. પડતરની નોંધો પરથી બે સાધનો Pઅને Qઅંગે નીચેની માહિતી મળે છે.

વિગત	P	Q
એકમ દીઠ કાચો માલ	16-00	12-00
મજૂર કલાકો	24 કલાક	16 કલાક
મજૂરીનો કલાકનો દર	1-00	1-00
વેચાણ કિંમત	100-00	70-00
ચલિત ખર્ચ : મજૂરીના	150%	150%
સ્થિર ખર્ચ : રૂ. 1200		

કંપનીના સંચાલકો આગામી સમયના બજેટ માટે નીચે મુજબના વેચાણ મિશ્રનાં વિકલ્પો વિચારે છે.

A. P અને Qબંનેનાં 500 એકમો સરખા હિસ્સે

B. માત્ર Qનાં 400 એકમો

C. Pનાં400એકમો અને Qનાં 100 એકમો

D. Pનાં 150 એકમો અને Qનાં 350 એકમો

તમે કયો વિકલ્પ અપનાવવા માટે ભલામણ કરશો તે જણાવો.

ઉત્તર :

વસ્તુ Pઅને Qની સીમાન્ત પડતર અને ફાળો દર્શાવતુ પત્રક

વિગત	P	Q
કાચોમાલ	16-00	12-00
મજૂરી	24-00	16-00
ચલિત ખર્ચા (મજૂરીનાં 150%)	36-00	24-00
ચલિત પડતર	76-00	52-00
વેચાણ કિંમત	100-00	70-00
એકમ દીઠ ફાળો	24-00	18-00

હવે દરેક વિકલ્પ દીઠ પ્રાપ્ત થતો ફાળો અને નફો નક્કી કરીશું.

વિકલ્પ-1	**રૂ.**
Pનાં 250એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 24	6,000
Qનાં 250 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 18	4,500
કુલ ફાળો	10,500
બાદ : સ્થિર ખર્ચા	1,200
ચોખ્ખો નફો	9,300

વિકલ્પ-૨	**રૂ.**
માત્ર Qનાં 400 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 18	7,200
બાદ : સ્થિર ખર્ચા	1,200
ચોખ્ખો નફો	6,000

વિકલ્પ-૩	**રૂ.**
Pનાં 400 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 24	9,600
Qનાં 100 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 18	1,800

કુલ ફાળો	11,400
બાદ : સ્થિર ખર્ચા	1,200
ચોખ્ખો નફો	10,200

વિકલ્પ-૪	**રૂ.**
Pનાં 150 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 24	3,600
Qનાં 350 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 18	6,300
કુલ ફાળો	9,900
બાદ : સ્થિર ખર્ચા	1,200
ચોખ્ખો નફો	8,700

વિકલ્પ-3માં વધુમાં વધુ ફાળો અને મહત્તમ નફો પ્રાપ્ત થાય છે. માટે વિકલ્પ-3 સ્વીકારવો ફાયદાકારક અને શ્રેષ્ઠ મિશ્રણ દર્શાવે છે.

ઉદાહરણ-2

ઝલક લિ. બે સ્પેરપાર્ટસનું ઉત્પાદન કરે છે. સ્પેરપાર્ટસ Xઅને Yજે અંગે પડતરનાં રેકર્ડઝ મુજબ નીચેની માહિતી મળે છે.

વિગત	**X**	**Y**
એકમ દીઠ માલસામાન	રૂ. 90	રૂ. 80
પ્રત્યક્ષ મજૂરી	રૂ. 30	રૂ. 20
વેચાણ કિંમત એકમ દીઠ	રૂ. 175	રૂ. 150
ચલિત ખર્ચા : પ્રત્યક્ષ મજૂરીનાં	150%	150%
સ્થિર ખર્ચા રૂ. 4,000		

આગામી બજેટ માટેનાં નીચેનાં વેચાણ મિશ્ર વિકલ્પો વિચારણા હેઠળ છે.

1. Xના 240 એકમો અને Yનાં 260 એકમો
2. માત્ર Yનાં 430 એકમો
3. Xના 170 એકમો અને Yનાં 360 એકમો
4. માત્ર Xનાં 770 એકમો

શ્રેષ્ઠ વેચાણ મિશ્રની સલાહ આપો.

ઉત્તર :

વસ્તુ Xઅને Yનું એકમ દીઠ સીમાન્ત પડતર અને ફાળો દર્શાવતું પત્રક

વિગત	રૂ.	રૂ.
માલસામાન	90-00	80-00
પ્રત્યક્ષ મજૂરી	30-00	20-00
ચલિત ખર્ચ મજૂરીના ૧૫૦% લેખે	45-00	30-00
એકમ દીઠ સીમાન્ત પડતર (V)	165-00	130-00
એકમ દીઠ વેચાણ કિંમત (S)	175-00	150-00
એકમ દીઠ ફાળો (S) - (V)	10-00	20-00

વિકલ્પ –1		રૂ.
Xનાં 240 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 10	=	2,400
Y નાં 260 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 20	=	5,200
કુલ ફાળો	=	7,600
બાદ : સ્થિર ખર્ચા	=	4,000
નફો	=	3,600
વિકલ્પ – 2		**રૂ.**
Y નાં 430 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 20	=	8,600
બાદ : સ્થિર ખર્ચા	=	4,000
નફો	=	4,600
વિકલ્પ – 3		**રૂ.**
Xનાં 170 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 10	=	1,700
Y નાં 360 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 20	=	7,200
કુલ ફાળો	=	8,900
બાદ : સ્થિર ખર્ચા	=	4,000
નફો	=	4,900
વિકલ્પ – 4		**રૂ.**
Xનાં 770 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 10	=	7,700
બાદ : સ્થિર ખર્ચા	=	4,000
નફો	=	3,700

વિકલ્પ નં. 3 માં પ્રાપ્ત ફાળો અને નફો મહત્તમ છે તેથી વિકલ્પ-3 સ્વીકારવો જોઈએ.

ઉદાહરણ – 3

પ્રેમલ લિમિટેડ A, Bઅને Cનામની ત્રણ વસ્તુઓનું ઉત્પાદન કરે છે. જેની એકમ દીઠ પડતર અને વેચાણ કિંમત નીચે મુજબ છે.

વિગત	A	B	C
પ્રત્યક્ષ માલ	9-00	6-00	5-00
પ્રત્યક્ષ મજૂરી	11-00	4-00	4-00
ચલિત પરોક્ષ ખર્ચા	7-00	10-00	3-00
વેચાણ કિંમત	50-00	25-00	20-00

સ્થિર ખર્ચા દર મહિને રૂ. 280000 થાય છે. માર્ચ અને એપ્રિલ 2020ના વેચાણ એકમો નીચે મુજબ છે.

વિગત	A	B	C
માર્ચ 2020	12,000	8,000	12,500
એપ્રિલ 2020	6,000	12,000	25,000

બીજા મહિને વેચાણ વધ્યુ હોવા છતા નફામાં ઘટાડો નોંધાયો છે. આમ બનવાનું કારણ આકડાં સહિતનું પત્રક બનાવી સ્પષ્ટ કરો.

ઉત્તર :

વસ્તુ A, Bઅને Cની એકમ દીઠ સીમાન્ત પડતર અને ફાળો દર્શાવતું પત્રક :

વિગત	A	B	C
પ્રત્યક્ષ માલ	9-00	6-00	5-00
પ્રત્યક્ષ મજૂરી	11-00	4-00	4-00
ચલિત પરોક્ષ ખર્ચા	7-00	10-00	3-00
એકમ દીઠ સીમાન્ત પડતર (V)	27-00	20-00	12-00
એકમ દીઠ વેચાણ કિંમત (S)	50-00	25-00	20-00
એકમ દીઠ ફાળો (S) – (V)	23-00	5-00	8-00

માર્ચ 2020ના વેચાણ મિશ્રનાં નફાની ગણતરી :

A :12000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 23	રૂ. 2,76,000
B :8000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 5	રૂ. 40,000
C :12500 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 8	રૂ. 1,00,000
કુલ ફાળો	રૂ. 4,16,000
- સ્થિર ખર્ચા	રૂ. 280000

માર્ચ 2020નાં વેચાણનો નફો	રૂ. 136000

એપ્રિલ 2020ના વેચાણ મિશ્રનાં નફાની ગણતરી :

A :6000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 23	રૂ. 1,38,000
B :12000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 5	રૂ. 60,000
C :2500 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 8	રૂ. 2,00,000
કુલ ફાળો	રૂ. 3,98,000
- સ્થિર ખર્ચા	રૂ. 2,80,000
એપ્રિલ 2020નાં વેચાણનો નફો	રૂ. 118000

એપ્રિલમાં નફો ઘટવાનું કારણ :

વસ્તુ Aકે જેનો એકમ દીઠ ફાળો રૂ. ૨૩ છે તેનું વેચાણ અર્ધુ થઈ ગયુ છે જ્યારે જે બે વસ્તુ Bઅને Cનું વેચાણ અનુક્રમે 4,000 એકમો અને 12,500 એકમો વધ્યુ છે પણ તેનો એકમ દીઠ ફાળો ઘણો ઓછો છે. અનુક્રમે રૂ. 5 અને રૂ. 8 છે. આમ વધુ ફાળો ધરાવતી વસ્તુ Aના વેચાણ ઘટાડાને કારણે એપ્રિલ 2020નો નફો ઘટ્યો છે.

ઉદાહરણ-4

વિજય લિ. 100% ઉત્પાદન સપાટીએ 1,20,000 એકમો ઉત્પાદન કરી શકે છે. હાલ તે સ્થાનિક બજારમાં વેચાણ માટે 90,000નું ઉત્પાદન કરે છે જે પૂરેપૂરું વેચાય જાય છે. હાલની પરિસ્થિતિમાં ખર્ચની વિગતો નીચે મુજબ છે.

વેચાણ એકમો	90,000
એકમ દીઠ વે.કિ.	10-00

સ્થિર ખર્ચા :

કારખાનાનાં	2,50,000
વેચાણનાં	30,000

ચલિત ખર્ચા :

ઉત્પાદન અંગે એકમ દીઠ રૂ. 5-00

વેચાણ અંગે એકમ દીઠ રૂ. 0-50

બાકીની ફાજલ ઉત્પાદન શક્તિ 30,000 એકમો માટે નિકાસ ઓર્ડર મળે તેમ છે જે એકમ દીઠ રૂ. 8 નો ભાવ ઓફર કરે છે. જો આ ઓર્ડર સ્વીકારાય તો એકમ દીઠ નિકાસ ખર્ચ રૂ. 0.60 થશે અને કારખાના સ્થિર ખર્ચા 10% અને વેચાણ સ્થિર ખર્ચા 20% વધશે. શું કંપનીએ આ ભાવે ઓફર સ્વીકારવી જોઈએ ? સલાહ આપો.

ઉત્તર :

સ્થાનિક બજારમાં થતા હાલના 90,000 એકમો અંગે પડતર અને નફો દર્શાવતું પત્રક

વિગત	રકમ રૂ.	રકમ રૂ.
ચલિત ખર્ચા :		
ઉત્પાદન અંગે રૂ. 5× 90,000 એકમો	4,50,000	
વેચાણ અંગે રૂ. 0.50 × 90,000 એકમો	45,000	4,95,000
સ્થિર ખર્ચા :		
કારખાનાનાં	2,50,000	
વેચાણના	30,000	2,80,000
કુલ પડતર		7,75,000
વેચાણ : વે.કિ. રૂ. 10 × 90,000 એકમો		9,00,000
વર્તમાન નફો		1,25,000

નિકાસ ઓર્ડર માટેનાં 30,000 એકમોના પડતર અને નફાની ગણતરી :

વિગત	રકમ રૂ.
ચલિત ખર્ચા :	
ઉત્પાદન અંગે : એકમ દીઠ રૂ. 5× 30,000 એકમો	1,50,000
વેચાણ અંગ. :એકમ દીઠ રૂ. 0.50 × 30,000 એકમો	15,000
નિકાસ ખર્ચ :એકમ દીઠ રૂ. 0.60 × 30,000 એકમો	18,000
કુલ ચલિત ખર્ચા	1,83,000
સ્થિર ખર્ચમાં વધારો :	
કારખાના ખર્ચ 2,50,000 નાં 10%	25,000
વેચાણ ખર્ચ 30,000 નાં 20%	6,000
30,000 એકમો ×એકમ દીઠ રૂ. 8 ઓફર કિંમત	2,14,000
નિકાસ ઓર્ડરમાંથી મળતી આવક	2,40,000
નિકાસ ઓર્ડરમાંથી નફો	2,60,000

નિકાસ ઓર્ડર સ્વીકારવાથી નફો રૂ. 26,000 વધે છે તેથી નિકાસ ઓર્ડર સ્વીકારવો ફાયદાકારક છે.

ઉદાહરણ-5

એકત્વ લિ. ની નીચેની માહિતી પરથી નિકાસ ઓર્ડર સ્વીકારવો કે નહિ તે દર્શાવો.

1. એકમ દીઠ સ્થાનિક વેચાણ કિંમત રૂ. 20-00
2. એકમ દીઠ ચલિત ખર્ચા રૂ. 12-00
3. સમતૂટ બિંદુ : કુલ ઉત્પાદન ક્ષમતાની 60% સપાટીએ
4. સલામતી ગાળો : કુલ ઉત્પાદન ક્ષમતાની 20% સપાટીએ
5. નિકાસ ઓર્ડર 5,000 એકમો ફાજલ ઉત્પાદન શક્તિ માટે એકમ દીઠ રૂ. 15-00નાં ભાવે પ્રાપ્ત થાય તેમ છે.
6. નિકાસ ઓર્ડર સ્વીકારાય તો એકમ દીઠ નિકાસ અંગેનાં ખાસ પેકિંગ ચાર્જ રૂ. ૧-૦૦ થશે.

જો નિકાસ ઓર્ડર 10,000 એકમોનો હોય અને ઉત્પાદન ક્ષમતામાં કોઈ ફેરફાર શક્ય ન હોય તો સ્થાનિક વેચાણમાં કાપ મૂકી નિકાસ ઓર્ડર સ્વીકારવો કે કેમ તે અંગે યોગ્ય સલાહ આપો.

ઉત્તર :

સમતૂટ બિંદુ 60% સપાટીએ અને સલામતી ગાળો 20% સપાટી તેથી હાલનું ઉત્પાદન 80% ક્ષમતાએ થાય છે. ફાજલ ઉત્પાદન ક્ષમતા 20% છે જે માટે 5,000 એકમોનો નિકાસ ઓર્ડર મળે છે. આથી કુલ ઉત્પાદન ક્ષમતા

$\frac{5,000\times100}{20} = 25,000$એકમો

સમતૂટ બિંદુ : 25,000 એકમો ×60%	=	15,000 એકમો
સલામતી ગાળો : 25,000 એકમો ×20%	=	5,000 એકમો
હાલનું વેચાણ	=	20,000 એકમો

હવે 20,000 એકમોનાં સ્થાનિક વેચાણનો નફો શોધીએ.

પડતર અને નફો દર્શાવતું પત્રક

વિગત		રકમ રૂ.
ચલિત ખર્ચા : 20,000 એકમો ×એકમ દીઠ રૂ. 12		2,40,000
વેચાણ : 20,000 એકમો ×એકમ દીઠ રૂ. 20		4,00,000
	ફાળો	1,60,000
બાદ : સ્થિર ખર્ચ (નોંધ-1)		1,20,000
	વર્તમાન નફો	40,000

નોંધ – 1

સ્થિર ખર્ચની ગણતરી :

$$BEP = \frac{f}{s - v}$$

15,000 એકમો $= \frac{f}{20-12}$

15,000 એકમો $\frac{f}{8}$

f = રૂ. 1,20,000

સ્થિર ખર્ચા હાલનાં વેચાણમાંથી સંપૂર્ણ વસુલ થઈ ગયા છે તેથી નિકાસ ઓર્ડરમાં ફક્ત ચલિત ખર્ચ અને વધારાનો પેકિંગ ખર્ચ જ ગણતરીમાં લેવાશે.

નિકાસ ઓર્ડરની ઓફર પ્રાઈઝ રૂ. 15×5,000 એકમો = રૂ. 75,000

- 5,000 એકમોનું ચલિત પડતર રૂ. 12 + 1-00 લેખે = રૂ. 65,000

નિકાસ ઓર્ડરનો નફો = રૂ. 10,000

આમ નિકાસ ઓર્ડરમાંથી રૂ. 10,000 નફો મળે છે તેથી નિકાસ ઓર્ડર સ્વીકારવો જોઈએ.

જો નિકાસ ઓર્ડર 10,000 એકમોનો હોય અને ઉત્પાદન ક્ષમતા વધારી શકાય તેમ ન હોય તો સ્થાનિક હાલનું વેચાણ ઘટીને 15,000 એકમો થશે.

સ્થાનિક વેચાણનાં ફાળાનો ઘટાડો 5,000 × રૂ. 8 = 40,000

નિકાસ ઓર્ડરનાં 5,000 એકમમાંથી મળતો ફાળો રૂ. ૨ લેખે = 10,000

ફાળામાં ઘટાડો = 30,000

જે નફામાં ઘટાડો દર્શાવે છે તેથી 10,000 એકમોનો નિકાસ ઓર્ડર સ્વીકારવો યોગ્ય નથી.

ઉદાહરણ-6

શ્રેયસ કું વિવિધ વસ્તુઓનું ઉત્પાદન કરે છે જે માટે જુદા જુદા પ્રકારના છૂટા ભાગો (loose parts)ની જરૂરીયાત રહે છે મશીન નં. 543જે પૂર્ણ ઉત્પાદન શક્તિએ વસ્તુ Zનું ઉત્પાદન કરે છે. વસ્તુ Zના એક એકમનું ઉત્પાદન કરવા માટે 4 કલાકનો સમય થાય છે. વસ્તુ Zની એકમ દીઠ ચલિત પડતર રૂ. 72 છે અને વે.કિં. રૂ. 120 છે.

વસ્તુ Zમાં વપરાતો AS-5નામનો છૂટો ભાગ સપ્લાયર પાસેથી એકમ દીઠ રૂ. 15-00નાં ભાવે મળે છે અને જો તે બનાવવામાં આવે તો તેની એકમ દીઠ ચલિત પડતર રૂ. 6-00 છે અને ઉત્પાદન માટેનો સમય ૨ કલાકનો છે.

શું કંપનીએ છૂટો ભાગ AS-5બનાવવો જોઈએ કે બહારથી ખરીદવો જોઈએ ? યાંત્રિક કલાક દર મર્યાદિત પરિબળ છે.

ઉત્તર : હાલ મશીન નં. 543 પર વસ્તુ Zનું ઉત્પાદન પૂર્ણ કક્ષાએ થાય છે. જો છૂટો ભાગ AS-5બનાવવામાં આવે તો તેટલે અંશે વસ્તુ Zનું ઉત્પાદન ગુમાવવું પડશે કારણ કે યાંત્રિક કલાકો એ મર્યાદિત પરિબળ છે.

વસ્તુ Zમાંથી મળતો એકમ દીઠ ફાળો :

Zની વે.કિં	રૂ. 120
- ચલિત પડતર	રૂ. 72
ફાળો	રૂ. 48

યાંત્રિક કલાક દીઠ ફાળો 48/4 કલાક = રૂ. 12

હવે જો વસ્તુ Zનાં બદલે છૂટો ભાગ AS-5બનાવવામાં આવે તો 2 કલાકનાં સમય જોઈશે તેટલે અંશે વસ્તુ Zનું ઉત્પાદન ઓછું થવાથી તેમાંથી મળતો ફાળો ગુમાવવો પડશે.

છૂટો ભાગ AS-5બનાવવાથી પડતર :

એકમ દીઠ ચલિત પડતર	રૂ. 6-00
વસ્તુ Zનો ગુમાવવો પડતો ફાળો	રૂ. 24-00

AS-5ની ઉત્પાદન પડતર ₹ 30-00

આ વસ્તુ બહારથી ખરીદવાથી ₹. 15-00નાં ભાવે મળે છે તેથી બહારથી ખરીદવાથી ફાયદો થાય છે માટે AS-5બહારના સપ્લાયર પાસેથી ખરીદવાનું હિતાવહ છે.

ઉદાહરણ-7

મુરલીધર કંપની લિ. છૂટા ભાગોનું ઉત્પાદન કરે છે જેની વિગત નીચે મુજબ છે.

એકમ દીઠ માલસામાનની જરૂરીયાત	₹. 15-00
કલાકનો વેતન દર	₹. 10-00
ચલિત કારખાના ખર્ચ કલાકદીઠ	₹. 8-00
સ્થિર ઉત્પાદન ખર્ચા કલાકદીઠ	₹. 10-00

છૂટા ભાગના એકમ દીઠ ઉત્પાદન માટેનો કામદાર સમય : 30 મીનીટ

કંપનીને વર્ષ 2020 માટે 2,00,000 છૂટા ભાગોની જરૂરીયાતનો અંદાજ છે. જો છૂટા ભાગ બનાવવામાં આવે તો વાર્ષિક સુપરવીઝન અને ટેસ્ટિંગ ચાર્જ ₹. 80,000 થવાનો અંદાજ છે.

જો કંપનીઆ ભાગ બહારથી ખરીદે તો સપ્લાયર એકમ દીઠ ₹. 25ના ભાવે આપવા તૈયાર છે.

કંપનીને સલાહ આપો : છૂટા ભાગનું ઉત્પાદન કરવું કે બહારથી ખરીદવો ?

જો છૂટા ભાગની જરૂરીયાત વાર્ષિક 1,00,000 એકમોની હોય તો તમારા જવાબમાં કંઈ ફેર પડશે ? ઉપરાંત જો વાર્ષિક જરૂરીયાત 80,000 એકમોની અંદાજવામાં આવે તો તમારો જવાબ જણાવો.

ઉત્તર :

છૂટા ભાગનાં 2,00,000 એકમો માટેનું કુલ અને એકમ દીઠ પડતર પત્રક

વિગત	એકમ દીઠ રૂ.	કુલ રૂ.
માલસામાન	15-00	30,00,000
મજૂરી : 2,00,000 એકમો ×1/2 કલાક × દર રૂ. 10	05-00	10,00,000
ચલિત કારખાના ખર્ચ 2,00,000 એકમો ×1/2 કલાક × દર રૂ. 8	04-00	8,00,000
	24-00	48,00,000
ચલિત અથવા સીમાન્ત પડતર	0-40	8,00,000
ઉમેરો : સુપરવીઝન અને ટેસ્ટિંગ ચાર્જ	24-40	48,80,000
કુલ પડતર		

જો 2,00,000 એકમો બહારથી ખરીદવામાં આવે તો એકમ દીઠ રૂ. 25 લેખે રૂ. 50,00,000 ચૂકવવાના થાય. આમ છૂટો ભાગ ફેક્ટરીમાં જ બનાવવાથી રૂ. 1,20,000 નો ફાયદો થાય તેમ છે તેથી છૂટો ભાગ બનાવવાની સલાહ છે.

જો વાર્ષિક જરૂરીયાત 1,00,000 એકમોની હોય તો :

1,00,000 એકમો × રૂ. 24 એકમ દીઠ ચલિત પડતર =		રૂ. 24,00,000
+ સુપર વીઝન ખર્ચ	=	રૂ. 80,000
		રૂ. 24,80,000

જો 1,00,000 એકમો બહારથી ખરીદવામાં આવે તો એકમ દીઠ રૂ. 25 લેખે 2,50,000 ચૂકવવાનાં થશે. આમ જો છૂટા ભાગનું ઉત્પાદન કરવામાં આવે તો રૂ. 20000ની બચત થશે.

જો વાર્ષિક જરૂરીયાત 80,000 એકમોની હોય તો :

80,000 એકમો ×એકમ દીઠ ચલિત પડતર રૂ. 24	=	19,20,000
+ સુપરવીઝન ખર્ચ	=	80,000
કુલ ઉત્પાદન ખર્ચ	=	20,00,000

બહારથી ખરીદવામાં આવે તો 80,000 એકમો × રૂ. 25=20,00,000

આ પરિસ્થિતિમાં છૂટો ભાગ બનાવવાથી કે ખરીદવાથી કઈ તફાવત થતો નથી. આથી સંચાલકોને અન્ય પરિબળો ધ્યાનમાં લઈ જે નિર્ણય વ્યાજબી લાગે તે લઈ શકે છે.

ઉદાહરણ-8

પેરેમાઉન્ટ કંપની ત્રણ વસ્તુ A, Bઅને Cનું ઉત્પાદન અને વેચાણ કરે છે. ત્રણેય વસ્તુ ઉત્પાદન અને વેચાણ બાબતે સંપૂર્ણ સ્વતંત્ર છે.

કંપની 2020 માટે નીચે મુજબની વિગતો આપે છે.

વિગત	A રૂ.	B રૂ.	C રૂ.
ચલિત પડતર	12,000	22,000	6,000
સ્થિર પડતર	1,500	24,000	4,500
કુલ ઉત્પાદન પડતર (A)	13,500	96,000	10,500
વેચાણ અંગેના ખર્ચા	4,050	4,050	3,900
ચલિત ખર્ચા	1,050	900	1,050
સ્થિર ખર્ચા			
કુલ પડતર (B)	18,600	1,00,950	15,450
વેચાણ (C)	22,500	1,12,500	15,000
નફો (નુકશાન) (C) – (B)	3,900	11,550	- 450

ઉપરોક્ત પત્રકમાં દર્શાવ્યા મુજબ વસ્તુ Cરૂ. 450ની ખોટ દર્શાવે છે. આથી સંચાલકો વસ્તુ Cનું ઉત્પાદન અને વેચાણ બંધ કરવા ઈચ્છે છે. પડતર હિસાબનીશ તરીકે તમારો અભિપ્રાય માંગવામાં આવે છે. તમારો અભિપ્રાય દર્શાવો.

ઉત્તર :

અહીં વસ્તુ Cખોટ દર્શાવે છે તેથી તે બંધ કરવા માટે સ્પષ્ટ કારણ મળી રહે છે. પરંતુ હકીકતે વસ્તુ Cનો નફા જથ્થાનો ગુણોત્તર/ફાળાનો ગુણોત્તર કેટલો છે તે નક્કી કરી નિર્ણય લેવો આવશ્યક બને છે. આ માટે આપણે ઉપરોક્ત પત્રકને નીચે મુજબ પુનઃ ગોઠવીને રજૂ કરીશું.

વસ્તુ A, Bઅને Cનું ફાળો દર્શાવતુ પત્રક

વિગત	A રૂ.	B રૂ.	C રૂ.
ચલિત ઉત્પાદન પડતર	12,000	72,000	6,000
સ્થિર વેચાણ ખર્ચ	4,050	4,050	3,900
ચલિત/સિમાન્ત પડતર (A)	16,050	76,050	9,900
વેચાણ (B)	22,500	1,12,500	15,000
ફાળો (B) – (A)	6,450	36,450	5,100
બાદ : સ્થિર ખર્ચા : ઉત્પાદનનાં	1,500	24,000	4,500
	1,050	900	1,050

	3,900	11,550	- 450
વેચાણનાં			
નફો/નુકશાન	6,450×100	36,450×100	5,100×100
નફા જથ્થાનો ગુણોત્તર :	22,500	1,12,500	15,000
ફાળો/વેચાણ × 100	28.67%	32.4%	34%

ઉપરોક્ત પત્રકનો અભ્યાસ કરતા વસ્તુ Cનો નફા જથ્થાનો ગુણોત્તર 34% છે જે બાકીની બંને વસ્તુ કરતા વધુ છે. આનો અર્થ એવો થાય કે સ્થિર ખર્ચની ફાળવણી બરોબર થઈ નથી. વસ્તુ Cની કુલ પડતર રૂ. 15,450માં સ્થિર ખર્ચ 5,550 એટલે કે લગભગ 26% છે. જો વસ્તુ Cનું ઉત્પાદન બંધ કરવામાં આવે તો આ સ્થિર ખર્ચા રૂ. 5,50 નો બોજો વસ્તુ Aઅને Bનાં શિરે આવશે તેથી તેનો Aઅને Bનો વર્તમાન કુલ નફો 3,900 + 11550=15,450 છે તે ઘટીને રૂ. 9,900 થઈ જશે.

આથી વસ્તુ Cનું ઉત્પાદન ચાલુ રાખવું જોઈએ અને જો તેના વેચાણમાં વધારો થાય તો તે ઊંચા નફા જથ્થા ગુણોત્તરને કારણે વધારે નફો કમાવી આપશે.

ઉદાહરણ – 9

મણિરત્નમ લિ. ત્રણ વસ્તુ P, Qઅને Rનું ઉત્પાદન અને વેચાણ કરે છે જે અંગે પડતરની નીચેનીવિગતો પ્રાપ્ત છે.

એકમ દીઠ પડતર દર્શાવતું પત્રક

વિગત	P રૂ.	Q રૂ.	R રૂ.
પ્રત્યક્ષ માલ	52-00	60-00	36-00
પ્રત્યક્ષ મજૂરી	18-00	20-00	14-00
ચલિત પરોક્ષ ખર્ચા	6-00	6-00	4-00
સ્થિર પરોક્ષ ખર્ચા	16-00	18-00	10-00
	92-00	104-00	64-00
કુલ પડતર	120-00	122-00	80-00
વેચાણ કિંમત	28-00	18-00	16-00
નફો	2,000	5,000	4,000
ઉત્પાદન એકમો			

સંચાલકો કોઈ એક વસ્તુનું ઉત્પાદન બંધ કરવા ઈચ્છે છે અને આથી બાકીની બે વસ્તુનું ઉત્પાદન અને વેચાણ 50% વધશે તેવો અંદાજ બાંધે છે. વસ્તુ Pઓછી નફાકારક હોવાથી તે બંધ કરવાનો ઈરાદો ધરાવે છે.

તમે ઉપરોક્ત નિર્ણય સાથે સહમત છો ? તમારા અભિપ્રાયને કારણો સાથે સમજાવો.

ઉત્તર :

વર્તમાન પરિસ્થિતિમાં નફો દર્શાવતું પત્રક

વિગત	P રૂ.	Q રૂ.	R રૂ.	કુલ
એકમ દીઠ નફો	28	18	16	-
ઉત્પાદન એકમો	2,000	5,000	4,000	-
કુલ નફો	56,000	90,000	64,000	2,10,000

આમ વસ્તુ Pમાંથી મળતો નફો ઓછો હોવાથી તે બંધ કરવાનું વિચારવામાં આવે છે. જો વસ્તુ P બંધ થાય તો બાકીની બે વસ્તુ Qઅને Rનું ઉત્પાદન અને વેચાણ 50% વધશે. એટલે કે

Qનું વેચાણ 5,000 + (5,000 નાં 50%) = 7,500 એકમો

Rનું વેચાણ 4,000 + (4,000 નાં 50%) = 6,000 એકમો થશે.

કુલ સ્થિર ખર્ચાની ગણતરી :

P = 2,000 એકમો ×એકમ દીઠ રૂ. 16 =32,000

Q = 5,000 એકમો ×એકમ દીઠ રૂ. 18 =90,000

R = 4,000 એકમો ×એકમ દીઠ રૂ. 10 =40,000

કુલ સ્થિર ખર્ચા =1,62,000

વસ્તુ Pનું ઉત્પાદન બંધ કર્યા પછીનું નફો દર્શાવતુ પત્રક

વિગત	P રૂ.	Q રૂ.	કુલ
(1) ઉત્પાદન અને વેચાણ એકમો	7500	6000	
(2) વેચાણ કિંમત	122-00	80-00	
કુલ વેચાણ રકમ (1) × (2)	9,15,000	4,80,000	13,95,000
બાદ : ચલિત ખર્ચા :			
Q નાં એકમ દીઠ રૂ. 86×7500	6,45,000	-	
R નાં એકમ દીઠ રૂ. 54×6000		3,24,000	9,69,000
(4) ફાળો	2,70,000	1,56,000	4,26,000
(5) સ્થિર ખર્ચા	-	-	1,62,000
નફો	-	-	2,64,000

હાલનો નફો રૂ. 2,10,000 છે અને જો વસ્તુ Pનું ઉત્પાદન બંધ કરવામાં આવે તો નફો વધીને રૂ. 2,64,000 થાય છે. આમ નફામાં રૂ. 54,000 નો ચોખ્ખો વધારો થાય છે

તેથી વસ્તુ Pનું ઉત્પાદન બંધ કરી વસ્તુ Qઅને Rનું ઉત્પાદન 50% વધારા સહિત ચાલુ રાખવું ફાયદાકારક છે.

ઉદાહરણ – 10

ઝરણા લિ. તેની ત્રણ વસ્તુ R, S, Tઅંગે નીચેની માહિતી આપે છે.

વિગત	R રૂ.	S રૂ.	T રૂ.
પ્રત્યક્ષ માલનો વપરાશ	75,000	90,000	60,000
પ્રત્યક્ષ મજૂરી	24,000	30,000	18,000
ચલિત ખર્ચા	15,000	12,000	6,000
સ્થિર પરોક્ષ ખર્ચા	15,000	30,000	21,000
વેચાણ રૂ.	1,50,000	2,40,000	1,20,000
વેચાણ એકમો	2,00,000	80,000	80,000

ઉત્પાદન પ્રક્રિયામાં આયાતી કાચો માલ વપરાય છે જેનો પુરવઠો મર્યાદિત છે એટલે કે ચાવીરૂપ પરિબળ છે. હાલના ઉત્પાદનમાં આ કાચોમાલ નીચે મુજબ વપરાયો છે.

R600 લિટર

S1000 લિટર

T400 લિટર

કંપની કોઈપણ એક વસ્તુનું ઉત્પાદન બંધ કરીને તેનો ફાજલ પડતો આયાતી કાચો માલ બાકીની બે નફાકારક વસ્તુમાં ઉપયોગ કરી એકંદરે નફો વધારવા માંગે છે. માર્કેટિંગ મેનેજમેન્ટ તમામ ઉત્પાદનનું સંપૂર્ણ વેચાણ કરવાની ખાત્રી આપે છે.

ત્રણમાંથી કઈ વસ્તુનું ઉત્પાદન બંધ કરવું અને તેનાં પરિણામે બાકીની બે વસ્તુમાંથી મળતો નફો કેટલો વધશે તેની ગણતરી દર્શાવતું પત્રક તૈયાર કરવાનું છે.

ઉત્તર :

હાલનો નફો દર્શાવતુ પત્રક

વિગત	R રૂ.	S રૂ.	T રૂ.
પ્રત્યક્ષ માલ	75,000	90,000	60,000
મજૂરી	24,000	30,000	18,000
ચલિત ખર્ચા	15,000	12,000	6,000
કુલ સીમાન્ત પડતર (V)	1,14,000	1,32,000	84,000
વેચાણ (S)	1,50,000	2,40,000	1,20,000
ફાળો (S) – (V)	36,000	1,08,000	36,000
બાદ : સ્થિર ખર્ચા	15,000	30,000	21,000
નફો	21,000	78,000	15,000
નફા જથ્થાનો ગુણોત્તર = ફાળો/વેચાણ×100	36,000×100 /1,50,000 = 24%	1,08,000×100 /2,40,000 = 45%	36,000×100 /12,000 = 30%
ચાવીરૂપ કાચામાલનાં લિટર દીઠ ફાળો =ફાળો/લિટર વપરાશ	36,000/600 60	1,08,000/1000 108	36,000/400 90
લિટર દીઠ ફાળો	3	1	2
ચાવીરૂપ પરિબળ મુજબ ક્રમ			

ચાવીરૂપ પરિબળનાં લિટર દીઠ ફાળામાં ઓછામાં ઓછો ફાળો વસ્તુ Rમાં મળે છે તેથી તેનું ઉત્પાદન બંધ કરી તેનો ફાજલ પડતો 600 લિટરનો કાચો માલ વસ્તુ 'S'કે જેનો ફાળો વધુમાં વધુ છે તેનાં ઉત્પાદન માટે કરવો જોઈએ.

વસ્તુ Sનાં ઉત્પાદન એકમો :

હાલનાં 1,000 લિટરનાં વપરાશથી 80,000 એકમો

\+ વધારાનાં 600 લિટરનાં વપરાશથી 48,000 એકમો

કુલ ઉત્પાદન 1,28,000 એકમો

વસ્તુ 'S'નાં 1,28,000 એકમો × એકમ દીઠ વે.કિ. રૂ. 3 = 3,84,000

વસ્તુ Sમાંથી પ્રાપ્ત ફાળો : 3,78,000 નાં 45%=1,72,800

વસ્તુ 'S'નો ફાળોરૂ. 1,72,800

વસ્તુ 'T'નો ફાળો રૂ.36,000

કુલ ફાળો રૂ.2,08,800

બાદ : સ્થિર ખર્ચા	₹.66,000
કુલ નફો	₹.1,42,800
હાલનો નફો	₹.1,14,000
નફામાં વધારો	₹.28,800

આમ વસ્તુ Rનું ઉત્પાદન બંધ કરી વસ્તુ Sનું ઉત્પાદન વધારવાથી નફો ₹. 28,800 વધે છે તેથી આ નિર્ણય લેવો ફાયદાકારક છે.

ઉદાહરણ – 11

રામચંદ્ર લિ. Sઅને Tનામની બે વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરે છે. હાલ કંપની ૭૫% ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ કરે છે વસ્તુ Sઅને Tની વિગતો નીચે મુજબ છે.

વિગત	વસ્તુ S	વસ્તુ T
ઉત્પાદન અને વેચાણ એકમો	600	400
એકમ દીઠ વેચાણ કિંમત	46-00	38-00
એકમ દીઠ પ્રત્યક્ષ માલ	4-00	8-00
એકમ દીઠ પ્રત્યક્ષ મજૂરી	8-00	8-00
એકમ દીઠ કારખાના પરોક્ષ ખર્ચ (40% સ્થિર)	10-00	6-00
એકમ દીઠ વહીવટ પરોક્ષ ખર્ચ (60% સ્થિર)	16-00	10-00
કુલ પડતર	38-00	32-00

કારખાના પરોક્ષ ખર્ચા યાંત્રિક કલાક દરનાં ધોરણે વસુલ કરવામાં આવે છે જે ચાવીરૂપ પરિબળ છે. યાંત્રિક કલાક દર ₹. 4-00 છે.

કંપનીને વસ્તુ 'S'એકમ દીઠ ₹. 35-00નાં ભાવે ખરીદવાની ઓફર UKથી મળે છે બીજી ઓફર વસ્તુ 'T'એકમ દીઠ ₹. 31-00 ના ભાવે ખરીદવાની UAEતરફથી મળે છે.

કંપની આ બે પૈકી કોઈપણ એક વિકાસ ઓર્ડર સ્વીકારી શકે છે. આ માટે કંપનીને ખાસ પેકિંગ ખર્ચ એકમ દીઠ ₹. 1-00 નો ભોગવવો પડશે.

કંપની હાલનું ઉત્પાદન યથાવત રાખી બાકીની 25% ઉત્પાદન શક્તિનો ઉપયોગ કરીને જેટલું ઉત્પાદન થાય તેટલા જથ્થા માટે જ નિકાસ ઓર્ડર સ્વીકારશે.

બે માંથી કઈ ઓફર સ્વીકારવો તે દર્શાવતું પત્રક તૈયાર કરતો કંપનીનો કુલ નફો (વર્તમાન+નિકાસ ઓર્ડરમાંથી) પણ દર્શાવો.

ઉત્તર :

રામચંદ્ર લિમિટેડની વસ્તુ Sઅને Tની પડતર અને નફો દર્શાવતું પત્રક

વિગત	વસ્તુ S(600 એકમો)		વસ્તુT (400 એકમો)	
પ્રત્યક્ષ માલ	4-00	2400	8-00	3200
પ્રત્યક્ષ મજૂરી	8-00	4800	8-00	3200
ચલિત કારખાના પરોક્ષ ખર્ચ	6-00	3600	3-60	1440
ચલિત વહીવટી પરોક્ષ ખર્ચ	6-40	3840	4-00	1600
સીમાન્ત પડતર	24-40	14640	23-60	9440
સ્થિર કારખાના પરોક્ષ ખર્ચ	4-00	2400	2-40	960
સ્થિર વહીવટી પરોક્ષ ખર્ચ	9-60	5760	6-00	2400
કુલ પડતર	38-00	22800	32-00	12800
વેચાણ	46-00	27600	38-00	15200
નફો	8-00	4800	6-00	2400

યાંત્રિક કલાકોની ગણતરી :

Sનાં કારખાના ખર્ચ/યંત્ર કલાકનો દર = રૂ. 10/રૂ. 4 =2.5 કલાક

Tનાં કારખાના ખર્ચ/યંત્ર કલાકનો દર = રૂ. 6/રૂ. ૪ =1.5 કલાક

Sનાં ઉત્પાદન માટેનાં યંત્ર કલાકો =2.5 કલાક ×600 એકમો =1,500 કલાક

Tનાં ઉત્પાદન માટેના યંત્ર કલાકો =1.5 કલાક ×400 એકમો = 600 કલાક

75% ક્ષમતાએ વપરાયેલ કલાકો = 2,100 કલાક

100%ઉત્પાદન ક્ષમતાએ કુલ કલાકો =2,100 × 100/75=2,800 કલાક

ફાજલ કલાકો 2,800 – 2,100 = 7,000 કલાક

હવે બંને ઓફર અંગે વિચારીએ :

UKથી વસ્તુ Sમાટેની ઓફર :

મહત્તમ વેચાણ એકમો =700 કલાક/2.5કલાક =280 એકમો માટે ઓફર સ્વીકારાશે.

280 એકમોની ચલિત પડતર = રૂ. 24.40 ×280 એકમો = રૂ. 6,832

+ વધારાનો ખાસ પેકિંગ ખર્ચ = રૂ. 1-00 ×280 એકમો = રૂ. 280

કુલ પડતર = રૂ. 7,112

વેચાણ : એકમ દીઠ વેચાણ કિંમત રૂ. 35× 280 કિલો = રૂ. 9,800

UKની ઓફરમાંથી પ્રાપ્ત નફો રૂ. 2688

UAEની Tવસ્તુ માટેની ઓફર :

મહત્તમ વેચાણ એકમો =700 કલાકો/1.5 કલાક = 467 એકમો

467 એકમોની ચલિત પડતર =એકમ દીઠ રૂ. 23.60 × 467 એકમો = રૂ. 11,021.20

+ ખાસ પેકિંગ ખર્ચ એકમ દીઠ રૂ. 1 લેખે = રૂ. 467.00

કુલ પડતર = રૂ. 11,488.00

વેચાણ : એકમ દીઠ રૂ. 31-00 × 467 એકમો = રૂ. 14,477.00

UAEની ઓફરમાંથી મળતો નફો = રૂ. 2,988.00

UAEની ઓફરમાંથી મળતો નફો વધુ હોવાથી એ ઓફર સ્વીકારવી જોઈએ.

કંપનીનો કુલ નફો :

વસ્તુ 'S'માંથી સ્થાનિક વેચાણનો નફો	રૂ. 4,800
વસ્તુ Tમાંથી સ્થાનિક વેચાણનો નફો	રૂ. 2,400
UAEની ઓફરમાંથી મળતો નફો	રૂ. 2,988.80
કંપની કુલ નફો	રૂ. 10,188.80

ઉદાહરણ – 12

સરગમ લિમિટેડ હાલ 80% ઉત્પાદન ક્ષમતાએ કાર્યકરતી કંપની છે તેની વિગતો નીચે મુજબ છે.

વિગત		રકમ રૂ.	રકમ રૂ.
વેચાણ			4,00,000
બાદ :	પડતર		
	પ્રત્યક્ષ માલ	1,25,000	
	પ્રત્યક્ષ મજૂરી	50,000	
	ચલિત ખર્ચા	25,000	
	સ્થિર ખર્ચા	1,50,000	3,50,000
	નફો		50,000

કંપનીને વિદેશમાંથી ઓર્ડર મળે તેમ છે. જેમાં કારખાનાની ઉત્પાદન શક્તિનો ૫૦% હિસ્સો ઉપયોગ કરવો પડે તેમ છે. ઓર્ડરનો સંપૂર્ણ સ્વીકાર અથવા અસ્વીકાર કરવાનો છે. નિકાસ ઓર્ડરની વે.કિં. સ્થાનિક વેચાણ કિંમત કરતા 12.5% ઓછી છે.

કંપની માટે નીચેનાં ત્રણ વિકલ્પો ઉપલબ્ધ છે.

1. હાલનું સ્થાનિક વેચાણ જ ચાલુ રાખવું. નિકાસ ઓફર નકારવી.
2. નિકાસ ઓર્ડર સ્વીકારવી અને સ્થાનિક વેચાણ જરૂરીયાત મુજબ ઘટાડવું.
3. ઉત્પાદન ક્ષમતા વધારીને સ્થાનિક વેચાણ જાળવી રાખવું અને નિકાસ ઓર્ડર સંપૂર્ણપણે સ્વીકારવો. આ માટે
   (i) સાધનોની ખરીદી કરી ઉત્પાદન શક્તિ 10% વધારવી આને કારણે ઘસારા સહિતનાં સ્થિર ખર્ચા 12,500 વધશે.
   (ii) બાકીનાં ઉત્પાદન માટે કર્મચારીઓ પાસે બમણા વેતન દરે ઓવરટાઈમ કરાવવો.

ત્રણેય વિકલ્પોનું મૂલ્યાંકન કરી નફાકારકતા નક્કી કરો.

ઉત્તર :

વિકલ્પ-1 મુજબ નફો રૂ. 50,000 જે રકમમાં આપેલ પત્રક મુજબ છે.

વિકલ્પ-2 મુજબ નફો દર્શાવતું પત્રક

વિગત	રકમ રૂ.	રકમ રૂ.
પ્રત્યક્ષ માલનો વપરાશ (100% શક્તિએ) 1,25,000×100/80	1,56,250	
પ્રત્યક્ષ મજૂરી : 50,000×100/80	62,500	
ચલિત ખર્ચા : 25,000×100/80	31,250	
100% ઉત્પાદન શક્તિએ ચલિત પડતર		2,50,000
+ સ્થિર ખર્ચા		1,50,000
કુલ પડતર :		4,00,000
સ્થાનિક બજારનું વેચાણ	2,50,000	
વિદેશ ઓફરનું વેચાણ (૧૨.૫% ઓછા ભાવે)	2,18,750	
કુલ વેચાણ		4,68,750
નફો		68,750

વિકલ્પ-3 મુજબ : સ્થાનિક બજારનો નફો વિકલ્પ-1 મુજબ રૂ. 50,000 થશે. હવે નિકાસ ઓફરનાં નફાની ગણતરી માટેનું પત્રક નીચે મુજબ બનશે.

વિગત	રકમ રૂ.
માલ સામાનનો વપરાશ	78,125
મજૂરી : સામાન્ય દરે	37,500
બમણા દરે	25,000
ચલિત ખર્ચા	15,625
સ્થિર ખર્ચનો વધારો	12,500
નિકાસ ઓર્ડરનાં 50% ઉત્પાદન માટેની કુલ પડતર	1,68,750
નિકાસ ઓર્ડરની વેચાણ આવક	2,18,750
નિકાસ ઓર્ડરમાંથી મળતો નફો	50,000

વિકલ્પ-3 મુજબ કુલ નફો રૂ. 1,00,000 જે ત્રણેય વિકલ્પમાંથી મહત્તમ નફો દર્શાવે છે. આથી વિકલ્પ-3 સ્વીકારવો જોઈએ.

ઉદાહરણ-13

યશકમલ ફર્નિચર કંપની પ્લાસ્ટીકનાં ટેબલ તથા ખુરશીનું ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપની ઉત્પાદનક્ષમતા વાર્ષિક 2,500 ટેબલ અને 10,000 ખુરશી બનાવવાની છે.

વર્ષ 2019 માટે ખુરશી અંગેનું પડતર પત્રક નીચે મુજબ છે.

વિગત	રકમ રૂ.
પ્રત્યક્ષ માલ	30,000
પ્રત્યક્ષ મજૂરી	60,000
ચલિત પરોક્ષ ખર્ચ	15,000
સ્થિર પરોક્ષ ખર્ચ	30,000
ઉત્પાદન અને વેચાણ (એકમો)	6,000
એકમ દીઠ વે.કિ.	Y. 30-00

કંપનીને એકમ દીઠ રૂ. 25 ની કિંમતે 3,000 ખુરશી માટે ખરીદ ઓર્ડર મળે તેમ છે. આ ઓફર સ્વીકારવાથી સમગ્ર ઉત્પાદનના માલસામાન ખર્ચમાં એકમ દીઠ રૂ. 1-00 નો ઘટાડો થશે અને મજૂરી કાર્યક્ષમતા 2% વધારો નોંધાશે.

સ્થિર ખર્ચમાં રૂ. 13,750નો વધારો થશે.

ઉપરોક્ત ઓફર સ્વીકારવી કે નહી તે અંગેનો અહેવાલ મળે નફાકારકતાનું પત્રક તૈયાર કરો.

ઉત્તર :

પહેલા હાલનાં 6,000 એકમો (ખુરશીઓ) માંથી મળતા નફાની ગણતરી કરીએ.

વિગત	એકમ દીઠ રૂ.	કુલ રકમ રૂ.
પ્રત્યક્ષ માલ	5-00	30,000
પ્રત્યક્ષ મજૂરી	10-00	60,000
ચલિત પરોક્ષ ખર્ચ	2-50	15,000
કુલ અને એકમ દીઠ સીમાન્ત પડતર (V)	17-50	1,05,000
વેચાણ (S)	30-00	1,80,000
ફાળો (S) – (V) = (C)	12-50	75,000
- સ્થિર ખર્ચા (F)	5-00	30,000
કુલ અને એકમ દીઠ નફો	7-50	45,000

હવે જો 3,000 ખુરશીનો ઓર્ડર સ્વીકારવામાં આવે તો હાલની 6,000 ખુરશી + 3,000 ખુરશીનો ખાસ ઓર્ડર = કુલ 9,000 ખુરશીનું એટલે કે 90% ઉત્પાદન શક્તિએ ઉત્પાદન થશે જે માટેની પડતર અંગે અને નફા અંગેનું પત્રક નીચે મુજબ છે.

વિગત		એકમ દીઠ રૂ.
માલસામાન : 9,000 ખુરશી ×એકમ દીઠ રૂ. 4 લેખે		36,000
મજૂરી : 9,000 ખુરશી ×એકમ દીઠ રૂ. 10 લેખે × 98/100		88,200
ચલિત ખર્ચા : 9,000 ખુરશી ×એકમ દીઠ રૂ. 2.50 લેખે		22,500
સ્થિર ખર્ચા : રૂ. 30,000 + 13,750નો વધારો		43,750
	કુલ પડતર	1,90,450
વેચાણ : હાલનું વેચાણ 6,000 એકમો × રૂ. 30 =	1,80,000	2,55,000
ખાસ ઓર્ડર : 3,000 એકમો × રૂ. 25=75,000		64,550
	નફો	

ખાસ ઓર્ડર સ્વીકારવાથી નફો રૂ. 19,550 વધે છે તેથી આ ઓર્ડર સ્વીકારવો જોઈએ.

અહીં એક બાબત ખાસ ધ્યાનમાં લેવી કે જે ઓર્ડર મળે છે તે વિદેશમાંથી નથી પરંતુ કોઈ સ્થાનિક ગ્રાહક જ મોટા જથ્થામાં ખાસ કિંમતે ખરીદવા માંગે છે. ભવિષ્યમાં આ ગ્રાહક દ્વારા જ આપણા હાલનાં બજારને મુશ્કેલીમાં ન મૂકે એ તકેદારી લેવી જોઈએ અને આ ઓર્ડર સ્વીકારવા છતાય હાલની એકમ દીઠ વે.કિં. રૂ. 30-00 માં કોઈ ઘટાડો નહીં નોંધાય તે પણ ખાત્રી કરી લેવી.

ઉદાહરણ-14

હોમ ડેકેર ફર્નિચર હાઉસ વાર્ષિક 10,000 ખુરશી તૈયાર કરવાની ક્ષમતા ધરાવે છે. જેની પડતર અંગેની માહિતી નીચે મુજબ છે.

વિગત	રકમ રૂ.
એકમ દીઠ પ્રત્યક્ષ માલ	20-00
એકમ દીઠ પ્રત્યક્ષ મજૂરી	40-00
એકમ દીઠ ચલિત પરોક્ષ ખર્ચ	10-00
એકમ દીઠ વેચાણ કિંમત	100-00
કુલ સ્થિર ખર્ચ રૂ. 1,20,000	
વેચાણ એકમો 6,000 ખુરશી	

કંપનીને 2,500 ખુરશી માટે ખાસ ઓર્ડર ખુરશી દીઠ રૂ. 80-00ના ભાવે મળે તેમ છે.

જો ઉપરોક્ત ઓર્ડર સ્વીકારવામાં આવે તો :

1. એકમ દીઠ માલસામાન ખર્ચ 10% ઘટશે.
2. મજૂર કાર્યક્ષમતામાં 5% ઘટાડો નોંધાશે.
3. સ્થિર ખર્ચ 25% વધશે.

ઉપરોક્ત ઓર્ડર સ્વીકારવો કે નહી તે અંગે સંચાલકોને સલાહ આપો ગણતરી માટે તફાવત પડતર પદ્ધતિ મુજબ પત્રક તૈયાર કરવાનું છે.

ઉત્તર :

જરૂરી ગણતરી :

1. હાલ એકમ દીઠ માલસામાન ખર્ચ રૂ. 20 છે તેમાં 10% ઘટાડો થતાં તે રૂ. 18-00 થશે. 8,500 એકમો માટે માલસામાન રૂ. 1,53,000
2. હાલ એકમ દીઠ મજૂરી ખર્ચ રૂ. 40 છે પણ નવી પરિસ્થિતિમાં મજૂર કાર્યક્ષમતા 5% ઘટશે તેથી નવો મજૂરી ખર્ચ = 40 × 105/100 =એકમ દીઠ રૂ. 42 થશે. 8,500 એકમો માટે રૂ. 3,57,000
3. એકમ દીઠ ચલિત ખર્ચ રૂ. 10માં કોઈ ફેરફાર નથી તેથી 8,500 એકમોનો ચલિત ખર્ચ રૂ. 85,000
4. સ્થિરખર્ચ રૂ. 1,20,000 + 25% લેખે રૂ. 30,000 વધારો = રૂ. 1,50,000

તફાવત પડતર પત્રક

વિગત	6,000 એકમોએ પડતર	8,500 એકમોએ પડતર	તફાવત પડતર
માલસામાન	1,20,000	1,53,000	33,000
મજૂરી	2,40,000	3,57,000	1,17,000
ચલિત પરોક્ષ ખર્ચ	60,000	85,000	25,000
સ્થિર ખર્ચ	1,20,000	1,50,000	30,000
કુલ	5,40,000	7,45,000	2,05,000

ઉપરનું પત્રક દર્શાવે છે કે જો 2,500 એકમોનું ઉત્પાદન વધે તો પડતરમાં રૂ. 2,05,000 નો વધારો થાય છે તેની સામે 2,500 ખુરશી રૂ. 80-00નાં ભાવે વેચવાથી રૂ. 2,00,000 વેચાણ થશે આમ વેચાણ મૂલ્ય રૂ. 2,00,000 કરતાં પડતર મૂલ્ય રૂ. 2,05,000 વધુ હોવાથી આ ઓર્ડર સ્વીકારી શકાય નહીં.

ઉદાહરણ-૧૫

શૈલેન્દ્ર લિ. 60% ઉત્પાદન ક્ષમતાએ 12,000 એકમોનું ઉત્પાદન કરે છે એકમ દીઠ પડતર નીચે મુજબ છે.

માલસામાન રૂ. 8-00

મજૂરી રૂ. 10-00

ચલિત ખર્ચા રૂ. 4-00

વેચાણ કિંમત રૂ. 45-00

કંપની 70% ઉત્પાદનક્ષમતાનાં ઉપયોગ સુધી પ્રત્યક્ષ મજૂરીના 125% લેખે સ્થિર કારખાના ખર્ચ વસુલ કરે છે. વહીવટી અને વેચાણ ખર્ચ રૂ. 41,000 નાં થયા છે.

કંપની છેલ્લા બે વર્ષથી નક્કી કરેલ વેચાણ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહે છે આથી આગામી વર્ષમાં ઓછી વેચાણકિંમતવાળી વસ્તુ Pદાખલ કરવાનું વિચારે છે. વર્તમાન વસ્તુનાં ઉત્પાદન અને વેચાણ માટે કોઈપણ પ્રકારના ફેરફાર વગર નવી વસ્તુ Pનું ઉત્પાદન થઈ શકશે.

નવી વસ્તુ અંગેની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

એકમ દીઠ માલ ₹. 6-00

એકમ દીઠ મજૂરી ₹. 7-00

એકમ દીઠ ચલિત ખર્ચા ₹. 2-50

એકમ દીઠ વેચાણ કિંમત ₹. 25-00

વેચાણનો અંદાજ 2,000 એકમો

સ્થિર કારખાના પરોક્ષ ખર્ચા 10% વધશે.

વહીવટી અને વેચાણ ખર્ચમાં ₹. 12,000 વધારો થશે.

નવી કાર્યશીલ મૂડીની જરૂરીયાત ₹. 75,000

લઘુત્તમ વળતર : રોકાયેલી મૂડી પર 20%

વસ્તુ 'P'નું ઉત્પાદન અને વેચાણ કરવું કે કેમ ? તે અંગે સલાહ આપો.

ઉત્તર :

શૈલેન્દ્ર લિ. નું વર્તમાન પરિસ્થિતિ મુજબ પડતર અને નફો દર્શાવતુ પત્રક

વિગત	એકમ દીઠ ₹.	કુલ ₹.
માલસામાન	8-00	96,000
મજૂરી	10-00	1,20,000
ચલિત ખર્ચ	4-00	48,000
કુલ અને એકમ દીઠ સીમાન્ત પડતર (V)	22-00	2,64,000
વેચાણ (S)	45-00	5,40,000
કુલ અને એકમ દીઠ ફાળો (S) - (V)	23-00	2,76,000
બાદ : સ્થિર ખર્ચ		
70% સપાટીએ ઉત્પાદન 14,000 એકમો		
14,000 એકમોની મજૂરી ₹. 10 લેખે ₹. 14000	- 14.58	- 1,75,000
ના 125% લેખે	- 3.42	- 41,000
બાદ: વહીવટી અને વેચાણ ખર્ચ	5-00	60000
વર્તમાન નફો		

વસ્તુ Pનાં વેચાણ દરખાસ્તનું પડતર પત્રક

વિગત	એકમ દીઠ રૂ.	કુલ રૂ.
પ્રત્યક્ષ માલ	6-00	30,000
પ્રત્યક્ષ મજૂરી	7-00	35,000
ચલિત ખર્ચા	2-50	12,500
એકમ દીઠ અને કુલ સીમાન્ત પડતર (V)	15-50	77,500
વેચાણ (S)	25-00	1,25,000
એકમ દીઠ અને કુલ ફાળો (S) V (V) =(C)	9-50	47,500
બાદ : સ્થિર ખર્ચનો વધારો 17,500	5-90	29,500
વહીવટી/વેચાણ ખર્ચનો વધારો 12,000	3-60	18,000
નફો		

કાર્યશીલ મૂડી રૂ. 75,000 વધારો થાય છે જેની સામે સંચાલકો 20% વળતરની અપેક્ષા રાખે છે એટલે કે રૂ. 15,000 વળતર મળવુ જોઈએ. ઉપરોક્ત વસ્તુ Pનું પત્રક જોતા નફો રૂ. 18,000 થાય છે તેથી વસ્તુ Pનું ઉત્પાદન અને વેચાણ નફાકારક છે. આથી આ દરખાસ્ત સ્વીકારવી જોઈએ.

ઉદાહરણ –16

J.R.લિમિટેડનાં વર્ષ 2019-20 માટે તેની બે વસ્તુ 'સોના' 'રૂપા' અંગે પડતરની માહિતી નીચે મુજબ છે.

વિગત	'સોના' રૂ.	'રૂપા' રૂ.
એકમ દીઠ માલસામાન	30-00	22-00
એકમ દીઠ મજૂરી (મજૂરીનો કલાકદર રૂ. 2)	30-00	20-00
ચલિત પરોક્ષ ખર્ચા	10-00	8-00
સ્થિર પરોક્ષ ખર્ચા	15-00	10-00
	85-00	60-00
એકમ દીઠ પડતર	15-00	10-00
એકમ દીઠ નફો	100-00	70-00
એકમ દીઠ વે.કિં.	25,000 એકમો	10,000 એકમો
શક્ય વેચાણ એકમનો અંદાજ		

સંચાલકોનાં ધ્યાન પર આવ્યુ કે ઉપર મુજબની પરિસ્થિતિ હોય તો 1/3 ભાગની ઉત્પાદન ક્ષમતા ફાજલ રહે છે જેનો ઉપયોગ કરવા માટે સંચાલકો માર્કેટિંગ વ્યુહરચવામાં નીચે મુજબ ફેરફાર કરવા ઈચ્છે છે.

1. વસ્તુ 'રૂપા'નું ઉત્પાદન બંધ કરવું અને તેની બચેલ (ફાજલ પડતી) શક્તિનો ઉપયોગ વસ્તુ 'સોના'ની એકમ દીઠ વે.કિં. રૂ. ૩ ઘટાડવી પડશે.

2. વસ્તુ સોનાનું ઉત્પાદન બંધ કરી તેની ફાજલ પડતી ઉત્પાદન શક્તિનો ઉપયોગ નવી વસ્તુ 'કંચન'નાં ઉત્પાદન માટે કરવો જેની એકમ દીઠ પડતર નીચે મુજબ છે.

વે.કિં.	રૂ.93-00
માલસામાન	રૂ.28-00
મજૂરી	રૂ.25-00
ચલિત પરોક્ષ ખર્ચ	રૂ.11-00

3. હાલની સ્થિતિ જાળવી રાખવી અને ફાજલ 1/3 ઉત્પાદન ક્ષમતા ભાડે એ રીતે આપવી કે કંપનીને મજૂરી કલાક દીઠ મળતા નફા પ્રમાણે ભાડું મળી રહે.

ઉપરોક્ત ત્રણેય દરખાસ્તોનું મૂલ્યાંકન દર્શાવતુ પત્રક તૈયાર કરો.

ઉત્તર :

જે. આર. લિ. નું વસ્તુ સોના, રૂપાનું પડતર પત્રક

વિગત	સોના (25000 એકમો)		રૂપા (10000 એકમો)		કુલ રકમ
	એકમ દીઠ રૂ.	કુલ રૂ.	એકમ દીઠ રૂ.	કુલ રૂ.	
પ્રત્યક્ષ માલ	30-00	7,50,000	22-00	2,20,000	9,70,000
પ્રત્યક્ષ મજૂરી	30-00	7,50,000	20-00	2,00,000	9,50,000
ચલિત પરોક્ષ ખર્ચા	10-00	2,50,000	8-00	80,000	3,30,000
સીમાન્ત પડતર (V)	70-00	17,50,000	50-00	5,00,000	22,50,000
વેચાણ (S)	100-00	25,00,000	70-00	7,00,000	32,00,000
ફાળો = (C) = (S) – (V)	30-00	7,50,000	20-00	2,00,000	9,50,000
બાદ : સ્થિર ખર્ચા	15-00	3,75,000	10-00	1,00,000	4,75,000
નફો	15-00	3,75,000	10-00	1,00,000	4,75,000

ફાજલ 1/3 ઉત્પાદન શક્તિનાં મજૂર કલાકોની ગણતરી

'સોના'નાં ઉત્પાદન માટે મજૂર કલાકો = કુલ મજૂરી/મજૂરીનો દર = 30/2= 15 કલાક

'રૂપા'ના ઉત્પાદન માટે મજૂરી કલાકો =20/2= 10 કલાકો

સોનાના 25,000 એકમો ×એકમ દીઠ મજૂર કલાકો 15 = 3,75,000 કલાકો

રૂપાનાં 10,000 એકમો ×એકમ દીઠ મજૂર કલાકો 10 = 1,00,000 કલાકો

2/3 ઉત્પાદન ક્ષમતાએ વપરાયેલ મજૂર કલાકો = 4,75,000 કલાકો

બાકીની 1/3 ઉત્પાદન ક્ષમતાનાં મજૂર કલાકો 4,75,000 નાં 50%=2,37,500 કલાકોની ફાજલ ઉત્પાદન શક્તિ છે.

દરખાસ્ત – 1 વસ્તુ રૂપાનું ઉત્પાદન બંધ કરવાથી વસ્તુ સોનાને વધારાનાં 1,00,000 કલાકો પ્રાપ્ત થશે.

વસ્તુ સોનાનાં ઉત્પાદન એકમો 1,00,000 કલાક/ એકમ દીઠ15 કલાક =6,667 એકમો

આમ વસ્તુ સોનાનું કુલ ઉત્પાદન 25,000 એકમો + 6,667 એકમો =31,667 એકમો

વસ્તુ સોનાનો હાલનો એકમ દીઠ ફાળો રૂ. 30 છે પરંતુ વેચાણકિંમત એકમ દીઠ રૂ. 3 ઘટાડવાથી એકમ દીઠ ફાળો પણ ઘટીને રૂ. 27એકમ દીઠ થશે.

વસ્તુ સોનાનો કુલ ફાળો : રૂ. 27 × 31,667 એકમો = રૂ. 8,55,009

- સ્થિર ખર્ચા હાલનાં રૂ. 3,75,000 + રૂપાનાં 1,00,000 = રૂ. 4,75,000

નફો = રૂ. 3,80,009

દરખાસ્ત – 2

વસ્તુ 'સોના'નું ઉત્પાદન બંધ કરી નવી વસ્તુ કંચનનું ઉત્પાદન કરવું.

વસ્તુ સોનાનાં ઉત્પાદન બંધ થવાથી તેનાં 3,75,000 કલાકો વસ્તુ કંચનના ઉત્પાદન માટે પ્રાપ્ત થશે.

કંચન માટે એકમ દીઠ મજૂર કલાકો : મજૂરી રૂ. 25÷ મજૂરી દર રૂ. ૨ =12.50

કંચનનાં ઉત્પાદન એકમો =3,75,000 કલાકો/12.50 કલાકો

=30,000 એકમો

નવી વસ્તુની ચલિત પડતર = માલ + મજૂરી + ચલિત ખર્ચા = રૂ. 28 + 25 + 11 = રૂ. 64-00

ફાળો = વે.કિં. – ચલિત પડતર

= રૂ. 93 – રૂ. 64 = રૂ. 29એકમ દીઠ ફાળો

વસ્તુ રૂપાનો ફાળો =10,000 એકમો × રૂ. 20	=	રૂ. 2,00,000
વસ્તુ કંચનનો ફાળો =30,000 એકમો × રૂ. 29	=	રૂ. 8,70,000
કુલ ફાળો	=	રૂ. 10,70,000
બાદ : સ્થિર ખર્ચા રૂ. 3,75,000 + રૂ. 1,00,000	=	રૂ. 4,75,000
સંભવિત નફો	=	રૂ. 5,95,000

દરખાસ્ત – 3 :

હાલનાં મજૂર કલાકો 4,75,000 અને નફો રૂ. 4,75,000 તેથી મજૂર કલાક દીઠ નફો

રૂ. 1-00

ભાડાની આવક 2,37,500 કલાકો × કલાક દીઠ રૂ. 1 =	રૂ.2,37,500
+ સોના રૂપાનો હાલનો નફો	રૂ. 4,75,000
કુલ નફો	રૂ. 7,12,500

ઉદાહરણ – 17

દિવ્ય જ્યોત લિ. નું વર્ષ ૨૦૧૯ નું સંક્ષિપ્ત પડતર તથા નફો દર્શાવતુ પત્રક નીચે મુજબ છે.

વિગત	રકમ રૂ.
પ્રત્યક્ષ માલ	3,50,000
પ્રત્યક્ષ મજૂરી	2,00,000
ચલિત કારખાના ખર્ચ	50,000
સ્થિર કારખાના ખર્ચ	2,00,000
વહીવટી પરોક્ષ ખર્ચ	1,80,000
વેચાણ વિતરણ ખર્ચ	1,20,000
કુલ પડતર	11,00,000
વેચાણ (50,000એકમો)	10,00,000
ખોટ	- 1,00,000

ઉપરોક્ત પરિણામોની સમીક્ષા કરતાં કંપનીના મેનેજમેન્ટ એકાઉન્ટન્ટે નીચે મુજબનાં પગલાં સૂચવ્યા છે, જેનું તમારે મૂલ્યાંકન કરી અહેવાલ આપવાનો છે.

વિકલ્પ-1 : સેલ્સમેનને વેચાણ પર 10% કમિશન આપી, વેચાણ સમતૂટ બિંદુ સુધી પહોંચાડવું.

વિકલ્પ-2 : વેચાણકિંમતમાં 10% ઘટાડો કરી, વેચાણમાં 30% વધારો કરવો.

વિકલ્પ-3 : પ્રત્યક્ષ વેતન દર રૂ. 4 થી વધારીને રૂ. 5 કરવો જેથી ઉત્પાદકતામાં વધારો થતા ૨૦% ઉત્પાદન અને વેચાણ વધશે. વેચાણ વધારવા રૂ. 50,000 નો જાહેરાત ખર્ચ વધશે.

વિકલ્પ-4 : વેચાણ કિંમતમાં 20% વધારો કરવો, જાહેરાત ખર્ચના વધારાનાં રૂ. 3,00,000 ખર્ચ કરવો અને 10% નફાનું ધ્યેય હાંસલ કરવું.

ઉત્તર :

(1) હાલનો નફાજથ્થાનો ગુણોત્તર શોધો.

ન. જ. ગુણોત્તર= ફાળો/વેચાણ × 100

ફાળો = વેચાણ – (માલ + મજૂરી + ચલિત ખર્ચ)

=10,00,000 – (3,50,000 + 2,00,000 + 50,000)

= રૂ. 4,00,000

ન. નુ. ગુણોત્તર = 4,00,000/10,00,000 × 40%

વર્તમાન પરિસ્થિતિમાં સમતુટ બિંદુ :

સમતૂટ બિંદુ (રૂપિયામાં) = 5,00,000/40 × 100

= 12,50,000

સમતૂટ બિંદુ (એકમોમાં) = 12,50,000 ÷ 20

= 62,500 એકમો

વિકલ્પોનું મૂલ્યાંકન :

વિકલ્પ – 1 સેલ્સમેનને કમિશન 10% આપીએ તો ચલિત ખર્ચ રૂ. 1,00,000 વધશે અને ચલિત ખર્ચ વધવાથી નફા જથ્થાનો ગુણોત્તર ઘટીને 30% થઈ જશે. કારણ કે ફાળો રૂ. 1,00,000 ઘટશે.

નવું સમતૂટબિંદુ = સ્થિર ખર્ચ/ન.જ.ગુણોત્તર×100

= 5,00,000/30×100

= રૂ. 16,66,667 સમતૂટ બિંદુ વેચાણ

મંતવ્ય : હાલનું વેચાણ રૂ. 10,00,000 છે અને નવુ સમતૂટ વેચાણ રૂ. 16,66,667 છે આથી વેચાણમાં જો રૂ. 6,66,667 એટલે કે 66.67% વધારો થાય તો જ સમતૂટ વેચાણ પ્રાપ્ત થાય. આટલો મોટો વધારો શક્ય બનશે ? સંચાલકોએ ગંભીરતાથી વિચારવું પડે.

સમતૂટ વેચાણ પ્રાપ્ત થવાથી હાલની ખોટનું નિવારણ થશે પરંતુ મુખ્ય ધ્યેય નફો મેળવવાનો સિદ્ધ થશે નહીં.

વિકલ્પ – ૨ : વેચાણ કિંમત 10% ઘટાડવી હાલની એકમ દીઠ વે.કિં. રૂ. 20 છે તેમાં 10% લેખે રૂ. 2 ઘટાડી, એકમ દીઠ વે.કિં. રૂ. 18 કરવી.

વેચાણ એકમો હાલનાં 50,000 છે તેમાં 30% વધારો એટલે કે 15,000 એકમોનો વધારો કરી 65,000 એકમોનું વેચાણ કરવું.

65,000 એકમો ×એકમ દીઠ વે.કિં. રૂ. 18	=	રૂ. 11,70,000
6,50,000 એકમો ×એકમ દીઠ ચલિત પડતર રૂ. 12	=	રૂ. 7,80,000
ફાળો	=	રૂ. 3,90,000
- સ્થિર ખર્ચા	=	રૂ. 5,00,000
ખોટ	=	રૂ. 1,10,000

આ વિકલ્પ મુજબ ખોટ રૂ. 1,10,000 થાય છે જે હાલની રૂ. 1,00,000 ખોટ કરતાં 10% વધારો દર્શાવે છે માટે આ વિકલ્પ બિલકુલ વ્યર્થ છે.

વિકલ્પ – 3 : પ્રત્યક્ષ વેતન દર રૂ. 4 થી વધારીને રૂ. 5 કરવાથી ઉત્પાદનક્ષમતા 20% વધે છે.

હાલનું ઉત્પાદન 50,000 એકમો + 20% લેખે 10,000 એકમોનો વધારો =60,000 એકમોનું ઉત્પાદન થશે જેની પડતર નીચે મુજબ રહેશે.

માલસામાન : 60,000 એકમો ×એકમ દીઠ રૂ. 7	= 4,20,000
મજૂરી : 2,00,000 + 25% વધારો	= 2,50,000
ચલિત ખર્ચ : 60,000 એકમો ×એકમ દીઠ રૂ. 1	= 60,000
સ્થિર ખર્ચા : રૂ. 5,00,000 + જાહેરાત ખર્ચ 50,000	= 5,50,000
કુલ પડતર	= 12,80,000
વેચાણ	= 12,00,000
ખોટ	= 80,000

આ વિકલ્પ થી હાલની ખોટ રૂ. 20,000 થી ઓછી થાય છે. પણ કંપની ખોટમાંથી બહાર નથી નીકળી શકતી તેથી આ વિકલ્પ પણ વિચારવા યોગ્ય કે સ્વીકારવા યોગ્ય નથી.

વિકલ્પ – 4 : વેચાણ કિંમત 20% વધારવી, જાહેરાત ખર્ચ રૂ. 3,00,000 વધારવો અને ૧૦% નફો મેળવવો.

હાલની એકમ દીઠ વે.કિં.	રૂ. 20-00
+ 20% વધારો	રૂ. 4-00
નવી વે.કિં.	રૂ. 24-00
બાદ : એકમ દીઠ ચલિત પડતર	રૂ. 12-00
ફાળો	રૂ. 12-00

ન. જ. ગુણોત્તર = 12 (ફાળો)/24 (વે.કિં.)×100

= 50%

નફાનો ગાળો 10% રાખવાનો છે તેથી સ્થિર ખર્ચ વસુલ કરવા માટેનો ગાળો ૪૦%

અપેક્ષિત વેચાણ = સ્થિર ખર્ચ + જાહેરાત ખર્ચ/40% × 100

અપેક્ષિત વેચાણ = 5,00,000 + 3,00,000/40 × 100

તાળો : વેચાણ એકમો = 20,00,000 ÷ રૂ. 24 = 83,333

માલસામાન = 7 × 83,333 એકમો = 5,83,331

મજૂરી = રૂ. 4 × 83,333 એકમો = 3,33,332

ચલિત ખર્ચા = રૂ. 1 × 83,333 એકમો = 83,333

ચલિત પડતર (V) = 9,99,996

વેચાણ (S) = 20,00,000

ફાળો = 10,00,004

- જાહેરાત ખર્ચ + સ્થિર ખર્ચા = 8,00,000

નફો = 2,00,004

(જે વેચાણનાં 10% થાય છે.)

ઉદાહરણ – 18

સિમ્પલ એન્જીનિયરિંગ વર્કસ પાસે હાલ જે યંત્રની કામ થાય છે તે સાત વર્ષ પહેલા ખરીદેલુ છે. કંપની વધુ સારી ટેકનીકવાળા નવા યંત્ર વસાવવાનો વિચાર કરે છે. જુનુ યંત્ર હજુ ત્રણ વર્ષ કાર્યરત રાખી શકાય તેમ હોવાથી, તેના સ્થાને નવુ યંત્ર ફાયદાકારક રહેશે કે કેમ તે અંગે કંપનીના માલિકો મુંઝવણ અનુભવે છે. તમારે નીચે પ્રાપ્ત થયેલ માહિતીના આધારે તમારી સલાહ સૂચન માલિકોને આપવાનાં છે.

વિગત		જૂનુ યંત્ર	નવુ યંત્ર
યંત્રની મૂળકિંમત	(રૂ.)	62,500	1,25,000
યાંત્રિક કલાકો (વાર્ષિક)		4500	4500
કલાકદીઠ મજૂરી	(રૂ.)	4-00	5-00
કલાકદીઠ પાવર ખર્ચ	(રૂ.)	1-50	5-00
પરોક્ષમાલ સામગ્રી (વાર્ષિક)	(રૂ.)	6,000	10,000
અન્ય ખર્ચા (વાર્ષિક)	(રૂ.)	15,000	25,000
એકમ દીઠ માલસામાન	(રૂ.)	5-00	5-00
કલાકદીઠ ઉત્પાદન (એકમોમાં)		15-00	24
એકમ દીઠ વે.કિં.	(રૂ.)	7-00	7-00
યંત્રનું આયુષ્ય		10 વર્ષ	12.5 વર્ષ

ઉત્તર :

જરૂરી ગણતરી :

1. યંત્રના વાર્ષિક કામનાં કલાકો × કલાકદીઠ ઉત્પાદન
   જૂનુ યંત્ર 4,500કલાકો × કલાકદીઠ 15 એકમો =67,500 એકમો
   નવુ યંત્ર 4,500 કલાકો × કલાકદીઠ ૨૪ એકમો =1,08,000 એકમો
2. ઘસારો : જુનુ યંત્ર રૂ. 62,500 ÷ 10 વર્ષ = રૂ. 6250 વાર્ષિક
   નવુ યંત્ર રૂ. 1,25,000÷ 12.5 વર્ષ = રૂ. 10,000 વાર્ષિક
3. જૂના યંત્રની ઉપજી શકે તેવી કિંમત : સાત વર્ષ પહેલા ખરીદેલું છે તેથી સાત વર્ષનો ઘસારો રૂ. 6,250 × 7 = રૂ. 43,750 બાદ કરતા ઉપજ કિંમત રૂ. 18,650
4. નવા યંત્ર માટે જરૂરી મૂડી રોકાણ : રૂ. 1,25,000 – જૂના યંત્રના વેચાણમાંથી રૂ. 18750 મળશે. = રૂ. 1,06,250 નવુ મૂડી રોકાણ

તુલનાત્મક પત્રક

વિગત			જૂનુ યંત્ર	નવુ યંત્ર
ઘસારો		(રૂ.)	6,250	10,000
મજૂરી		(રૂ.)	18,000	22,500
પાવર ખર્ચ		(રૂ.)	6,750	22,500
પરોક્ષ માલ સામગ્રી		(રૂ.)	6,000	10,000
અન્ય ખર્ચા		(રૂ.)	15,000	25,000
માલસામાન :	67500 એકમો × રૂ.5	(રૂ.)	3,37,500	-
	108000 એકમો × રૂ. 5	(રૂ.)	-	5,40,000
		કુલ પડતર (રૂ.)	3,89,500	6,30,000
વેચાણ :	67500 એકમો × રૂ. 7-00	(રૂ.)	4,72,500	-
	108000 એકમો × રૂ. 7-00	(રૂ.)	-	7,56,000
		નફો	83,000	1,26,000

ઉપરનું પત્રક જોતા નવા યંત્રની ગોઠવણી થી નફો રૂ. 43,000 વધે છે. ન.નુ.મૂડી રોકાણ (નોંધ-૪) રૂ. 1,06,250 નું કરવું પડશે. આપી રોકાયેલી મૂડી પર વળતર 40.47% પ્રાપ્ત થાય છે જે સંચાલકોની 32% વળતરની અપેક્ષાએ પણ 8% વધુ છે તેથી નવુ યંત્ર વસાવવુ અને ગોઠવવું ફાયદાકારક છે.

ઉદાહરણ – 19

Y.R.લિમિટેડ બજારમાં પ્રવર્તતી મંદીનાં કારણે પોતાનું કારખાનું કામચલાઉ ધોરણે બંધ કરવા માંગે છે. નીચે મુજબની માહિતી પ્રાપ્ત છે.

વિગત	સ્થિર ખર્ચ		સ્થિર+ચલિત પડતર/ઉત્પાદન સપાટીથી			
	બંધ સ્થિતિ	સામાન્ય સ્થિતિ	૪૦%	૬૦%	૮૦%	૧૦૦%
કારખાના ખર્ચ	3,000	4,000	5,000	5,500	6,000	6,500
વહીવટી ખર્ચા	2,000	3,000	3,250	3,500	3,750	4,000
વેચાણ ખર્ચ	2,000	3,000	32,500	4,000	4,500	5,000
અન્ય ખર્ચા	500	500	750	1,000	1,250	1,500
પ્રત્યક્ષ મજૂરી	-	-	5,000	7,500	10,000	12,500
પ્રત્યક્ષ માલસામાન	-	-	6,000	9,000	12,000	16,000
કુલ	7,500	10,500	23,500	30,500	37,500	45,500

નીચેની વધારાની માહિતી આપવામાં આવી છે.

1. 50% ક્ષમતાએ હાલનુ વાર્ષિક વેચાણ રૂ. 1,500
2. કારખાનું બંધ કરવાનો ખર્ચ રૂ. 2,250 આ સમય ગાળામાં પ્લાન્ટ અને યંત્રોનો વાર્ષિક નિભાવણી ખર્ચ રૂ. 400 થશે.
3. કારખાનુ ફરીથી શરૂ કરવાનો ખર્ચ રૂ. 1,000 અને પ્લાન્ટ અને યંત્રો પુનઃ સંચાલિત કરવાનો ખર્ચ રૂ. 700 થશે.
4. માર્કેટિંગ વિભાગ જણાવે છે કે એક વર્ષ બાદ બજારમાં તેજી થવાની શક્યતા છે અને કંપની તેની 70% ઉત્પાદન ક્ષમતાએ રૂ. 50,000 નું વેચાણ કરી શકે તેવો અંદાજ છે.

ફેક્ટરી બંધ કરવી કે ચાલુ રાખવી તે અંગે તમારો અભિપ્રાય આપો.

ઉત્તર :

તુલનાત્મક પત્રક

વિગત	ફેક્ટરી બંધ કરવામાં આવે ત્યારે	ઉત્પાદન ક્ષમતા	
		50%	70%
વેચાણ (A)	શૂન્ય	15,000	50,000
ચલિત પડતર	શૂન્ય	16,500	23,500
સ્થિર પડતર	7,500	10,500	10,500
ખાસ ખર્ચ :			
ફેક્ટરી બંધ કરવાનો	2,250	-	-
યંત્ર નિભાવ ખર્ચ	400	-	-
પુનઃ શરૂ કરવાનો ખર્ચ	1,000	-	-
યંત્રો પુનઃ ચલિત ખર્ચ	700	-	-
કુલ ખર્ચ (B)	11,850	27,000	34,000
નફો અથવા (ખોટ)	(11,850)	(12,000)	16,000

ઉપરનાં પત્રકના તારણથી સ્પષ્ટ થાય છે કે ધંધો બંધ કરવાથી નુકશાન રૂ. 11,850 થાય છે અને જો ચાલુ રાખવામાં આવે તો નુકશાન રૂ. 12,000 થાય છે. આમ ધંધો બંધ કરવાથી નુકશાન રૂ. 150 ઓછુ થાય છે. પરંતુ ખોટની આટલી નાની રકમથી દોરવાઈ ન જવુ જોઈએ અને અન્ય પરિબળો પણ ધ્યાનમાં રાખી નિર્ણય લેવો જોઈએ. જેમ કે ફેક્ટરી બંધ કરવાથી બજારમાં કંપનીની વસ્તુની ગેરહાજરી વર્તાશે. કંપનીની હાજરીની નોંધ લેવાશે નહીં.

ઉપરાંત માર્કેટિંગ વિભાગના અભિપ્રાય મુજબ જો એક વર્ષ બાદ વેચાણ રૂ. 50,000 થાય અને તેથી નફો રૂ. 16,000 થાય એમ છે આથી ફેક્ટરી ચાલુ રાખવી વ્યાજબી ગણાશે.

ચલિત પડતરની ગણતરી નીચે મુજબ કરી છે.

(1) 50% ક્ષમતા માટે :

40% ક્ષમતાએ કુલ પડતર રૂ. 23,500

60% ક્ષમતાએ કુલ પડતર રૂ. 30,500

એક ટકા એ ચલિત પડતર =30,500 – 23,500/60 – 40 = 7,000/20 = રૂ. 350

40% ક્ષમતાએ કુલ પડતર રૂ. 23500

50% ક્ષમતાએ : રૂ. 23,500 + 3,500 = રૂ. 27,000

રૂ. 27,000 ની કુલ પડતરમાંથી રૂ. 10,500 સ્થિર ખર્ચ બાદ કરતાં રૂ. 16,500 ચલિત પડતર પ્રાપ્ત થશે.

(2) 70% ક્ષમતા માટે :

	60% ક્ષમતાએ કુલ પડતર	રૂ. 30,500
+	10% માટે વધારાની ચલિત પડતર	રૂ. 3,500
	કુલ પડતર	રૂ. 34,000
-	70% ક્ષમતાએ સ્થિર પડતર	રૂ. 10,500
	70% ક્ષમતાએ ચલિત પડતર	રૂ. 23,500

■ સ્વાધ્યાય :

(I) સૈદ્ધાંતિક પ્રશ્નો :

1. તફાવત પડતરનો અર્થ સમજાવી તેના લક્ષણો જણાવો.
2. તફાવત પડતર વિશ્લેષણ એટલે શું ? તેની ઉપયોગિતા વર્ણવો.
3. સીમાન્ત પડતર અને તફાવત પડતર વચ્ચેનો તફાવત વર્ણવો.
4. 'ખરીદવું કે બનાવવું' (Make or Buy)નિર્ણયને અસર કરતા પરિબળોની વિગતવાર ચર્ચા કરો.
5. ઈષ્ટતમ વેચાણ મિશ્રણ એટલે શું ? તે કેવી રીતે પ્રાપ્ત થાય છે ?
6. ''સંચાલકીય નિર્ણય પ્રક્રિયામાં તફાવત પડતર વિશ્લેષણનું યોગદાન સીમાન્ત પડતર કરતા વિશેષ છે'' સમજાવો.
7. વિદેશનાં ખાસ ઓર્ડરનાં સ્વીકાર કે અસ્વીકાર માટે ધ્યાનમાં લેવાતાં મુદ્દાઓ ચર્ચો.
8. ટૂંકનોંધ લખો :
   i. તફાવત પડતર વિશ્લેષણ
   ii. ખરીદવું કે બનાવવું
   iii. યંત્ર/સાધનોની પુનઃસ્થાપના

iv. સંબંધિત પડતર

v. વૈકલ્પિક પડતર

vi. ડૂબેલી પડતર

vii. ઈષ્ટતમ વેચાણ મિશ્રણ

viii. વધતી જતી ઉપજ (incremental reveue) નો ખ્યાલ

9. વસ્તુ શ્રેણીમાંથી કોઈ એક વસ્તુનું ઉત્પાદન બંધ કરવા માટે ધ્યાનમાં લેવા પડતા પરિબળો સમજાવો.

10. નવી વસ્તુ બજારમાં મૂકવાનો નિર્ણય લેતી વખતે ધ્યાનમાં રાખવાનાં મુદ્દાઓની સમજૂતી આપો.

(II) બહુવૈકલ્પીક પ્રશ્નો : MCQs

નીચે દર્શાવેલ પ્રશ્નો અને આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ દર્શાવો.

1. એક વસ્તુની કુલ પડતર રૂ. 24 છે જેમાં 40% સ્થિર ખર્ચા સમાયેલ છે. કંપનીને નિકાસ ઓર્ડર એકમ દીઠ રૂ. 15-00નાં ભાવે મળે છે. નિકાસ ઓર્ડરમાંથી એકમ દીઠ કેટલો ફાળો મળશે ?

   (A) રૂ. 9.60 (B)રૂ.9-00 (C)રૂ.0.60 (D)શૂન્ય

2. એક વસ્તુની એકમ દીઠ વે.કિં. રૂ. 10 છે અને ચલિત પડતર પડતર રૂ. 6 છે. કંપનીની હાલ ફાજલ ઉત્પાદન શક્તિ 4,000 એકમોની છે. કંપનીને 4,000 એકમોનો નિકાસ ઓર્ડર મળે છે. કંપની રૂ. 8,000 નફો મેળવવા માંગતી હોય તો નિકાસ ઓર્ડર કઈ કિંમતે સ્વીકારવી જોઈએ ?

   (A) રૂ. 10 (B) રૂ. 6 (C) રૂ. 7.50 (D) રૂ. 8

3. ઉપરોક્ત પ્રશ્ન નં. ૨ માં જો કંપની નિકાસ ઓર્ડર રૂ. 7.50 નાં ભાવે સ્વીકારે તો નફો કેટલો ?

   (A) રૂ. 6,000 (B) રૂ. 2,000 (C) રૂ. 4,000 (D) શૂન્ય

4. એક ફેક્ટરીમાં વસ્તુ P, Qઅને Rનું ઉત્પાદન અનુક્રમ ૨,૫૦૦, ૩,૦૦૦ અને ૪,૦૦૦ એકમોનું છે. ત્રણેય વસ્તુ માટે એકમ દીઠયંત્ર કલાકો અનુક્રમે 4, 3 અને 2 છે. હાલ ફેક્ટરી 60% ક્ષમતાએ કામ કરે છે. જો મજૂર કલાક ચાવીરૂપ પરિબળ હોય તેમ ફેક્ટરીની 100% ક્ષમતાએ યંત્ર કલાકો કેટલા ?

   (A) 45,000કલાકો (B)27,000કલાકો

   (C)18,000કલાકો (D)એકપણ નહીં

5. ઉપરોક્ત પ્રશ્ન નં ૪ માં ફાજલ યંત્ર કલાકો કેટલા ?

(A) 45,000કલાકો (B)27,000કલાકો

(C) 18,000કલાકો (D) એકપણ નહીં

6. ઉપરોક્ત પ્રશ્ન નં. 4 માં ફાજલ યંત્ર કલાકોમાંથી Pનાં કેટલા એકમોનું ઉત્પાદન શક્ય છે ?

(A) 4,000 એકમો (B) 4,500 એકમો

(C) 3,000 એકમો (D) 6,000 એકમો

7. ઉપરોક્ત પ્રશ્ન નં. 4 માં ફાજલ કલાકોમાંથી જો Qનાં 3,000 વધુ એકમોનું ઉત્પાદન કર્યા બાદ Rનાં કેટલા એકમોનું ઉત્પાદન થઈ શકે ?

(A) 2,250 એકમો (B) 3,000 એકમો

(C) 4,000 એકમો (D)4,500 એકમો

8. બે વસ્તુ Aઅને Bનું હાલનું ઉત્પાદન અને વેચાણ 300 એકમો અને 200 એકમો અનુક્રમે છે. એકમ દીઠ ફાળો રૂ. 4 અને રૂ. 6 છે. જો આ મિશ્રણમાં ફેરફાર કરી Aનાં 200 એકમો અને Bનાં 300 એકમોનું વેચાણ કરવામાં આવે તો કુલ ફાળામાં શું ફેર પડે ?

(A) ફાળામાં ઘટાડો રૂ. 200 (B) ફાળામાં વધારો રૂ. 200

(C) કુલ ફાળો યથાવત રહેશે (D) ત્રણમાંથી એકપણ નહીં

9. બે વસ્તુ Aઅને Bનું વેચાણ અનુક્રમે રૂ. 8,00,000 અને રૂ. 12,00,000 છે અને બંને વસ્તુમાંથી મળતો કુલ ફાળો રૂ. 6,00,000 છે જો Bનો નફા જથ્થાનો ગુણોત્તર 25% હોય તો, Aનો નફા જથ્થાનો ગુણોત્તર શું હોઈ શકે ?

(A) 30% (B) 20% (C) 37.5% (D) 12.5%

10. ઉપરોક્ત પ્રશ્ન નં ૯ માં બંને ફાળાની રકમ દર્શાવો.

(A) રૂ. 3,00,000 અને રૂ. 3,00,000

(B) રૂ. 2,00,000 અને રૂ. 4,00,000

(C) રૂ. 4,00,000 અને રસ.2,00,000

(D) રૂ. 1,50,000 અને રૂ. 4,50,000

11. હાલનો નફા જથ્થાનો ગુણોત્તર 40% છે. વર્તમાન વેચાણ કિંમત 10% ઘટાડવામાં આવે તો હાલની પરિસ્થિતિ જાળવી રાખવા વેચાણમાં કેટલા ટકા વધારો કરવો પડે ?

(A) 25% (B) 33 1/3%

(C) 40% (D) 20%

12. હાલનો નફા જથ્થાનો ગુણોત્તર 40% છે. વર્તમાન વેચાણ કિંમત 20% ઘટાડવામાં આવે તો નવો ન.જ. ગુણોત્તર કેટલો ?
(A) 33 1/3% (B) 40% (C) 25% (D) 20%

13. જે પડતર દરેક વિકલ્પો બદલાય તેને..... પડતર તરીકે ઓળખવામાં આવે છે.
(A) સંબંધિત પડતર (B) તફાવત પડતર
(C) વૈકલ્પિક પડતર (D) ડૂબેલી પડતર

14. જતા કરેલ વિકલ્પની સંભવિત આવકને પસંદ કરેલ વિકલ્પની કઈ પડતર ગણવામાં આવે છે ?
(A) સંબંધિત પડતર (B) તફાવત પડતર
(C) વૈકલ્પિક પડતર (D) સીમાન્ત પડતર

15.

	A	B	C
ઉત્પાદન અને વેચાણ(એકમો)	600	600	1500

(ચાવીરૂપ પરિબળ)
જો વસ્તુ Cનું ઉત્પાદન બંધ કરવામાં આવે તો વસ્તુ Aનાં કેટલા વધુ એકમોનું ઉત્પાદન થઈ શકે?
(A) 750 એકમો (B) 900 એકમો
(C) 1200 એકમો (D) 1125 એકમો

16. ઉપરોક્ત પ્રશ્નનાં 15 માં Aનાં બદલે જો Bનું ઉત્પાદન વધારવામાં આવે તો Bનાં કેટલા એકમોનું ઉત્પાદન વધી શકે ?
(A) 360 એકમો (B) 480 એકમો
(C) 300 એકમો (D) એકપણ નહીં

17. ઉપરોક્ત પ્રશ્ન નં 15 માં Cનાં ઉત્પાદન બંધ કરવાથી પ્રાપ્ત થતા કાચામાલનો વપરાશ Aઅને Bના ઉત્પાદન માટે અનુક્રમે ૨:૧ નાં પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવે તો Aઅને Bના ઉત્પાદનના કુલ એકમો કેટલા ?
(A) 1,200 અને 1,200 એકમો (B) 960 અને 1,200
(C) 1,200 અને 720 એકમો (D) 720 અને 1,200

18. ઉપરોક્ત પ્રશ્ન નં. ૧૫ માં વસ્તુ Aનું ઉત્પાદન વસ્તુ Cનાં બદલે બંધ કરવામાં આવે તો વસ્તુ Cના કેટલા વધુ એકમો પ્રાપ્ત થઈ શકે.
(A) 1,500 એકમો (B) 1,200 એકમો
(C) 900 એકમો (D)1,000 એકમો

19. કુલ પ્રાપ્ત થઈ શકે તેવો કાચો માલ 1,40,000kgઅને A, B અને Cમાં અનુક્રમે એકમ દીઠ કાચો માલ 5 kg, 6 kgઅને 10 kgવપરાય છે. જો Bનાં 7,000 એકમો અને Cના 9,000 એકમોનું ઉત્પાદન થયુ હોય તો બાકી વધતા કાચામાલમાંથી Aનાં કેટલા એકમોનું ઉત્પાદન થઈ શકશે ?

(A) 1,600 એકમો (B) 2,000 એકમો

(C) 1,200 એકમો (D) 1,440 એકમો

20. ઉપરના પ્રશ્ન નં. 19 માં જો Aના 10,000 એકમો અને Bનાં પણ 10,000 એકમોનું ઉત્પાદન થયુ હોય તો Cનાં વધુમાં વધુ કેટલા એકમોનું ઉત્પાદન થઈ શકશે.

(A) 1,500 એકમો (B) 2,250 એકમો

(C) 3,000 એકમો (D)2,700 એકમો

MCQનાં જવાબ :

1. (C) ₹. 0.60
2. (D) ₹. 8.00
3. (A) ₹.6,000
4. (A) 45,000કલાકો
5. (C) 18,000કલાકો
6. (B) 4,500એકમો
7. (D) 4,500એકમો
8. (B) ફાળામાં વધારો ₹.200
9. (C) 37 1/2%
10. (A) ₹.3,00,000 અને ₹. 3,00,000
11. (D) 20%
12. (C) 25%
13. (A) સંબંધિત પડતર
14. (C) વૈકલ્પિક પડતર
15. (B) 900એકમો
16. (A) 360એકમો
17. (C) 1,200અને 720એકમો
18. (D) 1,000એકમો
19. (A) 1,600એકમો

20. (C) 3,000એકમો

(III) વ્યવહારૂ ઉદાહરણો :

1. પરાગ લિ. બે વસ્તુ Aઅને Bનું ઉત્પાદન કરે છે જે અંગેની માહિતી નીચે મુજબ છે.

વિગત	વસ્તુ A	વસ્તુ B
એકમ દીઠ માલ	રૂ. 270	રૂ. 240
પ્રત્યક્ષ મજૂરી	15 કલાક	10 કલાક
મજૂરીનો કલાકદીઠ દર	રૂ. 6-00	6-00
ચલિત પરોક્ષ ખર્ચા : મજૂરીનાં	150%	150%
એકમ દીઠ વે.કિં.	રૂ. 525	રૂ. 450
સ્થિર ખર્ચા રૂ. 13,750		

આગામી વર્ષ માટે નીચે મુજબના વેચાણ મિશ્રણના વિકલ્પો ઉપલબ્ધ છે.

1. Aનાં 1,440 એકમો અને Bનાં ૧૫૬૦ એકમો
2. માત્ર Aનાં 4,6h0 એકમો
3. માત્ર Bનાં 2,580 એકમો
4. Aનાં 1,020 એકમો અને Bનાં 2,160 એકમો

ઉપરમાંથી કયુ વેચાણ મિશ્રણ અપનાવવું જેથી મહત્તમ નફો પ્રાપ્ત થાય તેની ભલામણ કરો.

જવાબ :

એકમ દીઠ ફાળો Aરૂ. 30 અને Bરૂ. 60

વિકલ્પ 1 નો કુલ ફાળો રૂ. 1,36,800 અને નફો રૂ. 1,23,050

વિકલ્પ 2 નો કુલ ફાળો રૂ. 1,38,600 અને નફો રૂ. 1,24,850

વિકલ્પ 3 નો કુલ ફાળો રૂ. 1,54,800 અને નફો રૂ. 1,41,050

વિકલ્પ 4 નો કુલ ફાળો રૂ. 1,60,200 અને નફો રૂ. 1,46,450

વિકલ્પ 4 માં વધુ માં વધુ નફો પ્રાપ્ત થાય છે તેથી તે વેચાણ મિશ્ર સ્વીકારવું જોઈએ.

2 જય લિમિટેડ Pઅને Qવસ્તુનું ઉત્પાદન કરે છે જેની નીચેની માહિતી ઉપલબ્ધ છે.

વિગત	**વસ્તુ P**	**વસ્તુ Q**
એકમ દીઠ માલ	રૂ. 560	રૂ. 385
પ્રત્યક્ષ મજૂરી (કલાકદીઠ રૂ. 35 લેખે)	રૂ. 175	રૂ. 140
ચલિત પરોક્ષ ખર્ચા : મજૂરીનાં	100%	100%
સ્થિર ખર્ચા રૂ. 4,00,000		
વેચાણ કિંમત	રૂ. 1,400	રૂ. 875

કારખાનાની મહત્તમ ઉત્પાદન શક્તિ વસ્તુ Pના 20,000 એકમો અને Qના 30,000 એકમોની છે મજૂર કલાકોએ ચાવીરૂપ પરિબળ છેઅને તેનાં મહત્તમ 2,00,000 કલાકો પ્રાપ્ત થઈ શકે તેમ છે. ઈષ્ટત્તમ ઉત્પાદન મિશ્રણ નક્કી કરી નફો દર્શાવો.

જવાબ :

વસ્તુ Pનો એકમ દીઠ ફાળો રૂ. 490 અને મજૂર કલાક દીઠ ફાળો રૂ. 98

વસ્તુ Qનો એકમ દીઠ ફાળો રૂ. 210 અને મજૂર કલાક દીઠ ફાળો રૂ. 52.50

ઈષ્ટત્તમ વેચાણ મિશ્રણ :

વસ્તુ Pનાં 20,000 એકમો × ફાળો રૂ. 490	=	રૂ. 98,00,000
વસ્તુ Qનાં 25,000 એકમો × ફાળો રૂ. 210	=	રૂ. 52,50,000
કુલ ફાળો	=	રૂ. 150,50,000
- સ્થિર ખર્ચા	=	રૂ. 40,00,000
ચોખ્ખો નફો	=	રૂ. 110,50,000

3 પલક કંપની સ્પેર પાર્ટસ સ્ટાર, ગોલ્ડ અને મોતીનું ઉત્પાદન કરે છે જેની પડતરની વિગતો નીચે મુજબ છે.

વિગત	**સ્ટાર**	**ગોલ્ડ**	**મોતી**
એકમ દીઠ માલ	10-00	15-00	20-00
મજૂર કલાકની આવશ્યકતા	5કલાક	4કલાક	3કલાક
મજૂર કલાક દર	2-00	3-00	4-00
ચલિત પરોક્ષ ખર્ચા	15-00	10-00	8-00
એકમ દીઠ વે.કિં.	50-00	55-00	60-00
કુલસ્થિર ખર્ચા રૂ. 8,000			

નીચે મુજબના વેચાણ મિશ્રણ વિચારણા હેઠળ છે. નફાકારક વેચાણ મિશ્રણ જણાવો.

A. સ્ટાર 500 ગોલ્ડ 400 મોતી 300

B. સ્ટાર-ગોલ્ડ 600 મોતી 400

C. સ્ટાર 800 ગોલ્ડ 150 મોતી 200

D. સ્ટાર 700 ગોલ્ડ 300

જવાબ :

એકમ દીઠ ફાળો સ્ટાર ₹. 15-00

ગોલ્ડ ₹. 18-00

મોતી ₹. 20-00

વિકલ્પ (A)કુલફાળો ₹. 20,700 અને નફો ₹. 12,700

વિકલ્પ (B)કુલફાળો ₹. 18,800 અને નફો ₹. 10,800

વિકલ્પ (C)કુલફાળો ₹. 18,700 અને નફો ₹. 10,700

વિકલ્પ (D)કુલફાળો ₹. 15,900 અને નફો ₹. 7,900

વિકલ્પ (A)શ્રેષ્ઠ અને મહત્તમ નફાકારક વેચાણ મિશ્રણછે તેથી તે વિકલ્પ સ્વીકારવો જોઈએ.

4. અનુપમ બુચ નીચે મુજબની ત્રણ વસ્તુ બનાવીને વેચે છે. જેની પડતર અંગેની વિગતો નીચે મુજબ છે.

વિગત	પ્રાઈમ ₹.	સુપર ₹.	ડિલક્સ ₹.
એકમ દીઠ માલ	6-00	8-00	3-00
એકમ દીઠ મજૂરી	4-00	10-00	4-00
ચલિત પરોક્ષ ખર્ચા	15-00	7-00	3-00
વેચાણ કિંમત	25-00	48-00	18-00

સ્થિર ખર્ચા દર મહિને ₹. 2,90,000 થાય છે. જુલાઈ અને ઓગસ્ટ 2020ના વેચાણના આંકડા (એકમોમાં) નીચે મુજબ છે.

વિગત	પ્રાઈમ	સુપર	ડિલક્સ
જુલાઈ'20 નાં વેચાણ એકમો	10,000	10,000	10,000
ઓગસ્ટ'20નાં વેચાણ એકમો	13,000	5,000	20,000

ઓગસ્ટ2020માં વેચાણ એકંદર 8,000 એકમોથી વધ્યુ હોવા છતાં નફામાં જુલાઈનાં વેચાણ, કરતા ઘટાડો જોવા મળે છે. આમ થવાનું કારણ શું ? બંને માસનો નફો શોધી, નફામાં કેટલો ઘટાડો થયો તે દર્શાવો.

જવાબ :

એકમ દીઠ ફાળો : પ્રાઈમ રૂ. શૂન્ય

એકમ દીઠ ફાળો : સુપર રૂ. 23-00

એકમ દીઠ ફાળો : ડિલક્સ રૂ. 8-00

જુલાઈનો કુલ ફાળો :	P10,000 એકમો ×0	=	રૂ. 10,000
	S10,000 એકમો ×23	=	રૂ. 2,30,000
	D10,000 એકમો ×8	=	રૂ. 80,000
	કુલ ફાળો	=	રૂ. 3,10,000
	- સ્થિર ખર્ચા	=	રૂ. 2,90,000
	નફો	=	રૂ. 20,000
ઓગસ્ટનો કુલ ફાળો :	P13,000 એકમો ×00	=	રૂ. 13,000
	S5,000 એકમો ×23	=	રૂ. 1,15,000
	D20,000 એકમો ×8	=	રૂ. 1,60,000
	કુલ ફાળો	=	રૂ. 2,75,000
	- સ્થિર ખર્ચા	=	રૂ. 2,90,000
	નફો	=	રૂ. −1,5000 (ખોટ)

ખોટ થવાનું કારણ : (1) શૂન્ય ફાળો ધરાવતી પ્રાઈમનું વેચાણ વધ્યુ છે. (2) મહત્તમ ફાળો આપતી વસ્તુ સુપરનું વેચાણ ઘટ્યું છે.

5. હર્ષ લિ. બે વસ્તુઓ Aઅને Bનું ઉત્પાદન કરે છે. જે અંગેની માહિતી નીચે મુજબ છે.

વિગત	A રૂ.	B રૂ.
એકમ દીઠ માલસામાન	156	220
જરૂરી કામદાર કલાકો	70	96
કામદાર કલાક દર	2-00	3-00
ચલિત પરોક્ષ ખર્ચા (મજૂરીનાં ટકા)	70%	75%
વેચાણ કિંમત -------	464	784
કુલ સ્થિર ખર્ચા રૂ. 36,000		

જો કામદાર કલાક ચાવીરૂપ પરિબળ હોય તો અને મહત્તમ પ્રાપ્ય કામદાર કલાકો 1,99,968 હોય તો શ્રેષ્ઠ ઉત્પાદન મિશ્રણ નક્કી કરો કે જેથી મહત્તમ નફો મેળવી શકાય ? કારખાનું વસ્તુ Aનાં 1,200 એકમો અને વસ્તુ Bના 1,500 એકમો ઉત્પાદન કરવાની મહત્તમ ક્ષમતા ધરાવે છે.

જવાબ :

વસ્તુ Aનો એકમ દીઠ ફાળો રૂ. 70 અને મજૂર કલાક દીઠ ફાળો રૂ. 1-00

વસ્તુ Bનો એકમ દીઠ ફાળો રૂ. 60 અને મજૂર કલાક દીઠ ફાળો રૂ. 0.625

શ્રેષ્ઠ ઉત્પાદન મિશ્રણ : વસ્તુ Aમાં 1,200 એકમો કારણ કે તેમાં ચાવીરૂપ પરિબળ મજૂર કલાક દીઠ ફાળો વધુ છે અને વસ્તુ Bના 1,208 એકમોનું ઉત્પાદન કરવું જોઈએ.

6 કુલ વેચાણ : રૂ. 4,50,000

કુલ સ્થિર ખર્ચા : રૂ. 1,35,000

વિગત	હીરા	પન્ના	પોખરાજ
વેચાણ કિંમત એકમ દીઠ રૂ.	5-00	7-50	10
ચલિત ખર્ચા એકમ દીઠ રૂ.	3-00	3-75	5
વેચાણ મિશ્ર ટકાવારી	30%	35%	35%

કંપની વસ્તુ હીરાના સ્થાને વસ્તુ નીલમનું ઉત્પાદન અને વેચાણ કરવાનું વિચારે છે જો આ નિર્ણય અમલમાં મૂકાય તો પડતર અને વેચાણ મિશ્રણ નીચે મુજબ રહેશે.

વિગત	નીલમ	પન્ના	પોખરાજ
એકમ દીઠ વેચાણ કિંમત	7.50	7.50	10.00
એકમ દીઠચલિત ખર્ચા	3.75	3.75	5.00
વેચાણ મિશ્રની ટકાવારી	30%	30%	25%

અન્ય કોઈ ફેરફાર અપેક્ષિત નથી. શું તમે વસ્તુ પેદાશ બદલવાની સલાહ આપશો ?

જવાબ :

વર્તમાન પરિસ્થિતિ મુજબ

વિગત		હીરા	પન્ના	પોખરાજ
વેચાણ		1,35,000	1,57,500	1,57,500
એકમ દીઠ ફાળો		2-00	3-75	5-00
નફા જથ્થાનો ગુણોત્તર		40%	50%	50%
કુલ ફાળો		54,000	78,750	78,750
કુલ ફાળો	2,11,500			
સ્થિર ખર્ચા	1,35,000			
વર્તમાન નફો	76,500			

નવી પરિસ્થિતિ (નીલમના ઉત્પાદન બાદ) મુજબ :

વિગત		નીલમ	પન્ના	પોખરાજ
વેચાણ		1,35,000	2,02,500	1,12,500
એકમ દીઠ ફાળો		3-75	3-75	5-00
P.V. ગુણોત્તર		50%	50%	50%
કુલ ફાળો		67,500	1,01,250	56,250
કુલ ફાળો	2,25,000			
- સ્થિર ખર્ચા	1,35,000			
વર્તમાન નફો	90,000			

વસ્તુ નીલમ (હીરાના સ્થાને) દાખલ કરવાથી નફામાં રૂ. ૧૩,૫૦૦ નો વધારો થાય છે તેથી નવી પરિસ્થિતિ વધુ નફાકારક છે તે અપનાવવી જરૂરી છે.

7. પદ્મશ્રી લિ. ત્રણ વસ્તુ A, Bઅને Cનું ઉત્પાદન કરે છે જેની વિગતો નીચે મુજબ છે.

વિગત	A	B	C
એકમ દીઠ માલ	50-00	24-00	70-00
એકમ દીઠ મજૂરી :			
વિભાગ-1 (કલાકનો દર રૂ. 1-20)	42-00	37-00	24-00
વિભાગ-2 (કલાકનો દર રૂ. 1-50)	30-00	15-00	18-00
વિભાગ-3 (કલાકનો દર રૂ. 1-40)	42-00	28-00	14-00
એકમ દીઠ ચલિત પરોક્ષ ખર્ચા	10-00	8-00	6-00
ચાલુ વર્ષ 2019માં ઉત્પાદન એકમો	12,000	15,000	10,000
2020માં મહત્તમ વેચાણનો અંદાજ (એકમોમાં)	15,000	18,000	12,000

વાર્ષિક સ્થિર ખર્ચા રૂ. 4,82,000

ચાવીરૂપ પરિબળ : વિભાગ-૨નાં મજૂર કલાકો, જે હાલ જે પુરવઠો પ્રાપ્ત છે તેમાં કોઈ ફેરફાર થશે નહીં.

તામારે : (1) ચાલુ અંદાજપત્રીય ઉત્પાદન મિશ્ર અને અપેક્ષિત (2) મહત્તમ નફાકારક ઉત્પાદન મિશ્ર અને અપેક્ષિત નફો દર્શાવતા પત્રકો તૈયાર કરવાનાં છે.

જવાબ :

એકમ દીઠ ફાળો : Aરૂ. 26, Bરૂ. 49 અને Cરૂ. 48

વિભાગ – 2 ના એકમ દીઠ કામના કલાકો : A20 કલાક, B10 કલાક અને C12 કલાક

હાલના (2019નાં) ઉત્પાદન મુજબ વિભાગ-2નાં કુલ કલાકો5,10,000 કલાક

હાલનો નફો :	કુલ ફાળો	રૂ. 15,27,000
	- સ્થિર ખર્ચા	રૂ. 4,82,000
		રૂ. 10,45,000

ચાવીરૂપ મજૂર કલાક (વિભાગ-2) દીઠ ફાળોA1-30, B4.90 અનેC4-00ઉત્પાદનનો ક્રમ B, Cઅને છેલ્લે A

Bનાં18,000 એકમો × ફાળો રૂ. ૪૯	=	8,82,000
Cનાં12,000 એકમો × ફાળો રૂ. ૪૮	=	5,76,000
Aનાં9,300 એકમો × ફાળો રૂ. ૨૬	=	2,41,800
કુલ ફાળો	=	16,99,800
- સ્થિર ફાળો	=	4,82,000
2020 નો અંદાજીત નફો	=	12,78,000

8 રામકૃષ્ણ લિમિટેડ હાલ 90% ઉત્પાદન ક્ષમતાએ 13,500 એકમોનું ઉત્પાદન અને વેચાણ કરે છે. તેની 90% સપાટીએ 100% સપાટીએ ઉત્પાદન પડતરની વિગતો નીચે મુજબ છે.

વિગત		90%	100%
વેચાણ	રૂ.	7,50,000	8,00,000
ચલિત ખર્ચા	રૂ.	72,500	74,750
અર્ધચલિત ખર્ચા	રૂ.	48,750	50,250
સ્થિર ખર્ચા	રૂ.	1,48,750	1,48,750
ઉત્પાદન એકમો	રૂ.	13,500	15,000

હાલનાં વેચાણ પર નફાનો ગાળો 10% છે.

એકમ દીઠ માલ અને મજૂરી સતત એકસમાન (ફેરફાર વગર) રહેશે.

ઉપરની વિગતોનાં આધારે

1. માલ અને મજૂરીની પડતર શોધો.
2. વધારાનાં 1,500 એકમો માટેની પડતર (કુલ અને એકમ દીઠ) શોધો.
3. જો વધારાનાં 1,500 એકમો માટે નિકાસ ઓર્ડર મળે તેમ હોય અને આ માટે વધારાનો પેકિંગ ખર્ચ એકમ દીઠરૂ. 2.50 થાય તમે હોય તો કુલ પડતર પર 25% નફો મેળવવા કઈ કિંમતે નિકાસ ઓર્ડર સ્વીકારવો જોઈએ ?

જવાબ :

(1) વેચાણ રૂ. 7,50,000 બાદ 10% લેખે રૂ. 75,000 નફો બાદ = રૂ. 6,75,000
કુલ પડતર – બાદ આપેલ ખર્ચા રૂ. 2,70,000= રૂ. 4,05,000 માલ અને મજૂરી અંગે 13,500 એકમોનો ખર્ચ
એકમ દીઠ માલ અને મજૂરી રૂ. 30

(2) વધારાનાં 1,500 એકમોની પડતર :

માલ અને મજૂરી રૂ. 30 લેખે	=	રૂ. 45,000
ચલિત ખર્ચનો તફાવત	=	રૂ. 2,250
અર્ધચલિત ખર્ચનો તફાવત	=	રૂ. 1,500
કુલ પડતર	=	રૂ. 48,750

(3)

એકમ દીઠ પડતર રૂ. 48,750 ÷ 1,500 એકમો	=	રૂ. 32.50
+ વધારાનો પેકિંગ ખર્ચ	=	રૂ. 2.50
નિકાસ ઓર્ડર માટેની એકમ દીઠ પડતર	=	રૂ. 35.00
+ નફો	=	રૂ. 8.75
નિકાસ ઓર્ડર માટે એકમ દીઠ કિંમત	=	રૂ. 43.75

9 મહેશ લિમિટેડ ત્રણ વસ્તુ P, Qઅને Rનું ઉત્પાદન અને વેચાણ કરે છે. આ ત્રણેય વસ્તુની એકમ દીઠ પડતર, વે.કિં. અને માંગનાં એકમોની નીચેની માહિતી મહેશ લિમિટેડ તમને પૂરી પાડે છે.

વિગત	P₹.	Q₹.	R₹.
પ્રત્યક્ષમાલ (કિલોદીઠ ₹. 10 લેખે)	18-00	12-00	6-00
પ્રત્યક્ષ મજૂરી (કલાકનો દર ₹. 15)	9-00	9-00	4-50
પરોક્ષ ખર્ચા (ચલિત)	6-00	3-00	30-00
પરોક્ષ ખર્ચા (સ્થિર)	15-00	12-00	60-00
વેચાણ કિંમત	60-00	48-00	30-00
અપેક્ષિત વેચાણ (એકમોમાં)	10,000	12,000	20,000

નીચેના સંજોગોમાં નફાકારક ઉત્પાદન મિશ્રણ અને નફો દર્શાવો.

1. જો પ્રત્યક્ષ માલ ચાવીરૂપ પરિબળ હોય અને તેનો 36,300 કિલોનો પુરવઠો મળી શકે તેમ હોય.
2. જો પ્રત્યક્ષ મજૂરી મર્યાદિત પરિબળ હોય અને તેના 15,000 કલાકો પ્રાપ્ત હોય.
3. ચાવીરૂપ પરિબળ ગેરહાજર હોય અને કોઈપણ એક વસ્તુનું વેચાણ 25% વધારી શકાય તેમ હોય. આ માટે વેચાણવૃદ્ધિ ખર્ચ ₹. 60,000 થશે અને સ્થિર ખર્ચમાં કોઈ વધારો થશે નહીં.

જવાબ :

જ્યારે પ્રત્યક્ષ માલ ચાવીરૂપ પરિબળ હોય ત્યારે :

1. એકમ દીઠ ફાળો : P₹. 27-00, Q₹. 24 અને R₹. 16-50
2. એકમ દીઠ માલ વપરાશ : P1.8 કિલો, Q1.2 કિલો અને R0.6 કિલો
3. કિલોદીઠ ફાળો : P₹. 15, Q₹. 20-00 અને R₹. 27-50
4. ઉત્પાદન મિશ્રણ : R20,000 એકમો ×0.6 કિલો = 12,000 કિલો

Q12,000 એકમો ×1.2 કિલો = 14,400 કિલો

(બાકી રહેતા કિલો) P5,500 એકમો ×1.8 કિલો = 9,900 કિલો

36,300 કિલો

ત્રણેયનો ફાળો R=20,000 એકમો × ₹. 16.50 = ₹. 3,30,000

Q=12,000 એકમો × રૂ. 24.00	=	રૂ. 2,88,000
P=5,500 એકમો × રૂ. 27.00	=	રૂ. 1,48,500
કુલ પડતર	=	રૂ. 7,66,500
બાદ : સ્થિર ખર્ચા	=	રૂ. 4,14,000
નફો	=	રૂ. 3,52,500

જ્યારે મજૂરી ચાવીરૂપ પરિબળ હોય ત્યારે

1. એકમ દીઠ ફાળો Pરૂ. 27, Qરૂ. 24 અને Rરૂ. 16.50
2. એકમ દીઠ મજૂર કલાકો P0.6 કલાક, Q0.6 કલાક અને R0.3 કલાક
3. મજૂર કલાક દીઠ ફાળો : Pરૂ. 45, Qરૂ. 40 અને Rરૂ. 55
4. ઉત્પાદન મિશ્રણ :

R20,000 એકમો ×0.3 કલાક	=	6,000 કલાક
P10,000 એકમો ×0.6કલાક	=	6,000 કલાક
Q5,000 એકમો ×0.6કલાક	=	3,000 કલાક
		15,000 કલાક

5. ઉપરોક્ત ઉત્પાદન મિશ્રણમાંથી મળતો ફાળો :

R20,000 એકમો × રૂ. 16.50	=	રૂ. 3,30,000
P10,000 એકમો×રૂ. 27.00	=	રૂ. 2,70,000
Q5,000 એકમો×રૂ. 24.00	=	રૂ. 1,20,000
કુલ ફાળો	=	રૂ. 7,20,000
- સ્થિર ખર્ચા	=	રૂ. 4,14,000
પ્રાપ્ત નફો	=	રૂ. 3,06,000

જ્યારે ચાવીરૂપ પરિબળ ન હોય અને કોઈપણ એક વસ્તુનું વેચાણ 25% વધારી શકાય તેમ હોય ત્યારે PVRધ્યાનમાં લેવો પડશે.

નફા જથ્થાનો ગુણોત્તર : P=45%,Q=50% અને R=55%

વસ્તુ Rનું 25% ઉત્પાદન અને વેચાણ વધારવું ફાયદાકારક છે.

ઉત્પાદન મિશ્રણ અને ફાળો :

P10,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 27	=	રૂ. 2,70,000
Q12,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 24	=	રૂ. 2,88,000
R25,000 એકમો (25% વધારા સાથે) × રૂ. 16.50	=	રૂ. 4,12,500
કુલ ફાળો	=	રૂ. 9,70,500
બાદ : સ્થિર ખર્ચા 4,14,000		
વેચાણ વૃદ્ધિ ખર્ચ 60,000	=	રૂ. 4,74,000
કુલ નફો	=	રૂ. 4,96,500

કુલ સ્થિર ખર્ચ આ મુજબ ગણાશે

P10,000 એકમો ×એકમ દીઠ સ્થિર ખર્ચ રૂ. 15	=	રૂ. 1,50,000
Q12,000 એકમો ×એકમ દીઠ સ્થિર ખર્ચા રૂ. 12	=	રૂ. 1,44,000
R20,000 એકમો ×એકમ દીઠ સ્થિર ખર્ચા રૂ. 6	=	રૂ. 1,20,000
કુલ સ્થિર ખર્ચા	=	રૂ. 4,14,000

10 વિશ્વપ્રતાપ લિ. નીચેની ત્રણ વસ્તુનુ ઉત્પાદન અને વેચાણ કરે છે.

A 16,000 એકમો

B 12,000 એકમો

C 10,000 એકમો

ત્રણેય વસ્તુના ઉત્પાદન અંગેની નીચેની માહિતી મળે છે.

વિગત	A	B	C
કેટલોગ કિંમત (એકમ દીઠ અને 20% વેપારી વટાવને આધીન)	15-00	25-00	20-00
સીમાન્ત પડતર	7-00	12-50	10-00
એકમ દીઠ ઉત્પાદન માટે જરૂરી કલાકો	2.5કલાક	5 કલાક	2.4કલાક

કુલ સ્થિર ખર્ચ રૂ. 2,25,000 છે. મજૂર કલાક એ ચાવીરૂપ પરિબળ છે અને તેનાં મહત્તમ 1,20,000 કલાકો આગામી વર્ષમાં પ્રાપ્ત થશે એવો અંદાજ છે.

નીચેનાં સંજોગોમાં મહત્તમ નફો મેળવી આપતુ ઉત્પાદન મિશ્રણ જણાવો.

1. જો બધી વસ્તુની માંગ પુરતા પ્રમાણમાં હોય અને ગમે તે વસ્તુ સંપૂર્ણપણે વેંચી શકાય તેમ હોય.
2. જ્યારે માંગ નીચે મુજબ શક્ય હોય.

   A18,000એકમો, B13,000એકમો અને C20,000એકમો

જવાબ :

(1) એકમ દીઠ ફાળો Aરૂ. 5.00,Bરૂ. 7.50 અને Cરૂ. 6.00

મજૂર કલાકદીઠ ફાળો Aરૂ. 2.00,Bરૂ. 1.50 અને Cરૂ. 2.5

જ્યારે બધી વસ્તુની માંગ અમર્યાદીત હોય ત્યારે વસ્તુ Cબનાવવી ફાયદાકારક છે કારણ કે ચાવીરૂપ પરિબળ મુજબ તેનો ફાળો મહત્તમ છે.

વસ્તુ Cનું ઉત્પાદન 1,20,000 કલાકો ÷2.4 કલાક	=	5,00,000 એકમો
કુલ ફાળો : 50,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 6	=	રૂ. 3,00,000
બાદ : સ્થિર ખર્ચા	=	રૂ. 2,25,000
નફો	=	રૂ. 75,000

(2) જ્યારે દરેક વસ્તુની મહત્તમ માંગ અને વેચાણ આપેલ હોય ત્યારે

C નાં 20,000 એકમો ×2.4 કલાક = 48,000 કલાક

A નાં 18,000 એકમો ×2.5 કલાક = 45,000 કલાક

B નાં 5,400 એકમો ×5કલાક = 27,000 કલાક (બાકી વધતા)

ઉપરોક્ત વેચાણ – મિશ્રણે પ્રાપ્ત ફાળો

A5,400 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 5.00 = રૂ. 27,000

B18,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 7.50 = રૂ. 1,35,000

C20,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 6.00 = રૂ. 1,20,000

કુલ ફાળો = રૂ. 2,82,000

- સ્થિર ખર્ચા = રૂ. 2,25,000

અપેક્ષિત નફો = રૂ. 57,000

11 મહાવીર મેન્યુ લિ. ની ઉત્પાદન અને વેચાણ અંગે નીચેની માહિતી પ્રાપ્ત છે.

ઉત્પાદન અને વેચાણ એકમો	એકમ દીઠ વે.કિં. રૂ.	કુલ ચલિત ખર્ચ રૂ.	કુલ અર્ધચલિત ખર્ચ રૂ.	કુલ સ્થિર ખર્ચ રૂ.
60,000	24.00	8,36,000	3,00,000	2,84,000
1,20,000	22.00	16,36,000	3,00,000	2,84,000
1,80,000	20.00	25,56,000	3,40,000	2,84,000
2,40,000	18.00	31,56,000	3,40,000	2,84,000
3,00,000	16.00	35,56,000	4,00,000	2,84,000
3,60,000	14.00	38,04,000	4,00,000	2,84,000

ઉપરની વિગતો પરથી વધતી જતી ઉપજ (Incremental Income)અને પડતર (Incremental Cost)નક્કી કરી કયા તબક્કે ઉત્પાદન અને વેચાણ કરવું જોઈએ તે દર્શાવો.

જવાબ :

દરેક સપાટીના કુલ ખર્ચા ગણો અને કુલ વેચાણ પણ દર્શાવો. ત્યારબાદ દરેક સપાટીએ ખર્ચ વચ્ચે તફાવત અને વેચાણનાં તફાવત નક્કી કરો. જે સપાટીએ શ્રેષ્ઠ ગાળો પ્રાપ્ત થાય તે સપાટીએ ઉત્પાદન અને વેચાણ કરવું જોઈએ.

અહીં 1,20,000 એકમોની સપાટીએ પડતરનો વધારો રૂ. 8,00,000 અને આવકનો વધારો રૂ. 12,00,000 થાય છે. આથી આ તફાવત ગાળો શ્રેષ્ઠ છે અને 1,20,000 એકમોની સપાટીએ ઉત્પાદન કરવું જોઈએ.

12. આર. કે મેન્યુ. કંપની ત્રણ વસ્તુ G, Sઅને Tનું ઉત્પાદન અને વેચાણ કરે છે જેની પડતરની વિગતો નીચે મુજબ છે.

વિગત	G રૂ.	S રૂ.	T રૂ.
પ્રત્યક્ષ માલ	69-00	75-00	60-00
પ્રત્યક્ષ મજૂરી	30-00	42-00	24-00
ચલિત પરોક્ષ ખર્ચા	45-00	30-00	36-00
સ્થિર પરોક્ષ ખર્ચા	18-00	24-00	21-00
	162-00	171-00	141-00
કુલ પડતર	30-00	30-00	30-00
નફો	192-00	201-00	171-00
વેચાણ કિંમત	10,000	12,000	8,000
વેચાણ એકમો			

ઉત્પાદન વ્યવસ્થા એ રીતે ગોઠવાયેલ છે કે જો એક વસ્તુનું ઉત્પાદન બંધ કરવામાં આવે તો બાકીની બે વસ્તુનું ઉત્પાદન 50% થી વધારી શકાય. સંચાલકો વસ્તુ Gબંધ કરવા માગે છે કારણ કે તેમાંથી મળતો ફાળો ઓછો છે.

શું આ વિચાર/નિર્ણય યોગ્ય છે. વસ્તુ Gબંધ કરવાથી નફો વધશે ખરો ? જો હા, તો નફામાં કેટલો વધારો થશે તે જણાવો.

જવાબ :

વસ્તુ Gનો એકમ દીઠ ફાળો = રૂ. 48

વસ્તુ Sનો એકમ દીઠ ફાળો = રૂ. 54

વસ્તુ Tનો એકમ દીઠ ફાળો = રૂ. 51

વર્તમાન નફો રૂ. 9,00,000

કુલ સ્થિર ખર્ચા : G (10,000×18) + S (12,000×24) + T (8,000×21)

= 1,80,000 + 2,88,000 + 1,68,000 = Y. 6,36,000

જો વસ્તુ G બંધ થાય તો વસ્તુ Sઅને Tનું ઉત્પાદન ૫૦% વધશે.

Sનાં એકમો 12,000 + વધારો 6,000 = 18,000 એકમો × ફાળો રૂ. 54 = 9,72,000

Tનાં એકમો 8,000 + વધારો 4,000 = 12,000 એકમો × રૂ. 51 = 6,12,000

કુલ પ્રાપ્ત થતો ફાળો = 1,58,4000

- સ્થિર ખર્ચા = 6,36,000

અપેક્ષિત નફો = 9,48,000રૂ.

વસ્તુ G બંધ કરી બાકીની બે વસ્તુ 50% ઉત્પાદન વધારવાથી કુલ નફો રૂ. 48,000 વધે છે તેથી આ દરખાસ્ત સ્વીકારવી જોઈએ.

13 જે. કે. લિમિટેડ તેની ત્રણ વસ્તુ અંગેની નીચે મુજબ માહિતી આપે છે.

વિગત	વસ્તુ K	વસ્તુ J	વસ્તુ P
એકમ દીઠ વેચાણ કિંમત (રૂ.)	158-00	130-00	172-00
પ્રત્યક્ષ માલ સામાન (એકમ દીઠkg)	4	5	6
પ્રત્યક્ષ કામનાં કલાકો (એકમ દીઠ)	4	3	5
એકમ દીઠ ચલિત શિરોપરી ખર્ચ (રૂ.)	30-00	16-00	20-00
એકમ દીઠ સ્થિર શિરોપરી ખર્ચા (રૂ.)	24-00	24-00	24-00
પ્રત્યક્ષ માલનો કિલોદીઠ ભાવ (રૂ.)	12-00	12-00	12-00
પ્રત્યક્ષ વેતન દર (કલાકનો) (રૂ.)	6-00	6-00	6-00
ઉત્પાદન અને વેચાણનાં અંદાજિત એકમો	3,000	1,000	2,000
મહત્તમ શક્ય વેચાણ એકમો	4,000	1,500	3,000

ત્રણેય વસ્તુ માટે એકસરખો માલ, એકસરખા યંત્રો અને સમાન કામદારોનો ઉપયોગ થાય છે.

1. જો પ્રત્યક્ષ કામદાર કલાકો ચાવીરૂપ પરિબળ હોય અને તેનાં 25,000 કલાકો પ્રાપ્ત થઈ શકે તેમ હોય તો ઈષ્ટતમ ઉત્પાદન મિશ્રણ અને નફો દર્શાવો.
2. જો પ્રત્યક્ષ માલસામાનનાં ફક્ત 36,000 કિલોગ્રામ પુરવઠો મળે તેમ હોય, તે સંજોગોમાં પણ ઈષ્ટત્તમ ઉત્પાદન મિશ્રણ નક્કી કરી નફો શોધી કાઢો.

જવાબ :

વસ્તુ Kનો એકમ દીઠ ફાળો રૂ. 56, વસ્તુ Jનો એકમ દીઠ ફાળો રૂ. 36 વસ્તુ Pનો એકમ દીઠ ફાળો રૂ. 50

ચાવીરૂપ પરિબળ કામદાર કલાક હોય ત્યારે :

કામદાર કલાકદીઠ ફાળો Kરૂ. 14,Jરૂ. 12 અને Pરૂ. 10

ઉત્પાદનનો ક્રમ 1K , 2J , 3P

ઉત્પાદન મિશ્રણ :

Kનાં 4,000 એકમો ×એકમ દીઠ કલાકો 4 = 16,000 કલાક

Jનાં 1,500 એકમો ×એકમ દીઠ કલાકો 3 = 4,500 કલાક

Pનાં 900 એકમો ×એકમ દીઠ કલાકો 5 (બાકી વધતા)	=	4,500	કલાક

કુલ ફાળાની ગણતરી :

વસ્તુ K4,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 56	=	રૂ. 22,400
વસ્તુ J1,500 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 36	=	રૂ. 54,000
વસ્તુ P900 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 50	=	રૂ. 45,000
કુલ ફાળો	=	રૂ. 3,23,000
- સ્થિર ખર્ચા	=	રૂ. 1,44,000
નફો	=	રૂ. 1,79,000

(2) જ્યારે માલસામાનનો પુરવઠો મર્યાદિત હોય ત્યારે :

કિલોદીઠ ફાળો : Kરૂ. 14,Jરૂ. 7.20,Pરૂ. 8.33

ઉત્પાદન ક્રમ : 1K, 2P અને 3J

ઉત્પાદન મિશ્રણ :

Kનાં 4,000 એકમો ×4 kg	=	16,000kg
Pનાં 3,000 એકમો ×6kg	=	18,000kg
Jનાં 400 એકમો ×5kg	=	2,000kg(બાકી વધતા)
		36,000kg

કુલ ફાળાની ગણતરી :

Kનાં 4,000 એકમો × ફાળો રૂ. 56	= રૂ. 2,24,000
Pનાં 3,000 એકમો × ફાળો રૂ. 50	= રૂ. 1,50,000
Jનાં 400 એકમો × ફાળો રૂ. 36	= રૂ. 14,400
કુલ ફાળો	= રૂ. 3,88,400

- સ્થિર ખર્ચા = રૂ. 1,44,000

નફો = રૂ. 1,44,400

14 સોનલ લિમિટેડ ત્રણ વસ્તુ J, Kઅને Lનું ઉત્પાદન અને વેચાણ કરે છે જે અંગે નીચેની માહિતી પ્રાપ્ત થાય છે.

વિગત	વસ્તુ J	વસ્તુ K	વસ્તુ L
માલસમાન પડતર	30,000	40,000	32,000
મજૂરી પડતર	8,000	12,000	10,000
ચલિત પરોક્ષ ખર્ચા	4,000	6,000	8,000
સ્થિર પરોક્ષ ખર્ચા	8,000	10,000	6,000
વેચાણ	60,000	1,00,000	70,000
આયાતી કાચામાલનો વપરાશ (પુરવઠો મર્યાદિત છે)	600 કિલો	1,200 કિલો	800 કિલો

આયાતી કાચા માલનો વધુ પુરવઠો પ્રાપ્ત થઈ શકે તેમ નથી આથી કંપની વર્તમાન પ્રાપ્ત પુરવઠામાંથી વધુ નફો મળી રહે તે રીતે વેચાણ મિશ્રણ બદલવા ઈચ્છે છે. ત્રણમાંથી કોઈપણ એક વસ્તુનું ઉત્પાદન બંધ કરી, બાકીની વસ્તુનું ઉત્પાદન અને વેચાણ વધારવા માંગે છે માર્કેટીંગ મેનેજર બધુ જ ઉત્પાદન બજારમાં વેચાઈ જશે તેવી ખાત્રી આપે છે.

ઉપરોક્ત ત્રણ વસ્તુમાંથી કઈ વસ્તુનું ઉત્પાદન બંધ કરવું તે જણાવો.

જવાબ :

	વેચાણ – ચલિત ખર્ચા	=	ફાળો
J	60,000 – 48,000	=	18,000
k	1,00,000 – 58,000	=	42,000
L	70,000 – 50,000	=	20,000

આયાતી માલ ચાવીરૂપ પરિબળ છે તેથી તેનાં કિલોગ્રામ દીઠ ફાળો શોધવો પડશે.

J	18,000 ÷ 600 કિલો	=	કિલોદીઠ ફાળો રૂ. 30
K	42,000 ÷ 1,200 કિલો	=	કિલોદીઠ ફાળો રૂ. 35
L	20,000 ÷ 800 કિલો	=	કિલોદીઠ ફાળો રૂ. 25

વસ્તુ Lમાં કિલોદીઠ ફાળો ઓછામાં ઓછો છે તેથી વસ્તુ Lબંધ કરી, વસ્તુ Jઅને Kનું ઉત્પાદન વધારવું જોઈએ. વસ્તુ Kનો કિલોદીઠ ફાળો રૂ. ૩૫છે જે વસ્તુ Jનાં ફાળા કરતાં પણ વધુ છે આથી વસ્તુ Kનું ઉત્પાદન અને વેચાણ વધુ થાય તે માટે પ્રયત્ન કરવા જોઈએ.

15 વત્સલ લિમિટેડ દ્વારા ઉત્પાદન અને વેચાણ થતી ત્રણ વસ્તુની માહિતી નીચે મુજબ છે.

વિગત	વસ્તુ I	વસ્તુ M	વસ્તુ P
વેચાણ કિંમત એકમ દીઠ	200	175	187.50
ઉત્પાદન એકમો	12,000	8,000	10,000
એકમ દીઠ પડતર :			
પ્રત્યક્ષ માલ	75-00	62-50	70-00
પ્રત્યક્ષ મજૂરી	40-00	25-00	30-00
ચલિત ખર્ચા	25-00	30-00	37-50
સ્થિર ખર્ચા	20-00	17-50	15-00
કુલ પડતર	160-00	135-00	152-50

ઉત્પાદન વ્યવસ્થા એ રીતે ગોઠવાયેલી છે કે કોઈપણ એક વસ્તુનું ઉત્પાદન બંધ કરવામાં આવે તો બાકીની બે વસ્તુનું ઉત્પાદન અને વેચાણ 50% વધી શકે તેમ છે.

સંચાલકો કોઈપણ એક વસ્તુનું ઉત્પાદન બંધ કરવા માંગે છે. ત્રણમાંથી કઈ વસ્તુનું ઉત્પાદન બંધ કરવાથી વધુમાં વધુ નફો પ્રાપ્ત થાય તે દર્શાવતુ વિશ્લેષાત્મક પત્રક તૈયાર કરો.

જવાબ :

(1) કુલ સ્થિર ખર્ચા : વસ્તુ Iરૂ. 20 × 12,000 = રૂ. 2,40,000

વસ્તુ Mરૂ. 17.50 × 8,000 = રૂ. 1,40,000

વસ્તુ Pરૂ. 15-00 × 12,000 = રૂ. 1,50,000

કુલ સ્થિર ખર્ચા = રૂ. 5,30,000

(2) હાલનો I, M, Pમાંથી મળતો વર્તમાન નફો

વસ્તુ I: (રૂ. 200 – 140) = રૂ. 60 × 12,000 એકમો = રૂ. 7,h0,000

વસ્તુ M: (રૂ. 175 – 117.5) = રૂ. 57.5 × 8,000 એકમો = રૂ. 4,60,000

વસ્તુ P: (રૂ. 187.5 – 137.5) = રૂ. 50 × 10,000 એકમો	=	રૂ. 5,00,000
વસ્તુ I, M અને P માંથી કુલ ફાળો	=	રૂ. 16,80,000
બાદ : સ્થિર ખર્ચા	=	રૂ. 5,30,000
હાલનો નફો	=	રૂ. 11,50,000

(3) જો વસ્તુ I નું ઉત્પાદન બંધ થાય તો :

વસ્તુ M નો ફાળો = રૂ. 57.50 × (8,000 + 4,000)	=	રૂ. 6,90,000
વસ્તુ P નો ફાળો = રૂ. 50 × (10,000 + 5,000)	=	રૂ. 7,50,000
કુલ ફાળો	=	રૂ. 14,40,000
- સ્થિર ખર્ચા	=	રૂ. 5,30,000
પ્રાપ્ત થતો નફો	=	રૂ. 9,10,000

(4) જો વસ્તુ M નું ઉત્પાદન બંધ થાય તો :

વસ્તુ I નો ફાળો = રૂ. 60 × (12,000 + 6000)	=	રૂ. 10,80,000
વસ્તુ P નો ફાળો = રૂ. 50 × (10,000 + 5000)	=	રૂ. 7,50,000
કુલ ફાળો	=	રૂ. 18,30,000
- સ્થિર ખર્ચા	=	રૂ. 5,30,000
પ્રાપ્ત થતો નફો	=	રૂ. 13,00,000

(5) જો વસ્તુ P નું ઉત્પાદન બંધ થાય તો :

વસ્તુ I નો ફાળો = રૂ. 60 × (12,000 + 6,000)	=	રૂ. 10,80,000
વસ્તુ M નો ફાળો = રૂ. 57.50 × (8,000 + 4,000)	=	રૂ. 6,90,000
કુલ ફાળો	=	રૂ. 17,70,000
- સ્થિર ખર્ચા	=	રૂ. 5,30,000
અપેક્ષિત નફો	=	રૂ. 12,40,000

ઉપરોક્ત ત્રણેય પરિસ્થિતિનું મૂલ્યાંકન કરતાં જો વસ્તુ Mનું ઉત્પાદન બંધ કરીને વસ્તુ Iઅને વસ્તુ Pનું 50% વધારીને ઉત્પાદન કરવાથી કુલ ફાળો અને નફો અનુક્રમે રૂ. 18,30,000 અને રૂ. 13,00,000 વધુમાં વધુ/મહત્તમ થાય છે તેથી વસ્તુ Mનું ઉત્પાદન બંધ કરવું ફાયદાકારક છે.

16 વેરાઈટીઝ લિમિટેડની ત્રણ વસ્તુ V, Iઅને Pની નીચેની માહિતી મળે છે.

વિગત	વસ્તુ V	વસ્તુ I	વસ્તુ P
પ્રત્યક્ષ માલ	100-00	60-00	80-00
પ્રત્યક્ષ મજૂરી			
વિભાગ-૧	80-00	20-00	80-00
વિભાગ-૨	20-00	80-00	20-00
વિભાગ-૩	20-00	20-00	20-00
વેચાણ કિંમત	680-00	560-00	640-00
પ્રત્યક્ષ મજૂરી ખર્ચના એક રૂપિયા દીઠ પરોક્ષ ખર્ચ વસુલાતનો દર નીચે મુજબ છે :			
	વિભાગ-1	વિભાગ-2	વિભાગ-3
ચલિત પરોક્ષ ખર્ચ રૂ.	2-40	0-80	2-00
સ્થિર પરોક્ષ ખર્ચ રૂ.	2-40	4-00	2-80

શું વસ્તુ Iનું ઉત્પાદન બંધ કરવું જોઈએ ? વસ્તુ Iનો નફાકારકતાના સંદર્ભમાં સલાહ આપો.

જવાબ :

(1) એકમ દીઠ ફાળો વસ્તુ V રૂ. 212-00

એકમ દીઠ ફાળો વસ્તુ I રૂ. 228-00

એકમ દીઠ ફાળો વસ્તુ P રૂ. 192-00

(2) નફા જથ્થા ગુણોત્તર : ફાળો/વેચાણ × 100

વસ્તુ Vનો ન. જ. ગુણોત્તર = 212/680 × 100 = 31.18%

વસ્તુ Iનો ન. જ. ગુણોત્તર = 228/560 × 100 = 40.7%

વસ્તુ Pનો ન. જ. ગુણોત્તર = 192/640 × 100 = 30%

(3) ત્રણેય વસ્તુના નફા જથ્થાના ગુણોત્તરમાં વસ્તુ Iનો નફા જથ્થાનો ગુણોત્તર વધુમાં વધુ છે તેથી તેની નફાકારકતા વધારે હોવાથી વસ્તુ Iનું ઉત્પાદન બંધ કરવું હિતાવહ નથી.

17 મનન લિમિટેડ ત્રણ વસ્તુ A, Bઅને Cનું વેચાણ કરે છે. જેની પડતર વિભાગ હાલની પરિસ્થિતિ નીચે મુજબ દર્શાવે છે.

વસ્તુ	એકમ દીઠ વે.કિં.	એકમ દીઠ ચલિત ખર્ચ	કુલ વેચાણમાં ટકાવારી
A	150	100	30%
B	250	150	20%
C	500	300	50%

કુલ વેચાણ રૂ. 62,50,000

કુલ સ્થિર ખર્ચા રૂ. 18,75,000

સંચાલકો વસ્તુ Bનું ઉત્પાદન બંધ કરી તેના સ્થાને વસ્તુ Dનું ઉત્પાદન શરૂ કરવા માંગે છે. જો આ નિર્ણયનો અમલ કરવામાં આવે તો પડતર અને વેચાણની પરિસ્થિતિ નીચે મુજબ રહેશે.

વસ્તુ	એકમ દીઠ વે.કિં.	એકમ દીઠ ચલિત ખર્ચ	કુલ વેચાણમાં ટકાવારી
A	150	100	50%
B	500	300	40%
C	400	150	10%

કુલ વેચાણ રૂ. 62,50,000

કુલ સ્થિર ખર્ચા રૂ. 18,75,000

શું ઉપરોક્ત ફેરફાર કરવો વ્યાજબી છે ? તમારો અભિપ્રાય આપો.

જવાબ :

વસ્તુ Aનો ન. જ. ગુણોત્તર = 50/150 × 100 = 33.1/3%

વસ્તુ Bનો ન. જ. ગુણોત્તર = 100/250 × 100 = 40%

વસ્તુ Cનો ન. જ. ગુણોત્તર = 200/500 × 100 = 40%

વસ્તુ Aનો ફાળો : 62,50,000 × 30% = 18,75,000 × 33.1/3% = રૂ. 6,25,000

વસ્તુ Bનો ફાળો : 62,50,000 × 20% = 125,00,000× 40% = રૂ. 5,00,000

વસ્તુ Cનો ફાળો : 62,50,000 × 50% = 31,25,000 × 40% = રૂ. 1,25,000

કુલ ફાળો = રૂ. 23,75,000

- સ્થિર ખર્ચા = રૂ. 18,75,000

હાલનો નફો = રૂ. 5,00,000

જો વસ્તુ Bનાં સ્થાને વસ્તુ D દાખલ કરવામાં આવે તો નફો : વસ્તુ Aઅને Cનો ન. જ. ગુણોત્તર આગળ શોધ્યા મુજબ રહેશે.

Dનો નફા જથ્થા ગુણોત્તર = 250/400 × 100 = 62.5%

વસ્તુ Aનો ફાળો = રૂ.62,50,000 × 50% = 31,25,000 × 33.1/3% = રૂ.10,41,667

વસ્તુ Cનો ફાળો = રૂ. 62,50,000 × 40% = 2,50,000 × 40% = રૂ. 10,00,000

વસ્તુ Dનો ફાળો = રૂ. 62,50,000 × 10% = 6,25,000 × 62.5% = રૂ. 3,90,625

કુલ ફાળો = રૂ. 24,32,292

- સ્થિર ખર્ચા = રૂ. 18,75,000

ચોખ્ખો નફો = રૂ. 5,57,292

18 ડિલાઈટ લિમિટેડ પોતાની 50% ઉત્પાદન શક્તિનો જ ઉપયોગ કરે છે કારણ કે બજારમાં મંદીની પરિસ્થિતિ છે. વસ્તુની એકમ દીઠ પડતર નીચે મુજબ છે.

વિગત	રકમ રૂ.
પ્રત્યક્ષ માલ સામાન	4-00
પ્રત્યક્ષ મજૂર	3-00
ચલિત પરોક્ષ ખર્ચા	5-00
સ્થિર પરોક્ષ ખર્ચા	4-00
કુલ પડતર	16-00

હાલનું વેચાણ 20,000 એકમોનું છે અને એકમ દીઠ વે.કિં. રૂ. 14-00 છે. આથી કંપની વર્તમાન વેચાણ થી રૂ. 40,000નું નુકશાન કરે છે.

કંપનીને વિદેશથી 10,000 એકમોનો નિકાસ ઓર્ડર એકમ દીઠ રૂ. 13-00ના ઓફર ભાવે મળે તેમ છે. સંચાલકો આ ભાવે નિકાસ ઓર્ડર સ્વીકારવા માટે ઉત્સુક નથી કારણ કે વસ્તુની કુલ પડતર રૂ. 16-00ની સામે એકમ દીઠ રૂ. 13-00 નો ભાવ, એકંદર ખોટમાં વધારો કરશે ? શું તેઓના આ વિચાર સાથે તમે સહમત થશો? જો ના તો શા માટે ?

જવાબ :

વસ્તુની સીમાન્ત પડતર રૂ. 12 છે જ્યારે નિકાસ ઓર્ડર માટેનો ભાવ રૂ. 13 છે તેથી એકમ દીઠ રૂ. 1-00 નો ફાળો મળશે. 10,000 એકમોમાં રૂ. 10,000 નો ફાળો મળવાથી હાલની ખોટ રૂ. 40,000 માંથી ઘટીને રૂ. 30,000 થશે તેથી આ ઓર્ડર સ્વીકારવો જોઈએ.

19 નવજીવન લિમિટેડની ઉત્પાદન ક્ષમતા 100% ઉત્પાદન શક્તિએ 12,000 એકમોની છે. કંપની હાલ 60% ક્ષમતાએ કાર્ય કરે છે.

વસ્તુની પડતર નીચે મુજબ છે.

વિગત	**રકમ રૂ.**
માલસામાન	80-00
મજૂરી	30-00
કારખાના ચલિત ખર્ચા	15-00
સ્થિર પરોક્ષ ખર્ચા	45-00
કુલ પડતર	170-00
વેચાણ	200-00
એકમ દીઠ નફો	30-00

કંપનીને વિદેશમાંથી 400 એકમોનો ઓર્ડર એકમ દીઠ રૂ. 15-00 નાં ભાવે મળે તેમ છે. શું આ દરખાસ્ત સ્વીકારવી જોઈએ ?

જો વિદેશનો ઓર્ડર 6,000 એકમો માટે હોય અને કંપનીની વર્તમાન ઉત્પાદન શક્તિમાં કોઈ ફેરફાર શક્ય ન હોય તો તમારી સલાહ શું હશે ?

જવાબ :

1. કુલ સ્થિર ખર્ચા : એકમ દીઠ રૂ 45× 7,200 એકમો = 3,24,000
2. હાલનું ઉત્પાદન 1,200 નાં 60% = 7200 એકમો
3. એકમ દીઠ ફાળો : વે.કિં. રૂ. 200સી. ૫. રૂ. 125= રૂ. 75 ફાળો
4. સ્થાનિક બજારમાંથી નફો :7,200 એકમો × રૂ. 75 = રૂ. 5,40,000
   - સ્થિર ખર્ચા = રૂ. 3,24,000
   નફો = રૂ. 2,16,000

બીજી રીતે : એકમ દીઠ નફો રૂ. 30 (આપેલ છે) ×7200 એકમો = રૂ. 2,16,000

5. 4,000 એકમોનો વિદેશી ઓર્ડર સ્વીકારવાથી એકમ દીઠ ફાળો એકમ દીઠ રૂ. 25 લેખે રૂ. 1,00,000 પ્રાપ્ત થશે જે બધો જ નફો ગણાશે કારણ કે સ્થિર ખર્ચ સંપૂર્ણપણે વસુલ થઈ ગયા છે આથી આ ઓર્ડર સ્વીકારવો જોઈએ.
6. 6,000 એકમોનો ઓર્ડર હોય તો સ્થાનિક વેચાણ ઘટીને 6,000 એકમો થશે.

   સ્થાનિક 6,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 75 = રૂ. 4,50,000

   વિદેશ 6,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 25 = રૂ. 1,50,000

   કુલ ફાળો = રૂ. 6,00,000

   - સ્થિર ખર્ચા = રૂ. 3,24,000

   કુલ નફો = રૂ. 2,76,000

   આમ 4,000 એકમોનો ઓર્ડર સ્વીકારવાથી કુલ નફો રૂ. 2,16,000 + રૂ. 1,00,000 = રૂ. 3,16,000 થાય છે જ્યારે 6,000 એકમોનો વિદેશ ઓર્ડર સ્વીકારાય તો નફો રૂ. 40,000 થી ઘટીને રૂ. 2,76,000 થાય છે. તેથી 6,000 એકમોનો ખાસ નિકાસ ઓર્ડર સ્વીકારવો યોગ્ય નથી.

20 નીચે આપેલ વિગતો પરથી રાજેન્દ્ર લિમિટેડ માટે નફાકારક વસ્તુ મિશ્રણ શોધો.

વિગત	જય	વિજય	સંજય
એકમ દીઠ માલસામગ્રીનો વપરાશ (કિલોમાં)	6 કિલો	4 કિલો	5કિલો
માલસામાનનો કિલોદીઠ ભાવ	રૂ.10-00	રૂ.10-00	રૂ.10-00
એકમ દીઠ મજૂરી (કલાકમાં)	4 કલાક	3 કલાક	2 કલાક
મજૂરીનો કલાક દર	રૂ.3-00	રૂ.3-00	રૂ.3-00

એકમ દીઠ ચલિત પરોક્ષ ખર્ચા	₹.8-00	₹.12-00	₹.9-00
એકમ દીઠ સ્થિર ખર્ચા	₹.10-00	₹.8-00	₹.12-00
હાલનાં ઉત્પાદન અને વેચાણ એકમો	2,000	3,000	1,500
એકમ દીઠ વેચાણ કિંમત	₹.100	₹.79	₹.80
વધુમાં વધુ વેચી શકાય તેટલા એકમો (મહત્તમ વેચાણ શક્યતા)	4,000	4,500	1,800

ત્રણેય વસ્તુનાં ઉત્પાદન માટે એક સરખા પ્રકારનો માલ વપરાય છે. મજૂરીનો પ્રકાર અને એકસમાન યંત્રોનો ઉપયોગ થાય છે. હાલ મજૂર કલાક મર્યાદક પરિબળ છે જેના મહત્તમ 21,100 કલાક પ્રાપ્ત થાય તેમ છે ઈષ્ટતમ ઉત્પાદન મિશ્રણ દર્શાવતુ પત્રક તૈયાર કરો.

જવાબ :

1. એકમ દીઠ ફાળો = વે.કિ. – ચલિત પડતર

   જય : = 100 – 80 = ₹. 20

   વિજય : = 79 – 61 = ₹. 18

   સંજય : = 80 – 65 = ₹. 15

2. ચાવીરૂપ પરિબળ મજૂર કલાકદીઠ ફાળો :

   જય : એકમ દીઠ ફાળો ₹. 20 ÷ 4 કલાક = ₹. 5-00

   વિજય : એકમ દીઠ ફાળો ₹. 18 ÷ 3 કલાક = ₹. 6-00

   સંજય : એકમ દીઠ ફાળો ₹. 15÷2 કલાક = ₹. 7-50

3. સ્થિર ખર્ચની ગણતરી :

   જય : એકમ દીઠ સ્થિર ખર્ચ ₹. 10 × 2,000 એકમો = ₹. 20,000

   વિજય : એકમ દીઠ સ્થિર ખર્ચ ₹. 8 × 3,000 એકમો = ₹. 24,000

   સંજય : એકમ દીઠ સ્થિર ખર્ચ ₹. 12× 1,500 એકમો = ₹. 18,000

   કુલ સ્થિર ખર્ચા = ₹. 62,000

4. ચાવીરૂપ પરિબળનાં એકમ દીઠ ફાળા મુજબ પ્રથમ વસ્તુ સંજય, બીજા ક્રમે વિજય અને બાકી વધતા કલાકો માટે વસ્તુ જયાનું ઉત્પાદન થશે.

   સંજય : 1,800 એકમો ×2 કલાક = 3,600 કલાક

   વિજય : 4,500 એકમો ×3 કલાક = 13,500 કલાક

   જય : 1,000 એકમો ×4 કલાક = 4,000 કલાક (બાકી વધતા)

5. નફાની ગણતરી :

   જયનાં 1,000 એકમો ×એકમ દીઠ ફાળો ₹. 20 = ₹. 20,000

   વિજયનાં 4,500 એકમો ×એકમ દીઠ ફાળો ₹. 18 = ₹. 81,000

સંજયનાં 1,800 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 15 = રૂ. 27,000
કુલ ફાળો = રૂ. 1,28,000
- સ્થિર ખર્ચા = રૂ. 62,000
ઈષ્ટતમ ઉત્પાદન મિશ્રણનો નફો = રૂ. 66,000

21 વત્સલા લિમિટેડ ૭૫% ઉત્પાદન શક્તિએ અબુ અને બબુ નામની બે વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ કરે છે જે અંગે નીચેની માહિતી પ્રાપ્ત છે.

વિગત	'અબુ' રૂ.	'બબુ' રૂ.
એકમ દીઠ કાચો માલ	60-00	120-00
એકમ દીઠ મજૂરી	120-00	120-00
એકમ દીઠ કારખાના પરોક્ષ ખર્ચ (60% ચલિત)	150-00	90-00
એકમ દીઠ વહીવટી અને વેચાણ પરોક્ષ ખર્ચા (60% સ્થિર)	240-00	150-00
કુલ પડતર	570-00	480-00
એકમ દીઠ વેચાણ કિંમત	690-00	570-00
વેચાણ એકમો	6,000	4,000

કારખાના પરોક્ષ ખર્ચ યાંત્રિક કલાક દરનાં ધોરણો વસુલવામાં આવે છે જે ચાવીરૂપ પરિબળ છે. યાંત્રિક કલાક દર રૂ. 60 છે.

કંપનીને જાપાનની પેઢી પાસેથી વસ્તુ 'અબૂ' એકમ દીઠ રૂ. 525 ના ભાવે ખરીદવાની ઓફર મળેલ છે. બીજી ઓફર કોરિયાની પેઢી તરફથી 'બબુ' એકમ દીઠ રૂ. 465નાં ભાવે ખરીદવાની મળેલ છે. બંને કિસ્સામાં કંપનીએ એકમ દીઠ રૂ. 15નો ખાસ પેકિંગ ખર્ચ ભોગવવો પડશે.

કંપની ઉપરની બે પૈકી કોઈપણ એક જ ઓફર સ્વીકારી શકશે અને બાકીની ૨૫% ફાજલ ઉત્પાદન શક્તિએ જે ઉત્પાદન થઈ શકે તેટલો જ જથ્થો પુરો પાડી શકાશે.

તમારે બંને નિકાસ દરખાસ્તનું મૂલ્યાંકન કરતું પત્રક તૈયાર કરી, કઈ ઓફર નફાકારક છે તે દર્શાવવાનું છે.

ઉપરાંત હાલનાં વેચાણ અને સ્વીકારેલ નિકાસ દરખાસ્તના પરિણામે કેટલો નફો પ્રાપ્ત થાય છે તે પણ શોધી કાઢવાનું છે.

જવાબ :

1. યાંત્રિક કલાકો ચાવીરૂપ પરિબળ હોવાથી પહેલા યંત્ર કલાકોની ગણતરી કરીશું.
'અબુ'નાં યાંત્રિક કલાક = રૂ. 150 ÷ રૂ. 60=2.5 કલાક

'બબુ'નાં યાંત્રિક કલાક = રૂ. 90 ÷ રૂ. 60=1.5 કલાક

75% ઉત્પાદન ક્ષમતાએ વપરાયેલ યાંત્રિક કલાક :

અબુના 6,000 એકમો ×2.5 કલાક = 15,000 કલાક

બબુના 4,000 એકમો ×1.5 કલાક = 6,000 કલાક

= 21,000 કલાક

75% ઉત્પાદન ક્ષમતાએ 21,000 કલાક

100% ઉત્પાદન ક્ષમતાએ (?) = 28,000

આથી ફાજલ ઉત્પાદન શક્તિ 28,000 – 21,000 = 7,000 કલાક

2. કુલ સ્થિર પરોક્ષ ખર્ચા

વસ્તુ 'અબુ' કારખાના ખર્ચા રૂ. 60 + વહીવટી વેચાણ ખર્ચ રૂ. 144 = રૂ. 204 × 6,000 એકમો = રૂ. 12,24,000

વસ્તુ 'બબુ' કારખાના ખર્ચ રૂ. 36 + વહીવટી વેચાણ ખર્ચા રૂ. 90 = રૂ. 126 × 4,000 એકમો = રૂ. 5,04,000

3. એકમ દીઠ ચલિત પડતર અને ફાળો

'અબુ' રૂ. 366 અને બબુ રૂ. 354

એકમ દીઠ ફાળો 'અબુ' 690 વે.કિં. – 366 = રૂ. 324

'બબુ' 570 વે.કિં. – 354= રૂ. 216

4. જાપાનની ઓફર :

અબુના શક્ય વેચાણ એકમો 7,000 કલાક/2.5 કલાક =2800 એકમો

ઓફર પ્રાઈઝ મુજબ વેચાણ આવક 2,800 એકમો × ૫૨૫ = રૂ. 14,70,000

બાદ : એકમ દીઠચ. ૫. 366 + પેકિંગ ખર્ચ = રૂ. 381 ×2800 = રૂ. 10,66,800

ફાળો = રૂ. 4,03,200

5. કોરિયાની ઓફર :

બાબુનાં શક્ય વેચાણ એકમો : 7,000 કલાક/1.5 કલાક =4,666.66 એકમો/4,667 એકમો

ઓફર પ્રાઈઝ મુજબ વેચાણ આવક 4,667 × 465= રૂ. 21,70,155

બાદ : એકમ દીઠ ચ. ૫. 354 + પેકિંગ ખર્ચ રૂ. 15= 369 × 4,667 = રૂ. 177,22,123

ફાળો = રૂ. 4,48,032

કોરિયાની ઓફરમાંથી મળતો ફાળો વધારે હોવાથી તે સ્વીકારવી જોઈએ.

22 પ્રિયંકા લિમિટેડની એક વસ્તુ અંગેની વર્ષ 2019 માટે નીચેની માહિતી પ્રાપ્ત છે.

પ્રત્યક્ષ માલ	રૂ. 6,00,000
પ્રત્યક્ષ મજૂરી	રૂ. 2,40,000
ચલિત પરોક્ષ ખર્ચ	રૂ. 1,20,000
સ્થિર પરોક્ષ ખર્ચ	રૂ. 4,80,000

વેચાણ : 60% ઉત્પાદન સપાટીએ રૂ. 19,20,000

કંપનીને વિદેશમાંથી એક ઓર્ડર મળેલ છે જે કુલ ઉત્પાદન શક્તિનાં 70%ઉત્પાદન જેટલો છે. આ ઓર્ડર પુરેપુરો સ્વીકારવો અથવા સંપૂર્ણપણે નકારવાનો છે. આંશિક સ્વીકાર થઈ શકે તેક નથી.

આ ઓર્ડરનો ભાવ સ્થાનિક વે.કિં. કરતાં 20% ઓછો છે. સંચાલકો પાસે ત્રણ વિકલ્પ છે.

1. હાલની સ્થિતિ જાળવી રાખવી અને નિકાસ ઓર્ડરનો અસ્વીકાર કરવો.
2. નિકાસ ઓર્ડર સ્વીકારવો અને આંતરિક (સ્થાનિક) બજારની માંગ જતી કરવી.
3. ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવો. સ્થાનિક વેચાણ જાળવી રાખવું અને નિકાસ ઓર્ડર પણ પુરેપુરો સ્વીકારવો. આ માટે (1) વધારાના યંત્રો ખરીદીને ઉત્પાદન શક્તિમાં 20% વધારો કરવો આ માટે વધારાનો ઘસારો રૂ. 1,20,000 થશે. (2) બાકીની ઉત્પાદન ક્ષમતા માટે કામદારો પાસેથી ઓવરટાઈમ કામ કરાવી બમણા દરે વેતન ચૂકવવું.

તમે ત્રણમાંથી કયો વિકલ્પની ભલામણ કરશો ?

જવાબ :

વિકલ્પ-1 કુલ ફાળો રૂ. 9,60,000 અને નફો રૂ. 4,80,000

વિકલ્પ-2 કુલ ફાળો રૂ. 11,52,000 અને નફો રૂ. 6,72,000

વિકલ્પ-3 કુલ ફાળો રૂ. 15,9h,000 અને નફો રૂ. 9,92,000

ત્રીજો વિકલ્પ શ્રેષ્ઠ છે.

23 શિવશક્તિ લિમિટેડ ત્રણ વસ્તુ L, Mઅને Nનું ઉત્પાદન કરે છે. જેની વિગતો નીચે મુજબ છે.

વિગત	L રૂ.	Mરૂ.	N રૂ.
ઉત્પાદન શક્તિનો ટકાવારી વપરાશ	20%	40%	40%
ઉત્પાદન એકમો	6,000	16,000	20,000
એકમ દીઠ પડતર :	રૂ.	રૂ.	રૂ.
પ્રત્યક્ષ માલ	22-00	35-00	40-00
પ્રત્યક્ષ મજૂરી	18-00	15-00	16-00
ચલિત પરોક્ષ ખર્ચા	6-00	10-00	12-00
સ્થિર પરોક્ષ ખર્ચા	8-00	10-00	16-00
કુલ પડતર	54-00	70-00	84-00
એકમ દીઠ વેચાણ કિંમત	50-00	80-00	100-00
એકમ દીઠ નફો (ખોટ)	(-4-00)	10-00	16-00

વસ્તુ 'L'ખોટ કરતી હોવાથી તે બંધ કરી, તેની ફાજલ પડતી ઉત્પાદન શક્તિનો વસ્તુ Mઅને Nનાં ઉત્પાદન માટે સરખે હિસ્સે ઉપયોગ કરવા માંગે છે.

કિંમત અને પડતરમાં નીચે મુજબ ફેરફાર થશે	વસ્તુ M	વસ્તુ N
પ્રત્યક્ષ માલની કિંમતમાં વધારો	10%	10%
મજૂરી દરમાં વધારો	5%	5%
વેચાણ કિંમતમાં વધારો	4%	6%

સ્થિર ખર્ચમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થશે નહીં

ઉપરોક્ત નિર્ણય : વસ્તુ L બંધ કરી તેના સ્થાને Mઅને Nનું ઉત્પાદન વધારવું અંગે તમારો અભિપ્રાય જણાવો.

જવાબ :

વર્તમાન નફો :

વસ્તુ L 6,000 એકમો × ખોટ રૂ.4 = - 24,000

વસ્તુ M16,000 એકમો × નફો રૂ. 10 = + 1,60,000

વસ્તુ N20,000 એકમો × નફો રૂ. 16 = + 3,20,000

વસ્તુ Lબંધ કરવાથી તેની ફાજલ પડેલી ઉત્પાદન શક્તિ 20% ને M અને N વચ્ચે સરખે હિસ્સે વહેંચતા બંનેનું ઉત્પાદન નીચે મુજબ વધશે.

વસ્તુ Mના એકમો =16,000 ×50/40 = 20,000 એકમો

વસ્તુ Nનાં એકમો =20,000 ×50/40 = 25,000 એકમો

વસ્તુ Mની નવી વે.કિં. રૂ. 83.20 ×20,000 એકમો = રૂ. 16,64,000

વર્તુ Nની નવી વે.કિં. રૂ. 106 ×25,000 એકમો = રૂ. 26,50,000

કુલ વેચાણ = રૂ. 43,14,000

વસ્તુ Mની નવી ચલિત પડતર :

એકમ દીઠ રૂ. 64.25× h0,000 એકમો = 12,85,000

વસ્તુ Nની નવી ચલિત પડતર

એકમ દીઠ રૂ. 72.80 ×25,000 એકમો = 18,20,000

કુલ સિમાન્ત પડતર = રૂ. 31,05,000

કુલ ફાળો =રૂ. 12,09,000

બાદ : સ્થિર ખર્ચા : (L 48,000 + M1,60,000 + N3,20,000)

=રૂ. 52,80,000

કુલ નફો (અંદાજિત) = રૂ. 6,81,000

હાલની ત્રણ વસ્તુનાં ઉત્પાદન થી પ્રાપ્ત નફો રૂ. 4,56,000 છે જ્યારે વસ્તુ Lબંધ કરી Mઅને Nનું વધારેલ ઉત્પાદન થી નફો રૂ. 6,81,000 થાય છે જે નફામાં રૂ. 2,25,000 નો વધારો થાય છે માટે આ નિર્ણય નફાકારક અને સ્વીકારવા યોગ્ય છે.

24 યશસ્વી લિ. ના સંચાલકો જૂના યંત્રના સ્થાને નવુ યંત્ર ગોઠવવાનો વિચાર કરે છે તેઓ એ નક્કી નથી કરી શકતા કે જૂનુ યંત્ર જ ચાલુ રાખવુ કે નવું વસાવવું ? બે

માંથી કયા યંત્રમાં વધુ નફો મળી રહે તે માટે તમારી સલાહ માંગે છે. વિગતો નીચે મુજબ છે.

વિગત	જૂનું યંત્ર	નવું યંત્ર
યંત્રની કિંમત (બંને યંત્રનું આયુષ્ય 10 વર્ષ)	1,00,000	1,50,000
યંત્રનાં કામનાં કલાકો (વાર્ષિક)	5,000	5,000
કલાકદીઠ ઉત્પાદિત એકમો	24	36
કલાકદીઠ વેતન (રૂ.)	7-50	13-50
વાર્ષિક પગાર (રૂ.)	5,000	11,250
અન્ય ખર્ચ (વાર્ષિક)	20,000	22,500
સ્ટોર્સનો વપરાશ (વાર્ષિક રૂ.)	1,500	18,750
એકમ દીઠ માલ વપરાશ	1-25	1-25
એકમ દીઠ વેચાણ કિંમત	3-25	3-25
જૂના યંત્રની હાલ ઉપજવા ધારેલ કિંમત (રૂ.)	25,000	-

ઉપરોક્ત પ્રાપ્ત માહિતીના આધારે કયુ યંત્ર વધુ નફાકારક છે તે દર્શાવતુ પત્રક તૈયાર કરો. વ્યાજ પરિબળ ધ્યાનમાં લેવાનું નથી.

જવાબ :

જુના યંત્રથી :

ઉત્પાદિત 1,20,000 એકમોની કુલ પડતર = રૂ. 2,37,500

1,20,000 એકમો ×એકમ દીઠ વે.કિં. રૂ. 3.25 =રૂ. 3,90,000

જૂના યંત્રની પ્રાપ્ત થતો નફો = રૂ. 1,52,500

નવા યંત્રથી :

ઉત્પાદિત 1,80,000 એકમોની કુલ પડતર = રૂ. 3,60,000

1,80,000 એકમો ×એકમ દીઠ વે.કિં. રૂ. 3.25 =રૂ. 5,85,000

જૂના યંત્રની પ્રાપ્ત થતો નફો = રૂ. 2,25,000

નવા યંત્રનાં ઉપયોગથી નફો રૂ. 72,500 વધે છે તેથી નવુ યંત્ર વસાવવું ફાયદાકારક છે જૂનુ યંત્ર રૂ. 25,000માં વેચી દઈએ તો નવુ યંત્ર ખરીદવા વધારાની મૂડી રૂ. 1,25,000ની જરૂર પડશે. આમ રૂ. 1,25,000નાં વધારાના રોકાણ સામે નફામાં વધારો રૂ. 72,500 એટલે કે ૫૮% વળતર મળી રહે છે.

25 રિલાયન્સ લિમિટેડ છૂટા ભાગો (Loose Components)નું ઉત્પાદન કરે છે. છૂટા ભાગ વિભાગમાં કલાકદીઠ વેતનનો દર ₹. 24-00 છે અને ચલિત પરોક્ષ ખર્ચા કામદાર કલાક દીઠ વેતનના 50% લેખે વસુલાય છે. સ્થિર પરોક્ષ ખર્ચ કલાકદીઠ ₹. 10 લેખે ઉધારવામાં આવે છે.

કંપની હાલની ઉપલબ્ધ સવલતોમાં કોઈપણ ફેરફાર કર્યા વગર કે વિસ્તૃતીકરણ કર્યા વગર પોતાની જરૂરીયાત મુજબનાં છૂટા ભાગો બનાવી શકે છે. આ માટે વધારાનો ગુણવત્તા કસોટી અને સુપરવીઝન ખર્ચ વાર્ષિક ₹. 24,000 થશે.

છૂટા ભાગ માટે જરૂરી માલસામગ્રી ખર્ચ એકમ દીઠ ₹. 24 થશે છૂટો ભાગ બનાવવા માટે એકમ દીઠ30 મીનીટનો સમય લાગશે.

કંપનીને હાલ 30,000 છૂટા ભાગ બનાવવા માટે વિચારે છે. વિકલ્પો બહારનો સપ્લાયર છૂટા ભાગ એકમ દીઠ43-00ની કિંમતે આપવા તૈયાર છે.

શું 30,000 છૂટા ભાગ બનાવવા કે ખરીદવા ? તમારી સલાહ આપો.

જો છૂટા ભાગની જરૂરીયાત 30,000ના બદલે 20,000 એકમોની હોય તો તમારો અભિપ્રાય શું હશે તે જણાવો.

જવાબ :

છૂટા ભાગનાં 30,000 એકમો માટે સીમાન્ત પડતર ₹. 12,84,000

જો બહારથી ખરીદાય તો 30,000 × ₹. 43= ₹. 12,90,000

આમ છૂટા ભાગનું ઉત્પાદન કરવાથી ₹. 6,000 નો ફાયદો થશે.

જો 20,000 એકમોની જરૂરીયાત હોય તો :

20,000 એકમોની સીમાન્ત પડતર ₹. 8,64,000

બહારથી ખરીદાય તો 20,000 × ₹. 43=8,60,000

જો બહારથી 20,000 એકમો ખરીદવામાં આવે તો ₹. 4,000 ફાયદો થશે આથી આ કિસ્સામાં બહારથી ખરીદી કરવા ભલામણ છે.

26 ઓટો પાર્ટસ લિ. મોટરકારનાં એક છૂટા ભાગના 90,000 એકમોનું ઉત્પાદન કરે છે જેની એકમ દીઠ પડતર નીચે મુજબ છે.

વિગત	રકમ રૂ.
માલસામાન ખર્ચ	337-50
વેતન (75% ચલિત)	225-00
ચલિત પરોક્ષ ખર્ચા	112-50
સ્થિર પરોક્ષ ખર્ચા	168-75
કુલ પડતર	843-75

1. બહારનાં સપ્લાયર આ ભાગ એકમ દીઠ રૂ. 675 ના ભાવે પૂરો પાડવા તૈયાર છે. શું આ ભાગ ખરીદવો જોઈએ ?
2. જો આ છૂટો ભાગ બહારથી ખરીદવામાં આવે તો ફાજલ ઉત્પાદનશક્તિનો ઉપયોગ કરી બીજા નવા ભાગનું ઉત્પાદન થઈ શકે તેમ છે જેની એકમ દીઠ વે.કિં. રૂ. 606.25 મળી શકે તેમ છે. આ માટે એકમ દીઠ માલસામગ્રી રૂ. 250ની જરૂર પડશે. વેતન અને પરોક્ષ ખર્ચા ઉપર મુજબ રહેશે. ઉપરની બાબતો ધ્યાનમાં રાખી હાલનો છૂટો ભાગ બહારથી ખરીદી, ફાજલ ઉત્પાદન શક્તિનો ઉપયોગ નવા છૂટાભાગનું ઉત્પાદન કરવા માટે કરવો જોઈએ કે કેમ તે અંગે તમારો અભિપ્રાય આપો.

જવાબ :

1. હાલનાં છૂટા ભાગની એકમ દીઠ ચલિત પડતર રૂ. 618.75 બહારથી ખરીદવાથી એકમ દીઠ કિંમત રૂ. 675 આમ હાલનાં છૂટા ભાગનું ઉત્પાદન કરવું ફાયદાકારક છે.
2. નવા છૂટાભાગની એકમ દીઠ સીમાન્ત પડતર = રૂ. 531-25
   નવા છૂટાભાગની વે.કિં. = રૂ. 606-25
   ફાળો = રૂ. 75-00

   નવા છૂટાભાગનાં ઉત્પાદનથી એકમ દીઠ ફાળો 75-00 મળે છે તેની સામે જૂનો ભાગ ખરીદવાથી એકમ દીઠ નુકશાન રૂ. 56.25 બાદ કરતા એકમ દીઠ ફાયદો રૂ. 18.75 થશે આથી નવો ભાગ બનાવવો અને જૂનો ભાગ ખરીદવો ફાયદાકારક છે.

27 નરેન્દ્ર લિ. હાલ 60% ઉત્પાદન સપાટીએ કાર્યરત છે. માર્કેટિંગ મેનેજર વેચાણવૃદ્ધિ માટે નીચેનાં બે વિકલ્પો સૂચવે છે.

1. વાર્ષિક રૂ. 2,00,000નો વિદેશી કરાર કરારનો સંપૂર્ણ સ્વીકાર અથવા અસ્વીકાર કરવાનો છે. અંશતઃ સ્વીકાર માન્ય નથી.
2. ખાસ જાહેરાત ખર્ચ રૂ. 15,000 નો કરીને સ્થાનિક વેચાણમાં 50% વધારો કરી શકાય તેમ છે.

વિગત		રકમ રૂ.
પ્રત્યક્ષ માલ		1,35,000
પ્રત્યક્ષ મજૂરી		1,50,000
કારખાના પરોક્ષ ખર્ચા		
સ્થિર	78,000	1,26,000
ચલિત	48,000	51,000
ઓફિસ ખર્ચા (સ્થિર)		90,000
વેચાણ ખર્ચ (ચલિત)		48,000
નફો		6,00,000
વેચાણ		

એમ ધારવામાં આવે છે કે વિદેશી કરાર સ્વીકારવાથી વે.કિં. નાં 7.5% લેખે વેચાણ પરોક્ષ ખર્ચ થશે.

જે હાલનાં વેચાણ ખર્ચ ઉપરાંતનો હશે.

ડિરેક્ટરો, મોર્કેટિંગ મેનેજરનો કયો પ્રસ્તાવ સ્વીકારવાથી વધુ નફો પ્રાપ્ત થશે તે જાણવા તમારો અભિપ્રાય માંગે છે.

સંચાલકોને તમારી ભલામણો દર્શાવો.

જવાબ :

વર્તમાન પરિસ્થિતિ મુજબ સીમાન્ત પડતર રૂ. 4,23,000 + સ્થિર ખર્ચા રૂ. 1,29,000= કુલ પડતર 5,52,000 અને નફો રૂ. 48,000

વિકલ્પ-1:

હાલ 60% ક્ષમતાએ 6,00,000નું વેચાણ છે તેથી રૂ. 2,00,000નાં વિદેશી ઓર્ડરમાં ઉત્પાદનક્ષમતાનો 20% ભાગ વપરાશે.

વિદેશી વેચાણ માટે ચલિત ખર્ચા રૂ. 1,41,000 (4,23,000 ÷ 3)

+ વે.કિં.નાં 7.5% લેખે વેચાણખર્ચ રૂ. 15,000

કુલ ચલિત પડતર(V) રૂ. 1,56,000

વેચાણ(S) રૂ. 2,00,000

ફાળો(C) રૂ. 44,000 જે સંપૂર્ણપણે નફો છે.

વિકલ્પ – 2 મુજબ

હાલનું વેચાણ	રૂ.6,00,000
+ 50% વેચાણ વધારો	રૂ.3,00,000
	રૂ.9,00,000
- ચલિત ખર્ચા	રૂ.6,34,500
	રૂ.2,65,500
- ખાસ જાહેરાત ખર્ચ	રૂ.15,000
ફાળો	રૂ.2,50,500
- સ્થિર ખર્ચા	રૂ.1,29,000
કુલ નફો	રૂ.1,21,500
- હાલનો નફો	રૂ.48,000
નફામાં વધારો	રૂ.73,500

બીજો વિકલ્પ વધુ નફાકારક છે.

28 અનેકાન્ત લિમિટેડ ત્રણ વસ્તુ P, Qઅને Rનું ઉત્પાદન અને વેચાણ કરે છે. વર્ષ 2019-20 માં કંપનીએ ૭૫% ઉત્પાદન ક્ષમતાએ ઉત્પાદન અને વેચાણ કરેલ છે. જે અંગેની નીચેની માહિતી તમને પૂરી પડાવામાં આવે છે.

વિગત	P	Q	R
ઉત્પાદન અને વેચાણ એકમો (રૂ.)	20,000	2,000	20,000
એકમ દીઠ વેચાણ કિંમત (રૂ.)	200	250	300
એકમ દીઠ માલસામગ્રી (રૂ.)	80	40	100
એકમ દીઠ મજૂરી (રૂ.)	45	60	60
એકમ દીઠ કારખાના ચલિત ખર્ચા (રૂ.)	30	50	40
(યાંત્રિક કલાકદર રૂ. 10 લેખે)	20	60	50
સ્થિર કારખાના ખર્ચ એકમ દીઠ (રૂ.)			

કંપની હાલ પ્રાપ્ત થતા નફાનો અંદાજ દર્શાવો.

આગામી વર્ષ માટે કંપની બે વિકલ્પો વિચારે છે.

A. પુરેપુરી 100% ઉત્પાદન ક્ષમતાએ ઉત્પાદન કરવુ અને બધુ જ ઉત્પાદન ભારતમાંજ (સ્થાનિક કક્ષાએ) વેંચવુ. આ માટેની મુખ્ય શરત એ છે કે દરેક વસ્તુનું ઉત્પાદન અને વેચાણ ઓછામાં ઓછુ 10,000 એકમો તો થવું જ જોઈએ.
B. હાલની 75% ક્ષમતાએ ઉત્પાદન અને વેચાણ ચાલુ રાખવુ અને બાકીની ૨૫% ફાજલ ઉત્પાદન શક્તિનો ઉપયોગ નવી વસ્તુ 'S'નું ઉત્પાદન કરી, સમગ્ર ઉત્પાદનનું જાપાન ખાતે નિકાસ કરવી વસ્તુ 'S'ની એકમ દીઠ પડતર અંગેની માહિતી નીચે મુજબ છે.

વિગત	રકમ રૂ.
પ્રત્યક્ષ માલ	150-00
પ્રત્યક્ષ મજૂરી	60-00
કારખાના ચલિત ખર્ચા	20-00
વેચાણ ચલિત ખર્ચા	50-00
પેકિંગ ખર્ચ	10-00
વેચાણ પર કમિશન (નિકાસ વેચાણનાં 5% લેખે)	20-00
એક્સપોર્ટ મેનેજરનો વાર્ષિક પગાર	4,50,000

100% ઉત્પાદન શક્તિએ કુલ સ્થિર ખર્ચા રૂ. 20,00,000 ગણવાનાં છે કંપનીએ (A)અને (B)બેમાંથી કયો વિકલ્પ સ્વીકારવો નફાકારક થશે તે અંગે તમારો અભિપ્રાય દર્શાવો.

જવાબ :

કંપનીનો હાલનો વર્ષ 2019-20 માટેના નફાની ગણતરી :

Pનો ફાળો : 20,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 45 = રૂ. 9,00,000

Qનો ફાળો : 2,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 100 = રૂ. 2,00,000

Rનો ફાળો : 20,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 100 = રૂ. 2,00,000

કુલ ફાળો = રૂ. 31,00,000

સ્થિર ખર્ચા :

P20,000 એકમો × ₹. 20	= ₹. 4,00,000	
Q2,000 એકમો × ₹. 60	= ₹. 1,20,000	
R20,000 એકમો × ₹. 50	= ₹. 10,00,000	₹. 15,20,000
	હાલનો વર્ષ 2019-20નો નફો	₹. 15,80,000

વિકલ્પ Aનું મૂલ્યાંકન :

યાંત્રિક કલાકો એ ચાવીરૂપ પરિબળ છે તેથી યાંત્રિક કલાકો શોધવા પડશે હાલ વપરાતા યાંત્રિક કલાકો

વસ્તુ P20,000 એકમો ×એકમ દીઠ કલાક 3 = 60,000 કલાકો

વસ્તુ Q2,000 એકમો ×એકમ દીઠ કલાક 5 = 1,00,000 કલાકો

વસ્તુ R20,000 એકમો ×એકમ દીઠ કલાક 4 = 80,000 કલાકો

યાંત્રિક કલાકોનો હાલનો વપરાશ = 1,50,000 કલાકો

૭૫% ક્ષમતાએ 1,50,000 કલાકો

100% ક્ષમતાએ (?) 1,50,000×100/75 = 2,00,000 કલાકો

શરત મુજબ ત્રણેય વસ્તુનું ઓછામાં ઓછુ ઉત્પાદન 10,000 એકમો થવું જ જોઈએ.

વસ્તુ P10,000 એકમો ×એકમ દીઠ કલાક 3 = 30,000 કલાકો

વસ્તુ Q10,000 એકમો ×એકમ દીઠ કલાક 5 = 50,000 કલાકો

વસ્તુ R10,000 એકમો ×એકમ દીઠ કલાક 4 = 40,000 કલાકો

કુલ યાંત્રિક કલાકો = 1,20,000 કલાકો

બાકી વધતા 80,000 કલાકોનો ઉપયોગ Rમાટે થશે કારણ કે તેનો યાંત્રિક કલાક દીઠ ફાળો વસ્તુ Pઅને Qકરતા વધુ છે.

Rનાં વધારાના એકમો 80,000 ÷ 4 કલાક =20,000 એકમો

કુલ ફાળાની ગણતરી :

P :10,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 45 = રૂ. 4,50,000

Q : 10,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 100 = રૂ. 10,00,000

R : 30,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 100 = રૂ. 30,00,000

કુલ પ્રાપ્ત ફાળો = રૂ. 44,50,000

- સ્થિર ખર્ચા (100% સપાટી) = રૂ. 20,00,000

અપેક્ષિત નફાનો અંદાજ = રૂ. 24,50,000

વિકલ્પ (B)નું મૂલ્યાંકન :

વસ્તુ 'S'માટે જરૂરી માહિતી માટે ગણતરી :

1. નિકાસ વેચાણ, વેચાણ કમિશન પરથી ગણી શકાશે.

વેચાણ કમિશન	વેચાણ નિકાસ
5	રૂ. 100
20	(?)
100 × 20 / 5	= રૂ. 400એકમ દીઠ વે.કિં.

નિકાસ વેચાણ = રૂ. 400 ×25,000 એકમો (2 મુજબ) =1,00,00,000

2. કારખાના ચલિત ખર્ચ એકમ દીઠ રૂ. 20 છે અને યાંત્રિક કલાકદર રૂ. 10 છે તેથી એકમ દીઠ2(બ) કલાકનો વપરાશ છે.
   ફાજલ કુલ કલાકો 50,000 છે તેથી નિકાસ વેચાણનાં એકમો 50,000 ÷2=25,000 એકમો હશે.
3. વસ્તુ 'S'ની સીમાન્ત પડતર =એકમ દીઠ રૂ. 310
4. એકમ દીઠ ફાળો = વે.કિં. રૂ. 400 − ચ. પ. રૂ. 310= રૂ. 90

નફાની ગણતરી :

1. 75% ઉત્પાદન ક્ષમતાએ અગાઉ ગણ્યા મુજબ ફાળો = રૂ.31,00,000
2. નિકાસ વેચાણમાંથી ફાળો : 25,000 એકમો × રૂ. 90 =રૂ. 22,50,000

કુલ ફાળો = રૂ.53,50,000

બાદ : 100% સપાટીએ સ્થિર ખર્ચ રૂ. 20,00,000

+ એક્સપોર્ટ મેનેજરનો પગાર રૂ. 4,50,000 = રૂ. 24,50,000

અપેક્ષિત નફાનો અંદાજ = રૂ. 29,00,000

દેખીતી રીતે જ વિકલ્પ Bશ્રેષ્ઠ છે કારણ કે તેમાં મહત્તમ નફો રૂ. 29,00,000 પ્રાપ્ત થાય છે જે વિકલ્પ Aનાં રૂ. 24,50,000 કરતા રૂ. 4,50,000 વધારે છે.

29 શ્રી શ્રેયાસ લિમિટેડ ત્રણ વસ્તુ A, Bઅને Cનું ઉત્પાદન અને વેચાણ કરે છે. જેની વર્ષ 2019-20ની વિગતો નીચે મુજબ છે.

વિગત		A	B	C
ઉત્પાદન અને વેચાણ એકમો		10,000	10,000	5,000
એકમ દીઠ વેચાણ કિંમત	રૂ.	300	200	250
એકમ દીઠકાચો માલ (કિલોદીઠ ભાવ રૂ.20)		100	100	80
એકમ દીઠપ્રત્યક્ષ મજૂરી ખર્ચ		80	20	50
(કલાકનો દર રૂ. 10)	રૂ.	20	30	20
ચલિત પરોક્ષ ખર્ચા	રૂ.	50	20	60
સ્થિર પરોક્ષ ખર્ચા	રૂ.			

ત્રણેય વસ્તુમાં એક જ પ્રકારનો કાચો માલ વપરાય છે અને એક જ કામદાર સમુહનો ઉપયોગ થાય છે.

આગામી વર્ષ 2020-21 માટે :

1. કાચા માલના પુરવઠામાં ગત વર્ષ કરતાં ૨૫% વધારો થશે.
2. મજૂર કલાકોમાં 20% વધારો થશે.
3. ગયા વર્ષના આધારે દરેક વસ્તુનું ઓછામાં ઓછું 50% ઉત્પાદન થવું જોઈએ. બધી જ વસ્તુનાં વેચાણ માટે પૂરતુ બજાર મળી રહેશે.

નીચેનાં સંજોગોમાં શ્રેષ્ઠ ઉત્પાદન મિશ્રણ નક્કી કરો.

અ. જ્યારે કાચો માલ ચાવીરૂપ પરિબળ હોય ત્યારે.

બ. જ્યારે મજૂર કલાક ચાવીરૂપ પરિબળ હોય ત્યારે.

ક. ચાવીરૂપ પરિબળ ન હોય, ત્યારે વેચાણમૂલ્યનાં આધારે શ્રેષ્ઠ ઉત્પાદન મિશ્રણ

જવાબ :

વિગત	A	B	C
એકમ દીઠ ફાળો	100	50	100
કાચામાલનાં કિલોદીઠ ફાળો રૂ.	20	10	25
કાચામાલનાં મુજબ ઉત્પાદન ક્રમ	2	3	1
મજૂર કલાક દીઠફાળો રૂ.	12.50	25.00	20.00
મજૂર કલાક મેજબ ઉત્પાદન ક્રમ	3	1	2
નફાજથ્થાનો ગુણો :	100/300×100	50/200×100	100/250×100
ફાળો/વેચાણ×100	=33.33%	=25%	=40%
વેચાણ મૂલ્યનાં આધારે ક્રમ	2	3	1

કુલ સ્થિર ખર્ચા : A (10,000 ×50) = રૂ. 5,00,000

B (10,000 ×20) = રૂ. 2,00,000

C (5,000 × 60) = રૂ. 3,00,000

કુલ સ્થિર ખર્ચા = રૂ. 10,00,000

જ્યારે કાચામાલની અછત હોય ત્યારે : કાચામાલનો પુરવઠો

A10,000 એકમો × 5કિલો = 50,000 કિલો

B10,000 એકમો × 5કિલો = 50,000 કિલો

C5,000 એકમો × 4 કિલો = 20,000 કિલો

હાલનો પુરવઠો = 1,20,000 કિલો

+ આગામી વર્ષનો 25% વધારો = 30,000 કિલો

= 1,50,000 કિલો

હવે કાચા માલનાં કિલોદીઠ ફાળા પ્રમાણે Cનાં વધુમાં વધુ એકમો થવા જોઈએ. આથી Aઅને Bનાં ગયા વર્ષ કરતા 50% એટલે કે દરેકમાં 5000 એકમોનું ઉત્પાદન કરવું પડશે.

A: 5,000 એકમો ×5 કિલો = 25,000 કિલો

B: 5,000 એકમો ×5 કિલો = 25,000 કિલો

Aઅને Bનાં ઉત્પાદન માટે 50,000 કિલો માલ વપરાયા બાદ 1,00,000 કિલો માલ વસ્તુ Cનાં ઉત્પાદન માટે વપરાશે.

વસ્તુ Cનાં એકમો : 1,00,000 કિલો ÷એકમ દીઠ4 કિલો =25,000 એકમો

કુલ ફાળો :	A5,000 એકમો × ₹. 100	=	5,00,000
	B5,000 એકમો × ₹. 50	=	25,0000
	C25,000 એકમો × ₹. 100	=	25,00,000
	કુલ ફાળો	=	32,50,000
	બાદ : સ્થિર ખર્ચા	=	10,00,000
	નફો	=	22,50,000

જ્યારે મજૂર કલાક ચાવીરૂપ પરિબળ હોય ત્યારે :

હાલનાં મજૂર કલાકો :

A10,000 એકમો ×એકમ દીઠ કલાક 8	=	80,000 કલાકો
B10,000 એકમો ×એકમ દીઠ કલાક 2	=	20,000 કલાકો
C5,000 એકમો ×એકમ દીઠ કલાક 5	=	25,000 કલાકો
હાલનાં કુલ મજૂર કલાકો	=	1,25,000 કલાકો
+ આગામી વર્ષમાં વધારો 20%	=	25,000 કલાકો
મજૂર કલાકો	=	1,50,000 કલાકો

હવે મજૂર કલાક દીઠ Bનો ફાળો વધુ હોવાથી તેના મહત્તમ એકમોનું ઉત્પાદન થશે. જ્યારે Aઅને Cનાં ગયા વર્ષ કરતાં 50% એકમોનું ઉત્પાદન થશે.

Aનાં 5,000 એકમો ×એકમ દીઠ કલાક 8	=	40,000 કલાક
Cનાં 2,500 એકમો ×એકમ દીઠ કલાક 5	=	12,500 કલાક
		52,500 કલાક

બાકીનાં 97,500 કલાકો વસ્તુ Bનાં ઉત્પાદન માટે વપરાશે.

Bનાં એકમો 97,500 ÷2 = 48750 એકમો

કુલ ફાળો :

વસ્તુ A5,000 એકમો ×100 રૂ. ફાળો = 5,00,000

વસ્તુ B48,750 એકમો ×50 રૂ. ફાળો = 24,37,500

વસ્તુ C2,500 એકમો ×100 રૂ. ફાળો = 2,50,000

કુલ ફાળો = 31,87,500

- સ્થિર ખર્ચા = 10,00,000

નફો = 21,87,500

વેચાણ મૂલ્યનાં આધારે : વસ્તુ Cનો નફા જથ્થાનો ગુણોત્તર વધુમાં વધુ છે તેથી મહત્તમ એકમોનું ઉત્પાદન અને Aઅને Bનાં 50% એકમોનું ઉત્પાદન થશે.

A5,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 100 = 5,00,000

B50,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ. 50 = 2,50,000

C20,000 એકમો ×એકમ દીઠ ફાળો રૂ.૧૦૦ = 20,00,000

કુલ ફાળો = 27,50,000

- સ્થિર ખર્ચા = 10,00,000

નફો = 17,50,000

પ્રાપ્ત મજૂર કલાકનાં આધારે ગણતરી કરતાં Cનાં ઉત્પાદન એકમો 20,000 થઈ શકે છે. જેની નોંધ લેવી.

30 દિનેશ લિ. પાસે કુલ એક લાખ યંત્ર કલાકો ઉપલબ્ધ છે જેનો વસ્તુ A, Bઅને Cનાં ઉત્પાદન માટે ઉપયોગ કરવામાં આવે છે.

હાલ વસ્તુ Aનાં 15,000 એકમો, Bનાં 10,000 એકમો અને Cના 10,000 એકમોનું ઉત્પાદન થાય છે.

સ્થિર ખર્ચ સિવાયનાં ખર્ચા રૂ. 4,18,000 થયા છે જેની વહેંચણી ત્રણેય વસ્તુ વચ્ચે એકમ દીઠ2:3 અને 3.50નાં પ્રમાણમાં કરવાની છે.

સ્થિર ખર્ચ ત્રણેય વસ્તુ માટે એકમ દીઠ રૂ. ૪ છે.

વેચાણ કિંમત : Aરૂ. 12.50,Bરૂ. 15 અને Cરૂ. 21.00 છે.

હાલનાં વેચાણ મિશ્રણ મુજબ કંપની નુકશાન કરે છે આથી સંચાલકો નીચેના ત્રણ વિકલ્પો વિચારે છે.

વિગત	A	B	C
ઉત્પાદન મિશ્રણ – 1	18,000	12,000	7,000
ઉત્પાદન મિશ્રણ – 2	15,000	6,000	13,000
ઉત્પાદન મિશ્રણ – 3	22,000	8,000	8,000

કયો વિકલ્પ સ્વીકારવાથી મહત્તમ નફા થશે તે જણાવો.

જવાબ :

હાલની પરિસ્થિતિ મુજબ કુલ વેચાણ રૂ. 5,47,500 બાદ ચલિત ખર્ચા રૂ. 4,18,000= ફાળો રૂ. 1,29,500 – સ્થિરખર્ચા રૂ. 1,40,000= વર્તમાન મિશ્રણમાંથી ખોટ રૂ. 10,500

ઉત્પાદન મિશ્રણ – 1	:	કુલ વેચાણ	રૂ. 5,52,000
		- ચલિત પડતર	રૂ. 4,24,600
		ફાળો	રૂ. 1,27,400
		- સ્થિર ખર્ચા	રૂ. 1,40,000
		ખોટ	રૂ. 12,600
ઉત્પાદન મિશ્રણ – 2	:	કુલ વેચાણ	રૂ. 5,50,500
		- ચલિત પડતર	રૂ. 4,11,400
		ફાળો	રૂ. 1,39,100
		- સ્થિર ખર્ચા	રૂ. 1,40,000
		ખોટ	રૂ. 900
ઉત્પાદન મિશ્રણ – ૩	:	કુલ વેચાણ	રૂ. 5,63,000
		- ચલિત પડતર	રૂ. 4,22,400
		ફાળો	રૂ. 1,40,600
		- સ્થિર ખર્ચા	રૂ. 1,40,000
		નફો	રૂ. 600

ઉપરોક્ત ત્રણ વિકલ્પમાંથી વિકલ્પ નં. 3 માં ઉત્પાદન મિશ્રણમાં નફો મળે છે આથી આપેલ વિકલ્પમાંથી વિકલ્પ નં. 3 શ્રેષ્ઠ છે અલબત્ત એમાં નફો ફક્ત રૂ. 600 થાય છે તે સંતોષકારક પરિણામ તો ન જ ગણાય.

31 'રાઈટ ઈઝી' લિમિટેડ હાલ વાર્ષિક 40% ઉત્પાદન ક્ષમતાએ 10,000 બોલપેનનું ઉત્પાદન અને વેચાણ કરે છે.

બોલપેન દીઠ પડતર નીચે મુજબ છે.

માલસામગ્રી ખર્ચ રૂ. 12.00

મજૂરી પડતર રૂ. 3.60

પરોક્ષ ખર્ચ (40% ચલિત) રૂ. 6.00

બોલપેનની વે.કિ. રૂ. 24.00

કંપની પાસે નીચે મુજબનાં બે વિકલ્પો વિચારણા હેઠળ છે.

1. ઉત્પાદન ક્ષમતા 50% સુધી વધારવી અને એકમ દીઠ વે.કિ. 3% ઘટાડવી.
2. પ્રવર્તમાન ઉત્પાદન ક્ષમતાથી, ઉત્પાદન ક્ષમતા 50%થી વધારવી આ સ્થિતિમાં માલસામાન ખર્ચ 5% ઘટશે અને વે.કિં. પણ 5% ઘટાડવી પડશે.

હાલની ઉત્પાદન ક્ષમતા, 50% ઉત્પાદન ક્ષમતાએ અને 90% ઉત્પાદન ક્ષમતાએ નફો દર્શાવતું પત્રક તૈયાર કરો.

જવાબ :

40% ઉત્પાદન ક્ષમતાએ સીમાન્ત પડતર રૂ. 1,80,000 અને ફાળો રૂ. 60,000 નફો રૂ. 24,000

50% ઉત્પાદન ક્ષમતાએ સીમાન્ત પડતર રૂ. 2,25,000 અને ફાળો રૂ. 66,000 અને નફો રૂ. 30,000

90% ઉત્પાદન ક્ષમતાએ સીમાન્ત પડતર રૂ. 3,91,500 અને ફાળો રૂ. 1,21,500 અને નફો રૂ. 85,500

90% ઉત્પાદન ક્ષમતાએ નફો રૂ. 85,500 થાય છે જે વધુમાં વધુ છે આથી આ વિકલ્પ સ્વીકારવો જોઈએ. હાલનાં 10,000 એકમોમાંથી 22,500 એકમોનું વેચાણ કંપની કરી શકશે ? સંચાલકોએ આ બાબત ગંભીરતાથી વિચાર્યા બાદ નિર્ણય લેવો જોઈએ.

32 સુનીતા લિમિટેડના ઉત્પાદન વિભાગ OXની કામગીરી નીચે મુજબ આપેલી છે.

વેચાણ	રૂ. 5,40,000
ફાળો	રૂ. 2,02,500
સ્થિર ખર્ચા	રૂ. 90,000
ઉત્પાદન એકમો	રૂ. 27,000
રોકેલ કામદાર સંખ્યા	540

કંપની યાંત્રીકરણનો વિચાર કરે છે જે માટે રૂ. 81,000 નો મૂડી ખર્ચ થાય તેમ છે. યાંત્રીકરણને કારણે કર્મચારીઓની સંખ્યામાં 90 નો ઘટાડો થાય તેમ છે અને ઉત્પાદકતામાં 20% વધારો શક્ય બનશે.

ઉત્પાદકતા વધારવાનાં હેતુથી એક પ્રોત્સાહન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે જેના કારણે દરેક કામદારને સરેરાશ વ્યક્તિગત ઉત્પાદનમાંથી દરેક 10% જેટલા જથ્થા માટે કાર્યવેતનદર જે એકમ દીઠ રૂ. 5 છે તેમાં 3% લેખે વધારો કરી વેતન ચૂકવવાનું છે. વસ્તુની વેચાણકિંમત 4% લેખે ઘટાડો સૂચવવામાં આવ્યો છે. મૂડી પડતરના દર 12% ગણવાનો છે.

યાંત્રીકરણનો પ્રસ્તાવ સ્વીકારવો કે નહીં તે અંગે તમારો અભિપ્રાય દર્શાવો.

જવાબ :

હાલની પરિસ્થિતિ :

કર્મચારીદીઠ ઉત્પાદન	50 એકમો
એકમ દીઠ મજૂરી	રૂ. 5
અન્ય ચલિત ખર્ચા	રૂ. 7.50
કુલ નફો	રૂ. 1,12,500
એકમ દીઠ વે.કિ.	રૂ. 20

યાંત્રીકરણ કર્યા બાદની પરિસ્થિતિ :

કર્મચારી દીઠ ઉત્પાદન	: 85 એકમો
કર્મચારી સંખ્યા	: 450

કુલ ઉત્પાદન	: 38,250
એકમ દીઠ મજૂરી	: ₹. 6.05
એકમ દીઠ વે.કિં.	: ₹. 19.20
એકમ દીઠ ફાળો	: ₹. 5.65
કુલ ફાળો	: ₹. 2,16,112.50
નફો	: ₹. 1,25,302.50

33 જય લિમિટેડ દર મહિને વસ્તુ Zના 8,000 એકમોની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. હાલ કંપની દર મહિને 7,000 એકમોનું ઉત્પાદન અને વેચાણ કરે છે જેની પડતર નીચે મુજબ છે.

પ્રત્યક્ષ માલ	1,75,000
પ્રત્યક્ષ મજૂરી	70,000
ચલિત પરોક્ષ ખર્ચા	35,000
સ્થિર પરોક્ષ ખર્ચા	1,05,000
કુલ પડતર	3,85,000
નફો	1,05,000
વેચાણ	4,90,000

શ્રીલંકાની એક કંપની વસ્તુ Zનાં 1,000 એકમો દર મહિને ₹. 50ના ભાવે ખરીદવા માંગે છે અને આ માટે એક વર્ષ સુધી સતત દર મહિને ઓર્ડર આપશે તેવી બાંહેધરી આપે છે. શું આ ઓર્ડર સ્વીકારવો ? તમારૂ મંતવ્ય સ્પષ્ટ કરો.

જવાબ :

વસ્તુ Zની એકમ દીઠ ચલિત પડતર ₹. 40 છે. મળેલી ખાસ દરખાસ્તનો ભાવ ₹. ૫૦ છે જે ચલિત પડતર કરતાં ₹. 10 વધુ છે તેથી આ દરખાસ્ત સ્વીકારવા યોગ્ય છે.

દરખાસ્ત સ્વીકાર્યા બાદ કંપનીને સ્થાનિક નફો ₹. 1,05,000 + શ્રીલંકા વેચાણનો નફો ₹. 10,000= ₹. 1,15,000 નફો થશે.

ખાસ ઓફરથી કંપનીને વાર્ષિક રૂ. 1,20,000 નો નફો મળશે.

34 શ્રીનગર લિમિટેડ 75,000 એકમોના ઉત્પાદન માટે બજેટ બનાવે છે એકમ દીઠ સીમાન્ત પડતર રૂ. 30 અને કુલ સ્થિર ખર્ચા 27,00,000 થાય છે. મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ પડતર + 25% નાં નફાનાં ધોરણે કિંમત રાખવાનું સૂચન કરે છે. પરંતુ સંચાલકો નીચેનામાંથી કોઈપણ એક મહત્તમ નફાકારક વિકલ્પ અપનાવવા માંગે છે.

એકમ દીઠ વે.કિ. (રૂ.)	**વેચાણ એકમોની શક્યતા**
54.00	63,000
60.00	45,600
66.00	52,500
72.00	48,000
78.00	40,500

મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ તરીકે શ્રેષ્ઠતમ નફાકારક વિકલ્પ દર્શાવો.

જવાબ :

રૂ. 72 નાં ભાવે 48,000 એકમોની માંગ પર વેચાણ મૂલ્ય રૂ. 6,66,000 પ્રાપ્ત થાય છે. તેથી તે શ્રેષ્ઠત્તમ વિકલ્પ ગણાય અને સ્વીકારવો જોઈએ.

35 ધી યુનિવર્સ લિ. ની ત્રણ વસ્તુ G, Sઅને Tની માહિતી નીચે આપેલી છે. કંપની વસ્તુ Tનું ઉત્પાદન બંધ કરવાનો વિચાર કરે છે.

વિગતો	**G**	**S**	**T**
વેચાણ કિંમત એકમ દીઠ રૂ. ૨ લેખે	2,00,000	16,00,000	4,00,000
પ્રત્યક્ષ માલ	5,90,000	6,72,000	1,50,000
પ્રત્યક્ષ મજૂરી	2,36,000	2,24,000	90,000
ચલિત પરોક્ષ ખર્ચા	3,54,000	2,24,000	60,000
સ્થિર પરોક્ષ ખર્ચા	6,60,000	3,60,000	1,80,000
નફો (ખોટ)	1,60,000	1,20,000	80,000

(અ) જો વસ્તુ Tનું ઉત્પાદન બંધ કરવામાં આવે તો સ્થિર પરોક્ષ ખર્ચામાં રૂ. 40,000 ઘટાડો શક્ય છે.

(બ) વસ્તુ Tબંધ થવાથી તેની ફાજલ ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ વસ્તુ Gનાં ઉત્પાદન અને વેચાણ માટે કરવો. વસ્તુ Gનાં 2,00,000 એકમો બનાવીને એકમ દીઠ રૂ. 2ની વેચાણકિંમતે વેચી શકાશે. જો આ નિર્ણયનો અમલ કરવામાં આવે તો સ્થિર ખર્ચ હાલ જેટલા છે તેટલા જ રહેશે તેમાં કોઈ ઘટાડો થશે નહીં

જવાબ :

(1) હાલનો નફો રૂ. 2,00,000

(2) જો વસ્તુ Tબંધ કરવામાં આવે તો :

વસ્તુ Gનો ફાળો	રૂ. 8,20,000
વસ્તુ Sનો ફાળો	રૂ. 4,80,000
કુલ ફાળો	રૂ. 13,00,000
બાદ : સ્થિર ખર્ચા	રૂ. 11,60,000
નફો	રૂ. 1,40,000

અભિપ્રાય : બીજો વિકલ્પ શ્રેષ્ઠ છે.

જો Gનું ઉત્પાદન વધારવામાં આવે તો :

વસ્તુ Gનો કુલ ફાળો	રૂ. 9,84,000
વસ્તુ Sનો કુલ ફાળો	રૂ. 4,80,000
કુલ ફાળો	રૂ. 14,64,000
- સ્થિર ખર્ચા	રૂ. 12,00,000
નફો	રૂ. 2,64,000

36 વેલ ટ્રેડ લિમિટેડનાં પડતરનાં રેકર્ડઝમાંથી નીચેની વિગતો પ્રાપ્ત થાય છે.

વસ્તુ	વેચાણ રૂ.	વેચાણનાં પ્રમાણમાં ચલિત ખર્ચની ટકાવારી
P	2,00,000	60%
Q	1,60,000	50%
R	3,20,000	65%
S	1,20,000	80%
T	1,76,000	75%

કુલ સ્થિર ખર્ચા રૂ. 3,60,000 છે.

ઉપરની માહિતી પરથી

(1) હાલની પરિસ્થિતિમાં નફો અથવા નુકશાન દર્શાવતુ પત્રક તૈયાર કરો.

(2) આવુ નુકશાન (જો હોય તો) નિવારવા પ્રત્યેક પ્રકારની વસ્તુનાં વેચાણમાં શું ફેરફાર સૂચવશો. એક જ પ્રકારની વસ્તુનું વેચાણ વધારી શકાય તેમ છે. એકથી વધારે નહિં.

જવાબ :

ચલિત ખર્ચની ટકાવારી આપેલ છે આથી 100 ચલિત ખર્ચ % = ફાળાની ટકાવારી અથવા નફાજથ્થાનો ગુણોત્તર

વસ્તુ Pનો ફાળો =h,00,000 નાં 40% = ૩. 80,000

વસ્તુ Qનો ફાળો =1,60,000 નાં 50% = ૩. 80,000

વસ્તુ Rનો ફાળો =3,20,000 નાં 35% = ૩. 1,12,000

વસ્તુ Sનો ફાળો =1,20,000 નાં 20% = ૩. 24,000

વસ્તુ Tનો ફાળો =1,76,000 નાં 25% = ૩. 44,000

કુલ ફાળો = ૩. 3,40,000

- સ્થિર ખર્ચા = ૩. 3,60,000

નુકશાન = ૩. 20,000

૩. 20,000 નું નુકશાન નિવારવા :

Pનું વેચાણ =20,000 × 100/40% (ફાળાની ટકાવારી) = ૩. 50,000 વેચાણ જરૂર

Qનું વેચાણ =20,000 × 100/50= ૩. 40,000 વેચાણ જરૂરી

એ જ રીતે R, Sઅને Tનાં વેચાણ અંગે ગણતરી કરવી.

એકમ : 5 રોકડ પ્રવાહ પત્રક

: રૂપરેખા :

5.1 પ્રસ્તાવના

5.2 અર્થ - રોકડ પ્રવાહ પત્રક

5.3 ભારતીય હિસાબી ધોરણ - 7 (Ind As-7) : રોકડપ્રવાહ પત્રકની પ્રવૃત્તિઓ

5.4 બિનરોકડ વ્યવહારોની નફા પર અસર

5.5 રોકડ પ્રવાહ પત્રકની ઉપયોગિતા

5.6 રોકડ પ્રવાહ પત્રકની મર્યાદાઓ

5.7 રોકડ પ્રવાહ પત્રકનો નમૂનો

5.8 ઉદાહરણો

5.9 સ્વાધ્યાય

5.1 પ્રસ્તાવના :

ટૂંકાગાળાના આયોજન માટે રોકડ પ્રવાહનું વિશ્લેષણ ખુબ જ અગત્યનું અને ઉપયોગી છે. ધંધાની સૌથી પ્રવાહી મિલકત કોઈ હોય તો તે રોકડ જ છે. કંપનીને નજીકના ભવિષ્યમાં થતા દેવાની ચુકવણી કરવા, વ્યાજ અને અન્ય ખર્ચ ચુકવવા, રોજબરોજના વ્યવહારો કરવા અને શેરહોલ્ડર્સને ડિવિડન્ડ ચુકવવા માટે પુરતી રોકડની જરૂર પડે છે. આમ, કંપનીના સમગ્ર વ્યવહારો રોકડની આવક કે જાવકમાંથી થાય છે. આમ કંપનીમાં રોકડની ઉપલબ્ધતા નક્કી કરવા માટે નજીકના ભવિષ્ય માટે રોકડની આવક અને જાવકનો અંદાજ મૂકી શકાય જેથી કરીને જરૂરિયાત કરવા વધુ પ્રમાણમાં રોકડ હાથ પર ન રહી જાય અને તેની નકારાત્મક અસર ધંધાની નફાકારકતા પર ન પડે. આમ રોકડની બાકી તેના સમયગાળા દરમિયાન કંપનીની રોકડની જરૂરિયાત સાથે મેળ થાય છે અને તે પ્રમાણે જો ખાધ હોય તો તેને પહોંચી વળવા અથવા વધુ હોય તો તેનું યોગ્ય રોકાણ કરવા માટે વ્યવસ્થા કરી શકાય છે.

આમ રોકડપ્રવાહ પત્રક પાછલા વર્ષ દરમિયાન રોકડની કેટલી આવક થઈ અને કેટલી જાવક થઈ તથા વર્ષના અંતે કેટલી રોકડ બાકી (હાથ પર) રહી હતી તે દર્શાવે છે. આમ પત્રકમાં શરૂઆતની રોકડ સિલકમાં કુલ આવક ઉમેરવામાં આવે છે અને જાવક બાદ કરવામાં આવતા તેની આખરની બાકી રકમ મળે છે.

5.2 અર્થ - રોકડ પ્રવાહ પત્રક :

રોકડપ્રવાહનો અર્થ એ છે કે રોકડની આવક અને જાવક એટલે કે રોકડના પ્રવાહ (સ્ત્રોત)ની આવક કુલ રોકડની ઉપલબ્ધિમાં વધારો કરે છે. જે કંપનીના ઉપયોગમાં લેવાય છે. જ્યારે રોકડની જાવક એટલે કે રોકડનો વપરાશ એટલે કે તેમાં ઘટાડો થાય છે

રોકડની આવક અને જાવક વચ્ચેનો તફાવત ચોખ્ખા રોકડ પ્રવાહ તરીકે ઓળખાય છે. જે ચોખ્ખી રોકડની આવક અથવા ચોખ્ખી રોકડ જાવક હોઈ શકે છે. આમ રોકડ પ્રવાહ પત્રક બનાવવાથી રોકડની પરિસ્થિતિનો ખ્યાલ મળે છે. કંપની ધંધાના આર્થિક વ્યવહારોને નિભાવવા માટે પૂરતા પ્રમાણમાં રોકડની વ્યવસ્થા છે કે કેમ એ જાણી શકે છે. જેથી જ્યારે

જ્યારે ધંધાના દેવા ચૂકવવાના થાય ત્યારે ચૂકવી શકાશે કે નહિ તે જાણી શકાય છે.

ઈન્ડિયન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા રોકડ પ્રવાહ પત્રક માટે હિસાબી ધોરણ ૩ (જુનું) અને સુધારેલ ધોરણ Ind As-7 મુજબ બધી જ કંપનીઓએ આનો ફરજીયાત અમલ કરવાનો થાય છે. આમ કંપનીઓએ તેમના વાર્ષિક અહેવાલમાં રોકડપ્રવાહ પત્રક દર્શાવવાનું રહે છે.

રોકડ પ્રવાહ પત્રક નક્કી કરેલા ચોક્કસ સમયગાળા દરમિયાન ધંધાની કામગીરીની પ્રવૃત્તિ (Operating Activity), રોકાણ પ્રવૃત્તિમાંથી (Investing Activity) અને નાણાકીય પ્રવૃત્તિમાંથી (Financing Activity) ઉદ્‌ભવતા રોકડપ્રવાહની જાણ કરશે.

આ પત્રક પ્રવૃત્તિઓના વર્ગીકરણ દ્વારા કંપનીની નાણાકીય પ્રવૃત્તિઓમાં તેમજ રોકડ રકમ અને રોકડ સમકક્ષ પ્રવૃત્તિઓની અસરનું મૂલ્યાંકન કરવા દે છે. આ માહિતીનો ઉપયોગ તે પ્રવૃત્તિઓમાના સંબંધોનું મૂલ્યાંકન કરવા માટે પણ થઈ શકે છે.

આમ, હિસાબી ધોરણ અનુસાર રોકડપ્રવાહને વર્ગીકરણ કરી નીચે પ્રમાણે ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

5.3 ભારતીય હિસાબી ધોરણ - 7 (Ind As-7) : રોકડપ્રવાહ પત્રકની પ્રવૃત્તિઓ

કામગીરીની પ્રવૃત્તિ :

કામગીરીની પ્રવૃત્તિઓને લીધે ઉદ્‌ભવતો રોકડપ્રવાહ એ ચાવીરૂપ પરિબળ છે. જેમાં ધંધાની કામગીરીમાંથી પુરતી રોકડ ઉદ્‌ભવે જેનાથી ધંધાની કામગીરીની ક્ષમતા જાળવી રખાય, લોન પરત કરી શકાય, ડિવિડન્ડ ચૂકવી શકાય અને બાહ્ય સ્ત્રોતોનો ઉપયોગ કાર્ય વગર નવું રોકાણ કરી શકાય. આમ, ઐતિહાસિક કામગીરીને આધારે રોકડપ્રવાહના ચોક્કસ ઘટકો અંગેની માહિતીને આધારે ભવિષ્યનો રોકડપ્રવાહનો અંદાજ મેળવી શકાય.

ધંધાની કામગીરી અને પ્રવૃત્તિઓમાંથી મુખ્યત્વે તારવેલો રોકડપ્રવાહ ધંધાની મુખ્ય આવક ઉત્પાદન પ્રવૃત્તિઓમાંથી લેવામાં આવે છે. તેથી સામાન્ય રીતે નફો કે નુકસાન આવા વ્યવહારો અને અન્ય ઘટનાઓને આધારે પરિણામે છે.

કામગીરીની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતા રોકડપ્રવાહના ઉદાહરણો આ પ્રમાણે છે :

૧. માલના વેચાણ અને પૂરી પાડવામાં આવતી સેવાઓ દ્વારા મળતી રોકડ મુખ્ય આવક છે.

૨. રોયલ્ટી, ફી, કમિશન અને અન્ય આવકોમાંતી મળતી રોકડ આવક.

૩. માલ અને સેવા પુરા પાડતા સપ્લાયર્સને ચુકવવામાં આવતી રોકડ.

૪. કર્મચારીને ચુકવવામાં આવતી રોકડ.

૫. વીમા કંપનીને મળતી રોકડ કે ચૂકવાતી રોકડ માટે પ્રીમિયમ તથા દાવાઓ માટે, એન્યુઈટી માટે અને પૉલિસીના અન્ય લાભ માટે

૬. ઈન્કમટેક્ષ માટે રોકડ ચુકવણી કે તેના રિફંડ માટે ખાસ કરીને તે નાણાકીય અને રોકાણ પ્રવૃત્તિઓ માટે હોઈ શકે છે.

નોંધ :

૧. કામગીરીની પ્રવૃત્તિને અંતે જે ધંધાકીય નફો (ચોખ્ખો નફો) મળે છે તે રોકડપ્રવાહ દર્શાવે છે. પરંતુ જો તેમાં બિનરોકડ વિગતોનો સમાવેશ હોય તો તેની અસરને એમાંથી દૂર કરવાની રહે છે.

૨. જો કોઈપણ ચાલુ મિલકત કે ચાલુ દેવામાં ફેરફાર થાય તો તેનાથી રોકડપ્રવાહમાં ફેરફાર થાય છે. આમ ચાલુ મિલકતમાં વધારો થાય તો રોકડપ્રવાહમાં ઘટાડો થાય જ્યારે ચાલુ મિલકતમાં ઘટાડો થાય ત્યારે રોકડ પ્રવાહમાં વધારો થાય. આમ ચાલુ દેવામાં વધારો થાય ત્યારે રોકડ પ્રવાહમાં વધારો થાય છે. જ્યારે ચાલુ દેવામાં ઘટાડો થાય ત્યારે રોકડ પ્રવાહમાં ઘટાડો થાય છે.

રોકાણની પ્રવૃત્તિઓ :

રોકાણ પ્રવૃત્તિઓથી પ્રાપ્ત થતો રોકડ પ્રવાહ અલગ બતાવવો મહત્ત્વપૂર્ણ છે. કારણ કે તે એવી રોકડપ્રવાહની હદ દર્શાવે છે. જે હેતુના સંશાધનો માટે કરવામાં આવેલ ખર્ચમાંથી ભવિષ્યની આવક અને રોકડપ્રવાહ ઊભા કરે છે. પાકા સરવૈયામાં દર્શાવેલ મિલકત કે જે માત્ર ખર્ચના હેતુથી કરવામાં આવેલ હોય તેવા ખર્ચને રોકાણની પ્રવૃત્તિ કરેલ વર્ગીકૃત કરી શકાય. રોકાણ પ્રવૃત્તિઓમાંથી થતાં રોકડ પ્રવાહના ઉદાહરણો નીચે મુજબ છે :

૧. મિલકતો, પ્લાન્ટ, યંત્રો, અદ્રશ્ય મિલકતો અને અન્ય લાંબાગાળાની સંપત્તિ મેળવવા માટે ચૂકવેલ રોકડ આ ચૂકવણીમાં મૂડીકૃત વિકાસખર્ચ અને સ્વતઃ (જાતે) નિર્માણ કરેલ મિલકતો પણ સમાવેશ કરવામાં આવે છે.

૨. મિલકતો, પ્લાન્ટ, યંત્રો, અદ્રશ્ય મિલકતો અને અન્ય લાંબાગાળાની સંપત્તિના વેચાણમાંથી મળતી રોકડ.

૩. અન્ય કંપનીઓના શેર, ડિબેન્ચર કે ઋણ સાધનો ખરીદવા માટે કરેલ રોકડ ચુકવણી.

૪. અન્ય કંપનીઓના ઈક્વિટી શેર, ડીબેન્ચર કે દેવાના સાધનોના વેચાણમાંથી મળેલ રોકડ આવક.

૫. અન્ય પક્ષોને આપવામાં આવેલ રોકડ ધિરાણ અને લોનની રકમ.

૬. અન્ય પક્ષોને આપવામાં આવેલ રોકડ ધિરાણ અને લોનની પરત મળતી રોકડ.

૭. ભવિષ્યના કરાર, વાયદાના કરાર, ઓપ્શન સોદાઓ અને ફેરબદલી (સ્વેપ) સોદાઓ માટે થતી રોકડની ચુકવણી અથવા મળતી રોકડ.

નાણાકીય પ્રવૃત્તિઓ :

નાણાકીય પ્રવૃત્તિઓ દ્વારા પ્રાપ્ત થતો રોકડપ્રવાહ એટલા માટે અલગથી બતાવવો મહત્ત્વપૂર્ણ છે કારણ કે મૂડી પૂરી પાડનાર દ્વારા ભવિષ્યમાં ઉદ્‌ભવતા રોકડપ્રવાહ પરના દાવાઓનું અનુમાન કરવામાં સરળતા રહે છે. નાણાની પ્રવૃત્તિઓમાંથી થતાં રોકડપ્રવાહના ઉદાહરણો નીચે મુજબ છે.

૧. શેર અથવા અન્ય ઈક્વિટી સાધનો બહાર પાડવાથી મળતો રોકડપ્રવાહ.

૨. કંપનીના શેરને બાયબેક કરવા અથવા પરત કરવા માટે થતી રોકડ ચુકવણી.

૩. ડિબેન્ચર, લોન, બોન્ડ્‌સ, ગીરોલોન અને અન્ય ટૂંકાગાળાના કે લાંબાગાળાના ઋણ દ્વારા ઊભો થતો રોકડપ્રવાહ.

૪. ઉછીના લેવાયેલા રકમની રોકડ ચુકવણી.

૫. નાણાકીય પટ્ટાકરરા સંબંધિત જવાબદારીમાં ઘટાડો કરવા પટ્ટે લેનાર દ્વારા રોકડ ચુકવણી.

અન્ય વિગતો :

વ્યાજ અને ડિવિડન્ડ

કોઈપણ મળેલ અને ચૂકવેલ વ્યાજ અને ડિવિડન્ડમાંથી થતાં રોકડ પ્રવાહને અલગથી બતાવવો જોઈએ. નાણાકીય સંસ્થાઓના કિસ્સામાં ચૂકવેલ વ્યાજ અને ડિવિડન્ડ મળેલ હોય તેમાંથી ઉદભવતા રોકડ પ્રવાહને તેની કામગીરીની પ્રવૃત્તિમાંથી થતાં રોકડ પ્રવાહ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ. અન્ય સંસ્થાઓના કિસ્સામાં ચૂકવેલ વ્યાજના રોકડ પ્રવાહને નાણાકીય પ્રવૃત્તિઓના રોકડપ્રવાહ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ. જ્યારે મળેલ વ્યાજ અને ડિવિડન્ડથી થતાં રોકડપ્રવાહને રોકાણની પ્રવૃત્તિઓ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ. ચુકવવામાં આવેલ ડિવિડન્ડ નાણાકીય પ્રવૃત્તિઓના રોકડપ્રવાહ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ.

ચૂકવેલ વ્યાજ, મળેલ વ્યાજ અને ડિવિડન્ડને સામાન્ય રીતે નાણાકીય સંસ્થાઓ કામગીરીની પ્રવૃત્તિમાંથી થતાં રોકડપ્રવાહ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. તેમ છતાં અન્ય કંપનીઓ માટે રોકડપ્રવાહના આ વર્ગીકરણ માટે સર્વસંમતી નથી. કેટલીક દલીલો એવી છે કે ચૂકવેલ વ્યાજ અને મળેલ વ્યાજ અને ડિવિડન્ડ નફા-નુકસાન ખાતે લખાય છે, કારણ કે તે કામગીરીની પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જો કે તે વધુ યોગ્ય છે કે તે તેમણે નાણાકીય પ્રવૃત્તિ કે રોકાણ પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવે કારણ કે તે નાણાકીય સાધનો મેળવવા અથવા રોકાણો પરની વળતરની કિંમત છે.

આવક પરનો વેરો :

આવક પરના કરમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ જુદો જાહેર કરવામાં આવશે અને કામગીરી પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવશે સિવાય કે આ રોકડપ્રવાહને નાણાકીય કે રોકાણ પ્રવૃત્તિઓ સાથે ખાસ કરીને ઓળખી શકાય.

જે વ્યવહારોમાં આવક પરના કરને લીધે રોકડપ્રવાહમાં વધારો થાય છે તે રોકડપ્રવાહના પત્રકમાં કામગીરી, રોકાણ અથવા નાણાકીય પ્રવૃત્તિઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જ્યારે કરના રોકડપ્રવાહને એકથી વધુ વર્ગ પ્રવૃત્તિઓ પર ફાળવવામાં આવે છે ત્યારે ચૂકવેલી કરની કુલ રકમ જાહેર કરવામાં આવે છે.

પેટા કંપનીઓ અને અન્ય ધંધાકીય એકમમાં માલિકી હિતમાં ફેરફાર :

ગૌણ કંપનીઓ અને અન્ય ધંધામાં નિયંત્રણ મેળવવા અથવા ગુમાવવાથી થતાં કુલ રોકડપ્રવાહ અલગ અલગ રજૂ કરવામાં આવે છે, રોકાણની પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

આમ ગૌણ કંપનીઓ કે અન્ય ધંધામાં રોકડ કે રોકડ સમકક્ષ સંપત્તિ જેના પર અંકુશ મેળવ્યો હોય કે ગુમાવ્યો હોય તેને અલગ દર્શાવવો જોઈએ.

5.4 બિનરોકડ વ્યવહારોની નફા પર અસર :

રોકાણ અને નાણાકીય વ્યવહારો કે જેમાં રોકડ અથવા રોકડ સમકક્ષનો ઉપયોગ કરવાની જરૂર નથી તેને રોકડ પ્રવાહ પત્રકમાંથી બાકાત રાખવામાં આવશે. આવા વ્યવહારો નાણાકીય પત્રકોમાં એવી રીતે જાહેર કરવામાં આવશે કે જેથી આવા રોકાણ અને નાણાકીય પ્રવૃત્તિઓ વિશેની તમામ માહિતી આપી શકાય.

ઘણા રોકાણ અને નાણાકીય પ્રવૃત્તિઓ વર્તમાન રોકડપ્રવાહને સીધી અસર કરતી નથી. તે કોઈ કંપનીની મૂડી અને સંપત્તિ માળખાને અસર કરે છે.

ઉદાહરણ :

૧. સંપત્તિની ખરીદી સીધી સંબંધિત જવાબદારીઓ અથવા નાણાપટ્ટાના માધ્યમથી થઈ શકે.

૨. ઇક્વિટી શેરના ઇશ્યુ (ભરણા) દ્વારા એકમનું સંપાદન

૩. દેવાનું ઇક્વિટીમાં રૂપાંતર.

અન્ય બાબતો દર્શાવવી :

કંપની દ્વારા નોંધપાત્ર રોકડ કે રોકડ સમકક્ષની પુરાંત રાખી મુકવામાં આવે છે પરંતુ તેનાં ઉપયોગ માટે તે રકમ ઉપલબ્ધ નથી, તેવી બાબત કંપનીએ સંચાલક મંડળ સાથે રહીને સમીક્ષા કરવી જોઈએ. કંપની દ્વારા જુદા જુદા સંજોગોમાં પણ રોકડ કે રોકડ સમકક્ષ પુરાંતને ઉપયોગ માટે ઉપલબ્ધ કરી શકાતી નથી.

રોકડ પ્રવાહ અને ભંડોળ પ્રવાહ પત્રકનો તફાવત :

આમ બંને પત્રકો વચ્ચેના તફાવતના મુદ્દાઓ નીચે મુજબ છે :

૧. **રોકડ અને કાર્યશીલ મૂડીની સ્થિતિ :** રોકડ પ્રવાહ પત્રકમાં મુખ્યત્વે રોકડ સંબંધિત થયેલા ફેરફારો જ ધ્યાનમાં લેવામાં આવે છે જ્યારે ભંડોળપ્રવાહ પત્રકમાં કાર્યશીલ મૂડી સાથેના ફેરફારો સંબંધિત વિગતો ધ્યાનમાં લેવામાં આવે છે.

૨. ટૂંકાગાળાની નાણાકીય વિશ્લેષણમાં ઉપયોગિતા : રોકડ પ્રવાહ પત્રક ટૂંકા ગાળાના નાણાકીય વિશ્લેષણમાં ભંડોળ પ્રવાહ પત્રક કરતાં વધુ ઉપયોગી ગણવામાં આવે છે. જ્યારે ભંડોળપ્રવાહ પત્રક લાંબાગાળાની નાણાકીય પરિસ્થિતિનું અવલોકન કરવા માટે ઉપયોગી છે.

૩. પત્રક તૈયાર કરવાની પદ્ધતિ : રોકડ પ્રવાહ પત્રક અને ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરવાની પદ્ધતિ અલગ છે. ભંડોળ પ્રવાહ પત્રકમાં ચાલુ દેવામાં વધારો અથવા ચાલુ મિલકતોમાં ઘટાડો ચોખ્ખી કાર્યશીલ મૂડીમાં ઘટાડો દર્શાવે છે અને વિપરીત પરિસ્થિતિમાં વધારો દર્શાવે છે. પરંતુ રોકડ પ્રવાહ પત્રકમાં ચાલુ દેવામાં વધારો અથવા ચાલુ મિલકતોમાં ઘટાડો રોકડપ્રવાહમાં વધારો દર્શાવે છે અને વિપરીત સ્થિતિમાં ઘટાડો દર્શાવે છે.

૪. કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક : ભંડોળપ્રવાહ પત્રક સામાન્ય રીતે કાર્યશીલ મૂડીમાં ફેરફારના પત્રક દ્વારા અનુસરવામાં આવે છે. જ્યારે રોકડ પ્રવાહ પત્રક આવા કોઈ પત્રકને અનુસરતું નથી.

૫. શરૂઆતની અને આખરીની સિલક : રોકડ પ્રવાહ પત્રક બનાવતી વખતે રોકડની અને રોકડ સમકક્ષની શરૂઆતની અને આખરની સિલક ધ્યાનમાં લેવાય છે જ્યારે ભંડોળપ્રવાહ પત્રકમાં આવી કોઈ શરૂઆતની કે આખરની બાકી લેવાતી નથી.

૬. કાનૂની આવશ્યકતાઓ : ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરવાની કોઈ કાનૂની જરૂરિયાત જણાતી નથી. જ્યારે (SEBI દ્વારા આવશ્યકતા મુજબ) રોકડ પ્રવાહ પત્રક નોંધાયેલ કંપની દ્વારા Ind As-7 મુજબ બનાવવું આવશ્યક છે.

5.5 રોકડ પ્રવાહ પત્રકની ઉપયોગિતા :

૧. રોકડ આયોજનમાં ઉપયોગી : રોકડ પ્રવાહ પત્રક કંપનીનું રોકડ ભંડોળ પૂરું પાડવાની ક્ષમતાને આધારે સંચાલકો માટેની ઉપયોગિતા સાબિત કરે છે.

૨. કામગીરી પ્રવૃત્તમાંથી રોકડ પ્રવાહનું મૂલ્યાંકન : રોકડ પ્રવાહ પત્રક કામગીરીની પ્રવૃત્તિમાંથી ઊભી થતી રોકડ વિશેની માહિતીનું પ્રદાન કરે છે. જે કામગીરી પ્રવૃત્તિમાંથી ઊભી થતી રોકડ અને ચોખ્ખા નફા વચ્ચેની તફાવતની સમજૂતી આપે છે.

૩. ડિવિડન્ડ ચુકવણી : ડિવિડન્ડ ચૂકવવાનો નિર્ણય માત્ર ચોખ્ખા નફા પર આધારિત ન હોઈ શકે. ડિવિડન્ડ વિતરણ માટે રોકડનાં સ્વરૂપમાં નફો ઉપલબ્ધ હોવો પણ એટલો જ જરૂરી છે.

આમ, કામગીરી પ્રવૃત્તિઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ રોકડ ડિવિડન્ડ જાહેર કરવા અંગે મહત્વ ધરાવે છે.

૪. રોકાણ અને નાણાકીય પ્રવૃત્તિઓમાંથી રોકડ પ્રવાહ : રોકડપ્રવાહ પત્રક માત્ર કામગીરી પ્રવૃત્તિઓ દ્વારા ઉદ્‌ભવતી રોકડનું મૂલ્યાંકન નહિ પરંતુ બિનકામગીરી પ્રવૃત્તિઓ જેવી કે રોકાણની પ્રવૃત્તિઓ અને નાણાકીય પ્રવૃત્તિઓ દ્વારા પણ રોકડપ્રવાહની માહિતી પ્રદાન કરે છે. આ એકદંરે કંપનીની પ્રવાહિતા, સ્થિતિ અને રોકડની જરૂરિયાતોને પહોંચી વળવાની તેની ક્ષમતાને જાણવામાં સહાય કરે છે.

૫. રોકડની અધિશેષ (ફાજલ) અને ખેંચ (તંગી) માટેના કારણો : એક વ્યવસાય નફો કરી શકે છે અને રોકડની તંગી પણ હજી ભોગવી રહ્યો છે, તેવી જ રીતે વ્યવસાયમાં નુકસાન થઈ શકે છે અને બેંકમાં પુરતી રોકડ હોઈ શકે છે. આ વિરોધાભાષી પરિસ્થિતિ છે જે રોકડ પ્રવાહના પત્રક દ્વારા રોકડ સંતુલન કરી વધારા અને ઘટાડા માટેના કારણો જાણી શકાય છે.

5.6 રોકડ પ્રવાહ પત્રકની મર્યાદાઓ :

૧. સંપૂર્ણ પુરાવારૂપ નથી : નાણાકીય પત્રક સંપૂર્ણરૂપે પૂર્ણ નથી કારણ કે નાણાકીય પત્રકો પરંપરાગત રીતે નફા-નુકસાન ખાતું અને પાક્કા સરવૈયા પર આધારિત છે.

૨. નવી બાબતની રજૂઆત નથી : અણ નવી અથવા મૂળ બાબતની રજૂઆત કરતું નથી કે જે ધંધાની નાણાકીય સ્થિતિને વધારી કે ઘટાડી શકે. તેનું કાર્ય માત્ર અન્યત્ર દેખાતા નાણાકીય માહિતીને ફરીથી ગોઠવવાનું છે.

૩. ઐતિહાસિક : ફેરફારોનું પત્રક અન્ય નાણાકીય પત્રકોની જેમ સ્વાભાવિક રીતે ઐતિહાસિક છે, જે નજીકના ભવિષ્ય માટે ભંડોળના સ્રોતો અને ઉપયોગના અંદાજને મેળવી શકાતો નથી.

૪. સુસંગત નથી : રોકડમાં થતા ફેરફારના અભ્યાસ કરતા ભંડોળમાં થતાં ફેરફારનો અભ્યાસ વધુ સુસંગત છે.

૫. માળખાકીય ફેરફારોની જાહેરાત નથી : આ પત્રક દ્વાર માળખાકીય ફેરફારોમાં ધંધાના નાણાકીય સંબંધોમાં કે પછી ચાલુ મિલકતો અને ટૂંકાગાળાના રોકાણોમાં મહત્ત્વની નીતિ પરિવર્તન જાહેર થતું નથી.

5.7 રોકડ પ્રવાહ પત્રકનો નમૂનો :

..... કંપનીનું

તા..... ના રોજ પુરા થતા વર્ષનું રોકડપ્રવાહ પત્રક

ક્રમ	*વિગત*	*રકમ રૂા.*	*રકમ રૂા.*
૧.	***કામગીરી પ્રવૃત્તિઓમાંથી રોકડ પ્રવાહ :***		
	કરવેરા અને અસાધારણ બાબતો પહેલાનો ચોખ્ખો નફો	.....	
	હવાલાઓ :	.....	
	ઘસારો, વ્યાજ, ડિવિડન્ડ, વિદેશી વિનિમયમાં નુકસાન		
	અન્ય માંડી વાળેલ ખર્ચ	.....	
	કાર્યશીલ મૂડીમાં થતા ફેરફારો :		
	(+) સ્ટોકમાં વધારો	.....	
	(+) લેણદારોમાં વધારો	.....	
	(-) દેવાદારોમાં ઘટાડો	.....	
	આવકવેરો પહેલાનો કામગીરીમાંથી મળતો રોકડપ્રવાહ		.....
	ચુકવેલ આવકવેરો		.....
	***કામગીરી પ્રવૃત્તિમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ* (A)**		.....
૨.	***રોકાણ પ્રવૃત્તિઓમાંથી રોકડપ્રવાહ :***		
	(-) કાયમી મિલકતો અને રોકાણોની ખરીદી	.....	
	(+) કાયમી મિલકતો અને રોકાણોનું વેચાણ	.....	
	(+) વ્યાજ અને ડિવિડન્ડની આવક	.....	
	***રોકાણ પ્રવૃત્તિમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ* (B)**		.....
૩.	***નાણાકીય પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહ :***		
	(+) નવા શેર / ડિબેન્ચર બહાર પાડવાથી	.....	
	(+) લાંબાગાળાની લોન લેવાથી	.....	
	(-) લાંબાગાળાની લોન પરત કરવાથી	.....	
	(-) ડિવિડન્ડ અને વ્યાજની ચુકવણી	.....	
	***નાણાકીય પ્રવૃત્તિમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ* (C)**		.....
	***ત્રણેય પ્રવૃત્તિઓમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ* (A+B+C)**		.....
	ઉમેરો : શરૂની રોકડ સિલક / બેંક સિલક		.....
	આખરની રોકડ/બેંક સિલક		.....

5.8 ઉદાહરણો :

ઉદાહરણ-1 : યશપાલ લિમિટેડના 31-03-2019 અને 31-03-2020ના રોજનાં પાકાં સરવૈયા નીચે મુજબ છે.

જવાબદારીઓ	**31-3-2019**	**31-3-2019**	*મિલકતો*	**31-3-2019**	**31-3-2019**
ઈક્વીટી શેરમૂડી	1,95,000	2,60,000	પાઘડી	8,000	5,000
સામાન્ય અનામત	1,10,500	1,30,000	યંત્રો	2,00,000	2,00,000
મૂડી અનામત	-	6,500	મકાન	3,20,000	4,17,500
નફા-નુકસાન ખાતું	39,000	48,750	રોકાણો	65,000	52,000
૧૦%ના ડિબેંચર	1,30,000	91,000	દેવાદારો	1,25,000	1,40,000
લેણદારો	50,000	34,500	સ્ટોક	57,000	61,500
દેવીહૂંડી	28,000	50,000	રોકડ/બેંક	5,000	14,500
કરવેરા જોગવાઈ	58,500	55,250			
ઘસારા જોગવાઈ	1,49,500	1,88,500			
સૂચિત ડિવિડન્ડ	19,500	23,400			
ચુ.બાકી ડિવિડન્ડ	-	2,600			
	7,80,000	**8,90,500**		**7,80,000**	**8,90,500**

વધારાની માહિતી :

1. મકાન અને યંત્રો પર અનુક્રમે 21,650 અને 40,000 ઘસારો ગણેલ છે.
2. ડિબેંચર્સ 5% પ્રીમિયમે પરત કરેલા છે.
3. કેટલાક રોકાણો નફાથી વેચવામાં આવ્યા હતા.
4. કરવેરા ₹ 40,000 ના ચૂકવ્યા હતા અને સૂચિત ડિવિડન્ડ ગયા વર્ષનું ચૂકવી આપ્યું છે.
5. અગાઉના વર્ષમાં સ્ટોકની મૂળકિંમત 5% ઓછી આંકવામાં આવી હતી જે હવે મૂળ કિંમતે દર્શાવવાનું નક્કી કરેલ છે. તા. 31-03-2020 નો સ્ટોક તેની સાચી કિંમતે જ દર્શાવેલ છે.
6. એક યંત્ર 16250 માં વેચેલ હતું જેની પડતર કિંમત 32500 હતી અને તેના પર 13650 ઘસારો ગણવામાં આવેલ હતો. તેમજ 9000 નું એક યંત્ર માંડી વાળવાનું છે. જેના ઉપર પૂરો ઘસારો ગણવામાં આવેલો છે.
7. રોકાણ વેચાતા નફો મૂડી અનામત ખાતે જમા કરેલ છે.

ઉપરની માહિતીને ધ્યાનમાં રાખી હિસાબી ધોરણ-7 મુજબનું રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબ : જરૂરી ગણતરી

યંત્ર ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બાકી આગળ લાવ્યા	2,00,000	બેંક ખાતે	16,250
		નફા-નુકસાન ખાતે	2,600
બેંક ખાતે (ખરીદી)	41,500	ઘસારા જોગવાઈ ખાતે	13,650
		ઘસારા જોગવાઈ ખાતે	9,000
		બાકી આગળ લઈ ગયા	2,00,000
	2,41,500		**2,41,500**

ઘસારા જોગવાઈ ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
યંત્ર ખાતે	13,650	બાકી આગળ લાવ્યા.	1,49,500
યંત્ર ખાતે	9,000	ન.નુ.ખાતે (મકાનનો ઘસારો)	21,650
બાકી આગળ લઈ ગયા.	1,88,500	ન.નુ.ખાતે (યંત્રનો ઘસારો)	40,000
	2,11,150		**2,11,150**

રોકાણ ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બાકી આગળ લાવ્યા.	65,000	બેંક ખાતે	13,000
		બાકી આગળ લઈ ગયા.	52,000
	65,000		**65,000**

કરવેરા ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બેંક ખાતે	40,000	બાકી આગળ લાવ્યા.	58,500
		નફા-નુકસાન ખાતે	36,750
બાકી આગળ લઈ ગયા.	55,250		
	95,250		**95,250**

નોંધ : જ્યારે કાયમી મિલ્કતો પર ઘસારો ગણવામાં આવેલ હોય અને ઘસારા જોગવાઈનું ખાતું બતાવેલ હોય ત્યારે ઘસારાની નોંધ જે-તે મિલકત ખાતે જમા થવાને બદલે ઘસારા જોગવાઈ ખાતે જમા થશે.

- વેચેલ યંત્રની પડતર કિંમત = 32,500
- એકત્રિત ઘસારો = 13,650
  ઘસારા બાદ કિંમત = 18,850
- વેચાણ કિંમત = 16,250
  ખોટ = 2,600

- માંડી વાળેલ યંત્રની કિંમત = 9,000 ઘસારા ભંડોળ ખાતે ઉ.
  માંડી વાળેલ ઘસારો = 9,000 યંત્ર ખાતે જમા.
- આખર સ્ટોક :

  31-03-2019 = 57,000 જે 5% ઓછી કિંમતે છે.

  95 100 મૂ.કિં.

  57,000 (?) = 60,000

  સ્ટોક મૂ.કિં. દર્શાવવનો હોવાથી 31-03-2019 ના વર્ષમાં ₹ 3,000 નો વધારો થશે. કિંમતમાં થતો વધારો ધંધામાં નફો હોવાથી બિન રોકડ ખર્ચમાં દર્શાવાશે.
- રોકાણોની કિંમત = 13,000
  + નફો = 6,500
  વેચાણ કિંમત = 19,500

હિસાબી ધોરણ - 7 મુજબનું યશવાલ લિમિટેડનું રોકડ પ્રવાહ પત્રક

વિગત	*રકમ* (₹)	*રકમ* (₹)
(A) ***ધંધાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
નફા-નુકસાન ખાતા મુજબનો ચોખ્ખો નફો (૪૮૭૫૦-૩૯૦૦૦)		9,750
ઉમેરા :બિન રોકડ ખર્ચો		
પાઘડી માંડીવાળી	3,000	
જમીન-મકાન ઘર ઘસારો	21,650	
યંત્ર પર ઘસારો	40,000	
યંત્ર વેચાણ ખોટ	2,600	
ડિબેંચર પરત પ્રીમિયમ જોગવાઈ	1,950	
કરવેરા જોગવાઈ	36,750	
સૂચિત ડિવિડન્ડ જોગવાઈ	23,400	
સામાન્ય અનામતની જોગવાઈ	19,500	
બાદ : સ્ટોકની કિંમતમાં વધારો	(3000)	1,45,850
કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો ચોખ્ખો નફો		1,55,600
● ***કાર્યશીલ મૂડીમાં ફેરફાર***		
દેવાદારની કિંમતમાં વધારો	(15,000)	
સ્ટોકની કિંમતમાં વધારો	(1,500)	
લેણદારની કિંમતમાં ઘટાડો	(15,500)	
દેવીહૂંડીની કિંમતમા વધારો	22,000	(10,000)
		1,45,600
બાદ : કરવેરા ચૂકવ્યા		(40,000)
***કામગીરી પ્રવૃત્તિમાંથી ચોખ્ખો રોકડ પ્રવાહ* (A)**		**1,05,600**

(B)	***રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
	યંત્રનું વેચાણ	16,250	
	રોકાણનું વેચાણ	19,500	
	મકાનની ખરીદી	(97,500)	
	યંત્રની ખરીદી	(41,500)	
	***રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ* (B)**		**(1,03,250)**
(C)	***નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
	ડિબેંચર્સ પરત કર્યા	(40,950)	
	ડિવિડન્ડ ચૂકવ્યા (19500-2600)	(16,900)	
	ઈ-શેર બહાર પાડ્યા	65,000	
	***નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ* (C)**		**7,150**
	***રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો* (A+B+C)**		**9,500**
+	***રોકડ અને રોકડ સમકક્ષની શરૂઆતની બાકી***		**5,000**
	વર્ષના અંતે રોકડ અને રોકડ સમકક્ષની બાકી		**14,500**

ઉદાહરણ-2 : શ્રીનાથજી લિમિટેડના તા. 31-03-2019 અને 31-03-2020ના પાકાં સરવૈયા નીચે મુજબ છે. પાકા-સરવૈયા અને વધારાની માહિતીને ધ્યાનમાં રાખી હિસાબી ધોરણ નં. 7 મુજબ રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબદારીઓ	**31-3-2019**	**31-3-2020**	*મિલકતો*	**31-3-2019**	**31-3-2020**
ઈ. શેર દરેક ₹100નો			પાઘડી	3,00,000	2,80,000
પૂર્ણ ભરપાઈ	10,00,000	15,00,000	મકાન	6,00,000	10,00,000
સામાન્ય અનામત	6,00,000	2,00,000	યંત્રો	4,00,000	9,50,000
નફા-નુકસાન ખાતું	1,00,000	1,20,000	રોકાણો	1,50,000	1,20,000
12%ના ડિબેંચર્સ	-	5,00,000	સ્ટોક	1,60,000	2,50,000
દેવીહૂંડીઓ	2,50,000	3,10,000	દેવાદારો	4,90,000	2,10,000
લેણદારો	2,00,000	2,00,000	રોકડ સિલક	80,000	80,000
કરવેરા જોગવાઈ	1,50,000	1,70,000	બેંક સિલક	40,000	50,000
			પ્રાથમિક ખર્ચ	80,000	60,000
	23,00,000	**30,00,000**		**23,00,000**	**30,00,000**

વધારાની માહિતી :

1. વર્ષ દરમિયાન કરવેરા ₹ 1,40,000 ચૂકવ્યા અને ₹ 80,000 વચ્ચગાળાનું ડિવિડન્ડ ચૂકવ્યું.
2. તા. 01-04-2019 ના રોજ સામાન્ય અનામતને મૂડીકૃત કરીને 2 ઈ.શેર દીઠ 1 ઈ.શેર બોનસ તરીકે આપેલ છે.
3. મકાન પર ₹ 60,000 અને યંત્રો પર ₹ 40,000 ઘસારો ગણેલ છે.
4. પાઘડી મૂડીઅનામત સામે માંડી વાળેલ છે.
5. વર્ષ દરમિયાન 10% વટાવથી ડિબેંચર્સ બહાર પાડ્યા હતા.
6. ₹ 50,000 ના રોકાણો 10% ખોટથી વેચવામાં આવ્યા હતા.

7. ₹ 1,00,000 ની પડતર કિંમતનું યંત્ર નફાથી વેચ્યુ. નફો મૂડી અનામત ખાતે જમા લીધેલો હતો.

જવાબ : જરૂરી ગણતરી

સામાન્ય અનામતનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
ઈ. શેરમૂડી ખાતે	5,00,000	બાકી આગળ લાવ્યા.	6,00,000
		નફા-નુકસાન ખાતે (?)	1,00,000
બાકી આગળ લઈ ગયા.	2,00,000		
	7,00,000		**7,00,000**

ઈ. શેરમૂડીનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
		બાકી આગળ લાવ્યા.	10,00,000
બાકી આગળ લઈ ગયા.	15,00,000	સામાન્ય અનામત ખાતે	5,00,000
	15,00,000		**15,00,000**

મકાનનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બાકી આગળ લાવ્યા.	6,00,000	ઘસારા ખાતે	60,000
બેંક ખાતે (ખરીદી)	4,60,000	બાકી આગળ લઈ ગયા.	10,00,000
	10,60,000		**10,60,000**

યંત્રનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બાકી આગળ લાવ્યા.	4,00,000	ઘસારા ખાતે	40,000
મૂડી અનામત ખાતે (નફો)	20,000	બેંક ખાતે (વેચાણ)	1,20,000
બેંક ખાતે (ખરીદી)	6,90,000	બાકી આગળ લઈ ગયા.	9,50,000
	11,10,000		**11,10,000**

રોકાણોનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બાકી આગળ લાવ્યા.	1,50,000	બેંક ખાતે	45,000
બેંક ખાતે (ખરીદી) (?)	20,000	નફા-નુકસાન ખાતે	5,000
		બાકી આગળ લઈ ગયા.	1,20,000
	1,70,000		**1,70,000**

કરવેરાનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બેંક ખાતે (કરવેરા ચૂકવ્યા)	1,40,000	બાકી આગળ લાવ્યા.	1,50,000
બાકી આગળ લઈ ગયા.	1,70,000	નફા-નુકસાન ખાતે	1,60,000
	3,10,000		**3,10,000**

- બોનસ શેર :

2 1

10,000 (?)

= 5,000 શેર x 100 = 5,00,000 સામાન્ય અનામત ખાતેથી

શ્રીનાથજી લિમિટેડનું રોકડ પ્રવાહ પત્રક

વિગત	*રકમ (₹)*	*રકમ (₹)*
(A) ***કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
નફા-નુકસાન ખાતા મુજબનો ચોખ્ખો નફો :	20,000	
ઉમેરો : બિન રોકડ ખર્ચ		
પ્રાથમીક ખર્ચ માંડી વાળ્યો	20,000	
વચ્ચગાળાનું ડિવિડન્ડ	80,000	
મકાન પર ઘસારો	60,000	
યંત્ર પર ઘસારો	40,000	
ડિબેંચર વટાવ	50,000	
રોકાણ વેચાણ ખોટ	5,000	
કરવેરાની જોગવાઈ	1,60,000	
સામાન્ય અનામતની જોગવાઈ	1,00,000	
કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો ચોખ્ખો નફો	**5,35,000**	
• કાર્યશીલ મૂડીમાં ફેરફાર		
સ્ટોકમાં વધારો	(90,000)	
દેવાદારમાં ઘટાડો	2,80,000	
દેવીહૂંડીમાં વધારો	60,000	
	7,85,000	
બાદ : કરવેરા ચૂકવ્યા	(1,40,000)	
***કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ* (A)**		**6,45,000**
(B) ***રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
યંત્રનું વેચાણ	1,20,000	
રોકાણનું વેચાણ	45,000	
મકાનની ખરીદી	(4,60,000)	
યંત્રની ખરીદી	(6,90,000)	
રોકાણોની ખરીદી	(20,000)	
***રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ* (B)**		**(10,05,000)**

(C)	***નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
	વચ્ચગાળાનું ડિવિડન્ડ ચૂકવ્યું	(80,000)	
	ડિબેંચર્સ બહાર પાડ્યા	4,50,000	
	નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ		**3,70,000**
	રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો/ઘટાડો		**10,000**
+	***રોકડ અને રોકડ સમકક્ષની શરૂની બાકી***		**1,20,000**
	રોકડ અને રોકડ સમકક્ષની આખરની બાકી		**1,30,000**

ઉદાહરણ-3 : દેવલીલા લિમિટેડના તા. 31-03-2019 અને 31-03-2020ના પાકાં સરવૈયા નીચે પ્રમાણે છે. તેના આધારે હિસાબી ધોરણ નં. 7 મુજબ રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબદારીઓ	**31-3-2019**	**31-3-2020**	*મિલકતો*	**31-3-2019**	**31-3-2020**
ઈક્વિટી શેરમૂડી દરેક			પાઘડી	6,40,000	4,80,000
₹100નો તેવા પૂર્ણ			મકાન	12,80,000	20,00,000
ભરપાઈ	16,00,000	24,00,000	પ્લાન્ટ - મશીનરી	11,20,000	16,00,000
10%ના રીડિમેબલ			રોકાણો	3,20,000	-
પ્રેફરન્સ શેર			સ્ટોક	2,40,000	4,00,000
દરેક ₹100ના તેવા			લેણીહૂંડી	3,52,000	3,20,000
₹ 70 ભરપાઈ	5,60,000	-	દેવાદારો	80,000	80,000
સામાન્ય અમાનત	6,40,000	4,00,000	રોકડ સિલક	50,000	3,60,000
જામીનગીરી પ્રીમિયમ	1,20,000	80,000	બેંક સિલક	30,000	48,000
નફા-નુકસાન ખાતું	2,80,000	6,00,000			
5%ના ડિબેંચર્સ	-	8,00,000			
લેણદારો	4,00,000	4,80,000			
દેવીહૂંડીઓ	1,60,000	-			
કરવેરા જોગવાઈ	1,92,000	2,40,000			
સૂચિત ડિવિડન્ડ	1,60,000	2,88,000			
	41,12,000	**52,88,000**		**41,12,000**	**52,88,000**

વધારાની માહિતી :

1. કંપનીધારાની જોગવાઈનું પાલન કરી પ્રેફરન્સ શેરમૂડી 5% પ્રીમિયમે પરત કરેલ છે. સામાન્ય અનામતમાંથી ₹ 8,00,000 મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવેલ છે.
2. મકાન પર ₹ 2,40,000 અને યંત્રો પર 2,00,000 ઘસારાની જોગવાઈ કરવામાં આવી છે.
3. ₹ 8,00,000 ના ડિબેંચર્સ 5% વટાવે બહાર પાડ્યા હતા.
4. કંપનીએ મૂડી-પરત અનામતમાંથી વર્તમાન ઈક્વિટી શેર ધારકોને 2:1 ના પ્રમાણમાં બોનસ શેર આપેલા છે.

5. કરવેરા ₹ 2,00,000 અને પાછલા વર્ષનું સૂચિત ડિવિડન્ડ પણ ચૂકવેલ છે.

6. વેચાણ કિંમત પર 20% નફો મળે તે રીતે રોકાણો વેચેલ છે.

જવાબ : જરૂરી ગણતરી

મકાનનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બાકી આગળ લાવ્યા.	12,80,000	ઘસારા ખાતે	2,40,000
બેંક ખાતે (ખરીદી)	9,60,000		
		બાકી આગળ લઈ ગયા.	20,00,000
	22,40,000		**22,40,000**

યંત્રનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બાકી આગળ લાવ્યા.	11,20,000	ઘસારા ખાતે	2,00,000
બેંક ખાતે (ખરીદી)	6,80,000		
		બાકી આગળ લઈ ગયા.	16,00,000
	18,00,000		**18,00,000**

પ્રેફરન્સ શેરમૂડીનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બેંક ખાતે	8,00,000	બાકી આગળ લાવ્યા.	5,60,000
		બેંક ખાતે (બાકી હપ્તાના)	2,40,000
બાકી આગળ લઈ ગયા.	-		
	8,00,000		**8,00,000**

જામીનગીરી પ્રીમિયમનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
પ્રે.શેર પરત પ્રીમિયમ ખાતે	40,000	બાકી આગળ લાવ્યા.	1,20,000
બાકી આગળ લઈ ગયા.	80,000		
	1,20,000		**1,20,000**

- ડિબેંચર્સની મૂળ કિંમત = 8,00,000
- વટાવ (5%) = 40,000
  મળેલ રકમ (બેંક ખાતે) 7,60,000

- રોકાણો :

ધારો કે વેચાણ કિંમત	=	100
- નફો	=	20
પડતર	=	80

80 20

3,20,000 (?) = 80,000 નફો

દેવલીલા લિમિટેડનું રોકડ પ્રવાહ પત્રક

વિગત	*રકમ* (₹)	*રકમ* (₹)
(A) ***કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ :***		
નફા-નુકસાન ખાતા મુજબનો ચોખ્ખો નફો	3,20,000	
ઉમેરો : બિન રોકડ ખર્ચા :		
પાઘડી માંડીવાળી	1,60,000	
મકાન પર ઘસારો	2,40,000	
યંત્રો પર ઘસારો	2,00,000	
ડિબેંચર વટાવ માંડી વાળેલ	40,000	
કરવેરા જોગવાઈ	2,48,000	
સૂચિત ડિવિડન્ડની જોગવાઈ	2,88,000	
સામાન્ય અનામતની જોગવાઈ	5,60,000	
બાદ : રોકાણ વેચાણનો નફો	(80,000)	
કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો ચોખ્ખો નફો	16,56,000	
• કાર્યશીલ મૂડીમાં ફેરફાર :		
સ્ટોકની કિંમતમાં વધારો	(1,60,000)	
લેણીહૂંડીની કિંમતમાં ઘટાડો	32,000	
લેણદારની કિંમતમાં વધારો	80,000	
દેવીહૂંડીની કિંમતમાં ઘટાડો	(1,60,000)	
	17,68,000	
બાદ : કરવેરા ચૂકવ્યા	(2,00,000)	
***કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ* (A)**		**15,68,000**
(B) રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ		
રોકાણનું વેચાણ	4,00,000	
મકાનની ખરીદી	(9,60,000)	
યંત્રની ખરીદી	(6,80,000)	
***રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ* (B)**		**(12,40,000)**

(C)	***નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
	પ્રે. શેર બાકી હપ્તો	2,40,000	
	પ્રે. શેર પરત કર્યા	(8,40,000)	
	ડિબેન્ચર્સ બહાર પાડ્યા	7,60,000	
	સૂચિત ડિવિડન્ડ ચૂક્વ્યું	(1,60,000)	
	નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ		-
	રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો		**3,28,000**
	રોકડ અને રોકડ સમકક્ષની શરૂ બાકી (રોકડ + બેંક)		**80,000**
	રોકડ અને રોકડ સમકક્ષની આખરની બાકી		**4,08,000**

ઉદાહરણ-4 : માનસરોવર લિમિટેડના તા. 31-03-2019 અને 31-03-2020ના રોજનાં પાકાં સરવૈયા નીચે પ્રમાણે છે.

જવાબદારીઓ	**31-3-2019**	**31-3-2020**	*મિલકતો*	**31-3-2019**	**31-3-2020**
ઈક્વિટી શેરમૂડી દરેક			કાયમી મિલકતો	15,00,000	20,00,000
₹100 નો તેવા પૂરા			બાદ : ઘસારો ફંડ	5,00,000	6,00,000
ભરપાઈ	10,00,000	17,00,000		10,00,000	14,00,000
જામીનગીરી પ્રિમીયમ	-	50,000			
સામાન્ય અનામત	2,00,000	2,25,000	રોકાણો	4,00,000	5,00,000
મૂડી અનામત	50,000	1,00,000	સ્ટોક	7,50,000	8,00,000
નફા-નુકસાન ખાતું	3,00,000	4,00,000	દેવાદારો	4,50,000	3,00,000
કરવેરા જોગવાઈ	1,50,000	1,75,000	બેંક સિલક	-	1,75,000
10%ના ડિબેંચર્સ દરેક			પ્રાથમિક ખર્ચા	1,00,000	75,000
₹100 નો તેવા	5,00,000	2,50,000	લેણીહૂંડી	2,00,000	1,00,000
લેણદારો	2,50,000	2,00,000			
દેવીહૂંડી	75,000	1,00,000			
બેંક ઓવર ડ્રાફ્ટ	2,75,000	-			
સૂચિત ડિવિડન્ડ	1,00,000	1,50,000			
	29,00,000	**33,50,000**		**29,00,000**	**33,50,000**

વધારાની માહિતી : 31-03-2020 ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન

1. કાયમી મિલકતોમાંથી ₹ 2,50,000 ની મૂળકિંમતની મિલકત ₹ 1,25,000 માં વેચેલ છે. જેના પર ઘસારો ₹ 1,00,000 છે.
2. કંપનીએ કંપનીધારાની જોગવાઈનું પાલન કરીને હક્કના શેર 2:1 ના પ્રમાણમાં દાર્શનિક કિંમતે આપેલ છે.
3. હક્કના શેર આપ્યા બાદ ₹ 100 નો તેવા 2500 કન્વ. ડિબેન્ચર્સનું દરેક ₹ 100 નો એક એવા 2000 ઈ.શેરમાં રૂપાંતર કરવામાં આવ્યું.

4. ₹ 1,50,000 ના રોકાણો નફાથી વેચવામાં આવેલ છે. આ નફો મૂડી અનામત ખાતે જમા કરેલ છે.
5. ₹ 10,000 શકમંદ લેણાની રકમ હવે માંડી વાળવાનું નક્કી કરેલ છે.
6. આખરની સ્ટોકની કિંમત ₹ 50,000 ઓછી આંકવામાં આવેલ છે.
7. ગયા વર્ષના કરવેરા ₹ 1,25,000 ચૂકવવામાં આવેલ છે.

ઉપરની માહિતીને આધારે હિસાબી ધોરણ -7 મુજબનું રોકડ પ્રવાહ તૈયાર કરો.

જવાબ : જરૂરી ગણતરી

કાયમિ મિલકતોનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બાકી આગળ લાવ્યા.	15,00,000	બેંક ખાતે	1,25,000
બેંક ખાતે (ખરીદી) (?)	7,50,000	નફા-નુકસાન ખાતે	25,000
		ઘસારા ભંડોળ ખાતે	1,00,000
		બાકી આગળ લઈ ગયા.	20,00,000
	22,50,000		**22,50,000**

ઈક્વિટી શેરમૂડીનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
		બાકી આગળ લાવ્યા	10,00,000
		બેંક ખાતે	5,00,000
બાકી આગળ લઈ ગયા.	17,00,000	ડિબેંચર્સ ખાતે	2,00,000
	17,00,000		**17,00,000**

ડિબેચર્સનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
ઈક્વિટી શેરમૂડી ખાતે	2,00,000	બાકી આગળ લાવ્યા	5,00,000
જામીનગીરી પ્રીમિયમ ખાતે	50,000		
બાકી આગળ લઈ ગયા	2,50,000		
	5,00,000		**5,00,000**

રોકાણોનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બાકી આગળ લાવ્યા	4,00,000	બેંક ખાતે	1,50,000
બેંક ખાતે (ખરીદી)	2,50,000		
		બાકી આગળ લઈ ગયા.	5,00,000
	6,50,000		**6,50,000**

કરવેરાનું ખાતું

વિગત	*રકમ (₹)*	*વિગત*	*રકમ (₹)*
બેંક ખાતે	1,25,000	બાકી આગળ લાવ્યા.	1,50,000
		નફા-નુકસાન ખાતે	1,50,000
બાકી આગળ લઈ ગયા.	1,75,000		
	3,00,000		**3,00,000**

ઘસારા ભંડોળ ખાતું

વિગત	*રકમ (₹)*	*વિગત*	*રકમ (₹)*
કાયમિ મિલકતો ખાતે	1,00,000	બાકી આગળ લાવ્યા.	5,00,000
બાકી આગળ લઈ ગયા	6,00,000	નફા-નુકસાન ખાતે	2,00,000
	7,00,000		**7,00,000**

- હક્કના શેર :

  2 1

  10,000 (?) = 5000 ઈ.શેર x 100 = 5,00,000

- ડિબેંચર્સની કિંમત (2500 x 100) = 2,50,000

  - ઈ.શેરની કિંમત (2000 x 100) = 2,00,000

  જામીનગીરી પ્રીમીયમ = 50,000

માનસરોવર લિમિટેડનું રોકડ પ્રવાહ પત્રક

વિગત		*રકમ (₹)*	*રકમ (₹)*
(A)	***કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ :***		
	નફા-નુકસાન ખાતા મુજબનો ચોખ્ખો નફો	1,00,000	
ઉમેરો :	બિન રોકડ ખર્ચા :		
	માંડી વાળે પ્રાથમિક ખર્ચા	25,000	
	કાયમિ મિલકતની વેચાણ અંગેનું નુકસાન	25,000	
	સુચિત ડિવિડન્ડની જોગવાઈ	1,50,000	
	ઘસારા ફંડની જોગવાઈ	2,00,000	
	કરવેરાની જોગવાઈ	1,50,000	
	સામાન્ય અનામતની જોગવાઈ	25,000	
	માંડી વાળેલ શકમંદ લેણું	10,000	
બાદ :	આખર સ્ટોકની ઓછી આંકેલ કિંમત	(50,000)	
	કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો ચોખ્ખો નફો	7,35,000	

	કાર્યશીલ મૂડીમાં ફેરફાર :		
	સ્ટોકની કિંમતમાં વધારો	(1,00,000)	
	દેવાદારોની કિંમતમાં ઘટાડો	1,40,000	
	લેણદારોની કિંમતમાં ઘટાડો	(50,000)	
	લેણીહૂંડીની કિંમતમાં ઘટાડો	1,00,000	
	દેવીહૂંડીની કિંમતમાં વધારો	25,000	
		8,50,000	
બાદ :	કરવેરા ચૂકવ્યા	1,25,000	
	***કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ* (A)**		**7,25,000**
(B)	***રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
	કાયમી મિલકતનું વેચાણ	1,25,000	
	કાયમી મિલકતની ખરીદી	(7,50,000)	
	રોકાણોનું વેચાણ	2,00,000	
	રોકાણની ખરીદી	(2,50,000)	
	***રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ* (B)**		**6,75,000**
(C)	***નાણાંકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
	ઈક્વિટી શેર બહાર પાડ્યા	5,00,000	
	સૂચિત ડિવિડન્ડ ચૂકવ્યુ	(1,00,000)	
	***નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ* (C)**		**4,00,000**
	***રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો* (A+B+C)**		**4,50,000**
	શરૂઆતનો બેંક ઓવરડ્રાફ્ટ		**(2,75,000)**
	રોકડ અને રોકડ સમકક્ષની આખરની બાકી		**1,75,000**

ઉદાહરણ-5 : આન્સી લિમિટેડના તા. 31-03-2017 તથા 31-03-2018ના રોજનાં પાકાં સરવૈયા નીચે પ્રમાણે છે. તેના પરથી રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો :

જવાબદારીઓ	**31-3-2018**	**31-3-2017**	*મિલકતો*	**31-3-2018**	**31-3-2017**
ઈક્વિટી શેરમૂડી	3,00,000	6,00,000	કાયમિ મિલકતો (મૂ.કિં.)	19,00,000	16,00,000
મૂડી અનામત	20,000	-	બાદ : ઘસારો	5,80,000	4,60,000
સામાન્ય અનામત	4,00,000	3,40,000		13,20,000	11,40,000
નફા-નુકસાન ખાતુ	1,50,000	1,20,000	રોકાણો	1,60,000	2,00,000
ડિબેંચર	2,80,000	4,00,000	ચાલુ મિલકતો	6,60,000	5,60,000
ચાલુ જવાબદારી	2,60,000	2,40,000	પ્રાથમિક ખર્ચ	20,000	40,000
કરવેરા જોગવાઈ	1,70,000	1,80,0000			
સૂચિત ડિવિડન્ડ	72,000	60,000			
નહિ ચૂકવેલ ડિવિડન્ડ	8,000	-			
	21,60,000	**19,40,000**		**21,60,000**	**19,40,000**

2017-18 ના વર્ષ દરમિયાન કંપનીએ,

1. એક યંત્ર ₹ 50,000 માં વેચેલ હતું. જેની મૂળ કિંમત ₹ 1,00,000 હતી અને તેના પર ₹ 42,000 ઘસારો કાપવામાં આવેલ હતો.
2. ₹ 1,90,000 કાયમી મિલકતો પર ઘસારો ગણેલ છે.
3. ડિબેંચર ₹ 103 લેખે પરત કરેલ હતાં.
4. થોડા રોકાણો નફાથી વેચેલ હતા. આ નફો મૂડી અનામત ખાતે જમા કરેલ છે.
5. ₹ 28,000 ની કાયમિ મિલકતો માંડી વાળવાની છે. (જેના પર પૂરો ઘસારો કપાયેલો છે.)
6. આવકવેરો ₹ 1,60,000 ચૂકવ્યો હતો.

જવાબ : જરૂરી ગણતરી

કાયમિ મિલકતોનું ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બાકી આગળ લાવ્યા.	16,00,000	બેંક ખાતે	50,000
		નફા-નુકસાન ખાતે	8,000
બેંક ખાતે (ખરીદી)	4,28,000	ઘસારા ફંડ ખાતે (માંડી વાળેલ)	28,000
		ઘસારા ફંડ ખાતે	42,000
		બાકી આગળ લઈ ગયા.	19,00,000
	20,28,000		**20,28,000**

ઘસારા ફંડ ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
કાયમિ મિલકતો ખાતે (માંડી વાળેલ)	28,000	બાકી આગળ લાવ્યા.	4,60,000
		નફા-નુકસાન ખાતે	1,90,000
કાયમિ મિલકતો ખાતે	42,000		
બાકી આગળ લઈ ગયા.	5,80,000		
	6,50,000		**6,50,000**

કરવેરા જોગવાઈ ખાતું

વિગત	*રકમ* (₹)	*વિગત*	*રકમ* (₹)
બેંક ખાતે	1,60,000	બાકી આગળ લાવ્યા.	1,80,000
બાકી આગળ લઈ ગયા.	1,70,000	નફા-નુકસાન ખાતે	1,50,000
	3,30,000		**3,30,000**

આન્સી લિમિટેડનું હિસાબી ધોરણ - 7 મુજબનું રોકડ પ્રવાહ પત્રક

વિગત	*રકમ (₹)*	*રકમ (₹)*
(A) ***ધંધાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
નફા-નુકસાન ખાતા મુજબનો ચોખ્ખો નફો	૩૦,૦૦૦	
ઉમેરો : બિન રોકડ ખર્ચા :		
માંડી વાળેલ પ્રાથમિક ખર્ચ	૨૦,૦૦૦	
કાયમી મિલકતો પર ઘસારો	૧,૯૦,૦૦૦	
યંત્ર વેચાણ ખોટ	૮,૦૦૦	
ડિબેંચર પરત પ્રિમીયમ	૩,૬૦૦	
કરવેરા જોગવાઈ	૧,૫૦,૦૦૦	
સામાન્ય અનામતની જોગવાઈ	૬૦,૦૦૦	
સૂચિત ડિવિડન્ડની જોગવાઈ	૭૨,૦૦૦	
કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો ચોખ્ખો નફો	૫,૩૩,૬૦૦	
કાર્યશીલ મૂડીમાં ફેરફાર :		
ચાલુ મિલકતમાં વધારો	(૧,૦૦,૦૦૦)	
ચાલુ દેવામાં વધારો	૨૦,૦૦૦	
	૪,૫૩,૬૦૦	
બાદ : કરવેરા ચૂકવ્યા	૧,૬૦,૦૦૦	
***કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ* (A)**		*૨,૯૩,૬૦૦*
(B) ***રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
યંત્ર વેચાણ	૫૦,૦૦૦	
રોકાણ વેચાણ	૬૦,૦૦૦	
કાયમી મિલકતોની ખરીદી	(૪,૨૮,૦૦૦)	
***રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ* (B)**		*(૩,૧૮,૦૦૦)*
(C) ***નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ***		
ડિબેંચર પરત કર્યા	(૧,૨૩,૬૦૦)	
બહાર પાડેલ ઈક્વિટી શેર	૨,૦૦,૦૦૦	
ડિવિડન્ડની ચૂકવણી (૬૦૦૦૦ - ૮૦૦૦)	(૫૨,૦૦૦)	
***નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ* (C)**		*૨૪,૪૦૦*
***રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો* (A+B+C)**		-
રોકડની શરૂ બાકી		-
રોકડની આખરની બાકી		-

5.9 સ્વાધ્યાય

સૈદ્ધાંતિક પ્રશ્નો

1. રોકડ પ્રવાહની ઉપયોગીતા અને મર્યાદો જણાવો.
2. રોકડ પ્રવાહનું પત્રક ભંડોળ પ્રવાહ પત્રકથી કઈ રીતે જુદુ પડે છે? રોકડ પ્રવાહ પત્રકની અગત્યતા અને મર્યાદાઓ જણાવો તેમજ રોકડપ્રવાહ પત્રકનો નમૂનો તૈયાર કરો.
3. ટૂંકનોંધ લખો : રોકડ પ્રવાહ પત્રક
4. AS-7 મુજબ રોકડ પ્રવાહના મુખ્ય ઘટકોની ચર્ચા કરો.
5. રોકડ પ્રવાહ પત્રકોએ સંચાલન માટે ઉપયોગી સાધન છે - ચર્ચા કરો.
6. ટૂંકનોંધ લખો : 'રોકડ પ્રવાહ પત્રક અને ફંડ પ્રવાહ પત્રક'
7. 'ભંડોળ પ્રવાહ' અને 'રોકડ પ્રવાહ' વચ્ચેના તફાવત પર ટૂંકનોંધ લખો.
8. રોકડ પ્રવાહ પત્રક ભંડોળ પ્રવાહથી કઈ રીતે જુદુ પડે છે? રોકડ પ્રવાહ પત્રક કેમ તૈયાર કરવામાં આવે છે. તે સમજાવો.

વિકલ્પો :

1. રોકડ પ્રવાહ પત્રક માટે હિસાબી ધોરણ નં. ..... છે.

   (A) IAS-7 (B) IAS-3

   (C) IAS-14 (D) IAS-9

2. રોકડ પ્રવાહ પત્રકમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે?

   (A) માત્ર રોકડ (B) માત્ર બેન્ક

   (C) માત્ર રોકડ અને બેંક (D) રોકડ, બેંક અને રોકડ સમકક્ષ

3. મિલકત વેચાણનો નફો ક્યાં દર્શાવાય છે?

   (A) કાર્યશીલ મૂડીમાં ઉમોરો થશે (B) કાર્યશીલ મૂડીમાંથી બાદ થશે

   (C) બિન રોકડ ખર્ચમાં બાદ થશે (D) બિન રોકડ ખર્ચમાં ઉમેરાશે.

4. વર્ષ 2019 દરમિયાન દેવાદાર 80,000 છે અને વર્ષ 2020 માં દેવાદાર 1,00,000 છે તેની અસર શું થશે ?

   (A) કાર્યશીલ મૂડીમાં દેવાદારની કિંમત થયેલ વધારો ₹ 20,000 ઉમેરાશે.

   (B) કાર્યશીલ મૂડીમાં દેવાદારની કિંમત થયેલ વધારો ₹ 20,000 બાદ થશે.

   (C) નાણાકીય પ્રવૃત્તિમાં દેવાદારોમાં થયેલ વધારો ₹ 20,000 ઉમેરાશે.

   (D) રોકડ પ્રવૃત્તિમાં દેવાદારોની કિંમતમાં થયેલ વધારો ₹ 20,000 ઉમેરાશે.

5. યંત્રની ચોપડે કિંમત ₹ 1,50,000 છે. તે ₹ 70,000 માં વેચવામાં આવ્યું. તેના પર ₹ 50,000 ઘસારો ગણેલ છે. યંત્ર વેચતા કેટલો નફો કે ખોટ થશે?

   (A) નફો ₹ 30,000 (B) ખોટ ₹ 30,000

   (C) નફો ₹ 70,000 (D) ખોટ ₹ 80,000

6. વર્ષ 2018 દરમિયાન કરવેરા ₹ 70,000 હતા અને વર્ષ 2019 દરમિયાન કરવેરા ₹ 1,00,000 છે. તેમજ વર્ષ દરમ્યાન ₹ 50,000 કરવેરાની જોગવાઈ કરેલ છે. તો વર્ષ

દરમિયાન કેટલો કરવેરા ચૂકવેલ હશે?

(A) ₹ 40,000 (B) ₹ 30,000

(C) ₹ 20,000 (D) ₹ 50,000

7. ફર્નિચરની વેચાણ કિંમત ₹ 1,20,000 છે તે ફર્નિચર વર્ષ દરમિયાન 20% વેચાણ કિંમત પર નફો મળે તે રીતે વેચેલ છે તો બિન રોકડ ખર્ચમાં તેની શું અસર થશે?

(A) + 24,000 (B) (24,000)

(C) + 30,000 (D) એકપણ નહિં.

8. વર્ષ દરમિયાન ₹ 1,00,000 ના ડિબેંચર્સ 5% ના વટાવે બહાર પાડ્યા. તેની અસર નીચેનામાંથી શું થશે?

(A) નાણાકીય પ્રવૃત્તિમાં + 95,000

(B) નાણાકીય પ્રવૃત્તિમાં (95,000)

(C) નાણાકીય પ્રવૃત્તિમાં + 1,00,000

(D) રોકાણ પ્રવૃત્તિમાં + 95,000

9. પાઘડી વર્ષ 2020 માં ₹ 2,00,000 અને વર્ષ 2019 માં ₹ 2,50,000 થી દર્શાવેલ છે તો રોકડ પ્રવાહ પત્રકમાં તેની અસર ક્યાં થશે? અને કેટલી રકમથી થશે?

(A) રોકાણ પ્રવૃત્તિમાં પાઘડીમાં વધારો 50,000

(B) બિન રોકડ ખર્ચમાં માંડી વાળેલ પાઘડી 50,000

(C) કાર્યશીલ મૂડીમાં પાઘડીમાં વધારો 50,000

(D) કાર્યશીલ મૂડીમાં પાઘડીમાં ઘટાડો 50,000

10. એક કંપનીમાં પ્લાન્ટ અને યંત્ર જેની મૂળ કિંમત ₹ 5,00,000 હતી અને જેના પર ઘસારાની જોગવાઈ ₹ 1,80,000 કરેલી હતી. તે પ્લાન્ટ અને યંત્રો ₹ 90,000 ના નફા સાથે વેચવામાં આવેલ છે. આ સંજોગોમાં રોકડ પ્રવાહ પત્રકમાં કયો બદલાવ આવશે?

(A) રોકડ પ્રવાહ ₹ 5,90,000 થી ઘટશે

(B) રોકડ પ્રવાહ ₹ 5,90,000 થી વધશે

(C) રોકડ પ્રવાહ ₹ 4,10,000 થી ઘટશે

(D) રોકડ પ્રવાહ ₹ 4,10,000 થી વધશે

વ્યવહારૂ દાખલા

1. અજંતા લિમિટેડના તા. 31-03-2019 અને 31-03-2020ના રોજનાં પાકાં સરવૈયા નીચે પ્રમાણે છે.

જવાબદારીઓ	**31-3-2019**	**31-3-2020**	*મિલકતો*	**31-3-2019**	**31-3-2020**
ઈક્વિટી શેરમૂડી દરેક			પાઘડી	37,500	30,000
₹ 10 નો તેવા પૂર્ણ			જમીન-મકાન	1,42,500	2,25,000
ભરપાઈ	1,50,000	3,00,000	પ્લાન્ટ મશીનરી	1,20,000	1,80,000
₹ 100 નો તેવા 10%ના			રોકાણો	45,000	-
રિડી. પ્રે. શેર,			સ્ટોક	18,750	10,500
શેરદીઠ ₹ 70 ભરપાઈ	52,000	-	દેવાદારો	33,750	23,250
નફા-નુકસાન ખાતું	45,000	60,000	લેણીહૂંડી	18,750	24,000
સામાન્ય અનામત	56,250	37,500	બેંક સિલક	67,500	30,000
જામીનગીરી પ્રિમિયમ	18,750	15,000	ડિબેંચર વટાવ	11,250	3,750
10% ના ડિબેન્ચર	75,000	-			
લેણદારો	30,000	37,500			
દેવીહૂંડી	22,500	11,250			
કરવેરા જોગવાઈ	26,250	33,750			
સૂચિત ડિવિડન્ડ	18,750	31,500			
	4,95,000	**5,26,500**		**4,95,000**	**5,26,500**

વધારાની માહિતી :

1. જમીન-મકાન પર ₹ 22,500 અને પ્લાન્ટ મશીનરી પર ₹ 33,750 ઘસારો માંડી વાળેલ હતો.
2. વર્ષ દરમિયાન ₹ 75,000 ની પડતર કિંમતના પ્લાન્ટ-મશીનરી જેના પર એકત્રિત ઘસારો ₹ 45,000 હતો તે પ્લાન્ટ-મશીનરી ₹ 33,750 માં વેચ્યું હતું.
3. રોકાણો તેની વેચાણ કિંમત પર 20% નફો મળે તે રીતે વેચેલા છે.
4. ડિબેન્ચરો ₹ 105 લેખે પરત કરેલા હતા.
5. કંપનીએ જરૂરી કાયદાની જોગવાઈઓનું પાલન કરી રીડિમેબલ પ્રેફરન્સ શેર 5% ના પ્રિમિયમે પરત કરેલ છે. આ માટે સામાન્ય અનામતમાંથી ₹ 75,000 મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવેલ છે.
6. કંપનીએ મૂડી પરત અનામતમાંથી વર્તમાન શેર ધારકોને 2:1 ના પ્રમાણમાં બોનસ શેર આપેલ છે.
7. ગઈ સાલના કરવેરાની રકમ ₹ 22,500 ચૂકવેલ છે અને ગઈસાલનું સૂચિત ડિવિડન્ડ પણ ચૂકવવામાં આવેલ છે.

   ઉપરોક્ત માહિતી પરથી તા. 31-03-2020 ના વર્ષ માટેનું રોકડ પ્રવાહ પત્રક તથા જરૂરી ખાતા તૈયાર કરો.

જવાબ : કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 1,80,000

રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (1,38,750)

નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (78,750)

રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો : (37,500)

2. હિમાચલ લિમિટેડના તા. 31-03-2019 અને 31-03-2020ના રોજનાં પાકાં સરવૈયા નીચે પ્રમાણે છે.

જવાબદારીઓ	**31-3-2019**	**31-3-2020**	*મિલકતો*	**31-3-2019**	**31-3-2020**
ઈક્વિટી શેરમૂડી દરેક			પાઘડી	75,000	60,000
₹ 10 નો એક તેવા પૂર્ણ			જમીન-મકાન	3,00,000	3,75,000
ભરપાઈ	6,00,000	9,00,000	પ્લાન્ટ-યંત્રો	3,75,000	4,50,000
10% રિડી. પ્રેફરન્સ			ફર્નિચર	1,23,000	1,62,000
શેરમૂડી	3,00,000	1,50,000	રોકાણો	1,80,000	1,50,000
નફા-નુકસાન ખાતું	1,20,000	2,25,000	સ્ટોક	1,35,000	2,40,000
સામાન્ય અનામત	1,05,000	1,80,000	દેવાદારો	1,50,000	2,10,000
10%ના ડિબેન્ચર	1,50,000	2,25,000	લેણીહૂંડી	45,000	90,000
લેણદારો	1,42,500	1,65,000	રોકડ અને બેંક	1,17,000	2,07,000
દેવીહૂંડી	37,500	45,000	અગાઉથી ચૂકવેલ ખર્ચા	52,500	81,000
પ્રોવિડન્ટ ફંડ	75,000	1,05,000			
કરવેરા જોગવાઈ	22,500	30,000			
	15,52,500	**20,25,000**		**15,52,500**	**20,25,000**

વધારાની માહિતી :

1. વર્ષ દરમિયાન ₹ 20,000 આવકવેરો ચૂકવ્યો હતો. તથા વર્ષ દરમ્યાન ₹ 30,000 વચ્ચગાળાનું ડિવિડન્ડ ચૂકવવામાં આવ્યું હતું.
2. મકાન પર ₹ 30,000 અને પ્લાન્ટ-યંત્ર પર ₹ 40,000 ઘસારો ગણેલ છે.
3. વર્ષ દરમિયાન ₹ 50,000 ની પડતર કિંમતનું યંત્ર નફાથી વેચેલ હતું. જેનો નફો મૂડી અનામત ખાતે જમા લિધેલ હતો.
4. વર્ષ દરમિયાન ડિબેન્ચર 10% વટાવથી બહાર પાડ્યા હતા.
5. પાઘડી મૂડી અનામત સામે માંડી વાળવામાં આવેલ છે.
6. ₹ 50,000 ના રોકાણો 10% નફાથી વેચવામાં આવ્યા હતા.
7. કંપની ધારાની જરૂરી જોગવાઈઓનું પાલન કરીને પ્રેફરન્સ શેરહોલ્ડરોને 10% પ્રિમિયમથી પ્રેફરન્સ શેરના નાણા પરત કરવામાં આવ્યા. આ માટે સામાન્ય અનામત ખાતેથી ₹ 1,50,000 મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવેલ છે.
8. કંપનીએ મૂડી પરત અનામતમાંથી વર્તમાન શેરધારકોને 4:1 ના પ્રમાણમાં શેર બોનસ તરીકે આપેલ છે.

9. આગળના વર્ષમાં સ્ટોકની કિંમત મૂળ કિંમત કરતા 10% ઓછી આંકવામાં આવેલ હતી. તે વર્ષ 2018-19 થી મૂળ કિંમતે દર્શાવવાનું નક્કી કરેલ છે. તા. 31-03-2020 ના રોજ સ્ટોક મૂળ કિંમતે જ દર્શાવેલ છે.

એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ 7 મુજબ રોકડ પ્રવાહનું પત્રક બનાવો.

(જવાબ : કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 2,76,500

રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (2,09,000)

નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 22,500

રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો : 90,000)

3. ગંગા લમિટેડના તા. 31-03-2019 અને 31-03-2020ના રોજનાં પાકાં સરવૈયા નીચે પ્રમાણે છે.

જવાબદારીઓ	**31-3-2019**	**31-3-2020**	*મિલકતો*	**31-3-2019**	**31-3-2020**
ઈક્વિટી શેરમૂડી દરેક ₹ 10 નો તેવા પૂર્ણ ભરપાઈ	6,00,000	11,00,000	પાઘડી	12,500	6,250
			જમીન-મકાન	7,25,000	8,50,000
			પ્લાન્ટ-યંત્રો	3,20,000	4,97,500
10%ના રીડિ. પ્રેફરન્સ શેરમૂડી દરેક ₹ 100 પૂર્ણ ભરપાઈ	2,75,000	75,000	રોકાણો	80,000	40,000
			સ્ટોક	1,87,500	22,500
			દેવાદારો	1,50,000	1,62,500
નફા-નુકસાન ખાતું	50,000	62,500	લેણીહૂંડી	6,250	18,750
સામાન્ય અનામત	1,00,000	75,000	રોકડ અને બેંક	18,750	12,500
10%ના ડિબેંચર્સ	2,50,000	3,00,000	પ્રાથમિક ખર્ચા	25,000	12,500
લેણદારો	1,31,250	80,000			
દેવીહૂંડી	37,500	50,000			
ચૂકવવાના બાકી ખર્ચ	18,750	25,000			
કરવેરા જોગવાઈ	37,500	45,000			
સૂચિત ડિવિડન્ડ	25,000	12,500			
	15,52,500	**18,25,000**		**15,52,500**	**18,25,000**

વધારાની માહિતી :

1. 31-03-2019 ના રોજ પૂરા થતા વર્ષ માટે ઈ.શેર પર 10% લેખે અને પ્રેફરન્સ શેરમૂડી પર ડિવિડન્ડ ચૂકવ્યું.
2. કંપનીએ ઈક્વિટી શેર હોલ્ડર્સને 2:1 પ્રમાણમાં હક્કના નવા ઈક્વિટી શેર દાર્શનિક કિંમતે આપેલ છે.
3. તા. 31-03-2020 ના રોજ કંપની ધારાની જોગવાઈઓનું પાલન કરીને રિડીમેબલ પ્રેફરન્સ શેરના નાણા 10% પરત કરવામાં આવ્યા. આ માટે કંપનીએ નવા 10,000 ઈ.શેર 10% પ્રીમિયમે બહાર પાડ્યા અને બાકીની રકમ સામાન્ય અનામત ખાતેથી મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવી.

4. રોકાણો તેની વેચાણ કિંમત પર 20% નફો મળે તે રીતે વેચેલ છે.

5. કંપનીએ મૂડી પરત અનામતમાંથી વર્તમાન શેર ધારકોને 10:1 ના પ્રમાણમાં શેર બોનસ તરીકે આપ્યા.

6. જમીન-મકાન પર ₹ 72,500 અને પ્લાન્ટ મશીનરી પર ₹ 32,000 ઘસારો માંડી વાળેલ છે.

7. ગઈ સાલની કરવેરાની રકમ ₹ 30,000 ચૂકવવામાં આવેલ અને ગઈ સાલનું સૂચિત ડિવિડન્ડ પરત ચૂકવવામાં આવેલ છે.

8. ડિબેંચર્સ 10% વટાવે બહાર પાડેલ છે.

ઉપરની માહિતી પરથી હિસાબી ધોરણ -7 મુજબનું રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબ : કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 2,28,250

રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (3,57,000)

નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 1,22,500

રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો : (6,250)

બોનસ શેરની સંખ્યા : 10,000, હક્કના શેરની સંખ્યા : 30,000

4. નીચે આપેલા પાકાં સરવૈયા પરથી રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબદારીઓ	**2007**	**2006**	*મિલકતો*	**2007**	**2006**
દરેક ₹ 10નો તેવા			કાયમી મિલકતો	22,00,000	10,00,000
ઈક્વિટી શેર	9,50,000	2,00,000	રોકાણો	-	2,00,000
રિડી. પ્રેફ. શેર દરેક			સ્ટોક	4,00,000	5,40,000
₹ 10 નો જેના પર			દેવાદાર	6,00,000	4,60,000
શેર દીઠ ₹ 8 ભરપાઈ	-	2,00,000	બેંક સિલક	20,00,000	-
મૂડી અનામત	-	2,00,000	નફા-નુકસાન ખાતું	40,000	4,00,000
સામાન્ય અનામત	6,00,000	6,00,000	ડિબેંચર વટાવ	10,000	-
મૂડી પરત અનામત	1,00,000	-			
15% ના ડિબેંચર	6,00,000	2,00,000			
લેણદારો	8,00,000	2,00,000			
દેવીહૂંડી	6,00,000	2,00,000			
કરવેરા જોગવાઈ	10,00,000	4,00,000			
ઘસારા જોગવાઈ	6,00,000	2,00,000			
બેંક ઓવરડ્રાફ્ટ	-	2,00,000			
	52,50,000	**26,00,000**		**52,50,000**	**26,00,000**

વધારાની માહિતી :

1. આગળના વર્ષમાં સ્ટોકની મૂળ કિંમત કરતા 10% ઓછી આંકવામાં આવેલ હતી. તે 2007થી મૂળ કિંમતે દર્શાવવાનું નક્કી કરેલ છે. વર્ષ 2007 ના રોજ સ્ટોક મૂળ કિંમતે દર્શાવેલ છે.

2. ચાલુ વર્ષની શરૂઆતમાં કંપનીએ કાયદાની જરૂરી જોગવાઈઓનું પાલન કરીને રિડી. પ્રેફ. શેર 8% પ્રિમીયમથી પરત કરેલ છે. આ માટે સામાન્ય અનામતમાંથી જરૂરી રકમ મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવી છે.

3. વર્ષની શરૂઆતમાં કંપનીએ બધી કાયમી મિલકતો ₹ 12,00,000 મા વેચી દીધી હતી અને નફો મૂડી પરત અનામત ખાતે જમા કર્યો હતો.

4. મૂડી અનામતમાંથી કંપનીએ ઈક્વિટી શેરહોલ્ડરોને પૂરા ભરપાઈ થયેલા બોનસ શેર આપ્યા હતા.

5. વર્ષ દરમિયાન કંપનીએ રોકાણો ₹ 2,50,000 માં વેચી દીધા હતા.

6. 2007 ના વર્ષ દરમિયાન કંપનીએ ₹ 1,00,000 વચગાળાના ડિવિડન્ડના અને ₹ 2,00,000 કરવેરાના ચૂકવ્યા હતા.

ઉપરની માહિતીને આધારે હિસાબી ધોરણ -7 મુજબનું રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબ : કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલા ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ : 18,70,000

કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 27,30,000

રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (7,50,000)

નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 2,20,000

રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો : 22,00,000

5. રાઈઝીંટ સ્ટાર લિમિટેડનાં તા. 31-03-2003 અને 31-03-2004 ના રોજનાં પાકા સરવૈયાં નીચે મુજબ છે. તે પરથી તા. 31-03-2004 ના રોજ પૂરા થતા વર્ષ માટે રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો.

વિગત	**31-03-2004**	**31-03-2003**
જવાબદારીઓ :		
ઈક્વિટી શેરમૂડી	60,000	50,000
10% રીડિમેબલ પ્રેફરન્સ શેરમૂડી	-	20,000
મૂડી પરત અનામત	10,000	-
મૂડી અનામત	10,000	-
સામાન્ય અનામત	10,000	25,000
નફા-નુકસાન ખાતુ	7,000	5,000
9% ના ડિબેન્ચર	20,000	-
પરચૂરણ લેણદારો	9,500	8,000
દેવીહૂંડી	2,000	3,000
ચૂકવવાના બાકી ખર્ચા	3,000	2,000
કરવેરા જોગવાઈ	9,500	6,000
સૂચિત ડિવિડન્ડ	9,000	6,000
	1,50,000	**1,25,000**

મિલકતો :		
જમીન અને મકાન	15,000	20,000
સાંચા અને યંત્રો	76,500	50,000
રોકાણો	5,000	8,000
ઈન્વેંટરી (સ્ટોક)	9,500	9,000
લેણીહૂંડી	6,500	7,000
પરચૂરણ દેવાદારો	17,500	13,000
રોકડ અને બેંક	6,500	9,000
પ્રાથમિક ખર્ચા	1,000	2,500
સ્વૈચ્છિક નિવૃત્તિ અંગેની ચૂકવણી	12,500	6,500
	1,50,000	**1,25,000**

વધારાની માહિતી :

1. જમીનનો એક ટૂકડો જેની કિંમત ₹ 12,000 હતી તે ₹ 15,000 માં વેચેલ છે. અને બાકીની જમીનનું પુનઃમૂલ્યાંકન કરેલ છે. જમીન વેચાણનો નફો અને પુનઃમૂલ્યાંકનનો નફો મૂડી અનામત ખાતે લઈ ગયા છે.
2. 01-04-2003 ના રોજ ₹ 7,000 ની પડતર કિંમતનું યંત્ર કે જેની ઘટતી જતી બાકી ₹ 5,000 તે ₹ 9,000 માં વેચેલ છે. અને ₹ 45,000 ના નવા યંત્રો ખરીદ્યા હતા તેના અવેજ પેટે ₹ 10,000 ના ડિબેન્ચર આપેલ છે.
3. ₹ 5,000 ની કિંમતના રોકાણો ₹ 7,000 માં વેચેલ છે.
4. રોકાણોની ખરીદી પહેલાનું ડિવિડન્ડ ₹ 500 મળેલ છે. જે રોકાણોની પડતર સામે માંડી વાળેલ છે.
5. ડિરેક્ટરોએ ચાલુ વર્ષ 15% ડિવિડન્ડની ભલામણ કરેલ છે.
6. સ્વૈચ્છિક નિવૃત્તિ અંગેની ₹ 5000 ની ચૂકવણી સામાન્ય અનામત ખાતે માંડી વાળેલ છે.
7. ચાલુ વર્ષ માટેની કરવેરાની જોગવાઈ ₹ 13,500 અંદાજેલ છે.
8. સાંચા અને યંત્રો પર 15% લેખે ઘસારો માંડી વાળેલ છે. જ્યારે જમીન અને મકાન પર ઘસારો ગણેલ નથી.

જવાબ : કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો ઉદ્‌ભવતો રોકડ પ્રવાહ : 33,500

કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 20,500

રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (6,500)

નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (16,500)

રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો : (2,500)

સ્વૈચ્છિક નિવૃત્તિની ચૂકવણી ₹ 11,000 નાણાંકીય પ્રવૃત્તિમાં દર્શાવવી અને ₹ 5,000 સામાન્ય અનામત ખાતે ઉધાર કરવા. યંત્રની ખરીદી= ₹ 35,000, યંત્રનું વેચાણ = ₹ 9,000

6. મનન લિમિટેડના પાકા સરવૈયાં નીચે મુજબ છે.

જવાબદારીઓ	**2013**	**2012**	*મિલકતો*	**2013**	**2012**
દરેક ₹ 10નો જેના પર			મકાન	2,40,000	1,72,500
₹ 8 ભરપાઈ થયેલ તેવા			જમીન	1,00,000	2,00,000
10%ના પ્રેફરન્સ શેર	-	4,00,000	પ્લાન્ટ	8,50,000	7,50,000
ઈક્વિટી શેરમૂડી દરેક			સ્ટોક	1,17,000	1,22,400
₹ 10નો પૂર્ણ ભરપાઈ	7,50,000	6,00,000	દેવાદારો	4,23,000	5,27,600
જામીનગીરી પ્રીમિયમ	-	5,000	રોકડ સિલક	1,00,000	77,500
મૂડી અનામત	25,000	-	અગાઉથી ચૂકવેલ		
મૂડી પરત અનામત	3,50,000	-	ખર્ચ	15,000	12,500
સામાન્ય અનામત	2,00,000	4,50,000	લેણીહૂંડી	30,000	17,500
નફા-નુકસાન ખાતું	2,50,000	2,00,000	પરચૂરણ ખર્ચ	1,25,000	1,20,000
પ્રોવિડન્ટ ફંડ	50,000	50,000			
લેણદારો	75,000	1,00,000			
દેવીહૂંડી	3,00,000	1,95,000			
	20,00,000	**20,00,000**		**20,00,000**	**20,00,000**

વધારાની માહિતી :

1. આગળના વર્ષમાં સ્ટોકની કિંમત, મૂળકિંમત કરતાં 10% ઓછી આંકવામાં આવેલ હતી. તે 2013 થી મૂળકિંમતે દર્શાવવાનું નક્કી કરેલ છે. તા. 31-12-2013 ના રોજ સ્ટોક તેની મૂળકિંમતે દર્શાવેલ છે.
2. ચાલુ વર્ષની શરૂઆતમાં કંપનીએ કાયદાની જરૂરી જોગવાઈઓનું પાલન કરીને પ્રેફરન્સ શેર 5% પ્રિમિયમથી પરત કરેલ છે. આ માટે સામાન્ય અનામતમાંથી જરૂરી રકમ મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવી છે.
3. ઈક્વિટી શેરમૂડી પર 25% લેખે ડિવિડન્ડ જાહેર કરેલ છે અને ચૂકવેલ છે.
4. વર્ષ દરમિયાન કંપનીએ પ્લાન્ટ પર ₹ 75,000 ઘસારાની જોગવાઈ કરેલ છે. તેમજ ₹ 25,000 ની ચોપડે દર્શાવેલ કિંમતનો પ્લાન્ટ ₹ 5,000 ની ખોટથી વેચેલ છે.
5. જમીનનો એક ટૂકડો વેચેલ છે. જેનો નફો મૂડી અનામત ખાતે જમા કરેલ છે.
6. વર્ષ દરમિયાન પરચૂરણ ખર્ચા ₹ 25,000 ચૂકવેલ છે.

ઉપરોક્ત વિગતોના આધારે તમામ ગણતરીઓ સહિત રોકડપ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબ : કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો રોકડ પ્રવાહ : 4,21,400

કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 6,20,000

રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (1,47,500)

નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (4,50,000)

રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો : 22,500

7. તા. 31-03-2019 અને તા. 31-03-2020 ના રોજના સોનલ લિમિટેડના પાકા - સરવૈયાં નીચે મુજબ છે.

જવાબદારીઓ	**31-03-2019**	**31-03-2020**	*મિલકતો*	**31-03-2019**	**31-03-2020**
ઈક્વિટી શેરમૂડી			પાઘડી	50,000	30,000
દરેક ₹ 10નો	3,20,000	4,00,000	જમીન-મકાન	3,00,000	3,20,000
10% રિડી. પ્રેફ. શેર			પ્લાન્ટ-યંત્રો	4,00,000	4,25,000
₹ 100 નો એક	2,00,000	-	રોકાણો	25,000	30,000
જામીનગીરી પ્રીમિયમ	10,000	-	સ્ટોક	41,000	50,000
મૂડી અનામત	-	5,000	દેવાદારો	75,000	60,000
મૂડી પરત અનામત	-	1,00,000	રોકડ/બેંક સિલક	4,000	2,000
સામાન્ય અનામત	1,60,000	80,000	અગાઉથી ચૂકવેલ ખર્ચા	5,000	3,000
નફા-નુકસાન ખાતું	70,000	75,000			
12%ના ડિબેન્ચર	-	1,00,000			
લેણદારો	80,000	75,000			
દેવીહૂંડી	10,000	20,000			
કરવેરાની જોગવાઈ	20,000	25,000			
સુચિત ડિવિડન્ડ	50,000	40,000			
	9,00,000	**9,20,000**		**9,00,000**	**9,20,000**

વધારાની માહિતી :

1. કંપનીએ રિડી. પ્રેફ. શેર 5% પ્રિમિયમે પરત કર્યા.
2. પ્રેફ. શેર પરત ઉદ્દેશમાં :

   સામાન્ય અનામતમાંથી મૂડી પરત અનામતની રકમની જોગવાઈ કરવામાં આવી અને ₹10 ના એક એવા નવા ઈક્વિટી શેર બહાર પાડીને રકમની જોગવાઈ કરવામાં આવી.
3. ₹ 10,000 ના નુકસાને એક મશીન વેચવામાં આવ્યું. જેની ચોપડે કિંમત ₹ 40,000 છે.
4. ડિબેન્ચર 12% ના વટાવે બહાર પાડવામાં આવ્યા.
5. ₹ 10,000 ની કિંમતના રોકાણો નફાથી વેચવામાં આવ્યાં કે જે મૂડી અનામત ખાતે જમા કરવામાં આવ્યા છે.
6. વર્ષ દરમિયાન ઘસારો માંડી વાળ્યો :

   જમીન-મકાન પર ₹ 30,000

   પ્લાન્ટ-યંત્રો પર ₹ 48,000
7. છેલ્લા વર્ષના કરવેરાના ચૂકવ્યા ₹ 15,000 અને ગયા વર્ષનું સૂચિત ડિવિડન્ડ પણ વર્ષ દરમિયાન ચૂકવામાં આવ્યું.

   ઉપર આવેલ વિગતો પરથી રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબ : કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો ઉદ્ભવતો રોકડ પ્રવાહ : 2,05,000

કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 2,18,000

રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (1,33,000)

નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (87,000)

રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો : (2,000)

8. ગજાનંદ મહાદેવ કંપની લિમિટેડના તા. 31-03-2019 અને તા. 31-03-2020 ના રોજના પાકા - સરવૈયાં નીચે મુજબ છે.

જવાબદારીઓ	**31-03-2020**	**31-03-2019**	*મિલકતો*	**31-03-2020**	**31-03-2019**
ઈક્વિટી શેરમૂડી	2,50,000	1,50,000	પાઘડી	15,000	20,000
10%ની પ્રેફ. શેરમૂડી	50,000	1,00,000	જમીન-મકાન	75,000	1,00,000
નફા-નુકસાન ખાતું	75,000	46,000	પ્લાન્ટ (ઘસારા બાદ)	2,95,000	1,60,000
જામીનગીરી પ્રીમિયમ	-	4,000	દેવાદારો	50,000	45,000
મૂડી અનામત	-	20,000	સ્ટોક	23,500	40,000
12%ના ડિબેન્ચરો	1,00,000	50,000	લેણીહૂંડીઓ	30,000	25,000
લેણદારો	30,000	20,000	રોકડ સિલક	20,000	10,000
દેવીહૂંડીઓ	5,000	10,000	ડિબેન્ચર વટાવ	1,500	-
	5,10,000	**4,00,000**		**5,10,000**	**4,00,000**

વધારાની માહિતી :

1. વર્ષ દરમિયાન 10% ના રિડિમેબલ પ્રેફરન્સ શેર 10% ના પ્રીમિયમે પરત કર્યા હતા.
2. વર્ષ દરમિયાન 12% ના ડિબેન્ચર 5% ના વટાવે બહાર પાડ્યા હતા.
3. વર્ષ દરમિયાન જમીનનો એક ટુકડો જેની કિંમત ₹ 25,000 હતી, તે ₹ 30,000 માં વેચવામાં આવ્યો હતો. નફો મૂડી અનામત ખાતે જમા કરવામાં આવ્યો હતો.
4. વર્ષ દરમિયાન કંપનીએ મૂડી અનામતનો ઉપયોગ ઈક્વિટી શેર હોલ્ડર્સને બોનસ શેર આપવામાં કર્યો છે.
5. પ્લાન્ટ પર એકત્રિત થયેલો ઘસારો :

   તા. 31-03-2019 ₹ 40,000

   તા. 31-03-2020 ₹ 55,000

   વર્ષ દરમિયાન ₹ 5,000 નો પ્લાન્ટ (જેના પર એકત્રિત થયેલો ઘસારો ₹ 2,500 છે) ₹ 4,000 માં વેચ્યો હતો.

   ઉપરની વિગતો પરથી હિસાબી ધોરણ - 7 મુજબ રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબ : કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 63,500

રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (1,21,000)

નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 67,500

રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો : 10,000

9. ધી. આરવ કંપની લિમિટેડના તા. 31 માર્ચના રોજનાં પાકા - સરવૈયાં નીચે મુજબ છે.

જવાબદારીઓ	**31-03-2016**	**31-03-2017**	*મિલકતો*	**31-03-2016**	**31-03-2017**
ઈક્વિટી શેર દરેક ₹ 10નો	5,00,000	7,50,000	પાઘડી	1,50,000	1,40,000
સામાન્ય અનામત	3,00,000	1,00,000	મકાન	3,00,000	5,00,000
નફા-નુકસાન ખાતું	50,000	60,000	યંત્રો	2,00,000	4,75,000
12%ના ડિબેન્ચર્સ	-	2,50,000	રોકાણો	75,000	60,000
દેવીહૂંડીઓ	1,00,000	1,00,000	સ્ટોક	80,000	1,25,000
લેણદારો	1,25,000	1,55,000	દેવાદારો	2,45,000	1,05,000
કરવેરા જોગવાઈ	75,000	85,000	રોકડ-બેન્ક	60,000	65,000
			પ્રાથમિક ખર્ચ	40,000	30,000
	11,50,000	**15,00,000**		**11,50,000**	**15,00,000**

વધારાની માહિતી :

1. તા. 01-04-16 ના રોજ સામાન્ય અનામતને મૂડીકૃત કરીને દરેક બે ઈક્વિટી શેરદીઠ એક ઈક્વિટી શેર બોનસ તરીકે આપવામાં આવેલ છે.
2. વર્ષ દરમિયાન ₹ 70,000 આવકવેરો ચૂકવવામાં આવ્યો હતો તથા વર્ષ દરમ્યાન ₹ 40,000નું વચ્ચગાળાનું ડિવિડન્ડ ચૂકવવામાં આવ્યું હતું.
3. મકાન પર ₹ 30,000 અને યંત્રો પર ₹ 20,000 ઘસારો ગણેલ છે.
4. ₹ 50,000 ની પડતર કિંમતનું યંત્ર નફાથી વેચેલ હતું. જેનો નફો મૂડી અનામત ખાતે જમા લીધેલ હતો.
5. વર્ષ દરમ્યાન 10% વટાવથી ડિબેન્ચર બહાર પાડ્યા હતા.
6. પાઘડી મૂડી અનામત સામે માંડી વાળવામાં આવેલ છે.
7. ₹ 25,000 ના રોકાણો 10% ખોટથી વેચવામાં આવ્યા હતા.

   ઉપરોક્ત માહિતી પરથી તા. 31-03-2017 ના વર્ષ માટેનું રોકડપ્રવાહ પત્રક તથા જરૂરી ખાતાં બનાવો.

જવાબ : કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 3,22,500

રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (5,02,500)

નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 1,85,000

રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો : 5,000

10. આદિત્ય લિમિટેડના તા. 31 મી માર્ચ 2019 અને 2020 ના રોજના સંક્ષિપ્ત પાકા સરવૈયાં નીચે મુજબ છે.

જવાબદારીઓ	**31-03-2019**	**31-03-2020**	*મિલકતો*	**31-03-2019**	**31-03-2020**
ઈ.શેર 15,000			કાયમિ મિલકતો	2,10,000	2,30,000
શેરદીઠ ₹ 8 વસુલ	1,20,000		રોકાણો	40,000	52,000
ઈ.શેર 18,000 શેરદીઠ			સ્ટોક	1,10,000	1,36,000
₹ 10 વસુલ	-	1,80,000	દેવાદારો	90,000	88,000
12%ની પ્રેફ. શેર મૂડી	1,00,000	70,000	રોકડ અને બેંક	14,000	33,000
રિડી. પ્રેફ. શેર પરત			પ્રાથમિક ખર્ચા	2,000	1,000
પ્રીમિયમ	5,000	3,500			
સામાન્ય અનામત	80,000	40,000			
નફા-નુકસાન ખાતું	26,600	45,000			
15%ના ડિબેન્ચર્સ	20,000	60,000			
લેણદારો	80,000	95,000			
સૂચિત ઈક્વિટી ડિવિડન્ડ	14,400	22,500			
કરવેરાની જોગવાઈ	20,000	24,000			
	4,66,000	**5,40,000**		**4,66,000**	**5,40,000**

વધારાની માહિતી :

1. ચાલુ વર્ષમાં કંપનીએ અંશત : વસૂલ ઈક્વિટી શેર હોલ્ડરોને સંપૂર્ણ વસુલ કરવા માટે શેરદીઠ ₹ 2 લેખે બોનસ ચૂકવેલ છે. આ હેતુ માટે સામાન્ય અનામતનો ઉપયોગ કરેલ છે.
2. વર્ષ દરમિયાન ઈક્વિટી શેર હોલ્ડરોને હકના શેર તરીકે નવા ઈક્વિટી શેર 5:1 ના પ્રમાણમાં દાર્શનિક કિંમતે આપવામાં આવેલ છે.
3. વર્ષ દરમિયાન ₹ 12,000 નું એક યંત્ર (તે તારીખ સુધી માંડી વાળેલ ઘસારો ₹ 3,000) ₹ 9,500 માં વેચવામાં આવેલ છે. વર્ષ દરમિયાન કાયમી મિલકતો પર ઘસારાની જોગવાઈ ₹ 15,000 કરી હતી.
4. ગઈ સાલના કરવેરાની રકમ ₹ 24,000 ચૂકવેલ છે. અને પ્રેફરન્સ શેર ડિવિડન્ડ દરેક વર્ષે 31 મી માર્ચના રોજ ચૂકવવામાં આવે છે.
5. તા. 31 મી માર્ચ 2008 ના રોજ રિડીમેબલ પ્રેફરન્સ શેરના નાણાં 5 ટકાના પરત પ્રિમીયમથી પરત કરવામાં આવેલ છે.
6. ગયા વર્ષનું સૂચિત ડિવિડન્ડ ચૂકવવામાં આવેલ છે તે ઉપરાંત વર્ષનું વચગાળાનું ડિવિડન્ડ ₹9,000 ચૂકવવામાં આવ્યું હતું.

ઉપરની માહિતી પરથી હિસાબી ધોરણ - 7 મુજબનું રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબ : કામગીરી પ્રવૃત્તિમાંથી મળતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 62,400

રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (46,500)

નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 3,100

રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો : 19,000

11. અનુ લિમિટેડના વર્ષ 2018 અને વર્ષ 2019 ના પાકા સરવૈયા નીચે મુજબ છે.

જવાબદારીઓ	**31-03-2018**	**31-03-2019**	*મિલકતો*	**31-03-2018**	**31-03-2019**
ઈક્વિટી શેર દરેક			પેટન્ટ	30,000	10,000
₹ 100 નો પૂર્ણ ભરપાઈ	4,50,000	7,50,000	પ્લાન્ટ-યંત્રો	5,25,000	6,75,000
સામાન્ય અનામત	2,25,000	1,50,000	જમીન-મકાન	4,50,000	4,05,000
નફા-નુકસાન ખાતું	2,22,000	2,07,000	પાઘડી	1,20,000	1,10,000
9%ના ડિબેન્ચર	1,50,000	2,10,000	રોકાણો	1,20,000	1,12,500
લેણદારો	1,20,000	90,000	સ્ટોક	60,000	1,20,000
દેવીહૂંડી	1,00,000	1,40,000	રોકડ	-	60,000
નહીં ચુકવેલ ખર્ચ	27,500	10,000	દેવાદારો	1,00,000	1,40,000
કરવેરા જોગવાઈ	90,000	1,20,000	લેણીહૂંડી	35,000	25,000
બેંક ઓવરડ્રાફ્ટ	82,500	-	પ્રાથમિક ખર્ચ	27,000	18,000
			ડિબેન્ચર વટાવ	-	1,500
	14,67,000	**16,77,000**		**14,67,000**	**16,77,000**

વધારાની માહિતી :

1. કંપનીએ ₹ 3,000 ની મૂળકિંમતના રોકાણો વેચાણ કિંમત ઉપર 20% નફાથી વેચેલ છે.
2. તા. 01-04-2018 ના રોજ સામાન્ય અનામતમાંથી દર ત્રણ શેરદીઠ એક શેર બોનસ તરીકે આપવામાં આવેલ હતા.
3. વર્ષ દરમિયાન 5% વટાવથી નવા ડિબેન્ચર બહાર પાડ્યા હતા.
4. વર્ષ દરમિયાન ચુકવેલ કરવેરા અને ડિવિડન્ડ અનુક્રમે ₹ 82,500 અને ₹ 81,000 છે.
5. વર્ષ દરમિયાન ₹ 75,000 ની ચોપડે દર્શાવેલ કિંમતના યંત્રો 20% ખોટથી વેચ્યા હતા.
6. વર્ષ દરમિયાન યંત્ર પર ₹ 52,500 અને જમીન-મકાન પર ₹ 45,000 ઘસારો માંડી વાળેલ.

ઉપરની માહિતી પરથી હિસાબી ધોરણ નં. - 7 મુજબનું રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો. જરૂરી ગણતરી સાથે.

જવાબ : કામગીરી પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 2,19,000

રોકાણની પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : (-2,02,500)

નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્‌ભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ : 1,26,000

રોકડ અને રોકડ સમકક્ષમાં વધારો કે ઘટાડો : 1,42,500

લેખક :	પ્રો. (ડો.) સંજય ભાયાણી	પ્રોફેસર એન્ડ હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
	એમ.એફ.શાહ	નિવૃત પ્રોફેસર શ્રી કે.ઓ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધોરાજી.
	ડૉ. મનીષા ભાવસાર	એસોસિએટ પ્રોફેસર એચ. એલ. ઓફ કોમર્સ, અમદાવાદ.
પરામર્શક (વિષય) :	પ્રો. (ડૉ.) મનોજ શાહ	પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
	ડો. મનોજ દવે	એસોસિએટ પ્રોફેસર પી.ડી માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ.
	પ્રો. ડૉ. શંકરસિંહ સોઢા	પ્રોફેસર ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ
પરામર્શક (ભાષા) :	ધનશ્યામ કે ગઢવી	નિવૃત આચાર્ય, સાર્વજનિક કોલેજ, અમદાવાદ.
	ડૉ. એ. એ. શેખ	એસોસિએટ પ્રોફેસર ગવર્નમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જાદર, જી. સાબરકાંઠા
સંયોજક :	પ્રો. (ડૉ.) મનોજ શાહ	પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
પ્રકાશક :	ડૉ. ભાવિન ત્રિવેદી	કાર્યકારી કુલસચિવ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ – 382481.

આવૃત્તિ : સુધારેલ પુન:આવૃત્તિ (2026)





સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય સેમેસ્ટર એમ.કોમ.

MC02ECN201

બ્લોક-2

સંચાલકીય હિસાબી પદ્ધતિ

એકમ : 6 બજેટ	203 to 212
એકમ : 7 બજેટરી અંકુશ	213 to 242
એકમ : 8 મૂડી બજેટીંગ	243 to 317
એકમ : 9 પ્રમાણ પડતર પદ્ધતિ	318 to 330
એકમ : 10 માલસામાન વિચલન	331 to 351

એકમ : 6 બજેટ

: રૂપરેખા :

6.1 પ્રસ્તાવના

6.2 બજેટ (અંદાજપત્ર) : અર્થ અને વ્યાખ્યા

6.3 બજેટના લક્ષણો

6.4 બજેટના પ્રકાર

6.5 બજેટિંગ

6.6 સ્વાધ્યાય

6.1 પ્રસ્તાવના

બધા ધંધાકીય એકમો ભવિષ્યમાં આવનારા જોખમોનો સામનો કરવા માટે અને મળનારી તકોનો ફાયદો મેળવવા માટે આયોજન કરે છે. મોટા ભાગના એકમોમાં સંચાલકો સંસ્થાકીય લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ટૂંકા ગાળામાં આયોજન અને અંકુશ માટે બજેટિંગનો ઉપયોગ કરે છે. ટૂંકા ગાળા માટે બજેટિંગની પ્રક્રિયા વધારે ઔપચારિક હોય છે. વાર્ષિક બજેટ તૈયાર કરવા માટે અને ખરેખર કામગીરી બજેટ મુજબ થાય તેની દેખરેખ માટે વધારે પ્રયત્નો કરવામાં આવે છે. મોટા ભાગના એકમો એક વર્ષથી વધારે સમય માટે ઔપચારિક આયોજનનથી કરતાં, પરંતુ લાંબા ગાળાની યોજનાઓ બહુ સ્પષ્ટન હોવા છતાં તેમના સંદર્ભમાં જ વાર્ષિક બજેટ તૈયાર કરવામાં આવે છે.

6.2 બજેટ (અંદાજપત્ર) : અર્થ અને વ્યાખ્યા

બજેટ એટલે કોઈ સંસ્થાની ભવિષ્યની પ્રવૃત્તિઓની એક યોજના. મોટા ભાગે તેનાણાકીય સ્વરૂપે વ્યક્ત કરવામાં આવે છે, પરંતુ તેમાં બિનનાણાકીય બાબતોનો સમાવેશ

પણ કરવામાં આવે છે. બજેટ કોઈ ચોક્કસ મુદત પહેલાં તૈયાર અને મંજૂર કરવામાં આવે છે. બજેટ મુદત દરમિયાન કોઈ ચોક્કસ ધ્યેય પ્રાપ્ત કરવા માટે ઘડાયેલ સંચાલકીયનીતિ પર તે આધારિત હોય છે.

ઈંગ્લેન્ડની ચાર્ટર્ડ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેંટ એકાઉન્ટન્ટસે (CIMA) આપેલ ટર્મિનોલોજી મુજબ બજેટ એ અમુક ચોક્કસ મુદત માટે તૈયાર કરેલ એક જથ્થો દર્શાવતું પત્રક છે, જેમાં આવકો, ખર્ચા, મિલ્કતો, દેવાં અને રોકડ પ્રવાહની યોજનાઓનો સમાવેશ થાય. બજેટ ધંધાકીય એકમને ધ્યેય પ્રદાન કરે છે, પ્રવૃત્તિઓનું સંકલન કરવામાં અને અંકુશ માટે મદદ કરે છે. અગાઉના બજેટ અથવા ખરેખર આંકડાઓમાં ફેરફારો કરીને અથવા શૂન્ય આધારિત બજેટિંગ મુજબ બજેટ તૈયાર કરવામાં આવે છે. સ્થિર માસ્ટર બજેટ દ્વારા આયોજન કરવામાં આવે છે, જ્યારે અંકુશ માટે ખરેખર પડતરની પરિવર્તનશીલ બજેટ સાથે સરખામણી કરવામાં આવે છે.

6.3 બજેટના લક્ષણો

બજેટના લક્ષણોનીચે મુજબ છે.

1. **આયોજનનું સાધનઃ** તે આયોજન માટેનું એક સાધન છે. તે ધંધાકીય એકમની વિસ્તૃત કે સર્વગ્રાહી યોજના છે, જે ધંધાની તમામ પ્રવૃત્તિઓને આવરી લે છે. વિવિધ વિભાગોના વડાઓ દ્વારા વિવિધ બજેટ તૈયાર કરવામાં આવે છે, જે પછી તે વચ્ચેના કોઈપણ તકરારને દૂર કરી તેમનું સંકલન કરી એક સર્વગ્રાહી બજેટ તૈયાર કરવામાં આવે છે, જેથી ધંધાકીય એકમના લક્ષ્યોને પ્રાપ્ત કરી શકાય.

2. **નાણાકીય સ્વરૂપઃ** તે માત્રાત્મક અને/અથવાનાણાકીય દ્રષ્ટિએ તૈયાર કરવામાં આવે છે. પહેલા લક્ષ્યો અને અંદાજોને બજેટમાં માત્રાત્મક સ્વરૂપે મૂકવામાં આવે છે. ત્યારબાદ, આ અંદાજોનેનાણાકીય સ્વરૂપમાં રૂપાંતરિત કરવામાં આવે છે, જેથી સામાન્ય એકમમાં સંકલન કરી તેમને એકત્રિત કરવાનું શક્ય બને.

3. **નિશ્ચિત મુદતઃ** તે ભવિષ્યના ચોક્કસ સમયગાળા માટે તૈયાર કરવામાં આવે છે. બજેટના લક્ષ્યોને ચોક્કસ સમયગાળા સાથે જોડવામાં આવે છે.બજેટ ટૂંકા ગાળાના અથવા લાંબા ગાળાના હોઈ શકે. સામાન્ય રીતે, એકમના લાંબા ગાળાના લક્ષ્યોને ધ્યાનમાં રાખીને વાર્ષિક બજેટ તૈયાર કરવામાં આવે છે.

4. **કામગીરી અને સંસાધનોની યોજનાઃ** તે કામગીરીની સાથે સાથે સંસ્થાના સંસાધનોની યોજના છે. વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે વેચાણ, ઉત્પાદન, વગેરે માટે લક્ષ્યો નિર્ધારિત કરવામાં આવે છે. આવક અને ખર્ચ માટેના અંદાજ સ્પષ્ટ રીતે જણાવવામાં આવે છે. જરૂરી સંસાધનો અગાઉથી ધારવામાં આવે છે અને યોગ્ય સમયે સંસાધનો મેળવવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

5. **લક્ષ્યની પ્રાપ્તિ:** તેનો ઉદ્દેશ સંચાલકીયનીતિના આધારે નિર્દિષ્ટ લક્ષ્ય પ્રાપ્ત કરવાનો છે. વિવિધ વિભાગોના વડા તેમના વિભાગીય લક્ષ્ય અને તે દ્વારા સંસ્થાકીય લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સુસંગત રીતે કાર્ય કરવા સંમત થાય છે.

6. **સતત પ્રક્રિયા:** તે એક સતત પ્રવૃત્તિ છે. બજેટનું ઘડતર અને તેમનો અમલ એક સાથે ચાલે છે. વાસ્તવિક કામગીરીની તુલના બજેટ સાથે કરવામાં આવે છે, અને જો તેમાં કોઈ વિસંગતતા હોય તો સુધારાત્મક પગલાં લેવામાં આવે છે.

7. **નિયંત્રણનું સાધન:** તે નિયંત્રણનું એક સાધન છે. ધંધાકીય એકમની વાસ્તવિક કામગીરી પર નિયંત્રણનો ઉપયોગ કરીને બજેટ સાથે તેની સુસંગતતાની ખાતરી કરવામાં આવે છે. વિચલનો માટે જવાબદારીઓ નિશ્ચિત કરી શકાય છે.

6.4 બજેટના પ્રકાર

બજેટનું વર્ગીકરણનીચે આપેલ અલગ અલગ આધારે કરી શકાય.

- સમયના આધારે વર્ગીકરણ
- પરિવર્તનશીલતાના આધારે વર્ગીકરણ
- કાર્યના આધારે વર્ગીકરણ

(અ) સમયના આધારે વર્ગીકરણ

સમયના પરિબળના આધારે બજેટનુંનીચે મુજબ વર્ગીકરણ કરી શકાય છે.

1. **લાંબા ગાળાના બજેટ :** પાંચ વર્ષ કે તેથી વધુ સમય જેવા લાંબા ગાળા માટે તૈયાર કરાયેલા બજેટને લાંબા ગાળાનું બજેટ કહેવામાં આવે છે. આવા બજેટનો ઉપયોગ આયોજન માટે થાય છે. તે વેચાણ અને ઉત્પાદન જેવી પ્રવૃત્તિઓ માટે ભૌતિક માત્રામાં હોઈ શકે છે. સામાન્ય રીતે, મૂડી ખર્ચ બજેટ અને સંશોધન અને વિકાસ બજેટ લાંબા ગાળા માટે તૈયાર કરવામાં આવે છે. ઉદ્યોગો કે જેમને વિશાળ મૂડી રોકાણની જરૂર હોય અથવા લાંબા ઉત્પાદન ચક્ર હોય, જેમ કે શિપિંગ ઉદ્યોગ, તે લાંબા ગાળાના બજેટ તૈયાર કરે છે.

2. **ટૂંકા ગાળાના બજેટ :** એક વર્ષથી વધુન હોય તેવા સમય માટે તૈયાર કરવામાં આવેલ બજેટને ટૂંકા ગાળાનું બજેટ કહેવામાં આવે છે. તેને ચોક્કસ કામગીરી માટે અર્ધવાર્ષિક, ત્રિમાસિક અથવા માસિક બજેટમાં પણ વહેંચી શકાય. આવા બજેટ લાંબા ગાળાની યોજનાઓના અમલીકરણ માટે વપરાય છે, અનેનાણાકીય સ્વરૂપે હોઈ શકે. સામાન્ય રીતે, વેચાણ બજેટ અને આવક અને ખર્ચ બજેટ જેવા કાર્યાત્મક બજેટ વાર્ષિક સમયગાળા માટે તૈયાર કરવામાં આવે છે. મોટાભાગના

ઉદ્યોગો વાર્ષિક બજેટ તૈયાર કરે છે, પરંતુ મોસમી વ્યવસાયો ધરાવતી સંસ્થાઓ છ મહિના જેવા ટૂંકા ગાળા માટે બજેટ તૈયાર કરે છે.

3. **વર્તમાન બજેટ :** એક મહિના જેવા ખૂબ જ ટૂંકા ગાળા માટે તૈયાર કરાયેલું બજેટ વર્તમાન બજેટ કહેવામાં આવે છે. આવા બજેટ હાલની પરિસ્થિતિઓ અથવા પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે.

(બ) પરિવર્તનશીલતાના આધારે વર્ગીકરણ

પરિવર્તનશીલતાના આધારે બજેટનુંનીચે મુજબ વર્ગીકરણ કરી શકાય છે.

1. **સ્થિર બજેટ :** ખરેખર પ્રવૃત્તિના સ્તરને ધ્યાનમાં લીધા વિના યથાવત રહેવા માટે રચાયેલ બજેટને સ્થિર બજેટ કહેવાય છે. કામગીરીના ચોક્કસ નિશ્ચિત સ્તરે સ્થિર બજેટ તૈયાર કરવામાં આવે છે.

2. **પરિવર્તનશીલ બજેટ :** સ્થિર, અર્ધ-ચલિત અને ચલિત ખર્ચ વચ્ચેના તફાવતને ધ્યાનમાં લઈ ખરેખર પ્રવૃત્તિના સ્તર મુજબ ફેરફાર કરવા માટે રચાયેલ બજેટને પરિવર્તનશીલ બજેટ કહેવાય છે. કામગીરીના વિવિધ સંભવિત સ્તરો માટે પરિવર્તનશીલ બજેટ તૈયાર કરવામાં આવે છે.

(ક) કાર્યના આધારે વર્ગીકરણ

વ્યવસાયની વિવિધ કાર્યાત્મક પ્રવૃત્તિઓથી સંબંધિત બજેટને કાર્યાત્મક બજેટ કહેવામાં આવે છે. સામાન્ય રીતે ઉત્પાદન કરતા ધંધાકીય એકમોનીચે મુજબ કાર્યાત્મક બજેટ તૈયાર કરે છે.

1. **વેચાણ બજેટ :** સામાન્ય રીતે વેચાણ એ મુખ્ય બજેટ પરિબળ હોવાથી વેચાણ બજેટ એ ઘણીવાર પ્રારંભિક બજેટ હોય છે. વેચાણ બજેટ એ વેચાણ જથ્થો અને મૂલ્યનું આયોજન દર્શાવતું એક પત્રક છે. તે જણાવે છે કે બજેટ મુદત દરમિયાન કંપની શું વેચી શકે છે. ઉત્પાદન કરતા એકમોમાં વેચાણ બજેટની પ્રક્રિયા વેચાણની આગાહીથી શરૂ થાય છે, જેને ઉત્પાદનો, પ્રદેશો, ગ્રાહકો, વેચાણ કર્મચારીઓ, વગેરે અનુસાર વર્ગીકૃત કરી શકાય છે. વેચાણની આગાહી કરવી એક મુશ્કેલ કાર્ય છે કારણ કે ગ્રાહકની માંગ, સ્પર્ધા, માર્કેટિંગ પ્રયત્નો, સરકારી નિયમો, વગેરે માટે અનુમાન કરવા પડે છે. વેચાણ બજેટની તૈયારી અને અમલ માટેની સીધી જવાબદારી માર્કેટિંગ મેનેજરની હોય છે. વેચાણ બજેટ મુજબ વેચાણની આગાહીને કારણે ઉત્પાદનની માત્રા, પ્લાન્ટની ક્ષમતાના ઉપયોગ, કાચા માલની ખરીદી, મજૂરની આવશ્યકતા, વગેરેનક્કી કરવામાં મદદ મળે છે.

2. **ઉત્પાદન બજેટ :** ઉત્પાદન કાર્યનો ઉદ્દેશ જરૂરી સમયે જરૂરી જથ્થામાં જરૂરી માલનું ઓછામાં ઓછી પડતરે ઉત્પાદન કરવાનો છે. ઉત્પાદન બજેટ એ બજેટ

મુદત દરમિયાન કેટલા માલનું ઉત્પાદન કરવું તેનો અંદાજ દર્શાવે છે. તેમાં તૈયાર માલના સ્ટોક સહિત ઉત્પાદનની વિગતવાર સૂચિનો સમાવેશ પણથી શકે. વેચાણ અને તૈયાર માલના સ્ટોકના અપેક્ષિત સ્તરના અંદાજ મુજબનીચેના સૂત્રનો ઉપયોગ કરીને ઉત્પાદનનો અંદાજ લગાવી શકાય છે.

ઉત્પાદન = વેચાણ + આખર સ્ટોક – શરૂઆતનો સ્ટોક

વેચાણ, સ્ટોક અને ઉત્પાદન વચ્ચે શ્રેષ્ઠ સંતુલન જાળવીને ઉત્પાદન બજેટ તૈયાર કરવું જોઈએ. નિર્ધારિત ઉત્પાદન સ્તર માલ, મજૂર અને શિરોપરી ખર્ચના બજેટ તૈયાર કરવામાં મદદ કરે છે.

3. **પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા બજેટ :** આ બજેટ,નીચેના સૂત્રનો ઉપયોગ કરીને, બજેટ ઉત્પાદન માટે જરૂરી પ્રત્યક્ષ કાચા માલની દરેક વસ્તુ માટે બજેટ જથ્થો સ્પષ્ટ કરે છે.

માલસામાનની આવશ્યકતા = ઉત્પાદન એકમો × એકમ દીઠ કાચા માલના એકમો

કાચા માલની દરેક વસ્તુ માટેના ગુણવત્તાના ધોરણો અને ઉત્પાદન દરમિયાન સામાન્યનુકસાન ધ્યાનમાં લઈ ઉત્પાદન માટે જરૂરી પ્રત્યક્ષ માલનો જથ્થોનક્કી કરવામાં આવે છે.

4. **પ્રત્યક્ષ માલસામાન ખરીદી બજેટ :** બજેટ ઉત્પાદનની જરૂરિયાતોને પહોંચી વળવા બજેટ મુદત દરમિયાન પ્રત્યક્ષ કાચા માલની દરેક વસ્તુનો કેટલો જથ્થો ખરીદવો પડે અને કાચા માલની અંદાજિત ખરીદ કિંમત કેટલી થશે તે આ બજેટ દર્શાવે છે.

માલસામાન ખરીદી (એકમો) = વપરાશ + આખર સ્ટોક – શરૂઆતનો સ્ટોક

માલસામાન ખરીદી (કિંમત) = ખરીદી એકમો × એકમ દીઠ ભાવ

પૂરતા પ્રમાણમાં ખરીદી માટે અગાઉથી આયોજન કરવા માટે આ બજેટ મદદ કરે છે જેથી કાચો માલ સમયસર ઉપલબ્ધથી શકે. ખરીદી માટે જરૂરીનાણાંનું આયોજન કરવા માટે પણ આ બજેટ મદદરૂપ થાય છે.

5. **પ્રત્યક્ષ મજૂરી ખર્ચ બજેટ :** ઉત્પાદન બજેટ મુજબ વિવિધ પેદાશોના ઉત્પાદન માટે પ્રત્યક્ષ મજૂરોની આવશ્યકતાને આ બજેટ દર્શાવે છે. આ બજેટ પ્રત્યક્ષ મજૂર કલાકો અને પ્રત્યક્ષ મજૂરી ખર્ચ બંને જણાવે છે. યોગ્ય કુશળતાવાળા જરૂરી સંખ્યામાં કામદારો યોગ્ય સમયે ઉપલબ્ધ રહે તે આ બજેટ સુનિશ્ચિત કરે છે.

6. **કારખાના પરોક્ષ ખર્ચ બજેટ :** આ બજેટ તમામ ઉત્પાદન શિરોપરી ખર્ચ જેવા કે પરોક્ષ માલ, પરોક્ષ મજૂરી અને પાવર, બળતણ, ઘસારો, વગેરે જેવા પરોક્ષ ખર્ચનો અંદાજ બતાવે છે. કારખાના પરોક્ષ ખર્ચની વસૂલાત માટે પૂર્વ નિર્ધારિત દરની ગણતરી કરવામાં તે મદદરૂપ થાય છે. ઉત્પાદન પરોક્ષ ખર્ચને સ્થિર, અર્ધ-ચલિત અને ચલિત ખર્ચમાં વિભાજિત કરી શકાય છે, જેના કારણે સુનિશ્ચિત ઉત્પાદન સ્તર માટેના શિરોપરી ખર્ચનો અંદાજ મૂકી શકાય છે.

7. **સાંચા ઉપયોગ (પ્લાન્ટ યુટિલાઈઝેશન) બજેટ :** બજેટ મુદત દરમિયાન બજેટ મુજબ ઉત્પાદન કરવા માટે સાંચા અને યંત્રોનો કેટલો ઉપયોગ કરવો પડશે તે આ બજેટ દર્શાવે છે. દરેક વિભાગના મશીન લોડની ગણતરી કરવામાં આવે છે. જો ક્ષમતા કરતાં સાંચાનો ઉપયોગ વધારે કરવો પડે એમ હોય તો વધારાની શિફ્ટ, ઓવર ટાઈમ, પેટા કરાર,નવા યંત્રોની ખરીદી, વગેરે વિશે વિચાર કરવો પડે. જો ક્ષમતા કરતાં સાંચાનો ઉપયોગ ઓછો કરવો પડે એમ હોય તો વેચાણનું પ્રમાણ વધારવાનો વિચાર કરવો પડે.

8. **ઉત્પાદન ખર્ચ બજેટ :** આ બજેટ પ્રત્યક્ષ માલસામાન ખરીદી બજેટ, પ્રત્યક્ષ મજૂરી ખર્ચ બજેટ અને કારખાના પરોક્ષ ખર્ચ બજેટના સારાંશ તરીકે બજેટ મુદત માટે ઉત્પાદન ખર્ચનો અંદાજ મૂકે છે.

9. **આખર સ્ટોક બજેટ :** કાચા માલ, ચાલુ કામ અને તૈયાર માલના આખર સ્ટોક સંદર્ભમાં આ બજેટ તૈયાર કરવામાં આવે છે. તે જથ્થો તેમજ પડતર બતાવે છે. આ માહિતીનો ઉપયોગ અન્ય બજેટ અને અંદાજીનાણાકીય પત્રકો તૈયાર કરવા માટે થાય છે.

10. **વેચાયેલ માલની પડતરનું બજેટ :** વેચાણપાત્ર માલની બજેટ મુજબની પડતર દર્શાવવા માટે આ બજેટ તૈયાર કરવામાં આવે છે. તેમાં પ્રત્યક્ષ માલની પડતર, પ્રત્યક્ષ મજૂરીની પડતર અને ઉત્પાદન પરોક્ષ ખર્ચનો સમાવેશ થાય છે, અને તૈયાર માલના શરૂઆતના અને આખર સ્ટોક માટે હવાલા આપવામાં આવે છે.

11. **વહીવટી ખર્ચ બજેટ :** આ બજેટ વ્યવસાયની બિન-ઉત્પાદન પ્રવૃત્તિઓની પડતરનો અંદાજ દર્શાવે છે. તે બજેટ મુદત દરમિયાન વહીવટ, ઑફિસ અને સંચાલકોના મહેનતાણાનો અંદાજિત ખર્ચ બતાવે છે, જેમ કે ઑફિસનું ભાડું, સંપત્તિ વેરો, ટપાલ, ટેલિફોન, વીજળી, કાનૂની ખર્ચ, ઓડિટ ફી, ડાયરેક્ટરોનું મહેનતાણું, વગેરે.

12. **વેચાણ અને વિતરણ ખર્ચ બજેટ :** બજેટ મુદત દરમિયાન વેચાણ અને વિતરણ કાર્યને લાગતા તમામ ખર્ચની આગાહી આ બજેટ કરે છે. તે વેચાણ બજેટ પર આધારિત હોય છે અને તેને તૈયાર કરવાની જવાબદારી વેચાણ મેનેજરની હોય

છે. માંગ ઊભી અને ઉત્તેજિત કરવા અને ઓર્ડર મેળવવા માટે વેચાણ ખર્ચ કરવામાં આવે છે, જેમ કે જાહેરાત, સેલ્સમેનોનું મહેનતાણું, વેચાણ ઑફિસનો ખર્ચ, વેચાણ પછીની સેવાનો ખર્ચ, વગેરે. માંગ જાળવવા અને વેચાણ ઓર્ડરનો અમલ કરવા માટે વિતરણ ખર્ચ કરવામાં આવે છે, જેમાં માલ સંગ્રહ, પેકિંગ, લોડિંગ, વાહનવ્યવહાર, વગેરે ખર્ચનો સમાવેશ થાય છે.

13. **સંશોધન અને વિકાસ બજેટ :** ઉત્પાદનોના વિકાસ અને સુધારણા માટે સતત સંશોધન જરૂરી છે. સંશોધન સફળ થયા પછી, વિકાસ કાર્ય શરૂ થાય છે. વિકાસ પછી, વ્યાપારી ધોરણે ઔપચારિક ઉત્પાદન કાર્ય શરૂ થાય છે. સંશોધન અને વિકાસના કાર્યક્ષેત્રની ચોક્કસપણે વ્યાખ્યા કરી શકાતીનથી. તેથી, બંને કાર્યો હેઠળના ખર્ચને આવકમાંથી ફાળવણી દ્વારા સંશોધન અને વિકાસ બજેટ તરીકે મૂકવામાં આવે છે, જેમાં સામગ્રી, ઉપકરણો, પગાર, ડિઝાઈન અને વિકાસ ખર્ચ, વગેરે શામેલ હોય છે.

14. **મૂડી ખર્ચ બજેટ :** લાંબા સમય સુધી આવક પેદા કરવાના હેતુથી મકાન, સાંચા, યંત્રો, વગેરે જેવી કાયમી મિલ્કતો ખરીદવા માટે જે વિશાળ ખર્ચ કરવામાં આવે છે તેને મૂડી ખર્ચ કહેવાય છે. આવા ખર્ચા વિસ્તરણ, વૈવિધ્યકરણ અને આધુનિકીકરણ યોજનાઓ માટેથી શકે છે અને લાંબા ગાળાની પ્રતિબદ્ધતાને રજૂ કરે છે. બજેટ મુદત દરમિયાન કાયમી મિલ્કતો પરના અંદાજિત મૂડી ખર્ચ અને તેની સામે અપેક્ષિત રોકડ પ્રવાહ મૂડી ખર્ચ બજેટ દર્શાવે છે. ટૂંકા અને લાંબા ગાળાના પ્રોજેકટ માટે આવા બજેટ તૈયાર કરી શકાય. રોકડ અંદાજપત્ર અને અન્ય બજેટ સાથે આનું સંકલન કરવું આવશ્યક છે.

15. **રોકડ બજેટ :** બજેટ મુદત દરમિયાન અપેક્ષિત રોકડ આવકો અને રોકડ ચૂકવણીના સારાંશને રોકડ બજેટ કહે છે. આ બજેટ તૈયાર કરવા માટે જરૂરી વિગતો વેચાણ બજેટ, ઉત્પાદન બજેટ, પરોક્ષ ખર્ચ બજેટ અને મૂડી ખર્ચ બજેટમાંથી મેળવવામાં આવે છે. રોકડ બજેટ એ એક મહત્ત્વપૂર્ણનાણાકીય બજેટ છે જે મેનેજમેન્ટને (અ) પેઢીની ભાવિ રોકડ જરૂરિયાતોનક્કી કરવા માટે, (બ) તે જરૂરીયાતો માટેનાણાંનું આયોજન કરવા માટે, અને (ક) પેઢીની રોકડ અને પ્રવાહિતા પર અંકુશ રાખવા માટે મદદરૂપ થાય છે.

16. **માસ્ટર બજેટ :** માસ્ટર બજેટ એ બજેટ બનાવવાની સંપૂર્ણ પ્રક્રિયાનું અંતિમ ચરણ છે અને વિવિધ કાર્યાત્મક બજેટનો એકીકૃત સારાંશ છે. CIMA મુજબ, માસ્ટર બજેટ તેના ઘટક કાર્યાત્મક બજેટને સમાવિષ્ટ કરતું એક સારાંશ બજેટ છે, જેને છેવટે માન્યતા આપી અપનાવવામાં આવે અને કાર્યરત કરવામાં આવે છે. માસ્ટર બજેટમાં (અ) અંદાજીનફા-નુકસાન ખાતું સમાવિષ્ટ હોય છે, જે બજેટ મુદત દરમિયાન વ્યવસાયના એકંદરનફાને રજૂ કરે છે, અને (બ) અંદાજી પાકું સરવૈયું

પણ શામેલ હોય છે, જે બજેટ મુદતને અંતેનાણાકીય સ્થિતિને રજૂ કરે છે. આવી રીતે બજેટ મુદત દરમિયાન આવક, ખર્ચ,નફા, રોકડ પ્રવાહ અનેનાણાકીય સ્થિતિને લગતા સંચાલકીય લક્ષ્યોને માસ્ટર બજેટ જાહેર કરે છે.

6.5 બજેટિંગ

બજેટ તૈયાર કરવાની ક્રિયાને બજેટિંગ કહેવામાં આવે છે. બજેટિંગ એટલે અંદાજપત્રોના આયોજન, અમલીકરણ અને સંચાલનની સંપૂર્ણ પ્રક્રિયા. બજેટિંગ એટલે ટૂંકા ગાળાની એ બજેટ પ્રક્રિયા જેમાં યોજનાઓના અમલ માટે જરૂરી સંસાધનોની જોગવાઈનો સમાવેશ થાય છે.

➢ સ્વાધ્યાય

➢ સૈદ્ધાંતિક પ્રશ્નો:

1. બજેટ એટલે શું? તેના લક્ષણો જણાવો.
2. સમયના આધારે કયા બજેટ બની શકે? તેમના વિશે ટૂંકમાં લખો.
3. સ્થિર બજેટ અને પરિવર્તનશીલ બજેટ એટલે શું?
4. વિવિધ કાર્યાત્મક બજેટનાં નામ જણાવો.
5. બજેટિંગ એટલે શું?

➢ **ટૂંકનોંધ લખો:**

1. સ્થિર અને પરિવર્તનશીલ બજેટ
2. વેચાણ બજેટ
3. ઉત્પાદન બજેટ
4. સંશોધન અને વિકાસ બજેટ
5. માસ્ટર બજેટ

➢ બહુવિકલ્પીય પ્રશ્નો (MCQs): નીચે આપેલા પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરો.

1. નીચેનામાંથી કયા ઉદ્દેશે બજેટ તૈયાર કરવાનો પ્રાથમિક હેતુ નથી?

(a) વાસ્તવિક કામગીરીની તુલના માટે એક આધાર પ્રદાન કરવા માટે

(b) સમગ્ર સંસ્થામાં કંપનીની યોજનાઓ જણાવવા માટે

(c) આપેલ અવધિ દરમિયાન આવક અને ખર્ચને નિયંત્રિત કરવા માટે

(d) કંપની તેની કામગીરીને વિસ્તૃત કરે છે તેની ખાતરી કરવા માટે

2. જેના માટે અલગ બજેટ તૈયાર કરી શકાય અને નિયંત્રણ પણ કરી શકાય, તેવો કંપનીનો એક વિભાગ છે

(a) બજેટ કેન્દ્ર (b) પડતર કેન્દ્ર (c) જવાબદારી કેન્દ્ર (d) રોકાણ કેન્દ્ર

3. માસ્ટર બજેટ તૈયાર કરતી વખતે-નીચેનામાંથી સામાન્ય રીતે સૌ પ્રથમ શું કરવામાં આવે છે?

(a) શિરોપરી ખર્ચ વસૂલાત દરની ગણતરી કરવી

(b) બજેટ અવધિનક્કી કરવી

(c) બજેટ માર્ગદર્શિકા તૈયાર કરવી

(d) અંદાજિતનફાનુકસાન ખાતું તૈયાર કરવું

4. મુખ્ય બજેટ પરિબળ માટે-નીચેનામાંથી શું સાચું છે?

(a) જે પરિબળ સંસ્થાની પ્રવૃત્તિઓને મર્યાદિત કરે છે.

(b) જે પરિબળ વેચાણને મહત્તમ કરે છે.

(c) જે પરિબળ મેનેજમેન્ટના મોટાભાગના સભ્યોને મહત્વપૂર્ણ લાગે છે.

(d) જે પરિબળ બજેટ અવધિ દરમિયાન ઉપલબ્ધ રોકડ રકમ જેટલું છે.

5. બધા કાર્યત્મક બજેટના સારાંશને _____ તરીકે ઓળખાય છે.

(a) રોકડ બજેટ (b) મૂડી બજેટ (c) માસ્ટર બજેટ (d) અંદાજિતનફાનુકસાન ખાતું

6. જ્યારે વેચાણ, આવક અને ખર્ચની આગાહી સચોટ રીતે થઈ શકે ત્યારેનીચેનામાંથી કયુ બજેટ તૈયાર કરી શકાય?

(a) પરિવર્તનશીલ બજેટ (b) સ્થિર બજેટ (c) માસ્ટર બજેટ (d) મૂડી બજેટ

7. મહેસૂલી અને મૂડી બંને પ્રકારની રોકડ આવકો અને રોકડ ચૂકવણીઓ દર્શાવતું વિગતવાર બજેટ _____ કહેવાય છે.

(a) મૂડી બજેટ (b) મહેસૂલી બજેટ (c) રોકડ બજેટ (d) આવક બજેટ

એકમ:7 બજેટરી અંકુશ

: રૂપરેખા :

7.1 બજેટરી અંકુશ (અંદાજપત્ર દ્વારા અંકુશ) : અર્થ અને વ્યાખ્યા

7.2 બજેટરી અંકુશના હેતુઓ

7.3 બજેટરી અંકુશ પદ્ધતિની સફળતા માટે આવશ્યકતાઓ

7.4 બજેટરી અંકુશના ફાયદા

7.5 બજેટરી અંકુશની મર્યાદાઓ

7.6 બજેટિંગની પ્રક્રિયા

7.7 ઉદાહરણ

- સ્વાધ્યાય

7.1 બજેટરી અંકુશ (અંદાજપત્ર દ્વારા અંકુશ) : અર્થ અને વ્યાખ્યા

બજેટરી અંકુશ (અંદાજપત્ર દ્વારા અંકુશ) એ પડતર હિસાબીની એક વિશિષ્ટ પદ્ધતિ છે જે સમય વ્યાપારના સંચાલન સાથે સંકળાયેલ છે. આ પદ્ધતિમાં વિવિધ બજેટ તૈયાર કરવા, વિભાગોનું સંકલન કરી જવાબદારીઓ નક્કી કરવી, સતત ધોરણે બજેટ આંકડાઓ અને વાસ્તવિક આંકડાઓની સરખામણી કરવી, વિચલનો અને તેમના કારણોની તપાસ કરવી અને છેવટે યોગ્ય સુધારાત્મક પગલાં લેવાનો સમાવેશ થાય છે.

ઇંગ્લેન્ડની ચાર્ટર્ડ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ્સ (CIMA) આપેલ વ્યાખ્યાઓ મુજબ બજેટરી અંકુશ નીતિની જરૂરિયાત મુજબ અધિકારીઓની જવાબદારીઓને લગતા બજેટ નક્કી કરવા, અને બજેટ પરિણામ અને વાસ્તવિક પરિણામની સતત સરખામણી કરતા રહેવું કે જેથી અધિકારીના પ્રયાસો દ્વારા નીતિનું ધ્યેય સિદ્ધ થઈ શકે અથવા તેની પુનઃરચના માટે કોઈ આધાર મેળવી શકાય.

7.2 બજેટરી અંકુશના હેતુઓ

બજેટ દ્વારા અંકુશના હેતુઓ નીચે મુજબ છે:

1. **આયોજન** : બજેટના આધારે મૅનેજમેંટે ભવિષ્યમાં અપેક્ષિત વ્યાપારિક પરિણામો માટે આગળની યોજના કરવા અને સંસ્થાકીય લક્ષ્યોને હાંસલ કરવા અધિકારીઓ માટે આધારો તૈયાર કરવા તરફ દોરી જાય છે. આમ, બજેટરી અંકુશ આયોજનમાં મદદ કરે છે.
2. **માહિતી સંચાર** : બજેટ કર્મચારીઓને તેમના વિભાગીય ધ્યેયની અસરકારક રીતે જાણ કરે છે અને તે સંસ્થાકીય લક્ષ્યને પામ કરવામાં કેવી રીતે મદદ કરશે તે પણ જણાવે છે. બજેટ તેમને એ પણ જણાવે છે કે બજેટના લક્ષ્યોને પામ કરવામાં તેમની ભૂમિકા શું રહેશે. બજેટરી અંકુશ આ રીતે માહિતી સંચારમાં મદદ કરે છે.

3. **સંકલન :** બજેટિંગની એક વ્યાપક પદ્ધતિ વિવિધ કાર્યાત્મક બજેટનું સંકલન કરવામાં મદદ કરે છે, જેથી તમામ વિભાગો સુમેળથી કાર્ય કરે અને એકંદર સંસ્થાકીય લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તેમની ભૂમિકા ભજવે. આમ, અંદાજપત્ર અંકુશ વિવિધ વિભાગો વચ્ચે સંકલનની સગવડ કરે છે.

4. **પ્રેરણા :** જ્યારે કર્મચારીઓ બજેટ તૈયાર કરવામાં ભાગ લે છે અને સમજે છે કે તેમના વ્યક્તિગત લક્ષ્યોની સિધ્ધિ બજેટની કવાયતની સફળતા સાથે સંકળાયેલ છે, ત્યારે તેઓ સંસ્થાકીય લક્ષ્યો હાંસલ કરવા માટે કાર્ય કરવા માટે પ્રેરિત થાય છે. અંદાજપત્રીય નિયંત્રણ આમ કર્મચારીઓને પ્રેરિત કરવામાં મદદ કરે છે.

5. **નિયંત્રણ :** સંપૂર્ણ ચર્ચા અને સમીક્ષા કર્યા પછી કાર્યાત્મક બજેટ તૈયાર અને મંજૂર કરવામાં આવે છે. સતત ધોરણે બજેટ આંકડાઓ સાથે વાસ્તવિક આંકડાઓની સરખામણી કરવામાં આવે છે, વિચલનોની ગણતરી કરવામાં આવે છે અને યોગ્ય સુધારાત્મક પગલાં લેવામાં આવે છે. આ રીતે ધાંધકીય એકમની વિવિધ પ્રવૃત્તિઓ પર અંકુશની ખાતરી થાય છે.

7.3 બજેટરી અંકુશ પદ્ધતિની સફળતા માટે આવશ્યકતાઓ

બજેટરી અંકુશની કાર્યક્ષમ પદ્ધતિ માટેની આવશ્યકતાઓ નીચે આપેલ છે.

1. **ઉચ્ચ સંચાલકોનો ટેકોઃ** બજેટ નિયંત્રણ પ્રક્રિયાના સફળ અમલીકરણ માટે ઉચ્ચ સંચાલકોનો સંપૂર્ણ ટેકો હોવો જોઈએ. બજેટ લક્ષ્યોનક્કી કરવામાં, તેમની વાસ્તવિક કામગીરી સાથે તુલના કરવામાં, વિચલનોનું વિશ્લેષણ કરવામાં, કર્મચારીઓને પ્રેરણા આપવામાં, સિદ્ધિઓને પુરસ્કાર આપવામાં અને જો જરૂરી હોય તો શિક્ષાત્મક પગલાં લેવામાં સંચાલક મંડળે રસ લેવો જોઈએ.

2. **સંસ્થાકીય માળખું:** સંચાલકો અને વિભાગીય અધિકારીઓના વિવિધ સ્તરો માટે સત્તા અને જવાબદારી સ્પષ્ટ રીતે જણાવતા એક સુયોજિત સંસ્થાકીય માળખાની ગોઠવણ હોવી જોઈએ.

3. **સ્પષ્ટ સંસ્થાકીય લક્ષ્યઃ** સંસ્થાકીય લક્ષ્યનું સ્પષ્ટપણે જણાયેલ હોવું જોઈએ. આ લક્ષ્યો સંસ્થાની વ્યૂહાત્મક અને લાંબા ગાળાની યોજનાઓના માળખાની અંદર હોવા જોઈએ. સ્પષ્ટ રીતે જણાવેલ વ્યવસાયિકનીતિ અને ઉદ્દેશ્ય એ બજેટ માટેની પૂર્વશરત છે.

4. **કાર્યાત્મક લક્ષ્યોઃ** સંસ્થાકીય લક્ષ્યોને કાર્યાત્મક લક્ષ્યોમાં વહેંચવા જોઈએ, જે એકંદરે સંસ્થાકીય લક્ષ્યો સાથે વિરોધાભાસીન હોવા જોઈએ.

5. **લોકોની ભાગીદારીઃ** બજેટના અમલ અને લક્ષ્યોની સિદ્ધિ માટે જવાબદાર તમામ સ્તરના સંચાલકો અને અન્ય લોકોએ બજેટ તૈયાર કરવામાં ભાગ લેવો જોઈએ.

બજેટ મુજબની કાર્યક્ષમતા અને પ્રવૃત્તિના સ્તરને પ્રાપ્ત કરવા માટે આ તેમને પ્રેરિત કરશે.

6. **વ્યાજબી લક્ષ્યઃ** બજેટ વાસ્તવિક હોવું જોઈએ, અને વ્યાજબી રીતે પ્રાપ્તથી શકે એવા લક્ષ્યાંકો મૂકવા જોઈએ.

7. **યોગ્ય હિસાબી પદ્ધતિઃ** વિશ્વસનીય, સચોટ અને સમયસર માહિતી ઉત્પન્ન અને પ્રદાન કરી શકે તેવી સક્ષમ હિસાબી પદ્ધતિ હોવી જોઈએ.

8. **યોગ્ય માહિતી સંચારઃ** યોગ્ય સંદેશાવ્યવહાર પદ્ધતિ સ્થાપિત થવી જોઈએ, જેથી વાસ્તવિક કામગીરીને લગતી માહિતી તેના માટે જવાબદાર મેનેજરને તરત રજૂ કરવામાં આવે. તેના કારણે વિચલનોની ગણતરી અને યોગ્ય સુધારાત્મક પગલાં સમયસર લઈ શકાશે.

9. **પરીવર્તનશીલઃ** કામગીરીના બદલાયેલ સંજોગોને ધ્યાનમાં રાખીને ફેરફાર કરવાની મંજૂરી આપવા માટે બજેટરી અંકુશની પદ્ધતિ પૂરતી પરીવર્તનશીલ હોવી જોઈએ.

7.4 બજેટરી અંકુશના ફાયદા

કોઈ ધંધાકીય એકમ બજેટરી અંકુશ પદ્ધતિ અપનાવે તો તેનેનીચે મુજબ ફાયદા થાય છે.

1. **આંતરિક ઓડિટઃ** ખાતાકીય પરિણામોનું નિયમિત મૂલ્યાંકન કરીને બજેટરી અંકુશ આંતરિક ઓડિટ માટેનો આધાર સ્થાપિત કરે છે.

2. **અપવાદ દ્વારા સંચાલનઃ** સંચાલકોને માત્ર એવી બાબતોની જાણ કરવામાં આવે છે જેનક્કી કર્યા મુજબનથી હોય. આ રીતે સંચાલકોના સમયની બચત થાય છે અને તેમની કાર્યક્ષમતા મહત્તમ બને છે. આ ×અપવાદ દ્વારા સંચાલન× રિપોર્ટિંગ છે.

3. **પડતર નિયંત્રણઃ** શ્રેષ્ઠ રીતે મજૂર, માલસામાન, સુવિધાઓ અને મૂડી જેવા સંસાધનોની ફાળવણી કરીને બજેટરી અંકુશ ખર્ચ નિયંત્રણમાં મદદ કરે છે. તે કર્મચારીઓમાં પડતર પ્રત્યે સભાનતા વિકસાવવામાં મદદ કરે છે.

4. **લક્ષ્ય પ્રાપ્તિઃ** બજેટરી અંકુશને કારણે સંચાલકો ભવિષ્યની યોજનાઓ તૈયાર કરે છે, આવી રહેલી મુશ્કેલીઓનો સામનો કરવા સક્ષ્મ બને છે અને લાંબા ગાળાના લક્ષ્યો પ્રાપ્ત કરે છે.

5. **માહિતીસંચાર અને સંકલનઃ** બજેટરી અંકુશ સમગ્ર સંસ્થામાં માહિતી સંચારમાં વધારો કરે છે. ધંધાના ધ્યેય, અને દરેકની જવાબદારી અને સત્તાની જાણ બધા

ખાતા / વિભાગનેકરવામાં આવે છે, જેના કારણે ગેરસમજૂતી દૂર થાય છે, સુમેળભર્યું વાતાવરણ સર્જાય છે અને વિવિધ ખાતાંઓ વચ્ચે સંકલન સુધરે છે.

6. **લોકોની ભાગીદારી અને ઉત્પાદકતાઃ** કર્મચારીઓ વ્યક્તિગત અને સંસ્થાકીય લક્ષ્યો સુસંગત રીતે પ્રાપ્ત કરી શકાય તે રીતે બજેટ તૈયાર કરવામાં ભાગ લે છે. તેથી તેમનો જુસ્સો ઊંચો રહે છે. કર્મચારીઓ પર પ્રેરક અસર પડે છે. તેઓ ઉત્સાહથી બજેટના અમલમાં પણ ભાગ લે છે અને પરિણામે ધંધાની ઉત્પાદકતામાં વધારો થાય છે.

7. **જવાબદારીની સોંપણીઃ** લોકોને ખર્ચ અને આવક માટે જવાબદારી સોંપવામાં આવે છે. તેના કારણે તેઓ દરેક ખર્ચ ધંધા પર કેવી અસર કરશે તેનો વિચાર કરતાં થાય છે. ખર્ચ અનેનફા પ્રત્યે સભાનતાનું વાતાવરણ ઊભું થાય છે.

8. **અંકુશઃ** બજેટ એક આધાર પૂરો પાડે છે જેની સામે સંસ્થાની કામગીરીનું મૂલ્યાંકન કરી શકાય છે. વાસ્તવિક કામગીરીની તુલના પૂર્વનિર્ધારિત બજેટ સાથે કરવામાં આવે છે. વિચલનો કાર્યક્ષમ અને બિન કાર્યક્ષમ ક્ષેત્રોને ઓળખવામાં મદદ કરે છે, અને જરૂરી હોય ત્યાં તાત્કાલિક સુધારાત્મક કાર્યવાહી કરે છે.

9. **ભવિષ્ય માટે આયોજનઃ** બજેટરી અંકુશ સંચાલકોને વર્તમાન વલણોની સમીક્ષા કરવામાં અને ભાવિનીતિઓ અને કાર્યક્રમો ઘડવામાં મદદ કરે છે.

7.5। બજેટરી અંકુશની મર્યાદાઓ

બજેટરી અંકુશની પદ્ધતિ અપનાવતા ધંધાકીય એકમે તેની મર્યાદાઓ ધ્યાનમાં રાખવી જોઈએ, જેથી સફળતાપૂર્વક આ પદ્ધતિ લાગૂ કરી શકાય. બજેટરી અંકુશની મર્યાદાઓનીચે આપી છે.

1. **બજેટ એક સાધન માત્રઃ** બજેટરી અંકુશ એ સંચાલકોની જગ્યા લઈ શકેનહી. સંચાલકોનું મહત્ત્વ યથાવત રહે છે. આ તકનિક સંચાલકોને નિર્ણય લેવા માટે અને સંચાલકીય અંકુશની અસરકારકતા વધારવામાં મદદ કરે છે.

2. **સફળતાનો આધાર અંદાજો પરઃ** બજેટ અંદાજો પર આધારિત હોય છે. આ અંદાજો ઉપલબ્ધ માહિતી અને સંચાલકીય નિર્ણયો પર આધારિત હોય છે. અંદાજો સચોટન પણ હોય. બજેટરી અંકુશની સમગ્ર કવાયતની સફળતા અંદાજોની ચોકસાઈ પર આધારિત હોય છે. જો બજેટ ભૂલચૂકવાળા અંદાજોને આધારે તૈયાર થયા હોય, તો તે ખરેખર કામગીરી માપવા માટે એક માપદંડ બની શકેનહિ.

3. **સફળતાનો આધાર સહકાર પરઃ** બજેટરી અંકુશની સફળતા તમામ લોકોના સહકાર પર આધારીત છે. તેથી કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે અને તેમનો

સકારાત્મક પ્રતિસાદ મેળવવા માટે તેમણે બજેટ વિષે શિક્ષણ અને તાલીમ આપવાની જરૂર હોય છે.

4. **બજેટ પ્રત્યે સભાનતાઃ** બજેટ દ્વારા અંકુશ આપમેળે આવી જતુંનથી. બજેટ લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે સંસ્થામાં બજેટ પ્રત્યે સતત સભાનતા કેળવવાની જરૂર રહે છે.

5. **ખૂબ સમય માગેઃ** બજેટિંગની પ્રક્રિયા ઘણો સમય માંગી લે છે. બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા દરમ્યાન વ્યવસાયની સ્થિતિમાં ભારે ફેરફારથી શકે છે અને તમામ અંદાજ ખોટાથી શકે છે. સતત બદલાતા સંજોગોમાં સતત ફેરફારો કે સુધારાઓ કરીને બજેટને સંજોગોને અનુકૂળ બનાવતા રહેવું પડે છે. બજેટની પ્રક્રિયા ગતિશીલ બનાવવા માટે ખૂબ સમય આપવો પડે.

6. **ખર્ચાળ પ્રક્રિયાઃ** બજેટ તૈયાર કરવા અને તેમના અમલ માટે વ્યવસ્થા ગોઠવવામાં ઘણો ખર્ચ થાય છે. તદુપરાંત બજેટ પૂર્વનિર્ધારિત લક્ષ્યો સાથે તૈયાર કરવામાં આવે છે, જે ઝડપથી બદલાતી દુનિયામાં અપ્રસ્તુતથી જાય છે. તેથી બજેટમાં વારંવાર ફેરફારો કે સુધારાઓ કરવા પડે છે, જે એક ખર્ચાળ કવાયત છે.

7. **વધારે ઊંચા લક્ષ્યાંકોઃ** બજેટ લક્ષ્યો ખૂબ ઊંચા અથવા અત્યંત મહત્ત્વાકાંક્ષીન હોવા જોઈએ. જો તેઓ અવાસ્તવિક હોય અને જો કર્મચારીઓ તેમને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ થાય તો તેઓ નિરાશથી શકે છે. આનાથી ધંધાની એકંદર કાર્યક્ષમતામાં ઘટાડો થશે. તેથી બજેટ લક્ષ્યાંકો ખૂબ કાળજીપૂર્વકનક્કી કરવા પડે.

8. **સતત મૂલ્યાંકન જરૂરીઃ** બજેટરી અંકુશની પદ્ધતિની સફળતા માટે બજેટ લક્ષ્યોની પ્રાપ્તિની સતત દેખરેખ માટે યોગ્ય મૂલ્યાંકન પદ્ધતિ જરૂરી છે. જો મૂલ્યાંકન પદ્ધતિ ખામીયુક્ત હોય તો કર્મચારીઓ અથવા વિભાગોની બિન-કાર્યક્ષમતા શોધી શકાશેનહી, અને બજેટરી અંકુશની કવાયત કોઈ ઉપયોગી હેતુ સિદ્ધ કરી શકશેનહી.

7.6 બજેટિંગની પ્રક્રિયા

દરેક ધાંધકીય એકમમાં બજેટિંગની પ્રક્રિયા અલગ હોય છે. દરેક એકમ પોતાની રીતે વાર્ષિક બજેટ તૈયાર કરે છે. જો કે, સંસ્થામાં બજેટરી અંકુશ પદ્ધતિની ગોઠવણી અને વહીવટ માટેનીચેના પગલા સૂચવવામાં આવે છે.

1. સંસ્થાકીય ઉદ્દેશોની સ્પષ્ટતા અને માહિતી સંચાર

બજેટ સંસ્થાના ઉદ્દેશો અનેનીતિઓને પ્રતિબિંબિત કરે છે. બજેટરી અંકુશ પદ્ધતિના અમલ માટે સૌ પ્રથમ લાંબાગાળાના અને ટૂંકા ગાળાના ઉદ્દેશોનો સ્પષ્ટ પરિપેક્ષ્ય બહુ જરૂરી છે. તેથી બજેટની કવાયત શરૂ થાય તે પહેલાં સંસ્થાના

બહોળા ઉદ્દેશો સ્પષ્ટ કરવા જરૂરી છે. મેનેજરોને તેની જાણ કરવી પણ જરૂરી છે જેથી આ હેતુઓ હાંસલ કરવા માટે ટૂંકા ગાળાના બજેટ તેઓ સરળતાથી તૈયાર કરી શકે.

2. સત્તા અને જવાબદારીની સ્પષ્ટ લાઈનોની સ્થાપના

સંસ્થાકીય ઉદ્દેશોની સિધ્ધી માટે જવાબદાર જુદા જુદા મેનેજરોની સત્તા અને જવાબદારીની લાઈનનક્કી કરતું એક સંસ્થાકીય માળખું (ચાર્ટ) તૈયાર કરવું પડે. દરેક કાર્યાત્મક મેનેજરની જવાબદારી, સંબંધિત મેનેજરને અધિકારની સોંપણી અને અન્ય મેનેજરો સાથે આંતર-કાર્યકારી સંબંધ – આ બધી જ વિગતોનો આ ચાર્ટમાં સમાવેશ થવો જોઈએ. જો આ ચાર્ટ યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે છે, તો સત્તા અને જવાબદારી વિશેની અનિશ્ચિતતાનો અંત થશે. બધા મેનેજરોને સ્પષ્ટતા હશે કે ક્યાં એક મેનેજરનો અધિકારક્ષેત્ર સમાપ્ત થાય છે અને બીજાનો શરૂ થાય છે.

3. બજેટ કેન્દ્રોની સ્થાપના (Budget Centres)

CIMA અનુસાર બજેટ કેન્દ્ર એ ધંધાકીય એકમનો એક વિભાગ છે, જેના માટે અલગ બજેટ તૈયાર કરી શકાય છે અને નિયંત્રણનો અમલ કરી શકાય છે. વિભાગીય વડાઓની જવાબદારીઓ અનુસાર બજેટ નિયંત્રણના હેતુથી એકમને વિવિધ સ્પષ્ટ વિભાગોમાં વહેંચવામાં આવે છે. બજેટરી અંકુશના હેતુ માટે સંસ્થાના આ વિભાગોને તકનીકી રૂપે બજેટ કેન્દ્રો તરીકે ઓળખવામાં આવે છે. પછીથી, દરેક બજેટ કેન્દ્ર માટે તેના વડા દ્વારા બજેટ તૈયાર કરવામાં આવે છે. ચોક્કસ બજેટ કેન્દ્ર માટેના બજેટને વિભાગીય બજેટ કહે છે.

4. બજેટ મુદતનું નિર્ધારણ (Budget Period)

CIMA અનુસાર બજેટ મુદત એ સમયગાળો છે જેના માટે બજેટ તૈયાર કરવામાં આવે છે અને તેનો ઉપયોગ કરવામાં આવે છે, જે પછીથી નિયંત્રણ અવધિમાં (Control Periods) પેટા વિભાજિતથી શકે છે. બજેટ એ લાંબા ગાળાના બજેટ અથવા ટૂંકા ગાળાના બજેટ હોઈ શકે છે. સામાન્ય રીતે, ટૂંકા ગાળાના બજેટ એક વર્ષ માટે તૈયાર કરવામાં આવે છે, અને તે સંસ્થાની કેટલીક કામગીરી માટે ત્રિમાસિક અથવા માસિક બજેટમાં વહેંચાય છે. લાંબા ગાળાના બજેટ પાંચ વર્ષ કે તેથી વધુ સમય જેવા લાંબા ગાળા માટે તૈયાર કરવામાં આવે છે. લાંબા ગાળાના બજેટનો ઉપયોગ આયોજન માટે થાય છે, જ્યારે ટૂંકા ગાળાના બજેટનો ઉપયોગ લાંબા ગાળાની યોજનાઓના અમલીકરણ માટે થાય છે. ધંધા અથવા પ્રવૃત્તિના પ્રકાર, નિયંત્રણના પ્રકાર, ધંધાનું વેપાર ચક્ર અને સામાન્ય આર્થિક સ્થિતિ જેવા પરિબળો પર બજેટ મુદત આધારિત છે. મૂડી ખર્ચ બજેટ અને સંશોધન અને વિકાસ ખર્ચ બજેટ લાંબા ગાળા માટે તૈયાર કરવામાં આવે છે. વેચાણ બજેટ અને

આવક અને ખર્ચ બજેટ વાર્ષિક મુદત માટે તૈયાર કરવામાં આવે છે. મોસમી વ્યવસાય ધરાવતી સંસ્થાઓ છ મહિના જેવા ટૂંકા ગાળા માટે બજેટ તૈયાર કરે છે.

5. બજેટ સમિતિની સ્થાપના (Budget Committee)

નાના એકમોમાં ફક્ત એક જ વ્યક્તિ, જેમ કે એકાઉન્ટન્ટ, બજેટ તૈયાર કરી શકે, પરંતુ મોટા અને જટિલ એકમોમાં આ કાર્ય માટે બજેટ સમિતિની રચના કરવામાં આવે છે. બજેટ સમિતિમાં મુખ્ય કાર્યકારી, બજેટ અધિકારી અને તમામ બજેટ કેન્દ્રોના વડાઓનો સમાવેશ થાય છે. વાસ્તવિક્તાને ધ્યાનમાં રાખી યોગ્ય રીતે બજેટ તૈયાર થાય તેની ખાતરી કરવા માટે આ સમિતિ સમગ્ર બજેટ કવાયતનું સમન્વય અને સમીક્ષા કરે છે. બજેટ સમિતિના મુખ્ય કાર્યો છેઃ

- કાર્યાત્મક બજેટ અંદાજોને એકત્રિત કરવા અને તેમની તપાસ અને સમીક્ષા કરવી
- કાર્યાત્મક બજેટમાં ફેરફારોની ભલામણ અથવા સૂચનોને મંજૂરી આપવી
- સુધારેલા કાર્યાત્મક બજેટની સમીક્ષા, મંજૂરી અને સ્વીકાર કરવો
- જુદા જુદા બજેટ કેન્દ્રોની કામગીરીના સામયિક અહેવાલો પ્રાપ્ત કરવા અને તેનું વિશ્લેષણ કરવું
- ખરેખર કામગીરીની બજેટ સાથે સરખામણી દર્શાવતા બજેટ અહેવાલોની તપાસ કરવી
- વાસ્તવિક કામગીરી અને બજેટ વચ્ચેના વિચલનો માટેની જવાબદારીનક્કી કરવી
- સુધારાત્મક પગલાંની ભલામણ કરવી
- બજેટ કાર્યવાહી અને માર્ગદર્શિકાઓમાં વધારાના ફેરફાર કરવા
- કંપનીના બજેટ પર સીધી અસર કરતાં વ્યૂહાત્મક મુદ્દાઓ માટે નિર્ણય લેવામાં ભાગ લેવું

6. બજેટ નિયંત્રકની નિમણૂક (Budget Controller)

બજેટ નિયંત્રક બજેટ સમિતિનુંનેતૃત્વ કરે છે. બજેટ કાર્યવાહીના વિકાસ માટે બજેટ નિયંત્રક જવાબદાર હોય છે. તે વિવિધ બજેટ કેન્દ્રોની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ અને સંકલન કરે છે. તે સંસ્થાનીનાણાકીય યોજનાની તૈયારી, પ્રસ્તુતિ અને અર્થઘટન માટે જવાબદાર હોય છે. સામાન્ય રીતે, સંસ્થાના મુખ્ય કાર્યકારીની બજેટ નિયંત્રક તરીકે નિમણૂક કરવામાં આવે છે, જેથી સમિતિના નિર્ણયો અન્ય બધા પર બંધનકર્તાથી શકે.

7. બજેટ માર્ગદર્શિકાનું નિર્માણ (Budget Manual)

CIMA અનુસાર બજેટ મેન્યુઅલ એક દસ્તાવેજ છે જે બજેટરી અંકુશમાં સંકળાયેલ બધાં વ્યક્તિઓની જવાબદારીઓ, અને નિયંત્રણ માટે જરૂરી ફોર્મ અનેનોંધોનક્કી કરે છે. બજેટરી અંકુશના અમલીકરણ માટે એક પ્રકારની નિયમ પુસ્તિકા તરીકે બજેટ મેન્યુઅલ તૈયાર કરવામાં આવે છે. તેમાં બજેટના ઘડતર, વહીવટ અને અમલ માટેનીચે આપેલ મુજબ જરૂરી માહિતીનો સમાવેશ થાય છે.

- બજેટ તૈયાર કરવા માટેનો સંપૂર્ણ કાર્યક્રમ
- સંસ્થાકીય અધિશ્રેણી (Organizational Hierarchy)
- વિવિધ સ્તરોના સંચાલકો અને કાર્યાત્મક વડાઓની સત્તા અને જવાબદારી
- સંસ્થાકીય અને કાર્યાત્મક ઉદ્દેશો
- બજેટમાં ઉપયોગમાં લેવાતા વિવિધ શબ્દો
- વિવિધ બજેટની તૈયારી માટે સમયમર્યાદા
- સમીક્ષા માટેના પત્રકો અને અહેવાલોની સ્પષ્ટતા અને સમયગાળો
- ફીડ બેક અને ફીડ ફોરવર્ડ કંટ્રોલ સિસ્ટમો માટેનાં ફોર્મ્સ અને કાર્યવાહી

8. મુખ્ય અંદાજપત્ર પરિબળનું નિર્ધારણ (Principal Budget Factor)

બધા બજેટને મંજૂરી મળે તે પહેલાં તેમનું સંકલન કરવામાં આવે છે. જ્યારે એક પરિબળ એટલું મહત્ત્વ ધરાવે અને અન્ય તમામ બજેટ પર એટલું પ્રભાવ પાડે કે તમામ સંકલન તેની આસપાસ કેન્દ્રિત હોય તો આવા પરિબળને મુખ્ય બજેટ પરિબળ અથવા ચાવીરૂપ પરિબળ તરીકે ઓળખવામાં આવે છે. મોટે ભાગે વેચાણ એ મુખ્ય બજેટ પરિબળ હોય છે. જો કે, કાચા માલની અછત, મજૂરોની બિન-ઉપલબ્ધતા, કારખાનાની મર્યાદિત ક્ષમતા, સરકારી પ્રતિબંધો વગેરે પણ ચાવીરૂપ પરિબળ હોઈ શકે છે. મુખ્ય બજેટ પરિબળનો વિચાર હંમેશાં બજેટની પ્રવૃત્તિઓનો પ્રારંભિક બિંદુ હોય છે. આ પરિબળને સૌ પ્રથમ નિશ્ચિત કરવામાં આવે છે કારણ કે તે તમામ બજેટને પ્રભાવિત કરે છે. દા.ત. જો વેચાણ મુખ્ય બજેટ પરિબળ હોય તો સૌથી પહેલા વેચાણ બજેટ તૈયાર કરવામાં આવે અને પછી તેના આધારે અન્ય તમામ બજેટ તૈયાર કરવામાં આવે છે. જો કે, આવા ચાવીરૂપ પરિબળ અસ્થાયી હોઈ શકે અને લાંબે ગાળે યોગ્ય વ્યવસ્થાપન કાર્યો દ્વારા તેમની ઉપર કાબૂ પણ મેળવી શકાય.

9. બજેટનું નિર્માણ

વેચાણ, ઉત્પાદન ખર્ચ, વગેરે જેવા વિવિધ ચલોની પૂર્વધારણા કરી કાર્યાત્મક બજેટ તૈયાર કરવામાં આવે છે. વિવિધ વિભાગો આમાં શામેલ હોવાના કારણે વિભાગીય વડાઓ દ્વારા બજેટ માટે વાટાઘાટો કરવામાં આવે છે. દુષ્પ્રાપ્ય સંસાધનો માટે સ્પર્ધા કરતાં વિભાગીય વડાઓ શ્રેષ્ઠતમનફો મેળવવાનો પ્રયાસ કરે છે અને સર્વસંમતિ સાથે બજેટ તૈયાર કરે છે. વિવિધ કાર્યાત્મક બજેટના સારાંશ તરીકે એક માસ્ટર બજેટ પણ બજેટ મુદત માટે તૈયાર કરવામાં આવે છે જેમાં તમામ બજેટના મુખ્ય આંકડાઓના સમાવેશ થાય છે.

10. બજેટની સ્વીકૃતિ અને માહિતી સંચાર

બજેટ સમિતિ દ્વારા સ્વીકાર અને સંમતિ પછી માસ્ટર બજેટ અમલ માટે અપનાવવામાં આવે છે. બજેટ પોલિસીના અમલ માટેના મેનેજરોની જવાબદારીઓ તેમને જણાવવામાં આવે છે.

11. બજેટ દેખરેખ અને મૂલ્યાંકન (Monitoring)

દરેક મેનેજરની ખરેખર કામગીરીની સરખામણી બજેટના લક્ષ્યો સાથે નિયમિત રીતે કરી અંકુશ રાખવામા આવે છે. વિચલનોનું વિશ્લેષણ કરીને યોગ્ય સુધારાત્મક પગલાં પણ લઈ શકાય. વ્યવસાયના આંતરિક અને બાહ્ય વાતાવરણમાં ફેરફારો થાય તો બજેટમાં સુધારો કરવો જરૂરી બની જાય. આ રીતે બજેટરી અંકુશનું સતત મૂલ્યાંકન કરવામાં આવે છે.

7.7 ઉદાહરણ

ઉદાહરણ 1: વેચાણ બજેટ

એક કંપની ગુજરાતના ચાર મોટા શહેરોમાં A, B અને C એમ ત્રણ પેદાશોનું વેચાણ કરે છે. ચાલુ વર્ષ 2019-20 દરમિયાન ખરેખર વેચાણ (એકમ)નીચે મુજબ હતું.

પેદાશ	અમદાવાદ	વડોદરા	સુરત	રાજકોટ
A	6000	5000	4000	3000
B	1000	2500	1500	2000
C	2000	1500	2500	1000

એકમ દીઠ વેચાણ કિંમતનીચે મુજબ છે.

A : ₹ 200 B : ₹ 100 C : ₹ 160

આવતાં વર્ષ 2020-21 માટે પેદાશ A અને Bની કિંમતમાં અનુક્રમે 10% અને 20%નો વધારો કરવાનોનક્કી કરવામાં આવ્યું છે. પેદાશ Cની કિંમતમાં ₹ 10નો ઘટાડો

કરવાનું અને તેની જાહેરાતમાં વધારો કરવાનું પણનક્કી થયું છે. પરિણામે જુદાં જુદાં શહેરોમાં આ પેદાશોનાવેચાણ માંનીચે આપ્યા મુજબ ફેરફારો (ટકાવારી) અપેક્ષિત છે.

પેદાશ	અમદાવાદ	વડોદરા	સુરત	રાજકોટ
A	+25	+20	+15	+10
B	-5	-10	-10	-5
C	+15	+20	+10	+25

વર્ષ 2020-21 માટે વેચાણ બજેટ તૈયાર કરો.

જવાબ 1:

વર્ષ 2020-21 માટે વેચાણ બજેટ

શહેર	પેદાશ A વે.કિં. ₹ 220 એકમદીઠ		પેદાશ B વે.કિં. ₹ 120 એકમદીઠ		પેદાશ C વે.કિં. ₹ 150 એકમદીઠ		કુલ વેચાણ ₹
	એકમ	₹	એકમ	₹	એકમ	₹	
અમદાવાદ	7500	16,50,000	950	1,14,000	2300	3,45,000	21,09,000
વડોદરા	6000	13,20,000	2250	2,70,000	1800	2,70,000	18,60,000
સુરત	4600	10,12,000	1350	1,62,000	2750	4,12,500	15,86,500
રાજકોટ	3300	7,26,000	1900	2,28,000	1250	1,87,500	11,41,500
કુલ	**21400**	**47,08,000**	**6450**	**7,74,000**	**8100**	**12,15,000**	**66,97,000**

2020-21 માટે એકમદીઠ વેચાણ કિંમતની ગણતરીનીચે મુજબ થશે.

પેદાશ A ₹ 200 10% = ₹ 220

પેદાશ B ₹ 100 20% = ₹ 120

પેદાશ C ₹ 160 –₹ 10 = ₹ 150

અમદાવાદમાં પેદાશ છનું અંદાજિત વેચાણનીચે મુજબ ગણવામાં આવશે.

ચાલુ વર્ષનું વેચાણ (આપેલ)	6000 એકમ
ઉમેરોઃ વેચાણમાં વધારો 25% (6000ના25%)	1500 એકમ
2020-21 માટે અંદાજિત વેચાણ	7500 એકમ
એકમ દીઠ વેચાણ કિંમત (ગણેલ) x	₹ 220
2020-21 માટે અંદાજિત વેચાણ મૂલ્ય	₹ 16,50,000

જુદાં જુદાં શહેરો માટે વિવિધ પેદાશોનું અંદાજિત વેચાણ આ રીતે જ ગણવામાં આવશે.

ઉદાહરણ 2: ઉત્પાદન બજેટ

એક કંપની તેની પેદાશનું વેચાણ જાન્યુઆરીમાં 10,000 એકમ, ફેબ્રુઆરીમાં 12,500 એકમ, માર્ચમાં 15,000 એકમ અને એપ્રિલમાં 18,000 એકમ કરવા માગે છે. 1, જાન્યુઆરીના રોજ પેદાશના 3,000 એકમ સ્ટોકમાં હતા. આવતા મહિનાના વેચાણના 20% જેટલો માલ કંપની દરેક માસને અંતે સ્ટોક તરીકે રાખવા માગે છે. દરેક મહિને કેટલા એકમનું ઉત્પાદન કરવામાં આવે તે દર્શાવતું ઉત્પાદન બજેટ જાન્યુઆરીથી માર્ચ માટે તૈયાર કરો.

જવાબ 2: **ઉત્પાદન બજેટ**

વિગત	**જાન્યુઆરી એકમ**	**ફેબ્રુઆરી એકમ**	**માર્ચ એકમ**
બજેટ મુજબ વેચાણ	10,000	12,500	15,000
ઉમેરો: આખર સ્ટોક	2,500	3,000	3,600
	12,500	15,500	18,600
બાદ: શરૂનો સ્ટોક	(3,000)	(2,500)	(3,000)
અંદાજિત ઉત્પાદન	9,500	13,000	15,600

જાન્યુઆરીનો શરૂનો સ્ટોક (આપેલ) = 3000 એકમ

જાન્યુઆરીનો આખર સ્ટોક = ફેબ્રુઆરીના અંદાજિત વેચાણના 20% = 12500એકમોના 20%= 2500 એકમ

ફેબ્રુઆરીનો શરૂનો સ્ટોક = જાન્યુઆરીનો આખર સ્ટોક = 2500 એકમ

ફેબ્રુઆરીનો આખર સ્ટોક = માર્ચના અંદાજિત વેચાણના 20% = 15000 એકમોના 20%= 3000 એકમ

માર્ચનો શરૂનો સ્ટોક = ફેબ્રુઆરીનો આખર સ્ટોક = 3000 એકમ

માર્ચનો આખર સ્ટોક = એપ્રિલના અંદાજિત વેચાણના 20% = 18000 એકમોના 20%= 3600 એકમ

ઉદાહરણ ૩: પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા બજેટ અને પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ

એક કંપની A, B, C અને D એવા ચાર કાચા માલનો ઉપયોગ કરી X, Y અને Z એમ ત્રણ પેદાશોનું ઉત્પાદન કરે છે. દરેક પેદાશના એક એકમના ઉત્પાદન માટે કાચા માલના કેટલા એકમનો વપરાશ થાય છે તેનીચે આપેલ છે.

	A	B	C	D
X	-	1	2	-
Y	2	-	1	1
Z	1	1	2	-

2020-21 દરમિયાન દરેક પેદાશનું અંદાજિત ઉત્પાદનનીચે મુજબ છે.

X: 88,000 એકમ Y: 72,000 એકમ Z: 96,000 એકમ

કાચા માલનો અંદાજિત સ્ટોક અને એકમ દીઠ ખરીદ કિંમતનીચે મુજબ છે.

	A	B	C	D
શરૂનો સ્ટોક (એકમ)	32,000	12,000	48,000	4,000
આખર સ્ટોક (એકમ)	40,000	16,000	56,000	8,000
ખરીદ કિંમત (એકમ દીઠ ₹)	5	10	2	8

2020-21 માટે પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા બજેટ અને પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ તૈયાર કરો.

જવાબ 3:

2020-21 માટે પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા બજેટ

પેદાશ	અંદાજિત ઉત્પાદન (એકમ)	A		B		C		D	
		એકમ દીઠ	કુલ એકમ	એકમ દીઠ	કુલ એકમ	એકમ દીઠ	કુલ એકમ	એકમ દીઠ	કુલ એકમ
X	88,000	0	0	1	88,000	2	1,76,000	0	0
Y	72,000	2	1,44,000	0	0	1	72,000	1	72,000
Z	96,000	1	96,000	1	96,000	2	1,92,000	0	0
કુલ આવશ્યકતા			2,40,000		1,84,000		4,40,000		72,000

પેદાશ X માટે વિવિધ કાચા માલની આવશ્યકતાનીચે મુજબ ગણવામાં આવશે.

પેદાશ Xના 1 એકમના ઉત્પાદન માટે માલ Bનું 1 એકમ અને માલ Cના2 એકમની જરૂર પડે છે.

પેદાશ Xનું અંદાજિત ઉત્પાદન 88,000 એકમ છે.

કાચા માલ Bની આવશ્યકતા 88,000 એકમ × B નું 1 એકમ = 88,000 એકમ

કાચા માલ Cની આવશ્યકતા 88,000 એકમ × Cનું2 એકમ = 1,76,000 એકમ

આવી જ રીતે અન્ય પેદાશ માટે પણ વિવિધ કાચા માલની આવશ્યકતા ગણી શકાય.

2020-21 માટે પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ

બજેટરી અંકુશ

વિગત	A	B	C	D	કુલ
આવશ્યકતા (બજેટ મુજબ એકમ)	2,40,000	1,84,000	4,40,000	72,000	
ઉમેરો: આખર સ્ટોક (એકમ)	40,000	16,000	56,000	8,000	
	2,80,000	2,00,000	4,96,000	80,000	
બાદ: શરૂનો સ્ટોક (એકમ)	(32,000)	(12,000)	(48,000)	(4,000)	
અંદાજિત ખરીદી (એકમ)	2,48,000	1,88,000	4,48,000	76,000	
ખરીદ કિંમત (એકમ દીઠ ₹)	5	10	2	8	
અંદાજિત ખરીદ મૂલ્ય (₹)	12,40,000	18,80,000	8,96,000	6,08,000	46,24,000

ઉદાહરણ 4:વિવિધ કાર્યાત્મક બજેટ

એક પેદાશનું ઉત્પાદન અને વેચાણ કરતી એક કંપનીના વર્ષ 2020 માટે વેચાણના અંદાજોનીચે મુજબ છે.

પહેલી ત્રિમાસિક મુદત 30,000 એકમ

બીજી ત્રિમાસિક મુદત 37,500 એકમ

ત્રીજી ત્રિમાસિક મુદત 41,250 એકમ

ચોથી ત્રિમાસિક મુદત 45,000 એકમ

ચાલુ ત્રિમાસિક મુદતના વેચાણના80% અને આવતી ત્રિમાસિક મુદતના વેચાણના20% જેટલું ઉત્પાદન દરેક ત્રિમાસિક મુદત દરમિયાન કરવામાં આવે છે. સ્ટોકની વિગતોનીચે મુજબ છે.

	પેદાશ	કાચો માલ
1, જાન્યુઆરીના રોજ ખરેખર શરૂનો સ્ટોક	10,000 એકમ	10,000 કિલો
31, ડિસેમ્બરના રોજ અંદાજિત આખર સ્ટોક	16,250 એકમ	5,000 કિલો

પેદાશ Aના એક એકમના ઉત્પાદન માટે 2 કિલો કાચા માલની જરૂર પડે છે. કંપની કાચા માલની વાર્ષિક જરૂરિયાતની ખરીદી પહેલી ત્રણ ત્રિમાસિક મુદત દરમિયાનનીચે મુજબ કરવા માગે છે.

ત્રિમાસિક મુદત	ખરીદ જથ્થો (વાર્ષિક જરૂરિયાતના%)	કિંમત (કિલો દીઠ ▪)
I	30%	2
II	50%	3
III	20%	4

તૈયાર કરોઃ (1) ઉત્પાદન બજેટ (ત્રિમાસિક મુદત મુજબ)

(2) પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા બજેટ (ત્રિમાસિક મુદત મુજબ)

(3) પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ (ત્રિમાસિક મુદત મુજબ)

જવાબ 4:

વર્ષ 2020 દરમિયાન ઉત્પાદન

વિગત	**એકમ**
4 ત્રિમાસિક મુદત દરમિયાન અંદાજિત વેચાણ	1,53,750
ઉમેરોઃ અંદાજિત આખર સ્ટોક	16,250
	1,70,000
બાદઃ ખરેખર શરૂનો સ્ટોક	(10,000)
વર્ષ દરમિયાન અંદાજિત વેચાણ	1,60,000

2020 માટે ઉત્પાદન બજેટ

વિગત	**ત્રિમાસિક મુદત I એકમ**	**ત્રિમાસિક મુદત II એકમ**	**ત્રિમાસિક મુદત III એકમ**	**ત્રિમાસિક મુદત IV એકમ**
ત્રિમાસિક મુદત દરમિયાન વેચાણ	30,000	37,500	41,250	45,000
ચાલુ ત્રિમાસિક મુદતના વેચાણ માટે ઉત્પાદન (ચાલુ ત્રિમાસિક મુદતના વેચાણના ૮૦%)	24,000	30,000	33,000	36,000
આવતી ત્રિમાસિક મુદતના વેચાણ માટે ઉત્પાદન (આવતી ત્રિમાસિક મુદતના વેચાણના ૨૦%)	7,500	8,250	9,000	12,250*
ત્રિમાસિક મુદત દરમિયાન અંદાજિત ઉત્પાદન	31,500	38,250	42,000	48,250*

*ચોથી ત્રિમાસિક મુદતનું ઉત્પાદન (બાકીની રકમ તરીકે મેળવવી)

= વર્ષનું ઉત્પાદન – પહેલા ત્રણ ત્રિમાસિક મુદતનું ઉત્પાદન

= 1,60,000 – (31500 38250 42000)

= 48,250 એકમ

બજેટરી અંકુશ

2020 માટે પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા બજેટ

વિગત	ત્રિમાસિક મુદત I	ત્રિમાસિક મુદત II	ત્રિમાસિક મુદત III	ત્રિમાસિક મુદત IV	કુલ
અંદાજિત ઉત્પાદન (એકમ)	31,500	38,250	42,000	48,250	
પ્રત્યક્ષ માલસામાનની આવશ્યકતા (એકમદીઠ કિલો)	2	2	2	2	
પ્રત્યક્ષ માલસામાનની આવશ્યકતા (કિલો)	63,000	76,500	84,000	96,500	3,20,000

2020 દરમિયાન પ્રત્યક્ષ માલસામાનની ખરીદી

વગત	કિલો
પ્રત્યક્ષ માલસામાનની આવશ્યકતા	3,20,000
ઉમેરો: અંદાજિત આખર સ્ટોક	5,000
	3,25,000
બાદ: ખરેખર શરૂનો સ્ટોક	(10,000)
વર્ષ દરમિયાન અંદાજિત ખરીદી	3,15,000

2020 માટે પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ

વિગત	ત્રિમાસિક મુદત I	ત્રિમાસિક મુદત II	ત્રિમાસિક મુદત III	કુલ
ખરીદી (કુલ ખરીદીના%)	30%	50%	20%	
ખરીદી જથ્થો (કિલો)	94,500	1,57,500	63,000	3,15,000
ખરીદ કિંમત (કિલો દીઠ ₹)	2	3	4	
અંદાજિત ખરીદી (₹)	1,89,000	4,72,500	2,52,000	9,13,500

ઉદાહરણ ૫: વિવિધ કાર્યાત્મક બજેટ

એક કંપની બે પ્રકારના કાચા માલનુંનીચે મુજબ મિશ્રણ કરી M અને N બે પેદાશોનું ઉત્પાદન કરે છે.

પેદાશ M : માલ A – 60% માલ B – 40%

પેદાશ N : માલ C – 75% માલ D – 25%

તૈયાર પેદાશો M અને N™wt વજન તેમના કાચા માલના વજન જેટલું જ છે.

એવો અંદાજ છે કે માર્ચ માસ દરમિયાન પેદાશ સ્નું1000 કિલો અને પેદાશ દ્રનું5000 કિલો વેચાણ અનુક્રમે કિલો દીઠ ₹ 100 અને કિલો દીઠ ₹ 60 મુજબથશે.

માર્ચ માસ માટે શરૂઆતનો સ્ટોક અને આખર સ્ટોકનીચે મુજબ રહેશે.

	શરૂનો સ્ટોક (કિલો)	આખર સ્ટોક (કિલો)
A	200	160
B	100	80
C	1000	950
D	500	550
M	120	100
N	1000	1200

માર્ચ માસ દરમિયાન કાચા માલની કિલો દીઠ ખરીદ કિંમતનીચે મુજબ રહેવાનો અંદાજ છે.

A – ₹ 60 B – ₹ 50 C – ₹ 25 D – ₹ 45

માર્ચ માસ માટેનીચેના બજેટ તૈયાર કરો.

(1) વેચાણ બજેટ

(2) ઉત્પાદન બજેટ

(3) માલસામાન આવશ્યકતા બજેટ

(4) માલસામાન ખરીદ બજેટ

જવાબ 5:

વેચાણ બજેટ

વિગત	**પેદાશ M**	**પેદાશ N**	**કુલ**
અંદાજિત વેચાણ (કિલો)	1,000	5,000	
વેચાણ કિંમત (કિલો દીઠ ₹)	100	60	
અંદાજિત વેચાણ (₹)	1,00,000	3,00,000	4,00,000

ઉત્પાદન બજેટ

વિગત	**પેદાશ M**	**પેદાશ N**
અંદાજિત વેચાણ (કિલો)	1,000	5,000
ઉમેરો: આખર સ્ટોક	100	1,200
	1,100	6,200
બાદ: શરૂનો સ્ટોક	(120)	(1,000)
અંદાજિત ઉત્પાદન (કિલો)	980	5,200

બજેટરી અંકુશ

માલસામાન આવશ્યકતા બજેટ

વિગત	A	B	C	D
પેદાશ M (980 કિલો) માલ A:60% માલ B: 40%	588	392		
પેદાશ N (5200 કિલો) માલ C:75% માલ D:25%			3900	1300
માલસામાનની આવશ્યકતા(કિલો)	588	392	3900	1300

માલસામાન ખરીદ બજેટ

વિગત	A	B	C	D	કુલ
માલસામાનની આવશ્યકતા (ઉપર બજેટ મુજબ કિલો)	588	392	3900	1300	
ઉમેરોઃ આખર સ્ટોક (આપેલ)	160	80	950	550	
	748	472	4,850	1,850	
બાદઃ શરૂનો સ્ટોક (આપેલ)	(200)	(100)	(1,000)	(500)	
અંદાજિત ખરીદી (કિલો)	548	372	3,850	1,350	
ખરીદ કિંમત (કિલો દીઠ ₹)	60	50	25	45	
અંદાજિત ખરીદ મૂલ્ય (₹)	32,880	18,600	96,250	60,750	2,08,480

ઉદાહરણ ૬: વિવિધ કાર્યાત્મક બજેટ અને અંદાજિત ચોખ્ખી આવક

એક કંપની X, Y અને Z એમ ત્રણ પેદાશોનું ઉત્પાદન અને વેચાણ કરે છે. ૩૦ જૂન ૨૦૨૦ના રોજ પૂરી થતી ત્રિમાસિક મુદત માટે કંપની બજેટ તૈયાર કરવા માગે છે.નીચેની વિગતો મળી છે.

૧.	અંદાજિત વેચાણઃ	X	Y	Z
	વેચાણ (એકમ)	4,200	800	500
	વેચાણ કિંમત (એકમ દીઠ ₹)	500	850	1600
૨.	માલ અને મજૂરીની આવશ્યકતાઃ	X	Y	Z
	માલ P (એકમ દીઠ ઘન ફુટ)	0.5	1.2	2.5
	માલ Q (એકમ દીઠ ચોરસ મીટર)	0.25	-	-
	કુશળ કામદાર (એકમ દીઠ મિનિટ)	45	60	75

અર્ધ-કુશળ કામદાર (એકમ દીઠ મિનિટ) 15 15 30

૩. માલ અને મજૂરીની પડતરઃ

માલ P –₹ 500પ્રતિઘન ફુટ

માલ Q – ₹ 200પ્રતિ ચોરસ મીટર

કુશળ કામદાર – ₹ 60પ્રતિ કલાક

અર્ધ-કુશળ કામદાર – ₹ 48પ્રતિ કલાક

4. પરોક્ષ માલની પડતર – પ્રત્યક્ષ માલની પડતરના 8%

5. સ્થિર પરોક્ષ ખર્ચ - ₹ 50,000પ્રતિ માસ

6. અંદાજિત સ્ટોકઃ

	શરૂનો સ્ટોક	**આખર સ્ટોક**
X	400 એકમ	200 એકમ
Y	100 એકમ	300 એકમ
Z	50 એકમ	50 એકમ
P	600 ઘન ફુટ	650 ઘન ફુટ
Q	400 ચો મી	260 ચો મી

તૈયાર કરોઃ

(1) વેચાણ બજેટ

(૨) ઉત્પાદન બજેટ

(૩) પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ

(૪) પ્રત્યક્ષ મજૂર ખર્ચ બજેટ

(૫) ત્રણે પેદાશોની એકમ દીઠ ચલિત પડતર દર્શાવતું પત્રક

(૬) ત્રિમાસિક મુદતની અંદાજિત ચોખ્ખી આવક દર્શાવતું પત્રક

જવાબ 6:

વેચાણ બજેટ

વિગત	પેદાશ X	પેદાશ Y	પેદાશ Z	કુલ
અંદાજિત વેચાણ (એકમ)	4,200	800	500	
વેચાણ કિંમત (એકમદીઠ ₹)	500	850	1,600	
અંદાજિત વેચાણ (₹)	21,00,000	6,80,000	8,00,000	35,80,000

ઉત્પાદન બજેટ

વિગત	પેદાશ X	પેદાશ Y	પેદાશ Z
અંદાજિત વેચાણ (એકમ)	4,200	800	500
ઉમેરો: આખર સ્ટોક	200	300	50
	4,400	1,100	550
બાદ: શરૂનો સ્ટોક	(400)	(100)	(50)
અંદાજિત ઉત્પાદન (એકમ)	4,000	1,000	500

પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ

વિગત	માલ P (ઘન ફૂટ)	માલ Q (ચો મી)	કુલ
પેદાશ X (૪૦૦૦ એકમ) માલ P: 4000 × 0.5 માલ Q: 4000 × 0.25	2,000	1,000	
પેદાશ Y (૧૦૦૦ એકમ) માલ P:1000 ×1.2	1,200	-	
પેદાશ Z (500 એકમ) માલ P:500 × 2.5	1,250	-	
પ્રત્યક્ષ માલસામાનની આવશ્યકતા	4,450	1,000	
ઉમેરો: આખર સ્ટોક	650	260	
	5,100	1,260	
બાદ: શરૂનો સ્ટોક	(600)	(400)	
અંદાજિત ખરીદી	4,500	860	
ખરીદ કિંમત (₹)	500	200	
અંદાજિત ખરીદ મૂલ્ય (₹)	22,50,000	1,72,000	24,22,000

પ્રત્યક્ષ મજૂર ખર્ચ બજેટ

વિગત	કુશળ (કલાક)	અર્ધ-કુશળ(કલાક)	કુલ
પેદાશ X (૪૦૦૦ એકમ) કુશળ: 4000 × 45/60	3,000	1,000	

અર્ધ-કુશળ: 4000 x 15/60			
પેદાશ Y (૧૦૦૦ એકમ) કુશળ: 1000 × 60/60 અર્ધ-કુશળ: 1000 × 15/60	1,000	250	
પેદાશ Z (૫૦૦ એકમ) કુશળ: 500 × 75/60 અર્ધ-કુશળ: 500 × 30/60	625	250	
મજૂર કલાક	4,625	1,500	
મજૂરી દર (કલાક દીઠ ₹)	60	48	
અંદાજિત મજૂર ખર્ચ (₹)	2,77,500	72,000	3,49,500

એકમ દીઠ ચલિત પડતર દર્શાવતું પત્રક

વિગત	**પેદાશ X (₹)**	**પેદાશ Y(₹)**	**પેદાશ Z(₹)**
પ્રત્યક્ષ માલસામાન:			
પેદાશ X માલ P: 0.5 × ₹ 500 માલ Q: 0.25 × ₹ 200	250 50		
પેદાશ Y માલ P: 1.2 × ₹ 500		600	
પેદાશ Z માલ P: 2.5 × ₹ 500			1,250
પ્રત્યક્ષ મજૂરી:			
પેદાશ X કુશળ: 45/60 × ₹ 60 અર્ધ-કુશળ: 15/60 × ₹ 48	45 12		
પેદાશ Y કુશળ: 60/60 × ₹ 60 અર્ધ-કુશળ: 15/60 × ₹ 48		60 12	
પેદાશ Z કુશળ: 75/60 × ₹ 60 અર્ધ-કુશળ: 30/60 × ₹ 48			75 24
પરોક્ષ માલસામાન:			
પ્રત્યક્ષ માલની પડતરના 8%	24	48	100
એકમ દીઠ કુલ ચલિત પડતર	381	720	1,449

બજેટરી અંકુશ

30 જૂન 2020ના રોજ પૂરી થતી ત્રિમાસિક મુદતની અંદાજિત ચોખ્ખી આવક દર્શાવતું પત્રક

વિગત	પેદાશ X	પેદાશ Y	પેદાશ Z	કુલ
એકમ દીઠ વેચાણ કિંમત (₹)	500	850	1,600	
બાદ: એકમ દીઠ ચલિત પડતર (₹)	(381)	(720)	(1,449)	
એકમ દીઠ ફાળો (₹)	119	130	151	
વેચાણ (એકમ)	4,200	800	500	
કુલ ફાળો (₹)	4,99,800	1,04,000	75,500	6,79,300
બાદ: સ્થિર પરોક્ષ ખર્ચ (₹) (₹ 50,000 × 3 માસ)				1,50,000
અંદાજિત ચોખ્ખી આવક (₹)				5,29,300

- **સ્વાધ્યાય**

- સૈદ્ધાંતિક પ્રશ્નો :

1. બજેટરી અંકુશ એટલે શું? તેની વ્યાખ્યા આપો. કોઈ ધંધાકીય એકમ બજેટરી અંકુશ શા માટે અપનાવે છે તે જણાવો.
2. બજેટરી અંકુશની પદ્ધતિ સફળ થાય તે માટે ધંધાકીય એકમે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ, તે વિસ્તારપૂર્વક સમજાવો.
3. બજેટરી અંકુશ પદ્ધતિ અપનાવવી ધંધાકીય એકમને કઈ રીતે ફાયદાકારક છે? સમજાવો.
4. બજેટરી અંકુશની મર્યાદાઓ જણાવો.
5. ધંધાકીય એકમમાં બજેટિંગની પ્રક્રિયા વિસ્તારપૂર્વક સમજાવો.

- **ટૂંકનોંધ લખો.**

1. બજેટ સમિતિ
2. બજેટ મુદત
3. બજેટ માર્ગદર્શિકા
4. મુખ્ય બજેટ પરિબળ
5. પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા બજેટ
6. પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ
7. વેચાણ અને વિતરણ ખર્ચ બજેટ

- **MCQ:**

1. પ્રત્યક્ષ માલસામાન વપરાશ બજેટ અને પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ વચ્ચેના તફાવત માટે નીચેનામાંથી કયું કારણ હોઈ શકે?

(a) સામગ્રીનો સામાન્ય બગાડ (b) માણસો અને યંત્રોની કાર્યક્ષમતાનું સ્તર

(c) તૈયાર માલ સ્ટોકના સ્તરમાં ફેરફાર (d) કાચા માલના સ્ટોકના સ્તરમાં ફેરફાર

2. એક કંપનીનું એક માસનું અંદાજિત વેચાણ 15,000 એકમ છે. શરૂઆતનો અને આખરનો સ્ટોક અનુક્રમે 500 એકમ અને 1500 એકમ છે. ઉત્પાદિત એકમો પૈકી 20% નામંજૂર

(રિજેક્ટ) થાય છે. બજારમાં માંગને પહોંચી વળવા માટે કેટલા એકમોનું ઉત્પાદન કરવું જોઈએ?

(a) 12,800 એકમ (b) 16,000 એકમ (c) 19,200 એકમ (d) 20,000 એકમ

3. એક કંપની એપ્રિલ દરમિયાન 7,200 એકમના ઉત્પાદન અને 7,000 એકમના વેચાણનો અંદાજ ધરાવે છે. ઉત્પાદનના દરેક એકમ માટે 3 કિલો કાચો માલ જોઈએ છે. એપ્રિલમાં કાચા માલના શરૂઆતના અને આખરના સ્ટોક માટેના અંદાજો અનુક્રમે 1600 કિલો અને 2000 કિલો છે. એપ્રિલ માટે કાચા માલની ખરીદીનું બજેટ કેટલું રહેશે?

(a) 22,000 કિલો (b) 21,600 કિલો (c) 21,200 કિલો (d) 21,000 કિલો

- **વ્યાવહારિક પ્રશ્નો**

1. એક કંપની ત્રણ શાખાઓમાં A અને B એમ બે પેદાશોનું અનુક્રમે ₹ 90 અને ₹ 50 પ્રતિ એકમના ભાવે વેચાણ કરે છે. સેલ્સ મેનેજરે 2020-21ના વેચાણ (એકમ) માટે નીચે મુજબ અંદાજો આપ્યા છે.

	શાખા 1	**શાખા 2**	**શાખા 3**
પેદાશ A	60,000	50,000	30,000
પેદાશ B	70,000	80,000	20,000

મેનેજમેન્ટે સૂચન કર્યું છે કે જાહેરાતમાં વધારો કરી પેદાશ A ના વેચાણમાં શાખા 1 માં 20,000 એકમનો અને શાખા 2 માં 15,000 એકમનો વધારો કરી શકાશે. બંને પેદાશોનું શાખા 3 માં વેચાણ સંતોષકારક નથી, અને માર્કેટિંગમાં ફેરફારો કરી 25% વધારી શકાશે. વર્ષ 2020-21 માટે વેચાણ બજેટ તૈયાર કરો. **જવાબ:** વેચાણ A 1,82,500 એકમ; પેદાશ B 1,75,000 એકમ; કુલ વેચાણ ₹ 2,51,75,00

(રિજેક્ટ) થાય છે. બજારમાં માંગને પહોંચી વળવા માટે કેટલા એકમોનું ઉત્પાદન કરવું જોઈએ?

(a) 12,800 એકમ (b) 16,000 એકમ (c) 19,200 એકમ (d) 20,000 એકમ

3. એક કંપની એપ્રિલ દરમિયાન 7,200 એકમના ઉત્પાદન અને 7,000 એકમના વેચાણનો અંદાજ ધરાવે છે. ઉત્પાદનના દરેક એકમ માટે 3 કિલો કાચો માલ જોઈએ છે. એપ્રિલમાં કાચા માલના શરૂઆતના અને આખરના સ્ટોક માટેના અંદાજો અનુક્રમે 1600 કિલો અને 2000 કિલો છે. એપ્રિલ માટે કાચા માલની ખરીદીનું બજેટ કેટલું રહેશે?

(a) 22,000 કિલો (b) 21,600 કિલો (c) 21,200 કિલો (d) 21,000 કિલો

- **વ્યાવહારિક પ્રશ્નો**

1. એક કંપની ત્રણ શાખાઓમાં A અને B એમ બે પેદાશોનું અનુક્રમે ₹ 90 અને ₹ 50 પ્રતિ એકમના ભાવે વેચાણ કરે છે. સેલ્સ મેનેજરે 2020-21ના વેચાણ (એકમ) માટે નીચે મુજબ અંદાજો આપ્યા છે.

	શાખા 1	**શાખા 2**	**શાખા 3**
પેદાશ A	60,000	50,000	30,000
પેદાશ B	70,000	80,000	20,000

મેનેજમેન્ટે સૂચન કર્યું છે કે જાહેરાતમાં વધારો કરી પેદાશ A ના વેચાણમાં શાખા 1 માં 20,000 એકમનો અને શાખા 2 માં 15,000 એકમનો વધારો કરી શકાશે. બંને પેદાશોનું શાખા 3 માં વેચાણ સંતોષકારક નથી, અને માર્કેટિંગમાં ફેરફારો કરી 25% વધારી શકાશે. વર્ષ 2020-21 માટે વેચાણ બજેટ તૈયાર કરો. **જવાબ:** વેચાણ A 1,82,500 એકમ; પેદાશ B 1,75,000 એકમ; કુલ વેચાણ ₹ 2,51,75,00

2. એક કંપની ત્રણ પેદાશો P,Q અને Rનું ઉત્પાદન અને વેચાણ કરે છે.નીચે આપેલી વિગતો પરથી વર્ષ 2020-21 માટે ઉત્પાદન બજેટ તૈયાર કરો.

પેદાશ	અંદાજિત વેચાણ (એકમ)	અંદાજિત શરૂનો સ્ટોક (એકમ)	અંદાજિત આખર સ્ટોક (એકમ)
P	6,00,000	60,000	65,000
Q	4,00,000	22,000	18,000
R	3,50,000	30,000	30,000

જવાબ: ઉત્પાદન P 6,05,000 એકમ; Q 3,96,000 એકમ; R 3,50,000 એકમ

3. એક કંપનીએ 30 જૂન,2020ના રોજ પૂરી થતી ત્રિમાસિક મુદત દરમિયાન 5,00,000 એકમના વેચાણનો અંદાજ મૂક્યો છે, જે પૈકી એપ્રિલ, મે અને જૂન દરમિયાન અનુક્રમે 40%, 25% અને 35% વેચાણ થવાનો અંદાજ છે. અંદાજિત સ્ટોકનીચે મુજબ છે.

તારીખ	સ્ટોક (એકમ)
1, એપ્રિલ,2020	86,000
30, એપ્રિલ,2020	90,000
31, મે,2020	92,000
30, જૂન,2020	96,000

દરેક મહિને કેટલા એકમનું ઉત્પાદન કરવામાં આવે તે દર્શાવતું ઉત્પાદન બજેટ એપ્રિલથી જૂન માટે તૈયાર કરો.

જવાબ: ઉત્પાદન એપ્રિલ,2,04,000 એકમ; મે,1,27,000 એકમ; જૂન,1,79,000 એકમ

4. એક કંપની બે પેદાશો J અને Kનું ઉત્પાદન અને વેચાણ કરે છે. આવતા મહિનાના વેચાણના 50% જેટલો માલ કંપની દરેક માસને અંતે સ્ટોક તરીકે રાખવા માગે છે. કંપની એ બંને પેદાશો માટે અંદાજિત વેચાણ (એકમ)નીનીચે મુજબ વિગતો આપી છે.

માસ	એપ્રિલ	મે	જૂન	જુલાઈ	ઓગષ્ટ	સપ્ટેમ્બર	ઓક્ટોબર
પેદાશ J	900	1,100	1,400	1,800	2,200	2,200	1,800
પેદાશ K	2,900	2,900	2,500	2,100	1,700	1,700	1,900

એપ્રિલથી સપ્ટેમ્બર દરેક મહિનાનું ઉત્પાદન દર્શાવતું ઉત્પાદન બજેટ તૈયાર કરો.

જવાબ: ઉત્પાદન પેદાશ J એપ્રિલથી સપ્ટેમ્બર અનુક્રમે 1000, 1250, 1600, 2000, 2200, 2000 એકમ; પેદાશ K એપ્રિલથી સપ્ટેમ્બર અનુક્રમે 2900, 2700, 2300, 1900, 1700, 1800 એકમ

5. એક કંપની 2020-21 દરમિયાન પેદાશ Zના50,000 એકમના વેચાણનો અંદાજ કરે છે. પેદાશ Zના પ્રત્યેક એકમના ઉત્પાદન માટે માલ Aના2 એકમ અને માલ Bના3 એકમની જરૂર પડે છે. અંદાજિત શરૂનો અને આખર સ્ટોકનીચે મુજબ છે.

	શરૂનો સ્ટોક (એકમ)	આખર સ્ટોક (એકમ)
A	12,000	13,000
B	15,000	16,000
Z	10,000	14,000

કાચા માલની એકમ દીઠ ખરીદ કિંમતનીચે મુજબ રહેવાનો અંદાજ છે.

A – ₹ 5 B – ₹ 4

વર્ષ 2020-21 માટે પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ તૈયાર કરો.

ચજવાબ: ઉત્પાદન પેદાશ Z54,000 એકમ; ખરીદી માલ A 1,09,000 એકમ; માલ B1,63,000 એકમ; કુલ ખરીદી ₹ 11,97,000

6. એક કંપની બે પેદાશો X અને Yનું ઉત્પાદન અને વેચાણ કરે છે. તેણે વર્ષ 2020-21 માટેનીચેની વિગતો આપી છે.

	પેદાશ X	પેદાશ Y
અંદાજિત વેચાણ (એકમ)	20,000	30,000
શરૂનો સ્ટોક (એકમ)	4,000	8,000
આખર સ્ટોક (એકમ)	6,000	7,000
પ્રત્યક્ષ માલસામાનની પડતર (એકમ દીઠ ₹)	12	19
પ્રત્યક્ષ મજૂરીની પડતર (એકમ દીઠ ₹)	7	8
ઉત્પાદન શિરોપરી ખર્ચ (એકમ દીઠ ₹)	3	4

વર્ષ 2020-21 માટે ઉત્પાદન પડતર બજેટ તૈયાર કરો.

જવાબ: ઉત્પાદન પેદાશ X22,000 એકમ; પેદાશ રૂ 29,000 એકમ; ઉત્પાદન પડતર પેદાશ X₹ 4,84,000;પેદાશY₹ 8,99,000; કુલપડતર ₹ 13,83,000

બજેટરી અંકુશ

7. એક કંપની એ તેની પેદાશના અંદાજિત વેચાણ (એકમ) અંગે નીચેની વિગતો આપી છે.

માસ	એપ્રિલ	મે	જૂન	જુલાઈ	ઓગષ્ટ	સપ્ટેમ્બર	ઓક્ટોબર	નવેમ્બર
એકમ	12,000	13,000	9,000	8,000	10,000	12,000	14,000	12,000

પેદાશના પ્રત્યેક એકમના ઉત્પાદન માટે ૨ કિલો કાચા માલની જરૂર પડે છે, જે ભાવ કિલો દીઠ ₹ 5 છે.

કંપની દરેક માસને અંતેનીચે મુજબ સ્ટોક રાખવા માગે છે.

પેદાશ આવતા મહિનાના અંદાજિત વેચાણના 50% કાચો માલ આવતા મહિનાનો અંદાજિત વપરાશ એપ્રિલથી સપ્ટેમ્બર દરેક મહિના માટેનીચે મુજબ બજેટ તૈયાર કરો.

(1) ઉત્પાદન બજેટ

(2) પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા બજેટ

(3) પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ

જવાબ:

(1) ઉત્પાદન એપ્રિલથી ઓક્ટોબર અનુક્રમે 12500, 11000, 8500, 9000, 11000, 13000, 13000 એકમ (2) પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા એપ્રિલથી ઓક્ટોબર અનુક્રમે 25000, 22000, 17000, 18000, 22000, 26000, 26000 કિલો (3) પ્રત્યક્ષ માલસામાન ખરીદ એપ્રિલથી સપ્ટેમ્બર અનુક્રમે 22000, 17000, 18000, 22000, 26000, 26000 કિલો; કુલ ખરીદી ₹ 6,55,000

8. એક કંપની બે પ્રકારના કાચા માલનુંનીચે મુજબ મિશ્રણ કરી X અને Y બે પેદાશોનું ઉત્પાદન કરે છે.

પેદાશ X: માલ A – 80% માલ B – 20%

પેદાશ Y: માલ C – 50% માલ D – 50%

તૈયાર પેદાશો X અને Y™wt વજન તેમના કાચા માલના વજન જેટલું જ છે.

એવો અંદાજ છે કે જૂન માસ દરમિયાન પેદાશ X™wt60 ટન અને પેદાશ Y™wt200 ટન વેચાણ અનુક્રમે ટન દીઠ ₹ 1500 અને ટનદીઠ ₹ 500 મુજબથશે.

જૂન માસ માટે શરૂઆતનો સ્ટોક અને આખર સ્ટોકનીચે મુજબ રહેશે.

	શરૂનો સ્ટોક (ટન)	આખર સ્ટોક (ટન)
A	15	20
B	5	10
C	40	50
D	50	30
X	10	5
Y	50	60

જૂન માસ દરમિયાન કાચા માલની ટન દીઠ ખરીદ કિંમતનીચે મુજબ રહેવાનો અંદાજ છે.

A – ₹ 500 B – ₹ 400 C – ₹ 100 D – ₹ 200

જૂન માસ માટેનીચેના બજેટ તૈયાર કરો.

(1) વેચાણ બજેટ

(2) ઉત્પાદન બજેટ

(3) પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા બજેટ

(4) પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ

જવાબ: (૧) વેચાણ પેદાશ X 60 ટન ₹ 90000; પેદાશY200 ટન₹ 100000; કુલવેચાણ₹ 190000 (2) ઉત્પાદનપેદાશX55 ટન; પેદાશY 210 ટન(3)પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા માલA44 ટન; માલB 11 ટન; માલ C105 ટન; માલ D 105 ટન (4) પ્રત્યક્ષ માલસામાન ખરીદ માલ A49 ટન ₹ 24500; માલB 16 ટન₹ 6400; માલC115 ટન₹ 11500; માલD85 ટન₹ 17000; કુલખરીદી ₹ 59400

9. એક કંપની X, Y અને Z એવા ત્રણ કાચા માલનો ઉપયોગ કરી A,B અને C એમ ત્રણ પેદાશોનું ઉત્પાદન કરે છે. દરેક પેદાશના એક એકમના ઉત્પાદન માટે કાચા માલના કેટલા એકમનો વપરાશ થાય છે તેનીચે આપેલ છે.

પેદાશ	**X**	**Y**	**Z**
A	4	2	-
B	3	3	2
C	2	1	1

જુલાઈ માસના અંદાજિત વેચાણની વિગતોનીચે આપેલ છે.

પેદાશ	**A**	**B**	**C**
અંદાજિત વેચાણ (એકમ)	1,000	2,000	1,500
વેચાણ કિંમત (એકમ દીઠ ₹)	100	120	140

જુલાઈ માસ માટે શરૂઆતનો સ્ટોક અને આખર સ્ટોકનીચે મુજબ રહેશે.

	શરૂનો સ્ટોક (એકમ)	આખર સ્ટોક (એકમ)
A	1,000	1,100
B	1,500	1,650
C	500	550
X	10,000	8,000
Y	5,000	6,000
Z	3,000	2,500

જુલાઈ માસ દરમિયાન કાચા માલની એકમ દીઠ ખરીદ કિંમતનીચે મુજબ રહેવાનો અંદાજ છે.

X – ₹ 4 Y – ₹ 6 Z – ₹ 9

જુલાઈ માસ માટેનીચેના બજેટ તૈયાર કરો.

(1) વેચાણ બજેટ

(2) ઉત્પાદન બજેટ

(3) પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા બજેટ

(4) પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ

જવાબ:

(1) વેચાણ પેદાશ A1000 એકમ ₹ 100000;પેદાશB 2000 એકમ ₹ 240000;પેદાશC 1500 એકમ ₹ 210000; કુલવેચાણ₹ 550000 (2) ઉત્પાદનપેદાશA 1100 એકમ; પેદાશB 2150 એકમ;પેદાશC1550 એકમ (3)પ્રત્યક્ષ માલસામાન આવશ્યકતા માલX ૧૩૯૫૦ એકમ; માલ Y10200 એકમ; માલZ5850 એકમ (4) પ્રત્યક્ષ માલસામાન ખરીદ માલ X 11950 એકમ ₹ 47800; માલY 11200 એકમ ₹ 67200; માલZ5350 એકમ ₹ 48150; કુલખરીદી ₹ 163150

10. એક કંપની A, B અને C એમ ત્રણ પેદાશોનું ઉત્પાદન અને વેચાણ કરે છે. ઉત્પાદન માટે બે પ્રકારના માલ M અને N, અને કુશળ અને બિન-કુશળ મજૂરોની જરૂર પડે છે. સપ્ટેમ્બર દરમિયાન કંપની કુલ 17,600 એકમના વેચાણનો અંદાજ ધરાવે છે, જે પૈકી છ, B અને Cનું પ્રમાણ અનુક્રમે 8:2:1 રહેશે.નીચેની વિગતો મળી છે.

પેદાશ	A	B	C
વેચાણ કિંમત (એકમ દીઠ ₹)	130	230	400
માલ M (એકમ દીઠ કિલો)	0.50	1.2	2.5
માલ N (એકમ દીઠ કિલો)	0.25	-	-
કુશળ કામદાર (એકમ દીઠ કલાક)	4	6	8
બિન-કુશળ કામદાર (એકમ દીઠ કલાક)	2	2	3
ચલિત શિરોપરી ખર્ચ (એકમ દીઠ ₹)	20	40	60

સ્થિર શિરોપરી ખર્ચ ₹ 2,00,000પ્રતિ માસ છે.

માલ અને મજૂરીની પડતર:

માલ M – કિલો દીઠ ₹ 50

માલ N – કિલો દીઠ ₹ 40

કુશળ કામદાર – કલાક દીઠ ₹ 6

બિન-કુશળ કામદાર – કલાક દીઠ ₹ 5

અંદાજિત સ્ટોક:

	શરૂનો સ્ટોક	આખર સ્ટોક
A	1,500 એકમ	1,200 એકમ
B	500 એકમ	300 એકમ
C	250 એકમ	150 એકમ
M	2,600 કિલો	3,000 કિલો
N	1,125 કિલો	1,000 કિલો

સપ્ટેમ્બર માસ માટેનીચેના બજેટ અને પત્રકો તૈયાર કરો.

(1) વેચાણ બજેટ

(2) ઉત્પાદન બજેટ

(3) પ્રત્યક્ષ માલસામાન ખરીદ બજેટ

(4) પ્રત્યક્ષ મજૂર ખર્ચ બજેટ

(5) ત્રણે પેદાશોની એકમ દીઠ ચલિત પડતર દર્શાવતું પત્રક

(6) સપ્ટેમ્બર માસની અંદાજિત ચોખ્ખી આવક દર્શાવતું પત્રક

એકમ : 8 મૂડી બજેટીંગ

: રૂપરેખા :

8.1 પ્રાસ્તાવિક

8.2 મૂડી ખર્ચનું સ્વરૂપ અને લક્ષણો

8.3 મૂડી ખર્ચના હેતુઓ/ ઉદ્દેશો

8.4 મૂડી ખર્ચ બજેટનું મહત્વ

8.5 મૂડી ખર્ચ બજેટના મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિઓ

(A) પરત આપ સમય પદ્ધતિ

(B) વળતર દરની પદ્ધતિ

I. શેર દીઠ કમાણીની રીત

II. હિસાબી વળતર દરની રીત

(C) વટાવેલ રોકડ પ્રવાહની પદ્ધતિ

I. કુલ વર્તમાન મુલ્ય પદ્ધતિ

II. ચોખ્ખું વતર્માન મુલ્ય પદ્ધતિ

III. આંતરિક વળતર દરની પદ્ધતિ

IV. નફાકારકતાનો આંક

V. વટાવેલ પરત આપ સમય પદ્ધતિ

8.6 વ્યવહારૂ ઉદાહરણો

8.7 સ્વાધ્યાય

8.1 પ્રાસ્તાવિક

આજના મોટા પાયા પર ઉત્પાદન કરતાં મહાકાય ઔદ્યોગિક એકમો અને ઔદ્યોગિકરણ અંગેની નીતિને પરિણામે અન્ય ઘણા નાના મોટા ઔદ્યોગિક તેમજ વેપારી એકમો અસ્તિત્વમાં આવ્યાં છે. આ બધા એકમોને શરૂ કરવા, ચલાવવા અને લાંબાગાળા સુધી ટકાવી રાખવા મોટા પાયે મૂડીની જરૂરિયાત ઊભી થાય છે. પ્રાપ્ત કરેલી મૂડી બે ભાગમાં વહેંચાય છે. (1) કાયમી મૂડી (2) ચાલુ મૂડી

કાયમી મૂડી અથવા સ્થિર મૂડીનો ઉપયોગ કારખાના/કંપનીની મિલકતો ખરીદવામાં થાય છે. આવી મિલકતોમાં કારખાના, મકાન, પ્લાન્ટ અને યંત્રો, જરૂરી ફર્નિચર, માલની હેરફેર માટે, ટ્રક વિ. વાહનોનો સમાવેશ થાય છે. આ મિલકતોમાં કરેલું રોકાણ લાંબાગાળાનું રોકાણ છે અને તેમાં વારંવાર ફેરફાર થઇ શકતો નથી તેથી તેમાં જોખમનું તત્વ વધારે હોય છે. સંચાલકોએ ખૂબ સમજી વિચારીને પરિપક્વ નિર્ણય લેવો પડે છે. જેથી પાછળથી પસ્તાવું ન પડે.

મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ બંને કંપની માટે આવશ્યક છે. યંત્રની ખરીદી અને ગોઠવણી એ મૂડી ખર્ચ છે. પરંતુ એ જ યંત્રને ચલાવવા માટે જરૂરી વીજળીનો ખર્ચ એ મહેસૂલીખર્ચ છે. યંત્ર પર કામ કરતા કામદારોને અપાતું વેતન એ મહેસૂલી ખર્ચ છે. આમ બંને એકબીજાંના પુરક છે. બંને ની આવશ્યકતા ખુબ જ છે.

મૂડી ખર્ચ એ મોટા પાયે, લાંબાગાળા માટે રોકાણ માટેનો ખર્ચ હોવાથી અને એમાં ભાવિ અનિશ્ચિતતા તથા જોખમનું તત્વ વધુ હોવાથી તેના માટે નિર્ણય લેવા માટે સંચાલકો વિવિધ યોજના, પ્રોજેક્ટ વગેરેનું આગોતરૂ મૂલ્યાંકન કરેછે. જે કાર્ય માટે મૂડી ખર્ચ બજેટીંગ અથવા મૂડી બજેટીંગ ખૂબ ઉપયોગી અને માર્ગદર્શક નીવડે છે. આ અંગેની ચર્ચા હવે આપણે કરીશું.

8.2 મૂડી ખર્ચનું સ્વરૂપ અને લક્ષણો:

ધંધાકીય એકમમાં જે ખર્ચ થાય છે. તેના મુખ્યત્વે બે ભાગ પાડી શકાય.

(1) મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ

મહેસૂલી ખર્ચ નિયમિતપણે અને વારંવાર થતો ખર્ચ છે. તેની અસર ટૂંકાગાળાની હોય છે. જેવાં કે, વીજળીબત્તીનો ખર્ચ, પેટ્રોલ ડિઝલનો ખર્ચ, કારખાનાનું ભાડું, પગાર વિ. મહેસૂલી ખર્ચના ઉદાહરણો છે.

મૂડી ખર્ચ એ લાંબાગાળાનો ખર્ચ છે. એ ખર્ચ વારંવાર થતો નથી. એની અસર લાંબાગાળાની હોય છે. ઉદાહરણ તરીકે- કારખાના મકાન અંગેનો ખર્ચ, પ્લાન્ટ અને યંત્રોનો ખર્ચ, વાહનોની ખરીદી, ફર્નિચરની ખરીદી વિ. મૂડીખર્ચના ઉદાહરણો છે.

સાદી અને સરળ ભાષામાં મિલ્કતોની ખરીદી પાછળ થતો ખર્ચ એ મૂડી ખર્ચ છે. મૂડીખર્ચથી કારખાના ધમધમતા થાય છે. ઉત્પાદનક્ષમતા વધે છે,

ઉત્પાદન વધે છે, કર્મચારી કાર્યક્ષમતા વધે છે, વેચાણ વધે છે, નફો વધે છે. આમ, મૂડીખર્ચ લાંબાગાળાની અસર ઉપજાવે છે.

આથી મૂડીખર્ચ કરતી વખતે તર્કબદ્ધ વિચારણા કરી નિર્ણય લેવા અત્યંત જરૂરી છે. ઔદ્યોગિક એકમ પાસે મૂડીરોકાણ અંગે અનેક પ્રોજેક્ટ, યોજનાઓ, દરખાસ્ત વિચારણા માટે આવે છે. આથી મુડીખર્ચ અંગે રોકાણના નિર્ણય કરતી વખતે ખૂબ જ ચિવટ અને ધ્યાન રાખવું જરૂરી બને છે.

આથી જ કહેવાય છે કે રોકાણ અંગેના નિર્ણયો લેતી વખતે ખાસ ધ્યાન રાખવું પડે છે. કારણ કે આ નિર્ણયો લાંબે ગાળે પેઢીના વિકાસને તથા પેઢીના જોખમને અસર કરે છે.

મૂડી ખર્ચના લક્ષણો :

મૂડી ખર્ચના મુખ્ય લક્ષણો નીચે મુજબ ગણાવી શકાય.:

I. સ્થિર મિલ્કતોમાં લાંબાગાળાનું રોકાણ :
મૂડીખર્ચ સ્થિર મિલ્કતો ખરીદવા અને વસાવવા માટે થાય છે. મૂડીખર્ચનું આયુષ્ય લાંબાગળાનું હોય છે. કારણ કે, સ્થિર મિલ્કતોનું આયુષ્ય લાંબું હોય છે.

II. મોટી રકમનું રોકાણ: જમીન મકાન, પ્લાન્ટ યંત્રો, વાહનો, ફર્નિચર, ઓફિસ ફર્નિચર સાધનો માટેની ખરીદી માટે મોટી રકમનું રોકાણ કરવું પડે છે.

III. નાણાંકીય સાધનોની ફાળવણી : મોટા પાયે મુડીખર્ચ કરવાનું હોવાથી, સંચાલકોએ નાણાંકીય ભંડોળની શરૂઆતથી યોગ્ય ફાળવણી કરવી પડે છે. જો નાણાંકીય ભંડોળની પ્રાપ્તિનું આયોજન અયોગ્ય હોય તો સંચાલકોએ નુકસાન સહન કરવું પડે છે.

IV. રોકાણ પાછું ખેંચવું મુશ્કેલ: મૂડી ખર્ચમાં એકવાર રોકાણ કર્યા પછી તેમાં ફેરફાર કરવું અશક્ય છે અથવા મુશ્કેલ છે અને જો ફેરફાર કરવા શક્ય હોય તો પણ આર્થિક નુકસાન વેઠવું પડે છે.

V. મૂડી ખર્ચનો લાભ ભાવિ અનેક વર્ષો સુધી પ્રાપ્ત થાય છે. ઉત્પાદનમાં વધારો થાય છે. કાર્યક્ષમતા વધે છે, વેચાણ વધે છે અને નફો પણ વધે છે. આમ મૂડીખર્ચ કરવાથી વર્ષો સુધી તેના લાભ પ્રાપ્ત થાય છે અને લાંબાગાળાની અસર ઉપજાવે છે.

8.3 મૂડી ખર્ચના હેતુઓ/ઉદ્દેશો:

ધંધાદારી એકમો પોતાના આર્થિક અને બિન આર્થિક ધ્યેય સિદ્ધ કરવા માટે મૂડીખર્ચ કરે છે. આ પ્રકારના ધ્યેય અથવા હેતુ નીચે મુજબના છે.:

1. કેટલાંક ઔદ્યોગિક સાહસો પોતાની પ્રતિષ્ઠા જાળવવા અને તેમાં વધારો કરવા મૂડીખર્ચ કરે છે. જેમ કે, અદ્યતન ઓફીસનું બાંધકામ, ફૂલી ઓટોમેટીક યંત્રોની ગોઠવણી.
2. કામદારોને સંતોષ થાય અને સંતુષ્ટ રહે તે માટે કામદાર કલ્યાણ અંગેની યોજનાઓ જેવી કે તબીબી સારવાર માટે હૉસ્પિટલ કે કામદારોની સુવિધા માટે કેન્ટિનનું મકાન/ ફર્નિચર વી. માટે મૂડીખર્ચ કરવામાં આવે છે.
3. નવા વિકાસ કાર્યો માટે પણ મૂડીખર્ચ આવશ્યક બને છે.
4. પુનઃ સ્થાપનાની યોજના માટે મૂડીખર્ચ જરૂરી બને છે. જૂની યંત્ર સામગ્રી, જૂના પ્લાન્ટ ફર્નિચર વિ. ને સમયાંતરે બદલવા પડે છે. આ માટે નવા યંત્રો/પ્લાન્ટ/ફર્નિચર વગેરે ખરીદવા માટે મૂડીખર્ચ કરવો પડે છે.
5. કર્મચારી સંખ્યા ઘટાડવા અને કમ્પ્યુટરાઈઝેશન, સ્વયંસંચાલિત યાંત્રીકરણ કરવા અને નવી શોધાયેલી ટેકનૉલૉજી સાથે કદમ મિલાવવા માટે પણમૂડીખર્ચ આવશ્યક બને છે.
6. નવા બજારો શરૂ કરવા/નવી વસ્તુઓનું ઉત્પાદન અને માર્કેટિંગ કરવા માટે જરૂરી પ્રમાણમાં મુડીખર્ચ કરવો આવશ્યક બને છે.

8.4 મૂડી ખર્ચ બજેટનું મહત્વ:

મૂડી ખર્ચમાં મોટા પ્રમાણમાં મૂડી રોકાણ કરવું પડે છે. આ મૂડીરોકાણ લાંબાગાળાનું હોય છે અને તેમાં સામાન્ય રીતે ફેરફાર કરવો શક્ય નથી. આથી મૂડીખર્ચ અંગેના બજેટનું મહત્વ ઘણું જ વધી જાય છે. મૂડીખર્ચ બજેટને કારણે યોગ્ય રોકાણ કરવા માટે નિર્દેશ કરે છે. જેથી કરીને ભાવિ જોખમ અને અનિશ્ચિતતા ઘટે છે. જો એકવાર ખોટો મૂડીખર્ચ થઇ જાય તો તેમાંથી બહાર નીકળવું અઘરૂ અને અશકય છે અને જો તેમાંથી નીકળી જવાય તો પણ ઘણું મોટું આર્થિક નુકસાન વેઠવું પડે છે.

મૂડી ખર્ચના રોકાણ માટે નાણાં પ્રાપ્તિ કરવા માટેના સાધનોનું પણ મૂડી બજેટથી આગોતરૂ આયોજન શક્ય બને છે. મૂડીખર્ચના યોગ્ય અંદાજથી મૂડી પ્રાપ્તિમાં સરળતા અને સુવિધા રહે છે.

મૂડી ખર્ચ બજેટને કારણે યોજનામાંથી પ્રાપ્ત થતો રોકડ પ્રવાહ અને યોજનાની નફાકારકતાનો પણ અંદાજ મળી રહે છે ને વિવિધ યોજનાનું મૂલ્યાંકન કરી, શ્રેષ્ઠ યોજનાના સ્વીકારનો માર્ગ ખુલે છે.

8.5 મૂડીખર્ચ બજેટના મૂલ્યાંકનની પદ્ધતિઓ:

મૂડીખર્ચ એ લાંબાગાળાનું રોકાણ છે અને મૂડી ખર્ચ માટે એક કરતા વધુ વિકલ્પો પ્રાપ્ત હોય છે. આવા સમયે સંચાલકો માટે સૌથી વધુ સલામત અને ફાયદાકારક વિકલ્પ પસંદ કરવા માટેનો પડકાર આવે છે. પ્રાપ્ત વિકલ્પોમાંથી સૌથી સારો અને નફાકારક વિકલ્પ નક્કી કરવા માટે સંચાલકો પાસે નીચે મુજબની જુદી જુદી મૂલ્યાંકન પધ્ધતિઓ છે.

(A) પરત આપ સમય પદ્ધતિ

(B) વળતર દરની પદ્ધતિ

I. શેરદીઠ કમાણીની રીત

II. હિસાબી વળતર દરની પદ્ધતિ

(C) વટાવેલ રોકડ પ્રવાહની પદ્ધતિ

I. કુલ વર્તમાન મુલ્ય પદ્ધતિ

II. ચોખ્ખું વર્તમાન મુલ્ય પદ્ધતિ

III. આંતરિક વળતર દરની પદ્ધતિ

IV. નફાકારકતાનો આંક

V. વટાવેલ પરત આપ સમય પદ્ધતિ

ઉપરોક્ત તમામ મૂલ્યાંકન પદ્ધતિઓનો હવે વિગતવાર અભ્યાસ કરીએ.

(A) પરત આપ સમય પદ્ધતિ :

આ પદ્ધતિ તેના નામ મુજબ મૂળ રોકાણ કેટલાં સમયમાં પરત આવશે તેની ગણતરી કરે છે. આ પદ્ધતિખૂબ જૂની, સરળ અને ખુબ જ ઉપયોગમાં લેવાતી પદ્ધતિ છે.

જે યોજનાના પરત આપ સમય ઓછો હોય, તે યોજના સ્વીકારવા યોગ્ય ગણાય છે.

રોકડ પ્રવાહ, કરવેરા બાદ પરંતુ ઘસારા સહિતના ધ્યાનમાં લેવાનો રહે છે. કારણ કે ઘસારો બિનરોકડ ખર્ચ છે. પરત આપ સમયની ગણતરી સમજવા માટે ઉદા. 1 થી 5 નો અભ્યાસ કરો. પરત આપ સમય કેવી રીતે નક્કી થાય છે તેનો સ્પષ્ટ ખ્યાલ આ ઉદાહરણો પરથી આવશે.

પરત આપ સમય પદ્ધતિના ફાયદા :

1) આ પદ્ધતિખૂબ પ્રચલિત છે અને સરળ છે.
2) જ્યાં ટેકનૉલૉજીમાં ઝડપી ફેરફાર થતા હોય અને યંત્રો ઝડપથી અપ્રચલિત (Obsolete) થતા હોય ત્યાં આ પદ્ધતિ ખુબ જ ઉપયોગી છે. પરત આપ સમય જેટલો ઓછો તેટલું જોખમ ઓછુ.
3) મૂડીરોકાણની સલામતી જળવાઈ રહે છે. પરત આપ સમય દર્શાવે છે કે જે મૂડીરોકાણ કર્યું છે તે કેટલા સમયમાં પરત આવી જશે.
4) આ પદ્ધતિમાં રોકડપ્રવાહ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આથી રોકડ પ્રવાહના અંદાજોને કારણે કાર્યશીલ મૂડીનું સંચાલન પણ સરળ બને છે.
5) ટૂંકાગાળાના અંદાજો- રોકડપ્રવાહ, ઘસારો, કરવેરા, રોકડપ્રવાહનું વર્તમાન મૂલ્ય વિ. નિશ્ચિતપણે જાણી શકાય છે.
6) નાણાં ધીરનાર વર્ગ પણ ધિરાણ કરતી વખતે પ્રોજેક્ટનો પરત આપ સમય જાણવા ઈચ્છે છે. કારણ કે જેમ પરત આપ સમય ઓછો તેમ જોખમ ઓછું અને જો પરત આપ સમય વધુ હોય તો જોખમનું પ્રમાણ પણ વધી જાય છે.

પરત આપ સમયપદ્ધતિના ગેરફાયદા :

આ પદ્ધતિના નીચે મુજબના ગેરફાયદા છે.:

1) આ પદ્ધતિ પ્રોજેક્ટનું મૂળ રોકાણ કેટલા સમયમાં પરત મળશે તેનો જ વિચાર કરે છે. પ્રોજેક્ટ પૂરો થયે કેટલો નફો થશે તે બાબત અવગણે છે.
2) આ પદ્ધતિ રોકડ પ્રવાહ પર આધારિત છે. જો રોકડપ્રવાહના અંદાજો યોગ્ય ન હોય, ખોટા હોય તો પરત આપ, સમય પણ ખોટો બતાવશે.

3) રોકડ પ્રવાહના વર્તમાન મૂલ્યને અવગણે છે. હકીકતે રોકડ પ્રવાહ ના વર્તમાન મૂલ્યના આધારે પ્રોજેક્ટનું મૂલ્યાંકન થવું જોઈએ.

4) ફક્ત ટૂંકાગાળાને ધ્યાનમાં લે છે. કોઈ પ્રોજેક્ટ દસ વર્ષનું આયુષ્ય ધરાવતો હોય અને પ્રથમ ત્રણ વર્ષમાં મૂડી રોકાણ પરત આવી જતું હોય તો, પરત આપ સમય ત્રણ વર્ષ દર્શાવીને ત્યાં અટકી જાય છે. બાકીના સાત વર્ષ માટે આ પદ્ધતિ કાઇ વિચારતી નથી.

5) બે પ્રોજેક્ટના પ્રારંભિક રોકાણમાં ખૂબ મોટો તફાવત હોય ત્યારે પરત આપ સમય પધ્ધતિથી ગેરમાર્ગે દોરવાઈ જવાનો ભય રહે છે.

6) ભંગાર કિંમત ધ્યાનમાં લેવાતી નથી. હકીકતે ખુબ મોટા રોકાણ વાળી યોજનામાં ભંગાર કિંમત પણ ઘણી ઊંચી હોય છે. જેને કારણે પ્રોજેક્ટની નફાકારકતામાં સકારાત્મક ફેરફાર થતો હોય છે.

(B) વળતર દરની પધ્ધતિ:

I. શેરદીઠ કમાણી અથવા રૂપિયા દીઠ કમાણીની પદ્ધતિ:

મૂડીખર્ચ યોજનામાં રોકાણ સામે શેરદીઠ કેટલું વળતર મળશે કે રોકેલ રૂપિયા દીઠ કેટલી કમાણી થશે તે ધ્યાને લેવાય છે. દા.ત. પ્રોજેક્ટ 1 માં રૂ.1,00,000 નું રોકાણ કરી કુલ રૂ.1,80,000 મેળવીએ તો પ્રોજેક્ટ 1 ની રૂપિયા દીઠ કમાણી 1,80,000 /1,00,000 = 1.80 થશે.

પ્રોજેક્ટ 2 માં રૂ.60,000 રોકીને રૂ.90,000 મેળવીએ તો રૂપિયા દીઠ કમાણી 90,000/60,000=રૂ.1.50 થશે.

આ પદ્ધતિ એકંદરે યોજનામાંથી કેટલું વળતર મળશે તે દર્શાવે છે. સમયતત્વ અવગણે છે. જેમ કે ઉપરના ઉદાહરણમાં પ્રોજેક્ટ-1 દસ વર્ષનો હોય તો 10 વર્ષે 80 પૈસા એટલે કે એક વર્ષમાં આઠ પૈસા મળે. જ્યારે પ્રોજેક્ટ 2 પંચ વર્ષનો હોય તો પાંચ વર્ષે 50 પૈસા એટલે કે એક વર્ષે દસ પૈસા વળતર મળે છે. આમ સમયતત્વની ઉપેક્ષાને કારણે આ પદ્ધતિ બહુ ઉપયોગી સાબિત થતી નથી.

આ પદ્ધતિ બહુ પ્રચલિત નથી તેમજ ખાસ ઉપયોગી નથી તેથી તેની વધુ ચર્ચા અસ્થાને છે.

II. હિસાબી વળતર દરની પદ્ધતિ:

આ પદ્ધતિમાં સરેરાશ વળતરનો દર શોધવા માટે નીચે પ્રમાણેની ગણતરી આવશ્યક છે.

(*) વાર્ષિક સરેરાશ આવક: મૂડી ખર્ચ યોજનાના સમગ્ર આયુષ્ય દરમ્યાનની કુલ કમાણી/નફો શોધવામાં આવે છે. આ કમાણી ઘસારા અને કરવેરા બાદની કમાણી હોય છે. ત્યાર બાદ યોજના ના આયુષ્ય વર્ષથી કુલ કમાણી ભાગવામાં આવે છે અને તેમ કરતા સરેરાશ વાર્ષિક નફો/કમાણી મળે છે.

(*) સરેરાશ મૂડી રોકાણ: યોજનામાં કરેલું પ્રારંભિક રોકાણમાં ભંગાર કિંમત ઉમેરીને તેને બે (2) વડે ભાગવામાં આવે છે. જેથી સરેરાશ મૂડી રોકાણ મળે છે. ભંગાર કિંમત ન હોય તો પ્રારંભિક રોકાણને બે વડે ભાગીને સરેરાશ રોકાણ નક્કી કરવામાં આવે છે.

(*) ઉપરોક્ત બે ગણતરી થઇ ગયા બાદ નીચેના સૂત્રથી સરેરાશ હિસાબી વળતરનો દર પ્રાપ્ત થાય છે.

$$\text{સરેરાશ વળતર દર} = \frac{\text{સરેરાશ વાર્ષિક આવક}}{\text{સરેરાશ રોકાણ}} \times 100$$

ટકાવારીમાં મળતો સરેરાશ વળતર દર જેમ ઊંચો (વધુ) તેમ યોજના લાભકારક ગણવામાં આવે છે. જો પહેલેથી કટ ઓફ દર નક્કી કરેલ હોય તો કટ ઓફ દરથી વધુ દર વાળી યોજના સારી અને કટ ઓફ દરથી ઓછા દરની યોજના અસ્વીકાર્ય બને છે.

હિસાબી વળતર દર પધ્ધતિના ફાયદા:

1) આ પદ્ધતિમાં યોજનાના રોકડ પ્રવાહને બદલે ઘસારા અને કરવેરા બાદની ચોખ્ખી કમાણી ધ્યાનમાં લેવાતી હોવાથી યોજનાની નફાકારકતાનો ચોક્કસ અંદાજ પ્રાપ્ત થાય છે.
2) ઘસારો ખર્ચ તરીકે બાદ કરવામાં આવે છે. આથી કમાણીના આંકડા વધુ વિશ્વસનીય બને છે.
3) આ પદ્ધતિ સમજવામાં સરળ છે તેમ જ ઉપયોગમાં પણ ગુંચવાડા વિનાની સરળ છે.

4) બે કે વધારે પ્રોજેક્ટના સરેરાશ વળતર દરના આધારે પ્રોજેક્ટનું મૂલ્યાંકન સરળતાથી થઇ શકે છે.

5) આ પદ્ધતિમાં યોજનાના/પ્રોજેક્ટના બધા જ વર્ષના રોકડ પ્રવાહ અને કમાણીને ધ્યાનમાં લેવામાં આવે છે. જેથી યોજનાના સમગ્ર આયુષ્ય દરમ્યાનની કમાણીને ધ્યાનમાં લઇ સરેરાશ વળતર દર નક્કી કરવામાં આવે છે.

હિસાબી વળતર દર પદ્ધતિ ગેરફાયદા:

1) કમાણી અંગેના ભાવી અંદાજો સાચા ન પડે તો આ માહિતીના આધારે મેળવેલ સરેરાશ વળતર દર ગેરમાર્ગે દોરે છે.

2) નફાના વતર્માન મૂલ્યને અવગણે છે. હકીકતે જો કોઈ યોજના દસ વર્ષની હોય તો દસમાં વર્ષે થતો રૂ.1,00,000 ના નફાનું વર્તમાન મુલ્ય (હાલની કિંમત) ઘણી ઓછી થઈ જાય છે.

3) દરેક યોજનાનું મૂડી રોકાણ તથા આયુષ્ય જુદું જુદું હોવાથી સરેરાશ વળતર દર દ્વારા સરખામણી કરવી અયોગ્ય છે.

4) આ પદ્ધતિમાં જેનો સરેરાશ વળતર દર વધુ તે યોજના પસંદગી પામે છે. હકીકતે 'આદર્શ વળતર દર' નક્કી કરી તેનાથી વધુ વળતર આપતી યોજના સ્વીકારવી જોઈએ. પરંતુ જુદી જુદી યોજનાનો આદર્શ વળતર દર પણ જુદા હોઈ શકે. કારણ કે મૂડી રોકાણ અને આયુષ્ય જુદાંજુદાં હોવાથી સરેરાશ વળતર દર જુદો હોઈ શકે. સરેરાશ વળતર દર સમજવા માટે જુઓ ઉદા. 6 થી 10.

(C) વટાવેલ રોકડ પ્રવાહની પદ્ધતિ:

વટાવેલ રોકડ પ્રવાહની પદ્ધતિમાં વર્તમાન રોકાણની સામે ભવિષ્યમાં ઉદભવતા રોકડ પ્રવાહની વર્તમાન કિંમત ધ્યાનમાં લઈને પસંદગી કરવામાં આવે છે.

The prosess of Converting future cashflow into their present equivalent value is known as Discounted Cashflow.

જો કોઈ યોજનાનો ચોથા વર્ષનો રોકડ પ્રવાહ રૂ.1,00,000 હોય તો આજની તારીખે તે રૂ.1,00,000 ન ગણી શકાય. જો 10% વટાવ દરે

ગણતરી કરવામાં આવે તો તેનું વર્તમાન મુલ્ય રૂ.1,00,000 X 0.683 = રૂ.68,300 વતર્માન મૂલ્ય થાય અને આ આંકડો ધ્યાનમાં લેવાથી યોજનામાંથી મળતો લાભ યોગ્ય રીતે ગણી શકાય.

નોંધ: 10% વટાવ દરે ચોથા વર્ષનું રૂ.19 વર્તમાન મૂલ્ય 0.683 છે તે તેના તૈયાર કોષ્ટકમાંથી મળી રહે છે. અથવા નીચે મુજબના સૂત્રથી પણ મેળવી શકાય છે.

$$\text{વર્તમાન મુલ્ય} = \frac{\text{ભાવિ રોકડ પ્રવાહ}}{(1+\text{વ્યાજદર વર્ષ } 100)}$$

સામાન્ય રીતે પરીક્ષામાં જે વટાવ દર આપ્યો હોય તેના રૂ.1નું વર્તમાન મૂલ્ય આપી દેવામાં આવે છે.

વટાવેલ રોકડ પ્રવાહ પદ્ધતિ આધારિત નીચે મુજબની તેની અન્ય પદ્ધતિઓ (પેટા પદ્ધતિઓ) છે.

I. કુલ વર્તમાન મૂલ્ય પદ્ધતિ:

આ પદ્ધતિમાં તમામ વર્ષના રોકડ પ્રવાહનું આપેલ નિયત વટાવ દરે વર્તમાન મુલ્ય શોધવામાં આવે છે. રોકડ પ્રવાહ ઘસારા સંહિત પણ કરવેરા બાદનો ધ્યાનમાં લેવાય છે. જો બધા વર્ષના રોકડ પ્રવાહનું વર્તમાનમૂલ્ય મૂળ રોકાણ કરતાં વધુ હોય તો તે યોજના સ્વીકારવા યોગ્ય છે તેમ માનવામાં આવે છે.

એક ઉદાહરણની મદદથી આ બાબત સ્પષ્ટ થશે.

મૂડી રોકાણ: રૂ.1,00,000
ભંગાર કિંમત: શૂન્ય
આયુષ્ય: 5 વર્ષ
કરવેરા નોંધ: 50%

રોકડ પ્રવાહ: વર્ષ	1	2	3	4	5
	રૂ. 20,000	32,000	40,000	36,000	50,000

વટાવ દર: 10% લેખે કુલ વર્તમાનમૂલ્ય શોધો.

10% વટાવ દરે રૂ.1નું વર્તમાન મૂલ્ય = 0.909, 0.826, 0.751, 0.683 અને 0.621

પ્રથમ વર્ષનો રોકડ પ્રવાહ= 20,000- ઘસારો 20,000- કરવેરા શૂન્ય=20,000

બીજા વર્ષનો રોકડ પ્રવાહ=32,000- ઘસારો 20,000=12,000- કરવેરા 6,000

=6,000+20,000=26,000

ત્રીજા વર્ષનો રોકડ પ્રવાહ=40,000-ઘસારો 20,000=20,000- કરવેરા 10,000

= 10,000 + 20,000 = રૂ.30,000

ચોથા વર્ષનો રોકડ પ્રવાહ= 36,000- ઘસારો 20,000 =રૂ.16,000- કરવેરા 8,000

= રૂ.8,000 + 20,000 = રૂ.28,000

પાંચમા વર્ષનો રોકડ પ્રવાહ= 50,000-ઘસારો 20,000 =30,000 -કરવેરા 15,000

= 15,000 + 20,000 = 35,000

ઉપર મુજબ રોકડ પ્રવાહ ગણી લીધા બાદ વર્તમાન મૂલ્ય નીચે મુજબ શોધશે.

વર્ષ- 1 રોકડ પ્રવાહ રૂ.20,000 x 0.909 = રૂ.18,180

2 રોકડ પ્રવાહ રૂ.26,000 x 0.826 = રૂ.21,476

3 રોકડ પ્રવાહ રૂ.30,000 x 0.751 = રૂ.22,530

4 રોકડ પ્રવાહ રૂ.28,000 x 0.683 = રૂ.19,124

5 રોકડ પ્રવાહ રૂ.35,000 x 0.621 = રૂ.21,735

કુલ વર્તમાન મૂલ્ય રૂ.1,03,045

મૂળ રોકાણ રૂ.1,00,000 છે અને કુલ વર્તમાન મુલ્ય રૂ.1,03,045 છે જે મૂળ રોકાણ કરતા વધુ હોવાથી યોજના સ્વીકારી શકાય.

II. ચોખ્ખા વર્તમાન મૂલ્યની પધ્ધતિ:

ઉપર દર્શાવેલ કુલ વર્તમાન મૂલ્યમાંથી મૂળ રોકાણ બાદ કરવાથી ચોખ્ખું વર્તમાન મૂલ્ય મળે છે.

ઉપરના ઉદાહરણમાં:

કુલ વર્તમાન મૂલ્ય	રૂ.1,03,045
- પ્રારંભિક રોકાણ	રૂ.1,00,000
ચોખ્ખું વર્તમાન મૂલ્ય	રૂ.3,045

ચોખ્ખું વર્તમાન મૂલ્ય ધન (+) હોય તો યોજના સારી અને ઋણ (-) હોય તો અસ્વીકાર્ય બને છે.

III. આંતરિક વળતર દરની પદ્ધતિ:

આ પદ્ધતિ પણ વટાવેલ રોકડ પ્રવાહ પદ્ધતિનો એક પ્રકાર છે. આ પધ્ધતિ અનુસાર કોઈ પણ પ્રોજેક્ટના રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય બેકે વધુ વટાવ દરથી શોધવામાં આવે છે. એક વટાવ દર મુજબ ચોખ્ખું વર્તમાન મૂલ્ય + ધન આવવું જોઈએ અને બીજા ઊંચા વટાવ દર મુજબ ચોખ્ખું વર્તમાન મૂલ્ય– ઋણ આવવું જોઈએ. જેનો અર્થ એવો થાય કે યોજનાનો આંતરિક વળતર દર આ બે દર વચ્ચે છે. હવે આંતરિક વળતર દર શોધવા માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે.

$$\text{આંતરિક વળતર દર} = \text{નીચો દર} + \frac{\text{નીચા દર મુજબ વધારો}}{\text{નીચા દર મુજબ વધારો} + \text{ઉચા દર મુજબનો ઘટાડો}} \times (\text{ઉચો દર} - \text{નીચો દર})$$

આ સૂત્રના ઉપયોગથી ચોક્કસ આંતરિક વળતર દર મળી આવશે. આંતરિક વળતર દરથી એવું ફલિત થાય છે કે આ દરે રોકડ પ્રવાહનું વર્તમાન મુલ્ય અને મૂળ રોકાણ એકસરખું થાય છે.

જ્યારે ઉપલા વટાવ દરનો કોઈ નિર્દેશ ન આપવામાં આવ્યો હોય ત્યારે Trial and Error પદ્ધતિથી ઉપલા વટાવ દર ગણવો જોઈએ અને જ્યાં સુધી ચોખ્ખું વર્તમાન મૂલ્ય ઋણ – માં ન આવે ત્યાં સુધી ગણતરી કરવી આવશ્યક બને છે.

IV. નફાકારકતાનો આંક:

નફાકારકતાનો આંક લાભ/ખર્ચ ગુણોત્તર તરીકે પણ ઓળખાય છે.

નફાકારકતાનો આંક શોધવા કોઈપણ યોજના કે પ્રોજેક્ટનું કુલ વર્તમાન મૂલ્ય અંશમાં અને મૂળ રોકાણ છેદમાં દર્શાવાય છે. જો નફાકારકતાનો આંક 1 થી વધુ હોય તો યોજના સારી ગણાય છે અને આ આંક 1 થી ઓછો હોય તો યોજના અસ્વીકાર્ય બને છે.

આગળ (ii) માં આપેલ ઉદાહરણને ધ્યાને લઇ નફાકારકતાનો આંક નીચે મુજબ શોધશે.

$$\frac{\text{યોજનાનું રોકડ પ્રવાહનું કુલ વર્તમાન મૂલ્ય}}{\text{યોજનામાં રોકાણ}}$$

$$= \frac{1,03,045}{1,00,000} = 1.03 \text{ નફાકારકતાનો આંક}$$

v. વટાવેલ પરત આપ સમય પદ્ધતિ:

પરત આપ સમય પદ્ધતિના સુધારેલ સ્વરૂપ જેવી આ પદ્ધતિમાં પરત આપ સમય નક્કી કરતી વખતે રોકડ પ્રવાહ ના બદલે રોકડ પ્રવાહના વર્તમાન મૂલ્યને ધ્યાનમાં લઇ પરત આપ સમય નક્કી કરવામાં આવે છે. આગળ (ii) માં આપેલ ઉદાહરણમાં પ્રથમ વર્ષનો રોકડ પ્રવાહ રૂ.20,000 છે તેના બદલે 18,180 એજ રીતે બીજા વર્ષના રોકડ પ્રવાહ રૂ.26,000 ના સ્થાને 21,476 ધ્યાને લેવાશે. આથી પરત આપ મુદ્દતમાં વધારો થશે.

8.6 વ્યવહારૂ ઉદાહરણો:

ઉદા.1 આરતી લિ. રૂ.10,00,000ની કિંમતનું એક યંત્ર ખરીદવા ઈચ્છે છે. તેનું અંદાજી આયુષ્ય 5 વર્ષનું અંદાજેલ છે. ભંગાર કિંમત શૂન્ય છે. કરવેરા પહેલાનો અને ઘસારો બાદ કર્યા પછીનો અંદાજીત નફો (રોકડ પ્રવાહ) રૂ.4,00,000 નો છે. કરવેરાનો દર 50% છે. પરત આપ સમય શોધો.

ઉત્તર:	કરવેરા [પહેલાંનો રોકડ પ્રવાહ	રૂ.4,00,000
	બાદ: કરવેરા 50%	રૂ.2,00,000
	કરવેરા બાદનો રોકડ પ્રવાહ	રૂ.2,00,000
	+ઘસારો (10,00,000/ 5 વર્ષ)	રૂ.2,00,000
	વાર્ષિક રોકડ પરવાહ	રૂ.4,00,000

પરત આપ સમય: પહેલા વર્ષે રૂ.4,00,000 + બીજા વર્ષે રૂ.4,00,000

અને ત્રીજા વર્ષે $\frac{\text{રૂ}2,00,000}{\text{રૂ}.4,00,000} \times 12 = 6$ માસ

પરત આપ સમય = 2 વર્ષ અને 6 માસ

ઉદા.2 શ્રી ધર્મેશ લિમિટેડ રૂ.3,00,000 ના રોકાણ પ્રસ્તાવમાં દર વર્ષે નીચે મુજબનો રોકડ પ્રવાહ પ્રાપ્ત થાય છે.

રૂ.40,000	રૂ.50,000	રૂ.60,000	રૂ.75,000	રૂ.90,000
રૂ.60,000	રૂ.40,000	રૂ.20,000	રૂ.10,000	રૂ.5,000

પરત આપ સમય શોધો.

ઉત્તર:

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.	સંચિત રોકડ પ્રવાહ રૂ.
1	40,000	40,000
2	50,000	90,000
3	60,000	1,50,000
4	75,000	2,25,000
5	90,000	3,15,000
6	60,000	3,75,000
7	40,000	4,15,000
8	20,000	4,35,000
9	10,000	4,45,000
10	5,000	4,50,000

સંચિત રોકડ પ્રવાહની કોલમ જોતા ચાર વર્ષે રૂ.2,25,000 અને પાંચમા વર્ષે રૂ.3,15,000 થાય છે. આથી પરત આપ સમય ચાર વર્ષથી વધુ અને પાંચ વર્ષથી ઓછો હ હશે. પરત આપ સમય નીચે મુજબ ગણાશે.

4 વર્ષ + ($\frac{75,000}{90,000}$ x 12 માસ)

4 વર્ષ + 10 માસ

પરત આપ સમય: 4 વર્ષ 10 માસ

ઉદા.3 રૂ.8,00,000 ના મૂડી રોકાણવાળા પ્રોજેક્ટનું આયુષ્ય 16 વર્ષનું છે. ભંગાર કિંમત શૂન્ય છે. કરવેરાનો દર 50% છે.

ઘસારા અને કરવેરા પહેલાનો રોકડ પ્રવાહ: (પ્રથમ છ વર્ષનો)

પ્રથમ વર્ષ	રૂ.2,00,000
બીજું વર્ષ	રૂ.3,00,000
ત્રીજું વર્ષ	રૂ.2,50,000
ચોથું વર્ષ	રૂ.4,00,000
પાંચમું વર્ષ	રૂ.3,20,000
છઠ્ઠું વર્ષ	રૂ.4,50,000

ઉપરની માહિતી પરથી પરત આપ સમય શોધો.

ઉત્તર: પ્રથમ આપણે કરવેરા બાદ અને ઘસારા સંહિત રોકડ પ્રવાહની ગણતરી કરીએ.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.	કરવેરા 50% બાદનો રોકડ પ્રવાહ	રૂ.50000નો ઘસારા સહિત રોકડ પ્રવાહ	સંચિત રોકડ પ્રવાહ
1	2,00,000	1,00,000	1,50,000	1,50,000
2	3,00,000	1,50,000	2,00,000	3,50,000
3	2,50,000	1,25,000	1,75,000	5,25,000
4	4,00,000	2,00,000	2,50,000	7,75,000
5	3,20,000	1,60,000	2,10,000	9,85,000
6	4,50,000	2,25,000	2,75,000	12,60,000

સંચિત રોકડ પ્રવાહની કોલમ મુજબ ચાર વર્ષના અંતે રૂ.7,75,000 પ્રાપ્ત થાય છે. બાકીના રૂ.25,000 મેળવવા માટે પાંચમા વર્ષે નીચે મુજબ ગણતરી થશે.

25,000 x 12 માસ = 1.4286 માસ

2,10,000

પરત આપ સમય : 4 વર્ષ અને 1.4286 માસ

ઉદા.4 ભૂપેન્દ્ર લિમિટેડ તા.1-1-2020 ના રોજ યોજના દીઠ રૂ.10,00,000 રોકીને બે યોજના ઉભી કરે છે. ઘસારા પહેલાં યોજનામાંથી નીચે મુજબ વાર્ષિક રોકડ પ્રવાહ પ્રાપ્ત થાય છે.

વર્ષ	યોજના I રૂ.	યોજના II રૂ.
1	2,50,000	5,00,000
2	2,25,000	5,00,000
3	2,25,000	1,25,000
4	2,50,000	1,25,000
5	2,50,000	1,25,000

બંને યોજનાનો રોકાણ પરત આપ સમય શોધો.

ઉત્તર : બંને યોજનાનો રોકડ પ્રવાહ ઘસારા પહેલાનો આપેલ હોવાથી અને કરવેરાનો ઉલ્લેખ ન હોવાથી, આપેલ રોકડ પ્રવાહ જ ગણતરી માટે ધ્યાનમાં લેવાશે.

યોજના I, પ્રથમ ચાર વર્ષમાં રૂ.9,50,000 પ્રાપ્ત થશે. બાકીના રૂ.50,000 મેળવવા પાંચમા વર્ષે $\frac{₹50,000}{₹2,50,000} \times 12$ 2.4 માસ

યોજના I,4 વર્ષ 2.4 માસ પરત આપ સમય.

યોજના II માં પ્રથમ બે વર્ષમાં જ રૂ.10,00,000 પરત મેળવી શકાય છે. તેથી યોજના II નો પરત આપ સમય 2 વર્ષ

યોજના II સારી છે.

ઉદા.5 સ્ટિલ ઇન્ડિયા કોર્પો એક પ્રેસ રૂ.2,30,000 ની કિંમતે ખરીદે છે. આ અંગેનું અંદાજિત રોકડ પ્રવાહ નીચે મુજબ છે.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.
1	50,000
2	80,000
3	80,000
4	80,000
5	70,000
6	60,000
7	50,000

8	30,000
10	20,000

યંત્રનું આયુષ્ય: 10 વર્ષ

ભંગાર કિંમત: રૂ.30,000

ઘસારો: વાર્ષિક 10% લેખે મુ.કિ. પર

કરવેરાનો દર: 50%

પરત આપ સમય દર્શાવો.

ઉત્તર : રોકડ પ્રવાહ ઘસારા અને કરવેરા પહેલાનો છે તેવી ધારણા કરીને રોકડ પ્રવાહમાંથી ઘસારો રૂ.20,000 બાદ કરવામાં આવશે. તે પછીની રકમ પર 50% કરવેરા બાદ કરીને કરવેરા બાદના રોકડ પ્રવાહમાં ઘસારાની રકમ ઉમેરવામાં આવશે. સ્પષ્ટતા માટે પ્રથમ વર્ષની ગણતરી નીચે દર્શાવી છે.

	પ્રથમ વર્ષનો રોકડ પ્રવાહ	રૂ.50,000
-	ઘસારો	રૂ.20,000
		રૂ.30,000
-	કરવેરા 50%	રૂ.15,000
	કરવેરા બાદનો રો.પ્ર.	રૂ.15,000
+	ઘસારો	રૂ.20,000
	ગણતરીમાં લીધેલ રો.પ્ર.રૂ.35,000	

વર્ષ	કરવેરા બાદ/ઘસારા સહિતનો રોકડ પ્રવાહ રૂ.	સંચિત રોકડ પ્રવાહ રૂ.
1	35,000	35,000
2	50,000	85,000
3	50,000	13,5,000
4	50,000	1,85,000
5	45,000	2,30,000
6	40,000	2,70,000
7	35,000	3,05,000
8	30,000	3,35,000
9	25,000	3,60,000
10	20,000	3,80,000

સંચિત રોકડ પ્રવાહની કોલમ જોતા રૂ.2,30,000 પાંચમા વર્ષના અંતે પ્રાપ્ત થાય છે. તેથી આ પ્રોજેક્ટનો પરત આપ સમય 5 વર્ષનો ગણાશે.

ઉદા.6 એક પ્રોજેક્ટમાં રૂ.4,00,000 નું રોકાણ કરવામાં આવે છે. તેનું અંદાજિત આયુષ્ય 6 વર્ષનું છે અને ભંગાર કિંમત રૂ.40,000 ઉપજવાનો અંદાજ છે. સમગ્ર છ વર્ષ દરમ્યાનનો નફો

(ઘસારો અને કરવેરા બાદનો) રૂ.2,40,000 છે. સરેરાશ વળતર દર શોધો.

ઉત્તર: ઘસારા અને કરવેરા બાદનો નફો રૂ.2,40,0000 = રૂ.40,000 વાર્ષિક નફો
છ વર્ષ

$$\text{સરેરાશ રોકાણ} = \frac{\text{પ્રારંભિક રોકાણ + ભંગાર કિંમત}}{2}$$

$$= \frac{4,00,000+40,000}{2} = \text{રૂ.}2,20,000$$

$$\text{સરેરાશ વળતર દર} = \frac{\text{સરેરાશ વાર્ષિક નફો}}{\text{સરેરાશ રોકાણ}} \times 100 = \frac{40,000}{2,20,000} \times 100 = 18.18\%$$

ઉદા.7 રૂ.2,00,000ના મૂડી રોકાણ ધરાવતી એક યોજના કે જેની ભંગાર કિંમત શૂન્ય છે અને આયુષ્ય 5 વર્ષનું છે. વિચારણા હેઠળ છે. કરવેરાનો દર 50% છે અને ઘસારો સીધી લીટી પદ્ધતિથી કાપવામાં આવે છે. રોકડ પ્રવાહ (ઘસારા અને કરવેરા પહેલાનો) નીચે મુજબ છે.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.
1	40,000
2	44,000
3	60,000
4	64,000
5	80,000

સરેરાશ વળતર દર શોધો.

ઉત્તર: સરેરાશ વળતર દર શોધવા, સરેરાશ નફો શોધવો પડશે જે નીચે મુજબ પ્રાપ્ત થશે.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.	વાર્ષિક ઘસારો રૂ.	હિસાબી નફો રૂ.	50% કરવેરા	કરવેરા બાદનો નફો
1	40,000	40,000	-	-	-
2	44,000	40,000	4,000	2,000	2,000
3	60,000	40,000	20,000	10,000	10,000
4	64,000	40,000	24,000	12,000	12,000
5	80,000	40,000	40,000	20,000	20,000
5 વર્ષનો કુલ ચોખ્ખો નફો					રૂ.44,000

$$\text{વાર્ષિક સરેરાશ નફો} = \frac{\text{કુલ ચોખ્ખો નફો}}{\text{5 વર્ષ}}$$

$$= \frac{44,000}{5} = \text{રૂ.8,800}$$

$$\text{સરેરાશ રોકાણ} = \frac{\text{મૂળ રોકાણ} + \text{ભંગાર કિંમત}}{2}$$

$$= \frac{\text{રૂ}2,00,000+0}{2} = \text{રૂ.1,00,000}$$

$$\text{સરેરાશ વળતર દર} = \frac{\text{સરેરાશ વાર્ષિક નફો}}{\text{સરેરાશ રોકાણ}} \times 100$$

$$= \frac{\text{રૂ}8,800}{\text{રૂ.1,00,000}} \times 100$$

સરેરાશ વળતર દર = 8.8%

ઉદા.8 એક પ્રોજેક્ટની નીચેની માહિતી પરથી સરેરાશ વળતર દર શોધો.

પ્રોજેક્ટમાં રોકાણ રૂ.2,00,000

ઘસારો બાદ કર્યા પછી કુલ નફો રૂ.4,00,000

કરવેરાનો દર 50%

પ્રોજેક્ટનું આયુષ્ય 5 વર્ષ

ઉત્તર: ઘસારા બાદનો પાંચ વર્ષનો નફો ₹.4,00,000

- કરવેરા 50% લેખે ₹.2,00,000

ચોખ્ખો નફો (પાંચ વર્ષનો) ₹.2,00,000

સરેરાશ વાર્ષિક નફો = ₹.2,00,000 / 5 વર્ષ = ₹.40,000

સરેરાશ રોકાણ = (મૂળ રોકાણ + ભંગાર કિંમત) / 2

સરેરાશ રોકાણ = $\frac{₹2,00,000}{2}$ +0

સરેરાશ રોકાણ = ₹.1,00,000

સરેરાશ વળતર દર = સરેરાશ વાર્ષિક નફો X નફો / સરેરાશ રોકાણ

સરેરાશ વળતર દર = $\frac{₹40,000}{1,00,000} \times 100 = 40\,\%$

ઉદા.9 એક યોજનાનું બજેટ ₹.8,00,000 છે. આઠ વર્ષના આયુષ્યના અંતે ભંગાર કિંમત ₹.80,000 ઉપજશે. આઠ વર્ષ દરમ્યાન આ યોજનામાંથી કરવેરા અને ઘસારા બાદ ₹.4,80,000 નો નફો થાય છે. કરવેરાનો દર 50% છે અને ઘસારો સીધી લીટીની પદ્ધતિએ કાપેલ છે.

ઉપરની માહિતીના આધારે સરેરાશ વળતર દર શોધો.

ઉત્તર: સરેરાશ મૂડી રોકાણ = (મૂડી રોકાણ + ભંગાર કિંમત) / 2

= (8,00,000 + 80,000) / 2

= ₹.4,40,000

વાર્ષિક સરેરાશ નફો = 4,80,000 / 8 વર્ષ

= ₹.60,000

સરેરાશ વળતર દર = $\frac{\text{સરેરાશ વાર્ષિક નફો}}{\text{સરેરાશ રોકાણ}}$ X 100

= $\frac{60,000}{4,40,000}$ X 100

= 13.64% લગભગ

ઉદા.10 બલભદ્ર લિ. પાસે ચાર રોકાણ પ્રસ્તાવો છે જેની માહિતી નીચે મુજબ છે.

પ્રસ્તાવ	રોકાણ રૂ.	વળતર રૂ.			
		પ્રથમ વર્ષ	બીજું વર્ષ	ત્રીજું વર્ષ	કુલ
A	15,000	10,000	5,000	-	15,000
B	25,000	15,000	20,000	10,000	45,000
C	20,000	10,000	15,000	5,000	30,000
D	30,000	20,000	8,000	8,000	36,000

દરેક પ્રસ્તાવનો પરત આપ સમય અને સરેરાશ વળતર દર શોધો.

ઉત્તર: પરત આપ સમય

પ્રસ્તાવ A = બે વર્ષ

પ્રસ્તાવ B = 1 ½ વર્ષ

પ્રસ્તાવ C = 1 વર્ષ 8 માસ

પ્રસ્તાવ D = 2 વર્ષ 3 માસ

સરેરાશ વળતર દર:

પ્રસ્તાવ A = $\frac{\text{સરેરાશ નફો}}{\text{સરેરાશ રોકાણ}}$

સરેરાશ નફો = 15,000/2 = 7,500

સરેરાશ રોકાણ = $\frac{15,000 + 0 = 7,500}{2}$

સરેરાશ વળતર દર = $\frac{7,500 \text{ X } 100}{7,500}$ = 100%

પ્રસ્તાવ B = સરેરાશ નફો = 45,000/3 = રૂ.15,000

સરેરાશ રોકાણ = $\frac{25,000 + 0}{2}$ = રૂ.12,500

સરેરાશ વળતર દર= $\frac{15,000 \times 100}{12,500}$ = 120%

પ્રસ્તાવ C = સરેરાશ નફો – $\frac{30,000}{3}$ = રૂ.10,000

સરેરાશ રોકાણ = $\frac{20,000 + 0}{2}$ = રૂ.10,000

સરેરાશ વળતર દર = $10,000 \times \frac{100}{10,000}$ = 100%

પ્રસ્તાવ D = સરેરાશ નફો = $\frac{\text{રૂ. } 36,000}{3 \text{ વર્ષ}}$ = રૂ.12,000

સરેરાશ રોકાણ = $\frac{30,000 + 0}{2}$

સરેરાશ વળતર દર = $\frac{12,000 \times 100}{15,000}$

= 80%

ઉદા.11 સરેરાશ વળતર દર શોધો.

યોજનાનો કુલ ખર્ચ = રૂ.3,12,500

યોજનાનું આયુષ્ય = 5 વર્ષ

ભંગાર કિંમત અંદાજે= રૂ.62,500

ઘસારા બાદનો કુલ નફો રૂ.2,50,000

કરવેરાનો દર = 40%

ઉત્તર: ઘસારા બાદનો કુલ નફો= રૂ.2,50,000

બાદ: 40% લેખે કરવેરા= રૂ.1,00,000

પાંચ વર્ષનો કુલ નફો રૂ.1,50,000

$$\text{સરેરાશ વાર્ષિક નફો} = \frac{\text{રૂ.1,50,000}}{\text{5 વર્ષ}} = \text{રૂ.30,000}$$

$$\text{સરેરાશ રોકાણ} = \frac{\text{મૂળ રોકાણ + ભંગાર કિંમત}}{2}$$

$$= \frac{3,12,500+62,500}{2} = \text{રૂ.1,87,500}$$

$$\text{સરેરાશ વળતર દર} = \frac{\text{સરેરાશ વાર્ષિક નફો} \times 100}{\text{સરેરાશ રોકાણ}}$$

$$= \frac{30,000 \times 100}{1,87,500} = 16\%$$

ઉદા.12 મણિભદ્ર લિ. રૂ.5,00,000 ના મૂડી રોકાણ વાળો એક પ્રોજેક્ટ અંગે વિચાર કરે છે. આ પ્રોજેક્ટનું આયુષ્ય પાંચ વર્ષનું છે. ભંગાર કિંમત શૂન્ય છે. કરવેરાનો દર 50% ગણવાનો છે. ઘસારો સીધી લીટી પદ્ધતિએ ગણવાનો છે.

પ્રોજેક્ટમાંથી પ્રથમ પાંચ વર્ષ દરમ્યાન નીચેનો રોકડ પ્રવાહ પ્રાપ્ત થાય છે.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.
1	1,00,000
2	1,20,000
3	1,50,000
4	1,80,000
5	1,40,000

કંપની મૂડી પડતરનો દર 10% ઈચ્છે છે. ચોખ્ખા વર્તમાન મૂલ્યની પદ્ધતિથી પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરો.

10% ના વટાવ અવયવે રૂ.1 નું વર્તમાન મૂલ્ય:

0.909, 0.826, 0.751, 0.683 અને 0.621 છે.

ઉત્તર:

વર્ષ	આપેલ રોકડ પ્રવાહ	ઘસારો રૂ.	ઘસારા બાદ રોકડ પ્રવાહ	કરવેરા 50%	કરવેરા બાદ ઘસારા સહિત રો.પ્ર.	10% વટાવ દર વર્તમાન મૂલ્ય
1	1,00,000	1,00,000	-	-	1,00,000	90,900
2	1,20,000	1,00,000	20,000	10,000	1,10,000	90,860
3	1,50,000	1,00,000	50,000	25,000	1,25,000	93,875
4	1,80,000	1,00,000	80,000	40,000	1,40,000	95,620
5	1,40,000	1,00,000	40,000	20,000	1,20,000	74,520
કુલ વર્તમાન મૂલ્ય						4,45,725
પ્રારંભિક રોકાણ						5,00,000
ચોખ્ખું વર્તમાન મૂલ્ય						- 54225

ચોખ્ખું વર્તમાન મૂલ્ય ઋણ (-) છે તેથી યોજના અસ્વીકાર્ય છે.

ઉદા.13 એક પ્રોજેક્ટમાં રૂ.2,00,000 નું રોકાણ કરવામાં આવે છે. યોજનાનું આયુષ્ય છ વર્ષનું છે અને આયુષ્યના અંતે તેની ભંગાર કિંમત રૂ.20,000 છે. ઘસારો છ વર્ષ દરમ્યાન એકસરખો કાપવામાં આવેલ છે.

કરવેરાનો દર 50% અને મૂડી પડતરનો દર 12% ગણવાનો છે. પ્રથમ છ વર્ષનો રોકડ પ્રવાહ (ઘસારા અને કરવેરા પહેલાનો) નીચે મુજબ છે.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.
1	40,000
2	60,000
3	1,00,000
4	80,000
5	60,000
6	50,000

તમારે પ્રોજેક્ટનું કુલ વર્તમાન મૂલ્ય તથા ચોખ્ખું વર્તમાન મૂલ્ય દર્શાવવાનું છે.

આ ઉપરાંત પ્રોજેક્ટનો નફાકારકતાનો આંક અને સરેરાશ હિસાબી વળતર દર પણ શોધવાનો છે.

રૂ.1 નું 12%ના વટાવ દરે વર્તમાન મૂલ્ય નીચે મુજબ છે.

0.893, 0.797, 0.712, 0.636, 0.567 અને 0.507

ઉત્તર: વર્તમાન મૂલ્ય દર્શાવતો કોઠો

વર્ષ	આપેલ રોકડ પ્રવાહ	ઘસારો	ઘસારા બાદ નો રોકડ પ્રવાહ	કરવેરા 50% લેખે	કરવેરા બાદ અને ઘસારા સહીત રો.પ્ર.	રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય
1	40,000	30,000	10,000	5,000	35,000	31,255
2	60,000	30,000	30,000	15,000	45,000	35,865
3	1,00,000	30,000	70,000	35,000	65,000	46,280
4	80,000	30,000	50,000	25,000	55,000	34,980
5	60,000	30,000	30,000	15,000	45,000	25,515
6	50,000	30,000	20,000	10,000	40,000	20,280
ભંગાર કિંમત 20,000						10,140
કુલ વર્તમાન મૂલ્ય						2,04,315

(1) કુલ વર્તમાન મૂલ્ય રૂ.2,04,315

- શરૂઆતનું રોકાણ રૂ.2,00,000

ચોખ્ખું વર્તમાન મૂલ્ય રૂ.4315

ચોખ્ખું વર્તમાન મૂલ્ય રૂ.4315 ધન (+) છે તેથી યોજના સ્વીકારી શકાય.

(2) નફાકારકતાનો આંક = કુલ વર્તમાન મૂલ્ય

શરૂઆતનું રોકાણ

= 2,04,315

2,00,000

= 1.022 લગભગ

(3) સરેરાશ વળતર દર =

સરેરાશ રોકાણ = <u>શરૂનું રોકાણ + ભંગાર કિંમત</u>

2

$$= \frac{2,00,000 + 20,000}{2} = ₹.1,10,000$$

$$\text{સરેરાશ વાર્ષિક નફો} = \frac{\text{કુલ નફો}}{\text{છ વર્ષ}} = \frac{1,05,000}{6} = 17,500 \text{ ₹.}$$

$$\text{સરેરાશ વળતર દર} = \frac{\text{સરેરાશ વાર્ષિક નફો} \times 100}{\text{સરેરાશ રોકાણ}}$$

$$= \frac{17,500 \times 100}{1,10,000}$$

= 15.91% લગભગ

ઉદા.14 એક કંપની ₹.2,50,000 ના મૂડી રોકાણવાળી, 5 વર્ષના આયુષ્ય ધરાવતી એક મશીનરી ખરીદવા ઈચ્છે છે.

ચોખ્ખા રોકડ પ્રવાહનો અંદાજ નીચે મુજબ છે.

વર્ષ	રોકડ પ્રવાહ ₹.
1	1,25,000
2	1,25,000
3	1,00,000
4	1,00,000
5	50,000

કંપનીનો વટાવ દર 20% છે. 20% ના વટાવ અવયવે ₹.1નું વર્તમાન મૂલ્ય નીચે મુજબ છે.

વર્ષ	વતર્માન મૂલ્ય
1	0.833
2	0.694
3	0.569
4	0.482
5	0.402

વર્તમાન મૂલ્યપદ્ધતિ અનુસાર યંત્રનું મૂલ્યાંકન કરો.

ઉત્તર: અહીં ચોખ્ખો રોકડ પ્રવાહ આપેલ છે તેથી ગણતરી માટે તેજ રોકડ પ્રવાહના આંકડા ધ્યાનમાં લેવાશે.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.	રૂ.1નું વર્તમાન મૂલ્ય	રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય
1	1,25,000	0.833	10,4125
2	1,25,000	0.694	86,750
3	1,00,000	0.569	56,900
4	1,00,000	0.482	48,200
5	50,000	0.402	20,100
કુલ વર્તમાન મૂલ્ય રૂ.			3,16,075
મૂળ રોકાણ રૂ.			2,50,000
ચોખ્ખું વર્તમાન મૂલ્ય રૂ.			66,075

ચોખ્ખું વર્તમાન મૂલ્ય રૂ.66075 ધન (+) છે તેથી આ યંત્ર ખરીદવું ફાયદાકારક છે.

જ્યારે કુલ વર્તમાન મૂલ્ય, મૂળ રોકાણ કરતા વધુ હોય ત્યારે પ્રોજેક્ટ સ્વીકારવા યોગ્ય ગણાય.

ઉદા.15 એક કંપની એક યંત્ર ખરીદવાનો વિચાર કરે છે. જે અંગેની નીચેની માહિતી ઉપલબ્ધ છે.

યોજનામાં રોકાણ રૂ.3,00,000

રોકડ પ્રવાહ: વર્ષ-1 રૂ.1,60,000

વર્ષ-2 રૂ.1,40,000

વર્ષ-3 રૂ.1,00,000

વટાવ દરના 15% અને 20% દરની મદદ વડે આંતરિક વળતર દર શોધો. 15%ના વટાવ દરે ચોખ્ખું વર્તમાન મૂલ્ય અને નફાકારકતાનો આંક પણ દર્શાવો.

રૂ.1નું વર્તમાન મૂલ્ય: 15%ના દરે 0.870, 0.756 અને 0.657

20% વટાવ દરે 0.833, 0.694 અને 0.579

ઉત્તર: 15% વટાવ દરે અને 20% વટાવ દરે વર્તમાન મૂલ્ય દર્શાવતો કોઠો.

વર્ષ	રોકડ પ્રવાહ	15% વટાવ દર		20% વટાવ દર	
		વટાવ અવયવ	વર્તમાન મૂલ્ય	વટાવ અવયવ	વર્તમાન મૂલ્ય
1	1,60,000	0.870	1,39,200	0.833	1,33,280
2	1,40,000	0.756	1,05,840	0.694	97,160
3	1,00,000	0.657	65,700	0.579	57,900
કુલ વર્તમાન મૂલ્ય			3,10,740		2,88,340
- શરૂનું રોકાણ			3,00,000		3,00,000
ચોખ્ખું વર્તમાન મૂલ્ય			+10,740		-11,660

ચોખ્ખું વર્તમાન મૂલ્ય 15% વટાવ દરે +10,740 અને 20% વટાવ દરે -11,660 છે. તેથી આંતરિક વળતરનો દર 15% થી વધુ અને 20% થી ઓછો હશે.

આંતરિક વળતર દર :

$$\text{નીચો દર} + \frac{\text{નીચેના દર મુજબ વધારો}}{\text{નીચેના દરનો વધારો+ ઉપરના દરનો ઘટાડો}} \times (\text{ઉપરનો દર-નીચેનો દર})$$

$$15 + \frac{10,740}{10,740+11,660} \times (20-15)$$

$$15 + \frac{10,740}{22,400} \times 5$$

$$15 + \frac{53,700}{22,400}$$

$$15 + 2.397$$

આંતરિક વળતર દર = 17.397 અથવા 17.4 લગભગ

15% વટાવ દરે ચોખ્ખું વર્તમાન મૂલ્ય રૂ.10,740 ધન (+) છે તેથી પ્રસ્તાવ સ્વીકારવા યોગ્ય છે.

$$\text{નફાકારકતાનો આંક} = \frac{\text{કુલ વર્તમાન મૂલ્ય}}{\text{કુલ રોકાણ}}$$

નફાકારકતાનો આંક = 3,10,740

3,00,000

નફાકારકતાનો આંક = 1.0358

ઉદા.16 પદ્માવત લિ. પાસે મૂડી રોકાણની ત્રણ દરખાસ્તો આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

વિગત	પ્રસ્તાવ-1	પ્રસ્તાવ-2	પ્રસ્તાવ-3
મૂડી રોકાણ રૂ.	40,000	36,000	60,000
કરવેરા બાદ પરંતુ ઘસારા પહેલાનો રોકડ પ્રવાહ			
વર્ષ – 1	11,200	13,000	12,000
વર્ષ – 2	12,000	13,000	20,000
વર્ષ – 3	16,000	13,000	24,000
વર્ષ – 4	16,000	13,000	32,000

મૂડી ખર્ચ 12% ધારીને ચોખ્ખા વર્તમાન મૂલ્ય અને નફાકારકતાના આંક મુજબ ત્રણેય પ્રસ્તાવોનું મૂલ્યાંકન કરો.

12% વટાવ દરે રૂ.1નું વર્તમાન મૂલ્ય:

0.893, 0.797, 0.712 અને 0.636

ઉત્તર: 12% વટાવ દરે ત્રણેય પ્રસ્તાવોનું વર્તમાન મૂલ્ય દર્શાવતો કોઠો.

વર્ષ	12% દરે વટાવ અવયવ	પ્રસ્તાવ- 1		પ્રસ્તાવ- 2		પ્રસ્તાવ- 3	
		રોકડ પ્રવાહ રૂ.	વર્તમાન મૂલ્ય રૂ.	રોકડ પ્રવાહ રૂ.	વર્તમાન મૂલ્ય રૂ.	રોકડ પ્રવાહ રૂ.	વર્તમાન મૂલ્ય રૂ.
1	0.893	11,200	10,002	13,000	11,609	12,000	10,716
2	0.797	12,000	9,564	13,000	10,361	20,000	15,940
3	0.712	16,000	11,392	13,000	9,256	24,000	17,088
4	0.636	16,000	10,176	13,000	8,268	32,000	20,352
કુલ વર્તમાન મૂલ્ય			41,134		39,494		64,096
- શરૂનું રોકાણ			40,000		36,000		60,000
ચોખ્ખું વર્તમાન મૂલ્ય			1,134		3,494		4,096

ચોખ્ખા વર્તમાન મૂલ્યની દ્રષ્ટિએ ત્રણેય પ્રસ્તાવનું ચોખ્ખું વર્તમાન મૂલ્ય + ધન છે. તેથી સ્વીકારવા યોગ્ય સૌથી સારો પ્રસ્તાવ – 3 ગણી શકાય.

નફાકારકતાનો આંક = $\frac{\text{કુલ વર્તમાન મૂલ્ય}}{\text{કુલ રોકાણ}}$

પ્રસ્તાવ-1	$\frac{41,134}{40,000}$	= 1.028
પ્રસ્તાવ-2	$\frac{39,494}{36,000}$	= 1.097
પ્રસ્તાવ-3	$\frac{64,096}{60,000}$	= 1.068

ઉદા.17 જ્યોતિ લિમિટેડ પાસે બે યંત્રો A અને B ખરીદવાનો વિકલ્પ છે. બંનેની કિંમત રૂ.2,00,000 છે. બંનેનું આયુષ્ય પાંચ વર્ષનું છે. ભંગાર કિંમત શૂન્ય છે. કરવેરાનો દર 50% છે. કંપનીએ મૂડી પડતરનો દર 12% નિયત કરેલ છે.

બંને યંત્રોના ઘસારા અને કરવેરા પહેલાનો રોકડ પ્રવાહ નીચે મુજબ છે.

વર્ષ	યંત્ર A રૂ.	યંત્ર B રૂ.
1	1,12,000	1,36,000
2	1,36,000	96,000
3	80,000	80,000
4	56,000	72,000
5	72,000	48,000

નીચેની પદ્ધતિનો ઉપયોગ કરી યંત્રનું મૂલ્યાંકન કરો.

(1) પરત આપ સમય

(2) સરેરાશ વળતર દર

(3) ચોખ્ખા વર્તમાન મૂલ્ય આધારે.

12% વટાવ અવયવે રૂ.1 નું વર્તમાન મૂલ્ય:

0.893, 0.797, 0.712, 0.636, 0.567

ઉત્તર: યંત્ર Aના વર્તમાન મૂલ્યની ગણતરી દર્શાવતો કોઠો.

વર્ષ	રોકડ પ્રવાહ	ઘસારો	ઘસારા બાદ રો.પ્ર.	50% કરવેરા બાદ રો.પ્ર.	કરવેરા બાદ ઘસારા સહિત રો.પ્ર.	રો.પ્ર.નું વર્તમાન મૂલ્ય
1	1,12,000	40,000	72,000	36,000	76,000	67,868
2	1,36,000	40,000	96,000	48,000	88,000	70,136
3	80,000	40,000	40,000	20,000	60,000	42,720
4	56,000	40,000	16,000	8,000	48,000	30,528
5	72,000	40,000	32,000	16,000	56,000	31,572
કુલ વર્તમાન મૂલ્ય						2,43,004

યંત્ર A:

1. પરત આપ સમય=પ્રથમ બે વર્ષનો રો.પ્ર. 76,000 + 88,000 = રૂ.1,64,000

બાકીના 36,000 માટે ત્રીજા વર્ષના

$$\frac{36,000}{60,000} \times 12 \text{ માસ} = 7.2 \text{ માસ}$$

પરત આપ સમય= 2 વર્ષ અને 7.2 માસ

2. સરેરાશ વળતર દર=

$$\text{સરેરાશ વાર્ષિક નફો} = \frac{\text{કુલ નફો}}{\text{વર્ષ}}$$

$$= \frac{1,28,000}{5 \text{ વર્ષ}} = \text{રૂ.}25,600$$

$$\text{સરેરાશ રોકાણ} = \frac{2,00,000 + 0}{2} = \text{રૂ.}1,00,000$$

$$\text{સરેરાશ વળતર દર} = \frac{\text{સરેરાશ વાર્ષિક નફો} \times 100}{\text{સરેરાશ રોકાણ}}$$

$$= \frac{25,600 \times 100}{1,00,000}$$

સરેરાશ વળતર દર = 25.6%

3. ચોખ્ખું વર્તમાન મૂલ્ય= 2,43,004-2,00,000 = રૂ.43,004

યંત્ર B ના વર્તમાન મૂલ્યની ગણતરી દર્શાવતો કોઠો

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.	ઘસારો રૂ.	ઘસારા બાદ નો રો.પ્ર.	50%ટેક્ષ બાદનો રો.પ્ર.	ટેક્ષ બાદ પણ ઘસારા સહિત રો.પ્ર.	રો.પ્ર.નું વર્તમાન મૂલ્ય
1	1,36,000	40,000	96,000	48,000	88,000	78,584
2	96,000	40,000	56,000	28,000	68,000	54,136
3	80,000	40,000	40,000	20,000	60,000	42,720
4	72,000	40,000	32,000	16,000	56,000	35,616
5	48,000	40,000	8,000	4,000	44,000	24,948
કુલ વર્તમાન મૂલ્ય					3,16,000	2,36,064

1. પરત આપ સમય= પ્રથમ બે વર્ષમાં 1,56,000 વસૂલ થાય છે.

   બાકીના રૂ.44000 માટે ત્રીજા વર્ષમાં $\frac{44,000 \times 12 \text{ માસ}}{60,000} = 8.8 \text{ માસ}$

   પરત આપ સમય 2 વર્ષ 8.8 માસ

2. સરેરાશ વળતર દર=

   સરેરાશ વાર્ષિક નફો= $\frac{\text{રૂ.}1,16,000}{5 \text{ વર્ષ}} = \text{રૂ.}23,200$

   સરેરાશ રોકાણ = $\frac{2,00,000 + 0}{2} = \text{રૂ.}1,00,000$

   સરેરાશ વળતર દર= $\frac{23,200 \times 100}{1,00,000} = 23.2\%$

3. ચોખ્ખું વર્તમાન મૂલ્ય= 2,36,064 – 2,00,000 = રૂ.36,064

   ત્રણેય પદ્ધતિ મુજબ યંત્ર A નફાકારક સાબિત થાય છે.

ઉદા.18 સોમનાથ લિ. રૂ.6,00,000 માં એક ઓટોમેટિક યંત્ર ખરીદે છે. તેનું આયુષ્ય ચાર વર્ષનું છે. ભાવિ કરવેરા બાદની કમાણી નીચે મુજબ છે. મૂડી પડતરનો દર 10% ગણવાનો છે.

વર્ષ	કરવેરા બાદની કમાણી
1	1,00,000
2	1,00,000
3	1,00,000
4	1,00,000

ઉપરની માહિતીના આધારે:

1) પરત આપ સમય
2) સરેરાશ વળતર દર
3) ચોખ્ખું વતર્માન મૂલ્ય
4) નફાકારકતાનો આંક
5) વટાવેલ પરત આપ સમયની ગણતરી કરો.

10% વટાવ દરે રૂ.1નું વર્તમાન મુલ્ય:

0.909, 0.826, 0.751, 0.683, 0.621

ઉત્તર: પ્રશ્નમાં કરવેરા બાદની કમાણી આપેલ છે. તેથી તેમાં ઘસારાની રકમ ઉમેરવી પડશે. જેથી ચોખ્ખો રોકડ પ્રવાહ પ્રાપ્ત થશે. ઘસારો= રૂ.6,00,000/4 વર્ષ = રૂ.1,50,000 દર વર્ષે ઉમેરાશે.

વર્તમાન મુલ્ય દર્શાવતો કોઠો

વર્ષ	કરવેરા બાદની કમાણી	ઘસારો રૂ.	ઘસારા સહિત કમાણી	વર્તમાન મુલ્ય	સંચિત વર્તમાન મુલ્ય
1	1,00,000	1,50,000	2,50,000	2,27,250	2,27,850
2	1,00,000	1,50,000	2,50,000	2,06,500	4,33,750
3	1,00,000	1,50,000	2,50,000	1,87,750	6,21,500
4	1,00,000	1,50,000	2,50,000	1,70,750	7,92,250
વર્તમાન મૂલ્ય					7,92,250

પરત આપ સમય : પ્રથમ બે વર્ષમાં રૂ.5,00,000 વસૂલ થાય. બાકીના રૂ.1,00,000 માટે ત્રીજા વર્ષના 1,00,000 X 12 = 4.8 માસ

2,50,000

પરત આપ સમય: 2 વર્ષ 4.8 માસ

1) સરેરાશ વળતર દર:

સરેરાશ વાર્ષિક નફો = $\frac{\text{ચાર વર્ષની કરવેરા બાદની કમાણી}}{\text{ચાર વર્ષ}}$

= $\frac{4,00,000}{4 \text{ વર્ષ}}$ = રૂ.1,00,000

સરેરાશ રોકાણ= $\frac{\text{પ્રારંભિક રોકાણ + ભંગાર કિંમત}}{2}$

= $\frac{6,00,000 + 0}{2}$ = રૂ.3,00,000

સરેરાશ વળતર દર= $\frac{\text{સરેરાશ વાર્ષિક નફો X 100}}{\text{સરેરાશ રોકાણ}}$

= $\frac{1,00,000 \text{ X } 100}{3,00,000}$

= 33 1/3%

2) ચોખ્ખું વર્તમાન મૂલ્ય = કુલ વર્તમાન મૂલ્ય– મૂડી રોકાણ

= 7,92,250 – 6,00,000

ચોખ્ખું વર્તમાન મૂલ્ય = 1,92,250

3) નફાકારકતાનો આંક = $\frac{\text{કુલ વર્તમાન મૂલ્ય}}{\text{પ્રારંભિક રોકાણ}}$

= $\frac{7,92,250}{6,00,000}$ = 1.32

4) વટાવેલ પરત આપ સમય=

કોષ્ટકની છેલ્લી કોલમ જોતા પ્રથમ બે વર્ષમાં રૂ.4,33,750 પ્રાપ્ત થાય છે.

બાકીના રૂ.1,66,250 મેળવવા માટે $\frac{1,66,250 \text{ X } 12 \text{ માસ}}{1,87,750}$

= 1,06,258 માસ

વટાવેલ પરત આપ સમય = 2 વર્ષ અને 10.63 માસ આવશે.

ઉદા.19 મયુરપંખ લિમિટેડ, પરસ્પર નિવારક, એવી મૂડી રોકાણની બે દરખાસ્તો તપાસી રહી છે. જેની નીચેની વિગતો ઉપલબ્ધ છે.

વિગત	દરખાસ્ત A	દરખાસ્ત B
મૂડી રોકાણ રૂ.	1,04,000	78,000
ભંગાર કિંમત રૂ.	8,000	8,000
અંદાજી આયુષ્ય	4 વર્ષ	5 વર્ષ
ઘસારો	સીધી લીટી પદ્ધતિ	સીધી લીટી પદ્ધતિ
કરવેરાનો દર	50%	50%
મૂલ્યાંકનનો કટ ઓફ દર	12%	12%
ઘસારા અને કરવેરા પહેલાંની કમાણી	રૂ.	રૂ.
પ્રથમ વર્ષ	32,000	24,000
બીજું વર્ષ	40,000	28,000
ત્રીજું વર્ષ	48,000	32,000
ચોથું વર્ષ	60,000	36,000
પાંચમું વર્ષ	-	30,000

1) ચોખ્ખું વર્તમાન મૂલ્ય દર્શાવો.
2) નફાકારકતાનો આંક અને
3) આંતરિક વળતર દરની પદ્ધતિનો ઉપયોગ કરી કઈ દરખાસ્ત સ્વીકારવા યોગ્ય છે તે અંગે સલાહ આપો.

વર્ષ	રૂ.1 નું વર્તમાન મૂલ્ય	
	12% વટાવ દરે	15% વટાવ દર
1	0.893	0.870
2	0.797	0.756
3	0.712	0.658
4	0.636	0.572
5	0.567	0.497

ઉત્તર: દરખાસ્ત A અંગે ગણતરી

રોકડ પ્રવાહના 12% અને 15% વટાવ દરે વર્તમાન મૂલ્યદર્શાવતો કોઠો.

વર્ષ	આપેલ રોકડ પ્રવાહ રૂ.	ઘસારો રૂ.	ઘસારા બાદ રોકડ પ્રવાહ	50% કરવેરા બાદ રો.પ્ર.	ઘસારા સહિત કરવેરા બાદ રોકડ પ્રવાહ	12% વટાવ દરે વર્તમાન મૂલ્ય	15% વટાવ દરે વર્તમાન મૂલ્ય
1	32,000	24,000	8,000	4,000	28,000	25,004	24,360
2	40,000	24,000	16,000	8,000	32,000	25,504	24,192
3	48,000	24,000	24,000	12,000	36,000	25,632	23,688
4	60,000	24,000	36,000	18,000	42,000	31,800	28,600
ભંગાર કિંમત					8,000		
કુલ વર્તમાન મુલ્ય						1,07,940	1,00,840

1) દરખાસ્ત A નું ચોખ્ખું વર્તમાન મૂલ્ય: 12% વટાવ દરે :

	કુલ વર્તમાન મૂલ્ય	રૂ.1,07,940
-	મૂડી રોકાણ	રૂ.1,04,000
	ચોખ્ખું વર્તમાન મૂલ્ય	રૂ.3,940

2) 12% વટાવ દરે નફાકારકતાનો આંક = વર્તમાન મૂલ્ય રૂ.1,07,940 / મૂડી રોકાણ રૂ. 1,04,000

= 1.038

4) આંતરિક વળતર દર:

$$\text{નીચેનો દર} + \frac{\text{નીચેના દર મુજબ વધારો X (ઉપરનો દર-નીચેનો દર)}}{\text{નીચેના દરનો વધારો + ઉપલા દરનો ઘટાડો}}$$

$$12 + \frac{3940}{3940 + 3160 \text{ X } (15-12)}$$

$$12 + \frac{3940 \text{ X } 3}{7100}$$

12 + 1.66 = 13.66% આંતરિક વળતર દર

દરખાસ્ત B અંગેની ગણતરી

રોકડ પ્રવાહના 12% તથા 15% વટાવ અવયવે વર્તમાન મૂલ્ય દર્શાવતો કોઠો.

વર્ષ	આપેલ રોકડ પ્રવાહ રૂ.	ઘસારો રૂ.	ઘસારા બાદ રોકડ પ્રવાહ	50% કરવેરા બાદ રો.પ્ર.	કરવેરા બાદ/ ઘસારા સહિત રોકડ પ્રવાહ	12% વટાવ દરે વર્તમાન મૂલ્ય	15% વટાવ દરે વર્તમાન મૂલ્ય
1	24,000	14,000	10,000	5,000	19,000	16,967	16,530
2	28,000	14,000	14,000	7,000	21,000	16,737	15,876
3	32,000	14,000	18,000	9,000	23,000	16,376	15,134
4	36,000	14,000	22,000	11,000	25,000	15,900	14,300
5	30,000	14,000	16,000	8,000	22,000	17,010	14,910
					8,000		
+ ભંગાર કિંમત							
કુલ વર્તમાન મૂલ્ય						82,990	76,750

1. 12% વટાવ દરે ચોખ્ખું વર્તમાન મૂલ્ય=

	કુલ વર્તમાન મૂલ્ય	રૂ.82,990
-	મૂળ રોકાણ	રૂ.78,000
	ચોખ્ખું વર્તમાન મૂલ્ય	રૂ.4,990

2. 12% વટાવ દરે નફાકારકતાનો આંક = $\frac{\text{કુલ વર્તમાન મૂલ્ય}}{\text{મૂડી રોકાણ}}$

= $\frac{82,990}{78,000}$ = 1.064

આંતરિક વળતર દર : (સૂત્ર A માં દર્શાવ્યાં મુજબ)

$$12 + \frac{4{,}990}{4{,}490 + 1{,}250} \times (15 - 12)$$

$$12 + \frac{4{,}990 \times 3}{6{,}240}$$

12 + 2.399 =14.399 i.e.14.4 લગભગ

ત્રણેય પદ્ધતિએ દરખાસ્ત B સારી નફાકારક અને સ્વીકારવાયોગ્ય છે.

ઉદા. 20

કરિશ્મા લિમિટેડ એક પ્રોજેક્ટ માટે વિચારે છે. આમાટે તેની પાસે બે પ્રોજેક્ટ છે.પ્રોજેક્ટ -1 અને પ્રોજેક્ટ – 2

દરેકમાં રોકાણ રૂ.૩,૦૦,૦૦૦ નું છે.આયુષ્ય પાંચ વર્ષનું છે ઘસારો સરખા હપ્તાની પદ્ધતિથી કાપવાનો છે અને કરવેરાનો દર 50% છે.

ઘસારા અને કરવેરા પહેલાનો રોકડ પ્રવાહનો અંદાજ નીચે મુજબ છે

વર્ષ	પ્રોજેક્ટ – 1	પ્રોજેક્ટ – 2
1	1,50,000	1,20,000
2	1,50,000	1,20,000
3	1,20,000	1,20,000
4	1,20,000	1,20,000
5	60,000	1,20,000

ઉપરની વિગતો પરથી નીચેની પદ્ધતિઓ વડે બને પ્રોજેક્ટનું મુલ્યાંકન કરો

(1) પરત આપ સમય પદ્ધતિ

(2) સરેરાશ હિસાબ વળતર દર પદ્ધતિ

(3) ચોખા વર્તમાન મૂલ્ય (10% વટાવ દરે) પદ્ધતિ

10% વટાવ દરે રૂ.1 નું વર્તમાન મૂલ્ય પ્રથમ પાંચ વર્ષ માટે નીચે મુજબ છે.

0.909,0.826,0751,0.683 અને 0.621

ઉત્તર : ઘસારાની ગણતરી :

પ્રોજેક્ટ – 1 $\frac{3,00,000}{5\text{વર્ષ}}$= રૂ.60,000

પ્રોજેક્ટ –2 $\frac{3,00,000}{5\text{વર્ષ}}$=રૂ.60,000

રોકડ પ્રવાહ અને વર્તમાન મૂલ્યની ગણતરી દર્શાવતું કોષ્ટક

પ્રોજેક્ટ – 1

વર્ષ	આપેલ રોકડ પ્રવાહ રૂ	ઘસારો રૂ.	ઘસારા બાદ રોકડ પ્રવાહ	બાદ કરવેરા 50%	કરવેરા બાદની કમાણી	ઘસારા સહિત કરવેરા બાદ રોકડ પ્રવાહ	વટાવ અવયવ	રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ
1	1,50,000	60,000	90,000	45,000	45,000	10,500	0.909	95,445
2	1,50,000	60,000	90,000	45,000	45,000	10,500	0.826	86,730
3	1,20,000	60,000	60,000	30,000	30,000	90,000	0.751	67,590
4	1,20,000	60,000	60,000	30,000	30,000	90,000	0.683	61,470
5	60,000	60,000	_	_	_	60,000	0.621	37,260

કરવેરા બાદની કુલ કમાણી 1,50,000

કુલ વર્તમાન મૂલ્ય 3,48,495

પ્રોજેક્ટ - 2

1	1,20,000	60,000	60,000	30,000	30,000	90,000	0.909	81,810
2	1,20,000	60,000	60,000	30,000	30,000	90,000	0.826	74,340
3	1,20,000	60,000	60,000	30,000	30,000	90,000	0.751	67,590
4	1,20,000	60,000	60,000	30,000	30,000	90,000	0.683	61,470
5	1,20,000	60,000	60,000	30,000	30,000	90,000	0.621	55,890

કરવેરા બાદની કુલ કમાણી 1,50,000

કુલ વર્તમાન મૂલ્ય 3,41,100

(1) પરત આપ સમય

પ્રોજેક્ટ – 1 રૂ.3,00,000 નું રોકાણ પરત મેળવવા માટે પ્રથમ બે વર્ષનો રોકડ પ્રવાહ રૂ.10,500+ રૂ.10,500 = રૂ.2,10,000 અને બાકીના 90,000 ત્રીજા વર્ષના રોકડ પ્રવાહ રૂ.90,000 માંથી પ્રાપ્ત થશે આમ પરત આપ સમય : 3 વર્ષ પુરા

પ્રોજેક્ટ – 2

પ્રથમ ત્રણ વર્ષનો કુલ રોકડ પ્રવાહ રૂ.2,70,000 થશે બાકીના રૂ.30,000 મેળવવા ચોથા વર્ષના $\frac{30,000}{90,000} \times 12$ માસ=4 માસ

પરત આપ સમય : 3 વર્ષ 4 માસ

નોંધ : પરત આપ સમય મુજબ પ્રોજેક્ટ – 1 સારો છે

(2) સરેરાશ હિસાબ વળતર દર પધ્ધતિ :

$$\text{સરેરાશ વાર્ષિક નફો} = \frac{\text{કરવેરા બાદની કુલ કમાણી}}{\text{વર્ષ}}$$

પ્રોજેક્ટ – 1 = $\frac{1,50,000}{5\text{વર્ષ}}$= રૂ.30,000

પ્રોજેક્ટ – 2 = $\frac{1,50,000}{5\text{વર્ષ}}$= રૂ.30,000

$$\text{સરેરાશ રોકાણ} = \frac{\text{પ્રારંભિક રોકાણ} + \text{ભંગાર કિંમત}}{2}$$

પ્રોજેક્ટ – 1 = $\frac{3,00,000}{2} + 0 =$ રૂ.1,50,000

પ્રોજેક્ટ – 2 = $\frac{3,00,000}{2} + 0 =$ રૂ.1,50,000

$$\text{સરેરાશ વળતર દર} = \frac{\text{સરેરાશ વાર્ષિક નફો} \times 10}{\text{સરેરાશરોકાણ}}$$

પ્રોજેક્ટ – 1 $\frac{30,000}{1,50,000} \times 100$ = 20%

પ્રોજેક્ટ – 2 $\frac{30,000}{1,50,000} \times 100$ = 20%

સરેરાશ વળતર દર મુજબ બંને યોજના એક સરખી લાભ દાયક છે.સરેરાશ વળતર દર બંને પ્રોજેક્ટનો સરખો છે.

(3) ચોખ્ખુંવર્તમાનમૂલ્ય = કુલવર્તમાન મૂલ્ય – પ્રારંભિક રોકાણ

પ્રોજેક્ટ – 1 =રૂ.3,48,495 – રૂ. 3,00,000

ચોખ્ખુ વર્તમાન મૂલ્ય =રૂ 48,495

પ્રોજેક્ટ – 2 =રૂ.3,41,100 – રૂ. 3,00,000

ચોખ્ખું વર્તમાન મૂલ્ય =રૂ 41,100

પ્રોજેક્ટ – 1 નું ચોખ્ખુ વર્તમાન મૂલ્ય પ્રોજેક્ટ – 2 કરતાં વધુ છે માટે પ્રોજેક્ટ – 1 ફાયદાકારક છે.

8.7 સ્વાધ્યાય

(I) **સૈદ્ધાંતિક પ્રશ્નો :**

1. મૂડી ખર્ચ દરખાસ્તના મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિઓ તેના લાભાલાભ સાથે સમજાવો.

2. રોકાણ પ્રસ્તાવોની ચકાસણી માટેની વિવિધ પદ્ધતિઓની તુલનાત્મક ચર્ચા કરો.

3. પરત આપ સમય પદ્ધતિ ઉદાહરણ સહિત સમજાવી તેના લાભ અને મર્યાદાઓ સમજાવો.શું આ પદ્ધતિ રોકાણ પ્રસ્તાવના મુલ્યાંકન માટે શ્રેષ્ઠ છે ?

4. પ્રોજેક્ટનાં મૂલ્યાંકન માટેની આંતરિક વળતર દર પદ્ધતિસમજાવો

5. સરેરાશ હિસાબી વળતર દરની પદ્ધતિ ઉદાહરણ સાથે સમજાવો. શું આ પદ્ધતિથી પ્રોજેક્ટની નફાકારકના જાણી શકાય છે ?

6. "મૂડીખર્ચ દરખાસ્ત ની મૂલ્યાંકન પદ્ધતિઓમાં 'વટાવેલ રોકડ પ્રવાહ પદ્ધતિ' શ્રેષ્ઠ છે" શું તમે આ વિધાન સાથે સહમત છે ?

7. ટૂંકનોધ લખો :

(i) વટાવેલ રોકડ પ્રવાહ પદ્ધતિ

(ii) પરત આપ સમય પદ્ધતિ

(iii) મૂડી બજેટનું મહત્વ

(iv) આંતરિક વળતર દર પદ્ધતિ

(v) નફાકારકતનો આંક

(vi) સરેરાશ વળતર દર

(viii) ચોખ્ખું વર્તમાન મૂલ્ય

(II) બહુવિકલ્પી પ્રશ્નો :

1. 'વટાવ અવયવ' કઈ પદ્ધતિ માટે આવશ્યક છે ?

(A) પરત આપ સમય (B) હિસાબી વળતર દર

(C) ચોખ્ખુ વર્તમાન મૂલ્ય (D) શેરદીઠ કમાણી

2. કઈ પદ્ધતિમાં ફક્ત સમયતત્વને જ મહત્વ આપવામાં આવે છે ?

(A) સરેરાશ વળતર દર (B) વર્તમાન મૂલ્ય પદ્ધતિ

(C) પરત આપ સમય પદ્ધતિ (D) નફાકારકતનો આંક

3. એક પ્રોજેક્ટમાંથી દર વર્ષ એક સરખો રોકડ પ્રવાહ રૂ.1,50,000 પ્રથમ ચાર વર્ષ માટે પ્રાપ્ત થાય છે. અને તેનો પરત આપ સમય 2 વર્ષ 6 માસ હોય તો પ્રોજેક્ટમાં પ્રારંભિક રોકાણ કેટલું ?

(A) રૂ.3,75,000 (B) રૂ.6,00,000

(C) રૂ.3,00,000 (D) રૂ.3,50,000

4. એક પ્રોજેક્ટનો નફાકારકતાનો આંક 1.20 છે અને તેનું શરૂઆતનું મૂડીરોકાણ રૂ.1,70,000 છે તો તેના રોકડ પ્રવાહનું કુલ વર્તમાન મૂલ્ય કેટલું ?

(A) રૂ.20,200 (B) રૂ.20,4000

(C) રૂ.1,70,000 (D) એક પણ નહિ

5. એક પ્રોજેક્ટનો નફાકારકતાનો આંક 1.875 છે અને પ્રોજેક્ટ માં કરેલ રોકણ રૂ.2,50,000 છે તો તેના રોકડ પ્રવાહનું કુલ વર્તમાન મૂલ્ય કેટલું હોય શકે.

(A) રૂ.2,50,000 (B) રૂ.1,33,333

(C) રૂ.4,68,750 (D) એક પણ નહિ

6. રૂ.15,00,000નું એક વેલ્ડિંગ મશીન કે જેનું આયુષ્ય છ વર્ષનું છે અને ભંગાર કિંમત શૂન્ય છે.ઘસારા બાદ અને કરવેરા પહેલાનો વાર્ષિક રોકડ પ્રવાહ રૂ.5,00,000 છે કરવેરાનો દર 50% છે.પરત આપ સમય કેટલો ?

(A) 3 વર્ષ (B) 6 વર્ષ

(C) 5 વર્ષ (D) એક પણ નહિ

7. નીચેનામાંથી કઈ બાબતમાં મૂડી બજેટ બનાવવું શક્ય છે ?

(A) ટેકનિકલ ડિરેક્ટરનું મહેનતાણું

(B) વિજ્ઞાપન ખર્ચ

(C) પ્રોજેક્ટ મૂલ્યાંકન

(D) ચીફ ઓડીટરની ફી

8. શૂન્ય ચોખ્ખું વર્તમાન મૂલ્ય શું દર્શાવે છે ?

(A) મૂળ રોકાણ પર વળતર દર

(B) સરેરાશ રોકાણ દર

(C) આંતરિક વળતર દર

(D) ઉપરોક્ત દરેક

9. એક કંપની વિકાસ યોજના અમલમાં મૂકે છે જેમાં કુલ મૂડીરોકાણ રૂ.5,00,000 થશે. તે યોજનામાં દર વર્ષ 15% ઘસારો બાદ કર્યા પછી રૂ.50,000 નફો થશે. કરવેરાનો દર 50% છે.રોકાણ પરત આપ સમયની ગણતરી કરો.

(A) 10 વર્ષ (B) 5 વર્ષ

(C) 6.67 વર્ષ (D) એક પણ નહિ

10. રોકાણ રૂ. 20,00,000. કરવેરા બાદ અને ઘસારા સહિત, પ્રથમ ત્રણ વર્ષનો રોકડ પ્રવાહ અનુક્રમે રૂ. 8,00,000, રૂ.12,00,000 અને રૂ.8,00,000, હોય તો આ યોજનાનું ચોખ્ખુ વર્તમાન મૂલ્ય કેટલું ?12% વટાવ દરે રૂ.1 નું વર્તમાન મૂલ્ય 0.893,0.797 અને 0.712

(A) રૂ.1,20,200 (B) રૂ.80,000

(C) રૂ.2,40,400 (D) 1,60,600

11. એક પેઢી રૂ.2,00,000 ની કિંમતનું એક યંત્ર કે જેનું અંદાજી આયુષ્ય 5 વર્ષનું છે,ખરીદવા માંગે છે.કરવેરાનો દર 50%છે.ઘસારા અને કરવેરા પહેલાનો રોકડ પ્રવાહ નીચે મુજબ છે.

રૂ.70,000, રૂ.80,000, રૂ.90,000, રૂ.1,20,000 અને રૂ.50,000 સરેરાશ હિસાબી વળતર દર શોધો ?

(A) 21%　　(B) 10%

(C) 10.5%　　(D) 20%

12. અમૃત લિ.રૂ. 15,00,000 નું યંત્ર ખરીદવા ઈચ્છે છે જેનું અંદાજિત કરવેરા પૂર્વ અને ઘસારાબાદનો વાર્ષિક રોકડ પ્રવાહ રૂ.5,00,000 થશે.પરત આપ સમય કેટલો ?

(A) 2 વર્ષ　　(B) 3 વર્ષ

(C) 5 વર્ષ　　(D) 6 વર્ષ

13. નીચેના પૈકી કઈ પદ્ધતિ યોજનાની નફાકારકતા ધ્યાનમાં લે છે ?

(A) સરેરાશ વળતર દર　　(B) પરત આપ સમય

(C) વટાવેલ રોકડ પ્રવાહ　　(D) એક પણ નહિ

14. એક પ્રોજેક્ટનું શરૂઆતનું મૂડી રોકાણ રૂ.8,00,000 રોકડ પ્રવાહનું કુલ વર્તમાન મૂલ્ય રૂ.9,00,000 નફાકારકતાનો આંક ?

(A) 0.88　　(B) 1.125

(C) 1　　(D) આમાંથી એક પણ નહિ

15. એક પ્રોજેક્ટ માં રૂ.5,00,000 નું મૂડી રોકણ કરવામાં આવેલ છે.રોકડ પ્રવાહ (ઘસારા સહિત અને કરવેરા બાદનો) દરેક વર્ષે રૂ.1,00,000 છે.જો ત્રીજા વર્ષના રોકડા પ્રવાહનું વર્તમાન મૂલ્ય રૂ.75,100 હોય તો વટાવ અવયવ દર કેટલો હશે ?

(A) 12%　　(B) 15%

(C) 8%　　(D) 10%

16. નીચેનામાંથી કઈ બાબતને મૂડી બજેટીંગ ની આવશ્યકતા નથી ?

(A) સંશોધન અને વિકાસ ખર્ચ

(B) કારખાના મકાન નું રીનોવેશન

(C) સ્વયં સંચાલિત યંત્રની ખરીદી

(D) વિજ્ઞાપન અને વેચાણ વૃદ્ધિ ખર્ચ

MCQ ના જવાબો :

1.(C) ચોખ્ખુ વર્તમાન મૂલ્ય

2.(C) પરત આપ સમય પદ્ધતિ

3.(A) રૂ.3,75,000

4.(B) રૂ.2,04,000

5.(C) રૂ.4,68,750

6.(A) 3 વર્ષ

7.(C) પ્રોજેક્ટ મૂલ્યાંકન

8.(C) આંતરિક વળતર દર

9.(B) 5 વર્ષ

10.(C) રૂ.2,40,400

11.(C) 10.5.%

12.(A) બે વર્ષ

13.(D) એક પણ નહિ

14.(B) 1.125

15.(D) 10%

16.(D) વિજ્ઞાપન અને વેચાણ વૃદ્ધિ ખર્ચ

(III) વ્યવહારિક પ્રશ્નો :

1. યોગેશ કંપની લિ.રૂ 3,00,000 ના એક પ્રોજેક્ટમાં રોકાણ કરવા વિચારે છે ઘસારા પછી અને કરવેરા પહેલાની વાર્ષિક આવકની ધારણા નીચે મુજબ હતી.

વર્ષ :	1	2	3	4	5
રોકડ પ્રવાહ રૂ.	1,50,000	1,50,000	1,20,000	1,20,000	60,000

ઘસારો મૂળ કિંમતના 20% ગણવાનો છે અને કરવેરાનો દર 50% છે.

ઉપરની વિગતો પરથી નીચેની પદ્ધતિએ પ્રોજેક્ટનું મુલ્યાંકન કરો .

(1) પરત આપ સમય પદ્ધતિ

(2) રોકાણ પર સરેરાશ વળતર દરની પદ્ધતિ

[જવાબ : (1) પરત આપ સમય : 2 વર્ષ 3 માસ

(2) સરેરાશ વળતર દર : 40%

2. Z કંપની રૂ 1,00,000 ની કિંમતનો નવો પ્લાન્ટ ખરીદવાનો વિચાર કરે છે. વાર્ષિક નિભાવ ખર્ચ રૂ.12,000 અંદાજે છે.પ્લાન્ટનું આયુષ્ય પાંચ વર્ષનું અંદાજેલ છે.ઉપયોગી આયુષ્યના અંતે ભંગાર કિંમત રૂ 20,000 ઉપજશે ઘસારો કરવેરા અને નિભાવ ખર્ચ પહેલાંનો ઉપજવા ધારેલ રોકડ પ્રવાહ નીચે મુજબ છે.

વર્ષ	1	2	3	4	5
રોકડ પ્રવાહ રૂ.	28,000	40,000	80,000	60,000	50,000

ઘસારો સીધી લીટીની પદ્ધતિએ કાપવામાં આવે છે.કરવેરાનો દર 50% છે અને વટાવ દર 12% છે.એમ ધારી પ્રોજેક્ટ સ્વીકારવો કે રદ કરવો તે જણાવો

12% વટાવ દર રૂ.1 નું વર્તમાન મૂલ્ય :

0.893,0.797,0.712,0.636,0.567

[જવાબ : કુલ વર્તમાન મૂલ્ય રૂ. 108727

ચોખ્ખુ વર્તમાન મૂલ્ય રૂ. 8727

પ્રોજેક્ટ સ્વીકારવા યોગ્ય છે.

3. કેશવ લિમિટેડ એક રોકાણ પ્રસ્તાવમા રૂ.1,00,000 નું રોકાણ કરવાનું વિચારે છે જેમાં દસ વર્ષનો રોકડ પ્રવાહ (ઘસારા બાદ પરંતુ કરવેરા પહેલાનો) નીચે મુજબ છે.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.
1	20,000
2	15,000
3	20,000
4	17,500
5	5,000
6	25,000
7	15,000
8	22,500
9	20,000
10	15,000

પ્રોજેક્ટનું આયુષ્ય 10 વર્ષનું છે.અને ઘસારો સીધી લીટીની પદ્ધતિઓ ગણાય છે.કરવેરાનો દર 50% તેમ ધારી નીચેની પદ્ધતિએ પ્રોજેક્ટ મૂલ્યાંકન કરો

1. પરત આપ સમય પદ્ધતિ
2. ચોખ્ખુ વર્તમાન મૂલ્ય 10% વટાવ અવયવે
3. નફાકારકતાનો આંક 10% વટાવ અવયવે
4. સરેરાશ રોકાણ વળતર દરની પદ્ધતિએ

10% વટાવ અવયવે રૂ.1 નું વર્તમાન મૂલ્ય :

0.909,0.826,0.751,0.683,0.621

0.564,0.513,0.463,0.424,0.386

[જવાબ : પરત આપ સમય : 5 વર્ષ 6 માસ

કુલ વર્તમાન મૂલ્ય : 1,15,051 અને ચોખ્ખુવર્તમાન મૂલ્ય રૂ 15051

નફાકારકતાનો આંક : 1.15

સરેરાશ વળતર દર : 17.5%

4. જસ્મિન લિ એક યંત્ર ખરીદવા માંગે છે રૂ 20,00,000 ની કિંમતનું એક એવા બે યંત્રો P અને Q પ્રાપ્ત છે.દરેકનું અંદાજી આયુષ્ય પાંચ વર્ષનું છે ભંગાર કિંમત નથી કંપનીનો નિયત વળતરનો દર 12% છે અને કરવેરાનો દર 50% છે.

બંને યંત્રોનો કરવેરા બાદ અને ઘસારા સહિતનો રોકડ પ્રવાહ નીચે મુજબ છે.

વર્ષ	યંત્ર P	યંત્ર Q
1	8,80,000	5,60,000
2	6,80,000	6,00,000
3	6,00,000	8,80,000
4	5,60,000	6,80,000
5	4,40,000	5,20,000

નીચેની પદ્ધતિનો ઉપયોગ કરી નફાકારક યંત્રની પસંદગી દર્શાવો.

1. પરત આપ સમય

2. સરેરાશ વળતર દર

3. ચોખ્ખુ વર્તમાન મૂલ્ય

12% ના વટાવ અવયવે રૂ.1 નું વર્તમાન મૂલ્ય, પ્રથમ પાંચ વર્ષ માટે અનુક્રમે નીચે મુજબ છે.

0.893, 0.797,0.712, 0.636 , 0.567

[જવાબ :

યંત્ર 'P'	યંત્ર 'Q'
1.પરત આપ સમય 2 વર્ષ 8.76 માસ	2 વર્ષ 11.4 માસ
2. સરેરાશ વળતર દર 22.4%	24.8.%
3. ચોખ્ખું વર્તમાન મૂલ્ય રૂ.3,60,640	રૂ.3,32,160

5. હરપાલ લિ રૂ.320000 ના પ્રોજેક્ટમાં રોકણ કરીને પ્રથમ દસ વર્ષ માટે કરવેરા બાદ અને ઘસારા પહેલાંના અપેક્ષિત ચોખા રોકડ પ્રવાહ માટે નીચેનો અંદાજ બાંધે છે.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.	વર્ષ	રોકડ પ્રવાહ રૂ.
1	56,000	6	64,000
2	56,000	7	80,000
3	56,000	8	1,20,000
4	56,000	9	80,000
5	56,000	10	32,000

વટાવદર 10% ધ્યાને લઈ નીચેની ગણતરી કરો.

(1) પરત આપ સમય

(2) 10% વટાવ અવયવે ચોખ્ખું વર્તમાન મૂલ્ય

(3) 10% વટાવ અવયવે નફાકારકતાનો આંક

(4) 10% અને 15% વટાવ દર આંતરિક વળતર દર

10% અને 15% વટાવ અવયવે રૂ.1-00 નું વર્તમાન મૂલ્ય નીચે મુજબ છે.

વર્ષ	1	2	3	4	5	6	7	8	9	10
10%વટાવે	0.909	0.826	0.751	0.683	0.621	0.564	0.513	0.467	0.424	0.386
15%વટાવે	0.870	0.756	0.658	0.572	0.497	0.432	0.376	0.323	0.284	0.247

[જવાબ :

(1) પરત આપ સમય 5 વર્ષ 7.5 માસ

(2) 10% વટાવદરે ચોખ્ખું વર્તમાન મૂલ્ય રૂ. 71,688

(3) 10% વટાવદરે નફાકારકતાનો આંક 1.224

(4) આંતરિક વળતર દર 14.70%

6. એકતા લિમિટેડ એક પ્રોજેક્ટ અંગે વિચારે છે.આ માટે તેની પાસે બે યોજના છે જે દરેકમાં રૂ.15,00,000 નું રોકાણ થશે બનેનું આયુષ્ય પાંચ વર્ષનું છે.ઘસારો સીધી લીટીની પદ્ધતિએ કાપવામાં આવશે અને કરવેરાનો દર 50% છે.

ઘસારા અને કરવેરા પહેલાનો વાર્ષિક રોકડ પ્રવાહ નીચે મુજબ અંદાજેલ છે.

વર્ષ	Plan. I (₹)	Plan. II (₹)
1	6,00,000	7,50,000
2	6,00,000	7,50,000
3	6,00,000	6,00,000
4	6,00,000	6,00,000
5	6,00,000	3,00,000

ઉપરોક્ત વિગતોના આધારે નીચેની પદ્ધતિએ બંને પ્રોજેક્ટ પ્લાનનું મૂલ્યાંકન કરો

(1) પરત આપ સમય પદ્ધતિએ

(2) સરેરાશ હિસાબી વળતર દર પદ્ધતિએ

(3) ચોખ્ખા વર્તમાન મૂલ્યની પદ્ધતિએ

10% વટાવ અવયવે રૂ.1-00 નું વર્તમાન મૂલ્ય પ્રથમ પાંચ વર્ષ માટે નીચે મુજબ છે. 0.909, 0.826, 0.751, 0.683, 0.621

[જવાબ : Plan. IPlan. II

પરત આપ સમય	3વર્ષ 4 માસ	3વર્ષ
સરેરાશ વળતર દર	20%	20%
ચોખ્ખુ વર્તમાન મૂલ્ય	રૂ.2,05,500	રૂ.2,42,475

7. રેનબસેરા કંપની જે હાલ મજૂરો દ્વારા ઉત્પાદન કાર્ય કરે છે તે યાંત્રિક કરણ નું વિચારી રહી છે. કંપની પાસે બે વિકલ્પ યંત્ર 'A' અને યંત્ર 'B' નો વિચારણા હેઠળ છે જે અંગે નીચેની માહિતી ઉપ્લબ્ધ છે.

વિગત	યંત્ર 'A'	યંત્ર 'B'
યંત્રની કિંમત રૂ.	2,00,000	3,75,000
અંદાજી આયુષ્ય	4 વર્ષ	5 વર્ષ
માલ સામાન ખર્ચ રૂ.	25,000	30,000
નિભાવ ખર્ચ રૂ.	50,000	62,500
બગાડમાં અંદાજીત બચત રૂ.	37,500	50,000
પ્રત્યક્ષ મજુરી બચત		
બિનજરૂરી કર્મચારી સંખ્યા	100	150
કર્મચારી દીઠ મજૂરી રૂ.	2,000	2,000

નફા પર કરવેરાનો દર 50% છે

તમારે (1) રોકાણ પરત મુદત અને (2) મૂળ રોકાણ પર વળતરનો દર શોધી તમે કયા યંત્રની ભલામણ કરશો ?તે દર્શાવો.

[જવાબ :	યંત્ર 'A'	યંત્ર 'B'
રોકાણ પરત મુદત	1.88 વર્ષ	2.255 વર્ષ
સરેરાશ વળતર દર	28.125%	24.33%

યંત્ર 'A' માટે ભલામણ કરવામાં આવે છે.

૪. એસ.કાન્ત લિ એક પ્રોજેક્ટ કે જેની શરૂઆતની પડતર રૂ.5,00,000 છે તે અંગે વિચારણાકરે છે.ભંગાર કિંમત રૂ 1,00,000 અંદાજવામાં આવી છે પ્રોજેક્ટના આયુષ્ય દરમ્યાન સ્ટોર્સ અને લેણાની સપાટીમાં રૂ. 2,00,000 નો વધારો જરૂરી રહેશે આ પ્રોજેક્ટના પરિણામે વાર્ષિક વેચાણ રૂ.6,00,000 થી વધશે તેના પાંચ વર્ષના આયુષ્ય દરમ્યાન વાર્ષિક રૂ.20,000 નો રોકડ ખર્ચ જરૂરી બનશે ઘસારો સીધી લીટીની પધ્ધતિએ કાપવાનો છે કરવેરાનો દર 50% ગણવાનો છે.

વાર્ષિક 12% ના વટાવ પરિબળે રૂ.1-00 નું વર્તમાન મૂલ્ય પ્રથમ પાંચ વર્ષ માટે અનુક્રમે :

0.893, 0.797, 0.712, 0.636 અને 0.567 છે

ઉપરોક્ત વિગતો પરથી:-

(1) ચોખ્ખું વર્તમાન મૂલ્ય શોધો અને

(2) નફાકારકતાનો આંક શોધો.

[જવાબ :

(1) ચોખ્ખું વર્તમાન મૂલ્ય રૂ.3,35,300

(2) નફાકારકતાનો આંક 1-479

9. મલ્હાર લિ. એક યંત્ર ખરીદવા ઈચ્છે છે. તેની પાસે યંત્ર X અને યંત્ર Y માંથી એક પસંદ કરવાનો વિકલ્પ છે.

બંને યંત્રની કિંમત : દરેકની રૂ.10,00,000

અંદાજીત આયુષ્ય : પાંચ વર્ષ

અંદાજીત આયુષ્ય અને ભંગાર કિંમત : શૂન્ય

અપેક્ષિત વળતરનો દર 12%

ઘસારો : સીધી લીટીની પદ્ધતિએ

કરવેરાનો દર : 50%

ઘસારા અને કરવેરા પહેલાની અંદાજીત આવક નીચે મુજબ છે.

વર્ષ	યંત્ર 'X'	યંત્ર 'Y'
1	6,50,000	3,50,000
2	5,00,000	4,00,000
3	4,00,000	6,50,000
4	3,50,000	5,00,000
5	2,50,000	3,00,000

નીચેની પદ્ધતિએ યંત્રનું મુલ્યાંકન કરી તેમ કયા યંત્ર માટે ભલામણ કરશો તે દર્શાવો.

(1) પરત આપ સમય પદ્ધતિ
(2) સરેરાશ વળતર દર પદ્ધતિ
(3) ચોખ્ખુ વતર્માન મૂલ્ય પદ્ધતિ

12% ના વટાવ અવયવે રૂ.1 નું વર્તમાન મૂલ્ય અનુક્રમે :

0.893, 0.797, 0.712,0.636,0.567

[જવાબ :

વિગત	યંત્ર 'X'	યંત્ર 'Y'
પરત આપ સમય	2 વર્ષ 9 માસ	3 વર્ષ
સરેરાશ વળતર દર	23%	24%
ચોખ્ખુ વર્તમાન મૂલ્ય	રૂ. 1,74,550	રૂ.1,51,625

એકંદરે યંત્ર 'X' ફાયદાકારક છે.

11. એકવા મીનરલ વોટર કંપની પાસે બે પ્રોજેક્ટ અંગે દરખાસ્ત છે.જે માટે નીચેની માહિતી ઉપ્લબ્ધ છે.

વિગત	પ્રોજેક્ટ X	પ્રોજેક્ટ Y
પ્રારંભિક મૂડી રોકણ	2,10,000	3,30,000
કરવેરા બાદનો નફો :		
પ્રથમ વર્ષ	20,000	30,000
દ્વિતીય વર્ષ	30,000	40,000
તૃતીય વર્ષ	40,000	50,000
ચતુર્થ વર્ષ	50,000	60,000
પંચમ વર્ષ	70,000	80,000
પ્રોજેક્ટનું આયુષ્ય	5 વર્ષ	5 વર્ષ
ઉપયોગી આયુષ્ય અને ભંગાર કિંમત	10,000	30,000

નીચેની પદ્ધતિએ બંને પ્રોજેક્ટનું મુલ્યાંકન કરો :

(1) પરત આપ સમય પદ્ધતિ

(2) ચોખ્ખું વર્તમાન મૂલ્ય પદ્ધતિ

(3) હિસાબી વળતર દર પદ્ધતિ

(4) નફાકારકતાનો આંક

11% ના વટાવ દરે રૂ.1 નું વર્તમાન મૂલ્ય નીચે મુજબ છે.

વર્ષ	1	2	3	4	5
વર્તમાન મૂલ્ય	0.901	0.812	0.731	0.659	0.593

[જવાબ : વિગત પ્રોજેક્ટ X પ્રોજેક્ટ Y

પરત આપ સમય 3 વર્ષ 8.22માસ 4 વર્ષ અને 0.98માસ

1. ચોખ્ખુ વર્તમાન મૂલ્ય 2,99,850 – 2,10,000 4,22,590 –3,30,000
   =89,850 =92,590
2. હિસાબી વળતર દર 38.18% 28.38%
3. નફાકારકતાનો આંક 1.43 1.28

12. ધનંજય લિમિટેડ એક નવું યંત્ર ખરીદવા ઈચ્છે છે જે માટે તેની પાસે બે જુદાં જુદાં યંત્રોની દરખાસ્ત છે જે અંગેની ઉપલબ્ધ માહિતી નીચે મુજબ છે.

વિગત	યંત્ર 'અ'	યંત્ર 'બ'
પ્રારંભિકરોકાણ	3,00,000	2,50,000

ઘસારા અને કરવેરા પછીની ચોખ્ખીઆવક :

પ્રથમ વર્ષના અંતે	70,000	80,000
બીજા વર્ષના અંતે	64,000	74,000
ત્રીજા વર્ષના અંતે	1,00,000	68,000
ચોથા વર્ષના અંતે	1,40,000	62,000
પાંચ વર્ષના અંતે	46,060	56,060

(1) બંને યંત્રનું આયુષ્ય પાંચ વર્ષનું છે.
(2) ઘસારો સીધી લીટી પધ્ધતિએ ગણવાનો છે
(3) ભંગાર કિંમત (બંને યંત્રની) શૂન્ય છે
(4) મૂડી પર વળતર દર 6% અપેક્ષિત છે.

(5) 6% ના વટાવ દરે રૂ.1 નું વર્તમાન મૂલ્ય અનુક્રમે :
0.943,0.890, 0.840,0.792,0.747

(6) નીચેની પદ્ધતિએ યંત્ર પસંદગીનો નિર્ણય દર્શાવો

(1) ચોખ્ખું વર્તમાન મૂલ્ય

(2) નફાકારકતાનો આંક

[જવાબ : ઘસારો : યંત્ર 'અ' રૂ.60,000 યંત્ર 'બ' રૂ.50,000

રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય : 'અ' રૂ.3,04,976

'બ' રૂ 5,00,000

નફાકારકતાનો આંક : 'અ' : 2.0166

'બ' : 2.00

13. કુબેર લિ.તેની ઉત્પાદન ક્ષમતા વધારવાના હેતુ થી એક નવું યંત્ર ખરીદવા માંગે છે.કંપની પાસે બે માંથી એક યંત્રની પસંદગીનો અવકાશ છે.

વિગત	યંત્ર X રૂ.	યંત્ર Y રૂ.
પ્રારંભિક રોકાણ	14,000	15,000
ઘસારા અને કરવેરા પછીની ચોખ્ખી આવક :		
પ્રથમ વર્ષના અંતે	4,500	3,250
બીજા વર્ષના અંતે	4,500	3,250
ત્રીજા વર્ષના અંતે	2,500	3,250
ચોથા વર્ષના અંતે	500	3,250

અન્ય વિગત :

(1) બંને યંત્રોનું આયુષ્ય ચાર વર્ષનું છે

(2) ઘસારો સીધી લીટીની પદ્ધતિએ ગણવાનો છે

(3) મૂડી પર વળતર દર 10% અપેક્ષિત છે.

(4) 10% ના વટાવ પરિબળે રૂ.1-00 નું વર્તમાન મૂલ્ય નીચે મુજબ છે.

0.91, 0.83, 0.75, 0.68

નીચેની પદ્ધતિના આધારે યંત્રની પસંદગી દર્શાવો.

(1) ચોખ્ખુ વર્તમાન મૂલ્ય (2) નફાકારકતાનો આંક

[જવાબ : ઘસારો X રૂ.3,500 Y રૂ.3,750

ચોખ્ખુ વર્તમાન મૂલ્ય : X રૂ.7,140

Y રૂ.7,190

નફાકારકતાનો આંક : X : 1.51

Y : 1.48

14. વિરાસત લિ.માં હાલનું મશીન ઘણું જૂનું હોવાથી અપ્રચલિત બન્યું છે કંપની નવા મશીન માટે બે વિકલ્પો વિચારે છે.

(1) હાલના મશીન જેવું જ નવું મશીન વસાવવું Project X

(2) હાલના મશીન કરતા વધુ ઉપયોગિતા વાળું નવીન ટેકનોલોજી સાથે મશીન ખરીદવું Project Y

બંને પ્રોજેક્ટ અંગે નીચેની માહિતી ઉપલબ્ધ છે:

વિગત	Project X રૂ.	Project Y રૂ.
પ્રારંભિક રોકાણ	54,000	80,000
રોકડ પ્રવાહ : પ્રથમ વર્ષ	-	20,000
બીજું વર્ષ	10,000	28,000
ત્રીજું વર્ષ	44,000	32,000
ચોથું વર્ષ	28,000	32,000
પાંચમું વર્ષ	28,000	30,000

10% વટાવ દરે રૂ 1 નું વર્તમાન મૂલ્ય નીચે મુજબ છે. :

વર્ષ :-	1	2	3	4	5
વર્તમાન મૂલ્ય:-	.91	.83	.75	.68	.62

નીચેની પધ્ધતિએ પ્રોજેક્ટનું મુલ્યાંકન કરો

(1) ચોખા વર્તમાન મૂલ્ય પદ્ધતિ

(2) નફાકારકતા આંકની પદ્ધતિ

(3) વટાવેલ પરત આપ સમિતિ

[જવાબ :

વિગત	Project X	Project Y
(1) ચોખ્ખું વર્તમાન મૂલ્ય	રૂ.11,850	13,850
(2) નફાકારકતાનો આંક	1.44	1.34
(3) વટાવેલ પરત આપ પદ્ધતિ	3.67 વર્ષ	3.63વર્ષ

ચોખ્ખા વર્તમાન મૂલ્ય અનુસાર Project Y પસંદગી પાત્ર

નફાકારકતા આંક અનુસાર Project X પસંદગી યોગ્ય

વટાવેલ પરત આપ પદ્ધતિલગભગ બંને પ્રોજેક્ટ સમાન છે.

15.મહારાજા લિમિટેડ પાસે શરૂઆતનું રૂ.4,00,000 નું મૂડી રોકાણ ધરાવતી બે યોજના છે. Plan A અને Plan B

બંને યોજનામાંથી પ્રાપ્ત થનાર રોકડ પ્રવાહ(ઘસારો અને કરવેરા પહેલાંનો) નીચે મુજબ છે.

વર્ષ	Plan A	Plan B
1	2,00,000	1,00,000
2	1,80,000	1,60,000
3	1,40,000	2,00,000
4	1,00,000	2,40,000
5	80,000	2,80,000

અન્ય વિગતો :

(1) બંને યોજનાનું આયુષ્ય પાંચ વર્ષનું છે

(2) આયુષ્યના અંતે ભંગાર કિંમત રૂ.40,000 ઉપજશે

(3) ઘસારો સીધી લીટી પદ્ધતિથી ગણવાનો છે.

(4) કરવેરાનો દર 50% ગણવાનો છે

(5) સંચાલકોએ એવું ઠરાવ્યુ કે Plan A મા જે જોખમ ઓછુ હોવાથી તેનું મૂલ્યાંકન 10% મૂડી પડતરે અને વધુ જોખમ ધરાવતા Plan B નું મૂલ્યાંકન 15% મૂડી પડતરે કરવું.

યોખા વર્તમાન મૂલ્યની પદ્ધતિએ બંને Plan નું મૂલ્યાંકન કરો અને (i) જો બંને યોજના સ્વતંત્ર હોય (ii) પરસ્પર નિવારક હોય તો મેનેજમેન્ટે લેવાના પગલા માટે માર્ગદર્શન આપો.

રૂ.1 નું 10% વટાવ અવયવે અને 15% વટાવ અવયવે વર્તમાન મૂલ્ય

વર્ષ	10%વટાવ દર	15%વટાવ દર
1	0.909	0.870
2	0.826	0.756
3	0.751	0.658
4	0.683	0.572
5	0.620	0.497

[જવાબ : યોખ્ખું વર્તમાન મૂલ્ય :

Plan A રૂ. 3,796.40

Plan B રૂ. 4,858.80

Plan B વધુ ફાયદાકારક છે.

જો બંને Plan સ્વતંત્ર હોય તો બંને યોજના સ્વીકારી શકાય કારણ કે બંનેનું યોખ્ખું વર્તમાન મૂલ્ય ધન (+) છે

જો પરસ્પર નિવારક હોય તો Plan B જ સ્વીકારવો પડે

16. ધી વેલનોન લિમિટેડ રૂ.3,00,000 ના એક પ્રોજેક્ટમાં રોકાણ કરવા વિચારે છે.: ઘસારા પછી પરંતુ કરવેરા પહેલાંનો વાર્ષિક રોકડ પ્રવાહ નીચે મુજબ અંદાજેલ છે.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ
1	?
2	1,50,000
3	1,20,000
4	1,20,000
5	60,000

(1) ઘસારો સીધી લીટીની પદ્ધતિથી ગણવાનો છે

(2) કરવેરાનો દર 50%

(3) પ્રોજેક્ટનો પરત આપ સમય 2 વર્ષ 3 માસનો છે

નીચેની પદ્ધતિએ પ્રોજેક્ટનું મુલ્યાંકન કરો

(1) સરેરાશ વળતર દર પદ્ધતિ

(2) વટાવેલ રોકડ પ્રવાહ પદ્ધતિ મૂડી પડતરનો દર 10% ગણવાનો છે

રૂ.1 નું 10% વટાવ દરે વર્તમાન મૂલ્ય :

0.909, 0.826, 0.751, 0.683 અને 0.621

[જવાબ : પરત આપ સમયના આધારે પ્રથમ વર્ષનો રોકડ પ્રવાહ શોધી શકાશે

પ્રથમ વર્ષનો રોકડ પ્રવાહ રૂ.1,50,000 આવશે.

સરેરાશ વળતરનો દર 40% અને ચોખ્ખું વર્તમાન મૂલ્ય રૂ.1,62,195

17. અમદાવાદ લિમિટેડ રૂ.2,40,000 ના એક નવા પ્લાન્ટમાં રોકાણ કરવાનું વિચારે છે આ માટે દર વર્ષે નિભાવખર્ચ રૂ.24,000 થવાનો અંદાજ છે પ્લાન્ટનું આયુષ્ય છે, વર્ષનું અને આયુષ્યના અંતે ઉપજવા ધારેલ ભંગાર કિંમત રૂ.48,000 છે

ઘસારા,કરવેરા અને નિભાવખર્ચ પહેલાનો રોકડ પ્રવાહ નીચે મુજબ છે

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.	વર્ષ	રોકડ પ્રવાહ રૂ.
1	56,000	4	1,20,000
2	80,000	5	1,00,000
3	1,60,000	6	80,000

ઘાસરો સીધી લીટી પધ્ધતિએ ગણવામાં આવે છે.કરવેરાનો દર 50% છે અને મૂડી પડતર પર 12% દર ને ધ્યાનમાં લઈ આ પ્રસ્તાવ સ્વીકારવો કે નહિ તે જણાવો

રૂ.1 નું 12% વટાવ અવયવે વર્તમાન મૂલ્ય :

0.893, 0.797, 0.712, 0.636, 0.567, 0.507

[જવાબ :

રોકડ પ્રવાહ વર્ષ 1. રૂ.32,000, વર્ષ 2. રૂ.44,000, વર્ષ 3. રૂ.84,000,

વર્ષ 4.રૂ. 64,000, વર્ષ 5 રૂ.54,000 વર્ષ 6 રૂ.92,000 (કરવેરા પછીનો રૂ.12,000 + ઘસારો રૂ.32,000 + ભંગાર કિંમત રૂ.48,000)

12% ના વટાવ દરે કુલ વર્તમાન મૂલ્ય રૂ.241418

- મૂળ રોકાણ રૂ.2,40,000

ચોખ્ખુ વર્તમાન મૂલ્ય રૂ. 1,418

ચોખ્ખું વર્તમાન મૂલ્ય ધન (+) હોવાથી પ્રસ્તાવ પસંદગીને પાત્ર છે.

18. ABC લિ. ના સંચાલકો એક યોજના જેની રોકાણ કિંમત રૂ.9,00,000 છે તેમાં રોકાણ કરવાનું વિચારી રહ્યાં છે.આ યોજનાની ભંગાર કિંમત રૂ.60,000 છે.અને આયુષ્ય પાંચ વર્ષનું છે.યંત્રો લાવવાનો તથા

ગોઠવવાનો ખર્ચ અનુક્રમે રૂ 30,000 અને રૂ.1,50,000 થવાનો અંદાજ છે.આ યોજનાના સ્વીકારવાથી છુટા ભાગનો સ્ટોક અને તેની જાળવણીનો ખર્ચ રૂ.60,000 થશે.છૂટા ભાગોની ભંગાર કિંમત પાંચ વર્ષ પછી તેની મૂળ કિંમતના 60% જેટલી આકારવામાં આવેલ છે.

યોજનામાંથી દર વર્ષે રૂ.10,20,000 ની વાર્ષિક આવકનો અંદાજ છે, જયારે વાર્ષિક ખર્ચની વિગતો નીચે મુજબ છે :

મજુરી રૂ. 90,000

માલસામાન રૂ. 3,00,000

જાળવણી ખર્ચ રૂ. 30,000

દર વર્ષે ઘસારો અને કરવેરાની આકારણીનો અંદાજ નીચે મુજબ છે

વર્ષ	ઘસારો	કરવેરા
1	4,32,000	67,200
2	2,59,200	1,36,320
3	1,94,400	1,62,240
4	1,29,600	1,88,160
5	4,800	2,38,080

યોજનાની કુલ પડતર કિંમત શોધી કાઢો.દર વર્ષ પ્રાપ્ત થતાં રોકડ પ્રવાહનું મૂલ્યાંકન કરો 12% ના વટાવ અવયવે રૂ.1 નું વર્તમાન મૂલ્ય નીચે મુજબ ગણેલ છે.

0.9,0.8,0.7,0.6,અને 0.57

ચોખ્ખા વર્તમાન મૂલ્યની પધ્ધતિથી યોજનાનું મૂલ્યાંકન કરી યોજના સ્વીકારવી કે નહિ તે દર્શાવો.

[જવાબ : યોજનાની કુલ પડતર રૂ.11,40,000 (રૂ.9,00,000 + 30,000 + 1,50,000 + છુટા ભાગ રૂ.60,000)

વાર્ષિક આવક રૂ. 10,20,000 માંથી ખર્ચ રૂ 4,20,000 બાદ થતાંચોખ્ખી આવક રૂ.6,00,000,(ઘસારા અને કરવેરા પહેલાંની)

રોકડ પ્રવાહ : પ્રથમ વર્ષે રૂ.5,32,800 બીજા વર્ષે રૂ.4,63,680 ત્રીજા વર્ષે રૂ.4,37,760 ચોથા વર્ષે રૂ.4,11,840 અને પાંચમાં વર્ષે રૂ.4,53,920 (ભંગાર કિંમત રૂ.60,000 + છુટા ભાગોની ભંગાર કિંમત 36,000 સહિત)

રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય રૂ 16,65,015

પ્રારંભિક રોકાણ રૂ 11,40,000

ચોખ્ખુ વર્તમાન મૂલ્ય રૂ 5,25,015

જે ધન (+) હોવાથી આ યોજના ફાયદાકારક છે, સ્વીકારવી જોઈએ.

19. TCS લિમિટેડ વધતી માંગને પહોંચી વળવા નવું મશીન ખરીદવાનું વિચારે છે પસંદગી માટેત્રણ મશીન વિકલ્પમાં છે દરેકના વાર્ષિક ખર્ચ અને વેચાણ અંગેની માહિતી નીચે મુજબ છે.

કરવેરાનો દર 40% અને મૂડી વળતર દર 10% ગણવાનો છે.

વિગત	મશીન		
	A રૂ.	B રૂ.	C રૂ.
પ્રારંભિક રોકાણ	4,50,000	4,50,000	4,50,000
વાર્ષિક વેચાણનો અંદાજ (100%રોકડથી)	7,50,000	6,00,000	6,75,000
ઉત્પાદન પડતર			
માલ સામગ્રી	60,000	75,000	72,000
સીધી મજુરી	75,000	45,000	54,000
કારખના પરોક્ષ ખર્ચા	90,000	75,000	87,000
વહીવટી ખર્ચ	30,000	15,000	22,500
વેચાણ વિતરણ ખર્ચ	15,000	15,000	15,000
મશીનનું આયુષ્ય	2 વર્ષ	3 વર્ષ	3 વર્ષ
ભંગાર કિંમત	60,000	37,500	45,000

પરત આપ પધ્ધતિએ નક્કી કરો કે કયું મશીન વસાવવા યોગ્ય છે.

જવાબ : પરત આપ સમય : મશીન 1 : 1.33 વર્ષ,મશીન 2 : 1.78 વર્ષ મશીન 3 :1.60 મશીન – 1 નો પરત આપ સમય ઓછામાં ઓછો છે તે વસાવવા યોગ્ય છે.

20. શ્રી શ્યામ પ્લાસ્ટિક લિ. નીચેના બેમાંથી એક મશીન ખરીદવાનો વિચાર કરે છે નીચેની માહિતી ઉપલબ્ધ છે.

વિગત	મશીન 'અ'	મશીન 'બ'
શરૂઆતનું મૂડી રોકાણ	રૂ.1,50,000	રૂ.1,50,000
આયુષ્ય	3 વર્ષ	3 વર્ષ
રોકડ પ્રવાહ (આવકવેરા બાદ) :		
વર્ષ 1	રૂ.1,20,000	રૂ.30,000
2	રૂ. 90,000	રૂ.1,05,000
3	રૂ. 60,000	રૂ.1,50,000

નીચેની પધ્ધતિએ મશીનનું મૂલ્યાંકન કરો

(1) પરત આપ સમય પદ્ધતિ

(2) રોકાણ પર વળતર દર પદ્ધતિ

(3) 10%વટાવ ધારીને વર્તમાન મૂલ્ય પદ્ધતિ

10% વટાવ અવયવે રૂ.1-00 નું વર્તમાન મૂલ્ય પ્રથમ ત્રણ વર્ષ માટે અનુક્રમે નીચે મુજબ છે :

0.9091, 0.8264 અને 0.7513

[જવાબ :

	મશીન 'અ'	મશીન 'બ'
(1) પરત આપ સમય	1 વર્ષ 4 માસ	2 વર્ષ 1 માસ
(2) સરેરાશ વળતર દર	53.33%	60%
(3) કુલ વર્તમાન મૂલ્ય	રૂ.2,28,546	રૂ.2,26,740,

પરત આપ સમય મુજબ મશીન મશીન 'અ'સારું

સરેરાશ વળતર દર મુજબ મશીન 'બ' સારું કુલ વર્તમાન મૂલ્ય મુજબ મશીન 'અ' સારું

21. GST લિ.પાસે રૂ 4,00,000 ના રોકાણનો એક પ્રોજેક્ટ વિચારણા હેઠળ છે,જે અંગેની વિગત નીચે મુજબ છે.

(1) પ્રોજેક્ટનું આયુષ્ય છ વર્ષનું છે.

(2) ભંગાર કિંમત રૂ.20,000 છે.

(3) મૂડી પર વળતર દર 15% ગણવાનો છે.

(4) વેચાણ એ અચોક્કસ પરિબળછે આમ છતા પ્રથમ વર્ષનું વેચાણ 40,000 એકમોનું અંદાજવામાં આવ્યું છે.

(5) પ્રથમ વર્ષે અંદાજેલ વેચાણ બાકીના વર્ષોમાં જળવાઈ રહેશે એવી ધારણા છે.

(6) એકમદીઠ ચલિત ખર્ચ રૂ.6-00 અને વેચાણ કિંમત રૂ 10-00 નક્કી થયેલ છે.

(7) વાર્ષિક સ્થિર ખર્ચ રૂ.20,000 થશે

ઉપરની માહિતી પરથી પ્રોજેક્ટનું ચોખ્ખું વર્તમાન મૂલ્ય શોધો પ્રોજેક્ટ સ્વીકારવા માટે ઓછામાં ઓછા કેટલા એકમોનું વેચાણ જરૂરી બનશે તે જણાવો.[રૂ.1 નું 15% વટાવે છ વર્ષની એન્યુઇટી 3.7845 અને છ વર્ષના અંતે રૂ.1 નું 15% વટાવે વર્તમાન મૂલ્ય રૂ. 0.4323 છે.]

[જવાબ :

એકમદીઠ ફાળો રૂ 4-00

કુલ પ્રાપ્ત ફાળો 40,000 એકમો × રૂ 4 = રૂ.1,60,000 જેમાંથી

રૂ.20,000 સ્થિર ખર્ચા બાદ કરતા ચોખો રોકડ પ્રવાહ રૂ 1,40,000

કુલ વર્તમાન મૂલ્ય રૂ.5,38,476

ચોખ્ખુ વર્તમાન મૂલ્ય રૂ 1,38,476

ઓછામાં ઓછુ જરૂરી વેચાણ એકમો 30,853

22. ABC પાસે મૂડી રોકણ અંગે બે પ્રસ્તાવો છે. જે અંગે નીચેની માહિતી ઉપલબ્ધ છે.

વિગત	પ્રસ્તાવ X	પ્રસ્તાવ Y
પ્રારંભિક રોકાણ રૂ.	40,000	50,000
ભંગાર કિંમત	-	-
અંદાજી આયુષ્ય	4 વર્ષ	5 વર્ષ
ઘસારો	સીધી લીટી પદ્ધતિએ	સીધી લીટી પદ્ધતિએ
કરવેરા	50%	50%
રોકાણ પર વળતર દર	10%	10%
ઘસારા અને કરવેરા પહેલાંનો રોકડ પ્રવાહ :		
પ્રથમ વર્ષ રૂ.	12,000	14,000
બીજું વર્ષ રૂ.	14,000	16,000
ત્રીજું વર્ષ રૂ.	16,000	18,000
ચોથું વર્ષ રૂ.	22,000	22,000
પાંચમું વર્ષ રૂ.	-	20,000

નીચે દર્શાવેલ પધ્ધતિએ બંને પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરો.

(1) ચોખ્ખી વર્તમાન મૂલ્ય પદ્ધતિ

(2) નફાકારકતાનો આંક

(3) પરત આપ પદ્ધતિ

(4) વટાવેલ પરત આપ પદ્ધતિ

10% ના વટાવે રૂ.1 નું વર્તમાન મૂલ્ય

વર્ષ	1	2	3	4	5
વર્તમાન મૂલ્ય	0.909	0.826	0.751	0.683	0.621

[જવાબ :

(1) ચોખ્ખું વર્તમાન મૂલ્ય X = રૂ. 602

Y = રૂ.2,403

આ પદ્ધતિ મુજબ પ્રસ્તાવ 'Y' ફાયદાકારક છે.

(2) નફાકારકતાનો આંક : પ્રસ્તાવ X = 40,602 કુલ વર્તમાન મૂલ્ય

40,000 શરૂનું રોકાણ

= 1,015

પ્રસ્તાવ Y = 52,403 = 1,048

50,000

પ્રસ્તાવ 'Y' નો નફાકારકતાનો આંક વધુ હોઈ તે સ્વીકારવા યોગ્ય છે

(3) પરત આપ પદ્ધતિ

પ્રસ્તાવ X : 3 વર્ષ 3 માસ

પ્રસ્તાવ Y : 3 વર્ષ 8.25માસ

પ્રસ્તાવ 'X' નો પરત આપ સમય ઓછો હોઈ પ્રસ્તાવ 'X' સ્વીકારવા યોગ્ય છે

(4) વટાવેલ પરત આપ પદ્ધતિ :

પ્રસ્તાવ X : 3 વર્ષ 11.34 માસ

પ્રસ્તાવ Y : 4 વર્ષ 8.90 માસ

પ્રસ્તાવ X સ્વીકારવો જોઈએ કારણકે તેનો વટાવેલ પરત આપ સમય ઓછો છે.

23. KMS લિમીટેડ પાસે રૂ.60,000 ના મૂડી રોકાણ સાથે એક પ્રસ્તાવ વિચારણા હેઠળ છે, તેમાંથી ચોખ્ખા રોકડ પ્રવાહ (કરવેરા બાદ પરંતુ ઘસારા પહેલા) નો નીચે મુજબ છે

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.	વર્ષ	ચોખ્ખા રોકડ પ્રવાહ રૂ.
1	10,500	6	12,000
2	10,500	7	15,000
3	10,500	8	22,500
4	10,500	9	15,000
5	10,500	10	6,000

મૂડી પડતરનો દર 10% ધારીને નીચેની ગણતરી કરો.

(1) પરત આપ સમય (2) ચોખ્ખું વર્તમાન મૂલ્ય 10% વટાવ અવયવે (3)નફાકારકતાનો આંક 10%વટાવ અવયવે (4) 10% વટાવ અવયવ અને 15% વટાવ અવયવેની મદદથી આંતરિક વળતર દર

10% અને 15% વટાવ અવયવે રૂ. 1 નું વર્તમાન મૂલ્ય

વર્ષ	10%વટાવ દર	15% વટાવ દર
1	0.909	0.870
2	0.826	0.756
3	0.751	0.658
4	0.683	0.572
5	0.621	0.497
6	0.564	0.432
7	0.513	0.376
8	0.467	0.327
9	0.424	0.284
10	0.386	0.247

જવાબ : (1) પરત આપ સમય : 5 વર્ષ 7.5 માસ

(2)ચોખ્ખું વર્તમાન મૂલ્ય : રૂ 13,441.50

(કુલ વર્તમાન મૂલ્ય રૂ .73,441.50 – મૂડી રોકાણ 60,000)

(3)નફાકારકતાનો આંક : કુલ વર્તમાન મૂલ્ય

શરૂઆત નું રોકાણ

= 73,441.50 =1.224025 =

60,000 1.224 લગભગ

(4)આંતરિક વળતર દર = 14.7%

24. ABC લિ.બે યોજના અંગે વિચારણા કરે છે.પેઢી મૂડી પડતર ના 10% દરની અપેક્ષા રાખે છે. બંને યોજના અંગેની વિગતો નીચે મુજબ છે.

વિગત	યોજના X રૂ.	યોજન Y રૂ.
પ્રારંભિક રોકાણ	70,000	70,000
રોકડ પ્રવાહ : પ્રથમ વર્ષ	10,000	50,000
બીજું વર્ષ	20,000	40,000
ત્રીજું વર્ષ	30,000	20,000
ચોથું વર્ષ	45,000	10,000
પાંચમું વર્ષ	60,000	10,000
કુલ રોકડ પ્રવાહ	1,65,000	1,30,000

10% વટાવ દરે વર્તમાન મૂલ્ય પદ્ધતિ મુજબ નફાકારકતાનો આંક શોધો અને બંને યોજનાનો આંતરિક વળતર દર પણ શોધો.

વર્ષ	10% વટાવ દર	25%વટાવ દર	30% વટાવ દર	40% વટાવ દર
1	0.909	0.800	0.769	0.714
2	0.826	0.640	0.592	0.510
3	0.751	0.512	0.455	0.360
4	0.683	0.410	0.350	0.260
5	0.621	0.328	0.186	0.269

જવાબ :	યોજના X	યોજના Y
ચોખ્ખુ વર્તમાન મૂલ્ય	રૂ.1,16,135	1,06,550
નફાકારકતાનો આંક	1.66	1.52
આંતરિક વળતર દર	27.33%	37.81%

25. જેસિકા લિમીટેડ નીચેના બે યંત્રો પૈકી એક યંત્ર ખરીદવા માંગે યંત્ર સંબંધિત નીચેની માહિતી પ્રાપ્ત છે.

વિગત		યંત્ર X	યંત્ર Y
યંત્રની કિંમત	રૂ.	7,00,000	8,40,000
યંત્ર ગોઠવણી ખર્ચ	રૂ.	1,00,000	20,000
યંત્રની ભંગાર કિંમત	રૂ.	-	60,000
યંત્રનું ઉપયોગી આયુષ્ય		4 વર્ષ	5 વર્ષ
કરવેરાનો દર		50%	50%
કંપનીનો મૂડી પડતર દર		12%	12%
ઘસારા અને કરવેરા પહેલાંનો			
રોકડ પ્રવાહ : પ્રથમ વર્ષ		6,00,000	4,00,000
બીજું વર્ષ		4,00,000	3,20,000
ત્રીજું વર્ષ		5,60,000	5,60,000
ચોથું વર્ષ		2,40,000	4,80,000
પાંચમું વર્ષ		-	4,40,000

રૂ.1 નું વર્તમાન મૂલ્ય વિવિધ વટાવ દરે નીચે મુજબ છે :

વર્ષ	12% વટાવ દર	15% વટાવ દર	20% વટાવ દર	25% વટાવ દર
1	0.893	0.870	0.833	0.800
2	0.797	0.756	0.694	0.640
3	0.712	0.658	0.579	0.512
4	0.636	0.572	0.482	0.410
5	0.567	0.497	0.402	0.328

નફાકારકતાના આંક મુજબ અને આંતરિક વળતર દર મુજબ કયુ યંત્ર ખરીદવા ભલામણ કરશો તે દર્શાવો.

જવાબ : 12% વટાવ દરે નફાકારકતાનો આંક : વર્તમાન મૂલ્ય

પ્રારંભિક રોકાણ

યંત્ર X = 10,06,840 = 1.26 લગભગ

8,00,000

યંત્ર Y = 11,05,280 = 1.29 લગભગ

8,60,000

યંત્ર Y ની પસંદગી થવી જોઈએ

આંતરિક વળતર દર :

યંત્ર X : 12% વટાવદરે વર્તમાન મૂલ્ય : રૂ. 10,06,840

: 25% વટાવદરે વર્તમાન મૂલ્ય : રૂ. 7,66,760

આંતરિક વળતરદર 24.80% લગભગ

યંત્ર Y : 12% વટાવદરે વર્તમાન મૂલ્ય રૂ. 11,05,280

25% વટાવદરે વર્તમાન મૂલ્ય રૂ. 8,11,200

આંતરિક વળતર દર : 22.84% લગભગ

આંતરિક વળતર દર આધારે યંત્ર X પસંદગીને પાત્ર

26. રાજેન્દ્ર લિમિટેડ એક પ્રોજેક્ટ માં રૂ.5,00,000 નું રોકાણ કરીને નીચે મુજબ રોકડ પ્રવાહ (ઘાસરો અને કરવેરા બાદ કર્યા પછી) મેળવી શકશે તેમ અંદાજે છે.પ્રોજેક્ટનું આયુષ્ય 10 વર્ષ અને ઘસારો મૂ.ક્રિ.પર 10% લેખે ગણવાનો છે.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.	વર્ષ	રોકડ પ્રવાહ
1	3,75,000	6	50,000
2	3,75,000	7	75,000
3	3,75,000	8	13,750
4	3,75,000	9	75,000
5	3,75,000	10	-

મૂડી પડતર નો દર 10% ધારીને નીચેની પદ્ધતિએ પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરો :

(1) પરત આપ સમય પદ્ધતિ (સાદી રીત)

(2) પરત આપ સમય (વટાવેલ રોકડ પ્રવાહ આધારિત)

(3) વર્તમાન મૂલ્ય (10% વટાવ અવયવથી)

(4) ચોખ્ખું વર્તમાન મૂલ્ય (10% વટાવ અવયવથી)

(5) નફાકારકતાનો આંક

(6) આંતરિક વળતર દર (10% અને 15% વટાવ અવયવની મદદથી)

રૂ.1 નું વર્તમાન મૂલ્ય 10% વટાવ અવયવે અને 15% વટાવ અવયવે નીચે મુજબ છે.:

વર્ષ	10% વટાવ અવયવ	15% વટાવ અવયવ
1	0.909	0.870
2	0.826	0.756
3	0.751	0.658
4	0.683	0.572
5	0.621	0.497
6	0.564	0.432
7	0.513	0.376
8	0.467	0.327
9	0.424	0.284
10	0.386	0.247

[જવાબ :

(1) મૂડી પરત આપ સમય (સાદી પદ્ધતિ) $5\frac{5}{8}$ વર્ષ

(2) પરત આપ સમય (વટાવેલ રોકડ પ્રવાહ આધરિત)

(3) કુલ વર્તમાન મૂલ્ય : રૂ. 6,12,012.50

(4) ચોખ્ખું વર્તમાન મૂલ્ય : રૂ. 6,12,012.50 – 5,00,000 = રૂ.1,12,012.50

(5) નફાકારકતાનો આંક = 6,12,012.50 = 1.224 = 5,00,000

(6) આંતરિક વળતર દર = 14.7%

27. સુનિધિ લિ.પાસે રૂ 4,50,000 ના મૂડી રોકણ વાળી એક દરખાસ્ત છે. જેમાંથી અપેક્ષિત રોકડ પ્રવાહ (ઘસારા બાદ પરંતુ કરવેરા પહેલાં) નીચે મુજબ છે.

વર્ષ	રોકડ પ્રવાહ રૂ.	વર્ષ	રોકડ પ્રવાહ
1	90,000	6	1,12,500
2	67,500	7	67,500
3	90,000	8	1,01,250
4	78,750	9	90,000
5	22,500	10	67,500

કરવેરાનો દર 50% છે.અને ઘસારો સીધી લીટી પધ્ધતિએ કાપવામાં આવે છે.મૂડી પડતરનો દર 10% ધારીનીચેની ગણતરી કરો.

(1) રોકાણ પરત મુદત (2) ચોખ્ખુ વર્તમાન મૂલ્ય 10% વટાવ દરે (3) નફાકારકતાનો આંક 10% વટાવ દરે (4) સરેરાશ રોકાણ વળતરનો દર (5) 10% અને 15% વટાવ અવયવેની મદદથી આંતરિક વળતર દર.

રૂ.1 નું વર્તમાન મૂલ્ય 10% વટાવ અવયવે અને 15% વટાવ અવયવે નીચે મુજબ છે.

વર્ષ	10% વટાવ અવયવ	15% વટાવ અવયવ
1	0.909	0.870
2	0.826	0.756
3	0.751	0.658
4	0.683	0.572
5	0.621	0.497
6	0.564	0.432
7	0.513	0.376
8	0.467	0.327
9	0.424	0.284
10	0.386	0.247

[જવાબ :

(1) પરત આપ સમય : 5 ½ વર્ષ

(2) 10% વટાવ અવયવે ચોખ્ખુ વર્તમાન મૂલ્ય રૂ. 72,754.50

(કુલ વર્તમાન મૂલ્ય : 5,22,754.50 બાદ શરૂઆતનું રોકાણ રૂ.4,50,000=72,754.50)

(3) નફાકારકતાનો આંક = $\frac{5,22,754.50}{4,50,000}$ = 1.16

(4) સરેરાશ વળતર દર = 16%

(5) આંતરિક વળતર દર = 13.78%

એકમ : 9 પ્રમાણ પડતર પદ્ધતિ

: રૂપરેખા :

9.1 પ્રસ્તાવના
9.2 અર્થ અને વ્યાખ્યા
9.3 પ્રમાણ પડતર પધ્ધતિનાં લક્ષણો
9.4 પ્રમાણ પડતર પધ્ધતિના ફાયદાઓ
9.5 પ્રમાણ પડતર પધ્ધતિની મર્યાદાઓ
9.6 પ્રમાણો નક્કી કરવાં
9.7 સમાવેશ પડતર પધ્ધતિનેઅને સીમાંત પડતર પધ્ધતિ વચ્ચેનો તફાવત
9.8 પ્રમાણ પડતર પધ્ધતિ અને અંદાજપત્રીય અંકુશ પધ્ધતિ વચ્ચેનો તફાવત
9.9 પ્રમાણ પડતર કાર્ડ / પ્રમાણ પડતર શીટ / પત્રક શીટ

- સ્વાધ્યાય

9.1 પ્રસ્તાવના

પ્રમાણ શબ્દનો અર્થ ફક્ત કેટલાંક ધોરણો, સ્પષ્ટીકરણ અથવા લક્ષ્ય છે. તે સરખામણી માટે સંદર્ભ બિંદુ બેંચમાર્ક અથવા મોડલ આપે છે.

પ્રમાણ ખર્ચ એ પડતર હિસાબી પ્રણાલીનો એક ભાગ છે. જેમાં પ્રમાણખર્ચ સીધા જ ઉત્પાદન ખાતામાં સમાવિષ્ટ કરવામાં આવે છે. તે બે ભાગોમાં વહેંચાયેલું છે. (1) ઐતિહાસિક પડતર અને (2) પૂર્વ નિર્ધારિત પડતર . ઐતિહાસિક પડતર એટલે ખરેખર પડતર અથવા ભૂતકાળની પડતર અને ઐતિહાસિક પડતર પધ્ધતિમાં ભૂતકાળમાં કરવામાં આવેલાવાસ્તવિક ખર્ચ નક્કી કરવામાં આવે છે.

ઐતિહાસિક પડતરની કેટલીક મર્યાદાઓ હોય છે :

1. આવી પડતર ખૂબ અંતમાં પ્રાપ્ત થાય છે અને તેનો ઉપયોગ ભાવના ક્વોટેશન માટે થઈ શકતો નથી.
2. ઐતિહાસિક પડતર ખર્ચ અંકુશ (નિયંત્રણ) માટે ઉપયોગી નથી; કારણ કે સંચાલકોને નિયંત્રણ માટે માહિતી મળે તે પહેલાં ખર્ચ થઈ ગયેલો હોય છે.

3. ઐતિહાસિક પડતર એવું કોઈ માપદંડ આપતું નથી કે જેની સામે કાર્યક્ષમતાને માપી શકાય.

પ્રમાણ પડતર પધ્ધતિ એ એક એવી ટેકનિક છે, જે વિચલન વિશ્લેષણ દ્વારા નિયત્રણ હેતુ માટે ખર્ચ અને આવક માટેના ધોરણનો ઉપયોગ કરે છે. અહીં ધોરણો કામગીરીની અપેક્ષાઓ છે. પ્રમાણ પડતરનો ઉદ્દેશ ઉત્પાદન ખર્ચા અને ઉત્પાદન કામગીરી માટેના ધોરણો ગોઠવીને બગાડ અટકાવવો અને કામગીરીની કાર્યક્ષમતા વધારવાનો છે. ટૂંકમાં પ્રમાણ પડતર પધ્ધતિ એક નિયંત્રણ માટેનું સાધન છે, જે ઉત્પાદન પડતરની અલગ પધ્ધતિ નથી. તેનો ઉપયોગ ઉત્પાદન પડતર, સેવા પડતર અથવા પ્રક્રિયા પડતરની કોઈપણ પધ્ધતિ સાથે થઈ શકે છે.

9.2 અર્થ અને વ્યાખ્યા :-

પ્રમાણ શબ્દનો અર્થ ધોરણ અથવા માપદંડ છે. પ્રમાણ પડતર એ એક માપદંડ પડતર છે. જેનો ઉપયોગ વાસ્તવિક કરવામાં આવેલ ખર્ચની કાર્યક્ષમતાને માપવા માટેના સાધનતરીકે છે.

પ્રમાણ પડતરઃ-

પ્રમાણ પડતર એ નિર્ધારિત શરતો હેઠળ સૂચવેલ પડતરની પૂર્વનિર્ધારિત ગણતરી છે. તે ખર્ચ તત્ત્વોના મૂલ્યના મૂલ્યાંકનથી બનેલું છે. તે માલસામન, મજૂરીઅને અન્ય ખર્ચના ભાવ અથવા વેતન દર સાથે તકનીકી સ્પષ્ટીકરણને સુસંગત કરે છે. જે સમયગાળા દરમિયાન પડતર ઉદ્ભવવાની હોય તેમાં પ્રમાણપડતર નક્કી કરે છે.

- ''પ્રમાણ પડતર એ એક પૂર્વ નિર્ધારિત પડતર છે કે જે કાર્યક્ષમ કામગીરીના સંચાલન ધોરણ અને સંબધિત આવશ્યક ખર્ચની ગણતરી કરવામાં આવે છે.''

C.I.M.A. લંડન

- ''પ્રમાણ પડતર એ એક પૂર્વ નિર્ધારિત પડતર છે કે જે નિર્ધારિત સંજોગોમાં દરેક ઉત્પાદન અથવા સેવા માટે શું ખર્ચ કરવો જોઈએ તે નક્કી કરે છે.''

બ્રાઉન અને હોવર્ડ

❖ **પ્રમાણ પડતર પધ્ધતિ :-**

''પ્રમાણ પડતર પધ્ધતિ એ એક નિયંત્રણ હિસાબી પધ્ધતિ છે. જેમાં ખરેખર ખર્ચની નોંધણી કરવામાં આવે છે.પ્રમાણ પડતરનો ઉપયોગ કરવામાં આવે છે અને ખરેખર ખર્ચને પ્રમાણ ખર્ચ સાથે સરખાવીને વિચલનો માટેના કારણો જાણવામાં આવે છે.''

- ડબલ્યુ બી. લોરેન્સ

"પ્રમાણ પડતર પધ્ધતિ એક પ્રયુક્તિછે કે, જે અંકુશના હેતુસર વિચલન વિશ્લેષણ મારફત પડતર અને આવકના પ્રમાણોનો ઉપયોગ કરે છે."

- રવિ એમ. કિશોર

9.3 પ્રમાણ પડતર પધ્ધતિનાં લક્ષણો :-

પ્રમાણ પડતર પધ્ધતિનાં લક્ષણો નીચે મુજબ છે :

1. **ખર્ચ નિર્ધારણ :-** ભૂતકાળના અનુભવ અને ભાવિવલણને આધારે ઉત્પાદનની પડતરજાણવા માટે પ્રમાણ પડતર પધ્ધતિની રચના કરવામાં આવી છે.
2. **ખર્ચની તુલના :** જ્યારે ખરેખર પડતર જાણી શકાય છે ત્યારે એની તુલના અંદાજીત પ્રમાણ પડતર સાથે કરવામાં આવે છે.
3. **વિચલનો પર અંકુશ:** વિચલનો જાણવા માટે પ્રમાણ ખર્ચ અને ખરેખર ખર્ચની તુલના કરવામાં આવે છે.
4. **વિચલનોની ચકાસણી :** એકવાર વિચલન જાણ્યા બાદ તે પછીના ભવિષ્યના વ્યવહારોનેતપાસવા માટે અસરકારક અભ્યાસ કરવામાં આવે છે.
5. **રિર્પોટિંગ :** ઉચ્ચ સંચાલનના ફાયદા માટે અહેવાલો તૈયાર કરવામાં આવે છે અને વિચલનો માટે કોણ જવાબદાર છે તેની જાણ કરવામાં આવે છે.
6. **પૂનરાવર્તન :-** વિચલનો માટે મેનેજમેન્ટ સુધારાત્મક સૂચનો આપે છે.

9.4 પ્રમાણ પડતર પધ્ધતિના ફાયદાઓ

1. **યોગ્ય આયોજન:**-તે 'અપવાદ દ્વારા સંચાલન' સિધ્ધાંતોને લાગુ કરવામાં મદદ કરે છે. એટલે કે જે પદ્ધતિઓયોજનાઓથી આગળ વધે છે તેમાં મેનેજમેન્ટને ચિંતા કરવાની જરૂર નથી. તેઓએ અપવાદોના જ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
2. **કાર્યક્ષમ ખર્ચ નિયંત્રણ:** પ્રમાણ પડતર પધ્ધતિએ ખર્ચમાં ઘટાડો અને તેના પર નિયત્રણ મેળવવા માટે મેનેજમેન્ટનું એક સાધન છે. આ પધ્ધતિ હેઠળ વિચલનોનું વિશ્લેષણ કરવામાં આવે છે અને જવાબદારીઓ નક્કી કરવામાં આવે છે.
3. **પ્રેરણાત્મક પરિબળ :** મજૂર કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવામાં આવે છે અને તેઓ ખર્ચમાં સભાન રહેવાનું નક્કી કરે છે. પ્રમાણો વધુ પ્રયત્નો સાથે કામ કરવા માટે પ્રોત્સાહનો અને પ્રેરણા આપે છે જેને લીધે કાર્યક્ષમતા અને ઉત્પાદનમાં વધારો થાય છે.
4. **આગાહી અને પરિણામની તુલના :** કર્મચારીઓ માટે કાર્યક્ષમતાનું લક્ષ નક્કી કરવામાં આવે છે અને ખર્ચની સભાનતાને ઉત્તેજિત કરવામાં આવે છે. પ્રમાણ પડતર પધ્ધતિની પ્રક્રિયા કર્મચારીઓ, મશીનો અને કાર્ય કરવાની

પધ્ધતિથી મૂલ્યાંકન કરવાની મંજૂરી આપતી હોવાથી વર્તમાન બિન કાર્યક્ષમતા ધ્યાનમાં આવે છે અને તે દૂર થાય છે.

5. **માલસામાન અંકુશ :** પ્રમાણ પડતર પધ્ધતિ માલસામાન અંકુશને સરળ બનાવે છે અને માલસામાન મૂલ્યાંકનને સરળ બનાવે છે. કાચો માલસામાન ચાલુ કામ અને તૈયાર માલને સમાન ભાવોની ખાતરી આપે છે.

6. **બિન ખર્ચાળ પધ્ધતિ :**-પ્રમાણ પડતર પધ્ધતિ એ બિનખર્ચાળ પધ્ધતિ છેકારણ કે તેને કોઈ વિગતવાર રેકોર્ડની જરૂર નથી. વધારાના સ્ટાફની જરૂરિયાત રહેતી નથી. ખૂબ જ ઓછા રેકોર્ડની જરૂરિયાત હોવાથી નામા પધ્ધતિમાં કાગળનાં કામમાં ઘટાડો થાય છે. આમ પૈસાની સાથે સાથે સમયની પણ બચત થાય છે.

7. **અંદાજપત્રમાં ફેરફાર :-** અંદાજપત્ર પ્રમાણ પડતરને આધારે બનાવવામાં આવે છે. માલસામાન, મજૂરી અને શિરોપરી ખર્ચાઓનાં બજેટ પ્રમાણે,ખર્ચનાઆધારે તૈયાર કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે પરિવર્તનશીલ અંદાજપત્ર, વેચાણ અંદાજપત્ર વેગેરે

8. **નીતિઓ ઘડવામાં મદદ કરે છે. :** આ પધ્ધતિ મેનેજમેન્ટને કિંમતો નક્કી કરવામાં અને ઉત્પાદન નીતિઓ ઘડવામાં ખૂબ જ ઉપયોગી થાય છે.નવા ઉત્પાદનોના ઉત્પાદનની યોજનાઓ કરતી વખતે પ્રમાણ પડતરનો અંદાજ ખૂબ જ ઉપયોગી થાય છે.

9. **પ્રવૃત્તિઓને અલગ કરવામાંમદદ કરે છે :** પ્રમાણ પડતર પધ્ધતિ કુશળ અને અકુશળ પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત પાડવામાં મદદ કરે છે. તેથી કુશળ કામદાર ફક્ત અકુશળ કામદારોની પ્રવૃત્તિઓમાં સુધારો કરવા પર ધ્યાન આપે છે.

10. **બગાડદૂર કરે છે :** પ્રમાણો નક્કી થતાં હોવાથી માલસામનનો બગાડ, બિન ઉત્પાદકીય મજૂરી,મશીન પડતર સમય, બંધ મશીનનો સમય વગેરેમાં ઘટાડો થાય છે.

9.5 પ્રમાણ પડતર પધ્ધતિની મર્યાદાઓ :-

1. **ખર્ચાળ સિસ્ટમ :** પ્રમાણ પડતર પધ્ધતિનાં અમલ માટે ખૂબ કુશળ અને સક્ષમ કર્મચારીઓની આવશ્યકતા હોય છે, આવા નિષ્ણાતોને ઊંચું મહેનતાણું ચુકવવું પડે છે.જેથી તે એક ખર્ચાળસિસ્ટમ બને છે.

2. **ધોરણના નિર્ધારણમાં મુશ્કેલીઓ :** આપેલ પરિસ્થિતિમાં ચોક્કસ ધોરણો નક્કી કરવા હંમેશાં મુશ્કેલ હોય છે. જે કામગીરી પૂર્ણ થાય ત્યારે ખરેખર ખર્ચ સાથે એકરૂપ થાય છે. પ્રમાણ પડતર માટેઅંશતઃ આધુનિક આંકડાકીય

પધ્ધતિઓના આધારે અંદાજો દ્વારા નક્કી કરવામાં આવે છે, આમ તે અનિશ્ચિતતાનાં ધોરણોની આસપાસ ફરે છે.

3. **સેવાઉદ્યોગ માટે બિન ઉપયોગી :** ઉત્પાદન ખર્ચના આયોજન અને નિયંત્રણ માટે પ્રમાણ પડતરનો ઉપયોગ કરવામાં આવે છે, જ્યારે સેવા ઉદ્યોગમાં તેનો ઉપયોગ કરી શકાતો નથી.
4. **ધોરણોની સુસંગતતા :**પ્રમાણ પડતરનાં ધોરણોમાં વધઘટ થાય છે અને સમય સમય પર બદલાતા રહે છે, હંમેશા સમાન ધોરણોને ટકાવી રાખવાનું અને ચાલુરાખવા મુશ્કેલ છે.
5. **પ્રમાણ નક્કી ન કરી શકતા ઉદ્યોગો માટે નકામી :** જોબ ઉત્પાદન એકમો માટે આ પધ્ધતિ અયોગ્ય અને ખર્ચાળ છે. આવા ઉદ્યોગો બિન પ્રમાણનાં આધારે પોતાનું કાર્ય કરે છે. દા.ત. કેટરીગ, ટેલરીગ, છાપકામ વગેરે ઉદ્યોગો
6. **પ્રમાણમાં સ્થિર ધોરણો :** કોઈપણ ઉદ્યોગો પ્રમાણ અપ-ટુ-ડેઈટ રાખી શકે નહી. બીજાં શબ્દોમાં કહીએ તો, વ્યવસાયની સ્થિતિમાં વારંવાર થતાં ફેરફારો સાથે ગતિ રાખવા માટે ધોરણોમાં સુધારો ન કરી શકે. પ્રમાણોમાંવારંવાર સુધારો કરવો ખર્ચાળ હોય છે તેથી તેઓ સુધારણાને ટાળે છે.
7. **નાના ઉદ્યોગો માટે મુશ્કેલીઃ** ધોરણોની સ્થાપનાં અને તેના અમલીકરણમાં પ્રારંભમાં ખૂબ ઉંચો ખર્ચ થાય છે. પ્રમાણમાં સુધારો કરવામાં પણ ખૂબ ઉંચો ખર્ચ થાય છે. તેથી નાના ઉદ્યોગો માટે તે ખર્ચાળ પૂરવાર થાય છે.
8. **કામદારો માટે નિરાશા :** ઉચ્ચ કક્ષાએ ધોરણો નક્કી કરવામાં આવતા હોવાથી ઘણીવાર કર્મચારીઓ અને કામદારો નિરાશ થાય છે. અવાસ્તવિક ઉચ્ચ ધોરણો અસરકારક રીતે કાર્યકરોના મનોબળને વધુ સારી કાર્યક્ષમતા માટે પ્રોત્સાહક તરીકે કામ કરવાને કારણે પ્રતિકૂળ થઇ શકે છે.
9. **અચોક્કસ વિવિધ પરિણામોઃ**- અચોક્કસ અને અવિશ્વસનીય ધોરણો ગેરમાર્ગે દોરનાર પરિણામોનું કારણ બને છે અને આમ આ પધ્ધતિ વપરાશ કર્તાઓના વિશ્વાસનો આનદ માણી શકતા નથી.

9.6 પ્રમાણો નક્કી કરવા :

નીચે આપેલા ચાર મુદ્દા સામાન્ય રીતે ધંધામાં પ્રમાણ પડતર પધ્ધતિ સ્થાપિત કરવા માટે ધ્યાનમાં લેવામાં આવે છે :

1. પડતર કેન્દ્ર સ્થાપવા
2. ખાતાઓનું વર્ગીકરણ
3. ધોરણોના પ્રકાર
4. ધોરણો સુયોજિત કરવા

1. **પડતર કેન્દ્ર સ્થાપવા :**-પ્રમાણ પડતર પધ્ધતિને દાખલ કરવા માટે સૌ પ્રથમ તેમના કાર્ય માટે સારી રીતે ડિઝાઈન કરેલા મહત્વના ક્ષેત્રમાં ખર્ચ કેન્દ્રો સ્થાપિત કરવા જરૂરી છે. આ પ્રક્રિયામાં દરેક પડતર કેન્દ્રની જવાબદારી વિશે કોઈ અસ્પષ્ટતા હોવી જોઈએ નહી, જેથી તેમની જવાબદારી નક્કી કરી શકાય.

"પડતર કેન્દ્ર એ એવું સ્થાન છે જેના દ્વારા ખર્ચ અથવા નિયંત્રણનાં હેતુ માટે લોકો અથવા પડતરના ઉપકરણોની પડતર શોધી શકાય છે અને તેનો ઉપયોગ કરી શકાય છે."

- આઈ.સી.એમ.એ. લંડન

2. **ખાતાઓનું વર્ગીકરણ :**ખાતાઓને સંગ્રહ અને વિશ્લેષણને સહાય કરવા માટે વર્ગીકરણ કરવામાં આવે છે. પ્રમાણ પડતર પધ્ધતિનો અસરકારક ઉપયોગ કરવા માટે બધા ખાતાઓને તેમના કાર્યના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે.જેમ કે આવકને લગતા મિલકતોને લગતા, જવાબદારીને લગતા વગેરે. દરેક વસ્તુ માટે કોડ આપવામાં આવે છે અને દરેક ખાતાની સાથે પડતરના તત્વો ને જોડે છે. કોડ એ માહિતીની કોઈ ચોક્કસ વસ્તુની પ્રતીકાત્મક રજૂઆત છે.

દાખલા તરીકે પડતર તત્ત્વોનો નીચે મુજબ ક્રમિક કોડ આપી શકાય :

પ્રત્યક્ષ માલસામાન	01-19
પ્રત્યક્ષ મજૂરી	20-29
પ્રત્યક્ષ ખર્ચાઓ	30-39
પરોક્ષ માલસામાન	40-49
પરોક્ષ મજૂરી	50-59
પરોક્ષ ખર્ચાઓ	60-69

3. ધોરણોનાં પ્રકાર :

મૂળભૂત રીતે બે પ્રકારના ધોરણો છે :

(અ) વર્તમાન ધોરણ

(બ) પાયાના /મૂળભૂત ધોરણ

(અ) વર્તમાન ધોરણ :-

આ પ્રકારના ધોરણો વર્તમાન સંજોગેને ધ્યાનમાં લઈ ટૂંકાસમય ગાળા માટે સ્થાપિત થયેલ હોય છે. આવા ધોરણ મર્યાદિત સમયગાળા માટે કાર્યરત છે અને તે હાલની પરિસ્થિતિઓને અનુલક્ષે છે. આ ધોરણો નિયમિતઅંતરાલમાં સુધારાય છે. વર્તમાન ધોરણ ત્રણ પ્રકારના છે :

(1) આદર્શ ધોરણો (2) અપેક્ષિત ધોરણો અને (3) સામાન્ય ધોરણો

1. **આદર્શ ધોરણો :**-આ એક કાલ્પનિક ધોરણ છે જેને પ્રાપ્ત કરવા વ્યાવહારિકરીતે શક્ય નથી. આ આદર્શ સ્પષ્ટ રીતે અવાસ્તવિક અને અપ્રાપ્ય છે. તે પહેલાથી ધારે છે કે મજૂરો, માલસામાન અને મશીનોનું પ્રદર્શન યોગ્ય છે માટે તેમાં અકસ્માત, સમયનો બગાડ, માલસામાનનો બગાડ કે કોઈપણ પ્રકારનાં નુકસાન કે બગાડ માટે કોઈપણ પ્રકારનું વળતર આપવામાં આવતું નથી. આ ધોરણોનો ફાયદો એ છે કે તેનાથી ધ્યેયો નક્કી થાય છે, આમ છતાં વ્યવહારમાં તે ક્યારેય સિધ્ધ કરી શકાય તેવા હોતા નથી.

2. **અપેક્ષિત અથવા વ્યાવહારિક ધોરણો :** આવા ધોરણોનો ઉપયોગ ભવિષ્યના સમયગાળા માટે થાય છે. આવા ધોરણો અનિવાર્ય નુકસાન અને સંપૂર્ણ કાર્યક્ષમતાથી અન્ય અનિવાર્ય ક્ષતિઓને વાજબી રીતે દૂર કર્યા પછી અપેક્ષિત કામગીરી પર આધારિત છે. માટે તે ખર્ચ નિયંત્રણ આથી સામાન્ય રીતે વપરાય છે, અને શ્રેષ્ઠ પણ છે.

3. **સામાન્ય ધોરણો :-** તે ભૂતકાળનાં દેખાવ ધોરણો તરીકે પણ ઓળખાય છે કારણ કે તે ભૂતકાળનાં સરેરાશ પ્રભાવ પર આધારિત છે. તે સિધ્ધ કરી શકાય તેવા હોય છે જેથી તે કર્મચારીઓને કાર્યક્ષમતા કાળજી અંગે પડકારરૂપ છે.આવા ધોરણોનો હેતુવેપાર ચક્રમાંથી ઉદ્ભવતા ખર્ચના વિચલનને દૂર કરવાના છે.

(બ) પાયાના / મૂળભૂત ધોરણો :-

આ એવા ધોરણો છે કે જે ફેરફાર કર્યા સિવાય લાંબા ગાળા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તે એક અનુક્રમણિકા જેવાં છે જેની સામે બધાં પરિણામો માપવામાં આવે છે. મૂળભૂત ધોરણોથી ભિન્નતા વાસ્તવિક પડતરના વિચલનોના વલણને દર્શાવે છે. જો કે, ખર્ચ નિયંત્રણ અને પડતર નિર્ધારણના દ્રષ્ટિકોણથી મૂળભૂત ધોરણોની કોઈ વ્યાવહારિક ઉપયોગિતા નથી. આ ધોરણો લાંબી અવધિના ધોરણે ગોઠવેલા હોય છે માટે તેમાં ભાગ્યે જ સુધારો થાય છે.

4. **પ્રમાણ સુયોજિત કરવું :**

ધોરણ નક્કી કરવાની પ્રક્રિયા એક મૂલ્યવાન પ્રક્રિયા છે. પ્રમાણ પડતર પધ્ધતિની સફળતા વિશ્વસનીયતા, ચોક્કસાઈ અને ધોરણોની સ્વીકૃતિ પર આધારિત છે. જો ધોરણો યોગ્ય રીતે સેટ કરવામાં આવ્યા છે અને જાળવવામાં આવ્યા છે, તો તે વિવિધ હેતુઓ માટે પડતર નક્કી કરવા માટેનો એક સાચો આધાર છે. ધોરણો સુયોજિત કરતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવાં જોઈએ :-

- ધોરણોના ઉપયોગનો સમયગાળો
- કામગીરીનું વ્યાજબી ધોરણ

- પ્રવૃત્તિનું સ્તર

નીચે આપેલ વસ્તુઓના એક એકમ માટે ધોરણો માપદંડ આપે છે.

(i) પ્રત્યક્ષ માલસામગ્રીની પડતર

(ii) પ્રત્યક્ષ મજૂરીની પડતર

(iii) સીધા ખર્ચાઓ

(iv) ચલિત કારખાના શિરોપરી પડતર

(v) ચલિત વેચાણ અને વિતરણ પડતર

(vi) વેચાણ કિંમત અને વેચાણ ગાળો

- **માલ સામાનના ધોરણો :-** આમાંબે બાબતો હોય છે, (1) જરૂરી માલસામાનનાં પ્રમાણભૂત જથ્થાનું નિર્ધારણ અને (2) માલસામગ્રીના એકમદીઠ પ્રમાણભૂત ભાવ નિર્ધારણ સામેલ છે.
- **માલસામનનો જથ્થો :** માલસામાનના ગુણવત્તાનાં ધોરણો સ્થાપિત કર્યા પછી, દરેક માલસામાનનાં જથ્થા સંબંધિત ધોરણો સ્થાપિત કરવા ખૂબ જ જરૂરી અને મહત્વપૂર્ણ કાર્ય છે. સામાન્ય રીતે જથ્થો કિલોગ્રામ, એકમો અને માપણી સંદર્ભમાં હોય છે.
- **માલસામાનની કિંમતો :-** આ ભાવી સમયગાળા દરમિયાન માલસામાનનાં સરેરાશ ભાવની આગાહી છે. આ ધોરણો સ્થાપિત કરવા ખૂબ જ મુશ્કેલ છે કારણ કે કંપની મેનેજમેન્ટ દ્વારા કિંમતો બાહ્ય પરિબળો દ્વારા વધુ નિયમન કરવામાં આવે છે. પ્રામાણ ભાવો સેટ કરતી વખતે ભૂતકાળના અનુભવો, અસ્તિત્વમાં છે તે ભાવ અને અપેક્ષાઓ નજીકથી તપાસવી જોઈએ. ભૂતકાળમાં માલસામાનની પડતર, વર્તમાન ભાવો અને વધઘટનાં વલણો એ ભાવના ધોરણોને નિર્ધારિત કરવા માટેનો આધાર છે.
- **મજૂરીના ધોરણો :-** આ ધોરણ વર્તમાન વેતનદર અને કોઈપણ અપેક્ષિત ભિન્નતાને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે. તે મજૂરના દરેક ગ્રેડ અને તેમાં સામેલ કામગીરી માટે નક્કી થવું જોઈએ. કુશળ અને બિનકુશળ મજૂરી માટે તમામ વર્ગના મજૂર માટે પ્રમાણભૂત કલાકો નક્કી કરવામાં આવે છે. આ ધોરણોમાં કલાકોની સંખ્યા અને કામદારોની સંખ્યા નક્કી થાય છે.
- **શિરોપરી ખર્ચાઓના ધોરણો સેટ કરવા :-** શિરોપરી ખર્ચાઓ માટે ધોરણ સેટ કરવું તે માલસામાન અને મજૂરના ધોરણો નક્કી કરતાં વધુ જટિલ છે. તે ચલિત અને સ્થિર શીરોપારી ખર્ચ માટે અંદાજવામાં આવે છે.
- **ચલિત શિરોપરી ખર્ચ :**ચલિત શિરોપરી ખર્ચને એ રીતે વ્યાખ્યાયીત કરી શકાય કે જે ઉત્પાદનનાં એકમો સાથે સીધા બદલાય છે. એવું માનવામાં આવે છે કે યુનિટ દીઠ શિરોપરી ખર્ચનો દર ઉત્પાદનની માત્રાને ધ્યાનમાં

લીધા સિવાય સ્થિર રહે છે. જેથી એ જરૂરી છે કે પ્રમાણ પડતર એક યુનિટ દીઠ અથવા કલાક દીઠ ગણતરી કરવામાં આવે છે.

- **સ્થિર શિરોપરી ખર્ચ :** સ્થિર શિરોપરી ખર્ચ ઉત્પાદનનાં જથ્થામાં થતા ફેરફાર છતાં તે સ્થિર રહે છે. જેથી જરૂરી છે કે આપેલ સમયગાળા માટે કુલ સ્થિર ખર્ચ અને અંદાજીત ઉત્પાદન નક્કી કરવા જરૂરી છે.
- **પ્રમાણ કલાકો :**"ઉત્પાદન સામાન્ય રીતે ટન, કિલોગ્રામ, લીટર, સંખ્યા વગેરેમાં માપવામાં આવે છે જ્યારે કોઈ કંપની વિવિધ પ્રકારના ઉત્પાદનોનું ઉત્પાદન કરતી હોય ત્યારે તેનું ઉત્પાદન વધારવું લગભગ અશક્ય છે, જેથી તેમાં સમાન એકમ નક્કી કરી શકાતું નથી. પ્રમાણ કલાકનો અર્થ કાલ્પનિક છે. જે સામાન્ય સ્થિતિમાં કલાક દરમિયાન કેટલું કાર્ય થવું જોઈએ તેનો અંદાજ આપે છે." **- આઈ.સી.એમ.એ.**

9.7 સમાવેશ પડતર પધ્ધતિ અને સીમાંત પડતર પધ્ધતિ વચ્ચેનો તફાવત

ક્રમ	સીમાંત પડતર પધ્ધતિ	સમાવેશ પડતર પધ્ધતિ
1	ઉત્પાદનનાં કુલ ખર્ચની ગણતરી કરવા માટેના નિર્ણય લેવા માટેની પધ્ધતિને સીમાંત પડતર પધ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.	ઉત્પાદનનાં કુલ ખર્ચને નિર્ધારિત કરવા માટે પડતર કેન્દ્રમાં કુલ પડતરની વહેચણી સમાવેશી પડતર પધ્ધતિ તરીકે ઓળખાય છે.
2	ચલિત ખર્ચને ઉત્પાદન પડતર તરીકે જયારે સ્થિર ખર્ચને સમયગાળાની પડતર તરીકે ગણવામાં આવે છે.	સ્થિર અને ચલિત ખર્ચને ઉત્પાદન ખર્ચ તરીકે ગણવામાં આવે છે.
3	ખર્ચનું ચલિત અને સ્થિરમાં વર્ગીકરણ કરવામાં આવે છે.	ખર્ચનું ઉત્પાદન, વહીવટી અને વેચાણ અને વિતરણ ખર્ચમાં વર્ગીકરણ કરવામાં આવે છે.
4	નફાકારકતા નફા-જથ્થા ગુણોત્તર દ્વારા માપવામાં આવે છે.	સ્થિર ખર્ચનોસમાવેશ કરવાથી નફાકારકતાને અસર થાય છે.
5	શરૂના અને આખરના સ્ટોકમાં તફાવત નીપજનાં એકમદીઠ પડતરને અસર કરતી નથી.	શરૂનાં અને આખરના સ્ટોકમાં તફાવત નીપજના એકમ દીઠ પડતરને અસર કરે છે.
6	પડતર માહિતીમાંતે એકમદીઠ ફાળાને દર્શાવે છે.	તે એકમદીઠ ચોખ્ખો નફો દર્શાવે છે.
7	દરેક વસ્તુનો કુલ ફાળો દર્શાવે છે.	તે પડતરની માહિતીપરંપરાગત રીતે રજૂ કરે છે

9.8 પ્રમાણ પડતર પધ્ધતિ અને અંદાજપત્રીય અંકુશ પધ્ધતિ વચ્ચેનો તફાવત

ક્રમ	પ્રમાણ પડતર પધ્ધતિ	અંદાજપત્રીય અંકુશ પધ્ધતિ
1	ખરેખર ખર્ચ અને પ્રમાણ ખર્ચની તુલના કરીને કામગીરી અને પ્રવૃત્તિનું મૂલ્યાંકન કરવામાં આવતી પધ્ધતિને પ્રમાણપડતર પધ્ધતિ કહે છે.	અંદાજપત્રીય અંકુશ પધ્ધતિએ એવી પધ્ધતિ છે જેમાં બજેટ તૈયાર કરવામાં આવે છે અને ઈચ્છિત પરિણામ પ્રાપ્ત કરવા માટે વાસ્તવિક અને બજેટ આંકડા વચ્ચે સતત તુલના કરવામાં આવે છે.
2	ઉત્પાદન સંબંધિત માહિતીનાઆધારે નક્કી કરવામાં આવે છે.	સંચાલકોની યોજનાઓના આધારે અંદાજપત્રતૈયાર કરવામાં આવે છે.
3	તે પડતરની માહિતી સુધી મર્યાદિત છે	તે પડતર તથા નાણાકીય માહિતીને સમાવેશ કરે છે.
4	તે એકમના ખ્યાલ પર આધારિત છે.	તે કુલ ખ્યાલ પર આધારિત છે.
5	પડતર હિસાબી પધ્ધતિનો વ્યાપ માર્યાદિત છે.	બજેટરી અંકુશ પધ્ધતિનો વ્યાપ બહોળો છે.
6	તે વિચલનોનું અહેવાલ પ્રેષણકરે છે.	તે વિચલનોને અહેવાલ પ્રેષણકરતા નથી.
7	ટૂંકા ગાળાના ફેરફારો પ્રમાણ પડતરને અસર કરતા નથી.	ટૂંકા ગાળાના ફેરફારો અંદાજપત્રીય ખર્ચમાં બતાવવામાં આવે છે.
8	ખરેખર ખર્ચ અને પ્રમાણખર્ચની સરખામણી કરવામાં આવે છે.	ખરેખર આંકાડાની અંદાજપત્રના આંકડા સાથે સરખામણી કરવામાં આવે છે.
9	તે ઉત્પાદન પ્રક્રિયામાં રોકાયેલાં એકમો માટે ઉપયોગી છે.	તે બધા જ પ્રકારના વ્યવસાયો માટે ઉપયોગી છે.

9.9 પ્રમાણ પડતર કાર્ડ / પ્રમાણપડતર પત્રક(શીટ)

વસ્તુ માટેના ખર્ચનાં દરેક તત્વો (જેમ કે માલસામાન, મજૂરી અને શિરોપરી ખર્ચ) માટે સ્થાપિત ધોરણો, પત્રક ફોર્મમાં રેકોર્ડ કરવામાં આવે છે, જેને પ્રમાણ પડતર કાર્ડ અથવા શીટ તરીકે ઓળખવામાં આવે છે. તે મજૂરીની દરેક કેટેગરીનો સમય અને દર શિરોપરી ખર્ચ દર અને એકમદીઠ પડતર દર્શાવે છે. આ માહિતી તેમ છતાં ઉત્પાદનની સંખ્યા, પ્રમાણ અને દરેક પ્રકારના માલસામાનની પડતર સાથે નિશ્ચિત છે. આવા કાર્ડ તમામ પ્રકારના ઉત્પાદનો અથવા સેવાઓ માટે નિભાવવામાં આવે છે. દરેક વસ્તુની પ્રમાણભૂત કિંમતની નોંધણી આ કાર્ડમાં કરવામાં આવે છે. કાર્ડમાં બનાવેલ પડતર તે વ્યક્તિ દ્વારા માન્ય થવી જોઈએ કે જે સંબંધિત કામગીરી માટે જવાબદાર રહેશે. આવા પ્રમાણ પડતર કાર્ડનો નમૂનો નીચે આપવામાં આવ્યો છે :

પ્રમાણ પડતર કાર્ડનો નમૂનો

નં. _____ ધોરણ / પ્રમાણો નક્કી કર્યા તારીખ _____

વસ્તુ: _____

ક્રમ	પડતરનાં તત્વો	જથ્થો	રકમ રૂ.	પ્રમાણ પડતર રૂ.
1	**પ્રત્યક્ષ માલસામાન**			
	માલસામાન – અ	10 એકમો	5.00	50.00
	માલસામાન – બ	20 એકમો	10.00	200.00
	કુલ	**30 એકમો**		**250.00**
	બાદ : સામાન્ય બગાડ	5 એકમો	ભંગાર એકમો	50.00
	સામાન્ય આઉટપુટ	**25 એકમો**		**200.00**
2	**પ્રત્યક્ષ મજૂરી**	10 કલાક	2.00	20.00
3	**શિરોપરી ખર્ચાઓ**			
	ચલિત	10 કલાક	1.00	10.00
	સ્થિર	10 કલાક	2.00	20.00
	કુલ પડતર			**250.00**
	ઉમેરો : પડતરના 10%			**25.00**
	નફો			
	વેચાણ કિંમત			**275.0**

9.16 સ્વાધ્યાય

- **સૈદ્ધાંતિક પ્રશ્નો**

1. પ્રમાણ પડતર પદ્ધતિનો અર્થ અને વ્યાખ્યા આપી તેના લક્ષણોની ચર્ચા કરો.
2. પ્રમાણ પડતર પદ્ધતિના ફાયદા અને મર્યાદાઓ વર્ણવો.
3. પ્રમાણ એટલે શું? તેના વિવિધ પ્રકારોની વિગતવાર ચર્ચા કરો.
4. તફાવત આપો.

(i) સમાવેશ પડતર પધ્ધતિ અને સીમાંત પડતર પધ્ધતિ

(ii) પ્રમાણ પડતર પધ્ધતિ અને અંદાજપત્ર અથવાબજેટ દ્વારા અંકુશની પધ્ધતિ

● **બહુ વૈકલ્પિક પ્રશ્નો (MCQs)**

1. પ્રમાણ પડતર પધ્ધતિ માલસામાન મૂલ્યાંકનનું કાર્ય સરળ બનાવે છે.કારણ કે માલસામાનનું મૂલ્યાંકન ..... થાય છે.

(A) મૂળ કિંમતે **Ans** (B) પૂર્વ નિર્ધારિત ભાવ

(C) બજાર ભાવ (D) સરેરાશ ભાવ

2. પ્રમાણ પડતર પધ્ધતિ નાના એકમો માટે આદર્શ નથી કારણ કે તે

(A) ખૂબ તકનીકી છે. (B) ખર્ચાળ છે.

(C) જટિલ છે. **Ans** (D) આમાંથી કોઈ નહી

3. ઐતિહાસિક પડતરની મર્યાદાઓમાંથી નીચેની કઈ પડતરનો ઉદ્ભવ થયો ?

(A) એકમદીઠ પડતર **Ans** (B) પૂર્વનિર્ધારિત પડતર

(C) ચલિત પડતર (D) ગુણાંકન પડતર

4. પ્રમાણ પડતર પધ્ધતિ નીચેનામાંથી કોના માટે યોગ્ય છે.

(A) વેપારના ધંધાઓ (વેપારીઓ)

(B) ઉત્પાદન ક્ષેત્રે

Ans (C) જોબ ઓર્ડરના ધંધામાં

(D) જથ્થાબંધ વેપારી

5. " પડતર સિધ્ધાંતો" અપનાવવા પાછળનો મુખ્ય આશ્રય શું છે.?

(A) નફો જાણવાનો (B) પડતર તપાસનો

(C) કાર્યક્ષમતા વધારવાનો (D) ખર્ચ પર અંકુશનો **Ans**

6. પ્રમાણ પડતર પધ્ધતિ અનુસાર પૂર્વ નિર્ધારિત કરેલી પડતર વિષય બાબતોને નીચે પૈકી કોની સાથે સરખાવવામાં આવે છે.?

Ans (A) ખરેખર પડતર (B) અંદાજી પડતર

(C) વેચાણ પડતર (D) તફાવત પડતર

7. પડતર પદ્ધતિનો મુખ્ય હેતુ શું છે ?

(A) પડતર કાર્યક્ષમતા અને નાણાકીય આયોજન માટે

(B) વિચલન વિશ્લેષણઅને પડતર ઓડિટ અંગે

Ans (C) પડતર આયોજ અંકુશ અને વેચાણ કિંમત નીતિ ઘડતર માટે

(D) આવક જાણકારી અને ખર્ચ અંકુશ અર્થે

8. પૂર્વનિર્ધારિત પ્રમાણ પડતર અને વાસ્તવિક કે ખરેખર પડતર વચ્ચે જે તફાવત ઉદ્ભવે તેને શું કહે છે ?

Ans (A) વિચલન (B) ગાળો

(C) ફેરફાર (D) વિશ્લેષણ

9. પડતર અથવા ખર્ચની દ્રષ્ટીએ જો પ્રમાણ પડતર કરતા ખરેખર પડતર ઓછી હોય તો નીચે પૈકી કયું વિચલન ઉદ્ભવે છે ?

(A) પ્રતિકૂળ અથવા નકારાત્મક વિચલન

Ans (B) અનુકૂળ અથવા હકારાત્મક વિચલન

(C) પ્રતિકૂળ અથવા નકારાત્મક વિચલન

(D) ઉપરમાંથી એકપણ નહિ.

10. પ્રમાણ પડતર પધ્ધતિ અન્વયે નીચેની કઈ બાબતોને ખરેખર પડતર અંગેની મુખ્ય કામગીરી તરીકે સાંકળી શકાય ?

(A) અંદાજ કાઢવા (B) એકમદીઠ પડતર જાણવી

(C) નફો જાણવો

Ans (D) વિચલનો શોધવા અને તેનું વિશ્લેષણકરવું

11. બજેટ અને પ્રમાણો શાના આધારે તૈયાર થાય છે.?

(A) ભૂતકાળના રેકોર્ડને આધારે (B) ટેકિનકલ માહિતીના આધારે

Ans (C) ઉપરોક્ત બંનેના આધારે (D) ઉપરમાંથી કોઈપણ નહિ.

12. વિચલન વિશ્લેષણનો ઉપયોગ શામાં થાય છે ?

Ans (A) પ્રમાણ પડતર પધ્ધતિ (B) સીમાંત પડતર પધ્ધતિ

(C) બજેટરી અંકુશ (D) ગુણોત્તર વિશ્લેષણ

13. આદર્શ પ્રમાણનું અન્ય નામ શું છે ?

(A) અપેક્ષિત પ્રમાણ (B) સૈધ્ધાંતિક પ્રમાણ

(C) સામાન્ય પ્રમાણ Ans (D) મૂળભૂત પ્રમાણ

14. બજેટ સમયગાળા દરમિયાન જે ધોરણો પ્રાપ્ત થવાની અપેક્ષા છે તેને શું કહે છે. ?

(A) મૂળભૂત પ્રમાણ (B) સામાન્ય પ્રમાણ

(C) અનઅપેક્ષિત પ્રમાણ Ans (D) અપેક્ષિત પ્રમાણ

15. સ્થિર ખર્ચાઓ માટે કયું પ્રમાણ યોગ્ય છે. ?

(A) મૂળભૂત પ્રમાણ (B) આદર્શ પ્રમાણ

Ans (C) સામાન્ય ધોરણ (D) અપેક્ષિત ધોરણ

એકમ: 10 માલસામાન વિચલન

: રૂપરેખા :

10.1 વિચલન વિશ્લેષણનો અર્થ

10.2 વિચલન વિશ્લેષણનું મહત્વ

10.3 વિચલનના પ્રકારો

10.4 માલસામાનને લગતા વિચલનો- ઉદાહરણ સહિત

10.5 સ્વાધ્યાય

10.1 વિચલન વિશ્લેષણનો અર્થ

પ્રમાણ પડતર અથવા નક્કી અથવા વેચાણની સરખામણીમાં ખરેખર પડતર અથવા ખરેખર વેચાણનાં તફાવતોને વિચલન કહેવામાં આવે છે. પ્રમાણ પડતર પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ વિચલનની ગણતરી કરવાનો છે. આ ગણતરી બતાવે છે કે પડતર અંકુશમાં છે કે નહીં. વિચલનો અનુકૂળ અથવા પ્રતિકૂળ હોઈ શકે છે.

"વાસ્તવિક અને પ્રમાણભૂત ખર્ચોના તફાવતનાં કારણોને અલગ પાડવાની અને વિચલનક્ષાની ગણતરી કરવાની પ્રક્રિયાને વિચલન વિશ્લેષણ." — સી. આઈ. એમ. એ., લંડન

જ્યારે વાસ્તવિક પડતર પ્રમાણભૂત પડતર કરતાં ઓછી હોય અથવા નક્કી પૂર્વનિર્ધારિત નફા કરતાં વધુ હોય ત્યારે તે અનુકૂળ વિચલન તરીકે ઓળખાય છે. બીજી બાજુ જ્યાં વાસ્તવિક પડતર પૂર્વનિર્ધારિત પડતર કરતાં વધારે હોય અથવા નફો પૂર્વનિર્ધારિત નફા કરતાં ઓછો હોય ત્યારે તેને પ્રતિકૂળ વિચલન તરીકે ઓળખવામાં આવે છે. માત્ર વિચલનોનું જ જ્ઞાન સંચાલકોને ઉપયોગી થતું નથી, આ વિચલન માટે જવાબદાર કારણોને પણ ધંધાનાં સંચાલકોનાં ધ્યાનમાં લાવવું જોઈએ. વિચલનનાં

કારણો શોધવા અને તેમની અસરનું મૂલ્યાંકનકરવાની પ્રક્રિયાને 'વિચલનોનું વિશ્લેષણ' તરીકે ઓળખવામાં આવે છે.

10.2 વિચલન વિશ્લેષણનું મહત્ત્વ :

વિચલનનાં વિશ્લેષણનું ઘણું મહત્વ છે. તેમના વિશ્લેષણથી ઘણા હેતુઓ પરિપૂર્ણ થાય છે. વિચલનનાં વિશ્લેષણવિના પ્રમાણ પડતરનો ઉપયોગ થતો નથી. વિચલનનાં મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ નીચે મુજબ છે.

1. બગાડ પર નિયંત્રણ શક્ય બને છે.
2. તે પ્રમાણ પડતરનો ઉપયોગ કરીને અસ્થાયી કાર્યક્ષામતામાં સુધારો કરે છે.
3. તે વિભાગ, વ્યક્તિઓ વગેરે સહિતના તમામ ખર્ચ કેન્દ્રો પર નિયંત્રણ રાખે છે.
4. કોઈ ચોક્કસ વ્યક્તિ અથવા વિભાગની જવાબદારી નિશ્ચિત કરી શકાય છે.
5. ઉત્પાદન પડતર, વેચાણ અને નફાની આગાહીમાં વિચલન વિશ્લેષણખૂબ ઉપયોગી છે.
6. વિચલન વિશ્લેષણનાં આધારે જવાબદારીની માપણી અસરકારક બનાવી શકાય છે.
7. વિચલનવિશ્લેષણને પરિણામલક્ષી તરીકે લાગુ કરવું સરળ છે.
8. વિવિધ ઑપરેશનલ કાર્યક્ષમતાને માપી શકાય છે.

10.3 વિચલનનાં પ્રકારો :

શરૂઆતમાં ખર્ચનાં તમામ ઘટકો માટેના ધોરણો નિર્ધારિત થવા જોઈએ અને પછી વાસ્તવિક પડતરની તુલના કરવા માટે પ્રમાણ ખર્ચ સાથે સરખામણી કરવી જોઈએ. વાસ્તવિક અને પ્રમાણ વચ્ચેના તફાવતને વિચલનો તરીકે ઓળખવામાં આવે છે.

"કોઈ ચોક્કસ સમયગાળા માટે પ્રમાણ પડતર અને વાસ્તવિક પડતર વચ્ચેના તફાવતને વિચલન કહેવામાં આવે છે."

- સી.આઈ.એમ.એ. લંડન

વિચલનોને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે.

1. નિયંત્રણનાં આધારે
2. નફાકારકતાને આધારે
3. પડતર તત્ત્વના આધારે

1. નિયંત્રણનાં આધારે :-

નિયંત્રણનાં આધારે વિચલનોને નિયંત્રિત વિચલન અને અનિયંત્રિત વિચલન તરીકે વર્ગીકૃતકરી શકાય.


2. નફાકારકતાનાં આધારે :-

નફાકારકતાને ધ્યાનમાં રાખી વિચલનને બે ભાગમાં વર્ગીકૃત કરી શકાય (1) અનુકૂળ વિચલન અને (2) પ્રતિકૂળ વિચલન. તેઓને સકારાત્મક અથવા નકારાત્મક વિચલન તરીકે પણ ઓળખવામાં આવે છે.

3. પડતર તત્ત્વોના આધારે :

કુલ પડતર ખર્ચ વિચલન એ નિશ્ચિત સમયમાં મેળવેલ ઊપજમાટેના પ્રમાણખર્ચ અને ઉદ્ભવેલખરેખરકુલ ખર્ચ વચ્ચેનો તફાવત છે.

કુલ પડતર ખર્ચ વિચલનોનું વર્ગીકરણ



10.4 માલસામાનને લગતા વિચાલનો (ઉદારહણ સહિત) :

આ વિચલનમાં માલસામાન પડતર (ખર્ચ) વિચલન, માલાસામાન ભાવ (કિંમત) વિચલન, માલસામાન જથ્થા વિચલન, માલસામાન મિશ્રણ વિચલન, અને માલસામાન ઉપજવિચલનનો સમાવેશ થાય છે.

(1) માલસામાન ખર્ચ વિચલન : (MCV – Material Cost Variance)

તે નિશ્ચિત ઉત્પાદનનાં પૂર્વનિર્ધારિત ખર્ચ અને ખરેખર ખર્ચ વચ્ચેનો તફાવત છે.

માલસામાન ખર્ચ વિચલન (MCV) = પ્રમાણ પડતર ખર્ચ – ખરેખર પડતર ખર્ચ

અથવા

માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણકિંમત) – (ખરેખરજથ્થો × ખરેખરકિંમત)

MCV = (SQ × SP) - (AQ × AP)
SQ = Standard Quantity
SP = Standard Price
AQ = Actual Quantity
AP = Actual Price

(2) માલસામાન ભાવ વિચલન : (MPV- Material Price Variance)

માલસામાનનાં પ્રમાણ ભાવ કરતા ખરેખર ભાવમાં તફાવત હોય તો આ તફાવતો માલસામાન ભાવ વિચલનકે માલસામાન કિંમત વિચલન કહેવામાં આવે છે.

માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ – ખરેખર ભાવ)

MPV = AQ (SP – AP)

AQ = Actual Quantity = ખરેખર જથ્થો

SP = Standard Price =પ્રમાણ ભાવ

AP = Actual Price = ખરેખર ભાવ

3. **માલસામાન વપરાશ વિચલન (MUV- Material Usage Variance)**

ઉત્પાદનમાટેના કાચા માલના જથ્થાનો પ્રમાણ વપરાશ કરતા ખરેખર વપરાશ વધુ કે ઓછો થયો હોય ત્યારે માલસામાન વપરાશ કે જથ્થો વિચલન ઉદ્ભવે છે.

માલસામાન વપરાશ વિચલન : પ્રમાણ ભાવ (પ્રમાણ વપરાશ - ખરેખર વપરાશ)

MUV = SP (SQ – AQ)

જેમાં SP = Standard Price = પ્રમાણ ભાવ

SQ = Standard Quantity = પ્રમાણ જથ્થો

AQ = Actual Quantity = ખરેખર જથ્થો

4. **માલસામાન મિશ્રણ વિચલન (Material Mix Variance = MMV)**

ખરેખર ઉત્પાદન દરમિયાન કાચા માલનાકરતા ખરેખર મિશ્રણમા ફેરફાર થાય તો ખર્ચમાં જે તફાવત આવે તેને માલસામાન મિશ્રણ વિચલન કહેવામાં આવે છે. જે માલસામાન વપરાશ વિચલનનો એક ભાગ પણ છે.

માલસામાન મિશ્રણ વિચલન = પ્રમાણભાવ (પ્રમાણ જથ્થો – ખરેખર જથ્થો)

MMV = SP (SQ – AQ)

જેમાં : SP = Standard Price = પ્રમાણ ભાવ

SQ = Standard Quantity = પ્રમાણ જથ્થો

AQ = Actual Quantity = ખરેખર જથ્થો

માલસામાન મિશ્રણ વિચલનની ગણતરી કરતી વખતે નીચેના બે સંજોગો ધ્યાનમાં રાખવા જરૂરી છે.

અ) **જયારે ખરેખર મિશ્રણનું કુલ વજન અને પ્રમાણ મિશ્રણનું કુલ વજન એકસરખું હોય ત્યારે** આવા સંજોગોમાં માલસામાન વપરાશન વિચલન એજ માલસામાન માટે માલસામાન વપરાશ વિચલન અલગથી ગણવાની જરૂર રહેતી નથી. આવા સંજોગોમાં નીચેના સૂત્રનો ઉપયોગ થાય છે.

માલસામાન મિશ્રણ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો – ખરેખર જથ્થો)

બ) જયારે ખરેખર મિશ્રણનું કુલ વજન અને પ્રમાણ મિશ્રણનું કુલ વજન એકસરખું ન હોય ત્યારે,આવી પરિસ્થિતિમાં માલસામાન મિશ્રણ વિચલનનું ઉપરનું સૂત્ર ઉપયોગમાં લેવાનું છે. પરંતુ તેસૂત્રમાં પ્રમાણ જથ્થાને બદલે સુધારેલ પ્રમાણ જથ્થાનો ઉપયોગ કરવાનો છે. આ માટે પ્રમાણ જથ્થાને બદલે સુધારેલ પ્રમાણ જથ્થાની ગણતરી કરવાની થાય છે.

આવી પરિસ્થિતિમાં માલસામાન મિશ્રણનાં નીચેના સૂત્રનો ઉપયોગ કરવાનો રહે છે.

માલસામાન મિશ્રણ વિચલન = પ્રમાણ ભાવ (સુધારેલ પ્રમાણ જથ્થો – ખરેખર જથ્થો)

અહીયાં સુધારેલ પ્રમાણ જથ્થાની ગણતરી નીચેના સૂત્રની મદદથી કરી શકાય છે.

$$\text{સુધારેલ પ્રમાણ જથ્થો} = \text{ખરેખર કુલ જથ્થો} \times \frac{\text{માલસામાનનોપ્રમાણજથ્થો}}{\text{માલસામાનનોકુલપ્રમાણજથ્થો}}$$

$$RSQ = TAQ \times \frac{SQ}{TSQ}$$

RSQ = Revised Standard Quantity
TAQ = Total Actual Quantity
SQ = Standard Quantity
TSQ = Total Standard Quantity

5. માલસામાન ઊપજ વિચલન (MYV- Material Yield Variance)

ઉત્પાદન પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાયેલ સીધી માલસામગ્રીનાં મિશ્રણનો જથ્થામાથી ઉત્પાદન પ્રક્રિયાને અંતે નિર્ધારિત પ્રમાણ ઊપજ અને પ્રાપ્ત ખરેખર ઊપજ વચ્ચેના તફાવતને માલસામાન ઊપજ વિચલન કહેવામાં આવે છે.

માલસામાન ઊપજવિચલનની ગણતરી કરતી વખતે નીચેના બે સંજોગો ધ્યાનમાં રાખવા જરૂરી છે.

અ) ઉત્પાદન પ્રક્રિયા અંગે કાચા માલસામાનનું મિશ્રણ અને ખરેખર મિશ્રણ સરખા હોય ત્યારે નીચેના સૂત્રની મદદથી માલસામાનની ઊપજને ગણતરી કરવી

માલસામાન ઊપજ વિચલન = એકમ દીઠ પ્રમાણ પડતર (ખરેખર ઊપજ – પ્રમાણ ઊપજ)

MYV = SP Per Unit (AY – SY)

MYV = Material Yield Variance = માલસામાન ઊપજ વિચલન

SP Per Unit = Standard Rate = એકમ દીઠ પ્રમાણ પડતર

AY = Actual Yield = ખરેખર ઊપજ

SY = Standard Yield = પ્રમાણ ઊપજ

એકમદીઠ પ્રમાણ પડતરની ગણતરી નીચે મુજબ કરવાની રહે છે.

એકમ દીઠ પ્રમાણ પડતર (SP Per Unit) $= \frac{\text{કુલ પ્રમાણ પડતર}}{\text{કુલઉત્પાદન}} - \frac{\text{TotalStd.Cost}}{\text{S.Y}}$

બ) ઉત્પાદન પ્રક્રિયા અંગે કાચા માલસામાનનું પ્રમાણ મિશ્રણ અને ખરેખર મિશ્રણ એકસરખા ન હોય ત્યારે, પ્રથમ

આવા સંજોગોમાં ઈજીરૂ એટલે કે સુધારેલ પ્રમાણ મિશ્રણની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવી,

સુધારેલ પ્રમાણ ઊપજ = ખરેખર મિશ્રણ – ખરેખર મિશ્રણનાં પ્રમાણ બગાડના ટકા

Revised Standard Yield = Actual Quantity - % Wastage of Actual Quantity

માલસામાન ઊપજ વિચલન = એકમદીઠ પ્રમાણ

પડતર (ખરેખર ઊપજ – સુધારેલ પ્રમાણ ઊપજ)

MYV = SP Per Unit (AY – RSY)

ઉદાહરણ -1

નીચેની માહિતીને આધારે માલસામાન ભાવ વિચલન ગણો :-

પ્રમાણ જથ્થો = 10,000 કિલો

ખરેખર જથ્થો = 10,200 કિલો

પ્રમાણ ભાવ = કિલો દીઠ રૂ. 15

ખરેખર ભાવ = કિલો દીઠ રૂ. 15.30

જવાબ :-

માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ – ખરેખર ભાવ)

= 10,200 × (15 – 15.30)

= 10,200 × (– 0.30)

= રૂ. 3060 (પ્રતિકૂળ)

ઉદાહરણ – 2

નીચેની માહિતીના આધારે વપરાશ વિચલન ગણો

પ્રમાણિત જથ્થો = 20,000 કિગ્રા

વપરાયેલ જથ્થો = 21,000 કિગ્રા

પ્રમાણભાવ = કિ. ગ્રા. દીઠ રૂ. 10

ખરેખર ભાવ = કિ.ગ્રા. દીઠ રૂ. 10.50

જવાબ : માલસામાન વપરાશ વિચલન = પ્રમાણભાવ

(પ્રમાણવપરાશ – ખરેખર વપરાશ)

= 10 (20,000 – 21,000)

= 10 (-1000)

= રૂ. 10,000 (પ્રતિકૂળ)

ઉદાહરણ – 3

એક વસ્તુના ઉત્પાદન માટે પ્રમાણ જથ્થો 210 કિલો, કિલોગ્રામ દીઠ પ્રમાણભાવ રૂ. 10 છે. જ્યારે ખરેખર ઉત્પાદન પ્રક્રિયા હાથ ધરવામાં આવી ત્યારે 205 કિલો ગ્રામ ખરેખર જથ્થાનો વપરાશ થયેલ અને આ માટે રૂ. 11 કિલોગ્રામ દીઠ ભાવ ચૂકવેલ હતો. માલસામાન પડતર વિચલન ગણો.

MCV = (SQ × SP) – (AQ × AP)

= (210 × 10) – (205 × 11)

= 2100 – 2255

= રૂ. – 155 (પ્રતિકૂળ)

ઉદાહરણ – 4

એક ઉત્પાદક પોતાના એકમમાં પ્રમાણ પડતર પધ્ધતિનો ઉપયોગ કરે છે. વસ્તુનાં ઉત્પાદન માટે વસ્તુનું ઉત્પાદન શરૂ કરતા પહેલા પ્રમાણ માલસામાન 2,000 કિલો રૂ. 10 નાં પ્રમાણ ભાવે વપરાશે તેવું અંદાજવામાં આવ્યું હતું. આ વસ્તુનું

ખરેખર ઉત્પાદન થયું ત્યારે માલસામાનનો ખરેખર વપરાશ 2100 કિલો, ₹. 10.50 નાં ભાવે થયો હતો. આ માહિતીના આધારે (i) માલસામાન ખર્ચ વિચલન (ii) માલસામાન કિંમત (ભાવ) વિચલન અને માલસામાન જથ્થા (વપરાશ) વિચલનો ગણો.

જવાબ

(i) માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ જથ્થો × પ્રમાણભાવ) –ખરેખર જથ્થો × ખરેખર ભાવ

= (2000 × 10) – (2100 × 10.50)
= 20,000 – 22050
= ₹. – 2050 (પ્રતિકૂળ)

(ii) માલસામાન કિંમત (ભાવ) વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ – ખરેખર ભાવ)

= 2100 (10 - 10.50)
= 2100 (-0.50)
= ₹. – 1050 (પ્રતિકૂળ)

(iii) માલસામાન જથ્થા (વપરાશ) વિચલન : પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો – ખરેખર જથ્થો)

= 10 (2000 – 2100)
= 10 (-100)
= ₹. – 1000 (પ્રતિકૂળ)

માલસામાન ખર્ચ વિચલન કિંમત અને જથ્થાનાં વિચલનનો સમાવેશ કરે છે.

માલસામાન ખર્ચ વિચલન = માલસામાન કિંમત વિચલન + માલસામાન જથ્થા વિચલન

= (-1050) + (-1000)
= ₹. – 2050 (પ્રતિકૂળ)

ઉદાહરણ – 5

એક વસ્તુના એક એકમના ઉત્પાદન માટેનું પ્રમાણ મિશ્રણ નીચે મુજબ છે.

માલસામાન **અ** 60 એકમો એકમદીઠ ભાવ ₹. 15 = ₹. 900

માલસામાન **બ** 80 એકમો એકમદીઠ ભાવ ₹. 20 = ₹. 1600

માલસામાન **ક** 100 એકમો એકમદીઠ ભાવ ₹. 25 = ₹. 2500

240 એકમો ₹. 5000

એપ્રિલ માસ દરમ્યાન 10 એકમોનું ખરેખર ઉત્પાદન થયેલ અને માલસામાનનો વપરાશ નીચે મુજબ થયો હતો.

માલસામાન અ 640 એકમો એકમદીઠ ભાવ ₹. 17.50 = ₹. 11200

માલસામાન બ 950 એકમો એકમદીઠ ભાવ ₹. 18 = ₹. 17100

માલસામાન ક 870 એકમો એકમદીઠ ભાવ રૂ. 27.50 = રૂ. 23925

કુલ = 2460 એકમો રૂ. 52225

માલસામાન વિચલન ગણો

જવાબ:

માલસામાન	**10 એકમો માટે પ્રમાણ**			**10 એકમો માટેખરેખરપ્રમાણ**		
	જથ્થો	ભાવ રૂ.	કુલ રૂ.	જથ્થો	ભાવ રૂ.	કુલ રૂ.
અ	600	15	9000	640	17.50	11200
બ	800	20	16000	950	18.00	1700
ક	1000	25	25000	870	27.50	23925
કુલ	**2400**			**2460**		**52225**

(i) માલસામાન ખર્ચ વિચલન = પ્રમાણ ખર્ચ – ખરેખર ખર્ચ

= રૂ. 50000 – રૂ. 52225

= રૂ. 2225 (પ્રતિકૂળ) (A)

(ii) માલસામાન ભાવ વિચલન= ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ -ખરેખર ભાવ)

માલસામાન અ = 640(15 – 17.50) = રૂ. 1600 (પ્રતિકૂળ) (A)

માલસામાન બ = 950 (20 – 18) = રૂ. 1900 (પ્રતિકૂળ) (F)

માલસામાન ક = 870 (25 – 27.50) = રૂ. 2175 (પ્રતિકૂળ) (A)

માલસામાન ભાવ વિચલન = રૂ. 1875 (પ્રતિકૂળ) (A)

(iii) માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો ×ખરેખર જથ્થો)

માલસામાન **અ** = 15(600 - 640) = રૂ. 600 (પ્રતિકૂળ) (A)

માલસામાન **બ** = 20 (800 - 950) = રૂ. 3000 (પ્રતિકૂળ) (A)

માલસામાન **ક** = 25 (1000 - 870) = રૂ. 3250 (અનુકૂળ) (F)

માલસામાન વપરાશ વિચલન = રૂ. 350 (પ્રતિકૂળ) (A)

ચકાસણી : MCV = MPV + MUV

= રૂ. 1875 (A)+ Y. 350 (A)

= રૂ. 2225 (A)

માલસામાન મિશ્રણ વિચલન :

અહીં ખરેખર મિશ્રણનું વજન અને પ્રમાણ મિશ્રણનું વજન એકસરખું નથી માટે પ્રમાણ જથ્થાને બદલે સુધારેલ પ્રમાણ જથ્થાની ગણતરી કરવાની રહે છે. આ માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરવાનો રહે છે.

$$\text{સુધારેલ પ્રમાણ જથ્થો} = \text{ખરેખર કુલ જથ્થો} \times \frac{\text{માલસામાનનોપ્રમાણજથ્થો}}{\text{માલસામાનનોકુલપ્રમાણજથ્થો}}$$

RSQ = TAQ × (SQ)/(TSO)
RSQ = Revised Standard Quantity
TAQ = Total Actual Quantity
SQ = Standard Quantity
TSQ = Total Standard Quantity

માલસામન અ = $2460 \times \frac{600}{2400}$ = 615 એકમો

માલસામન બ = $2460 \times \frac{800}{2400}$ = 820 એકમો

માલસામન ક= $2460 \times \frac{1000}{2400}$ = 1025 એકમો

(iv) માલસામાન મિશ્રણ વિચલન = પ્રમાણ ભાવ (સુધારેલ પ્રમાણ જથ્થો – ખરેખર જથ્થો)

MMV = SP (RSQ – AQ)

માલસામાન અ = 15 (615 – 640) = ₹. 375 (પ્રતિકૂળ) (A)

માલસામાન બ = 20 (820 - 950) = ₹. 2600 (પ્રતિકૂળ) (A)

માલસામાન ક = 25 (1025 - 870) = ₹. 3875 (અનુકૂળ) (F)

માલસામાન વપરાશ વિચલન = ₹. 900 (અનુકૂળ) (F)

સુધારેલ પ્રમાણ ઊપજ = RSY ની ગણતરી :-

(Revised Standerd Yield)

RSY = જો, 2400 પ્રમાણ જથ્થો = 10 પ્રમાણ ઊપજ

તો, 2460 ખરેખર જથ્થો = ? = (RSY)

$\frac{2460 \times 10}{2400} \div 10.25$ = RSY

(v) માલસામાન ઊપજ વિચલન = એકમદીઠપ્રમાણ કિંમત (ખરેખર ઊપજ – સુધારેલ પ્રમાણ ઊપજ)

= ₹. 5,000 (10 – 10.25)

= ₹. 1,250 (પ્રતિકૂળ) (A)

જ્યાં એકમદીઠ પ્રમાણ કિંમત = કુલ પ્રમાણ પડતર ÷ પ્રમાણ ઊપજ

= 50,000 ÷ 10 = ₹. 5,000

ચકાસણી

MCV = MPV + MMV + MYV

= ₹. 1,875 (A) + ₹. 900 (F) + ₹. 1,250(A)

= ₹. 2,225(A)

ઉદાહરણ – 6

10 કિલોગ્રામ યાર્નના ઉત્પાદન માટે પ્રમાણ માલસામાનની જરૂરિયાત નીચે મુજબ છે.

માલસામાન	**જથ્થો (કિ.ગ્રા.)**	**કિ.ગ્રા. દીઠ દર રૂ.**
સફેદ	8	6.00
કાળો	4	4.00

માર્ચ માસ દરમ્યાન 1000 કિ.ગ્રા. યાર્નનું ઉત્પાદન થયેલ. માલસામગ્રીનો ખરેખર વપરાશ નીચે મુજબ થયેલ છે.

માલસામાન	**જથ્થો (કિ.ગ્રા.)**	**કિ.ગ્રા. દીઠ દર રૂ.**
સફેદ	750	7.00
કાળો	500	5.00

ગણતરી કરો : (i) માલસામાન ખર્ચ વિચલન (ii) માલસામાન ભાવ વિચલન (iii) માલસામાન વપરાશ વિચલન

જવાબ :-

વિગત	1000 કિ.ગ્રા. માટે પ્રમાણ			1000 કિ.ગ્રા. માટે ખરેખર		
	જથ્થો	દર. રૂ.	રકમ રૂ.	જથ્થો	દર. રૂ.	રકમ રૂ.
સફેદ	800	6	4,800	750	7	5,250
કાળો	400	4	1,600	500	5	2,500
કુલ	1,200		6,400	1,250		7,750

(i) માલસામાન ખર્ચ વિચલન = પ્રમાણ ખર્ચ - ખરેખર ખર્ચ

= 6,400 – 7,750

= રૂ. 1,350 (પ્રતિકૂળ(A)

(ii) માલસામાન ભાવ વિચલન : ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ – ખરેખર જથ્થો)

સફેદ = 750 (6 – 7) = રૂ. 750 (પ્રતિકૂળ) (A)

કાળો = 500 (4 – 5) = રૂ. 500 (પ્રતિકૂળ) (A)

માલસામાન ભાવ વિચલન= રૂ. 1,250 (પ્રતિકૂળ) (A)

(iii) માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો – ખરેખર જથ્થો)

સફેદ = 6 (800- 750) = રૂ. 300 (અનુકૂળ) (F)

કાળો = 4 (400 – 500) =રૂ. 400 (પ્રતિકૂળ) (A)

માલસામાન વપરાશ વિચલન= રૂ. 100 (પ્રતિકૂળ) (A)

ઉદાહરણ – 6

એક કંપની બે પ્રકારના કાચામાલનું મિશ્રણ કરીને એક વસ્તુનું ઉત્પાદન કરે છે. કાચામાલઅંગેના નીચેના પ્રમાણો નક્કી કરવામાં આવ્યાં છે.

માલસામાન – **અ** પ્રમાણ મિશ્રણનાં 40%, કિલોદીઠ પ્રમાણ ભાવ ₹. 400

માલસામાન – **બ** પ્રમાણ મિશ્રણનાં 60% ,કિલોદીઠ પ્રમાણ ભાવ ₹. 600

ઉત્પાદન પ્રક્રિયામાં દાખલ કરેલ એકમના 10 ટકા ઘટ છે.

સપ્ટેમ્બર 2,000 નાં મહિના દરમિયાન નીચેની વિગતો મળે છે.

માલસામાન **અ** નાં 180 કિલોનો વપરાશ થયો, કિલોદીઠ ₹. 360 લેખે

માલસામાન **બ** નાં 220 કિલોનો વપરાશ થયો, કિલોદીઠ ₹. 680 લેખે

આ મહિના દરમ્યાન ખરેખર 369 કિલો તૈયાર વસ્તુનું ઉત્પાદન થયું

નીચેના વિચલનો શોધો :- (i) માલસામાન ભાવ વિચલન (ii) માલસામાન વપરાશ વિચલન (iii) માલસામાન મિશ્રણ વિચલન (iv) માલસામાન ઊપજ વિચલન

(આઈ.સી.ડબ્લ્યુ.એ.ઈન્ટર)

જવાબ:- **કુલ મિશ્રણની ગણતરી**

અહીયા પ્રમાણ ઘટ 10 ટકા છે.

90 કિલો ઉત્પાદને – દાખલ કરેલ કાચા માલસામાનનું મિશ્રણ 100

369 કિલો ઉત્પાદન હોય તો – કાચામાલસામાનનું મિશ્રણ = ?

$369 \times \frac{100}{90} = 410$ કિલો

માલસામાન **અ** અનેબ નું પ્રમાણ 40:60 છે તેથી તેના પ્રમાણ માલસામાનની ગણતરી

❖માલસામાન **અ** નું પ્રમાણ $410 \times \frac{40}{100} = ૧૬૪$ કિલો

❖માલસામાન **બ** નું પ્રમાણ $410 \times \frac{60}{100} = 246$ કિલો

માલસામાન	**પ્રમાણ**			**ખરેખર**		
	જથ્થો	**ભાવ કિલોદીઠ**	**કુલ રકમ ₹.**	**જથ્થો**	**ભાવ કિલોદીઠ**	**કુલ રકમ ₹.**
અ	164	400	65600	180	360	6480
બ	246	600	147600	220	680	149600
કુલ બાદ: બગાડ 10 %	410 41			400 31		
ઉત્પાદન	369		213200	369		214400

(1) માલસામાન ભાવ વિચલન = ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ – ખરેખર ભાવ)

માલસામાન અ = 180 (400 – 360)

= 180 × (40) = ₹. 7,200 (અનુકૂળ)

માલસામાન બ = 220 (600 – 680)

= 220 × (-80) = ₹. 17,600 (પ્રતિકૂળ)

માલસામાન ભાવ વિચલન = 7,200 + (- 17,600) = ₹. – 10,400 (પ્રતિકૂળ)

(2) માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો – ખરેખર જથ્થો)

માલસામાન અ = 400 (164 – 180)

= 400 × (-16) = ₹. 6400 (પ્રતિકૂળ)

માલસામાન બ = 600 (246 – 220)

= 600 × (26) = ₹. 15,600 (અનુકૂળ)

માલસામાન વપરાશ વિચલન = (-6,400) + 15,600 = ₹. 9,200 (અનુકૂળ)

(3) માલસામાન મિશ્રણ વિચલન

આ દાખલામાં પ્રમાણ મિશ્રણ અને ખરેખર મિશ્રણ જુદું જુદું આપેલ છે. માટે અહી સુધારેલ પ્રમાણ જથ્થાની ગણતરી કરવાની રહે.

સુધારેલ પ્રમાણ જથ્થા = ખરેખરકુલ જથ્થો$\times\frac{\text{માલસામાનનોપ્રમાણજથ્થો}}{\text{માલસામાનનોકુલપ્રમાણજથ્થો}}$

માલસામાન (અ) = $400\times\frac{164}{410}$ = 160કિલો

માલસામાન (બ) = $400\times\frac{246}{410}$ = 240કિલો

માલસામાન મિશ્રણ વિચલન = પ્રમાણ ભાવ (સુધારેલ પ્રમાણ જથ્થો – ખરેખર જથ્થો)

માલસામન (અ) = 400 (160 – 180)

= 400 (- 20) = ₹. – 8,000 (પ્રતિકૂળ)

માલસામન (બ) = 600 (240 – 220)

= 600 (20) = ₹. 12,000 (અનુકૂળ)

માલસામાન મિશ્રણ વિચલન = - 8,000+ 12,000 = ₹. 4,000 (અનુકૂળ)

(4) માલસામાન ઊપજ વિચલન :

અહી પ્રમાણ મિશ્રણ અને ખરેખર મિશ્રણ જુદું જુદું છે. જેથી અહી સુધારેલ પ્રમાણ ઊપજની ગણતરી કરવાની રહે

સુધારેલ પ્રમાણ ઊપજ = ખરેખર મિશ્રણ – પ્રમાણ બગાડના ટકા

= 400– (400 × 10 %)

= 400 – 40 = 360 કિલો

એકમદીઠ પ્રમાણ પડતર = $\frac{\text{કુલપ્રમાણપડતર}}{\text{કુલપ્રમાણઉત્પાદન}} = \frac{213200}{369}$ = ₹. 577.78

માલસામાન ઉપજ વિચલન = એકમદીઠ પ્રમાણ પડતર (ખરેખર ઊપજ − સુધારેલ પ્રમાણ ઊપજ)

= 577.78(369 – 360)

= 577.78×9 = ₹. 5200 (અનુકૂળ)

ઉદાહરણ – 7

વસ્તુ ''એમ'' નું પ્રમાણ મિશ્રણ અને ખરેખર વપરાશની માહિતી નીચે મુજબ છે :

માલસામગ્રી	**પ્રમાણ**		**ખરેખર**	
	કિ.ગ્રા %	**કિ.ગ્રા. દીઠ ભાવ ₹.**	**કિ.ગ્રા %**	**કિ.ગ્રા. દીઠ ભાવ ₹.**
અ	50	5.00	4,160	5.50
બ	20	4.00	1,680	3.75
ક	30	10.00	2,560	7.50

પ્રમાણ બગાડ કુલ દાખલ જથ્થા ૧૦% છે. ખરેખર ઉત્પાદન ૭૨૦૦ ગ્રામનું હતું.

નીચેનાં વિચલનોની ગણતરી કરો.

(1) માલસામાન પડતર વિચલન (2) માલસામાન ભાવ વિચલન (3) માલસામાન વપરાશ વિચલન (4) માલસામાન મિશ્રણ વિચલન (5) માલસામાન પેટા વપરાશ વિચલન (6) માલસામાન ઊપજ વિચલન

(સૌ.યુનિ. એમ.કોમ.-I એપ્રિલ-2009, ગુજ યુનિ. એમ.કોમ. એપ્રિલ-2010)

જવાબ :- જરૂરી ગણતરીઓ

(1) પ્રમાણ મુજબ દાખલ કરેલ જથ્થો

પ્રમાણ બગાડ = 10% ખરેખર ઉત્પાદન = 7,200 કિલોગ્રામ

ધારો કે 100 બાદ ×10 % બગાડ = 90ખરેખર પ્રમાણ ઉત્પાદન

90 ખરેખર પ્રમાણ ઉત્પાદન તો દાખલ કરેલ જથ્થો = 100

તો 7200 ખરેખર પ્રમાણ ઉત્પાદન હોય ત્યારે દાખલ કરેલ જથ્થો = ?

$= \frac{7200 \times 100}{90}$ = 8000કિલોગ્રામ દાખલ કરેલ પ્રમાણ જથ્થો

(2) દરેક માલસામાન પ્રમાણ જથ્થો શોધવો

માલસામાન અ = 8,000 × 50% = 4,000 કિલોગ્રામ

માલસામાન બ = 8,000 × 20% = 1,600 કિલોગ્રામ

માલસામાન ક = 8,000 × 30% =2,400 કિલોગ્રામ

કુલ = 8,000 કિલોગ્રામ

(3) સુધારેલ પ્રમાણ મિશ્રણની ગણતરી :

દાખલામાં દાખલ કરેલ જથ્થો અને ખરેખર કુલ દાખલ જથ્થો સમાન નથી તેથી RSM સુધારેલ પ્રમાણમિશ્રણની ગણતરી કરવી પડે. (TAM = ખરેખર કુલ દાખલ જથ્થો)

$$RSM = TAM \times \frac{SM}{TSM}$$

માલસામાન **(અ)** = $8,400 \times \frac{4000}{8000} = 4,200$

માલસામાન **(બ)** = $8,400 \times \frac{1600}{8000} = 1,680$

માલસામાન **(ક)** = $8,400 \times \frac{2400}{8000} = 2,520$

(4) એકમદીઠ પ્રમાણ પડતરની ગણતરી

$$\text{એકમદીઠ પ્રમાણ પડતર} = \frac{\text{કુલ પ્રમાણ પડતર}}{\text{પ્રમાણ બગાડ બાદનું ઉત્પાદન}}$$

માલ'માન	પ્રમાણ જથ્થો રૂ.	પ્રમાણ દર રૂ.	કુલ રૂ.
અ	4,000	5	20,000
બ	1,600	4	6,400
ક	2,400	10	24,000
કુલ	**8,000**	**કુલ પ્રમાણ પડતર**	**50,400**

કુલ પ્રમાણ જથ્થો = 800

પ્રમાણ બગાડ 10%800

બગાડ બાદ પ્રમાણ ઉત્પાદન 7,200

એકમદીઠ પ્રમાણ પડતર $= \frac{50,400}{7,200} =$ રૂ. 7

(5) સુધારેલ પ્રમાણ ઊપજની ગણતરી

દાખલ પ્રમાણ જથ્થા સામે ખરેખર દાખલ જથ્થો અલગ છે. તેથી સુધારેલ પ્રમાણ ઉત્પાદન (RSY) શોધવામાં આવે છે.

RSY = ખરેખર દાખલ જથ્થો – 10% પ્રમાણ બગાડ (ખરેખર દાખલ જથ્થાના)

$= 8400 – (8,400 \times 10\%)$

$= 8400 – 840 = 7,560$)

વિચલનોની ગણતરી :

(1) માલસામાન પડતર વિચલન (MCV) = (SQ × SP) – (AQ × AP)

અ= (4,000 × 5) – (4,160 × 5.50) = રૂ. – 2,880 (પ્રતિકૂળ)

અ = (1,600 × 4) – (1,680 × 3.75) = રૂ. 100 (અનુકૂળ)

ક= (2,400 × 10) – (2,560 × 9.50)= રૂ. 320 (પ્રતિકૂળ)

કુલ રૂ. -3100 (પ્રતિકૂળ)

(2) માલસામાન કિંમત વિચલન (MPV) = AQ (SP – AP)

અ= 4160 (5-5.50) =રૂ. -2080 (પ્રતિકૂળ)

બ = 1680 (4-3.75) = રૂ. 420(અનુકૂળ)

ક = 2560 (10-9.50) =રૂ.1,280 (અનુકૂળ)

કુલ = રૂ. -380 (પ્રતિકૂળ)

(3) માલસામાન વપરાશ વિચલન (MUV) = SP (SQ –AQ)

અ = 5 (4000 – 4,160) = રૂ. -800 (પ્રતિકૂળ)

બ = 4 (1600 – 1,680) = રૂ. -320 (પ્રતિકૂળ)

ક = 10 (2400 – 2560) =રૂ. - 1600 (પ્રતિકૂળ)

કુલ = રૂ. - 2720 (પ્રતિકૂળ)

(4) માલસામાન મિશ્રણ વિચલન (MMV) = SP (RSM – AM)

અ = 5 (4,200 – 4,160) = રૂ. 200 (અનુકૂળ)

બ= 4 (1,680 – 1,680) **=** રૂ. 0

ક= 10 (2,520 – 2,560) =રૂ. - 400 (પ્રતિકૂળ)

કુલ = રૂ. -200 (પ્રતિકૂળ)

(5) માલસામાન પેટા વપરાશ વિચલન (MSUV) = SP (SM – RSM)

અ= 5 (4,000 – 4,200) = રૂ. -1,000 (પ્રતિકૂળ)

બ= 4 (1,600 – 1,680) = રૂ. -320 (પ્રતિકૂળ)

ક = 10 (2,400 – 2,520) **=** રૂ. -1,200 (પ્રતિકૂળ)

કુલ = રૂ. – 2520 (પ્રતિકૂળ)

(6) માલસામાન ઊપજ વિચલન= SP Per Unit (AY – RSY)

= 7 (7,200 – 7,560) = રૂ. - 2,520 (પ્રતિકૂળ)

ચકાસણી : **(i)** **MCV = MPV + MUY**

- 3100 = (-380) + (-2720)

(ii) MUV = MMV + MYV અથવા MSUV

- 2,720 = (-200) + (-2,520)

❖ **વ્યાવહારિક પ્રશ્નો**

(અ) માલસામાનને લગતાં વિચલનો

1. વસ્તુ 'અ' નાં ઉત્પાદન માટે પ્રમાણ વિગતો અને ખરેખર વિગતો નીચે મુજબ છે.

માલસામાન	પ્રમાણ કિલો	પ્રમાણ કિંમત (કિલો દીઠ રૂ.)	ખરેખર કિલો	કુલ ખરેખર કિંમત રૂ.
ક્ષ	20	17	320	6,400
ય	12	18	120	1,800
ઝ	8	13	200	1,800

સામાન્ય બગાડનું પ્રમાણ દાખલ એકમના 10% જેટલું છે. ખરેખર ઉત્પાદન 540 કિલો થયું છે.

માલસામાન અંગે પડતર ભાવ, વપરાશ, મિશ્રણ અને ઊપજ વિચલનો શોધો

જવાબ : કાચા માલનો પ્રમાણ જથ્થો ક્ષ -300 કિલો, થાય-180 કિલો અને ઝ- 120 કિલો.

મા.સા. પડતર વિચલન રૂ. (-1000), મા. સા. ભાવ વિચલન રૂ. 200 મા.સા. વપરાશ વિચલન = રૂ. – 3000, મા.સા. મિશ્રણ વિચલન રૂ. – 720 તથા મા.સા. ઊપજ વિચલન રૂ. - 660

નોંધ : અસામાન્ય બગાડ ખરેખર સ્થિતિએ 64 કિલો તેથી સુધારેલ પ્રમાણ ઉત્પાદન = 640 – 64 = 576

અને એકમદીઠ પ્રમાણ પડતર = રૂ. 9900÷540 કિલો = 18.33

2. એક વસ્તુ અંગેનું પ્રમાણિત મિશ્રણ નીચે મુજબ આપેલ છે.

'અ'	60 એકમો	એકમદીઠ	રૂ. 1.50 લેખે		રૂ. 90
'બ'	80 એકમો	એકમદીઠ	રૂ. 2.00 લેખે		રૂ. 160
'ક'	100 એકમો	એકમદીઠ	રૂ. 2.50 લેખે		રૂ. 250
કુલ	**240**			**કુલ**	રૂ. **500**

ઉપરોક્ત મિશ્રણનાં ઉપયોગથી પ્રચાર વસ્તુનાં 10 એકમો મળવા જોઈએ. ફેબ્રુઆરી 2004 દરમ્યાન દસ મિશ્રણ કરવામાં આવ્યા હતા, અને વપરાશ નીચે મુજબ થયો હતો.

.

એક વસ્તુ અંગેનું પ્રમાણિત મિશ્રણ નીચે મુજબ આપેલ છે.

'અ'	640 એકમો	એકમદીઠ	રૂ. 2 લેખે
'બ'	960 એકમો	એકમદીઠ	રૂ. 1.50 લેખે
'ક'	840 એકમો	એકમદીઠ	રૂ. 3.00 લેખે

ખરેખર ઉત્પાદન 9 એકમોનું થયું હતું. જરૂરી માલસામાન પડતર વિચલનની ગણતરી દર્શાવો

(ગુજ.યુનિ.એમ.કોમ પાર્ટ – 2 જૂન -1986)

જવાબ

માલસામાન 'અ' નો કુલ પ્રમાણ ખર્ચ = 60 × 10 × 1.5 = રૂ. 9,000

માલસામાન 'બ' નો કુલ પ્રમાણ ખર્ચ = 80 × 10 × 2= રૂ. 1,600

માલસામાન 'ક' નો કુલ પ્રમાણ ખર્ચ = 100 × 10 × 2.50 = રૂ. 2,500

મિશ્રણનું કુલ પ્રમાણ ઉત્પાદન = 10 × 10 = 100 એકમો

(1) માલસામાન ખર્ચ વિચલન = રૂ. 740 (પ્રતિકૂળ)

(2) માલસામાન ભાવ વિચલન :

(3) સુધારેલ મિશ્રણ અ- 610 એકમ, બ-813 એકમ, ક-1017 એકમ માલસામ. માલસામાન મિશ્રણ વિચલન = અ રૂ. – 45 (પ્રતિકૂળ), બ. રૂ. -294 (પ્રતિકૂળ) , ક રૂ. 442.50 (અનુકૂળ) કુલ માલસામાન મિશ્રણ રૂ. 103.50 (અનુકૂળ)

(4) માલસામાન પેટા વપરાશ વિચલન : અ રૂ. – 15 (પ્રતિકૂળ), બ રૂ. -26 (પ્રતિકૂળ, ક રૂ. -42.5 (પ્રતિકૂળ) કુલ રૂ. -83.5 (પ્રતિકૂળ)

(5) માલસામાન ઊપજ વિચલન માટે એકમદીઠ પ્રમાણ પડતર રૂ. 50, માલસામાન ઊપજ વિચલન રૂ. – 500 (પ્રતિકૂળ)

માલસામાન 'અ' રૂ. -320 (પ્રતિકૂળ) 'બ' રૂ. 480 (અનુકૂળ) 'ક' રૂ. -420 (પ્રતિકૂળ)

કુલ માલસામાન ભાવ વિચલન રૂ. - 260 (પ્રતિકૂળ)

3. એક કારખાનાનાં પ્રમાણિત પડતર કાર્ડ પરથી એપ્રિલ-2005 નાં મહિના અંકો નીચેની માહિતી મળે છે.

માલસામાન	'ક્ષ'	100 કિલો	રૂ. 20 લેખે	= રૂ. 2,000
માલસામાન	'ય'	100 કિલો	રૂ. 34 લેખે	= રૂ. 3,400
		200 કિલો	રૂ. 5,400	
બાદઃ સામાન્ય નુકસાન (10%)20 કિલો				- - - ------
		180 કિલો	રૂ. 5,400	

મહિના દરમ્યાન ખરેખર 198 કિલો ઉત્પાદન થયું અને ખરેખર માલસામાન 'ક્ષ' 150 કિલો દરેક રૂ. 25 નાં કિલોદીઠ અને માલસામાન 'ય' 100 કિલો કિલોદીઠ રૂ. 30 ભાવે વપરાયા. માલસામાન અંગેના તમામ વિચલનો શોધો.

(ગુજ.યુનિ.એમ.કોમ-1 એપ્રિલ-2004)

જવાબ

(1) માલસામાન વિચલન ક્ષ – 750 (પ્રતિકૂળ) +ય400 (અનુકૂળ) = રૂ. 350 (પ્રતિકૂળ)

(2) માલસામાન જથ્થા વિચલન ક્ષ –1000 (પ્રતિકૂળ) +ય શૂન્ય = રૂ. 1000 (પ્રતિકૂળ)

(3) માલસામાન મિશ્રણ વિચલન = ક્ષ –500 (પ્રતિકૂળ) +ય850 (અનુકૂળ) = રૂ. + 350(અનુકૂળ)

(4) માલસામાન ઊપજ વિચલન = રૂ – 80 (પ્રતિકૂળ) (એકમદીઠ પ્રમાણ પડતર રૂ. 30)

(5) માલસામાનપડતર ખર્ચ વિચલન = રૂ. -1,350 (પ્રતિકૂળ)

4. કેમિકલ X નાં એક ટન માટે પ્રમાણિત મિશ્રણ અંગેની વિગતો નીચે મુજબ છે.

કેમિકલ	વપરાશ (કિ.ગ્રા)	કિલોદીઠ પડતર
A	240	6
B	400	12
C	640	10

એક માસ દરમ્યાન 6.25 ટનનું ઉત્પાદન થયેલ છે જેની માહિતી નીચે મુજબ છે.

કેમિકલ	વપરાશ (કિ.ગ્રા)	પડતર રૂ.
A	1.6	11,200
B	2. 4	30,000
C	4.5	47,250

નીચેના વિચલનોની ગણતરી કરો

1. માલસામાન ખર્ચ વિચલન(MCV)
2. માલસામાન ભાવ વિચલન (MPV)
3. માલસામાન વપરાશ વિચલન (MUV)
4. માલસામાન મિશ્રણ વિચલન (MMV)
5. માલસામાન પેટા-વપરાશ વિચલન (MSUV)

(ગુ.યુનિ. ટી.વાય.બી.કોમ. એપ્રિલ – 2005)

જવાબ અને સમજૂતી

(1) 1 ટન = 1000 કિ.ગ્રા.

(2) પ્રમાણ જથ્થો કેમિકલ A,B અને C માટે અનુક્રમે 1500 કિ.ગ્રા., 2,500 કિ.ગ્રા અને 4,000 કિ.ગ્રા., કુલ પ્રમાણ જથ્થો = 8,000 કિ.ગ્રા.

(3) ખરેખર વપરાયેલ જથ્થો કેમિકલ A,B અને C માટે અનુક્રમે 1600 કિ.ગ્રા. 2400 કિ.ગ્રા. અને 4,500 કિ.ગ્રા.

(4) કુલ ખરેખર જથ્થો = 8,500 કિ.ગ્રા.

(5) સુધારેલ પ્રમાણ જથ્થો (RSQ)કેમિકલ A,B અને C માટે અનુક્રમે 1,594 કિ.ગ્રા. 2,526 કિ.ગ્રા. અને 4,250 કિ.ગ્રા.

(6) ખરેખર પડતર અને ખરેખર જથ્થા ઉપરથી ખરેખર ભાવ (AP)દરેક કેમિકલનાં છ, B અને C માટે અનુક્રમે રૂ. 7 , રૂ. 12.50, અને રૂ. 10.50

(7) MCV = A (-2200) , B – 0, C (-7250) = કુલ રૂ. (-9450)
MPV = A (-1600) , B – (-1200), C (-2250) = કુલ રૂ. (-5050)
MUV = A (-600) , B – (+ 1200), C (-5000) = કુલ રૂ. (-4400)
MMV = A (-36) , B – (+ 3072), C (-2500) = કુલ રૂ. (-536)
MSUV = A (-564) , B – (+ 1875), C (-2500) = કુલ રૂ. (-4936)

5. સંયમ કંપની લિ. ના માલસામગ્રીનાં આંકડા નીચે મુજબ છે. ખૂટતા આંકડા શોધી ટેબલ ફરી બનાવો. જરૂરી ગણતરીઓ દર્શાવો.

માલસામગ્રી	પ્રમાણ કિંમત (કિ.ગ્રા. દીઠ રૂ.)	ખરેખર કિંમત (કિ.ગ્રા. દીઠ રૂ.)	પ્રમાણ જથ્થો (કિ.ગ્રા.)	ખરેખર જથ્થો (કિ.ગ્રા.)	મા.સા. વપરાશ વિચલન રૂ.	મા.સા. ભાવ વિચલન રો.	મા.સા. ખર્ચ વિચલન રો.
G	5	4.50	500	-	-300		-
M	-	6.50	400	440	-	-220	-
H	4	-	300	260	-		-100

1	માલસામગ્રી G માટે	ખરેખર જથ્થા 560 કિ.ગ્રા. માલસામાન ભાવ વિચલન = + 280 માલસામાન ખર્ચ વિચલન = - 20
2	માલસામગ્રી M માટે	પ્રમાણ કિંમત કિ.ગ્રા. દીઠ રૂ. 6 માલસામાન વપરાશ વિચલન = રૂ. -240 માલસામાન ખર્ચ વિચલન = રૂ. -460
3	માલસામગ્રી H માટે	ખરેખર કિંમત કિ.ગ્રા. દીઠ રૂ. 5 માલસામાન વપરાશ વિચલન = રૂ. +160 માલસામાન ભાવ વિચલન = રૂ. -260

લેખન :	પ્રો. (ડૉ.) સંજય ભાયાણી	પ્રોફેસર એન્ડ હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ.
	ડૉ. ધર્મેન્દ્ર મિસ્ત્રી	પ્રિન્સીપાલ, એમ.સી.શાહ કોમર્સ કોલેજ અમદાવાદ.
	ડૉ. મંજુલાબેન પટેલ	એસોસિએટ પ્રોફેસર, સહજાનંદ વાણિજય મહાવિધાલય, અમદાવાદ.
પરામર્શક(વિષય) :	પ્રો. (ડૉ.) મનોજ શાહ	પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
	ડૉ. મનોજ દવે	એસોસિએટ પ્રોફેસર, પી.ડી.માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ.
	ડૉ. શંકરસિંહ સોઢા	એસોસિએટ પ્રોફેસર, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ.
પરામર્શક(ભાષા) :	ધનશ્યામ કે ગઢવી	નિવૃત આચાર્ય, સાર્વજનિક કોલેજ, મહેસાણા.
	ડૉ. એ.એ.શેખ	એસોસિએટ પ્રોફેસર, ગવર્નમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જાદર, જી. સાબરકાંઠા
સંપાદન :	પ્રો. (ડૉ.) મનોજ શાહ	પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
પ્રકાશક :	ડૉ. ભાવિન ત્રિવેદી	કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

આવૃત્તિ : **સુધારેલ પુન: આવૃત્તિ (2026)**

ISBN : 978-93-92139-29-1

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય સેમેસ્ટર એમ.કોમ.

MC02ECN201

બ્લોક-3

સંચાલકીય હિસાબી પદ્ધતિ

એકમ : 11 મજૂરી વિચલન	352 to 369
એકમ : 12 પરોક્ષ ખર્ચ અને વેચાણ વિચલન	370 to 402
એકમ : 13 સંચાલકીય ઓડીટ	403 to 417
એકમ : 14 કાર્યક્ષમતા ઓડીટ	418 to 429

એકમ: 11 મજૂરી વિચલન

: રૂપરેખા :

11.1 પ્રસ્તાવના

11.2 મજુરીને લગતા વિચલનો

11.3 ઉદાહરણ

11.4 સ્વાધ્યાય

11.1 પ્રસ્તાવના

ઉત્પાદન પ્રક્રિયામાં મજૂરી ખર્ચ એક મહત્વપૂર્ણ ખર્ચ છે. કોઈ ચોક્કસ ઉત્પાદન માટે નક્કી કરવામાં આવેલ **પ્રમાણભૂત મજૂરી ખર્ચ** અને ખરેખર થયેલ **મજૂરી ખર્ચ** વચ્ચેનો તફાવત **મજૂરી વિચલન (Labour Variance)** કહેવાય છે.

મજૂરી વિચલન દ્વારા સંસ્થાને એ જાણવા મળે છે કે મજૂરી પાછળ થયેલો વાસ્તવિક ખર્ચ પ્રમાણભૂત ખર્ચ કરતાં ઓછો છે કે વધારે. મજૂરીના દર, કામના કલાકો, કામદારોની કાર્યક્ષમતા વગેરેમાં થયેલા ફેરફારોને કારણે મજૂરી વિચલન ઊભું થાય છે.

11.2 મજૂરી અંગેના વિચલનો

મજૂરીના વાસ્તવિક દરો અને મજૂરીના પ્રમાણ દરોમાં તફાવત તથા મજૂરો દ્વારા લેવામાં આવેલા વાસ્તવિક સમય અને નોકરી માટે ફાળવવામાં આવેલા પ્રમાણ સમયના તફાવતને કારણે મજૂરી વિચલન (ઉદાહરણવેળે મજૂરીને લગતા વિચલનો) નીચે પ્રમાણે છે.

1. **મજૂરી ખર્ચ વિચલન** (Labour Cost Variance – LCV)
2. **મજૂરી દર વિચલન** (Labour Rate Variance – LRV)
3. **મજૂર કાર્યક્ષમતા વિચલન** (Labour Efficiency Variance – LEV)

4. નિષ્ક્રિય કે અનુત્પાદક સમય વિચલન (Idle Time Variance-ITV)
5. મજૂર (કામદાર) મિશ્રણ વિચલન (labour Mix VarianceLMV)
6. મજૂરી ઊપજ વિચલન (Labour Yield Variance –LYV)

ઉપર દર્શાવેલ વિચલનનોની વિગતવાર સમજૂતી

1. મજૂરી ખર્ચ વિચલન (Labour Cost Variance)

ઈચ્છિત ઉત્પાદન માટે કરવામાં આવતી પ્રમાણિત કુલ મજૂરી ખર્ચ અને ખરેખર કુલ મજૂરી ખર્ચ વચ્ચેનો તફાવતને મજૂરી ખર્ચ વિચલન કહેવામાં આવે છે. મજૂરી ખર્ચ વિચલનમાં બે વિચલનો સમાયેલા છે. (1) મજૂરી દર વિચલન અને (2) મજૂરી કાર્યક્ષમતા વિચલન

મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ મજૂરી દર × પ્રમાણ કલાકો) - (ખરેખર મજૂરી દર × ખરેખર કલાકો)

મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ મજૂરી ખર્ચ - ખરેખર મજૂરી ખર્ચ)

મજૂરી ખર્ચ વિચલન = (ખરેખર ઉત્પાદનના કલાકો ×પ્રમાણ મજૂરી દર) - (ખરેખર કલાકો ×ખરેખર મજૂરી દર)

LCV = (SR ×SH) – (AR ×AH)
LCV = Standard Labour Cost – Actual Labour Cost
LCV = (SH fro Actual Production × SR) – (AR ×AH)
LCV = LRV + LEV

2. મજૂરી દર વિચલન (Labour Rate Variance)

મજૂરી ખર્ચના નિર્ધારિત પ્રમાણ દર અને ખરેખર ચૂકવેલ દર વચ્ચેના તફાવતને કારણે ઉદ્ભવતા વિચલનને મજૂરી દર વિચલન તરીકે ઓળખવામાં આવે છે.

મજૂરી દર વિચલન = ખરેખર કામના કલાકો (પ્રમાણ મજૂરી દર – ખરેખર મજૂરી દર)

LRV = Actual Time (AT) × (Standard Rate (SR) – Actual Rate (AR))

3. મજૂર કાર્યક્ષમતા વિચલન (Labour Efficiently Variance)

ખરેખર ઉત્પાદિત વસ્તુ માટેના પ્રમાણ સમય અને ખરેખર સમય વચ્ચેના તફાવતને મજૂર કાર્યક્ષમતા વિચલન કહે છે.

મજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ મજૂરી દર (પ્રમાણ કલાકો – ખરેખર કલાકો)

Labour Efficiency Variance (LEV) = Standard RateOR(SR) (Standard Hours OR(SH) – Actual Hours (AH)

4. નિષ્ક્રિય કે અનુત્પાદક સમય વિચલન (Idle time Variance)

અસામાન્ય કારણોને કારણે કામદારો નિષ્ક્રિય રહે છે ત્યારે નિષ્ક્રિય સમય વિચલન ઉદ્ભવે છે. હડતાલ, પ્લાન્ટ બંધ થતાં કામદારો નિષ્ક્રિય રહે છે અને

આ સમય માટેની મજૂરી ચૂકવવામાં આવે છે તેને નિષ્ક્રિય સમય વિચલન કહે છે. આ વિચલન સામાન્ય રીતે પ્રતિકૂળ જ ગણાય)

નિષ્ક્રિય સમય વિચલન = અસામાન્ય નિષ્ક્રિય સમય ×પ્રમાણ મજૂરી દર

Idle Time Variance -ITV = Abnromal Idle Time × Standard Labour Rate)

5. મજૂર (કામદાર) મિશ્રણ વિચલન (labour Mix Variance)

ઉત્પાદન કાર્ય માટેનાં કામદારોનાં પ્રમાણ મિશ્રણ અને કામદારોના ખરેખર મિશ્રણ જુદું હોય ત્યારે ખર્ચમાં તફાવત આવે તેને મજૂર મિશ્રણ વિચલન કહેવામાં આવે છે.

મજૂર મિશ્રણ વિચલન = પ્રમાણ મજૂરી દર (પ્રમાણ મિશ્રણ – ખરેખર મિશ્રણ)

Labour Mix Variance (LMV) = Standard Rate (SR) (Standard Mix
(SM) – Actual Mix (AM)

જ્યારે કામદારોનું પ્રમાણ મિશ્રણ અને ખરેખર મિશ્રણ જુદું જુદું હોય ત્યારે સુધારેલ પ્રમાણ મિશ્રણની ગણતરી કરવાની રહે. આવી સ્થિતિમાં મજૂર મિશ્રણ વિચલન = પ્રમાણ મજૂરી દર (સુધારેલ પ્રમાણ મિશ્રણ – ખરેખર મિશ્રણ)

Labour Mix Variance (LMV) = Standard Rate (SR) (Revised Standard Mix (RSM) – Actual Mix (AM)

સુધારેલ પ્રમાણ મિશ્રણ (RSM) = ખરેખર કુલ કલાકો (TAH)

$$\times \frac{\text{પ્રમાણકલાકો (SH)}}{\text{કુલપ્રમાણકલાકો (TSH)}}$$

6. મજૂરી ઊપજ વિચલન (Labour Yield Variance)

ઉત્પાદન માટેના કામદારોની પ્રમાણ ઊપજ અને ખરેખર ઊપજ વચ્ચેના તફાવત તફાવતને મજૂરી ઊપજ વિચલન કહેવામાં આવે છે.

મજૂરી ઊપજ વિચલન = એકમ દીઠ પ્રમાણ મજૂરી ખર્ચ (ખરેખર ઊપજ – પ્રમાણ ઊપજ)

Material Yield Variance (MYV) = Standard Rate Per Unit + (Actual Yield (AY) – Standard Yield (SY))

11.3 મજૂરીને લગતાં વિચલનોનાં ઉદાહરણો

ઉદાહરણ – 1

નીચેની માહિતીના આધારે મજૂરી ખર્ચ વિચલનની ગણતરી કરો :

પ્રમાણ ઉત્પાદન : 100 એકમો

પ્રમાણ કલાકો : 500 કલાકો

કલાક દીઠ પ્રમાણ મજૂરી દર – ₹. 2

ખરેખર ઉત્પાદન : 85 એકમો

ખરેખર કલાકો : 450 કલાકો

કલાક દીઠ ખરેખર મજૂરી : ₹. 2.10

જવાબ

એક એકમના ઉત્પાદન માટે પ્રમાણ કલાકો = 500 કલાકો ÷ 100 એકમો = 5 કલાક

85 એકમોનાં ઉત્પાદન માટે પ્રમાણ કલાકો = 85 × 5 = 425 કલાકો

મજૂરી ખર્ચ વિચલન = (ખરેખર ઉત્પાદનનાં પ્રમાણ કલાકો ×પ્રમાણ મજૂરી દર) – (ખરેખરકલાકો ×ખરેખર મજૂરી દર)

= (425 × 2) – (450 × 2.10)

= 850 – 945 = ₹. - 95 (પ્રતિકૂળ)

મજૂરી દર વિચલન = ખરેખર કામના કલાકો (પ્રમાણ મજૂરીદર – ખરેખર મજૂરી દર)

= 425 (2 – 2.10)

= 425 (-0.10)

= 42.5 ₹. (પ્રતિકૂળ)

ઉદાહરણ – 2

નીમા લિ. ની નીચેની માહિતી પરથી મજૂરીને લગતાં વિચલનો શોધો.

વિગત	પ્રમાણ	ખરેખર
રોકેલા કામદારોની સંખ્યા	100	90
મહિના દરમ્યાન કામકાજ દિવસો	20	18
કામદારદીઠ માસિક સરેરાશ મજૂરી	₹. 200	₹. 198

મજૂરી ખર્ચ વિચલન, મજૂરી દર વિચલન અને મજૂરી કાર્યક્ષમતા વિચલન શોધવાના છે.

(સૌ.યુનિ. એમ.કોમ- I, એપ્રિલ – 1991)

જવાબ

પ્રમાણ કલાકોની ગણતરી

પ્રમાણ કલાકો = પ્રમાણ મજૂર સંખ્યા × માસિક કામના પ્રમાણ દિવસો

= 100 × 20 = 2000

ખરેખર કલાકો = ખરેખર મજૂર સંખ્યા × માસિક કામના ખરેખર દિવસો

= 90 × 18 = 1620

(i) મજૂરી ખર્ચ વિચલન (LCV) = (પ્રમાણ મજૂરી દર ×પ્રમાણ કલાકો) – (ખરેખર મજૂરીદર ×ખરેખર કલાકો)

= (200 × 2,000) – (198 × 1,620)

= ₹. 79240 (અનુકૂળ)

(ii) મજૂરી દર વિચલન (LRV) = ખરેખર કલાકો (પ્રમાણ મજૂરી દર – ખરેખર મજૂરી દર)

= 1,620 (200 – 198) = -3240 (પ્રતિકૂળ)

(iii) *મજૂર કાર્યક્ષમતા વિચલન* (LEV) = *પ્રમાણ મજૂરી દર (પ્રમાણ કલાકો – ખરેખર કલાકો)*

= 200 (2000-1620) = 200 (380)

ચકાસણી :- LCV = LRV + LEV

79240 = 3240 + 76,000 (અનુકૂળ)

ઉદાહરણ : 3

એક કંપનીની નીચે આપેલ માહિતીના આધારે મજૂરી વિચલનોની ગણતરી કરો.

મજૂરના પ્રકાર	**પ્રમાણ**		**ખરેખર**	
	કલાકો	**કલાકદીઠ દર. (રૂ.)**	**કલાકો**	**કલાક દીઠ દર (રૂ.)**
કુશળ	90	20	44	25
અર્ધકુશળ	60	10	66	5
ઉત્પાદન	135 કિ.ગ્રા.		90 કિ.ગ્રા.	

જવાબ : ગણતરીઓ

મજૂરનાં પ્રકાર	**ખરેખર ઉત્પાદન માટે પ્રમાણ કલાકો**	**ખરેખર કલાકો (AH)**	**સુધારેલ કલાકો (RH)**
કુશળ	$\frac{90}{135} \times 90 = 60$	**44**	$\frac{60}{100} \times 110 = 66$
અર્ધકુશળ	$\frac{60}{135} \times 90 = 40$	**66**	$\frac{40}{100} \times 110 = 44$
કુલ	100	110	110

મજૂરી વિચલનની જરૂરી ગણતરી

મજૂરના પ્રકાર	**ખરેખર ઉત્પાદન માટે પ્રમાણ કલાક**	**પ્રમાણ દર**	**કુલ રકમ રૂ.**	**ખરેખર કલાકો**	**ખરેખર દર**	**ખરેખર કુલ રકમ રૂ.**
કુશળ	60	20	1200	44	25	1100
અર્ધકુશળ	40	10	400	66	5	330
	100		1600	110		1430

(i) મજૂરી ખર્ચ વિચલન = પ્રમાણ સમયની કુલ પ્રમાણ મજૂરી - ખરેખર સમયની ખરેખર મજૂરી

= 1,600 – 1,430

= 170 (અનુકૂળ)

(ii) મજૂરી દર વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ મજૂરી દર – ખરેખર મજૂરી દર)

કુશળ કામદારો = 44 (20 – 25)

= 44 (-5) = 220 (પ્રતિકૂળ)

અર્ધકુશળ કામદારો = 66 (10 – 5)

= 66 (5) = 330 (અનુકૂળ)

મજૂરી દર વિચલન = - 220 + 300 = 110 (અનુકૂળ)

(iii) મજૂર મિશ્રણ વિચલન = પ્રમાણ મજૂરી દર (સુધારેલ પ્રમાણ મિશ્રણ – ખરેખર મિશ્રણ)

કુશળ કામદારો = 20 (66– 44)

= 20 (22) = 440 (અનુકૂળ)

અર્ધકુશળ કામદારો = 10 (44 – 66)

= 10 (-22) = -220 (અનુકૂળ)

મજૂર મિશ્રણ વિચલન = 440 + (-220) = 220 (અનુકૂળ)

(iv) મજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ મજૂરી દર (પ્રમાણ કલાકો – સુધારેલ પ્રમાણ કલાક)

કુશળ કામદારો = 20 (60 – 44)

= 320 (અનુકૂળ)

અર્ધકુશળ કામદારો = 10 (40 – 66)

= 10 (-26) = -260 (પ્રતિકૂળ)

મજૂર કાર્યક્ષમતા વિચલન = 320 + (-260) = 60 (અનુકૂળ)

(v) મજૂર ઊપજ વિચલન = એકમ દીઠ પ્રમાણ મજૂરી ખર્ચ (ખરેખર ઊપજ – પ્રમાણ ઊપજ)

કુશળ કામદારો = 20 (60 – 66)

= 20 (-6) = 120 (પ્રતિકૂળ)

અર્ધકુશળ કામદારો = 10 (40 – 44)

= 10 (-4) = -40 (પ્રતિકૂળ)

મજૂર ઊપજ વિચલન = 120 + -40 = -160

ઉદાહરણ – 4

ભારત લી. કોઈ ચોકસ વસ્તુનું ઉત્પાદન કેર છે. જેનો પ્રમાણ મજૂરી ખર્ચ એકમદીઠ રૂ. 120 છે, જેના ઉત્પાદનમાં નીચેનાનો સમાવેશ થાય છે.

કામદારોના પ્રકાર	કલાકો	દર (રૂ.)	રકમ (રૂ.)
અ	30	2	60
બ	20	3	60
	50		**120**

ચોક્કસ સમયગાળા દરમ્યાન 100 એકમોનું ઉત્પાદન થયું જેની ખરેખર મજૂર કિંમત નીચે મુબ હતી.

કામદારોના પ્રકાર	કલાકો	દર (રૂ.)	રકમ (રૂ.)
અ	3200	1.50	4800
બ	1900	4.00	7600
	5100		**12400**

ગણતરી કરો (1) મજૂરી ખર્ચ વિચલન (2)મજૂરી દર વિચલન (3)મજૂરી કાર્યક્ષમતા વિચલન (4)મજૂર
મિશ્રણ વિચલન
જવાબ :-

કામદારોના પ્રકાર	**100** પ્રમાણ એકમો માટે			**100** ખરેખર એકમો માટે		
	કલાકો	દર (રૂ.)	રકમ (રૂ.)	કલાકો	દર (રૂ.)	રકમ (રૂ.)
અ	3000	2	6000	3200	1.50	4,800
બ	2000	3	6000	1900	4.00	7,600
	5000		12000			12,400

(૧) મજૂરી ખર્ચ વિચલન = પ્રમાણ મજૂરી – ખરેખર મજૂરી
= 12,000 – 12400
= - 400 (પ્રતિકૂળ)

(૨) મજૂરી દર વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ મજૂરી દર – ખરેખર મજૂરી દર)

અ = 3,200 (2 - 1.50) = રૂ. 1,600 (અનુકૂળ)

બ = 1,900 (3 – 4) = રૂ. 1,900 (પ્રતિકૂળ)

રૂ. 300 (પ્રતિકૂળ)

(3) મજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ મજૂરી દર (પ્રમાણ કલાકો – ખરેખર કલાકો)

અ **= 2 (3,000-3,200) = 400** (પ્રતિકૂળ)

બ **= 3 (2,000–1,900) = 300**(અનુકૂળ)

=100(પ્રતિકૂળ)

(4) મજૂર મિશ્રણ વિચલન=પ્રમાણ મજૂરી દર (સુધારેલ પ્રમાણ કલાકો – ખરેખર કલાકો)

સુધારેલ પ્રમાણ કલાકોની ગણતરી RSH

$$\textbf{RSH} = \frac{\text{પ્રમાણ કલાકો } (\textbf{SH}) \times \text{કુલ ખરેખર કલાકો}}{\text{કુલપ્રમાણકલાકો}}$$

અ $= \frac{\mathbf{3,000 \times 5,100}}{5000} = 3060$કલાકો

બ $= \frac{\mathbf{2,000 \times 5100}}{5000} = 2040$કલાકો

મજૂર મિશ્રણ વિચલન

અ = 2 (3,060 -3,200) = ₹. 280 (પ્રતિકૂળ)

બ = 3 (3,040 -1,900) = ₹. 420(અનુકૂળ)

₹. 140 (અનુકૂળ)

માલસામાન અને મજૂરીના વિચલનના સંયુક્ત દાખલા :

ઉદાહરણ – 5

એક કંપનીની નીચેની માહિતી પ્રાપ્ત છે.

ઉત્પાદન અંગેના પ્રમાણને લગતી માહિતી

માલસામાન : 4 કિલો. કિલોદીઠ ₹. 50	= ₹. 200
મજૂરી ખર્ચ : 50 કલાકો. કલાક દીઠ ₹. 1	= ₹. 50
	₹. 250

ખરેખર પડતરને લગતી માહિતી

ખરેખર ઉત્પાદન 100 એકમો

માલસામાન 390 કિલો . કિલો દીઠ ₹. 52 લેખે	= ₹. 20,280
મજૂરી ખર્ચ 4920 કલાકો કલાકદીઠ ₹. 1.10 લેખે	= ₹. 5,412
	₹. 25,692

ઉપરોક્ત માહિતીને આધારે માલસામાન અને પ્રત્યક્ષ મજૂરી અંગેના વિચલનો ગણો

જવાબ :

માલસામાનને લગતાં વિચલનો :-

100 એકમોના ઉત્પાદન માટે પ્રમાણ માલસામાન ખર્ચ

100 એકમો 4 કિલો = 400 કિલો × ₹. 50 = ₹. 20,000

(i) માલસામાન ખર્ચ વિચલન ખર્ચ = (પ્રમાણ જથ્થો ×પ્રમાણભાવ) – (ખરેખર જથ્થો ×ખરેખર ભાવ)

= ₹. 20,000 - 20,280

= ₹. - 280 (પ્રતિકૂળ)

(ii) માલસામાન ભાવ વિચલન= ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ – ખરેખર ભાવ)

= 390 (50 - 52)

= 390 × (-2) = ₹. -780 (પ્રતિકૂળ)

(iii) માલસામાન વપરાશ વિચલન = પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો – ખરેખર જથ્થો)

= 50 (400 – 300)

= 50 × 10 = ₹. 500 (અનુકૂળ)

ચકાસણી :-

માલસામાન ખર્ચ વિચલન = માલસામાન ભાવ વિચલન + માલસામાનવપરાશ વિચલન

= -780 + 500

= - ₹. 280 (પ્રતિકૂળ)

પ્રત્યક્ષ મજૂરીને લગતા વિચલનો :

(i) મંજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ મજૂરી દર ×પ્રમાણ કલાકો) – (ખરેખર મજૂરી દર ×ખરેખર કલાકો)

= (1 × 5000) – (1.10 × 4920)

= 500 – 5412 = ₹. – 412 (પ્રતિકૂળ)

(ii) મંજૂરી દર વિચલન = ખરેખર કલાકો (પ્રમાણ મજૂરી દર – ખરેખર મજૂરી દર)

= 4,920 (1 – 1.10)

= 4,920 (- 0.10) = ₹. -492 (પ્રતિકૂળ)

(iii) મંજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ મજૂરી દર (પ્રમાણ કલાકો – ખરેખર કલાકો)

= 1 (5,000 – 4920)

= 1 (80) = ₹. 80 (અનુકૂળ)

ચકાસણી :

મજૂરી ખર્ચ વિચલન = મજૂરી દર વિચલન + મજૂર કાર્યક્ષમતા વિચલન= **-492 + 80 = 412**(પ્રતિકૂળ)

ચકાસણી – 6

અ કેમિકલ કંપની લી. નાં હિસાબો પરથી કેમિકલ નં. 15 માટેની પ્રમાણિત અને ખરેખર વિગત નીચે મુજબ મળે છે. જરૂરી વિચલનો શોધો :

પ્રમાણિત		ખરેખર	
કિલોગ્રામ	રૂ.	કિલોગ્રામ	રૂ.
450 માલસામાન (X)	× 9000	450 માલસામાન (ઠ)	× 8550
કિલોના રૂ. 20		કિલોના રૂ. 19	
360 માલસામાન (Y)	× 3600	360 માલસામાન (રૂ)	× 3960
કિલોના રૂ. 10		કિલોના રૂ. 11	
810	**12600**	**810**	**12,510**
કુશળ કામદારો : 2400	4,800	કુશળ કામદારો : 2,400	5,400
કલાકો, કલાકના રૂ. 2		કલાકો, કલાકના રૂ. 2.25	
બિનકુશળ કામદારો : 1200		બિનકુશળ કામદારો : 1200	
કલાકો, કલાકના રૂ. 1	1,200	કલાકો, કલાકના રૂ. 1.25	1,500
	6,000		**6,900**
90 સામાન્ય બગાડ		50 નુકશાન	
720 ઉત્પાદન		760 ઉત્પાદન	
કુલ રૂ.	**18,600**	**કુલ રૂ.**	**19,410**

(ગુ.યુનિ. એમ.કોમ. એપ્રિલ 1982) (સૌ.યુનિ. એમ.કોમ.પાર્ટ – 1, નવેમ્બર-1999)

જવાબ :-

એકમદીઠ પ્રમાણ પડતરની ગણતરી= $\frac{\text{કુલપ્રમાણપડતર}}{\text{કુલપ્રમાણઉત્પાદન}} = \frac{12600}{720} = \text{રૂ.}17.50$

❖ **માલસામાનને લગતા વિચલનો**

(i) માલસામાનને ખર્ચ વિચલન = (ખરેખર ઉત્પાદન × એકમદીઠ પ્રમાણપડતર) – (ખરેખર ઉત્પાદન ×ખરેખર પડતર)

= (760 × 17.50) – 12510
= (13,300 – 12,510
= રૂ. 790 (અનુકૂળ)

(ii) માલસામાન ભાવ વિચલન= ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ – ખરેખર ભાવ)

માલસામાન X = 450 (20 – 19)
= 450 (1) = રૂ. 450 (અનુકૂળ)

માલસામાન Y = 360 (10 - 11)
= 360 (-1) = રૂ. - 360 (પ્રતિકૂળ)

(iii) માલસામાન વપરાશ વિચલન = પ્રમાણભાવ (પ્રમાણ જથ્થો – ખરેખર જથ્થો)

માલસામાન X અને Y નો પ્રમાણ જથ્થો અને ખરેખર જથ્થો સમાન હોવાથી આ વિચલન શૂન્ય આવે. માટે ગણતરી કરવાની જરૂર નથી.

(iv) માલસામાન ઊપજ વિચલન = એકમદીઠ પ્રમાણ પડતર (ખરેખર ઊપજ – પ્રમાણ ઊપજ)

= 17.50(760 – 720)

= 17.50 (40)= ₹. 700 (અનુકૂળ)

❖ **પ્રત્યક્ષ મજૂરી ખર્ચે લગતા વિચલનો**

મજૂરી ખર્ચની એકમદીઠ પ્રમાણ પડતરની ગણતરી

મજૂરી ખર્ચની એકમદીઠ પ્રમાણ પડતર$= \frac{\text{કુલ પ્રમાણ મજૂરી ખર્ચ}}{\text{કુલ પ્રમાણ ઊપજ}}$

$= \frac{6000}{720} = ₹.\ 8\frac{1}{3}$

(i) મજૂરી ખર્ચ વિચલન = (ખરેખર ઉત્પાદન × એકમદીઠ પ્રમાણપડતર) - (ખરેખર કલાકો ×ખરેખર મજૂરી

$= \left(\mathbf{760} \times 8\frac{1}{3}\right) - 6{,}900$

= 6,333.33 – 6900 = ₹. - 566.67

(પ્રતિકૂળ)

(ii) મજૂરી દર વિચલન = ખરેખર કામના કલાકો (પ્રમાણ મજૂરી દર –ખરેખર મજૂરી દર)

કુશળ કામદારો = 2,400 (2 - 2.25)

= 2,400 × (- 0.25) = ₹. - 600 (પ્રતિકૂળ)

બિનકુશળ કામદારો = 1,200 (1 - 2.25)

= 1,200 × (- 0.25) = ₹. - 300 (પ્રતિકૂળ)

મજૂરી દર વિચલન = (- 600) + (- 300) = ₹. -900 (પ્રતિકૂળ)

(iv) મજૂરી ઊપજ વિચલન = એકમદીઠ પ્રમાણ મજૂરી ખર્ચ (ખરેખર ઊપજ – પ્રમાણ ઊપજ)

$= \left(\frac{25}{3}\right)(760 - 720)$

$= \left(\frac{25}{3}\right)(40) = ₹.333.33$(અનુકૂળ)

ઉદાહરણ – 7

મનોજ કંપની લિ. પાસેથી મળેલી નીચેની માહિતીને આધારે માલસામાન તથા વેતનખર્ચ વિચલનો ગણતરી કરો.

100 કિ.ગ્રામ માલસામાનનાં ઉપયોગથી 4,000 એકમોનું પ્રમાણ ઉત્પાદન થાય છે. માલસામાનની પ્રમાણ કિંમત કિ.ગ્રામ દીઠ ₹. 24

ખરેખર આપેલ અને ઉત્પાદન વિભાગમાં વપરાયેલ માલસામાનનો જથ્થો 11,000 કિ.ગ્રામ

માલસામાનની કિંમત કિ.ગ્રા. દીઠ ₹. 25

ખરેખર ઉત્પાદન 4,00,000 એકમો

કામદારોની સંખ્યા 200

કામદાર દીઠ પ્રમાણ દૈનિક ઉત્પાદન 50 એકમો

કામકાજનાં દિવસો 44

ઉપરનામાં સમાયેલ અને અનુત્પાદક સમય 1/2 દિવસ

પ્રમાણ મજૂરી દૈનિક વેતન દર ₹. 12

ખરેખર દૈનિક વેતન દર ₹. 14

જવાબ :-

માલસામાન ખર્ચને લગતાં વિચલનો

ખરેખર ઉત્પાદન માટે માલસામાનનાં પ્રમાણ જથ્થાની ગણતરી

એકમો : એકમો :: કિ.ગ્રા. પ્રમાણ જથ્થો = ?

4,000 4,00,000 100= 10,000 કિ.ગ્રા.

(i) માલસામાન ખર્ચ વિચલન = (પ્રમાણ ભાવ ×પ્રમાણ જથ્થો) – (ખરેખર ભાવ×ખરેખર જથ્થો)

= (24 × 10,000) – (25 × 11,000)

= 2,40,000 – 2,75,000

= ₹. – 35,000 (પ્રતિકૂળ)

(ii) માલસામાન ભાવ વિચલન= ખરેખર જથ્થો (પ્રમાણ ભાવ - ખરેખર ભાવ)

=11,000 (24 – 25)

= 11,000 × - 1 = ₹. - 11000 (પ્રતિકૂળ)

(iii) માલસામાન વપરાશ વિચલન= પ્રમાણ ભાવ (પ્રમાણ જથ્થો - ખરેખર જથ્થો)

= 24 (10,000 - 11,000)

= 24 × (-1000) = ₹. - 24,000 (પ્રતિકૂળ)

❖ **મજૂરી ખર્ચને લગતાં વિચલનો :**

પ્રમાણ દિવસોની ગણતરી

કુલ દિવસો = 200 × 44 દિવસો = 8,800 દિવસો

(i) મજૂરી ખર્ચ વિચલન = (પ્રમાણ મજૂરી દર ×પ્રમાણ દિવસો) - (ખરેખર મજૂરી દર ×ખરેખર દિવસો)

= (12 × 8,800) – (14 × 8,800)

= 1,05,600 - 1,23,200

= ₹. - 17,600 (પ્રતિકૂળ)

(ii) મજૂરી દર વિચલન = ખરેખર દિવસો (પ્રમાણ મજૂરી દર – ખરેખર મજૂરી દર)

= 8,800 (12 - 14)

= 8,800 × (- 2) = ₹. - 17,600 (પ્રતિકૂળ)

(iii) મજૂરી કાર્યક્ષમતા વિચલન = દાખલામાં નિષ્ક્રિય સમય આપેલ છે. તેથી નિષ્ક્રિય સમય વિચલન ગણવાનું છે.

❖ નિષ્ક્રિય સમય દિવસો = 200 કામદારો ×1/2 દિવસ= 100 દિવસો

ખરેખર દિવસો = 8,800 – 100 = 8,700 દિવસો

મજૂર કાર્યક્ષમતા વિચલન = પ્રમાણ મજૂરી દર (પ્રમાણ દિવસ - ખરેખર દિવસો)

= 12 (8,800 - 8,700)

= 12 × (100) = ₹. 1,200 (અનુકૂળ)

(iv) નિષ્ક્રિય સમય વિચલન = અસામાન્ય નિષ્ક્રિય સમય ×પ્રમાણ મજૂરી દર

= 100 × 12

= ₹. – 1,200 (પ્રતિકૂળ)

ટૂંકસાર :

ધંધાકીય એકમની નફાકારકતા મૂળભૂત રીતે બે પરિબળો પર આધારિત છે. ખર્ચ અને વેચાણ પર ધંધાના સંચાલકોનાં પ્રયત્નો ગુણવત્તા પર સમાધાન કર્યા વિના ખર્ચમાં ઘટાડો કરવો અને વેચાણને વધારવાના હોવો જોઈએ. આ માટે ખર્ચ અને વેચાણ અંગે યોગ્ય દેખરેખ જરૂરી છે. આ માટે પડતરનાં તત્વોનાપ્રમાણો નક્કી કરવા પડે છે. અને વાસ્તવિક પરિણામોની સરખામણી પૂર્વનિર્ધારિત પ્રમાણોસાથે કરવામાં આવે છે.

વિચલન પ્રમાણ અને વાસ્તવિક દેખાવ વચ્ચેનો તફાવત દર્શાવે છે. ખર્ચનાં વિચલન વિશ્લેષણમાં વાસ્તવિક ખર્ચ પ્રમાણ ખર્ચ કરતાં વધુ હોય તો પ્રતિકૂળ વિચલન અને વાસ્તવિક ખર્ચ પ્રમાણ ખર્ચ કરતાં ઓછો હોય તો અનુકૂળ વિચલન તરીકે ઓળખવામાં આવે છે. વિચલન વિશ્લેષણનો મુખ્યહેતુ પ્રમાણ અને વાસ્તવિક દેખાવમાં શા કારણે ફેરફાર થયો તે જાણવાનો છે અને તેના માટે જવાબદારકારણો અનેતેની જવાબદારી નક્કી કરવાનો છે.જેથી ભવિષ્યમાં આવા તફાવતો ન સર્જાય અને ધંધાના લક્ષાંકો પ્રાપ્ત કરી શકાય.

A લાંબા પ્રશ્નો

1. મજૂરી વિચલનનો અર્થ સમજાવી તેના પ્રકારો વિગતવાર સમજાવો.
2. મજૂરી ખર્ચ વિચલન (Labour Cost Variance) શું છે? તેનું સૂત્ર અને ગણતરીની પદ્ધતિ ઉદાહરણ સાથે સમજાવો.
3. મજૂરી દર વિચલન (Labour Rate Variance) સમજાવો. તેના કારણો અને સૂત્રની મદદથી ગણતરી સમજાવો.
4. મજૂર કાર્યક્ષમતા વિચલન (Labour Efficiency Variance) સમજાવો. તેની ગણતરીનું સૂત્ર અને ઉદાહરણ આપો.
5. મજૂરી ખર્ચ વિચલન, મજૂરી દર વિચલન અને મજૂર કાર્યક્ષમતા વિચલન વચ્ચેનો તફાવત સમજાવો.

B

મજૂરી ખર્ચને લગતા વિચલનો

1 'સલોની' કંપનીની માહિતી નીચે દર્શાવેલ ઉપરથી શોધો.

1. મજૂર ખર્ચ વિચલન
2. મજૂર દર વિચલન
3. મજૂર કાર્યક્ષમતા વિચલન
4. મજૂર મિશ્રણ વિચલન

મજૂર પ્રકારો	પ્રમાણ કલાકો	ખરેખર કલાકો	પ્રમાણ દર કલાક દીઠ ₹.	ખરેખર દર કલાકદીઠ ₹.
પુરુષ	6,000	5,600	4.00	5.00
સ્ત્રી	9,600	12,000	2.00	1.80
બાળકો	4,800	5,040	3.00	3.00

જવાબ અને સમજૂતી

(1) સુધારેલ પ્રમાણ કલાકો – પુરુષ 6,659, સ્ત્રી 10564, બાળકો 5,327

(2) મજૂરી ખર્ચ વિચલન = (-4,000) + (- 2,400) + (- 720) = ₹. -7,120 (પ્રતિકૂળ)

(3) મજૂરી દર વિચલન= (-5,600) + (2400 + 0 = ₹. -3,100 (પ્રતિકૂળ)

(4) મજૂર કાર્યક્ષમતા વિચલન = +1600 + (-4800) + (-720) = ₹. -3,920 (પ્રતિકૂળ)

(5) મજૂર મિશ્રણ વિચલન = + 4,236 + (-2,692) + 861 = ₹. + 2,405 (અનુકૂળ)

2. નીચેની માહિતી 'અ' અને 'બ' વિભાગના કામદારોના રેકર્ડ પરથી મળી છે.

વિગત	'અ' વિભાગ	'બ' વિભાગ
ખરેખર કુલ વેતન	રૂ. 2,000	રૂ. 1,800
ઉત્પાદન માટે પ્રમાણે કલાકો	8,000	6,000
કલાક દીઠ પ્રમાણે વેતન દર	30 પૈસા	35 પૈસા
ખરેખર કામના કલાકો	8,200	5,800

ગણતરી કરો.

(1) મજૂરી ખર્ચ વિચલન

(2) મજૂરી દર વીચલન

(3) મજૂરી કાર્યક્ષમતા વિચલન

(સૌ.યુનિ. એમ.કોમ પાર્ટ-૧, એપ્રિલ-1993)

જવાબ અને સમજૂતી

વિગત	'અ' વિભાગ	'બ' વિભાગ
મજૂરી ખર્ચ વિચલન	+ 400 (F)	+ 300 (F)
મજૂરી દર વિચલન	+ 460 (F)	+ 230 (F)
મજૂર કાર્યક્ષમતા વિચલન	- 60 (A)	+ 70 (F)

3. કારખાનાનાં એક ઉત્પાદક વિભાગમાં કામદારોના સમૂહનું બંધારણ નીચે પ્રમાણે હતું. કામદારોનું પ્રમાણ બંધારણ તથા કલાકદીઠ મજૂરી દર સંબધિત માસ દરમ્યાન નીચે મુજબ હતા.

- કુશળ : કલાકદીઠ મજૂરી દર. રૂ. 20, બે કામદારો અંગે
- અર્ધકુશળ : કલાકદીઠ પ્રમાણ મજૂરી દર રૂ. 12, ચાર કામદાર અંગે
- બિન કુશળ : કલાકદીઠ પ્રમાણ મજૂરી દર રૂ. 8, ચાર કામદારો અંગે

કામદારોના સમૂહનું (Group) કલાકદીઠ પ્રમાણ ઉત્પાદન ચાર એકમોનું હતું. સંબધિત માસ દરમ્યાન કામદારોના સમૂહનું ખરેખર બંધારણ તથા કલાકદીઠ ખરેખર ચૂકવેલ મજૂરી નીચે પ્રમાણે હતી.

કામદારોના પ્રકાર	કામદારોની સંખ્યા	કામદારદીઠ કલાક પ્રમાણે ચૂકવેલ મજૂરી રૂ.
કુશળ	2	20
અર્ધકુશળ	3	14
બિનકુશળ	5	10

સંબધિત માસ દરમિયાન કામદારોનો સમૂહ 200 કલાક માટે રોકાયેલ હતો યંત્ર તૂટી પડવાથી 12 કલાક માટે ઉત્પાદન શક્ય ન હતું તેનો ઉપર દર્શાવેલ કલાકોમાં સમાવેશ થયેલ છે. માસ દરમ્યાન કામદારોના સમૂહે 810 એકમોનું ઉત્પાદન કરેલ છે.

નીચે દર્શાવેલ મજૂરી વિચલનોની ગણતરી કરો.

1) મજૂરી ખર્ચ વિચલન (LCV)
2) મજૂરી દર વિચલન (LRV)
3) મજૂર કાર્યક્ષમતા વિચલન (LEV)
4) બિન કાર્યક્ષમતા વિચલન (ITV)
5) મજૂરી ઊપજ વિચલન (LYV)
6) મજૂરી મિશ્રણ વિચલન (LMV) **(ગુજ.યુનિ. એપ્રિલ – 2001)**

જવાબ અને સમજૂતી :

1) બગાડ અને નિષ્ક્રિય સમય ધ્યાને લીધા વગર પ્રમાણ પડતર ₹. 24000
2) કુલ પ્રમાણ કલાકો = 200 × 10 = 2000
3) પ્રમાણ જુજ = 1 કલાક × 4 × 200 કલાક = 800 એકમો
4) કલાક દીઠ પ્રમાણ દર = 24,00/2,000 = ₹. 12
5) એકમ દીઠ પ્રમાણ દર = 24,000/800 = ₹. 30
6) મજૂર સંખ્યા મુજબ વ્યક્તિગત પ્રમાણ કલાકો – કુશળ 400 કલાકો, અર્ધકુશળ –800 કલાકો અને બિનકુશળ – 800 કલાકો = કુલ 2000 પ્રમાણ કલાકો
7) મજૂર સંખ્યા મુજબ વ્યક્તિગત ખરેખર કલાકો = કુશળ – 400 કલાકો, અર્ધકુશળ 600 કલાકો, બિનકુશળ 1000 કલાકો = કુલ 2000 ખરેખર કલાકો
8) સુધારેલ પ્રમાણ કલાકો = 810 ×2,000 /800 = 2,025 કલાકો
9) વ્યક્તિગત સુધારેલ પ્રમાણ કુશળ કલાકો = 2025 × 400 / 2000 = 405 કલાકો અર્ધકુશળ = 810 કલાકો અને બિનકુશળ = 810 કલાકો
10) સુધારેલ પ્રમાણ ઊપજ (RSY) = કુલ પ્રમાણ કલાકો (2100)– (નિષ્ક્રિય કામના કલાકો 12 ×10) – 1880.તેથી જો 2000 પ્રમાણ કલાકો એ પ્રમાણ ઉત્પાદન 800 એકમો તો 1880 બગાડ પછીના પ્રમાણ કલાકો એ સુધારેલ પ્રમાણ ઉત્પાદન 752 એકમો

વિચલનો :

1) LCV = કુશળ ₹. 100(F), અર્ધકુશળ ₹. 1320(F) અને બિનકુશળ ₹. – 3520(A) = કુલ ₹. –2,100(A)

2) LRV = કુશળ શૂન્ય , અર્ધકુશળ રૂ. -1200(F) અને બિનકુશળ રૂ. 2,000(A) = કુલ રૂ. – 3,200(A)

3) LEV = કુશળ રૂ. 100(F), અર્ધકુશળ રૂ. 2520(F) અને બિનકુશળ રૂ. – 1,520(A) = રૂ. કુલ રૂ. 1100(F)

4) ITV = કુશળ રૂ. – 480(A), અર્ધકુશળ રૂ. – 576(A) અને બિનકુશળ રૂ. – 384(A) = રૂ. કુલ રૂ. – 1440(A)

5) LYV = 30 (810 – 752) = રૂ. 1740(F)

6) LMV = કુશળ શૂન્ય , અર્ધકુશળ રૂ. -2,400(F) અને બિનકુશળ રૂ. – 1,600(A)= કુલ રૂ. 800(F)

નીચેની માહિતી પરથી મજૂરી ખર્ચ વિચલનો ગણો.

પ્રમાણ ઉત્પાદન	200 એકમો
પ્રમાણ કલાકો	1,000 કલાકો
કલાકદીઠ પ્રમાણ મજૂરી દર	રૂ. 4
ખરેખર ઉત્પાદન	170 એકમો
ખરેખર લીધેલ સમય	900 એકમો
ખરેખર ચૂકવેલ મજૂરી દર.	રૂ. 4

(દ.ગુ.યુનિ. એસ.વાય.બી.કોમ. નવેમ્બર – 2001)

જવાબ અને સમજૂતી :

ખરેખર ઉત્પાદન પ્રમાણ કલાકો = 170 × 1000 / 200 = 800

LCV = રૂ. – 200 (A)

4 એક વસ્તુ નં. 786 નાં એકમના ઉત્પાદન માટે નીચે મુજબ પ્રમાણ પડતર અંદાજેલ છે. મજૂરી 20 કલાક, કલાકદીઠ રૂ. 8, જૂન – 2009 માસમાં નીચે મુજબ મજૂરીની પડતર સાથે 400 એકમોનું ઉત્પાદન થયું. મજૂરી રૂ. 63,750 કલાક દીઠ રૂ. 8.50 લેખે મજૂરીના વિચલનો શોધો

(દ.ગુ.યુનિ.એમ.કોમ.-૨,.એપ્રિલ-૨૦૦૯)

જવાબ અને સમજૂતી :

મજૂરીના કુલ પ્રમાણ કલાકો ખરેખર ઉત્પાદન માટે = 400 × 20 = 8,000 કલાકો

ખરેખર મજૂરી કલાકો = 63,750 ÷ 8.50 = 7500 કલાકો

1) મજૂરી પડતર વિચલન = રૂ. 250 (F)

2) મજૂરી વિચલન = રૂ. – 3,750 (A)

3) મજૂરી કાર્યક્ષમતા વિચલન = રૂ. 4,000 (F)

5 એક કંપની 'M'નું ઉત્પાદન કરે છે. તેની એકમદીઠ પ્રમાણ પડતર નીચે મુજબ છે.

માલસામાન 50 કિલો, કિલોદીઠ રૂ. 40 નાં ભાવથી, મજૂરી 400 કલાકો, કલાકદીઠ રૂ. 4 લેખે.

ફેબ્રુઆરી-2005 દરમ્યાન વસ્તુ 'M'નું ખરેખર ઉત્પાદન 100 યુનિટનું થયેલ, તેની પડતર નીચે મુજબ ઉદ્ભવી હતી.

માલસામાન 4900 કિ.ગ્રા., કિલોગ્રામ દીઠ રૂ. 41 નાં ભાવે. મજૂરી રૂ. 38,000 કલાકો, કલાકદીઠ રૂ. 4.50 લેખે.

આ માહિતી પરથી માલસામાન અને મજૂરીનાં વિચલન ગણો

(સૌ.યુનિ. ટી.વાય.બી.એ., એપ્રિલ-2004)

જવાબ અને સમજૂતી :

માલસામાનનાં વિચલનો

SQ = 100 × 50 = 5,000 કિ.ગ્રા.

1)MCV = રૂ. -900 (A)

2) MPV = રૂ. -4,900 (A)

3) MUV = રૂ. 4,000 (F)

મજૂરીના વિચલનો

SH = 400 × 100 = 40,000

1) LCV =રૂ. – 11,000 (A)

2) LRV =રૂ. – 19,000 (A)

3) LEV =રૂ. 8,000 (F)

એકમ : 12 પરોક્ષ ખર્ચ અને વેચાણ વિચલન

: રૂપરેખા :

12.1 પરોક્ષ ખર્ચનો અર્થ

12.2 પરોક્ષ ખર્ચનાં વિચલનોનું વર્ગીકરણ

12.3 પરોક્ષ ખર્ચ વિચલનનાં ઉદાહરણો

12.4 વેચાણ વિચાલનો

12.5 વેચાણને લગતા વિચલનોનાં ઉદાહરણો

12.6 સ્વાધ્યાય

12.1 પ્રસ્તાવનાઃ

આપણે આગળના પ્રકરણમાં પ્રમાણ પડતર પધ્ધતિનો વિગતવાર અભ્યાસ કર્યો છે. ધંધાનાં નક્કી કરેલાં હેતુઓ પ્રાપ્ત કરવા માટે જુદાં જુદાંઅંદાજપત્રો તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદઅંદાજપત્રના અંદાજોને ખરેખર પરિણામ સાથે સરખાવી વિચલનો શોધવામાં આવે છે. ત્યારબાદ આ વિચલનોનું યોગ્ય વિશ્લેષણ કરી જરૂરી પગલાઓ લેવામાં આવે છે. જેથી ધંધાના નિશ્ચિત કરેલાં ધ્યેયો પ્રાપ્ત કરી શકાય છે. કોઈપણ વસ્તુના ઉત્પાદનમાં માલસામાન, જરૂરી અને પરોક્ષ ખર્ચાઓનો સમાવેશ થાય છે. આપણે અગાઉના પ્રકરણમાં માલસામાન અને મજૂરીને લગતા વિચલનો વિશેવિગતવાર ચર્ચા કરેલ છે. આ પ્રકરણમાં આપણે પરોક્ષ ખર્ચ ચલિત પરોક્ષ ખર્ચ તેમજ સ્થિર પરોક્ષ ખર્ચ વિશેજુદાં જુદાં વિચાલનોની વિગતવાર ચર્ચા તેમજ વ્યવહારિક ઉદાહરણો દ્વારા અભ્યાસ કરીશું. તદુપરાંત વેચાણનાં વિચલનોની ચર્ચા અને અભ્યાસ કરીશું.

❖ પરોક્ષ ખર્ચનો અર્થ

કોઈપણ વસ્તુના ઉત્પાદનમાં બે પ્રકારના ખર્ચાઓ મુખ્યત્વે હોય છે. જેમ કે, પ્રત્યક્ષ ખર્ચ અને પરોક્ષ ખર્ચ. પ્રત્યક્ષ ખર્ચમાં માલસામાન અને મજૂરીનો સમાવેશ થાય છે. જેઓને ઉત્પાદન એકમ ખાતે સીધાજ ઉધારી શકાય છે. જ્યારે પરોક્ષ ખર્ચાઓ એવા ખર્ચાઓ છે કે, આવા ખર્ચાઓનો લાભ સમગ્ર એકમને મળતો હોય છે. જેથી તેઓને સીધાજ ઉત્પાદન એકમ ખાતે ઉધારી શકતાં નથી. તેથી આવા ખર્ચાઓને યોગ્ય ફાળવણીનાં આધારને ધ્યાનમાં લઈ વિવિધ પડતર કેન્દ્ર ખાતે તેઓએ મેળવેલ સેવા કે લાભના પ્રમાણમાં ઉધારવામાં આવે છે.

પરોક્ષ ખર્ચાઓ, પરોક્ષ માલસામાન માલસામાન અને પરોક્ષ મજૂરીનો સમાવેશ થાય છે. પરોક્ષ ખર્ચના વિચાલ્નોનું વિશ્લેષણ નીચેના બે કારણોસર પ્રત્યક્ષ માલસામાન અને પ્રત્યક્ષ મજૂરીના વિચાલનો કરતા અલગ છે.

1) સ્થિર પરોક્ષ ખર્ચ માટે પ્રમાણ પરોક્ષ ખર્ચ દરની ગણતરી કરવી મુશ્કેલ છે. કારણ કે ઉત્પાદનનાં આઉટપુટ જથ્થામાં ફેરફાર થવાથી પ્રમાણ પરોક્ષ ખર્ચના દરને અસર થાય છે. ભલે આ સ્થિતિમાં સ્થિર પરોક્ષ ખર્ચમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થયો હોય.

2) પરોક્ષ ખર્ચના વિવિધ પ્રકારોની ગણતરી કરવા માટે ઘણાં પારિભાષિક વિકલ્પો તથા પદ્ધતિઓ છે.

પરોક્ષ ખર્ચ વિચલન સ્થિર પરોક્ષખર્ચ વિચલન અને ચલિત પરોક્ષ ખર્ચ વિચલનનો સમાવેશ કરે છે. આ ઉપરાંત પરોક્ષ ખર્ચ વિચલનનું વિશ્લેષણ ઉપલબ્ધ માહિતીના આધાર પર રાખે છે. શરૂઆતમાં તે જાણવું નોંધપાત્ર છે કે પરોક્ષ ખર્ચ વિચલન એ પરોક્ષ ખર્ચાઓની ઓછી કે વધારે વસૂલાત ને જ દર્શાવે છે.

પ્રમાણ (અંદાજીત) મુજબ પરોક્ષ ખર્ચની રકમને આધારેનીચે દર્શાવ્યા મુજબની બે રીતથી ''વસૂલાતના પ્રમાણ દર'' નક્કી કરવામાં આવે છે.

1) પ્રમાણ ઉત્પાદન એકમોનોના આધારે :

$$\text{પરોક્ષ ખર્ચની વસૂલાતનો પ્રમાણદર} = \frac{\text{કુલ પરોક્ષ ખર્ચા}}{\text{પ્રમાણ ઉત્પાદન એકમો}}$$

2) ઉત્પાદન પ્રમાણ કલાકો વડે આપેલ હોય તેના આધારે

$$\text{પરોક્ષ ખર્ચની વસૂલાતનો પ્રમાણદર} = \frac{\text{કુલપરોક્ષખર્ચા}}{\text{પ્રમાણકલાકોમાંઉત્પાદન}}$$

12.2 પરોક્ષ ખર્ચના વિચલનોનું વર્ગીકરણ : (OHV- Overhead Variances)

(A) ચલિત પરોક્ષ ખર્ચ વિચલન (VOCV- Variable overhead Cost Veriance)

- 1) ચલિત પરોક્ષ ખર્ચ વિચલન (VOEXV- Variable overhead Expenduture Veriance)
- 2) ચલિત પરોક્ષ ખર્ચ કાર્યક્ષમતા વિચલન (VOEV- Variable Overhead Efficiency Variance)

(B) સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન (FOCV- Fixed overhead cost Variance)

- 1) ખર્ચ વિચલન (બજેટ વિચલન)(EV OR BV - Expenditure Or Budget Variance)
- 2) જથ્થા વિચલન (VOV- Volume Variance)
  - અ) કાર્યક્ષમતા વિચલન(EV- Effeciancy Variance)
  - બ) કેલેન્ડર વિચલન(CV- Calendar Variance)
  - ક) ઉત્પાદન વિચલન (CapV- Capacity Variance)

(A) ચલિત પરોક્ષ ખર્ચ વિચલન

કોઈપણ ઉત્પાદન કરતા એકમમાં ઉત્પાદનના જથ્થામાં ફેરફાર થતો રહે છે. ઉત્પાદનના જથ્થામાં ફેરફાર થતો કુલ ચલિત ખર્ચામાં પણ ફેરફાર થાય છે. ઉત્પાદનનાં જથ્થા અને ચલિત ખર્ચા વચ્ચે સીધો સંબધ છે ઉત્પાદન વધતા ચલિત ખર્ચ વધે છે અને ઉત્પાદન ઘટતા ચલિત ખર્ચ ઘરે છે. આના કારણે કુલ પ્રમાણિત ચલિત પરોક્ષ ખર્ચ અને કુલ ખરેખર ચલિત પરોક્ષ ખર્ચ વચ્ચે તફાવત ઉદ્ભવે છે. જેને ચલિત પરોક્ષ ખર્ચ વિચલન તરીકે ઓળખવામાં આવે છે.

આ વિચલનની ગણતરીનું સૂત્ર નીચે મુજબ છે.


ચલિત પરોક્ષ ખર્ચ વિચલન = (પરોક્ષ ખર્ચનો પ્રમાણદર ×ખરેખર ઉત્પાદન) –ખરેખર્ચ સચિત ખર્ચ

$$\text{ચલિત ખર્ચનો પ્રમાણ દર} = \frac{\text{અંદાજપત્રીયચલિતખર્ચ}}{\text{અંદાજપત્રીયઉત્પાદન}}$$

ઉત્પાદન એકમોને બદલે પ્રમાણ કલાકોમાં આપેલ હોય તો

ચલિત પરોક્ષ ખર્ચ વિચલન= (પરોક્ષ ખર્ચનો પ્રમાણદર ×ખરેખર ઉત્પાદનનાં એકમો અથવા કલાકો) –ખરેખર ચલિતપરોક્ષ ખર્ચ

વધુમાં ચલિત પરોક્ષ ખર્ચ વિચલનને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય



1) ચલિત પરોક્ષ ખર્ચ ખર્ચ વિચલન (Variable Overhead Cost Variance – VOCV)

આ વિચલન ખરેખર ઉત્પાદનનો કુલ પ્રમાણ ચલિત પરોક્ષ ખર્ચ અને ખરેખર કુલ ચલિત પરોક્ષ ખર્ચ વચ્ચેનો તફાવત દર્શાવે છે.

VOCV = (ખરેખર ઉત્પાદન માટે પ્રમાણ ચલિત પરોક્ષ ખર્ચ) - (ખરેખર ચલિત પરોક્ષ ખર્ચ)

2) ચલિત પરોક્ષ ખર્ચ – ખર્ચ વિચલન (Variable Overhead Expenditure Variance – VOEXV)

આ વિચલન ઉત્પાદન માટે જે સપાટીએ ખરેખર ઉત્પાદન પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હોય તેનો કુલ પ્રમાણ પરોક્ષ ખર્ચ અને ખરેખર કુલ પરોક્ષ ખર્ચ વચ્ચેનો તફાવત દર્શાવે છે. આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

ચલિત પરોક્ષ ખર્ચ

ખર્ચ વિચલન = ઉત્પાદનના ખરેખર કલાકો (કલાક દીઠ પ્રમાણ દર – કલાક દીઠ ખરેખર દર)

VOEXV = AH (SR – AR)

3) ચલિત પરોક્ષ ખર્ચ કાર્યક્ષમતા વિચલન (Variable Overhead Efficiency Variance – VOEV)

ખરેખર ઉત્પાદન માટેના પ્રમાણ કલાકો કરતા ખરેખર ઉત્પાદનનાં ખરેખર કલાકો વધારે કે ઓછા થાય ત્યારે ઉત્પાદનનાં ચલિત પરોક્ષ ખર્ચમાં જે તફાવત આવે તેને ચલિત પરોક્ષ ખર્ચ કાર્યક્ષમતા વિચલન તરીકે ઓળખવામાં આવે છે. તેની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

ચલિત પરોક્ષ ખર્ચ કાર્યક્ષમતા વિચલન = ચલિત પરોક્ષ ખર્ચનો કલાક દીઠ પ્રમાણ દર (ખરેખર ઉત્પાદનનાં પ્રમાણ કલાકો – ખરેખર ઉત્પાદનનાં ખરેખર કલાકો)

VOEV = SR (SHfor Actual Production – Actual hource)

B) સ્થિર પરોક્ષ ખર્ચને લગતા વિચલનો :

કોઈપણ વસ્તુનું ઉત્પાદન શરૂ કરતાં પહેલાં કુલ સ્થિર ખર્ચની અંદાજીત રકમ નક્કી કરવામાં આવે છે. આ સાથે સાથે ઉત્પાદનના અંદાજીત એકમોનો પણ અંદાજ કરવામાં આવે છે. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિમાં વધારે કે ઓછા એકમોનું ઉત્પાદન થાય છે. જેથી સ્થિર ખર્ચની વસૂલાતમાં ફેરફાર થાય છે. જેથી સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન ઉદ્‌ભવે છે. આ વિચલન એટલે કુલ પ્રમાણ સ્થિર ખર્ચ અને ખરેખર કુલ સ્થિર ખર્ચ વચ્ચેનો તફાવત.

1. સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન (Fixed Overhead Variance – FOCV) :

આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન = (ખરેખર ઉત્પાદન × સ્થિર પરોક્ષ ખર્ચનો પ્રમાણદર) –ખરેખર સ્થિર પરોક્ષ ખર્ચ

2. ખર્ચ વિચલન કે બજેટ વિચલન (Expenditure Variance or Budget Variance –BV)

એકમ દ્વારા તૈયાર કરવામાં આવતા અંદાજપત્રમાં અંદાજેલ સ્થિર પરોક્ષ ખર્ચ અને ખરેખર થયેલ સ્થિર ખર્ચ વચ્ચેનાં ફેરફારને ખર્ચ વિચલન કે બજેટ વિચલન કહેવામાં આવે છે..

આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

BV = Budgeted Fixed Overhead – Actual Fixed Overhead

3. જથ્થા વિચલન (Volume Variance VOV)

એકમના ઉત્પાદનમાં અંદાજપત્રમાં અંદાજેલ ઉત્પાદન જથ્થા કરતાં ખરેખર ઉત્પાદન જથ્થો વધુ કે ઓછો ઉત્પાદિત થાય તેના કારણે સ્થિર ખર્ચની વધુ કે ઓછી વસુલાત થાય છે. આવા સંજોગોમાં જથ્થા વિચલન ઉદ્‌ભવે છે.

આ વિચલનની ગણતરી એકમોના આધારેનીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

જથ્થા વિચલન = સ્થિર પરોક્ષ ખર્ચનો પ્રમાણ દર (ખરેખર જથ્થો – બજેટ જથ્થો)

VOV = SR કલાક દીઠ **(Actual – Budgate Quantity)**

આ વિચલનની ગણતરી કલાકોમાં કરવાની હોય તો

જથ્થા વિચલન = કલાક દીઠ પ્રમાણ દર (ખરેખર ઉત્પાદનનાં પ્રમાણ કલાકો – બજેટ મુજબ કલાક)

VOV = SR કલાક દીઠ **(SH for Actual Production – Standard Hours)**

4. કાર્યક્ષમતા વિચલન (Efficiency Variance EV)

એકમમાં કામ કરતા કામદારોની કાર્યક્ષમતાને કારણે અંદાજેલ ઉત્પાદન મુજબનું ખરેખર ઉત્પાદન ન થાય તો આ વિચલન ઉદ્‌ભવે છે. આના કારણે સ્થિર પરોક્ષ ખર્ચની વસૂલાત પર અસર થાય છે.

જ્યારે ઉત્પાદનની માહિતી એકમોમાં હોય ત્યારે;

આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

કાર્યક્ષમતા વિચલન = એકમ દીઠ પ્રમાણ દર (ખરેખર ઉત્પાદન – સુધારેલ પ્રમાણ ઉત્પાદન)

સુધારેલ પ્રમાણ ઉત્પાદન = (RSQ-Revised Standard Quantity of Production)

$$\therefore \text{સુધારેલ પ્રમાણ ઉત્પાદન RSQ} = \frac{\text{ખરેખર કલાકો} \times \text{પ્રમાણ એકમો}}{\text{પ્રમાણ કલાકો}}$$

RSQ ને ''ખરેખર ઉત્પાદન માટેનો પ્રમાણ જથ્થો'' પણ કહે છે.

જ્યારે ઉત્પાદનની માહિતી કલાકમાં આપવામાં આવેલ હોય ત્યારે

કાર્યક્ષમતા વિચલન = કલાક દીઠ પ્રમાણ દર (ખરેખર ઉત્પાદન માટેના પ્રમાણ કલાકો – ખરેખર કલાકો)

EV = SRકલાક દીઠ (SH for Actual Production AH)

જ્યાં, ખરેખર ઉત્પાદન માટેના પ્રમાણ કલાકો (SH for Actual Production એટલે)

$$\text{RSQ} = \frac{\text{ખરેખર એકમો} \times \text{પ્રમાણ કલાકો}}{\text{પ્રમાણ ઉત્પાદન}}$$

5. કેલેન્ડર વિચલન (Calendar Variance - CV)

એકમ દ્વારા અંદાજપત્ર તૈયાર કરી તેમાં અંદાજપત્રના સમયગાળા દરમ્યાન નક્કી થયેલ કુલ દિવસો અને ખરેખર દિવસો અલગ અલગ હોય તો જેનાથી ઉત્પાદનનાં જથ્થામાં પણ ફેરફાર થાય છે. આથી જ સ્થિર પરોક્ષ ખર્ચ પર માં પણ ફેરફાર થાય છે. આથી જ લીધે તે વિચલન ઉદ્ભવે તેને કેલેન્ડર વિચલન કહેવામાં આવે છે.

કેલેન્ડર વિચલન શોધવા માટે પ્રથમ ''ઉત્પાદનનો સુધારેલ અંદાજપત્રીય જથ્થો'' નીચેની ગણતરી વડે નક્કી કરવામાં આવે છે.

જો પ્રમાણ કેલેન્ડર દિવસો = પ્રમાણ ઉત્પાદન જથ્થો

તો, ખરેખર કેલેન્ડર દિવસો = ?

સૂત્ર મુજબ Revised Budget Qunttity (RBQ)એટલે કે,

ઉત્પાદનનો સુધારેલ અંદાજપત્રીય જથ્થો =

$$RBQ = \frac{\text{ખરેખર કેલેન્ડરના દિવસો} \times \text{પ્રમાણ ઉત્પાદન જથ્થો}}{\text{પ્રમાણ કે લેન્ડરના દિવસો}}$$

કેલેન્ડર વિચલન = એકમદીઠ પ્રમાણ દર (ઉત્પાદનનો સુધારેલ અંદાજપત્રીય જથ્થો – અંદાજપત્રીય જથ્થો)

CV = SR (RBQ – BQ)

6. ઉત્પાદન શક્તિ વિચલન (Capacity Variance – COPV) :

એકમની ઉત્પાદન કાર્યક્ષમતા ઓછી કે વધુ ઉપયોગ થાય ત્યારે આ વિચલન ઉદ્ભવે છે. જે જથ્થા વિચલનનો એક ભાગ છે. જ્યારે પ્લાન્ટની ખરેખર કાર્યક્ષમતામાં વધુ કે ઓછો ઉપયોગ થાય છે ત્યારે આ વિચલન ઉદ્ભવે છે. આ માટેના કારણોમાં ઓછે કે વધુ બજાર માંગ, હડતાલ, પાવર કટ વગેરે હોય છે.

આ વિચલનની ગણતરી નીચના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

ઉત્પાદન શક્તિ વિચલન = એકમદીઠ પ્રમાણ દર (સુધારેલ પ્રમાણ ઉત્પાદન – અંદાજપત્ર મુજબ ઉત્પાદન)

Capacity Variance = SR (SRQ – BQ)

12.3 પરોક્ષ ખર્ચ વિચલનનાં ઉદાહરણો :

ઉદાહરણ :- 1

એકતા લી.નાં એપ્રિલ-2019 નાં અંદાજપત્રીય અને ખરેખર ઉત્પાદન અંગેની વિગતો નીચે પ્રમાણે છે.

અંદાજપત્ર મુજબ ઉત્પાદન 300 એકમો

અંદાજપત્ર અનુસાર ચલિત પરોક્ષ ખર્ચ ₹. 7800

એક એકમના ઉત્પાદન માટે પ્રમાણ સમય 20 કલાકો

મહિનાનું ખરેખર ઉત્પાદન 250 એકમો

મહિના દરમ્યાન ખરેખર થયેલ ચલિત પરોક્ષ ખર્ચ રૂ. 7000

મહિના દરમ્યાન ખરેખર થયેલ કલાક 4500 કલાક

ઉપરની માહિતીને આધારે ગણતરી કરો

1) ચલિત પરોક્ષ ખર્ચ વિચલન

2) ચલિત પરોક્ષ ખર્ચ – ખર્ચ વિચલન

3) ચલિત પરોક્ષ ખર્ચ કાર્યક્ષમતા વિચલન.

જવાબ :

જરૂરી ગણતરીઓ :

(I) પરોક્ષ ખર્ચ વસૂલાત દર $= \frac{\text{અંદાજપત્રમુજબચલિતખર્ચ}}{\text{અંદાજપત્રમુજબઉત્પાદન}}$

$= \frac{7800}{300} = ₹. 26$

(II) **પરોક્ષ ખર્ચની** વસૂલાત **દર (કલાક દીઠ)** $= \frac{\text{અંદાજપત્રમુજબચલિતખર્ચ}}{\text{પ્રમાણઉત્પાદનનાકુલકલાકો}}$

$= \frac{7800}{300 \times 20} = \frac{7800}{6000} = ₹. 13$

(III) **પરોક્ષ ખર્ચનો કલાક દીઠ ખરેખર દર** $= \frac{\text{ખરેખરચલિતખર્ચ}}{\text{ખરેખરકલાકો}}$

$= \frac{7000}{4500} = ₹. 1.555$

(IV) **ખરેખર ઉત્પાદનનાં પ્રમાણ કલાકો = ખરેખર ઉત્પાદનનાં એકમો × એકમદીઠ પ્રમાણ કલાક**

250 એકમો × 20 = 5000 કલાક

1) ચલિત પરોક્ષ ખર્ચ વિચલન = (પરોક્ષ ખર્ચનો પ્રમાણદર ×ખરેખર ઉત્પાદન) –ખરેખર ચલિતપરોક્ષ ખર્ચ

= (26 × 250) – 7000

= 6500 – 7000 = રૂ. 500 (પ્રતિકૂળ)

2) ચલિત પરોક્ષ ખર્ચ - ખર્ચ વિચલન = ઉત્પાદનનાં ખરેખર કલાકો

= (કલાક દીઠ પ્રમાણ દર – કલાક દીઠ ખરેખર દર)

= 4500 (1.30 – 1.555)

= 4500 (- 0.2555) = રૂ. 1150 (પ્રતિકૂળ)

3) ચલિત પરોક્ષ ખર્ચ કાર્યક્ષમતા વિચલન = ચલિત પરોક્ષ ખર્ચનો કલાક દીઠ પ્રમાણ દર (ખરેખર ઉત્પાદનનાં પ્રમાણ કલાકો – ખરેખર ઉત્પાદનનાં ખરેખર કલાકો)

= 1.30 (5000 – 4500)

= 1.30 (500) = ₹. 650 (અનુકૂળ)

મેળવણી :-

ચલિત પરોક્ષ ખર્ચ વિચલન = ચલિત પરોક્ષ ખર્ચ - ખર્ચ વિચલન + ચલિત પરોક્ષ ખર્ચ કાર્યક્ષમતા વિચલન

= - 1150 + 650

= Y. 500 (પ્રતિકૂળ)

ઉદાહરણ – 2

એક કારખાનામાં માર્ચ – 2000નાં ઉત્પાદનને લગતી માહિતી નીચે મુજબ છે.

વિગત	**અંદાજપત્ર**	**ખરેખર**
ઉત્પાદન (એકમો)	30,000	32,500
કલાકો	30,000	33,000
સ્થિર પરોક્ષ ખર્ચ (₹.)	45,000	50,000
ચલિત પરોક્ષ ખર્ચ (₹.)	60,000	68,000

ઉપરોક્ત વિગત પરથી

1) કુલ પરોક્ષ ખર્ચ વિચલન

2) ચલિત પરોક્ષ ખર્ચ વિચલન

3) સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન

4) ખર્ચ કે બજેટ વિચલન

5) જથ્થા વિચલન

જવાબ:

જરૂરી ગણતરીઓ :

1) **કુલ પરોક્ષ ખર્ચ = ચલિત પરોક્ષ ખર્ચ + સ્થિર પરોક્ષ ખર્ચ**

= 60,000 + 45,000 = ₹. 1,05,000

2) કુલ પરોક્ષ ખર્ચનો એકમ દીઠ પ્રમાણ દર $= \frac{\text{કુલપરોક્ષ}}{\text{કુલઉત્પાદનજથ્થો}}$

$= \frac{1,05,000}{30,000} = ₹. 3.50$

3) ચલિત પરોક્ષ ખર્ચનો અંદાજપત્ર અનુસાર એકમ દીઠ પ્રમાણ દર $= \frac{\text{કુલચલિતપરોક્ષખર્ચ}}{\text{કુલઉત્પાદનજથ્થો}}$

$$= \frac{60,000}{30,000} = ₹. 2.00$$

4) સ્થિર પરોક્ષ ખર્ચનો અંદાજપત્ર અનુસાર $= \frac{\text{કુલસ્થિરપરોક્ષ}}{\text{કુલઉત્પાદનજથ્થો}}$

એકમ દીઠ પ્રમાણ દર $= \frac{45,000}{30,000} = ₹. 1.50$

5) ખરેખર કુલ પરોક્ષ ખર્ચ = 50,000 + 68,000 = ₹. 1,18,00 0

વિચલનો :-

1) કુલ પરોક્ષ ખર્ચ વિચલન = (પરોક્ષ ખર્ચનો એકમદીઠ પ્રમાણ દર ×ખરેખર ઉત્પાદન) – ખરેખર કુલ પરોક્ષ ખર્ચ

= (3.50 × 32,500) – 1,18,000
= 1,13,750 – 1,18,000
= 1,13,750 – 1,18,000 = ₹. 4250 (પ્રતિકૂળ)

2) ચલિત પરોક્ષ ખર્ચ વિચલન = (પરોક્ષ ખર્ચનો પ્રમાણ દર ×ખરેખર ઉત્પાન) – (ખરેખર ચલિતપરોક્ષ ખર્ચ)

= (2 × 32,500) = 68,000
= 65,000 – 68,000
= ₹. 3,000 (પ્રતિકૂળ)

3) સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન = (સ્થિર પરોક્ષ ખર્ચનો પ્રમાણ દર ×ખરેખર ઉત્પાદન) –ખરેખર સ્થિર પરોક્ષ ખર્ચ

= (1.50 × 32,500) – (50,000)
= 48,750 – 50,000 = ₹. 1250 (પ્રતિકૂળ)

4) **ખર્ચ કે બજેટ વિચલન = અંદાજપત્ર મુજબનો સ્થિર પરોક્ષ ખર્ચ – ખરેખર થયેલ સ્થિર પરોક્ષ ખર્ચ**

= 45,000 – 50,000 = ₹. 5,000 (પ્રતિકૂળ)

5) જથ્થા વિચલન = સ્થિર પરોક્ષ ખર્ચનો પ્રમાણ દર (ખરેખર જથ્થો – બજેટ જથ્થો)

= 1.50 (32,500 – 30,000)
= 1.50 (2,500) = ₹. 3,750 (અનુકૂળ)

મેળવણી :-

1) કુલ પરોક્ષ ખર્ચ વિચલન = ચલિત પરોક્ષ ખર્ચ વિચલન સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન
= (-300) + (-1250)
= (-4250) પ્રતિકૂળ

2) સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન = ખર્ચ કેલેન્ડરવિચલન + જથ્થા વિચલન
= - 5,000 + 3,750 = 1,250 (પ્રતિકૂળ)

ઉદાહરણ – 3

એક ઉત્પાદક કંપની કે જે પ્રમાણ પડતર પદ્ધતિનો ઉપયોગ કરે છે, તેની હિસાબ નોંધોનીચે મુજબની માહિતીથી મેળવવામાં આવી છે. :

વિગત	અંદાજીત	ખરેખર
ઉત્પાદન	4000	3800
કામના દિવસો	20	21
ચલિત પરોક્ષ ખર્ચ	12000	12000

તમારે શિરોપરી ખર્ચના નીચેના વિચલનો ગણવાના છે. :

(અ) ચલિત પરોક્ષ ખર્ચ વિચલન

(બ) સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન અને તેના પેટા વિચલનો

(i) ખર્ચ વિચલન (બજેટ વિચલન)

(ii)જથ્થા વિચલન

(iii)કાર્યક્ષમતા વિચલન

(iv)કેલેન્ડર વિચલન

ઉકેલ :-

જરૂરી ગણતરીઓ :

ચલિત પરોક્ષ ખર્ચનો એકમદીઠ પ્રમાણ દર= $\frac{12,000}{4,000} = ₹. 3$

સ્થિર પરોક્ષ ખર્ચનો એકમ દીઠ પ્રમાણ દર= $\frac{40,000}{4,000} = ₹. 10$

(અ) ચલિત પરોક્ષ ખર્ચ વિચલન = (પરોક્ષ ખર્ચો એકમ દીઠ પ્રમાણ દર ×ખરેખર ઉત્પાદન) – ખરેખર ચલિત પરોક્ષ ખર્ચ ચલિત પરોક્ષ ખર્ચ

= (3 × 3,800) – 12,000

= 11,400 – 12,000 =₹. 600 (પ્રતિકૂળ)

(બ) સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન = (પરોક્ષ ખર્ચનો એકમ દીઠ પ્રમાણ દર ×ખરેખર ઉત્પાદન)– ખરેખર સ્થિર પરોક્ષ ખર્ચ

= (10 × 3,800) = 39,000

= 38,000 – 39,000 = ₹. 1,000 (પ્રતિકૂળ)

(i)ખર્ચ (બજેટ)વિચલન = અંદાજપત્રીય સ્થિર પરોક્ષ ખર્ચ – ખરેખર સ્થિર પરોક્ષ ખર્ચ

= 40,000 – 39,000

= Y. 1,000 (પ્રતિકૂળ)

(ii) જથ્થા વિચલન = સ્થિર પરોક્ષ ખર્ચનો પ્રમાણ દર × (ખરેખર જથ્થો - અંદાજપત્ર મુજબનો જથ્થો)

= 10 (3,800 – 4,000)

= 10 (- 200) = ₹. – 2,000 (પ્રતિકૂળ)

(iii) કાર્યક્ષમતા વિચલન = એકમ દીઠ પ્રમાણ દર × (ખરેખર ઉત્પાદન-સુધારેલ પ્રમાણ દર

સુધારેલ પ્રમાણ ઉત્પાદનની ગણતરી:

20 દિવસ માટે પ્રમાણ ઉત્પાદન 4,000

∴21 દિવસ માટે પ્રમાણ ઉત્પાદન = ?

$$= \frac{21 \times 4,000}{20} = 4,200 \text{ એકમો}$$

કાર્યક્ષમતા વિચલન = 10 (3,800 – 4,200)

= 10 (- 4,000) = ₹. 4,000 (પ્રતિકૂળ)

(iv) કેલેન્ડર વિચલન = એકમ દીઠ પ્રમાણ દર (ઉત્પાદનનો સુધારેલ અંદાજપત્રીય જથ્થો – અંદાજપત્રીય જથ્થો)

= 10 (4,200 – 4,000)

= 10 (200) = ₹. 2,000 (અનુકૂળ)

ઉદાહરણ – 4

નીચે આપેલી વિગતોને આધારે જરૂરી સ્થિર (સ્થાયી)શિરોપરી ખર્ચ અંગે સંચાલન સમક્ષ રજૂઆત માટેનો અહેવાલ તૈયાર કરો.

પ્રમાણ વિગતો	**ખરેખર વિગતો**
આપેલ સમય માટે પ્રમાણિત સમય (કલાકો) 1,200	કામકાજના કલાકો 1,250
પ્રમાણિત દિવસો 25	કામકાજનાં દિવસો 27
પ્રમાણિત સ્થાયી ખર્ચ ₹. 600	સ્થાયી શિરોપરી ખર્ચ ₹. 650
પ્રમાણિત ઉત્પાદિત એકમો = 750	ઉત્પાદન (એકમો) 800

જવાબ :

જરૂરી ગણતરીઓ

1) સ્થાયી ખર્ચનો એકમદીઠ પ્રમાણદર = પ્રમાણ સ્થિર ખર્ચ લ પ્રમાણ ઉત્પાદન એકમ

સ્થાયી ખર્ચનો એકમદીઠ પ્રમાણ દર =(600)/(750) = ₹. 0.80

2) **કાર્યક્ષમતા વિચલન માટે સુધારેલ પ્રમાણ ઉત્પાદન શોધવું**

પ્રમાણિત કામના કલાકો 1,200 એ પ્રમાણ ઉત્પાદન 750 એકમો

ખરેખર 1,250 કામના કલાકો એ ઉત્પાદન કેટલું ?

$= \frac{1,250 \times 750}{1,200} = 781.25 = 781$ એકમો **(**પૂર્ણાંક એકમો લેતા)

3) કેલેન્ડર વિચલન માટે સુધારેલ અંદાજપત્રીય જથ્થો

25 દિવસે 750 એકમો

∴ 27 દિવસે કેટલા એકમો ? $= \frac{27 \times 750}{1,200} = 810$ એકમો

1) સ્થાયી પરોક્ષ વિચલન = (પરોક્ષ ખર્ચનો એકમદીઠ પ્રમાણ દર ×ખરેખર ઉત્પાદન) –ખરેખર સ્થિર પરોક્ષ ખર્ચ

= (0.80 × 800) – 650

= 640 – 650 = ₹, 10 (પ્રતિકૂળ)

2) સ્થાયી ખર્ચ કે બજેટ વિચલન = અંદાજપત્ર અનુસારનો સ્થિર પરોક્ષ ખર્ચ – ખરેખર સ્થિર પરોક્ષ ખર્ચ

= 600 – 650 = ₹. 50 (પ્રતિકૂળ)

3) સ્થાયી ખર્ચ જથ્થા વિચલન = સ્થિર પરોક્ષ ખર્ચનો પ્રમાણ દર × (ખરેખર જથ્થો - અંદાજપત્ર મુજબનો જથ્થો)

= 0.80 (800 – 750)

= 0.80 (50) = ₹. 40 (અનુકૂળ)

4) સ્થાયી ખર્ચ કાર્યક્ષમતા વિચલન = એકમ દીઠ પ્રમાણ દર × (ખરેખર ઉત્પાદન–સુધારેલપ્રમાણ ઉત્પાદન)

= 0.80 (800 – 781)

= 0.80 (19) = ₹. 15.20 (અનુકૂળ)

5) કેલેન્ડર વિચલન = એકમ દીઠ પ્રમાણ દર (ઉત્પાદનનો સુધારેલ અંદાજપત્રીય જથ્થો – અંદાજપત્રીય જથ્થો)

= 0.80 (810 – 750)

= 0.80 (60) = ₹. 48 (અનુકૂળ)

6) ઉત્પાદન શક્તિ વિચલન = એકમ દીઠ પ્રમાણ દર (સુધારેલ પ્રમાણ ઉત્પાદન – સુધારેલ અંદાજપત્રીય ઉત્પાદન)

= 0.80 (781 – 810)

= 0.80 × (- 29) = ₹. 23.20 (પ્રતિકૂળ)

ઉદાહરણ – 5

ગુડ્ડી કંપનીના પડતરના હિસાબોમાંથી નીચેની માહિતી મેળવવામાં આવી છે. આ માહિતી ઉપરથી

1) સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન
2) ખર્ચ વિચલન (બજેટ વિચલન)
3) જથ્થા વિચલન
4) કાર્યક્ષમતા વિચલન
5) કેલેન્ડર વિચલન
6) ઉત્પાદન શક્તિ વિચલનની ગણતરી કરો.

વિગત	પ્રમાણ	ખરેખર
મહિના દરમ્યાન કલાકો	3,000	3,270
મહિનાનાં દિવસો	25	27

માસિક સ્થિર પરોક્ષ ખર્ચ (રૂ.)	1,500	1,600
માસિક ઉત્પાદન (એકમો)	2,000	2,200

જવાબ:

જરૂરી ગણતરીઓ

1)સ્થિર ખર્ચનો એકમદીઠ વસૂલાતનો પ્રમાણદર $= \frac{\text{કુલપ્રમાણુસ્થિરખર્ચ}}{\text{પ્રમાણઉત્પાદનએકમો}}$

$$= \frac{1,500}{2,000} = ₹. 0.75$$

2) સુધારેલ અંદાજપત્રીય જથ્થો કેલેન્ડર વિચલન માટે તથા ઉત્પાદન શક્તિ વિચલન માટે

25 દિવસ માટે અંદાજપત્ર મુજબ ઉત્પાદન 2,000 એકમો

∴27 દિવસો માટે અંદાજપત્ર મુજબ કેટલું ઉત્પાદન = ?

$$= \frac{27 \times 2,000}{25} = 2160 \text{એકમો}$$

3) સુધારેલ પ્રમાણ જથ્થો કાર્યક્ષમતા વિચલન માટે તથા ઉત્પાદન શક્તિ વિચલન માટે

3,000પ્રમાણ કલાકો એ પ્રમાણ ઉત્પાદન 2,000 એકમો

∴3,270 ખરેખર કલાકોએ સુધારેલ પ્રમાણ ઉત્પાદન = ?

$$= \frac{3,270 \times 2,000}{3,000} = 2180 \text{ એકમો}$$

વિચલનોની ગણતરી :

1) સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન (FOCV) = (પરોક્ષ ખર્ચનો એકમ દીઠ પ્રમાણ દર × ખરેખર ઉત્પાદન) –ખરેખર સ્થિર પરોક્ષ ખર્ચ

= (0.75 × 2,200) – 1,600/-

= 1,650 – 1,600 = ₹. 50 (અનુકૂળ)

2) ખર્ચ વિચલન (FEXV) અથવા બજેટ વિચલન (BV) = અંદાજપત્ર અનુસારનો સ્થિર પરોક્ષ ખર્ચ – ખરેખર સ્થિર પરોક્ષ ખર્ચ

= 1,500 – 1,600 = ₹. 100 (પ્રતિકૂળ)

3) જથ્થા વિચલન (VOV) = સ્થિર પરોક્ષ ખર્ચનો પ્રમાણ દર (ખરેખર જથ્થો – અંદાજપત્ર મુજબનો જથ્થો)

= ₹. 0.75 (2,200 – 2,000) = 0.75 (200)

= ₹. 150 (અનુકૂળ)

4) કાર્યક્ષમતા વિચલન (EV) = એકમ દીઠ પ્રમાણ દર (ખરેખર ઉત્પાદન) – સુધારેલ પ્રમાણ ઉત્પાદન)

= 0.75 (2,200 – 2,180) = 0.75 (20)

= ₹. 15 (અનુકૂળ)

5) કેલેન્ડર વિચલન(CV) = એકમ દીઠ પ્રમાણ દર (ઉત્પાદનનો સુધારેલ અંદાજપત્રીય જથ્થો – અંદાજપત્રીય જથ્થો)

= 0.75 (2,160 -2,000) = 0.75 (160)

= ₹. 120 (અનુકૂળ)

6) ઉત્પાદન શક્તિ વિચલન (CaPV) = એકમ દીઠ પ્રમાણ દર (સુધારેલ પ્રમાણ ઉત્પાદન - ઉત્પાદનનો સુધારેલ અંદાજપત્રીય જથ્થો)

= 0.75 (2,180 – 2,160) = 0.75 (20)

= ₹. 15 (અનુકૂળ)

મેળવણી:- FOV = EXV + VOV

= ₹. 50 = (-100) + (150)

VOV = EV + CV + CAPV

= ₹. 150 = 15 + 120 + 15

12.4 વેચાણ વિચલનો (અર્થ અને પ્રકારો મુજબ પદ્ધતિ)

ઘણી કંપનીઓ પદ્તાના મુખ્ય તત્વો માલસામાન,મજૂરી અને પરોક્ષ ખર્ચને લગતા વિચલનોની ગણતરી કરે છે. વેચાણના વિચલનો વગર આ વિચલનો બિનમૂલ્યવાન છે. પ્રમાણ પડતરની પધ્ધતિઓ પૂર્ણ ફાયદો મેળવવા માટે ઘણી કંપનીઓ વેચાણ વિચલનોની ગણતરી કરે છે. પડતરનાં વિચલનો પડતર અનુકૂળ તેમજ પ્રતિકૂળ હોઈ તેની અસર અંદાજપત્રીય નફા પર પડતી હોય છે. વેચાણના વિચલનો ધંધાના અંદાજપત્રીય નફાને અસર કરે છે. કારણ કે વેચાણના જથ્થામાં કે વેચાણ કિંમતમાં ફેરફાર થવાથીવેચાણની આવકમાં ફેરફાર થાય છે.

વેચાણના વિચલનો ગણવાની બે પદ્ધતિઓ છે.

(અ) વેચાણ ઊપજ મૂલ્ય પધ્ધતિ (Sales Turnover ro Value Method)

(બ) વેચાણગાળા પધ્ધતિ (Sales Margin Method) / નફાગાળા પધ્ધતિ (Profit Margin Method)

હવે આપણે ઉપરોક્ત બંને પધ્ધતિઓનો વિગરવાર અભ્યાસ કરીશું.

(અ) વેચાણ મૂલ્ય આધારિત વિચલનો :

1. વેચાણ ઊપજ વિચલનો (Sales Yield Variances –SYV)

અથવા, વેચાણ મૂલ્ય વિચલન (Sale Value Variance –SVV)

એકમના અંદાજીત વેચાણ અને ખરેખર વેચાણ વચ્ચેનો તફાવતને મૂલ્ય વિચલન કહેવામાં આવે છે. એકમનું ખરેખર વેચાણ જો પ્રમાણ વેચાણ કરતા ઓછું હોય તો પ્રતિકૂળ વિચલન અને જો ખરેખર વેચાણ પ્રમાણ વેચાણ કરતા વધુ હોય તો અનુકૂળ વિચલન કહેવામાં આવે છે.

આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

વેચાણ મૂલ્ય વિચલન = (ખરેખર વેચાણ જથ્થો ×ખરેખર કિંમત) -**(પ્રમાણ કે અંદાજીતવેચાણ જથ્થો × પ્રમાણકિંમત)**

SYV = (AQ × AP) – (SQ × SP)

વેચાણ મૂલ્ય વિચલન = ખરેખર મૂલ્ય – પ્રમાણ વેચાણ મૂલ્ય

આ વિચલનની ગણતરી કરતી વખતે કિંમત અને જથ્થો બંને ધ્યાનમાં લેવાય છે. તેથી આ વિચલનને બે પેટા વિભાગમાં રજૂ કરી શકાય :-

(i) વેચાણ કિંમત વિચલન (ii) વેચાણ જથ્થા વિચલન

∴ વેચાણ મૂલ્ય વિચલન = વેચાણ કિંમત વિચલન + વેચાણ જથ્થા વિચલન

2. વેચાણ કિંમત વિચલન (Sales Price Variance – SPV)

જ્યારે ખરેખર વેચાણ કિંમત અને પ્રમાણ વેચાણ કિંમતમાં ફેરફાર હોય તો આ વિચલન ઉદ્ભવે છે. જો પ્રમાણ વેચાણ કિંમત, ખરેખર વેચાણ કિંમત કરતા ઓછી હોય તો અનુકૂળ વિચલન અને જો પ્રમાણ વેચાણ કિંમત, ખરેખર વેચાણ કિંમત કરતા વધુ હોય તો પ્રતિકૂળ વિચલન ઉદ્ભવે છે. આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

વેચાણ કિંમત વિચલન = ખરેખર વેચાયેલ એકમો (ખરેખર કિંમત – પ્રમાણ કિંમત)

SPV = AQ (AP – SP)

3. વેચાણ જથ્થા વિચલન (Sales Volume Variance – SVoV) :-

એકમના અંદાજીત વેચાણ જથ્થા અને ખરેખર વેચાણ જથ્થા વચ્ચે જ્યારે અફાવત આવે ત્યારે આ વિચલન ઉદ્ભવે છે. જો ખરેખર વેચાણ જથ્થો પ્રમાણિત વેચાણ જથ્થા કરતા વધારે હોય તો અનુકૂળ વિચલન અને જો ખરેખર વેચાણ જથ્થો પ્રમાણિત વેચાણ જથ્થા કરતા ઓછો હોય તો પ્રતિકૂળ વિચલન ઉદ્ભવે છે.

આ વિચલનની ગણતરી નીચે દર્શાવેલ સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

વેચાણ જથ્થા વિચલન = પ્રમાણ કિંમત (ખરેખર વેચાણ જથ્થો – પ્રમાણ વેચાણ જથ્થો)

SVoV = SP (AQ – SQ)

4 વેચાણ મિશ્રણ વિચલન (Sales Mix Variance –SMV)

ધંધાકીયએકમો જુદી જુદી પ્રકારની વસ્તુઓ વેચાણ કરતી હોય ત્યારે કંપનીનાં અંદાજિત વેચાણમાં દરેક પ્રકારની વસ્તુના વેચાણનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. આમ વસ્તુઓના વેચાણનાં પ્રમાણ મિશ્રણને વેચાણનાં ખરેખર મિશ્રણ સાથે સરખાવી આ વિચલન શોધવામાં આવે છે.

આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

વેચાણ મિશ્રણ વિચલન= પ્રમાણ કિંમત (ખરેખર મિશ્રણ - સુધારેલ પ્રમાણ મિશ્રણ)

SMV = SP (AM – RSM)

5 વેચાણ પેટા જથ્થા વિચલન (Sales Sub Volume Variance -SSVoV)

જ્યારે વેચાણ પ્રમાણ મિશ્રણ અને ખરેખર મિશ્રણ સરખું ન હોય એટલે કે વેચાણ મિશ્રણ વિચલન વખતે સુધારેલ પ્રમાણ મિશ્રણ એટલે કેરિવાઈઝ પ્રમાણ મિક્સ (RSM)શોધેલ હોય તેની મદદથી આ વિચલનની ગણતરી કરવામાં આવે છે.

વેચાણ પેટા જથ્થા વિચલન = પ્રમાણ કિંમત (સુધારેલ પ્રમાણ મિશ્રણ – પ્રમાણ મિશ્રણ)

SSVoV = SP (RSM – SM)

(બ) નફાગાળા / વેચાણ ગાળા પધ્ધતિ (Profit Margin Or Sales Margin Method)

આ પદ્ધતિમાં એકમના ખરેખર વેચાણ અને અંદાજપત્રીય વેચાણની નફા પર શું અસર થાય છે. તેનો અભ્યાસ કરવામાં આવે છે. આ પધ્ધતિમાં નીચે મુજબના વિચલનોની ગણતરી કરવામાં આવે છે.

1) કુલ વેચાણગાળા વિચલન (Total Sales Margin Variance – TSMV)

ખરેખર વેચાણ અને અંદાજપત્ર અનુસાર મળતાં નફા વચ્ચેનો તફાવત એટલે કુલ વેચાણગાળા વિચલન. આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

કુલ વેચાણ ગાળા વિચલન = ખરેખર નફો – અંદાજપત્રીય નફો

TSMV = AP – SP

2) વેચાણગાળા કિંમત વિચલન (Sales Margin Price Variance – SMPV)

આ વિચલનમાં ખરેખર વેચાણ કિંમત દ્વારા મળતો ખરેખર નફો અને અંદાજીત કે બજેટ અનુસારની વેચાણ કિંમતમાં સમાયેલ અંદાજીત નફા પર થતી અસરની ગણતરી કરવામાં આવે છે.

આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

વેચાણ ગાળા કિંમત વિચલન = ખરેખર વેચાયેલ જથ્થો (ખરેખર ગાળો – પ્રમાણ કે અંદાજપત્રીય ગાળો)

SMPV = AQ (AP –SP)

3) વેચાણ ગાળા જથ્થા વિચલન (Sales Margin Velume Variance – VMVoV)

અંદાજપત્રીય વેચાણ જથ્થા અને ખરેખર વેચાણ જથ્થાનાં તફાવતને કારણે આ વિચલન ઉદ્ભવે છે.

આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

વેચાણ જથ્થા વિચલન = એકમ દીઠ પ્રમાણ નફો (ખરેખર વેચાણ જથ્થો – અંદાજપત્રીય વેચાણ)

એકમ દીઠ પ્રમાણ નફો (SP)= બજેટ મુજબની એકમ દીઠ વેચાણ કિંમત – બજેટ મુજબની એકમ દીઠ પડતર

VMVoV = SP (AQ – SQ)

4) વેચાણ ગાળા મિશ્રણ વિચલન (Sales Margin Mix Variance – SMMV)

ધંધાકીય એકમની જુદી જુદી વસ્તુઓના ખરેખર મિશ્રણ અને પ્રમાણ મિશ્રણની સરખામણી દ્વારા આ વિચલન શોધવામાં આવે છે. આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

વેચાણગાળા મિશ્રણ વિચલન = એકમ દીઠ પ્રમાણ નફો (ખરેખર મિશ્રણ - પ્રમાણ મિશ્રણ)

SMMV = SP (AP – SM)

જ્યારે દાખલામાં પ્રમાણ મિશ્રણ અને ખરેખર મિશ્રણ જુદું જુદું હોય ત્યારે સુધારેલ પ્રમાણ મિશ્રણની ગણતરી કરવાની રહે છે.

સુધારેલ પ્રમાણ મિશ્રણ (RSM) =

વેચાણનો કુલ ખરેખર જથ્થો × $\frac{\text{વસ્તુનોવેચાણનોપ્રમાણુજથ્થો}}{\text{વેચાણોકુલપ્રમાણુજથ્થો}}$ = ૨૧૮૦ એકમો

$$RSM = TAM \times \frac{SM}{TSM}$$

5) વેચાણ ગાળા પેટા જથ્થા વિચલન (Sales Margin Sub Volume Variance - SMSVoV)

જો પ્રમાણ વેચાણ મિશ્રણ અને ખરેખર વેચાણ મિશ્રણ એક સરખું ન હોય તો સુધારેલ પ્રમાણ મિશ્રણની ગણતરી કરવાની થાય છે. આવા સંજોગોમાં ખરેખર મિશ્રણ અને પ્રમાણ મિશ્રણ જુદું જુદું હોવાના પરિણામે વેચાણ ગાળા પેટા જથ્થા વિચલન પણ ઉદ્ભવે છે.

આ વિચલનની ગણતરી નીચેના સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

વેચાણ ગાળા પેટા જથ્થા વિચલન = એકમ દીઠ પ્રમાણ નફો (સુધારેલ પ્રમાણ મિશ્રણ – પ્રમાણ મિશ્રણ)

SMSVoV = SP (RSM – SM)

12.5 વેચાણને લગતા વિચલનોનો ઉદાહરણો

ઉદાહરણ – 6

એક કંપનીની નીચે મુજબની માહિતી પ્રાપ્ત થયેલ છે.

વસ્તુ	અંદાજપત્ર મુજબ		ખરેખર	
	જથ્થો એકમો	એકમ દીઠ વેચાણ કિંમત	જથ્થો એકમો	ખરેખર વેચાણ કિંમત
A	4,000	12	4500	11
B	6,000	9	3000	10

જવાબ:

1) વેચાણ મૂલ્ય વિચલન = (ખરેખર જથ્થો ×ખરેખર કિંમત) –
(પ્રમાણવેચાણ જથ્થો × પ્રમાણકિંમત)

A = (4,500 × 11) – (4,000 × 12)
= 49,500 – 48,000 = ₹. 1,500 (અનુકૂળ)

B = (3,000 × 10) – (6000 × 9)
= 30,000 – 54,000 = ₹. 24,000 (પ્રતિકૂળ)

વેચાણ મૂલ્ય વિચલન = 1,500 – 24,000 = ₹. – 22,500 (પ્રતિકૂળ)

2)વેચાણ કિંમત વિચલન = ખરેખર વેચાયેલ એકમો (ખરેખર કિંમત – પ્રમાણ કિંમત)

A = 4,500 (11 – 12)
= 4,500 × (-1) = ₹. -4,500 (પ્રતિકૂળ)

B = 3,000 (10 – 9)
= 3,000 × (1) = ₹. – 3,000 (અનુકૂળ)

વેચાણ કિંમત વિચલન = -4,500 + 3000 = ₹. 1,500 (પ્રતિકૂળ)

3)વેચાણ જથ્થા વિચલન = પ્રમાણ કિંમત (ખરેખર વેચાણ જથ્થો – પ્રમાણ વેચાણ જથ્થો)

A = 12 (4,500 – 4,000)
= 12 (500) =₹. 6,000 (અનુકૂળ)

B = 9 (3,000 – 6,000)
= 9 (- 300) = ₹. 27,000 (પ્રતિકૂળ)

વેચાણ જથ્થા વિચલન = 6,000 – 27,000 = - 21,000 (પ્રતિકૂળ)

મૂલવણી :

વેચાણ મૂલ્ય વિચલન = વેચાણ કિંમત વિચલન + વેચાણ જથ્થા વિચલન
= (-1,500) + (-21,000)
= ₹. -22,500 (પ્રતિકૂળ)

ઉદાહરણ - 7

વેચાણને લગતી નીચેની વિગતો પરથી નીચેના વિચલનો શોધો

1) વેચાણ મૂલ્ય વિચલન (SYV)

2) વેચાણ કિંમત વિચલન (SPV)

3) વેચાણ જથ્થા વિચલન (SVoV)

4) વેચાણ મિશ્રણ વિચલન (SMV)

5) વેચાણ પેટા જથ્થા વિચલન (SSVoV)

વસ્તુ	પ્રમાણ			ખરેખર		
	જથ્થો (એકમો)	એકમ દીઠ વે.કિંમત (રૂ.)	કુલ રકમ રૂ.	જથ્થો (એકમો)	એકમ દીઠ વે.કિંમત (રૂ.)	કુલ રકમ (રૂ.)
A	5,000	5	25,000	6,000	6	36,000
B	4,000	6	24,000	5,000	5	25,000
C	3,000	7	21,000	4,000	8	32,000
કુલ	**12,000**		**70,000**	**15,000**		**93,000**

જવાબ :

વેચાણ મૂલ્ય વિચલન (SYV) = (ખરેખર જથ્થો ×ખરેખર કિંમત) – (પ્રમાણવેચાણ જથ્થો × પ્રમાણકિંમત) અથવા

= ખરેખર વેચાણ મૂલ્ય – પ્રમાણ વેચાણ મૂલ્ય

= 93,000 – 70,000 = રૂ. 23,000 (અનુકૂળ)

2) વેચાણ કિંમત વિચલન (SPV) = ખરેખર વેચાયેલ એકમો × (ખરેખર વેચાણકિંમત) - પ્રમાણ વેચાણ કિંમત)

A = 6,000 (6 – 5)

6,000 (1) = રૂ. 6,000 (અનુકૂળ)

B = 5,000 (5 - 6)

= 5000 (-1) = રૂ. -5,000 (પ્રતિકૂળ)

C = 4000 (8 – 7)

= 4000 (1) = રૂ. 4000 (અનુકૂળ)

વેચાણ કિંમત વિચલન = 6,000 + (-5,000) + 4,000 = રૂ. 5,000 (અનુકૂળ)

3) વેચાણ જથ્થા વિચલન (SVoV) = પ્રમાણ કિંમત (ખરેખર વેચાણ જથ્થો – પ્રમાણ વેચાણ જથ્થો)

A = 5 (6,000 – 5,000)

= 5 × (1000) = રૂ. 5,000 (અનુકૂળ)

B = 6 (5,000 – 4,000)

= 6 × (1000) = રૂ. 6,000 (અનુકૂળ)

C = 7 (4,000 – 3,000)

= 7 × (1000) = રૂ. 7,000 (અનુકૂળ)

વેચાણ જથ્થા વિચલન = 5,000 + 6,000 + 7,000 = રૂ. 18,000 (અનુકૂળ)

4) વેચાણ મિશ્રણ વિચલન (SMV)

દાખલામાં વેચાણનો પ્રમાણ મિશ્રણ જથ્થો અને વેચાણનો ખરેખર મિશ્રણ જથ્થો અલગ અલગ હોવાથી વેચાણનાં સુધારેલ પ્રમાણ મિશ્રણની ગણતરી કરવાની રહે છે.

વેચાણનું સુધારેલ પ્રમાણ મિશ્રણ (RSM) =

$$\text{વેચાણનો કુલ ખરેખર જથ્થો} \times \frac{\text{વસ્તુ વેચાણો પ્રમાણ જથ્થો}}{\text{વેચાણનો કુલ પ્રમાણ જથ્થો}}$$

$$\mathrm{A} = 15{,}000 \times \frac{5{,}000}{12{,}000} = 6{,}250 \text{ એકમ}$$

$$\mathbf{B} = 15{,}000 \times \frac{4{,}000}{12{,}000} = 5{,}000 \text{ એકમ}$$

$$\mathbf{C} = 15{,}000 \times \frac{3{,}000}{12{,}000} = 3{,}750 \text{ એકમ}$$

વેચાણ મિશ્રણ વિચલન = પ્રમાણ કિંમત (ખરેખર મિશ્રણ − સુધારેલ પ્રમાણ મિશ્રણ)

A = 5 (6,000 – 6,250)
= 5 (-250) = ₹. -1,250 (પ્રતિકૂળ)

B = 6 (5,000 – 5,000)
= 6 × (0) = શૂન્ય

C = 7 (4,000 – 3,750)
= 7 (250) = ₹. 1,750 (અનુકૂળ)

વેચાણ મિશ્રણ વિચલન = -1,250 + 1,750 = ₹. 500 (અનુકૂળ)

5) વેચાણ પેટા જથ્થા વિચલન (SSVoV)= પ્રમાણ કિંમત × (સુધારેલપ્રમાણ મિશ્રણ– પ્રમાણ મિશ્રણ)

A = 5 (6,250 – 5,000)
= 5 (1,250) = ₹. 6,250 (અનુકૂળ)

B = 6 (5,000 – 4,000)
= 6 (1,000) = ₹. 6,000 (અનુકૂળ)

C = 7 (3,750 – 3,000)
= 7 (750) = ₹. 5,250 (અનુકૂળ)

વેચાણ પેટા જથ્થા વિચલન = 6,250 + 6,000 + 5,250
= Y. 17,500 (અનુકૂળ)

મેળવણી :

1. વેચાણ મૂલ્ય વિચલન = વેચાણ કિંમત + વેચાણ જથ્થા વિચલન
= 5000(અ) + ₹. 18000 (અ)
= ₹. 23000(અનુકૂળ)

1) વેચાણ જથ્થા વિચલન = વેચાણ મિશ્રણ વિચલન + વેચાણ પેટા જથ્થા વિચલન
= 500 + 17,500
= ₹. 18,000 (અનુકૂળ)

ઉદાહરણ – 8

એક કંપની બે પ્રકારની વસ્તુ A અને B નું ઉત્પાદન કરે છે. તેના માર્ચ 2016 નાં માહિતીને લગતા અંદાજીત વેચાણ અને ખરેખર વેચાણને લગતી વિગતો નીચે પ્રમાણે છે.

વસ્તુ	અંદાજીત વેચાણ એકમો	એકમદીઠ પ્રમાણ વે. A	ખરેખર વેચાણ એકમો	ખરેખર વે. A
A	6,000	5.00	5,000	5.00
			1,500	4.75
B	10,000	2.00	7,500	2.00
			1,750	1.90

ઉપરોક્ત વિગત પરથી વિચલનો ગણો :

1)વેચાણ મૂલ્ય વિચલન

2)વેચાણ જથ્થા વિચલન

3)વેચાણ કિંમત વિચલન

4)વેચાણ મિશ્રણ વિચલન

5)વેચાણ પેટા જથ્થા વિચલન

જવાબ :

ખરેખર વેચાણ અને અંદાજીત વેચાણની જરૂરી ગણતરીઓ

વસ્તુ	અંદાજીત (પ્રમાણ)			ખરેખર		
	વેચાણ એકમો	એકમ દીઠ પ્રમાણ વે. કિં.	કુલ રકમ રૂ. (પ્રમાણ વેચાણ મૂલ્ય)	વેચાણ એકમો	એકમ દીઠ ખરેખર વે. કિં. રૂ.	કુલ રકમ રૂ. (ખરેખર વેચાણ મૂલ્ય)
A	6,000	5	30,000	5,000	5.00	25,000
				1,500	4.75	7,125
B	10,000	2	20,000	7,500	2.00	15,000
				1,750	1.90	3.325
કુલ	16,000		50,000	15,750		50,450

1) વેચાણ મૂલ્ય વિચલન = ખરેખર વેચાણ મૂલ્ય – પ્રમાણ વેચાણ મૂલ્ય
= 50,450 – 50,000
= રૂ. 450 (અનુકૂળ)

2) વેચાણ જથ્થા વિચલન = પ્રમાણ કિંમત (ખરેખર વેચાણ જથ્થો – પ્રમાણ વેચાણ જથ્થો)

A = 5 (6,500 – 6,000)

= 5 × (500) = ₹. 2,500 (અનુકૂળ)

B = 2 (9,250 – 10,000)

= 2 × (- 750) = ₹. 1,500 (પ્રતિકૂળ)

વેચાણ જથ્થા વિચલન = 2,500 + (- 1,500) = ₹. 1,000 (અનુકૂળ)

3) વેચાણ કિંમત વિચલન = ખરેખર વેચાયેલ એકમો (ખરેખર કિંમત – પ્રમાણ કિંમત)

A = 5,000 (5 - 5) = 5,000 × (0) =શૂન્ય

= 1,500 (4.75 – 5) = 1,500 × (- 0.25) = ₹. 375 (પ્રતિકૂળ)

A નું કિંમત વિચલન = શૂન્ય + (-375) = ₹. –375 (પ્રતિકૂળ)

B = 7,500 (2 – 2) = 7,500 × (0) = શૂન્ય

= 1,750 (1.90 – 2) = 1,750 × (- 0.10) = ₹. 175 (પ્રતિકૂળ)

B નું કિંમત વિચલન = શૂન્ય + (-175) = ₹. – 175 (પ્રતિકૂળ)

વેચાણ કિંમત વિચલન = (-375) + (-175) = ₹. – 550 (પ્રતિકૂળ)

મેળવણી : -

વેચાણ મૂલ્ય વિચલન = વેચાણ જથ્થા વિચલન + વેચાણ કિંમત વિચલન

= 1000 + (-550)= ₹. 450 (અનુકૂળ)

4) વેચાણ મિશ્રણ વિચલન = પ્રમાણ કિંમત (ખરેખર મિશ્રણ – સુધારેલ પ્રમાણ મિશ્રણ)

દાખલામાં ખરેખર મિશ્રણ અને પ્રમાણ મિશ્રણ અલગ અલગ હોવાથી સુધારેલ પ્રમાણ મિશ્રણની ગણતરી કરવાની રહેશે.

સુધારેલ પ્રમાણ મિશ્રણ

$$\mathbf{A} = \mathbf{15,750} \times \frac{6,000}{16,000} = 5,906.25$$

$$\mathbf{B} = \mathbf{15,750} \times \frac{10,000}{16,000} = 9,843.$$

વેચાણ મિશ્રણ વિચલન = પ્રમાણ કિંમત (ખરેખર મિશ્રણ – સુધારેલ પ્રમાણ મિશ્રણ)

A = 5 (6,500 – 5,906.25)

= 5 × (593. 75) = ₹. 2,968 .75 (અનુકૂળ)

B = 2 (9,250 – 9,843.75)

= 2 × (- 593.75) = ₹. – 1187.50 (પ્રતિકૂળ)

વેચાણ મિશ્રણ વિચલન = 2,968.75 + 1,887.50

= ₹. 1,781.25 (અનુકૂળ)

5) વેચાણ પેટા જથ્થા વિચલન = પ્રમાણ કિંમત (સુધારેલ પ્રમાણ મિશ્રણ – પ્રમાણ મિશ્રણ)

A = 5 (5,906.25 – 6,000)

= 5 × (- 93. 75) = ₹. - 468 .7-5 (અનુકૂળ)

B = 2 (9843 .75 – 10,000)

= 2 × (- 150.25) = ₹. – 312.50 (પ્રતિકૂળ)

વેચાણ પેટા જથ્થા વિચલન = (- 468 .75) + (– 312.50)

= ₹. 781.25 (પ્રતિકૂળ)

મેળવણી :

વેચાણ જથ્થા વિચલન = વેચાણ મિશ્રણ વિચલન + વેચાણ પેટા જથ્થા વિચલન

= 1,781.25 + (- 781.25)

= ₹. 1000 (અનુકળ)

ઉદાહરણ – 9

એક કંપનીની નીચેની વિગતો પરથી નફાગાળા પધ્ધતિ મુજબનાં નીચેના વિચલનો ગણો

1) કુલ વેચાણગાળા વિચલન (TSMV)

2) વેચાણગાળા કિંમત વિચલન (SMPV)

3) વેચાણગાળા જથ્થા વિચલન (SMVoV)

4) વેચાણગાળા મિશ્રણ વિચલન (SMMV)

5) વેચાણગાળા પેટા જથ્થા વિચલન (SMSVoV)

અંદાજીત વેચાણ :

વસ્તુ A :900 એકમો, એકમ દીઠ વેચાણ કિંમત ₹. 50

વસ્તુ B :650 એકમો, એકમ દીઠ વેચાણ કિંમત ₹. 100

વસ્તુ C :1,200 એકમો, એકમ દીઠ વેચાણ કિંમત ₹. 75

ખરેખર વેચાણ

વસ્તુ A :1,000 એકમો, એકમ દીઠ વેચાણ કિંમત ₹. 55

વસ્તુ B :700 એકમો, એકમ દીઠ વેચાણ કિંમત ₹. 95

વસ્તુ C :1,100 એકમો, એકમ દીઠ વેચાણ કિંમત ₹. 78

વસ્તુ A, B અને C ની એક એકમદીઠ પ્રમાણ પડતર અનુક્રમે ₹. 45, ₹. 85 અને ₹. 65 હતી

જવાબ :

જરૂરી ગણતરીઓ (કુલ અંદાજીત વેચાણ, અંદાજીત પડતર, એકમ દીઠ પ્રમાણ નફો, એકમ દીઠ ખરેખર નફો(ગાળો)

વસ્તુ	અંદાજીત વેચાણ (રૂ.)	અંદાજીત પડતર (રૂ.)	અંદાજીત નફો (પ્રમાણ નફો) (રૂ.)
A	900 × 50 = 45,000	900 × 45 = 40,500	900 × 5 = 4,500
B	**650** × 100 = 65,000	650 × 85 = 55,250	650 × 15 = 9750
C	1,200 × 75 = 90,000	1,200 × 65 = 78,000	1,200 × 10 = 12,000
કુલ	**2,750 2,00,000**	**2,750 1,73,750**	**2,750 26,250**

વસ્તુ	ખરેખર વેચાણ (રૂ.)	ખરેખર પડતર (રૂ.)	ખરેખર નફો) (રૂ.)
A	1000 × 55 = 55,000	1000 × 45 = 45,000	1,000 × 10 = 10,000
B	700 × 95 = 66,500	700 × 85 = 59,500	700 × 10 = 7,000
C	1,100 × 78 = 85,800	1,100 × 65 = 71,500	1,100 × 13 = 14,300
કુલ	**2,800 2,07 ,300**	**2,800 1,76,000**	**2,800 31,300**

વસ્તુ A, B અને C એકમ દીઠ પડતર દાખલામાં આપેલ નથી તેથી પ્રમાણ પડતર, ખરેખર પડતર, ગણાશે.

1)કુલ વેચાણગાળા વિચલન (TSMV) = ખરેખર નફો – અંદાજપત્રીય નફો

= રૂ. 1,300 – 26,250

= રૂ. 5,050 (અનુકૂળ)

2) વેચાણગાળા કિંમત વિચલન (SMPV) = ખરેખર વેચાયેલ જથ્થો × (ખરેખર ગાળો – પ્રમાણ કે અંદાજપત્રી ગાળો)

A= 1000 (10-5) = 1000 × (5) = રૂ. 5000 (અનુકૂળ)

B= 700 (10-15) = 760 × (-5) = રૂ. -3,500 (પ્રતિકૂળ)

C= 1,100 (13-10) = 1,100 × (3) = રૂ. 3,300 (અનુકૂળ)

વેચાણગાળા કિંમત વિચલન = 5,000 + (-3,500) + 3,300 = 4,800 (અનુકૂળ)

3) વેચાણગાળા જથ્થા વિચલન =

= (SMVoV) = એકમદીઠ પ્રમાણ નફો × (ખરેખર વેચાયેલ જથ્થો - અંદાજપત્રીય વેચાણ જથ્થો)

A = 5 (1,000 – 900) = 5 (100) = રૂ. 500 (અનુકૂળ)

B = 15 (700 – 650) = 15 (50) = રૂ. 750 (અનુકૂળ)

C = 10 (1,100 – 1,200) = 10 (- 100) = રૂ. – 1,000 (પ્રતિકૂળ)

વેચાણ જથ્થા વિચલન = 500 + 750 + (-1,000) = રૂ. 250 (અનુકૂળ)

મેળવણી :-

કુલ વેચાણગાળા વિચલન = વેચાણગાળા કિંમત વિચલન + વેચાણગાળા જથ્થા વિચલન = ₹. 4,800 + ₹. 250 = ₹. 5,050 (અનુકૂળ)

4) વેચાણગાળા મિશ્રણ વિચલન (SMMV) = એકમ દીઠ પ્રમાણ નફો × (ખરેખર મિશ્રણ–સુધારેલપ્રમાણમિશ્રણ)

સુધારેલપ્રમાણ મિશ્રણ = વેચાણનો કુલ ખરેખર જથ્થો × $\frac{\text{વસ્તુનો વેચાણનો પ્રમાણ જથ્થો}}{\text{વેચાણનો કુલ પ્રમાણ જથ્થો}}$

$$A = 2{,}800 \times \frac{900}{2{,}750} = 916.363 \text{ એકમ}$$

$$B = 2{,}800 \times \frac{650}{2{,}750} = 661.818 \text{એકમ}$$

$$C = 2{,}800 \times \frac{1{,}200}{2{,}750} = 1221.818 \text{ એકમ}$$

ગણતરીમાં સુધારેલ પ્રમાણ મિશ્રણ વસ્તુ A, B અને C માટે અનુક્રમે 916 એકમ, 661 એકમ અને 1221 એકમ લીધેલ છે.

A = 5 (1,000 - 916) = 5 × (84) = ₹. 420 (અનુકૂળ)

B = 15 (700 -661) = 15 × (39) = ₹. 585 (અનુકૂળ)

C = 10 (1,100 -1,222) = 10 × (-122) = ₹. - 1,222 (પ્રતિકૂળ)

વેચાણગાળા મિશ્રણ વિચલન = 420 + 585 + (-1220) = ₹. - 215 (પ્રતિકૂળ)

5) વેચાણ પેટા જથ્થા વિચલન (SMSVoV)= એકમદીઠ પ્રમાણ નફો × (સુધારેલપ્રમાણ મિશ્રણ–પ્રમાણ મિશ્રણ)

A = 5 (916- 900) = 5 × (16) = ₹. 80 (અનુકૂળ)

B = 15 (661- 650) = 15 × (11) = ₹. 165 અનુકૂળ)

A = 10 (1,222- 1200) = 10 × (22) = ₹. 220 (અનુકૂળ)

વેચાન પેટા જથ્થા વિચલન = 80 + 165 + 220 = ₹. 465 (અનુકૂળ)

મેળવણી :

વેચાણ જથ્થા વિચલન = વેચાંગાલા મિશ્રણ વિચલન + વેચાણ ગાળા પેટા જથ્થા વિચલન

= (- 215) + 465 = ₹. 250 (અનુકૂળ)

12.6 સ્વાધ્યાય

❖ **સૈદ્ધાંતિક પ્રશ્નો :**

1. પરોક્ષ ખર્ચ વિચલનોના જુદાં જુદાં પ્રકારો સમજાવો

2.વેચાણનાં વિચલનો એટલે શું ? તેના પ્રકારોઅને પદ્ધતિઓની વિગતે ચર્ચા કરો.

3.ટૂંકનોંધ લખો. :

1.સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન

2. ચલિત પરોક્ષ ખર્ચ વિચલન

3.પ્રમાણ દર

4.વેચાણ મૂલ્ય વિચલનો

5. નફાગાળા વિચલનો

❖ **બહુ વૈકલ્પિક પ્રશ્નો(MCQs)**

1) પરોક્ષ ખર્ચ સંદર્ભમાં કાર્યક્ષમતા વિચલન એટલે શું?

(A) એકમ દીઠ પ્રમાણ દર ×સુધારેલપ્રમાણ ઉત્પાદન કલાકો

(B) ખરેખર ઉત્પાદન બાદ સુધારેલ પ્રમાણ ઉત્પાદનનાં તફાવતો એકમ દીઠ પ્રમાણ પડતર સાથે ગુણાકારનાં સંબંધનું નાણાકીય મૂલ્ય

(C) સુધારેલ પ્રમાણ ઉત્પાદન – ખરેખર ઉત્પાદન

(D) એકમોના ઉત્પાદન ખર્ચ સામે કાર્યક્ષમતા

2) અંદાજપત્રીય કુલ દિવસો સામે ખરેખર દિવસો, અલગ અલગ હોય તો તેને લીધે ઉત્પાદન જથ્થામાં થયેલ ફેરફારની સ્થિર પરોક્ષ ખર્ચની વસૂલાત પર થયેલી નાણાકીય અસરનું માપ એટલે નીચે પૈકી કયું વિચલન

(A) કેલેન્ડર વિચલન (B) પરોક્ષ ખર્ચ વિચલન

(C) જથ્થા વિચલન (D) ઉત્પાદન શક્તિ વિચલન

3) નીચે પૈકી કયા વિચલનો શોધતી વખતે સામાન્ય રીતે, ખરેખર વિગતમાંથી પ્રમાણ વિગત બાદ કરવામાં આવે છ?

A) પરોક્ષ ખર્ચ અંગેના વિચલનો

B) માલસામાન અંગેના ખર્ચ વિચલનો

C) આવકનાં વિચલનો કે વેચાણ અથવા નફાના ગાળાના વિચલન

D) મજૂરી અંગેના વિચલનો

4) વેચાણ ઊપજ (મૂલ્ય) વિચલનશોધવાનું સૂત્ર નીચે પૈકી કયું છે?

A) વેચાણ કિંમત વિચલન + વેચાણ જથ્થા વિચલન

B) વેચાણ પેટા જથ્થા વિચલન + વેચાણ મિશ્રણ વિચલન

C) વેચાણ મિશ્રણ વિચલન + વેચાણ જથ્થા વિચલન

D) ઉપરમાંથી એકપણ નહિ.

5) કુલ વેચાણગાળા વિચલન એટલે શું ?

A) ખર્ચ સામે આવકનું વિચલન જેમાં વેચાણનો તફાવત છે.

B) વેચાણ પરના નફાનું વિચલન જેમાં નફાનો તફાવત છે.

C) આવક સામે ખર્ચનું વિચલન જેમાં ખર્ચનો તફાવત છે.

D) ઉપર માંથી એકપણ નહિ.

6) વેચાણગાળા કિંમત વિચલન શોધવા માટે ખરેખર વેચાયેલ જથ્થાને નીચે પૈકી કયા તફાવત સાથે ગુણવામાં આવે છે.

A) (ખરેખર વેચાયેલ જથ્થો – પ્રમાણ મુજબનો વેચાણ જથ્થો)

B) (અંદાજપત્રીય ગાળો – ખરેખર ગાળો)

C) (ખરેખર ગાળો – અંદાજપત્રીય કે પ્રમાણ ગાળો)

D) ઉપરનામાંથી એકપણ નહી

7) પ્રમાણ ખર્ચ મુજબની વિગત મેળવવા માટે, ખરેખર ખર્ચની વિગતમાંથી પ્રતિકૂળ વિચલનો ..... કરવા, જ્યારે અનુકૂળ વિચલન ..... માં આવે છે.

MCQs ના જવાબ

1. B 2. A 3. C 4. A 5. B 6. C 7. A

❖ **વ્યવહારિક પ્રશ્નો :**

પરોક્ષ ખર્ચ વિચલનનાં દાખલાઓ

1. નીચેની માહિતી પરથી કુલ શિરોપરી ખર્ચ વિચલન, બજેટ વિચલન, જથ્થા અને કાર્યક્ષમતા વિચલન

ગણતરી કરો.

ઉત્પાદન માટે મંજૂર કરેલ પ્રમાણ કલાક	4,000
ઉત્પાદન માટે લીધેલ ખરેખર કલાકો	4,130
4,000 કલાકો અંગે અંદાજેલ પરોક્ષ ખર્ચ ₹.	4,000
કલાકદીઠ પ્રમાણ પરોક્ષ ખર્ચ ₹.	1
ખરેખર થયેલ પરોક્ષ ખર્ચ ₹.	4,022

પ્રમાણ કલાકોનાં આધારે વસૂલ કરેલ પરોક્ષ ખર્ચ ₹. 4,065

જવાબ:

1) કુલ શિરોપરી ખર્ચ વિચલન (4,065 – 4,022) = ₹. 43 (અનુકૂળ)

2) બજેટ શિરોપરી ખર્ચ વિચલન ₹. –22 (પ્રતિકૂળ)

3) જથ્થા વિચલન ₹. 65 (અનુકૂળ)

4) શિરોપરી ખર્ચ કાર્યક્ષમતા વિચલન રૂ. 65 (અનુકૂળ)

2. નીચેની માહિતીના આધારે ગણો :

(અ) ચલિત પરોક્ષ ખર્ચ કાર્યક્ષમતા વિચલન

(બ) ચલિત પરોક્ષ ખર્ચ કાર્યક્ષમતા વિચલન

	અંદાજપત્ર	ખરેખર
પરોક્ષ ખર્ચ રૂ.	3,00,000	3,20,000
ઉત્પાદન એકમો	30,000	26,000
કામના કલાકો (પ્રતિકૂળ)	75,000	60,000

જવાબ

(અ) રૂ. 60,000 (પ્રતિકૂળ)

(બ) રૂ. 20,000 (અનુકૂળ)

3 એક કંપનીના રેકોર્ડ પરથી નીચેની માહિતી મળેલ છે:

વિગત	**અંદાજપત્ર**	**ખરેખર**
સ્થિર પરોક્ષ ખર્ચ	રૂ. 10,000	12,000
ઉત્પાદન એકમો	2,000	2,100
ઉત્પાદન માટે એકમ દીઠ (પ્રમાણ સમય કલાક)	10	-
ખરેખર કામના કલાકો	-	22,000

ગણતરી કરો :

1) સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન

2) ખર્ચ વિચલન

3) જથ્થા વિચલન

4) ઉત્પાદન શક્તિ વિચલન

5) કાર્યક્ષમતા વિચલન

જવાબ :-

(1) રૂ. 1,500 (પ્રતિકૂળ)

(2) રૂ. 2,000 (પ્રતિકૂળ)

(3) રૂ. 150 (અનુકૂળ)

(4) રૂ. 1,000 (અનુકૂળ)

(5) રૂ. 500 (પ્રતિકૂળ)

4. અ વિભાગ દ્વારા 31 ઓક્ટોમ્બરના રોજ પૂરાં થતાં અઠવાડિયાની માહિતી નીચે મુજબ આપવામાં આવેલ છે.

(1) અઠવાડિયાના 4 કલાક માટે પ્રમાણ ઉત્પાદન 1,400 એકમો

(2) પ્રમાણ સ્થિર ઓવરહેડ ખર્ચ રૂ. 1,400

(3) ખરેખર ઉત્પાદન 1,200એકમો

(4) ખરેખર કામના કલાકો 32 કલાકો

(5) ખરેખર સ્થિર ઓવરહેડ ખર્ચ રૂ. 1,500

ગણતરી કરોઃ-

(1) ઓવરહેડ (પરોક્ષ ખર્ચ) ખર્ચ વિચલન

(2) ઓવરહેડ (પરોક્ષ ખર્ચ) ખર્ચ વિચલન

(3) ઓવરહેડ (પરોક્ષ ખર્ચ) ઉત્પાદન શક્તિ વિચલન

(4) ઓવરહેડ (પરોક્ષ ખર્ચ) જથ્થા વિચલન

જવાબઃ

(1) એકમ દીઠ પ્રમાણ ઓવર હેડ રૂ. 1

(2) કલાક દીઠ પ્રમાણ ઓવર હેડ ખર્ચ રૂ. 35

(3) ખરેખર ઉત્પાદનની પ્રમાણ ઓવરહેડ પડતર રૂ. 1,200

(4) ખરેખર કલાકો માટે પ્રમાણ ઉત્પાદન એકમો 1,120

(5) ખરેખર ઉત્પાદન માટે પ્રમાણ કલાકો – 2,407

(6) ઓવરહેડ ખર્ચ વિચલન રૂ. -300 (પ્રતિકૂળ)

(7) ઓવરહેડ કાર્યક્ષમતા વિચલન રૂ. 80 (અનુકૂળ)

(8) ઓવરહેડ ઉત્પાદન શક્તિ વિચલન રૂ. –280 (પ્રતિકૂળ)

(9) ઓવરહેડ જથ્થા વિચલન રૂ. -200 (પ્રતિકૂળ)

5 દવે મૅન્યુફૅકચરિંગ કંપનીના ચોપડે નીચેની માહિતી મેળવવામાં આવી છે.

કલાક દીઠ પ્રમાણ શિરોપરી ખર્ચ રૂ. 3

ઉત્પાદન માટે ખરેખર લીધેલ કલાકો 20,000

ઉત્પાદન માટે મંજૂર કરેલ પ્રમાણ કલાકો 21,000

પ્રમાણ કલાકોનાં આધારે મંજૂર શિરોપરી ખર્ચ રૂ. 70,000

ખરેખર શિરોપરી ખર્ચ રૂ. 72,000

નીચેના વિચલનોની ગણતરી કરો.

1) શિરોપરી ખર્ચ બજેટ વિચલન

2) શિરોપરી ખર્ચ જથ્થા વિચલન

3) શિરોપરી ખર્ચ કાર્યક્ષમતા વિચલન

4) શિરોપરી ખર્ચ ઉત્પાદનક્ષમતા વિચલન

જવાબ:

1) રૂ. -2,000 (પ્રતિકૂળ),

2) રૂ. -7,000 (પ્રતિકૂળ)

3) રૂ. 3,000 (અનુકૂળ)

4) રૂ. -10,000 (પ્રતિકૂળ)

6 કૈલાશ લી. ની ઉત્પાદન વિભાગની માહિતી નીચે પ્રમાણે છે.

વિગત	**અંદાજ**	**ખરેખર**
ચલિત પરોક્ષ ખર્ચ રૂ.	30,000	39,000
સ્થિર પરોક્ષ ખર્ચ રૂ.	30,000	31,000
ઉત્પાદન એકમો	7,500	8,500
કામના દિવસો	25	26
યંત્રના કલાકો	15,000	17,500

ઉપરોક્ત માહિતી પરથી શોધી કાઢો :

1)કુલ પરોક્ષ ખર્ચ વિચલન

2) પરોક્ષ ખર્ચ જથ્થા વિચલન

3) પરોક્ષ ખર્ચ કાર્યક્ષમતા વિચલન

4) પરોક્ષ ખર્ચ કેલેન્ડર વિચલન

5) પરોક્ષ ખર્ચ ઉત્પાદન શક્તિ વિચલન

જવાબ:

1) રૂ. -2,000(પ્રતિકૂળ)

2) રૂ. 400 (અનુકૂળ)

3) રૂ. – 1,000(પ્રતિકૂળ)

4) રૂ. 1,200(અનુકૂળ)

5) રૂ. 3,800(અનુકૂળ)

7. એસ.કે.લિ. એપ્રિલ-2006નાં મહિનામાં અંદાજીત વેચાણ અને ખરેખર વેચાણની વિગત નીચે મુજબ છે.

	વસ્તુ	**વેચાણ જથ્થો એકમો**	**એકમ દીઠ વેચાણ કિંમત રૂ.**
અંદાજીત વેચાણ	A	1,200	15
	B	800	20
	C	2,000	40
ખરેખર વેચાણ	A	880	18
	B	880	20
	C	2,640	38

નીચેના વિચલનો ગણો :-

1) વેચાણ મૂલ્ય વિચલન

2) વેચાણ જથ્થા વિચલન

3) વેચાણ મિશ્રણ વિચલન

4) વેચાણ કિંમત વિચલન **(બી.કોમ. ઓનર્સ, દિલ્હી)**

જવાબ :

1) રૂ. 19,760 (અનુકૂળ)

2) A – રૂ. 4800 (પ્રતિકૂળ), B રૂ. 1600 (અનુકૂળ), C-રૂ. 25,600 (અનુકૂળ) કુલ રૂ. 22,400 (અનુકૂળ)

3) સુધારેલ મિશ્રણ A – 1320 એકમ, B – 880 એકમ, C – 2,200 એકમ, વેચાણ મિશ્રણ વિચલન – A રૂ. -6600 (પ્રતિકૂળ) B શૂન્ય, C– 17,600 (અનુકૂળ) = કુલ રૂ. 11,000 (અનુકૂળ)

4) A – રૂ. 2,640 (અનુકૂળ) B – શૂન્ય, C- રૂ. -5,280 (પ્રતિકૂળ)
કુલ રૂ. -2,640

8. નીચે આપેલ માહિતી પરથી :

1) વેચાણ કિંમત વિચલન

2) વેચાણ જથ્થા વિચલન

3) વેચાણ મિશ્રણ વિચલન શોધો

વસ્તુ	પ્રમાણિત		ખરેખર	
	એકમો	એકમ દીઠ કિંમત રૂ.	એકમો	એકમ દીઠ કિંમત રૂ.
ક્ષ	1,500	30	2,000	29
ય	1,000	50	700	50

જવાબ :

1) ક્ષ- રૂ. -2,000 (પ્રતિકૂળ) ય – શૂન્ય – કુલ રૂ. – 2000(પ્રતિકૂળ)

2)ક્ષ–રૂ. 1,500 (અનુકૂળ) ય. – રૂ. – 15,000 (પ્રતિકૂળ) કુલ – શૂન્ય

3)ક્ષ– રૂ. 11,400 (અનુકળ) ય – રૂ. 19,000 (પ્રતિ) કુલ રૂ. -7,600 (પ્રતિકૂળ)

સુધારેલ પ્રમાણ જથ્થો ક્ષ 1,620 એકમો, ય –1080 એકમો

વજાણી લિ.ની નીચે દર્શાવેલ વિગતો શોધી કાઢો :

1. **વેચાણ મૂલ્ય વિતરણ**
2. **વિચાણ કિંમત વિચલન**
3. **વેચાણ મિશ્રણ વિચલન**

વસ્તુ	પ્રમાણિત		ખરેખર	
	જથ્થો (એકમો)	એકમ દીઠ કિંમત રૂ.	એકમો	એકમ દીઠ કિંમત રૂ.
D	1,500	14	2,000	29
L	2,000	12	2,500	50
P	2,500	10	3,000	12

જવાબ :

સુધારેલ પ્રમાણ કલાકો (એકમો) D – 1875, L –2,500, P – 3125

1) D – રૂ. 11,000 (અનુકૂળ) L – 1,000 (અનુકૂળ)
P – 11,000 (અનુકૂળ) = કુલ રૂ. 23,000 (અનુકૂળ)

2) D – રૂ. 4,000 (અનુકૂળ) L – 5,000 (પ્રદિકૂળ)
P – 6,000 (અનુકૂળ) = કુલ રૂ. 5,000 (અનુકૂળ)

3) D – રૂ. 7,000 (અનુકૂળ) L – 6,000 (પ્રદિકૂળ)
P – 5,000 (અનુકૂળ) = કુલ રૂ. 18,000 (અનુકૂળ)

4) D – રૂ. 1,750 (અનુકૂળ) L – શૂન્ય,
P – 1,250 (પ્રદિકૂળ) = કુલ રૂ. 500 (અનુકૂળ)

5) D – રૂ. 5,250 (અનુકૂળ) L – 6,000 (અનુકૂળ),
P – 6,250 (અનુકૂળ) = કુલ રૂ. 17,500 (અનુકૂળ)

- **માલસામાન, મજૂરી અને પરોક્ષ ખર્ચનાં સંયુક્ત સંયુક્ત વિચલનોનો દાખલો**

10. એક કંપની એક જ પ્રકારની વસ્તુનું ઉત્પાદન, એક જ પ્રકારના માલસામાનમાંથી કરે છે. તે પ્રમાણ પડતર પધ્ધતિનો ઉપયોગ કરે છે. અને તમારી સમક્ષ નીચેની માહિતી રજૂ કરે છેઃ

વિગત	**બજેટ પ્રમાણ**	**ખરેખર**
ઉત્પાદન એકમો	8,000	6,000
<u>માલસામાન :-</u>		
કુલ જથ્થો કિ.ગ્રા	16,000	13,000
કુલ રકમ રૂ.	32,000	27,300
<u>મજૂરી :</u>		
કુલ કલાકો	2,400	2,000
કુલ રકમ રૂ.	3,000	3,000
<u>ચલિત શિરોપરી ખર્ચા</u>		
કુલ કલાકો	2,400	2,000
કુલ રકમ રૂ.	2,400	2,200

- **તમારે નીચે મુજબના વિચલનોની ગણતરી કરવાની છે.**

  1) માલસામાન ભાવ વિચલન

  2) માલસામાન વપરાશ વિચલન

  3) મજૂરી દર વિચલન

  4) મજૂર કાર્યક્ષમતા વિચલન

  5)શિરોપરી ખર્ચ – કાર્યક્ષમતા વિચલન

  6)શિરોપરી ખર્ચ બજેટ વિચલન

❖ **જવાબ :**

- માલસામાનનો એકમદીઠ પ્રમાણ ભાવ રૂ. 2, ખરેખર ભાવ રૂ. 2.10 માલસામાન ભાવ વિચલન

  1) રૂ. – 1,300 (પ્રતિકૂળ)

  2) માલસામાન વપરાશ વિચલન રૂ. 6,000 (અનુકૂળ)

- કલાક દીઠ પ્રમાણ મજૂરી દ્વારા રૂ. 1,25 કલાક દીઠ ખરેખર મજૂરી દર રૂ. 1.50

  3) મજૂરી દર વિચલન રૂ. - 500(પ્રતિકૂળ)

  4) મજૂરી કાર્યક્ષમતા

- ચલિત શિરોપરી ખર્ચનો કલાકદીઠ પ્રમાણ દર રૂ. 1, કલાક દીઠ ખરેખર દર રૂ. 1.10

  5) શિરોપરી ખર્ચ કાર્યક્ષમતા વિચલન રૂ. -200 (પ્રતિકૂળ), અહીં ખરેખર ઉત્પાદન - 6000 એકમોનાં પ્રમાણકલાકો 1,800

  6) શિરોપરી ખર્ચ બજેટ વિચલન રૂ. -200 (પ્રતિકૂળ)

એકમ :13 સંચાલકીય 'ઓડિટ'

: રૂપરેખા :

13.1 પ્રસ્તાવના
13.2 અર્થ અને મહત્ત્વ
13.3 કાયદેસર અને સંચાલકીય 'ઓડિટ' વચ્ચેનો તફાવત
13.4 કાર્યક્ષેત્ર અને કાર્યો
13.5 ટૂંકસાર
13.6 સ્વાધ્યાય
13.7 સૈદ્ધાંતિક પ્રશ્નો
13.8 બહુવૈકલ્પિક પ્રશ્નો

13.1 પ્રસ્તાવના

'ઓડિટ' શબ્દ લેટિન શબ્દ ''ઓડીર'' (Audir)એટલે કે ''સાંભળવું'' ઉપરથી આવેલ છે. 'ઓડિટ' એટલે કોઈને સાંભળીને કોઈપણ કાર્યની ઉપયોગિતા નક્કી કરવી. 'ઓડિટ'નો અર્થ સામાન્ય રીતે હિસાબની તપાસ કરવી થાય છે.

હાલના સમયમાં સંસ્થામાં ઘણા બધા પ્રકારના 'ઓડિટ' હાથ ધરવામાં આવે છે. જેવાં કે નાણાકીય 'ઓડિટ' , આંતરિક ઓડીટ, સામાજિક 'ઓડિટ' , પડતર 'ઓડિટ', ઉર્જા (એનર્જી) ઓડીટ, સંચાલકીય 'ઓડિટ' વગેરે. બીજા ઓડીટ ની જેમ, સંચાલકીય 'ઓડિટ' એ 'ઓડિટ'ની વિશિષ્ટ શાખા છે જે અંતર્ગત સંસ્થા કે ધંધા (કંપની)ની જુદી જુદી પ્રવૃત્તિઓનું – જેવીકે નાણાકીય પ્રવૃત્તિઓ, સંસ્થાકિય પ્રવૃતિઓ, સંચાલકીય પ્રવૃત્તિઓ, સામાજિક પ્રવૃત્તિઓ વગેરે નું 'ઓડિટ' કરવામાં આવે છે. દરેક પ્રવૃત્તિ હાથ ધરવા પાછળનો વિશિષ્ટ હેતુ રહેલ હોય છે.અને જવાબદારી પણ હોય છે. તેથી, સંચાલકીય 'ઓડિટ' નું કાર્ય - જે તે પ્રવૃત્તિ પૂરી કરવા માટે સોંપવામાં આવેલ જવાબદારી સંપૂર્ણપણે પરિપૂર્ણ થયેલ છે કે નહીં તે સુનિશ્ચિત કરવાનું અને તપાસવાનું છે. આમ, સંચાલકીય 'ઓડિટ'માં સંસ્થાની તમામ પ્રવૃતિઓની તપાસ, પ્રવૃત્તિઓના ભાગો કે પ્રતોની તપાસણી, સંચાલકોની કાર્યક્ષમતા, સંચાલકો દ્વારા નિભાવવામાં આવેલ જવાબદારીઓ તેમજ તેને સુધારવા માટેના સૂચનોનો સમાવેશ થાય છે. આ રીતે સંચાલકીય 'ઓડિટ' વ્યાપક છે.

રૂહીસંચાલન અને વહીવટ વચ્ચેનો ભેદ પારખવો જરૂરી બને છે. વહીવટમાં સંસ્થાનું માળખું તેમજ કાર્ય પદ્ધતિઓનો સમાવેશ થાય છે, જ્યારે સંચાલનમાં કર્મચારીઓને આપવામાં આવેલ નેતૃત્વ અને દિશાનિર્દેશ તેમજ તેમને નિયંત્રિત કરવા માટે જે જે કાર્યો કે પ્રવૃતિઓ કરવામાં આવેલ હોય તેનો સમાવેશ થાય છે. સંચાલકીય 'ઓડિટ' ધંધાના હેતુને પરિપૂર્ણ કરવા માટે સંચાલકો દ્વારા જે કોઈ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ હોય તેની અસરકારકતા અને કાર્યક્ષમતા તપાસવા માટે હાથ ધરવામાં

આવે છે. સંચાલકીય 'ઓડિટ' દ્વારા સંસ્થાના હેતુઓ, હેતુઓ પરિપૂર્ણ કરવાનાં ઉદ્દેશ્યો, ઉદ્દેશ્યો સિદ્ધ કરવા અમલમાં મૂકવામાં આવેલ નીતિઓ અને પ્રક્રિયાઓ તેમજ સંસ્થાની ઉચિત કામગીરી (હેતુઓ, નીતિઓ, પ્રક્રિયાઓને અનુરૂપ) સાથે સંબંધ ધરાવે છે તેની પણ તપાસ કરવામાં આવે છે.

સંચાલકીય 'ઓડિટ' એ અનિવાર્યપણે જુદા જુદા સંચાલકોની કામગીરીની સમીક્ષા છે. તે સંચાલકો દ્વારા કરવામાં આવેલ ખરેખર કામગીરીને પૂર્વનિર્ધારિત કામગીરી સાથે સરખામણી દ્વારા મૂલ્યાંકન કરે છે. આમ સંચાલકીય 'ઓડિટ' પોતાનું ધ્યાન પરિણામ ઉપર કેન્દ્રિત કરે છે. સંચાલકીય 'ઓડિટ' નિયામકો (ડિરેક્ટર્સ) અને વ્યવસ્થાપકો (મેનેજર) ની કામગીરી મૂલ્યાંકન ની ખાસ પ્રક્રિયા છે. ભલે સંચાલકીય 'ઓડિટ'ને અન્ય 'ઓડિટ' ની સરખામણીએ બિન-નિયમિત તપાસ માનવામાં આવે, પણ હાલમાં દરેક સંસ્થામાં તે સંચાલકીય કાર્યક્ષમતા અને અસરકારકતા તપાસવા તેમજ તેને વધુ ને વધુ સુધારવા અને સુદ્રઢ કરવા માટેનું અનિવાર્ય નિયમિત સાધન બની ચુક્યું છે.

13.2 અર્થ અને મહત્ત્વ

સામાન્યરીતે સંચાલકીય કામગીરીનું 'ઓડિટ' એટલે સંચાલકીય 'ઓડિટ' . જે અંતર્ગત સંચાલકીય કાર્યોનું મૂલ્યાંકન કરવામાં આવે છે અને તેના આધારે સંચાલકીય કાર્યક્ષમતા નક્કી કરવામાં આવે છે. પરંતુ, સંચાલકીય 'ઓડિટ' ની કાયદેસરની વ્યાખ્યા આપવી અઘરી છે કારણકે આ એવી વિચારધારા છે જે સંચાલનની જરૂરિયાતના આધારે ઉદ્ભવેલ છે અને વ્યાપક કાર્યક્ષેત્ર ધરાવે છે. અને તેથી સંચાલકીય 'ઓડિટ'નો અર્થ કે વ્યાખ્યા નક્કી કરવા માટે કોઈ સર્વ સંમતિ કે એકમત પ્રાપ્ત નથી. જુદાં જુદાં લેખકો અને સત્તામંડળો દ્વારા જુદી જુદી રીતે સંચાલકીય 'ઓડિટ' ને વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે.

''સંચાલકીય 'ઓડિટ' ને કંપનીના સંસ્થાકીય માળખા, તેના હેતુઓ તેમજ આયોજનો, તેના કામગીરીનાં સાધનો, તેના માનવ સંસાધન તેમજ ભૌતિક સુવિધાઓ વિગેરેની વ્યાપક તેમજ રચનાત્મક તપાસ તરીકે વ્યાખ્યાયિત કરી શકી શકાય.'' - વિલિયમ પી લેનરડ

''માહિતી નિયંત્રણ પદ્ધતિ અને ધંધાકીય હેતુઓને પરિપૂર્ણ કરવા માટેનું સંચાલન તેમજ સંચાલકીય પ્રક્રિયાઓની કાર્યક્ષમતા તપાસવાના હેતુ માટે સંચાલકીય 'ઓડિટ' હાથ ધરવામાં આવે છે.'' ચર્ચિલ અને સાયેટ

''સંચાલકીય 'ઓડિટ' એટલે સંસ્થા કે તેના ભાગોની સંપૂર્ણ તપાસ કે જેમાં સંસ્થાની કામગીરીના તમામ પાસાં જેવા કે સંચાલકોની કાર્યક્ષમતા, કંપની કે વ્યવસાયિક પ્રમાણોનું સંચાલકો દ્વારા અનુપાલન, સંચાલકીય આધાર સામગ્રીની વિશ્વસનીયતા, તેમના દ્વારા નિભાવવામાં આવેલ ફરજોની ગુણવત્તા અને તેને

સુધારવા માટેની ભલામણોનો સમાવેશ.'' – CIMA (ચાર્ટર્ડ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ્સ)

''સંચાલકીય 'ઓડિટ' એટલે એવી પદ્ધતિ કે જે દ્વારા સંસ્થાના તમામ સ્તરોએ સંચાલનની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન અથવા વધુ ચોક્કસ રીતે કહીએ તો સૌથી ઊંચામાં ઊંચા સ્તરના પ્રબંધકથી લઈને છેક નીચલા સ્તરનાં કર્મચારી સુધીનાં તમામ સ્તરે સ્વતંત્ર સંસ્થા દ્વારા ધંધાની તપાસ કે જેનાં દ્વારા સમગ્રપણે સ્વસ્થ સંચાલન પ્રવર્તે છે કે નહિ તે જાણી શકાય, સંચાલકો કાર્યક્ષમ છે કે નહિ તે જાણી શકાય, તેમજ જો બિનકાર્યક્ષમ હોય તો અસરકારકતા સુનિશ્ચિત કરવા માટે ભલામણો આપી શકાય.'' - ટેલર અને પેરી

''સંચાલકીય 'ઓડિટ' વધુ ચોક્કસ રીતે એવી રીતે વ્યાખ્યાયિત કરી શકાય કે જેમાં સૌથી ઊંચામાં ઊંચા સ્તરના પ્રબંધકથી લઈને છેક નીચલા સ્તરનાં કર્મચારી સુધીનાં તમામ સ્તરે ધંધાની તપાસ કે જેના દ્વારા સમગ્રપણે સ્વસ્થ સંચાલન પ્રવર્તે છે કે નહિ તે જાણી શકાય, અને આ રીતે સૌથી કાર્યક્ષમ સંસ્થાનો તેમજ આ આંતરિકરીતે સરળતાથી ચાલતી સંસ્થાનો બહારની દુનિયા સાથે સંબંધ સુગમ કરી શકાય.'' - લેસ્લી હોવર્ડ

ઉપરની વ્યાખ્યાઓ પરથી નીચે મુજબના તારણો નીકળે છેઃ

૧) સંચાલકીય 'ઓડિટ' સંચાલનની સમગ્ર કામગીરીનું પદ્ધતિસર તેમજ તટસ્થ વિશ્લેષણ તેમજ મૂલ્યાંકન છે તેવું કહી શકાય.

૨) સંચાલકીય 'ઓડિટ' સંસ્થાની સમગ્ર કામગીરીનું મૂલ્યાંકન છે કે જેમાં સંસ્થાકીય માળખાની તપાસ, તેના જુદાં-જુદાં વિભાગોની તપાસ, તેના હેતુઓની તપાસ, તેમજ હેતુઓ પરિપૂર્ણ કરવા માટે તેના દ્વારા ઘડવામાં આવેલ યોજનાઓ અને નીતિઓની તપાસ, પ્રક્રિયા કે કામગીરીની પદ્ધતિઓ તેમજ તેઓનાં નિયંત્રણની તપાસ,કામગીરીના સાધનોની તપાસ, તેનાં માનવ સંસાધન તેમજ ભૌતિક સુવિધાઓની તપાસનો સમાવેશ થાય છે.

૩) એવું કહી શકાય કે સંચાલકીય 'ઓડિટ' એ સંચાલનની કામગીરીનું તમામ સ્તરે મૂલ્યાંકન કરવા માટે, સંસ્થાનાં હેતુઓ સાથે અસંગત હોય તેવા નિર્ણયો તેમજ પ્રવૃતિઓ પર પ્રકાશ પાડવા માટે, સંસ્થાનાં હેતુઓ તમામ સ્તરે યોગ્યરીતે સમજાય તે નક્કી કરવા માટે, સંસ્થાનાં હેતુઓ તેમજ કામગીરીના આયોજનો પરિપૂર્ણ કરવા માટે જુદાં જુદાં સ્તરે આપવામાં આવેલ નિયંત્રણો પૂરતાં અને અસરકારક છે કે નહિ તે નક્કી કરવા માટે, સંસ્થાનાં હેતુઓને પરિપૂર્ણ કરવા માટે ઘડવામાં આવેલ યોજનાઓનાં મૂલ્યાંકન માટે, સંસ્થાના સંસ્થાકીય માળખાની (ફરજો અને જવાબદારીઓની સોંપણીની તેમજ સત્તાની સોંપણીની) સમીક્ષા કરવા માટે હાથ ધરવામાં આવે છે.

૪) સંચાલકીય 'ઓડિટ' ધંધાની સમયાંતરે કરવામાં આવેલ જટિલ અને વિગતવાર તબીબી (કારણ કે સંચાલકીય 'ઓડિટ' નો ધંધાના તમામ કાર્યો અને પ્રવૃતિઓ સાથે સંબંધ છે) તપાસ છે કે જેના દ્વારા ધંધાના તંદુરસ્ત તેમજ સ્વસ્થ વિકાસને સુનિશ્ચિત કરી શકાય કારણ કે તેનો હેતુ ધંધાની હાલની કામગીરીનાં મૂલ્યાંકન દ્વારા ધંધાના સંશાધનોનો ઈષ્ટતમ ઉપયોગ કરીને સંચાલનની કાર્યક્ષમતા તેમજ અસરકારકતા સુધારવાનો હેતુ પાર પાડવાનો હોય છે.

- **મહત્ત્વ**

ધંધાકીય એકમ દ્વારા સામનો કરવામાં આવતી આર્થિક અને સામાજિક સમસ્યાઓનું મુખ્ય કારણ સંચાલકીય બિનકાર્યક્ષમતા પણ કહી શકાય. સંચાલકીય અકુશળતા કે અસમર્થતા અન્ય સમસ્યાઓનાં ઉદ્ભવનું પણ નિમિત્ત બની શકે છે. તેથી સંચાલકીય કાર્યક્ષમતા પર દેખરેખ રાખવાનું અને તેમાં રહેલ ખામીઓનાં ઉપાયો સૂચવી તેનું સમયાંતરે મૂલ્યાંકન કરવાનું અનિવાર્ય બન્યું છે – જે સંચાલકીય 'ઓડિટ' નું કાર્ય છે. અને તેટલા માટે જ સંચાલકીય 'ઓડિટ' દરેક જગ્યાએ અગત્યનું તેમજ પ્રચલિત બની રહ્યું છે. વ્યાવસાયિક સંચાલકોની વધતી સંખ્યા, માલિકીનું સંચાલનથી અલગ થવાનું વધવું, શેરધારકો વચ્ચેનું બહોળું અંતર, વધતી જતી હરીફાઈ, વધતી જતી બીમાર એકમોની સંખ્યાને અનુલક્ષીને જે રીતે નાણાંકીય 'ઓડિટ' કાયદેસર બનાવવામાં આવેલ છે તે રીતે જ વહેલા કે મોડા સંચાલકીય 'ઓડિટ' પણ ફરજિયાત બની શકે છે. હાલનાં તબક્કે લગભગ તમામ પ્રગતિશીલ સંસ્થાઓ કે એકમો દ્વારા સ્વૈચ્છિકરીતે સંચાલકીય 'ઓડિટ' ની નીચે દર્શાવેલ મહત્વતા તેમજ તેમાં રહેલ ફાયદાઓને અનુલક્ષી તે પ્રચલિત બની રહ્યું છે અને હાથ ધરવામાં આવી રહ્યું છે

૧) **નીતિ ઘડતરઃ**

સંચાલકીય 'ઓડિટ' સંચાલકોની કામગીરીની ઉદ્દ૦ તપાસ તેમજ મૂલ્યાંકન દ્વારા ધંધાના હેતુઓનું સ્પષ્ટતાપૂર્વક નિરૂપણ કરે છે. તેટલું જ નહી આ રીતે નક્કી કરવામાં આવેલ હેતુઓને હાંસલ કરવા મૂળભૂત નીતિઓનું ઘડતર પણ કરે છે.

૨) **યોજના આલેખનઃ**

ધંધાકીય હેતુઓને સિધ્ધ કરવા માટે સુવ્યવસ્થિત આયોજન કરવું પડે છે. સંચાલકીય 'ઓડિટ' નું મહત્વ ધંધાકીય હેતુઓ પ્રાપ્ત કરવા માટે સધ્ધર તેમજ વ્યવહારક્ષમ યોજનાઓનું આલેખન કરવાનું પણ એટલું જ છે કે જેટલું હેતુઓ અને નીતિ ઘડતરમાં રહેલું છે.

૩) **સંસ્થાકીય ઢાંચોઃ**

ધંધાકીય હેતુઓની પ્રાપ્તિઅર્થે સુવ્યવસ્થિત યોજનાઓનું આલેખન કરવું પડે છે. પરંતુ આ યોજનાઓ અમલમાં મૂકવા માટે સંસ્થાકીય ઢાંચો ઘડવો પડે છે

– જે સંચાલકીય 'ઓડિટ' દ્વારા શક્ય બને છે. આમ, સંચાલકીય 'ઓડિટ' સંસ્થાકીય માળખું તૈયાર કરવા માટે પણ આગવું મહત્વ ધરાવે છે.

૪) **પધ્ધતિ અને પ્રક્રિયા આલેખનઃ**

સંસ્થાકીય માળખું સંસ્થાકીય કામગીરીની રૂપરેખા છે. પરંતુ સંસ્થાને સરળતાપૂર્વક ચલાવવા માટે દરેકેદરેક કાર્ય તેમજ પ્રવૃતિને હાથ ધરવા માટેની પધ્ધતિ તૈયાર કરવા માટે પણ સંચાલકીય 'ઓડિટ' અગત્યની ભૂમિકા ભજવે છે. સંસ્થાને સરળતાપૂર્વક ચલાવવા માટે જુદી જુદી પ્રવૃતિઓ વચ્ચે સંકલન જળવાઈ રહે તે પણ એટલું જ જરૂરી છે. જે માટે કઈ પ્રવૃતિ બાદ કઈ પ્રવૃતિ હાથ ધરવી તે માટે પ્રક્રિયા કે જેમાં પ્રવૃતિઓનો ક્રમ કે સિલસિલો આલેખવા માટે પણ સંચાલકીય 'ઓડિટ' અર્થસૂચક સહાય પૂરી પાડે છે.

૫) **સંચાલકીય માહિતી વ્યવસ્થાઃ**

સંસ્થાને સરળતાપૂર્વક ચલાવવા માટે જુદી જુદી પ્રવૃતિઓ અને કાર્યો વચ્ચે સંકલન, અભિપ્રેરણ અને નિયંત્રણ જળવાય તે જરૂરી છે. જેનાં માટે સુદ્રઢ સંચાલકીય માહિતી વ્યવસ્થાની જરૂરિયાત હોય છે – જે સંચાલકોને યોગ્ય સમયે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માટે દિશાનિર્દેશ પૂરી પાડતી હોય. આવી સંચાલકીય માહિતી વ્યવસ્થાનું આલેખન કરવામાં સંચાલકીય 'ઓડિટ' મહત્વનું યોગદાન અર્પે છે. સમયાંતરે સંચાલકીય માહિતી વ્યવસ્થાની સમીક્ષા કરવી જરૂરી બને છે – જે સમય ની માંગને અનુલક્ષીને તેમાં જરૂરી વત્તાઓછાંઅંશે કેરફાર કરવા પડે છે. સંચાલકીય 'ઓડિટ' સંચાલકીય માહિતી વ્યવસ્થા ઘડતર અને તેની સમીક્ષામાં પાયાનું મહત્વ ધરાવે છે.

૬) **સ્વોક (SWOC)વિશ્લેષણઃ**

સંચાલકીય 'ઓડિટ' ધંધાની ઉંડી તપાસ અને પરીક્ષણ કરે છે. જેમાં ધંધાની તાકાતજમા પાસાઓસંચાલન સમક્ષ રજૂ કરે છે જેથી સંચાલકો ધંધાની તાકાતનો પૂરતો ઉપયોગ કરી ધંધાનો વધુ ને વધુ વિકાસ કરી શકે છે. સંચાલકીય 'ઓડિટ' ધંધાની ખામીઓ શોધી તેને દૂર કરવાની ભલામણો કરે છે જેથી સંચાલકો ખામીરહિત વ્યવસ્થાતંત્ર બનાવી શકે અને સરળતાપૂર્વક ધંધો આગળ ધપાવી શકે. સંચાલકીય 'ઓડિટ' ધંધા સમક્ષ આવનાર સમયમાં કેવી તકો ઉપલબ્ધ બનશે તેનાથી સંચાલકોને અવગત કરી અને તે માટે આગોતરું આયોજન તેમજ સંશાધનો તૈયાર કરી આવનાર તકો ઝડપી લઈ ધંધાનું વિસ્તરણ અને વિકાસ સાધી શકાય. તેટલું જ નહીં ધંધા સમક્ષ જે પડકારો છે તેની વિગતો આપી અને તેનો સામનો કરવા માટેની વ્યૂહરચના અને પ્રયુક્તિઓ સૂચવે છે જેથી કરીને સંચાલકો ધંધાના હિતની રક્ષા કરી શકે છે. આમ, સંચાલકીય 'ઓડિટ' સ્વોક (SWOC – Strengths)(તાકાત),

Weaknesses(ખામીઓ), Opprotunities(તકો) અને Challenges (પડકારો) નું વિશ્લેષણ કરી સંસ્થાને મજબૂત બનાવે છે.

૭) **સંયોજન કે વિલયઃ**

સંચાલકીય 'ઓડિટ' સંસ્થાનું સર્વાંગી પરીક્ષણ અને સમીક્ષા કરે છે તેથી બે સંસ્થાઓ વચ્ચેના સંયોજન કે વિલયની પરિસ્થતિમાં સંચાલકોને નિર્ણય ઘડતર પ્રક્રિયાની સુગમતા માટે જરૂરી માહિતી પૂરી પાડે છે. આમ, સંચાલકીય 'ઓડિટ' સંયોજન અને વિલય વખતે જરૂરી અનિવાર્ય અને મહત્વનું બને છે.

૮) **અયોગ્ય કે વ્યર્થ ભંડોળઃ**

સંચાલકીય 'ઓડિટ' દ્વારા ભંડોળનાં અયોગ્ય કે વ્યર્થ ઉપયોગને ઓળખી કાઢવામાં આવે છે અને સંસ્થાની ઉડાઉ પ્રવૃતિઓને નિયંત્રણમાં લાવી શકાય છે અને બિનઅસરકારક ભૌતિક સંશાધનોને અસરકારકતા તરફ ''યુ'' વળાંક આપી શકાય છે.

૯) **સરકારી તંત્રઃ**

સંચાલકીય 'ઓડિટ' કોર્પોરેટ ક્ષેત્રમાં જ નહી પરંતુ સરકારી તંત્રમાં પણ એટલું જ મહત્વનું છે. દા.ત. (અ) કંપટ્રોલર એન્ડ 'ઓડિટ' ર જનરલ ઓફ ઈન્ડિયા જાહેર સાહસોનાં સરકારી ભંડોળના અયોગ્ય કે ઉડાઉ ઉપયોગ પર કાપ મૂકે છે. બ) ભારતીય નાણાંકીય સંસ્થાઓ અને બેંક્સ દ્વારા માંદા એકમો પર દેખરેખ રાખવા અને તેમનાપુનર્વસન માટે સંચાલકીય 'ઓડિટ' મહત્વનું માનવામાં આવે છે. (ક) ભારતીય રેલવે પણ સંચાલકીય 'ઓડિટ' ને કામગીરી પડતર ને ઘટાડવા માટે અછતભર્યા સંશાધનોના સંરક્ષણ માટે, તેમજ ઉપલબ્ધ સંશાધનોની ગતિશીલતા માટે સંચાલકીય 'ઓડિટ' ને મહત્વનું ગણે છે. (ડ) સંચાલકીય 'ઓડિટ' જાહેર યોજનાઓ – ડેમ (બંધો), વીજળી ઘરો, રાષ્ટ્રીય ધોરીમાર્ગો વિગેરેનાં સામાજિક પડતર – લાભનાં વિશ્લેષણમાટે પણ અગત્યનું માનવામાં આવે છે.

13.3 કાયદેસર અને સંચાલકીય 'ઓડિટ' વચ્ચેનો તફાવત

ક્રમ	તફાવતનો મુદ્દો	કાયદેસર 'ઓડિટ'	સંચાલકીય 'ઓડિટ'
૧	હેતુ	કાયદેસર 'ઓડિટ' હાથ ધરવા માટેનાં હેતુનો ઉલ્લેખ કાયદામાં સ્પષ્ટપણે કરવામાં આવેલ હોય છે	સંચાલકીય 'ઓડિટ' નો હેતુ સંચાલન અને તેની કાર્યક્ષમતાની મૂલ્યાંકન કરવાનો છે.
૨	એજન્સી	કાયદેસર 'ઓડિટ' વિશિષ્ટપણે નિયુક્ત કરવામાં આવેલ વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે.	સંચાલકીય 'ઓડિટ' બહારની એજન્સી દ્વારા કરવામાં આવે છે.
૩	વલણ કે વૃતિ	કાયદેસર 'ઓડિટ' સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલ ખરેખર પ્રવૃતિઓ સાચી રીતે થઈ છે કે નહીં તે જોવાનો હોય છે. આમ, કાયદેસર 'ઓડિટ' નું વલણ જજ્ - ન્યાયાધીશ તરીકેનું હોય છે.	સંચાલકીય 'ઓડિટ' સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવનાર પ્રવૃતિઓનું આયોજન, વ્યાવસાયિક માપદંડો સાથે સરખામણી, મૂલ્યાંકન તેમજ સુધારવા માટે ભલામણો પણ કરે છે. આમ, સંચાલકીય 'ઓડિટ' નું વલણ મિત્ર, ફિલસૂફ અને માર્ગદર્શક તરીકેનું હોય છે.
૪	ફરજીયાત મરજીયાત	કાયદા પ્રમાણે, કાયદેસર 'ઓડિટ' હાથ ધરવું ફરજિયાત છે.	સંચાલકીય 'ઓડિટ' સ્વૈચ્છિક કે મરજિયાત છે.
૫	કાર્યક્ષેત્ર	કાયદેસર 'ઓડિટ' નું કાર્યક્ષેત્ર વિશિષ્ટ હેતુઓ પૂરતું મર્યાદિત રહે છે .	સંચાલકીય 'ઓડિટ' સમગ્ર સંસ્થાનાં સંચાલનને આવરી લે છે. આમ, તે બહોળું કાર્યક્ષેત્ર ધરાવે છે.
૬	માહિતી	કાયદેસર 'ઓડિટ' ચોક્કસ હેતુ માટે હાથ ધરવામાં આવતું હોવાથી ચોક્કસ માહિતીનું જ મૂલ્યાંકન કરે છે.	સંચાલકીય 'ઓડિટ' બહોળું કાર્યક્ષેત્ર ધરાવે છે તેથી સંચાલનની કાર્યક્ષમતા, ગુણવત્તા તેમજ અસરકારકતા, સંસ્થાનાં હેતુઓ, સંસ્થાની યોજનાઓ તેમજ નીતિઓ, પ્રવૃતિઓ, કાર્યો, વિભાગો, પધ્ધતિઓ તેમજ

			પ્રક્રિયાઓ વિગેરે તમામ માહિતીનું મૂલ્યાંકન કરે છે.
૭	સમયગાળો	કાયદેસરનું 'ઓડિટ' જે વ્યવહારો બની ગયા છે તેને તપાસે છે આમ, કાયદેસર 'ઓડિટ' મુખ્યત્વે ભૂતકાળનો સમયગાળો ધ્યાનમાં લે છે.	સંચાલકીય 'ઓડિટ' સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવનાર પ્રવૃતિઓનું આયોજન, ખરેખર કરવામાં આવેલ પ્રવૃતિઓની વ્યાવસાયિક માપદંડો સાથે સરખામણી તેમજ મૂલ્યાંકન અને તેમજ આ પ્રવૃતિઓને સુધારવા માટે ભલામણો પણ કરે છે. આમ, સંચાલકીય 'ઓડિટ' ત્રિકાળનો (ભૂતકાળ, વર્તમાનકાળ તેમજ ભવિષ્યકાળ) સમયગાળો ધ્યાનમાં લે છે.
૮	પ્રક્રિયા	કાયદેસર 'ઓડિટ' હાથ ધરવા માટેની પ્રક્રિયાનું માળખું કાયદામાં દર્શાવેલ હોય છે અને તે મુજબ જ તે કરવામાં આવે છે. આમ, કાયદેસર 'ઓડિટ' ની પ્રક્રિયા ખૂબ જ ચુસ્ત હોય છે.	સંચાલકીય 'ઓડિટ' સંચાલનની જરૂરિયાતોને કારણે ઉદ્ભવેલ હોવાથી તેને હાથ ધરવાની પ્રક્રિયા પરિવર્તનક્ષમ હોય છે.
૯	અહેવાલ	કાયદેસર 'ઓડિટ' પૂર્ણ કર્યા બાદ સમગ્ર સંસ્થાનો એક જ અહેવાલ રજૂ કરવામાં આવે છે.	સંચાલકીય 'ઓડિટ' પૂર્ણ કર્યા બાદ દરેક કાર્ય કે દરેક પ્રવૃતિ કે દરેક વિભાગ કે દરેક પાસા કે દરેક પધ્ધતિ કે દરેક પ્રક્રિયાનો અલગ અલગ અહેવાલ પણ આપવામાં આવે છે.
૧૦	અહેવાલ રજૂ કરવાનું સ્તર	કાયદેસર 'ઓડિટ' પૂર્ણ કર્યા બાદ તેનો અહેવાલ કાયદા મુજબ નિયુક્ત સ્તરે કરવામાં આવે છે.	સંચાલકીય 'ઓડિટ' પૂર્ણ કર્યા બાદ તેનો અહેવાલ સંચાલનના ઉચ્ચ સ્તરે કરવામાં આવે છે.
૧૧	સામયિકતા	કાયદેસર 'ઓડિટ' વાર્ષિક ધોરણે હાથ ધરવામાં આવે છે.	સંચાલકીય 'ઓડિટ' નિયમિત ધોરણે સતતરીતે હાથ ધરવામાં આવે છે.

13.4 કાર્યક્ષેત્ર અને કાર્યો

કાર્યક્ષેત્ર

સંચાલકીય 'ઓડિટ' નો ઉદ્ભવ સંચાલનને કાર્યક્ષમ અને અસરકારક બનાવવાની જરૂરિયાત ને લીધે થયેલ છે. સંચાલકીય 'ઓડિટ' હાથ ધરવા માટેનાં પણ કોઈ ધારા – ધોરણ ન હોવાને કારણે સંચાલકીય 'ઓડિટ' પરિવર્તનશીલ રહે છે. સંસ્થાની જરૂરિયાત, કદ, પ્રકાર મુજબ સંચાલકીય 'ઓડિટ' ના કાર્યક્ષેત્રમાં ફેરફાર થઈ શકે છે – જેની કોઈ મર્યાદા નથી. આમ, દરેક સંસ્થા દ્વારા પોતાની જરૂરિયાત મુજબ સંચાલકીય 'ઓડિટ' નું કાર્યક્ષેત્ર અસીમિત રીતે નક્કી કરવામાં આવે છે. સંચાલકીય 'ઓડિટ' નું કાર્યક્ષેત્ર સંસ્થાના સૌથી ઉચ્ચ સ્તરથી લઈને છેક નીચલા સ્તરને આવરી લેતા તમામ હેતુઓ, નીતિઓ, કાર્યો, પ્રવૃતિઓ, કર્મચારીઓ, સંચાલકો, નિયામકો, પદ્ધતિઓ, પ્રક્રિયા, વિભાગો, પાસાઓ તેમજ આ તમામમાં રોકાયેલ સંશાધનો સુધી જ વિસ્તરેલું નથી પણ સંસ્થાના તમામ આંતરિક હિસ્સેદારા(જેવાં કે કર્મચારીઓ, નિયામકો, માલિકો એટલે કે શેરોલ્ડર્સ વિગેરે) અને બાહ્ય હિસ્સેદારોને (જેવાં કે લેણદારો, સરકાર, ગ્રાહકો, સમાજ વિગેરે) તેમજ તેમની જરૂરિયાત અને હિતને પણ સમાવી લે તેટલું વિસ્તૃત છે. બીજા શબ્દોમાં કહીએ તો, સંચાલકીય 'ઓડિટ' નું કાર્યક્ષેત્રમાં નીચેની વિગતો આવરી લેવામાં આવતી હોય છેઃ

- નિયામકો (ડીરેક્ટર્સ) અને તેમનાં કાર્યો
- સંચાલકો (મેનેજર્સ) અને તેમનાં કાર્યો
- સુપરવાઈઝરો અને તેમનાં કાર્યો
- સંસ્થાકીય ઢાંચો
- તમામ સાધન સરંજામ અને તેનો ઉપયોગ
- પધ્ધતિઓ અને વ્યવસ્થાઓ
- માહિતીસંચાર અને માહિતીની સુરક્ષા
- સંશાધનો અને તેના ઉપયોગો
- સંચાલનને લગતાં તમામ કાર્યો જેવાં કે આયોજન, વ્યવસ્થા, સંકલન, નિયંત્રણ વિગેરે
- સંસ્થાને લગતાં તમામ કાર્યો જેવાં કે સંચાલન, માનવ સંશાધન, વહીવટ, માલસામાન, નાણાં (ભંડોળ), માર્કેટિંગ વિગેરે.
- અન્ય તમામ પ્રવૃતિઓ કે જેમાં સંચાલકોની કાર્યક્ષમતા અને અસરકારકતા તપાસવી જરૂરી હોય

વધુમાં, સંચાલકીય 'ઓડિટ' ના કાર્યક્ષેત્રમાં નીચેની બાબતો પણ આવરી લેવામાં આવે છેઃ

૧) **હેતુઓ અને ઉદ્દેશોઃ**

સંચાલકીય 'ઓડિટ' નાં કાર્યક્ષેત્ર અંતર્ગત સંસ્થાકીય હેતુઓ અને ઉદ્દેશોની સરખામણીએ સંસ્થાની યોગ્યતા, વ્યવહારિક્તા, વ્યવહારક્ષમતા, અનુપાલનની તપાસ પણ આવરી લેવામાં આવે છે.

૨) **શાખઃ**

સંચાલકીય 'ઓડિટ' નાં કાર્યક્ષેત્રમાં સંસ્થામાં હિતધારકો જેવાં કે ગ્રાહકો તેમજ સંસ્થા સાથે સંકળાયેલ સામાન્ય જનતા મધ્યે સંસ્થાની શાખનું મૂલ્યાંકન પણ સમાવિષ્ટ છે.

૩) **ઈષ્ટતમ ઉપયોગઃ**

સંસ્થામાં રોકાયેલ સંસાધનોનો કેટલા અંશે ઉપયોગ થયો છે તે તપાસવાનું જ નહી પરંતુ તેઓનો ઈષ્ટતમ ઉપયોગ થઈ શકે અને સંસ્થાને મહત્તમ લાભ પ્રાપ્ત થઈ શકે તે માટે જરૂરી ભલામણો કરવાનો પણ સંચાલકીય 'ઓડિટ' નાં કાર્યક્ષેત્રનો જ ભાગ છે.

૪) **મૂડી પર વળતરઃ**

રોકાણકારો દ્વારા આપવામાં આવેલ મૂડીનું અસરકારક રીતે સંસ્થાની કામગીરીમાં રોકાણ કરી વાજબી નફો કમાઈ સંસ્થાનાં વિકાસ અને વિસ્તરણ દ્વારા રોકાણકારોની સંપત્તિનું મહતમીકરણ તેમજ મૂડી પર સારું એવું વળતર પરત આપવાની ફરજ તેમજ જવાબદારી સંચાલકોનાં શિરે રહેલ હોય છે. આમ, રોકાણકારોની મૂડી પર વળતરનો આધાર સંચાલકોની કાર્યક્ષમતા પર રહેલો છે. સંચાલકીય 'ઓડિટ' નાં કાર્યક્ષેત્રમાં સંચાલકોની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કેન્દ્રસ્થાને હોય છે અને તેની સાથે સાથે રોકાણકારોની મૂડી પર વળતરનું મૂલ્યાંકન પણ સમાવિષ્ટ જ હોય છે. સંચાલકીય 'ઓડિટ' દ્વારા રોકાણકારોની મૂડી પર વળતર ઓછું, પૂરતું કે વધારે છે તે જાણી સંચાલકોની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન આંકવામાં આવે છે.

૫) **હિસ્સેદારો સાથે સંબંધઃ**

સંચાલકીય 'ઓડિટ' નું કાર્યક્ષેત્ર સંસ્થાના આંતરિકહિસ્સેદારા(જેવાં કે કર્મચારીઓ, નિયામકો, માલિકો એટલે કે શેરોલ્ડર્સ વિગેરે) અને બાહ્ય હિસ્સેદારોને (જેવાં કે લેણદારો, સરકાર, ગ્રાહકો, સમાજ વિગેરે) તેમજ તેમની જરૂરિયાત અને હિતને પણ સમાવી લે તેટલું વિસ્તૃત છે. આમ, સંચાલકીય 'ઓડિટ' સંસ્થાનો આંતરિક તેમજ બાહ્ય હિસ્સેદારો સાથેનો સંબંધ કેવો છે તેને પર આવરી લે છે.

૬) **વિવિધ સ્તરોઃ**

સંચાલકીય 'ઓડિટ' નું કાર્યક્ષેત્ર સંસ્થાના સૌથી ઉચ્ચ સ્તરથી લઈને છેક નીચલા સ્તરને આવરી લેતા તમામ કાર્યો, પ્રવૃતિઓ, કર્મચારીઓ,

સંચાલકો, નિયામકો, પદ્ધતિઓ, પ્રક્રિયા, વિભાગો, પાસાઓ તેમજ આ તમામમાં રોકાયેલ સંશાધનો સુધી વિસ્તરેલું છે. આમ, સંચાલકીય 'ઓડિટ' નાં કાર્યક્ષેત્રમાં સંસ્થાના જુદાં-જુદાં સ્તરોએ (ઉચ્ચ, મધ્યમ, નિમ્ન) સંચાલનના હેતુઓ અને કાર્યક્ષમતાનાં મૂલ્યાંકનનો સમાવેશ થાય છે.

૭) **નીતિઓ અને નિયંત્રણઃ**

સંચાલકીય 'ઓડિટ' દ્વારા સંસ્થાની તમામ નીતિઓની આકારણી પણ કરવામાં આવે છે. સંચાલકો દ્વારા ઘડવામાં આવેલ નીતિઓ સંસ્થાના હેતુઓની પ્રાપ્તિઅર્થે યોગ્ય અને વ્યવહારક્ષમ છે કે નહીં તે નક્કી કરે છે અને તેમાં કોઈ ફેરફારની જરૂર જણાય તો તેની ભલામણ પર કરે છે.

- **કાર્યો**

સંચાલકીય 'ઓડિટ' નું કાર્યક્ષેત્ર અમર્યાદિત છે અને તેનો આધાર સંસ્થા ની જરૂરીયાતો, પ્રકારો, કદ, માલિકી વિગેરે પર રહેલો છે તેથી તેના કાર્યો પણ અમર્યાદિત છે. પરંતુ ટૂંકમાં સચોટરીતે કહીએ તો સંસ્થાકીય હેતુઓ પરિપૂર્ણ કરવા માટે આયોજનથી શરૂ કરીને વ્યવસ્થાપન, યોગ્ય અમલીકરણ, નિયંત્રણ સુધીનાં જે જે તબક્કાઓ સંચાલનના કાર્યક્ષેત્રમાં આવતા હોય તે તમામ કામગીરીના ક્ષેત્રો જેવાં કે ખરીદી અને ઉત્પાદન, વેચાણ અને વિતરણ, માનવ સંશાધન સંચાલન, નાણાંકીય સંચાલન, સંશોધન અને વિકાસ વિગેરે અસરકારકરીતે કાર્યરત છે કે નહીં તે જોવાનું તેમજ જરૂર જણાય તો તેને સુધારવા ભલામણોને લગતાં તમામ કાર્યો સંચાલકીય 'ઓડિટ' હેઠળ આવરી લેવામાં આવે છે જે વિગતે નીચે મુજબ છે.

૧) **ખરીદી અને ઉત્પાદનને લગતાં કાર્યોઃ**

સંચાલકીય 'ઓડિટ' દ્વારા ખરીદ અને ઉત્પાદન વિભાગનાં કાર્યોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જેમાં માલસામાનની ખરીદ પ્રક્રિયા, ગોદામમાં માલસામાનની ગોઠવણી અને સાચવણી, માલસામાન મેળવવામાં ઉદ્ભવતી સમસ્યાઓ, માલસામાન સંચાલન, માલસામાન નોંધણીની હિસાબી પધ્ધતિ, માલસામાનને ઉત્પાદન માટે આપવા અને પરત લેવાની પધ્ધતિ વિગેરે. કાચા માલસામાન સાથે સંકળાયેલ તમામ વિગતો, પાસાઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે. ત્યારબાદ કાચા માલસામાન માંથી તૈયાર માલ બનાવવા માટેની પ્રક્રિયાનાં દરેક તબક્કાએ થતાં ખર્ચ, ઘટ કે બગાડ થવાનાં કારણો અને તેને નિયંત્રિત રાખવા માટેની ભલામણો, ઉપપેદાશને લગતાં અંશતઃ તૈયાર માલને લગતી તમામ બાબતોનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરવામાં આવે છે. તૈયાર માલનું ખરેખર થયેલ ઉત્પાદન તેનાં પ્રમાણિત ઉત્પાદન મુજબ થયેલ છે કે નહીં તેની ચકાસણી અને જો તેમાં વિસંગતતા હોય તો તેના કારણો અને તેના નિવારણ માટેનાં ઉપાયો આપવા જેથી તૈયાર પેદાશ કે વસ્તુઓની યોગ્ય ગુણવત્તા જળવાઈ રહે અને ગ્રાહકોને તેમનું ચૂકવેલ કિમત્ત નું યોગ્ય વળતર

મળે અને ગ્રાહકોની કાયમી ધોરણે પેદાશ અને સંસ્થા માટેની વફાદારી પ્રાપ્ત થાય તે જોવાનું પણ સંચાલકીય 'ઓડિટ' નાં કાર્યક્ષેત્રમાં જ આવરેલ છે. પેદાશનાં ઉત્પાદનમાં રોકાયેલા સાધનસરંજામની ખરીદી, રખરખાવ, સમયાંતરે તેમની કક્ષા ઊંચી લઈ જવી (upgradation) અને આયુષ્યના અંતે પુનઃ ખરીદી, અપ્રચલિતતા ની પરિસ્થિતિમાં તેનાં સ્થાને નવી તકનીક ધરાવતા સાધન સરંજામની ખરીદી જેવાં કાર્યો સંચાલકીય 'ઓડિટ' નો જ ભાગ છે.

૨) **માર્કેટિંગને લગતાં કાર્યોઃ**

ગ્રાહકોને પેદાશ સારી હાલતમાં પ્રાપ્ત થાય તે હેતુથી તૈયાર થયેલ વસ્તુઓનું યોગ્ય પેકિંગ, લેબલિંગ અને વેચાણ ન થાય ત્યાં સુધી તેની ગોડાઉનમાં યોગ્ય જાળવણી કરવા માટેની નીતિઓનું ઘડતર તેમજ તે મુજબ કામગીરી થયેલ છે કે નહી તે તપાસવાનું કાર્ય પણ સંચાલકીય 'ઓડિટ' નું જ છે. ગ્રાહકોને સમયસર પેદાશ પ્રાપ્ત થાય તે માટે યોગ્ય વિતરણ પધ્ધતિ અને વિતરણ કડીઓ હોવી આવશ્યક છે તેને લગતાં તમામ કાર્યો સંચાલકીય 'ઓડિટ' ને આધીન રહે છે. વેચાણ કર્યા બાદ વેચાણ-બાદ-સેવા પૂરી પાડવી, ગ્રાહકોનો અસંતોષ કે તકરાર નિવારણ પણ સંચાલકીય 'ઓડિટ' નાં કાર્યનો જ ભાગ છે. સંચાલકીય 'ઓડિટ' નાં કાર્યોમાં ગ્રાહકોની જરૂરિયાત સંતોષી શકે તેવી પેદાશનાં વિકાસ, ગ્રાહકો અને સંસ્થા બંનેને જીત – જીત પરિસ્થિતિ (win-win situation)થાય તેવી કિંમત્ત નિર્ધારણ તેમજ પેદાશને સારું એવું બજાર પ્રાપ્ત થાય તે ઉપરાંત સંસ્થાનો બજાર ફાળો વધે તે માટે પ્રોત્સાહન વ્યૂહરચના ઘડતર વિગેરેનો સમાવેશ થાય છે.

૩) **માનવ સંશાધન નીતિઓ અને ઔદ્યોગિક સંબંધો સબંધિત કાર્યોઃ**

સંચાલકીય 'ઓડિટ' નાં કાર્યોમાં માનવ સંશાધન ને લગતાં તમામ કાર્યો પણ આવરી લેવામાં આવ્યા છે – જેમાં કામદારોની ભરતી અને પસંદગી પ્રક્રિયા કે જેથી સંસ્થામાં યોગ્ય અને પાત્રતા ધરાવતાં કર્મચારી મેળવી શકાય, કામદારોને યોગ્ય પ્રશિક્ષણ આપવાનું કાર્ય કે જેથી કર્મચારીનું પ્રાવીણ્ય અને કુશળતા સક્ષમ બનાવી ઉત્પાદન અને ઉત્પાદકતા વધારી શકાય, કામદારોને કાર્યસંતોષ મળી રહે તે માટે પ્રોત્સાહક વેતન નીતિ, તેમનાં દ્વારા કરવામાં આવેલ કાર્યની માન્યતા, કદર અને બદલો આપવાનું કાર્ય કે જેથી કામદાર ફેરબદલી દર નીચો રહે અને અનુભવી અને કુશળ કામદારોની સેવાનો લાભ લાંબા સમય સુધી સંસ્થાને મળતો રહે. કામદાર અને કામદાર કુટુંબ કલ્યાણ યોજના દ્વારા કામદારોના સમગ્ર કુટુંબને સુરક્ષા પૂરી પાડવાનું કાર્ય કે જથી કર્મચારીઓમાં સુરક્ષા ની લાગણી કાયમ રહે. આમ, માનવ સંશાધનને લગતાં તમામ કાર્યો સંચાલકીય 'ઓડિટ' અંતર્ગત વણી લેવામાં આવે છે.

સંચાલકીય 'ઓડિટ' માં માનવ સંશાધન નીતિઓ ઉપરાંત ઔદ્યોગિક સંબંધોનોને લગતી કૂટનીતિનો પણ સમાવેશ થાય છે જેથી માલિકનાં કર્મચારી, મજૂર સંગઠન, વેપાર સંગઠન, સરકાર, અન્ય વ્યાપારિક સંગઠનો સાથેનાં જટિલ સંબંધો સૌમ્ય, મૈત્રીપૂર્ણ તેમજ સૌહાર્દપૂર્ણ બને છે અને તકરારની પરિસ્થિતીમાં સુખદ નિવારણ લાવવામાં મદદરૂપ બને છે.

૪) **નાણાંકીય બાબતો સબંધિત કાર્યોઃ**

સંચાલકીય 'ઓડિટ' નાણાંકીય બાબતો સબંધિત કાર્યો પણ કરે છે જેથી ધંધામાં પૂરતાં પ્રમાણમાં નાણાં રોકાયેલ રહે અને તેનો ઈષ્ટતમ ઉપયોગ થઈ શકે અને તે દ્વારા સંસ્થાની સંપત્તિ અને માલિકોની સંપત્તિનું મહતમીકરણ થઈ શકે તેમજ સંસ્થાનું વિસ્તરણ અને વૈવિધ્યીકરણ થઈ શકે. નાણાંકીય બાબતો સંબંધી કાર્યોમાં ઓછી પડતરે જુદાં- જુદાં સ્તોત્રો (માલિકી અને ઉછીના) નાં યોગ્ય મિશ્રણ દ્વારા નાણાંકીય ભંડોળની પ્રાપ્તિ અને તેનો સંસ્થામાં ઈષ્ટતમ ઉપયોગ, સ્થિર તેમજ કાર્યશીલ મૂડીનું યોગ્ય મિશ્રણ કરી સ્થાપિત ક્ષમતાએ ઉત્પાદન અને વેચાણ પ્રાપ્ત કરી સારો એવો નફો લણી શકાય. સ્થિર મૂડીનો ઉપયોગ સ્થિર મિલકતોની ખરીદી પાછળ થતો હોય તેનું રોકાણ લાંબા સમયગાળા માટે કરવામાં આવે છે અને અફર હોય છે. માટે મૂડી બજેટની પધ્ધતિ દ્વારા જુદાં-જુદાં વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરવાનું કાર્ય સંચાલકીય 'ઓડિટ' ની મદદથી બને છે. આ તેમજ અન્ય સંચાલકીય નિર્ણયો લેવા માટે સંચાલકીય 'ઓડિટ' હિસાબની જાળવણી કરી જરૂરી હિસાબી માહિતી પૂરી પાડી નિર્ણય ઘડતરની પ્રક્રિયાને સરળ, તીવ્ર અને અસરકારક બનાવે છે. સમયાંતરે હિસાબી માહિતી પૂરી પાડી સંસ્થાની કામગીરી અને સંસ્થાની સ્થિતિ રજૂ કરી સંચાલકોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે.

૫) **સંશોધન અને વિકાસને લગતાં કાર્યોઃ**

સંચાલકીય 'ઓડિટ' નાં નેજા હેઠળ સંશોધન અને વિકાસને લગતાં કાર્યો હાથ ધરવામાં આવે છે. જેમાં, સંશોધન, આયોજન, નવીન કાર્યક્રમો કે નયાચાર (પ્રોટોકોલ) તેમજ નવીન પેદાશનું સર્જન, ઉત્પાદન, અને તેને બજારમાં સફળરીતે મૂકવાનું કાર્ય સંકળાયેલ છે. સંચાલકીય 'ઓડિટ' વૈશ્વિક સ્તરે વર્તમાન પ્રવાહો, ગ્રાહકોની જરૂરીયાતો, પેદાશની ગુણવત્તા ને અનુલક્ષી અદ્યતન પેદાશનું સર્જન કરવામાં સિંહફાળો આપે છે જેથી કરીને પેદાશની ઉપયોગિતામાં વૃધ્ધિ તેમજ ગ્રાહકોને વધુ સુગમતા અને સગવડ ઉપલબ્ધ કરાવી શકાય.

13.5 ટૂંકસાર

સંચાલકીય 'ઓડિટ' માં સંસ્થાની તમામ પ્રવૃતિઓ ની તપાસણી, પ્રવૃત્તિઓના ભાગો કે પ્રતો ની તપાસણી, સંચાલકોની કાર્યક્ષમતા, સંચાલકો દ્વારા

નિભાવવામાં આવેલ જવાબદારીઓનો તેમજ તેને સુધારવા માટેના સૂચનોનો સમાવેશ થાય છે. આમ, સંચાલકીય 'ઓડિટ' વ્યાપક છે. વ્યાવસાયિક સંચાલકોની વધતી સંખ્યા, માલિકીનું સંચાલનથી અલગ થવાનું વધતું પ્રમાણ, શેરધારકો વચ્ચેનું બહોળું અંતર, વધતી જતી હરીફાઈ, વધતી જતી બીમાર એકમોની સંખ્યાને અનુલક્ષીને જે રીતે નાણાંકીય 'ઓડિટ' કાયદેસર બનાવવામાં આવેલ છે તે રીતે જ વહેલા કે મોડા સંચાલકીય 'ઓડિટ' પણ ફરજિયાત બની શકે છે. હાલનાં તબક્કે, લગભગ તમામ પ્રગતિશીલ સંસ્થાઓ કે એકમો દ્વારા સ્વૈચ્છિકરીતે સંચાલકીય 'ઓડિટ' ની તેમાં રહેલ ફાયદાઓને અનુલક્ષીને પ્રચલિત બની રહ્યું છે અને હાથ ધરવામાં આવી રહ્યું છે. સંચાલકીય 'ઓડિટ' નું કાર્યક્ષેત્ર અમર્યાદિત છે અને તેનો આધાર સંસ્થાની જરૂરીયાતો, પ્રકારો, કદ, માલિકી વિગેરે પર રહેલો છે તેથી તેના કાર્યો પણ અમર્યાદિત છે. સંસ્થાકીય હેતુઓ પરિપૂર્ણ કરવા માટે આયોજનથી શરૂ કરીને વ્યવસ્થાપન, યોગ્ય અમલીકરણ, નિયંત્રણ સુધીનાં જે જે તબક્કાઓ સંચાલનના કાર્યક્ષેત્રમાં આવતા હોય તે તમામ કામગીરીના ક્ષેત્રો જેવાં કે ખરીદી અને ઉત્પાદન, વેચાણ અને વિતરણ, માનવ સંશાધન સંચાલન, નાણાંકીય સંચાલન, સંશોધન અને વિકાસ વિગેરે અસરકારકરીતે કાર્યરત છે કે નહીં તે જોવાનું તેમજ જરૂર હોય તો તેને સુધારવા ભલામણોને લગતાં તમામ કાર્યો સંચાલકીય 'ઓડિટ' હેઠળ આવરી લેવામાં આવે છે

13.6 સ્વાધ્યાય

સૈદ્ધાંતિક પ્રશ્નો

૧) સંચાલકીય 'ઓડિટ' નો પરિચય આપી તેની જુદી જુદી વ્યાખ્યાઓનો અભ્યાસ કરી સંચાલકીય 'ઓડિટ' વિષે તમારા તારણો આપો.

૨) સંચાલકીય 'ઓડિટ' ને વ્યાખ્યાયિત કરી તેનું મહત્વ વિગતે સમજાવો.

૩) સંચાલકીય 'ઓડિટ' નો પરિચય આપી તેનું કાર્યક્ષેત્ર વિગતે વર્ણવો.

૪) સંચાલકીય 'ઓડિટ' ને વ્યાખ્યાયિત કરી તેનાં કાર્યો વિગતે ચર્ચો.

૫) કાયદેસર અને સંચાલકીય 'ઓડિટ' વચ્ચેનો તફાવત આપો.

બહુવૈકલ્પિકપ્રશ્નો

૧) સંચાલકીય 'ઓડિટ' _____ની કામગીરી મૂલ્યાંકન ની ખાસ પ્રક્રિયા છે.

અ) નિયામકો (ડિરેક્ટર્સ)

બ) વ્યવસ્થાપકો (મેનેજર)

ક) અ) અને બ) બન્ને

ડ) ઉપરમાંથી એક પણ નહી જવાબ: ક)

૨) સંચાલકીય 'ઓડિટ' એટલે સંસ્થા કે તેના ભાગોની સંપૂર્ણ તપાસ કે જેમાં _____ સમાવેશ થાય છે.

અ) સંસ્થાની કામગીરીના તમામ પાસાં જેવા કે સંચાલકોની કાર્યક્ષમતા,

બ) કંપની કે વ્યવસાયિક પ્રમાણોનું સંચાલકો દ્વારા અનુપાલન, તેમના દ્વારા નિભાવવામાં આવે આવેલ ફરજોની ગુણવત્તા અને તેને સુધારવા માટે ની ભલામણોનો

ક) સંચાલકીય આધાર સામગ્રીની વિશ્વસનીયતા

ડ) ઉપરનાં તમામ જવાબ: ડ)

૩) સંચાલકીય 'ઓડિટ' _____ માટે મહત્ત્વનું છે.

અ) નીતિ ઘડતર અને યોજના આલેખન

બ) સંસ્થાકીય ઢાંચો અને સંચાલકીય માહિતી વ્યવસ્થા

ક) સ્વોક (SWOC) વિશ્લેષણ અને સરકારી તંત્ર

ડ) ઉપરનાં તમામ જવાબ: ડ)

૪) કાયદેસર'ઓડિટ' હાથ ધરવું _____ છે, જ્યારે સંચાલકીય 'ઓડિટ' _____ છે.

અ) ફરજિયાત, સ્વૈચ્છિક કે મરજિયાત

બ) સ્વૈચ્છિક કે મરજિયાત, ફરજિયાત

ક) ફરજિયાત, પણ ફરજિયાત

ડ) ઉપરમાંથી એક પણ નહીં જવાબ: અ)

૫) કાયદેસર'ઓડિટ' _____ હાથ ધરવામાં આવે છે, જ્યારે સંચાલકીય 'ઓડિટ' _____ હાથ ધરવામાં આવે છે.

અ) વાર્ષિક ધોરણે, નિયમિત ધોરણે બ) નિયમિત ધોરણે, વાર્ષિક ધોરણે

ક) દ્વિવાર્ષિક ધોરણે, વાર્ષિક ધોરણે ડ) વાર્ષિક ધોરણે, દ્વિવાર્ષિક ધોરણે

જવાબ: અ)

૬) સંચાલકીય 'ઓડિટ' અંતર્ગત _____ ને લગતા કાર્યો આવરી લેવામાં આવે છે.

અ) ખરીદી અને ઉત્પાદન, વેચાણ અને વિતરણ

બ) માનવ સંશાધન સંચાલન, નાણાંકીય સંચાલન

ક) સંશોધન અને વિકાસ

ડ) ઉપરનાં તમામ જવાબ: ડ)

૭) નવીન પેદાશનું સર્જન, ઉત્પાદન, અને તેને બજારમાં સફળરીતે મૂકવાનું કાર્ય વિભાગ સાથે સંકળાયેલ છે

અ) ખરીદી અને ઉત્પાદન, વેચાણ અને વિતરણ

બ) માનવ સંશાધન સંચાલન, નાણાંકીય સંચાલન

ક) સંશોધન અને વિકાસ

ડ) ઉપરનાં તમામ જવાબ: ક)

એકમ : 14 કાર્યક્ષમતા 'ઓડિટ'

: રૂપરેખા :

14.1 પ્રસ્તાવના
14.2 કાર્યક્ષમતા ઓડિટનો અર્થ
14.3 લક્ષણો
14.4 કાર્યક્ષમતા ઓડિટનું મહત્ત્વ
14.5 કામગીરી ઓડિટ
14.6 માલીકી ઓડિટ
14.7 સંચાલકીય ઓડિટનાં સાધનો અને ટેકનિક્સ
14.8 ટૂંકસાર
14.9 સ્વાધ્યાય

14.1 પ્રસ્તાવના

ઔદ્યોગિકક્રાંતિને કારણે સંદેશા વ્યવહાર, ટેકનોલોજી, વૈજ્ઞાનિક શોધખોળો, નાણાકીય અને કાનૂની વ્યવસ્થા, ઉત્પાદન અને વિતરણનું આંતરરાષ્ટ્રીય કાર્યક્ષેત્ર મોટા પાયા પર વિશાળફલક શક્ય બન્યું. આ આમૂલ પરિવર્તનને કારણે એકાકી વેપારી સ્વરૂપમાંથી ભાગીદારી, સંયુક્ત હિસ્સાવાળી કંપની, મલ્ટીનેશનલ કંપની અને જાહેર સાહસોનો અસાધારણ વિકાસ થયો.

અસાધારણ વિકાસ અને મોટા પાયા પર ઉત્પાદન અને વેચાણ તેમજ આંતરરાષ્ટ્રીય કાર્યક્ષેત્રને કારણે અસંખ્ય આર્થિક વ્યવહારો માટે આધુનિક સ્વરૂપે હિસાબો રાખવાની અને ઓડિટિંગની જરૂરિયાત ઊભી થઈ. નાણાકીય હિસાબો ધંધાની વ્યાજબી અને સાચી આર્થિક પરિસ્થિતિ વ્યક્ત કરે છે કે નહીં તે જાણવા માટે નાણાકીય હિસાબોનું ઓડિટ કરાવવું પડે છે. 'ઓડિટ' શબ્દ મૂળ લેટિન ભાષામાં 'Avdire' શબ્દ ઉપરથી આવેલો છે. 'ઓડિટ' એટલે હિસાબોની તપાસ. નાણાકીય હિસાબો દ્વિનોંધી નામા પદ્ધતિના સિધ્ધાંતો અને પ્રમાણ તેમજ યોગ્ય વાઉચરો અને પૂરાવાને આધારે લખાયા છે કે નહિ તે જોવાનું તેમજ ભૂલો શોધી અંગેના ખૂલાસા માંગવાનાં કાર્યનો સમાવેશ ઓડિટિંગનીમાં થાય છે પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉદ્ભવતી વિવિધ પ્રકારની આર્થિક પરિસ્થિતિ અને વૈશ્વિકરણના સંદર્ભમાં 2013નાં કંપનીધારમાં થતાં રહેતા સુધારા-વધારાના અનુસંધાને ઓડિટિંગનીનાં કાર્યક્ષેત્રમાં ઉત્તરોત્તર વધારો થતો જોવા મળે છે. ધંધામાં ઓડિટર તમામ વ્યવહારોની ચકાસણી કરી શકે નહીં, કારણ કે તે લગભગ અશક્ય છે. એટલે તેણે ધંધાની આંતરિક અંકુશ પર આધાર રાખવો પડે છે. તેમજ ધંધાકીય એકમના તમામ કાર્યોની યોગ્યતા તેમજ કાર્યક્ષમતા ધંધાકીય એકમના ઉદ્દેશો સિધ્ધ કરવા જરૂરી બની. પરિણામે તમામ

વિગતો તેમજ જવાબદાર અધિકારીઓના કાર્યોને લાગતું ઓડિટ જરૂરી બન્યું આમ ઓડિટિંગનીનાં કાર્યક્ષેત્રનાં સ્વરૂપમાં આધુનિકરણ શરૂ થયું.

ઓડિટર દ્વારા ઓડિટિંગનીની કાર્યવાહીનો આધાર ઓડિટનાં પ્રકાર પર છે. કયા પ્રકારની સંસ્થા અને કયા પ્રકારનું ઓડિટ છે તેની કાર્યવ્યવસ્થા અને તપાસની વિગતો પર આધારિત છે. ઓડિટિંગનીનાં પ્રકારો નીચે પ્રમાણે પાડી શકાય છે.

1. સંસ્થાકીય એકમની દ્રષ્ટિએ

ખાનગી ઓડિટ	**કાયદા અનુસાર ઓડિટ**
1. એકાકી વેપારીનું ઓડિટ	1. સરકારી સંસ્થાનું ઓડિટ
2. ભાગીદારી પેઢીનું ઓડિટ	2. બિન સરકારી સંસ્થાનું ઓડિટ
3. ખાનગી સંસ્થાનું ઓડિટ	

2. ઓડિટ કાર્યની દ્રષ્ટિએ.

1. ચાલુ ઓડિટ
2. વાર્ષિક ઓડિટ
3. કાર્યક્ષમતા ઓડિટ
4. પડતર ઓડિટ
5. આંતરિક ઓડિટ

3. હેતુની દ્રષ્ટિએ

1. સંચાલકીય ઓડિટ
2. ઔચિત્ય ઓડિટ (માલિકી ઓડિટ)
3. કાર્યક્ષમતા ઓડિટ
4. પડતર ઓડિટ
5. ખાસ ઓડિટ
6. કામગીરી ઓડિટ
7. સામાજિક ઓડિટ

હિસાબી પધ્ધતિઓના એકાઉન્ટન્સીનાં વિકાસની સાથોસાથ ઓડિટિંગનીમાં પણ ઝડપી વિકાસ થતો જોવા મળે છે. સંચાલકીય ક્ષેત્રે કાર્યક્ષમતાની યોગ્ય સંચાલકીય નીતિઓ અને કાર્યક્રમના પડતરની તથા તેની નીતિઓ અને કાર્યક્રમના અમલની જરૂરિયાત અનિવાર્ય બનતા સંચાલકીય ઓડિટ, કાર્યક્ષમતાનુ ઓડિટ કારોબાર ઓડિટ જેવા વિશિષ્ટ ઓડીટની જરૂર પડી.

14.2 કાર્યક્ષમતા ઓડિટનો અર્થ

કાર્યક્ષમતા ઓડિટ એટલે કેટલી કાર્યક્ષમતાથી સંચાલકીય યોજનાઓ અને નીતિઓનો અમલ થાય છે તેની ચકાસણી નહિ કે વસ્તુલક્ષી ધોરણોને આધારે . જમા ફક્ત નાણાકીય વ્યવહારો અને હિસાબી ચોપડાઓની જ તપાસ થતી નથી પરંતુ કાર્યક્ષામતાનાં ઓડિટથી કાર્યક્ષમતાનું ધોરેણ સુધારવા માટે જરૂરી માર્ગદર્શન મળે છે.

કાર્યક્ષમતા ઓડિટનું કાર્યક્ષેત્ર વિસ્તૃત છે. જેમાં કામગીરી ઓડિટ માલિકી ઓડિટ પ્રસંગોપાત જરૂરિયાત મુજબ ધંધાકીય એકમોમાં ઉપયોગમાં લેવામાં આવે છે. જેવા કે ટેક્સ ઓડિટ, રોકડ ઓડિટ, મિલકતોનું ઓડિટ તેમજ કાર્યક્ષમતાનું ઓડિટ. પરંતુ આ બધામાં કાર્યક્ષમતાનાં ઓડિટનું મહત્ત્વ સવિશેષ અને સંચાલકીય ઓડિટ સાથે ગાઢ સબંધ ધરાવતું ઓડિટ છે.

કાર્યક્ષમતાનું ઓડિટ એ (Performance) કાર્યક્ષમતા (દેખાવ) ઓડિટનો એક ભાગ છે. તેથી જ ઘણીવાર કાર્યક્ષમતાનું ઓડિટ એટલે જ કાર્યક્ષમતાનું ઓડિટ કહેવામાં આવે છે. જેને કાર્યક્ષમતા (કાર્ય કરવાની શક્તિ) નાં મૂલ્યાંક સાથે સંબંધ છે. ''ખરેખર થયેલા કાર્યોને અગાઉથી પ્રમાણિક ધોરણો સાથે સરખાવી વીચલનો શોધી વિચાલનો માટેના જવાબદાર પરિબળો શોધી તે દૂર કરી પ્રમાણિત ધોરણો જેવા પરિણામો મેળવવા'' એટલે કાર્યક્ષમતાનું ઓડિટ.

કાર્યક્ષમતાનાં ઓડિટમાં અસરકારકતા તેમજ આર્થિક ઓડિટ, નાણાકીય બાબતો માનવ સંસાધનો અને ભૌતિક ઉત્પાદનનાં સાધનોનો ઉપયોગ થાય છે. આ તમામનો મહત્તમ ઉપયોગ દ્વારા ઓછામાં ઓછી પડતર મેળવવાનો છે. અહી. ભૌતિક સાધનો જેવા કે જમીન, મૂડી અને માનવસંસાધનો (શ્રમ નિયોજન)નો મહત્તમ કાર્યક્ષમ ઉપયોગ દ્વારા પડતર ન્યુનતમ કરીને મહત્તમ નફો મેળવવામાં આવે છે. કાર્યક્ષમતા ચીજવસ્તુઓ અને સેવાઓ મેળવવામાં આવે છે. કાર્યક્ષમતા ચીજવસ્તુઓ અને સેવાઓનાં ઉત્પાદન સાથે પણ સંકળાયેલ છે. ઉત્પાદન કાર્યક્ષમતા એટલે વધુમાં વધુ ઉત્પાદન, ઓછામાં ઓછી પડતર અને જરૂરી સમયે અને સ્થળે કરવું. આ અંગે કાર્યક્ષમતા ઓડિટમાં નિશ્ચિત પ્રમાણિત ધોરણો સાથે થયેલ ખરેખર કાર્યની સરખામણી એટલે કે મૂલ્યાંક્ન કરવામાં આવે છે અને જો તેમાં વિચલન જોવા મળે તો તે સાથેના જબાવદાર પરિબળને શોધી દૂર કરી પૂરેપૂરી કાર્યક્ષમતાનો ધ્યેય પૂર્ણ કરવામાં આવે છે.

કાર્યક્ષમતાનાં ઓડિટનો ઉપયોગ પ્રોજેક્ટ માટે પણ કરવામાં આવે છે. નક્કી કરેલ પ્રોજેક્ટ પ્રમાણિત ધોરણો પ્રમાણે થાય છે કે નહિ તેનું મૂલ્યાંકન અને યોગ્ય અંકુશાત્મક પગલાં દ્વારા નિશ્ચિત ધ્યેય પ્રાપ્ત કરવામાં આવે છે.

14.3 કાર્યક્ષમતા ઓડિટનાં લક્ષણો

કાર્યક્ષમતાનાં ઓડિટનાં અર્થ ઉપરથી નીચેના લક્ષણો તારવી શકાય.

1. સંચાલકીય ઓડિટ સાથે ગાઢ સંબધ :-

કાર્યક્ષમતાનાં ઓડિટને સંચાલકીય ઓડિટ સાથે ગાઢ સંબંધ છે. એટલે કે સંચાલકીય કાર્યોની કાર્યક્ષમતાની ચકાસણીનો સમાવેશ સંચાલકીય ઓડિટમાં થાય છે. તેથી કહી શકાય કે ''સંચાલકીય કાર્યક્ષમતાનું મૂલ્યાંકન એટલે જ કાર્યક્ષમતાનું ઓડિટ''

2. કાર્યક્ષમતા દેખાવ (Performance)

આ પ્રકારના ઓડિટમાં યંત્રો, કર્મચારી, યોજના, સંચાલકો વગેરેની કાર્યક્ષમતાને મહત્ત્વ આપવામાં આવે છે. જેને જથ્થામાં માપી ન શકાય છતાં કાર્યક્ષમતા એટલે મહત્તમ કાર્યશાક્તિનું પ્રદર્શન (દેખાવ).

3. કામગીરી ઓડિટ સાથે સંબંધ

કાર્યક્ષમતા ઓડિટમાં કામગીરી ઓડિટનો સમાવેશ થાય છે. બીજા શબ્દોમાં જોઈએ તો ધંધાકીય એકમની તમામ કામગીરી (Operations) વધુ અસરકારક થાય તે માટે કાર્યક્ષમતાનાં ઓડિટનો ઉપયોગ કરવામાં આવે છે.

4. માલિકી ઓડિટ (Propriety Audit) સાથે સંબંધ

ધંધાકીય એકમના સંચાલકો કે માલિકો દ્વારા લેવાતા નિર્ણયો જાહેર હિતમાં છે કે નહિ તે જોવાનું કામ માલિકી ઓડિટનું છે. એટલે કે જો તેમનામાં કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને કાર્યસૂઝ હશે તોજ યોગ્ય નિર્ણયો લઈ શકશે. તે તેની કાર્યક્ષમતા પરથી નક્કી થઈ શકે છે.

5. ભવિષ્યલક્ષી

કાર્યક્ષમતાનું ઓડિટ ભવિષ્યલક્ષી છે. તેને ભૂતકાળ સાથે સંબંધ નથી. તેના દ્વારા ભવિષ્યમાં પ્રમાણિત ધોરણો પ્રમાણે તમામ ઉત્પાદનનાં સાધનોની કાર્યક્ષમતા રહે તે જોવાનો છે.

6. પ્રોજેક્ટલક્ષી

કાર્યક્ષમતા નાં ઓડિટનો ઉપયોગ મહત્તમ વિવિધ પ્રોજેક્ટોમાં થાય છે. ધંધાકીય એકમ દ્વારા સ્વીકારેલ પ્રોજેક્ટ નિશ્ચિત સમયમર્યાદામાં ઉત્પાદનમાં સાધનો જમીન, મૂડી, શ્રમ-નોયોજનનીએ મહત્તમ કાર્યશક્તિનાં ઉપયોગ દ્વારા ન્યુનત્તમ પડતરે પૂરો કરી મહત્તમ નફો મેળવવાનો છે. આ માટે તેઓ કાર્યક્ષમતાનાં ઓડિટનો ઉપયોગ કરે છે.

7. સતત જરૂરિયાત

ધંધાકીય એકમમાં સંકળાયેલ તમામ કાર્યો અને કર્મચારીઓની કાર્યક્ષમતા સાથે સંકળાયેલ હોવાથી આ પ્રકારનું ઓડિટ કામ સતત જરૂરી બને છે.

8. તમામ વિભાગો અને શાખાઓ સાથે સંકળાયેલ

કાર્યક્ષમતા શબ્દ દરેક વિભાગ / શાખાની વિવિધ પ્રવત્તિઓ અને કર્મચારીની કાર્યક્ષમતા કે કૌશલ્યતા (Perfomance) સાથે સંકળાયેલ છે તેથી આ ઓડિટ ધંધાકીય એકમના દરેક વિભાગ સાથે સંકલાયેલ છે.

14.4 કાર્યક્ષમતા ઓડિટનું મહત્ત્વ

કાર્યક્ષમતાનાં ઓડિટની જરૂરિયાત કે મહત્ત્વ નીચેના મુદ્દાઓ પરથી સ્પષ્ટ થાય છે.

1. સમગ્ર ધંધાકીય એકમ સાથે સંકળાયેલ

આ ઓડિટ સમગ્ર ધંધાકીય એકમની ઉત્પાદકનાં સાધનો સાથેની કાર્યક્ષમતા સાથે સંકળાયેલ છે. આ પ્રકારનાં ઓડિટ દ્વારા દરેક વિભાગ કે શાખા પોતાના પ્રમાણિત કરેલ ધ્યેયો કે લક્ષ્યાનો મુજબ કાર્યો કાર્યક્ષમતાથી થાય છે કે નહિ તેમજ જો વિચલન હોય તો જવાબદાર પરિબળને શોધી દૂર કરવા માટે આ પ્રકારનું ઓડિટ મહત્ત્વનું ગણાય છે.

2. ભૌતિક સાધનો સાથે માનવસંસાધન માટે જરૂરી

કાર્યક્ષમતા ફક્ત યંત્રો કે જમીન જેવા ભૌતિક સાધનોની બાબતમાજ ધ્યાનમાં લેવામાં આવતી નથી પરંતુ તેનો ઉપયોગ કરનાર નિયોજકો, કર્મચારીઓનાં કાર્યોના પરફોર્મન્સને મહત્ત્વ આપે છે.

3. માલિકી ઓડિટ માટે જરૂરી

સંચાલકો પોતાના કાર્યો કે તેમના દ્વારા લેવાતા નીતિ વિષયક કે ધંધાકીય નિર્ણયો જાહેરહિતમાં રહે તે માટે સૌ પ્રથમ તેમની કાર્યક્ષમતાનું ઓડિટ જરૂરી છે. ત્યારબાદ જ કામગીરી ઓડિટ તમે કરી શકો. આમ આ બંને ઓદીતનો આધાર એકબીજા પર રહેલ છે.

4. કામગીરી ઓડિટ માટે જરૂરી

ધંધાકીય એકમની તમામ કામગીરીના મૂલ્યાંકન માટે કાર્યક્ષમતાનું ઓડિટ કરવું પડે. આમ કાર્યક્ષમતા માટે કામગીરી ઓડિટ અને કામગીરી ઓડિટ માટે કાર્યક્ષમતાનું ઓડિટ જરૂરી છે. આ બંને ઓડિટ પરસ્પર આધારિત છે.

5. ઉત્પાદનના સાધનોનો મહત્તમ ઉપયોગ માટે

ઉત્પાદનનાં સાધનો જમીન, મૂડી, શ્રમ નિયોજનનો કાર્યાશ્રમ ઉપયોગ કરવા માટે તેમની કાર્યશક્તિ પ્રમાણિત ધોરણો નક્કી કરી તે પ્રમાણે પરિણામો મેળવવા માટે કાર્યક્ષમતા ઓડિટ જરૂરી છે.

6. **નફાકારકતા વધારવા**

ધંધાકીય એકમના તમામ વિભાગો / શાખાઓ તેમાં યંત્રો અને માનવસંસાધનો દરેક પોતાની મહત્તમ કાર્યશક્તિ દ્વારા કાર્યક્ષમતા (પરફોર્મન્સ) દાખવે તો ધંધાકીય એકમ ઓછામાં ઓછી પડતરે વધુમાં વધુ ઉત્પાદન અને વેચાણ દ્વારા મહત્તમ નફો મેળવી શકે. આમ, કાર્યક્ષમતાનાં ઓડિટ દ્વારા દરેક ધંધાકીય એકમ મહત્તમ કાર્યશક્તિ દ્વારા મહત્તમ નફો મેળવવા પ્રયત્ન કરે છે.

7. તમામ ઓડિટનો આધાર કાર્યક્ષમતા ઓડિટ પર

ધંધાકીય એકમના તમામ પ્રકારના ઓડિટ જેવા કે વાર્ષિક ઓડિટ, આંતરિક ઓડિટ, સંચાલકીય ઓડિટ, પડતર ઓડિટ વગેરેનો આધાર કાર્યક્ષમતાનાં ઓડિટ ઉપર રહેલ છે. અહી આ કાર્યક્ષમતાનાં ઓડિટમાં તમામ ઉત્પાદન

સાધનો જેમાં નાણાકીય હિસાબી પધ્ધતિ, સંચાલન, પડતર વગેરે જેવા કાર્યોની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન અને અંકુશલક્ષી પગલાં લેવામાં આવે છે.

8. ભાવી આયોજન માટે (પ્રમાણિત ધોરણો નક્કી કરવાં) મદદરૂપ

કાર્યક્ષમતાનું ઓડિટ ભવિષ્યલક્ષી છે ભૂતકાળમાં થયેલ પરફોર્મન્સમાં તે સુધારા કરી શકતું નથી પરંતુ મૂલ્યાંકન દ્વારા ભૂલો માટે જવાબદાર પરિબળ દૂર કરી પ્રમાણિત ધોરણો પરિણામો મેળવવા પ્રયત્ન કરે છે. કાર્યક્ષમતાનાં ઓડિટ દ્વારા જો પ્રમાણિત ધોરણોમાં ફેરફાર જરૂરી હોય તો તે કરી ભવિષ્ય માટે વધુ અસરકારક ધોરણો નક્કી કરી આયોજન કરી શકે છે.

14.5 કામગીરી ઓડિટ

કામગીરી ઓડિટનો ઉદ્દેશ ધંધાકીય કામગીરી અંગેના પ્રમાણિત કરેલ ધોરણો પ્રમાણે ખરેખર થાય છે કે નહિ તે જોવાનો તેમજ ભવિષ્યમાં ધંધાકીય એકમની કામગીરી વધુ અસરકારક બને તે માટે જરૂરી અંકુશ અંગેના પગલાં પણ લેવામાં આવે છે. આર્થિક વ્યવહારો અંગે નાણાકીય હિસાબો તૈયાર કરી તે અંગેની યોગ્યતાની ખાતરી માટે નાણાકીય ઓડિટનો ઉપયોગ થાય છે. આમ નાણાકીય બાબતોને લગતી કામગીરીનું ઓડિટ કહી શકાય. આમનાણાકીય ઓડિટ દ્વારા કામગીરી ઓડિટ થઇ શકે છે. કામગીરી ઉત્પાદનના તમામ સાધનોની બાબતોમાં નક્કી કરી તેના પર અંકુશલક્ષી પગલાં માટે કામગીરી ઓડિટનો ઉપયોગ થાય છે. નીચેના હેતુસર કામગીરી ઓડિટ ધંધાકીય એકમમાં હાથ ધરવામાં આવે છે.

1. ધંધાકીય એકમની નફાકારકતાં વધારવા માટે

કામગીરી ઓડિટમાં ધંધાકીય એકમની તમામ પ્રવૃત્તિઓની અસરકારકતાનું મૂલ્યાંકન થાય છે તેમજ મહત્તમ કાર્યશક્તિનો ઉપયોગ કરવાનો પ્રયત્ન થાય છે જેના દ્વારા ધંધાકીય એકમની નફાકારકતા વધે છે.

2. વ્યવસ્થાતંત્રીય હેતુઓ સિધ્ધ કરવા માટે

કામગીરી ઓડિટ દ્વારા ધંધાકીય એકમના સંપૂર્ણ વ્યવસ્થાતંત્રનાં માળખા સાથે સંકળાયેલ તમામ કર્મચારી, ઉપરી અધિકારી, વિભાગીય વડા, સંચાલકોની કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે. અને જો કોઈ ખામી જોવા મળે તો તે અંગે સુધારાત્મક પગલાં લેવામાં આવે છે.

3. સંચાલકોને માર્ગદર્શન પૂરૂ પાડવા :- આ પ્રકારના ઓડિટ દ્વારા સંચાલકોને તમામ પ્રવૃત્તિઓ અને કર્મચારીનાં કાર્યોને લગતા પ્રમાણિત ધોરણો નક્કી કરવા તેમજ તે પ્રમાણે પરિણામો મેળવવા માર્ગદર્શન પૂરૂ પાડે છે.

4. સંચાલકીય કાર્યક્ષમતાનું વિવિધ કામગીરીના સંદર્ભમાં મૂલ્યાંકન કરવા માટે

ધંધાકીય એકમનાં સંચાલનના વિવિધ કાર્યો જેવાં કે આયોજન, વ્યવસ્થાતંત્ર દોરવણી, અભીપ્રેરણા, માહિતી સંચાર, નેતૃત્વ, અંકુશ વગેરે કાર્યોની

કાર્યક્ષમતા માટે સતત ક્ર કાર્યોનું મૂલ્યાંકન કામગીરી ઓડિટ દ્વારા શક્ય બને છે. અને તેને અસરકારક બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડે છે.

5. સંચાલકીય નીતિનિયમો અને પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવા માટે

સમગ્ર ધંધાકીય એકમની પ્રવૃત્તિઓ નક્કી કરવામાં આવે છે. આ સમગ્ર નીતિનિયમો પ્રમાણે કાર્યો થાય છે કે નહિ તેનું મૂલ્યાંકન કામગીરી ઓડિટ ધારા થાય છે.

6. ધંધાકીય કામગીરી અંગે સલાહ આપવા માટે

કામગીરી ઓડિટનો મુખ્ય હેતુ તમામ કામગીરીની અસરકારકતા વધારવાનો છે. તેમજ પૂરેપૂરી ક્ષમતાથી ઉત્પાદનનાં સાધનો કામ કરે તે માટે જરૂરી માર્ગદર્શન કે સલાહ આપે છે. દા.ત. ઉત્પાદન મિશ્રણ અને સલાહ કામગીરી ઓડિટ દ્વારા મળી શકે છે.

14.6 માલિકી ઓડિટ (Proprietory Audit)

સામાન્ય ઓડિટ નાણાકીય પત્રકો સાચી અને વાજબી પરિસ્થિતિ અને પરિણામ દર્શાવે છે. તે હેતુને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. એટલે કે હિસાબોમાં દર્શાવેલ વ્યવહારોની યોગ્યતા ચકાસવામાં આવે છે. પરંતુ માલિકી ઓડિટ ઔચિત્ય ઓડિટની તપાસ થતી નથી. ઔચિત્ય ઓડિટમાં વિવિધ પગલાં નિર્ણયોની તપાસ હાથ ધરાય છે કે તે જાહેરહિતને અનુરૂપ છે કે કેમ ? અને તેની વર્તણૂકના વાજબી ધોરણોની મર્યાદામાં છે કે કેમ ? આ ઓડિટમાં વ્યવહારોના ટેકારૂપ દસ્તાવેજો કે પૂરવા કે વાઉચરોની જ તપાસ નથી કરતાં પણ સત્તાધીશોની નિયમિતતા વાજબીપણા, અસરકારક નિર્ણયોની તપાસ કરવામાં આવે છે. નાણાકીય ઓડિટ કરતાં માલિકી ઓડિટનું કાર્યક્ષેત્ર વિસ્તૃત છે.

અર્થ :- કોહલરનાં માટે માલિકી ઓડિટ એવી બાબત સૂચવે છે કે " જે જાહેર હિતની દ્રષ્ટિએ સામાન્યતઃ સ્વીકૃત રૂઢિઓ અને વર્તણૂકમાં ધોરણોની દ્રષ્ટિએ જૂરી કસોટીઓને પહોંચી વળે"

"ઔચિત્ય ઓડિટ એટલે એવું ઓડિટ જેમાં જુદા જુદા પગલાં અને નિર્ણયોને એ દ્રષ્ટિથી તપાસવામાં આવે છે કે જાહેર હિતમાં છે કે તથા વર્તણૂકનાં ધોરણો સાથે સુસંગત છે કે નહિ ? આમ માલિકી ઓડિટ સંચાલકો કે સત્તાવાળાઓનાં દરેક પગલાં અને નિર્ણયોની નિયમિતતા, શાણપણ અને અસૂરો તપાસે છે.

સંચાલકીય ભૂલોને કારણે મહેસુલી ખોટ નથી થતી ને તે જોવાનું કામ માલિકી ઓડીતનું છે. આ ઉપરાંત નિર્ણાયકોની ભૂલને કારણે ન થાય તે જોવાનો હેતુ પણ માલિકી ઓડિટરનો છે. માલિકી ઓડિટને કાયદાકીય , નાણાકીય અને આર્થિક રીતે યોગ્ય નિર્ણયો સાથે સંબંધ છે આ ઉપરાંત સંચાલકો કે માલિકોનાં ખર્ચાઓ અને નાણાકીય ઉપયોગ યોગ્ય છે કે નહિ ? તેનું મૂલ્યાંકન અને અંકુશની જવાબદારી પણ માલિકી ઓડિટરની હોય છે.

આમ, ધંધાકીય એકમનું સ્વરૂપ કોઈ પણ પ્રકારનું હોય પરંતુ સૌથી વધુ સત્તા અને જવાબદારી ધંધાના સંચાલકો કે માલિકોની હોવાથી તેમના દ્વારા લેવાતા નિર્ણયો તેમજ તેમના દ્વારા કરવામાં આવતા સંચાલકીય કાર્યો જાહેરહિતમાં છે કે નહિ ? તે જોવાનું કાર્ય માલિકી ઓડિટનું છે.

14.7 સંચાલકીય ઓડિટનાં સાધનો અને ટેકનિક્સ

"ચોક્કસ હેતુલક્ષી ધોરણોએ સંચાલનની વિવિધ નીતિઓ અને પગલાં કે પ્રવૃત્તિઓની તપાસ અને મૂલ્યાંકનનું ઓડિટ એટલે 'સંચાલકીય ઓડિટ' . સંચાલકીય ઓડિટ એટલે પરિણામોનું ઓડિટ. આ ઓડિટ એ સંચાલકીય અંકુશ માટેનું અગત્યનું સાધન છે. સંચાલકીય ક્ષેત્રે યોગ્ય નીતિઓ અને કાર્યક્રમોનું ઘડતર થયેલું છે કે કેમ ? તથા તેનો કાર્યક્ષમ રીતે અમલ થયો છે કે કેમ ? વહીવટી માળખું બરાબર ગોઠવાયેલું છે કે કેમ ? વગેરે બાબતોની તપાસ કરી સુધારાલક્ષી પગલાં લેવામાં આવે છે. નાણાકીય સંસ્થાઓ પોતાનાં ભંડોળનું સલામત રોકાણ કોઈ એકમમાં કરવાનો નિર્ણય લેતાં પહેલાં તેવા એકમનું સંચાલકીય ઓડિટ કરાવે છે. સંચાલકીય ઓડિટ સામાન્ય રીતે દર વર્ષે કે કોઈ ચોક્કસ સંજોગોમાં કરવામાં આવે છે. સંચાલકીય ઓડિટનાં સાધનો અને ટેકનિક્સમાં નીચેનાનો સમાવેશ થાય છે.

1. (Inquiry) પૂછપરછ અથવા તપાસ
2. (Examination) પરીક્ષણ
3. (Confirmation)સમર્થન / પૃષ્ટિ
4. Observation of Pertinent Activities and Conditions) સહાયક પ્રવૃત્તિઓઅને પરિસ્થિતિનું અવલોકન
5. (Correlation of Information) માહિતીઓ વચ્ચેનો સહસબંધ
6. (Analysis of Financial Statement)નાણાકીય પત્રકોનું વિશ્લેષણ

1. (Inquiry) પૂછપરછ અથવા તપાસ

સામાન્ય રીતે સંચાલકીય ઓડિટમાં સંચાલકો સાથે મિટિંગ કરીને ધંધાકીય એકમના વિવિધ કાર્યોને લગતા નીતિનિયમો અંગેની પુછપરછ કે તપાસ કરવામાં અએ છે જે ફક્ત મૌખિક હોય છે.

2. (Examination) પરીક્ષણ

મૌખિક તપાસ કે પુછપરછમાં જે માહિતી સંચાલકોએ નીતિનિયમો તેમજ તેમના નિર્ણયો અંગે આપી હોય તેના સંદર્ભમાં ફક્ત ધંધાકીય કાર્યોનું પરિક્ષણ કરવામાં આવે છે. પરિક્ષણ દરમિયાન પણ આપણને ચોક્કસ નીતિનિયમો, જોગવાઈઓ વગેરેનો ખ્યાલ આવી જાય છે.

3. (Confirmation)સમર્થન / પુષ્ટિ

મૌખિક પુછપરછ અને પરિક્ષણ દરમિયાન મળેલ નીતિનિયમો, નિર્ણયો, જોગવાઈ અંગેની સંચલકોની માહિતીની પુષ્ટિકરવામાં આવે છે એટલે કે

ખરેખર માહિતી આપેલ તે પ્રમાણે જ તેનો અમલ થાય છે કે નહિ તે અંગે પુષ્ટિ કરી જરૂરી તફાવત કે વિચલનોની નોંધ લેવામાં આવે છે.

4. Observation of Pertinent Activities and Conditions) સહાયક પ્રવૃતિઓ અને પરિસ્થિતિનું અવલોકન

સંચાલકોની ફક્ત મુખ્ય પ્રવૃત્તિ અંગે જ માહિતી અને ઓડિટ કરવાનું હોતું નથી પરંતુ ગૌણ કે સહાયક પ્રવૃત્તિઓ પણ નક્કી કરેલ નીતિનિયમો, ધોરણો, નિર્ણયો પ્રમાણે થાય છે કે નહિ ? તેનું અવલોકન કરવામાં આવે છે. આ ઉપરાંત અલગ અલગ પરિસ્થિતિમાં પણ સંચાલકોનું કાર્ય કયા પ્રકારનું હોય છે તેમજ નિર્ણય પર તેની અસર થાય છે કે નહિ તેનું અવલોકન કરવામાં આવે છે.

5. (Correlation of Information) માહિતીઓ વચ્ચેનો સહસબંધ

સંચાલકો પાસેથી મૌખિક રીતે મેળવેલ માહિતી તેમજ પરીક્ષણ દ્વારા મેળવેલ મેળવેલ માહિતી અને અવલોન દ્વારા મેળવેલ માહિતી વચ્ચે સુસબંધ નક્કી કરવામાં આવે છે. જો આપેલી માહિતી અને નિરીક્ષણથી મેળવેલ માહિતી સમાન હોય તો વિચાલનો નથી તેમ કહી શકાય તેમજ બંને વચ્ચે સુસંબંધનું પ્રમાણ કેવું છે તે પણ નક્કી કરી શકાય.

6. Analysis of Financial Statement)નાણાકીય પત્રકોનું વિશ્લેષણ

સંચાલકો દ્વારા લેવાયેલ નિર્ણયો તેમજ નક્કી કરેલ હિસાબી પધ્ધતિ પ્રમાણે નાણાકીય પત્રકો તૈયાર કરવામાં આવ્યા છે ? તે જોવું જોઈએ.આ ઉપરાંત આ નાણાકીય પત્રકોનું વિશ્લેષણ વિવિધ પધ્ધતિઓ જેવી કે ભંડોળ પ્રવાહપત્રક, રોકડ પ્રવાહપત્રક, ગુણોત્તર વિશ્લેષણ તેમજ સમાન પત્રકો કે તુલનાત્મક પત્રકો દ્વારા કરવું જોઈએ. અને તેના આધારે જ યોગ્ય નિર્ણયો સંચાલકોએ લીધા છે કે નહિ? તે અંગે ઓડિટ કરવું જોઈએ.

આમ, સંચાલકોની વિવિધ નીતિઓ, પગલાં કે અન્ય પ્રવૃત્તિઓની તપાસ દ્વારા તેમજ અન્ય ઉપર જણાવેલ ટેકનિક્સ દ્વારા મૂલ્યાંકન કરીને ચોક્કસ હેતુ સિધ્ધ કરવાનો ધ્યેય પ્રાપ્ત કરવામાં આવે છે.

14.8 ટૂંકસાર

1. ઓડિટિંગની :-

''ધંધાકીય એકમના નાણાકીય પત્રકો ધંધાની વાજબી અને સાચી આર્થિક પરિસ્થિતિ બતાવે છે કે નહિ ? તે જાણવા માટે નાણાકીય હિસાબોનું ઓડિટ કરાવવું પડે છે. થયેલ આર્થિક વ્યવહારોની નોંધ દ્વિનોંધી હિસાબ પધ્ધતિનાં સિદ્ધાંત પ્રમાણે છે કે નહિ ? તે વાઉચરો અને પૂરાવાને આધારે મૂલ્યાંકન કરી ભૂલો શોધી તે અંગે ખૂલાસા માંગવા જેને ઓડિટિંગની કહે છે''

2. કાર્યક્ષમતાનાં ઓડિટનો અર્થ :-

''ધંધાકીય એકમમાં કેટલી કાર્યક્ષમતાથી સંચાલકીય યોજનાઓ અને નીતિઓનો અમલ થાય છે તેની ચકાસણી એટલે કાર્યક્ષમતાનું ઓડિટ''

3. કાર્યક્ષમતાનાં ઓડિટનાં લક્ષણો નીચે પ્રમાણે છે.

I. સંચાલકીય ઓડિટ સાથે ગાઢ સંબંધ

II. કાર્યક્ષમતા / અસરકારકતા અને મહત્ત્વ

III. કામગીરી ઓડિટ સાથે સંબંધ

IV. માલિકી ઓડિટ સાથે સંબંધ

V. ભવિષ્યલક્ષી

VI. પ્રોજેક્ટલક્ષી

VII. સતત જરૂરિયાત

VIII. તમામ શાખાઓ સાથે સંકળાયેલ

4. કાર્યક્ષમતાનાં ઓડિટનું મહત્ત્વ

- સમગ્ર ધંધાકીય એકમ સાથે સંકળાયેલ
- ભૌતિક સાધનો અને માનવસંસાધન માટે જરૂરી
- માલિકી અને કામગીરી ઓડિટ માટે મહત્ત્વનું
- ઉત્પાદનના સાધનોના મહત્તમ ઉપયોગ માટે
- નફાકારકતાં વધારવા માટે
- ભાવિ આયોજન માટે મહત્ત્વનું

5. કામગીરી ઓડિટ

ધંધાકીય એકમની તમામ પ્રવૃત્તિઓની અસરકારકતા અંગે પ્રમાણિત ધોરણો સાથે સરખાવીને મૂલ્યાંકન દ્વારા અસરકારકતા વધારવા માટે કામગીરી ઓડિટ જરૂરી છે.

6. માલિકી ઓડિટ

ધંધાકીય એકમના સંચાલકો દ્વારા લેવાતાં નિર્ણયો જાહેરહિતમાં છે કે નહિ ? તે જોવાનું કામ માલિકી ઓડિટનું છે.

7. સંચાલકીય ઓડિટનાં સાધનો અને ટેકનિક્સમાં નીચેનાનો સમાવેશ થાય છે.

તપાસ, પરિક્ષણ, સમર્થન/પુષ્ટિ, સહાયક પ્રવૃત્તિઓ અને પરિસ્થિતિનું અવલોકન, માહિતી વચ્ચે સહસબંધ, તેમજ નાણાકીય પત્રકોના વિશ્લેષણ જેવી ટેકનિક્સ દ્વારા સંચાલકીય ઓડિટ કરી શકાય છે.

14.9 સ્વાધ્યાય

1. કાર્યક્ષમતા ઓડિટનો અર્થ આપી લક્ષણો સમજાવો
2. કાર્યક્ષમતા ઓડિટનું મહત્ત્વ સ્પષ્ટ કરો.
3. કામગીરી ઓડિટનો અર્થ આપી તેના હેતુઓ સ્પષ્ટ કરો.

4. માલિકી ઓડિટ વિશે ટૂંકનોંધ લાખો.

5. સંચાલકીય ઓડિટનાં સાધનો અને ટેકનિક્સો સમજાવો.

6. ટૂંકનોંધ લખો.

- કાર્યક્ષમતાનું ઓડિટ
- કામગીરી ઓડિટ
- માલિકી ઓડિટ
- સંચાલકીય ઓડિટની ટેકનિકસ

7. આપેલાં પ્રશ્નોના જવાબ આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી આપો (MCQS)

1. ઓડિટ શબ્દ લેટિન ભાષામાં ..... શબ્દ ઉપરથી આવેલો છે.

A. Avdire B. Audit
C. Audee D. આમાંથી એકપણ નહિ.

જવાબ :- A

2. ઓડિટ એટલે ..... ની તપાસ

A. હિસાબો B. કાર્યો
C. અંકુશ D. આમાંથી એકપણ નહિ.

જવાબ:- A

3. હેતુની દ્રષ્ટિએ ઓડિટનાં ..... પ્રકાર પાડી શકાય

A. 4 B. 5
C. 2 D. 7

જવાબ:- D

4. ..... ઓડિટ સંચાલકીય યોજનાઓ અને નીતિઓ સાથે સંકળાયેલ છે.

A. કામગીરી B. કાર્યક્ષમતા
C. ચાલુ D. વાર્ષિક જવાબ:- B

5. માનવસંશાધનની કાર્યક્ષમતાને ..... ઓડિટમાં મહત્ત્વ આપવામાં આવે છે.

A. ચાલુ B. વાર્ષિક
C. કામગીરી D. કાર્યક્ષમતા જવાબ:- D

6. કામગીરી ઓડિટ અને માલિકી ઓડિટ બંનેનો સમાવેશ ..... ઓડિટમાં થાય છે.

A. કાર્યક્ષમતા B. આંતરિક ઓડિટ
C. અંશત : D. એકપણ નહિ.

જવાબ:- A

7. કાર્યક્ષમતાનું ઓડિટ ..... જગ્યા છે.

A. પ્રોજેક્ટ લક્ષી B. ભવિષ્યલક્ષી

C. A & B બંને D. એકપણ નહિ.

જવાબ:- C

8. જાહેરહિતનાં સંદર્ભમાં ..... ઓડિટ થાય છે.

A. માલિકી B. કામગીરી

C. કાર્યક્ષમતા D. આ બધા

જવાબ:- A

9. ..... સંચાલકીય ઓડિટનાં સાધનો છે.

A. નાણાકીય પત્રકોનું વિશ્લેષણ

B. તપાસ

C. અવલોકન

D. આ બધા જ

જવાબ:-A

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
Website : www.baou.edu.in